॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા

ગ્રંથમાલા - ૩૧

ISBN-13:- 978-81-909956-7-2

કલ્યાણનિર્ણય - યમદંડ - વૃત્તિવિવાહ

અમૃતધારા ભાગ ત્રીજો (૩)

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી

કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી

શ્રી હરિસ્વરૂપદાસજીની પૂણ્ય સ્મૃતિમાં

—: છપાવી પ્રસિદ્ધિ કર્તા :—

મહંત પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજી

શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

સંવત્ ૨૦૬૬ કીમત રૂા. ૬૦ સને ૨૦૧૦

વૈશાખ સુદ ૫ પ્રત. ૫૦૦૦ ૧૮ મે, મંગળવાર

આવૃત્તિ બીજી

-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીનરનારાયણદેવ કોઠાર.
શ્રીસ્વામિનારાયણ મંદિર,  ભુજ - કચ્છ. પીન. ૩૭૦૦૦૧.

-: સહયોગ :-

ગામ મીજાપુરનાં સાંખ્યયોગી સામબાઈ અરજણ હીરાણી, સુખપુર જુનાવાસનાં સાંખ્યયોગી વેલબાઈ હરજી હીરાણી, પ્રેમબાઈ આંણદા મેપાણી બળદીયા, મેઘબાઈ ખીમજી વાલાણી બળદીયા, સાંખ્યયોગી વાલબાઈ કરસન રાઘવાણી તરફથી નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા પુસ્તિકા છપાવી પ્રસિદ્ધ કરવામાં મદદ કરેલ છે.

પ્રથમ આવૃત્તિ :- ૩૦૦૦, સંવત્ ૨૦૬૪
દ્વિતીય આવૃત્તિ :- ૫૦૦૦, સંવત્ ૬૦૬૬

-: મુદ્રણ :-
શ્રીનરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

# શ્રી નિષ્કુળાનંદ કાવ્ય
# કલ્યાણનિર્ણય - યમદંડ - વૃત્તિવિવાહ
# અમૃતધારા

Dt. 06, 09, 06

## આજ્ઞાપત્ર

સ.ગુ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજી
તથા સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી
શ્રીસ્વામિનારાયણ મંદિર,
ભુજ - કચ્છ.

આપના પત્ર તા. ૦૫,૦૯,૨૦૦૬ ના અનુસંધાનમાં જણાવવાનું કે આપના તરફથી ‘‘(નિષ્કુળાનંદ કાવ્ય અમૃતધારા) કલ્યાણનિર્ણય-યમદંડ-વૃત્તિવિવાહ ભાગ - ૩ જો’’ પુસ્તક સંપ્રદાયમાં પ્રકાશિત કરવા આપને શુભાશીર્વાદ સહ આજ્ઞા આપવામાં આવે છે.

આ પ્રકાશન સત્સંગી માત્ર માટે ભક્તિ સંવર્ધનનું અમૂલ્ય સાધન બની રહે તેવી શ્રીનરનારાયણદેવના શ્રીચરણોમાં પ્રાર્થના સહ.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી
શ્રીસ્વામિનારાયણ મંદિર
કાળુપુર, અમદાવાદ - ૧.

# -: નિવેદન :-

નિષ્કુળાનંદ સ્વામી સ્વામિનારાયણ ભગવાનના પાંચસો પરમહંસમાં વૈરાગ્યમૂર્તિ રૂપ અક્ષરધામના મુક્ત હતા. જેનો પુરાવો સ્વામીનું જીવન અને કવન છે, જેનાં પત્ની કહ્યાગરાં, આજ્ઞાંક્તિ અને રૂપાળાં હોય, જેને બે દીકરા ત્યાં રમતા હોય, કામ ધંધો જોરદાર ચાલતો હોય, સમાજમાં અને ગામમાં જેની પ્રતિષ્ઠા અને આબરૂ બહુ સારી હોય, પોતે ભર યુવાનીમાં હોય, અને સ્વામિનારાયણ ભગવાન ઓચિંતા એટલું જ કહે કે તમારા જેવા એક માણસની અમને જરૂર છે. એટલામાં જ સર્વસંસાર, કીર્તિ, સંપત્તિ છોડી સાધુ થઈ જાય, એ અક્ષરધામના મુક્ત હોય તો જ બને, લૌકિક જીવનું એમાં કામ નહિ.

સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી સ્વામીની જીભે સરસ્વતીજીનો વાસ હતો, તેથી એ બહુ ભણેલા નહોતા છતાં પણ એમણે જે શાસ્ત્રો રચ્યાં છે તે અગાધ અને અજબ ગજબની રચનાથી રચ્યાં છે. કોઈ ભક્તજન હૃદય પૂર્વક વાંચે તો હૈયાં પુલકિત થઈ જાય.

નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથમાં કલ્યાણનિર્ણય, યમદંડ અને વૃત્તિવિવાહનું સ્વરૂપ વર્ણવ્યું છે. એવો એક મહાન અને અદ્‌ભુત આ ગ્રંથ છે. જેનું નામ છે ''અમૃતધારા ભાગ–૩''

# -: પસ્તાવના :-

અક્ષરધામના અધિપતિ સર્વોપરી પુરુષોત્તમ નારાયણે મુમુક્ષુ આત્માના આત્યંતિક કલ્યાણ માટે ધર્મ ભક્તિ થકી માનવ શરીર ધારણ કર્યું અને અગણિત આત્માઓને પોતાના શરણે લીધા. વિકરાળ કળિકાળમાં મોક્ષનો માર્ગ સરળ કર્યો અને.. કલ્યાણનો માર્ગ ખુલ્લો રાખ્યો.

દિવ્ય કલ્યાણનો માર્ગ અખંડ ચાલુ રાખવા મહાન સંતો પાસે સત્શાસ્ત્રોની રચનાઓ કરાવી. નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી જીવન ઉપયોગી કલ્યાણ નિર્ણય નામનો ગ્રંથ બનાવ્યો. આ શાસ્ત્ર સત્સંગી માત્રને પરમજીવનરૂપ છે અને મુમુક્ષુજનોને અને એકાંતિક ભક્તોને બહુ ઉપયોગી છે.

જીવનમાં સત્સંગ અને ભક્તિ ન હોય તો આત્યંતિક કલ્યાણ કયાંથી થાય. શુકદેવજી જેવા પરમ સિધ્ધ મહાત્માઓને પણ ભક્તિથીજ ભગવાનના સ્વરૂપનો આનંદ મળ્યો છે. સમર્થ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ જુદા જુદા રાગ અને ઢાળમાં અદ્‌ભુત સાહિત્યની રચના કરી સંપ્રદાયની સેવામાં મૂકયા છે. જેનું ઋણ આપણે ચૂકવી શકીએ તેમ નથી. તેમ છતાં આપણે ભગવાન સ્વામિનારાયણને યાદ કરીને આ ‘‘કલ્યાણ નિર્ણય’’ નામનો ગ્રંથ તેનું વાંચન અને શ્રવણ કરીએ.

આપણે ગમે તે શુભ કાર્ય કરીએ. જગન કરીએ લગન કરીએ કે મકાન બનાવીએ વિગેરે જે... જે... કાર્ય કરીએ ત્યારે નિર્ણય કરીએ છીએ. એટલે નક્કી કરીએ છીએ કે જગન કરશું ત્યારે આટલા દિવસનો યજ્ઞ કરશું.. આટલો તેમાં માલ જોઈશે.. આટલા માણસોને આમંત્રણ આપશું. આવી રીતે પહેલેથી બધું નકકી કરીએ છીએ.. મકાન બનાવવું હોય તો પણ નક્કી કરીએ કે આટલા પાયા ઊંડા કરવાના છે, આવી રીતેનો પ્લાન બનાવશું, બે માળનું મકાન બનાવશું, આટલા રૂમ કરશું વિગેરે ભેગા બેસીને નિર્ણય કરીએ પછી કામ ચાલુ થાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘આપણા આત્માનું કલ્યાણ કરવું છે તો

કલ્યાણનો નિર્ણય કરવો જોઈએને.... કે મારે કઈ રીતે જીવન જીવવું જોઈએ... તો કલ્યાણ થશે, તેનો ચોકકસ નિર્ણય કરવો. ભગવાનની આજ્ઞા પાળીને અને શુધ્ધ ઉપાસના કરવાથી જીવનું કલ્યાણ થાય છે. શ્રીજી મહારાજની નાની મોટી તમામ આજ્ઞાનું પાલન કરીને નિષ્કામ ભક્તિ કરવાથી જીવનું કલ્યાણ થાય છે.

સર્વે સંકલ્પને પડતા મૂકીને એકાગ્ર ચિત્ત થઈને શ્રીજી મહારાજને સંભારીને એમ ધારવું જે નિષ્કુળાનંદ સ્વામી ઉપદેશની વાતું કરે છે ને આપણે સાંભળીએ છીએ.. સાંભળીને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતા જવું અને જેમ કહ્યું છે તેમ સમજીને વર્તવું.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અનેક ત્યાગી શિષ્યોમાં વૈરાગ્ય મૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી પ્રથમ પંક્તિના શ્રેષ્ઠ સંત હતા. તેઓ ધર્મ-ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યના જ્ઞાતા હતા. તેમના હાથની કલમથી અંકાયેલા ગ્રંથો ખરેખર જાણવા, વાંચવા અને સમજવા લાયક છે.

શ્રી નિષ્કુળાનંદ સ્વામી સદેહે આજે આપણી સૌની વચ્ચે ભલે નથી પરંતુ તેમના અમર અક્ષર દેહે.. હંમેશાં આપણી સૌની વચ્ચે જ છે. દિવ્ય સ્વરૂપે સત્સંગમાં આપણી સાથે જ છે.

॥ શ્રીસ્વામિનારાયણો વિજ્યતેતરામ્ ॥

# કલ્યાણ નિર્ણય અમૃતધારા

## નિર્ણય – ૧

### નિષ્કુળાનંદ સ્વામી મંગલાચરણ કરે છે :

**સોરઠા :- સમરતાં સુખ હોય, કોઈ વિઘન ન વ્યાપે વળી**
**સુખદ મૂરતિ સોય, સહજાનંદ આનંદકંદ**

સ્વામી ભગવાનનું સ્મરણ કરતા કહે છે, સુખદ મૂર્તિ સહજાનંદસ્વામીનું હું સ્મરણ કરું છું. ભગવદ સ્મરણ સુખ આપનારું છે અને વિઘ્નને દૂર કરનાર છે. સુખ જોઈતું હોય તો જગતના તમામ દ્વંદ્વથી મુકત થઈને ભગવાનના સ્વરૂપનું સ્મરણ કરો અને અલૌકિક રૂપમાં મનને જોડો.

આપણે સર્વે ભાગ્યશાળી છીએ કે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન ઓળખાયા છે. એમની કૃપાથી દિવ્ય સત્સંગ કરીએ છીએ તેથી આપણે ભૌતિક રીતે સુખી છીએ અને એ સુખને આપણે સાચું સુખ માની બેઠા છીએ, પણ સાચી હકીકતમાં ભૌતિક સુખ એ સુખ નથી તેમજ કાયમી સુખ પણ નથી.

આ લોકમાં નાશવંત સુખમાં આપણે અટવાઈ જઈએ છીએ. શ્રીજીમહારાજ કહે છે કે, નાશવંત સુખ છે તે દુઃખથી મિશ્રિત છે અને ભગવાન સંબંધી અલૌકિક સુખ છે તે મહાસુખનો ખજાનો છે. એ સુખનો કયારેય નાશ થતો નથી. મહાસુખ મળે કયારે ? નિષ્કુળાનંદજી કહે છે સમરતાં સુખ હોય. ભગવાનનું સ્મરણ કરવાથી મહા સુખિયા થવાય છે.

## પ્રભુ સ્મરણમાં મસ્ત બનો જગતની ઝંઝટને પરહરો.

પ્રભુનું સ્મરણ માણસને ઉર્ધ્વગતિ તરફ લઈ જાય છે. લૌકિક વિષયોનું સ્મરણ માણસને અધોગતિ તરફ લઈ જાય છે. પ્રભુના સ્મરણથી માણસનું મન પવિત્ર બને છે. પ્રહ્લાદજી પ્રભુ સ્મરણમાં મસ્ત બન્યા તો હોલિકા બાળી શકી નહિ અને અગ્નિ સ્તંભ દઝાડી શકયો નહિ.

હનુમાનજી પ્રભુ સ્મરણમાં મસ્ત બન્યા તો હનુમાનજીને બાળવાના ઘણા પ્રયત્નો કરનાર રાવણની લંકા બળી ગઈ અને પ્રભુ સ્મરણના પ્રતાપથી અગ્નિ શીતળ થઈ ગયો. પાંડવો પ્રભુના સ્મરણમાં મસ્ત બન્યા તો લાક્ષાગૃહમાંથી હેમખેમ ઉગરી ગયા. અગ્નિ બાળી શકયો નહિ. ભગવાન કેવા સમર્થ છે ? હજારો ભક્તોના કલ્યાણ કરનાર છે. જેના સંકલ્પ માત્રથી અનંતકોટી બ્રહ્માંડ ઉત્પન્ન થાય અને લય થાય એવા શક્તિશાળી છે.

**સમર્થ શ્રી ઘનશ્યામ, હામ મદન મનની હરી ।**
**કર્યા જન નિષ્કામ, દામ વામ દોષ દૂર કરી ॥**

ભગવાન કેવા સમર્થ છે. હામ-મદન-મનની હતી. હામ એટલે હોંશ... અને મદન એટલે કામદેવ. કામદેવના મનની હિંમત જેણે હરી લીધી. બ્રહ્માંડ સર્જાયું તે દિવસથી. દેવ, દાનવ, માનવ, ઋષિ વિગેરેના અંતરમાં મહા ઉધ્વેગ કરનાર કામદેવ છે. તેની સ્વામિનારાયણ ભગવાને હિંમત હરી લીધી. દામ અને વામ બે દોષ જોરદાર છે, પણ સ્વામિનારાયણ ભગવાને તેને દૂર કર્યા.

**અવતારી આપે અનુપ, રૂપ અનુપમ આપે ધરી ।**
**સો યહ સુખદ સ્વરૂપ, સહજાનંદ જાવંદ હરિ ॥**
**સર્વોપરી સુખધામ, શ્યામ સહુના નાથ સહિ ।**
**પ્રભુજી પૂરણકામ, હામ કરી હરિ રહિયે હૈયે ॥**

નિષ્કુળાનંદસ્વામી વિનંતી કરતાં કહે છે, ‘‘હે મહારાજ તમે અવતારના અવતારી છો. પૂર્ણકામ છો અને સર્વોપરી છો.’’ તમે મારા હૈયામાં નિવાસ કરી હામ કરી હરિ રહીયે હૈયે... મારા અંતરમાં રહીને મને ગ્રંથ કરવાની હિંમત આપો.

**દોહા :- એક વાત અનૂપ છે, સાંભળજો સહુ કોઈ ।**
**સંશય ન રહે શ્રેયમાં, છે સમજ્યા સરખી સોઈ ॥**

સ્વામી કહે છે, સમજવા જેવી કલ્યાણની વાત મારે તમને કહેવાની છે તો સંશય રહિત થઈને સાંભળજો. આ ગ્રંથમાં મુકત અને મુમુક્ષુના સંવાદમાં રચાયેલો છે. મુમુક્ષુ પ્રશ્ન પૂછે છે અને મુકત એનો જવાબ આપે છે.

ચોપાઈ :- શુધ્ધ મુમુક્ષુ જે સુજાણરે, પૂછ્યું થાવા પ્રથમ કલ્યાણ રે ।

**મહામુકત તમે શિરોમણિ રે, સુણો વિનંતી એક મુજતણી રે ॥**

શ્રોતા અને વકતાનો સંવાદ શરુ થાય છે. મુમુક્ષુ કહે છે, હે મહા મુકત શિરોમણિ મારી વિનંતી સાંભળો મારા અંતરમાં ઘણા વખતથી પ્રશ્ન ઘુમે છે તો આજે પૂછું છું કે,

**સહુ સહુના મનને મતે રે, માન્યું કલ્યાણ મન ગમતે રે ।**
**કોઈક કહે અમે મત્સ્ય ઉપાસી રે, કોઈ કહે કૂર્મ સુખરાશી રે ॥**
**કોઈ કહે વરાહના દાસ રે, કેને નૃસિંહનો વિશ્વાસ રે ।**
**કોઈ વામન રૂપને ભજે રે, કેને પરશુરામ રૂપ રજે રે ॥**
**કોઈ રામ ભરોસે રહે છે રે, કોઈ કૃષ્ણ કૃષ્ણ કહે છે રે ।**

મુમુક્ષુ કહે છે, હે ગુરુદેવ આ જગતમાં ઘણા માણસો મત્સ્ય ભગવાનની ઉપાસના કરે છે. કોઈક કુર્મ અવતારને ભજે છે. કોઈક વરાહ અવતારને ભજે છે. કોઈકને નૃસિંહ ભગવાનમાં વિશ્વાસ છે. કહે છે કે પ્રહ્લાદજી નૃસિંહને ભજયા તો કલ્યાણ થઈ ગયું તો આપણે નૃસિંહને ભજીએ તો કલ્યાણ થાય. કોઈ કહે છે વામન ભગવાનને ભજો, કલ્યાણ થશે. બલી રાજાનું કલ્યાણ થઈ ગયું. કોઈ કહે પરશુરામનું ભજન કરો. અમુક ભક્તો મર્યાદા પુરુષોત્તમ રામચંદ્રજીને ભજે છે. કોઈ રામ ભરોસે રહે છે. કોઈ કૃષ્ણ કૃષ્ણ કહે છે. કોઈક ભગવાન કૃષ્ણચંદ્રને ભજે છે. કોઈક બુધ્ધાવતાર ને માને છે. કોઈક ભગવાન કલ્કિની ઉપાસના કરે છે. આવી રીતે જુદા જુદા અવતારને ભજે છે.

## ભગવાનના સર્વે અવતાર સુખના દેનારા છે.

આપણા બ્રહ્માનંદસ્વામી કહે છે, મને અંતરનું સુખ ઘનશ્યામ મહારાજ થકી મળ્યું છે. આનંદથી કીર્તન ગાય છે..

**સુખ સાગર ઘનશ્યામજીરે, ભકતોના સુખ જહાજરે.**
**મોહનવર દયા કરીને દર્શન આપજો રે.**
**શ્રીજી તમે ભક્તિ ધર્મથી રે, ભૂપર ધર્યો અવતારરે. મોહનવર....**
**બ્રહ્માનંદ કહે મારે તમથકી રે, અંતરે સુખ અપારરે. મોહનવર...**

માણસ માત્ર સુખને ઝંખે છે, પણ એને ખબર નથી કે સાચું સુખ કયાં છે ? સુખતો શ્રીજીમહારાજ અને મોટા સંતોની આજ્ઞા પાળવામાં છે. મનનું ધાર્યું કરવામાં દુઃખ છે. પ્રભુનું ધાર્યું કરવામાં સુખ છે. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે, ભગવાનના ભક્તને જે સુખ આવે છે તે ભગવાનની આજ્ઞામાં વર્તવે કરીને આવે છે. દુઃખ આવે છે તે ભગવાનની આજ્ઞા લોપવે કરીને આવે છે.

**એહ આદિ દશ અવતાર રે, એતો સર્વે સુખના દાતાર રે ।**
**તેને ભજે છે ભિન્ન ભિન્ન ભાવેરે, મને અતિ અચંબો એ આવે રે**
**જે જે જનના જે ઈષ્ટદેવરે, તે તે જન કરે તેની સેવરે ।**
**તે વિના નથી બીજું સહેવાતું રે, બોલે બીજા દેવનું ઘસાતું રે ।**

મુમુક્ષુ કહે છે, સૌ પોત પોતાના ઈષ્ટદેવને શ્રેષ્ઠ માને છે અને બીજા દેવનું ઘસાતું બોલે છે. ખેંચતાણ કરે છે અને જુદી જુદી ટેક ઝાલીને એક બીજા સાથે ભળતા નથી અને ભગવાનના અવતારની નિંદા કરે. ભગવાનના અવતાર ભગવાન પુરુષોત્તમનારાયણમાંથી જ થયા છે અને જો અવતારની નિંદા કરે છે તો તેને ભગવાનનાં અંગ કાપ્યા બરાબર પાપ લાગે છે.

**।। નિંદત નહિ કોઈ દેવકો, બીન ખપતો નહિ ખાત. ।।**
**મત જુદા, ઉપાસના જુદી અને વેષ પણ જુદા હોય છે.**

**કોઈ કાન ફડાવી ફરે છે રે, કોઈ કાષાંબરને કરે છે રે ।**
**કોઈ દંડી મુંડી ડામ ખાઈરે, કોઈ મગન નીરમાં નાઈરે ।।**
**કોઈ જટી કાટી ખાલ ખરીરે, કોઈ માળા તિલક રહ્યા ધરી રે ।**
**કોઈ કંથા ગોદડી કોપીનરે, વનકળ ટાટાંબર મૃગાજીનરે ।।**
**કોઈક થયા પંડિત પુરાણી રે, કોઈ એક બ્રહ્મ બોલે વાણી રે**

કોઈ કાન ફડાવી ફરે છે, કોઈ કાષાંબર પહેરે છે, કોઈ દંડ લઈને ફરે છે, કોઈ કહે છે નીરમાં બેસીને તપ કરો તો જરુર કલ્યાણ થાશે. સૌભરી ૠષિએ પાણીમાં

તપ શરુ કર્યું તો ત્યાં માછલા રૂપે માયાએ હેરાન કર્યા.. તપ ગુમાવી બેઠા.. કોઈ કહે છે ગણેશને ભજશો તો કલ્યાણ થશે.

**કોઈ શેષ દિનેશ ગણેશ રે, કોઈ શશી વસી વન સુરેશ રે ।**
**કોઈ દશા વિશામાનું ભાવે રે, સદા શ્રીરંગ અભંગ ગાવે રે ॥**
**એમ કલ્યાણ અનેક રીતે રે, સહુએ માન્યું છે ચોકક્સ ચિતેરે ।**
**તેમાં પોતાનો દોષ ન દેખે રે, અન્યથી આપ અધિક લેખે રે ।**
**સહુથી સમજે પોતાનું સરસરે, આવે બીજાનું નજરે નરસરે ।**

કોઈ કહે છે સૂર્યની ઉપાસના કરીએ તો કલ્યાણ થાય ત્યારે બીજા કહે છે સૂર્ય તો ઠીક પણ શ્રી રંગને ભજે તો કલ્યાણ થાય. આવી રીતે જુદા જુદા દેવને ભજે છે, તેથી કલ્યાણનું નક્કી થતું નથી.

**નથી નક્કી એક નિરધારરે, મારે મને એ મોટો વિચારરે ।**
**વળી અવતારાના જેઉપાસી રે, તેની પણ મતિ ગઈ નાસી રે ॥**
**નોખા નોખા વપુને વંદે છે રે, પરસ્પર નિંદે છે રે ।**
**કોઈ પૂજે છે બાળમુકુંદરે, કોઈક ભજે છે શ્રી વ્રજ્યંદરે ॥**
**કોઈ કહે રુક્મિણીરાય રે, કોઈ રમાપતિ ગુણ ગાય રે ।**
**એમ ભેદ પાડીને ભજે છે રે, તેહ વિના બીજાને તજે છે રે ॥**

ભગવાનના અવતારના ઉપાસી છે, તેની પણ મતિ નાસી ગઈ છે. ભગવાનમાં ભેદ પાડે છે. ભગવાન બાળ મુકુંદને ભજે તો જ કલ્યાણ થાય. હવેલી પંથવાળા કહે છે કે પ્રભુ વ્રજ ગયા અને ૧૬૧૦૮ રાણીને પરણ્યા અને ગોપીયું સાથે રમ્યા તે બરાબર નહિ. માટે બાળમુકુંદને ભજવાથી જ કલ્યાણ થાય. ત્યારે અમુક માણસો એમ કહે છે. રમાપતિને ભજો તો અવશ્ય કલ્યાણ થશે. અમુક કહે છે, વ્રજકંદનું ભજન કર્યાથી જ કલ્યાણ થાય. આવી રીતે એક અવતારમાં પણ ભેદ પાડે છે.

મુમુક્ષુ કહે છે, સર્વ કલ્યાણ સરખા છે કે કાંઈ અધિક ન્યૂન છે. જેમ આ લોકમાં મારું તારું કરીને ખેંચતાણ થાય છે. અમારો સંપ્રદાય સારો અને બીજાનો નમાલો. અમારા થાવ તો તમારું કલ્યાણ થશે, બીજામાં કલ્યાણ નહિ થાય. સૌ પોતાનો મત સારો માને છે, તો સરખી રીતે સમજાવો તો ખબર પડે તેથી અનેક સાધકો, અનેક મતપંથી, અનેક મુમુક્ષુ અનેક ઉપાસકોની વાત સ્વામીએ આ ગ્રંથમાં

લખી છે.

## ગૂંચવણીમાં ગૂંચવાઈ જવાય એવી કથા છે.

કલ્યાણની બાબતમાં શ્રીજીમહારાજ કેવી સલાહ વચનામૃતમાં આપે છે ? કલ્યાણને અર્થે ત્રણ અંગ સુખદાયી છે. તે ત્રણ અંગ કયાં ?

**૧) આત્મનિષ્ઠાનું અંગ :- શુકદેવજીની પેઠે આત્મરૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું.**

**૨) પતિવ્રતાનું અંગ :- ગોપીઓની પેઠે પતિભાવે ભગવાનનું ભજન કરવું.**

**૩) દાસપણાનું અંગ :- હનુમાનજી તથા ઉધ્ધવજીની પેઠે દાસ ભાવે ભગવાનનું ભજન કરવું.**

## આ ત્રણ અંગ જેના જીવનમાં હોય તેનું કલ્યાણ થાય છે.

પ્રગટ ભગવાનને ઓળખવા બહુ મુશ્કેલ છે.

એક વખત શ્રીજીમહારાજ માણાવદરમાં મયારામ ભટ્ટને ઘરે પધાર્યા. મયારામજીએ થાળ બનાવ્યો અને પૂજામાં જે ઠાકોરજી હતા તેને થાળ ધરાવ્યો પણ શ્રીજી મહારાજને થાળ જમાડ્યો નહિ. જો શ્રીજી મહારાજને જમાડું તો મને તે થાળ કામ આવે નહિ.. શ્રીજીમહારાજ છે તો બ્રાહ્મણ પણ ગમે તે જાતના ભક્ત હોય તેના હાથનો થાળ જમી લે છે. નાત-જાત જોતા નથી. વિચાર કરે છે હવે શું કરું. શ્રીજીમહારાજને જમાડુ કે ન જમાડું.

જો જમાડ્યા વગર જમી લઈશ તો શ્રીજી મહારાજ કહેશે અમને જમાડ્યા વગર જમી લીધું. આવા વિચારમાં પડી ગયા. પ્રભુ અંતરજામીપણે જાણી ગયા અને સ્મિત હાસ્ય કરતા કહ્યું :

## ''કેમ ભટ્ટજી મુંઝાવ છો. અમે તમારી પૂજાના ઠાકોરજીમાં રહીને જમી લીધું છે.''

મયારામજીએ કહ્યું, ''તમે થાળ બગાડ્યો. પૂજાની મૂર્તિમાં રહીને જમી ગયા. મને કામ નહિ આવે. વિચાર કરો, પ્રગટ ભગવાન માનવદેહે સામે બેઠા છે અને પરોક્ષભાવ મૂર્તિને જમાડે છે. મૂર્તિમાન સાક્ષાત્ બેઠા છે તે નથી ઓળખાતા. પ્રગટ ભગવાનને ઓળખવા બહુ મુશ્કેલ છે.

મોટા મહાપુરુષો મુકતાત્મા આ પૃથ્વી ઉપર હોય ત્યારે આપણને કોઈ મહિમા હોતો નથી. ધામમાં જાય પછી કથા કરીએ, વખાણ કરીએ, ગૃહસ્થના માતા-પિતા-

હયાત હોય ત્યારે મહિમા કે ભાવ ન હોય, ધામમાં જાય પછી કથા બેસાડે, ફુલ સાઈઝના ફોટા ઘરમાં રાખે. આ બધું કરવું જોઈએ સારી વાત છે પણ હરતું ફરતું તીર્થ આપણી પાસે હતું ત્યારે તેનું સેવન કરી રાજીપો લીધો નહિ અને તીર્થ વિદાય લઈ લે પછી મહિમા સમજાય તેનો શું અર્થ...

ભગવાન પ્રગટ પ્રમાણ આ પૃથ્વી ઉપર હોય ત્યારે જેણે સેવા કરી છે. ભક્તિ કરી રાજીપો મેળવ્યો છે તે સંસાર સાગર તરી ગયા. દાસ ભાવે ભજન કરવું.

**બુડચો બુડચાને કેમ તારશે રે, માટે મોટો એ વાતનો સંશેરે;**
**કહો કેને સેવ્યે કેવું ફળ પામે રે, કેને સેવ્યે કેવું દુઃખ વામે રે.**

એક જીવરામભાઈને માલ લેવા સામે પાર જવું છે. વચ્ચે પાણીથી ભરપુર નદી વહે છે. વહાણ છે નહિ અને તાર લેતા આવડતું નથી. હવે શું કરવું. ત્યાં એક ભાઈ આવ્યા. એણે કહ્યું, ચાલો મારા બરડે બેસી જાવ. હું નદી પાર કરી દઉં ૨૦૦ રૂપિયા દેજો. જીવરામભાઈએ પૂછ્યું, કોઈ દિવસ તમે આ નદીમાં તાર લીધી છે ? ના હું કોઈ દિવસ આંહી આવ્યો જ નથી. પાણી કેટલું ઊંડું છે તે પણ મને ખબર નથી. વટથી બોલ્યો નદી તરવી કાંઈ કઠણ નથી. જુઓ હમણા હું પેલી પાર પહોંચી જઈશે. એમ કહી પાણીમાં પડતું મૂકયું અને ડચકાં ખાતાં ખાતાં બૂડી ગયો.

બે કલાક પછી એક મહાત્માજી આવ્યા. ‘‘નદી તરવી હોય તો મારે બરડે બેસી જાવ.’’ જીવરામ બરડે બેઠો અને અને અડધા કલાકમાં સામે પાર પહોંચી ગયા. જીવરામે ૨૦૦ રૂપિયા આપ્યા. લ્યો મહાત્માજી આ તમારું મહેનતાણું. મહાત્માજીએ કહ્યું, ‘‘અમે દામ વિનાના દાસ છીએ, પૈસા નથી જોઈતા. પણ દક્ષિણાના રૂપમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરતાં ૧૦ માળા ફેરવજો. એ અમારું વચન રાખજો. જીવરામને ગુણભાવ આવી ગયો તેથી હંમેશા તે મહાત્માજી પાસે આશ્રમમાં સત્સંગ કરવા આવે. આવા સંત આ જીવત્માને મળી જાય તો બેડો પાર થઈ જાય, પોતે તરે ને બીજાને પણ તારે. અજ્ઞાની, કપટી અને દ્રોહી તરે નહિ અને બીજાને તારી શકે નહિ માટે સમજીને સમાગમ કરવો.

**કવિ ગાય છે. :- તારેંગે તારેંગે ભવજળ બુડતાં સંત તારેંગે.**

**જન્મ મરણ ભવ તબહી ભાગે, સંત શબ્દ ધારેંગે .... ભવજળ.**
**જો તરી ગએ સા સંત સમાગમ, અબહી સંત ઉધ્ધારેંગે . ભવજળ.**

સમર્થ સંત નારદજીનો યોગ થયો તો વાલીયામાંથી વાલ્મિકી ઋષિ થયા.

સંતના યોગમાં આવતાં દુરાચારી સદાચારી થાય છે. મુંજાસુરાને ગુણાતીતાનંદ સ્વામીનો યોગ થયો તો તેનું કલ્યાણ થઈ ગયું. સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતોના સમાગમથી અવિદ્યામાં અથડાતા જીવાત્માઓ પરમ એકાંતિક ભક્ત થઈ જાય છે. મુમુક્ષુ કહે છે :

**કોણ થકી જાય અક્ષરધામ રે, કોણ થકી થાય પૂર્ણ કામ રે ।**
**એહ સંદેહ સર્વે મટાડી રે, કહેજો વિવેકે વિગતિ પાડી રે ॥**
**જોય છોજી જ્યાર્થ કહેવારે, પૂછ્યા પ્રશ્નો ઉત્તર દેવા રે ।**
**પુછી એટલું જોડિયા પાણરે, ત્યારે બોલિયા મુક્ત સુજાણ રે ॥**

કોના થકી અક્ષરધામ જવાય અને કોના થકી પૂર્ણકામ થવાય. તેની વિવેકથી વિગતિ પાડીને મને સમજાવો. નિષ્કુળાનંદસ્વામીની વાતમાં એ રણકાર નીકળે છે કે પૂર્ણ પુરુષોત્તમને સેવ્યા વિના આત્યંતિક કલ્યાણ થાય નહિ.

એક ગામમાં એક હરિભકત સારા સત્સંગી હતા. મુકતાનંદ સ્વામીએ તે હરિભક્તને પૂછ્યું, ''અક્ષરધામનું અને સ્વર્ગલોકનું સુખ એક સરખું છે કે અધિક ન્યૂન છે.'' ત્યારે હરિભક્તે કહ્યું, ''સ્વર્ગનું સુખ અને અક્ષરધામનું સુખ સરખુંજ છે. જુદું ન હોય. વિચાર કરો. ૨૦ વરસ થયા સંતના યોગમાં રહી સમાગમ કરે છે, કથા વાર્તા સાંભળે છે છતાં સાચી સમજણ આવી નથી. મુકતાનંદસ્વામીએ કહ્યું, સ્વર્ગલોકને મોક્ષધર્મની આગળ નર્ક કહ્યું છે. પુન્ય ખૂટે ત્યારે સ્વર્ગથી જીવ નીચે પડે છે. જન્મ લેવો પડે છે પણ અક્ષરધામ કેવું છે. દિવ્ય સનાતન અખંડ અને અવિનાશી છે.

## અક્ષરધામમાં પહોંચી જાય તો જન્મ મરણના ફેરા ટળી જાય

કલ્યાણના માર્ગમાં સ્વામી ચોખવટ કરે છે. કલ્યાણ કોને કહેવાય ? આપણને કોઈ અવતારની, કોઈ સંપ્રદાયની વિગેરેની નિંદા નથી કરવી. આપણને અક્ષરધામના અધિપતિ મળ્યા છે તેના આશ્રિત છીએ. દઢ આશ્રય રાખીને ધર્મ નિયમનું બરાબર પાલન કરશું તો અક્ષરધામમાં આપણને શ્રીજીમહારાજ નકકી તેડી જશે એ વાત નિશ્ચિત છે.

**ઈતિ શ્રીકલ્યાણ નિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે પ્રથમો નિર્ણય: ॥ ૧ ॥**

---

## નિર્ણય – ૨

**મુકત કહે છે, મુમુક્ષુ ! બધા કલ્યાણ એક સરખા નથી, કલ્યાણનો કોઈ પાર નથી.**

**દોહા :- મુકત કહે સુણ્ય મુમુક્ષુ, સારા પૂછ્યા તેં પ્રશ્ન ।**
**ઉત્તર એનો આપિયે, કાપિયે સંશય સઘન ॥**
**કલ્યાણ છે કૈક ભાત્યના, તેની જૂજ્વી જૂજ્વી જાત ।**
**સર્વે કલ્યાણ સરખાં નહિ, તેની સાંભળી લે હવે વાત ॥**
**સાચું કહેતાં સંતાપ છે, ખોટું કહ્યામાં સઈ ખોટચ્ય ।**
**બેઉ પ્રકારે બાધ છે, મને વિચારું છું તે માટચ્ય ॥**

કલ્યાણની બાબત શિષ્યે પૂછી ત્યારે ગુરુજી રાજી થઈને કહે છે, બધાં કલ્યાણ એક સરખાં નથી. સાચી વાત કહેતાં મને મૂંઝવણ થાય છે અને ખોટી વાત કહું એમાં કોઈ ફાયદો નથી. તેથી સાચી વાત તમને હું કહું છું કે અનેક પ્રકારના કલ્યાણ છે.

**ચોપાઈ :- કેને ચપટી ચણ દેવા રે, તેને પણ કલ્યાણ કહેવાય રે**
**કેને પોષ ભરી પાય પાણી રે, તે પણ કલ્યાણ થવાનું જાણી રે ॥**
**કોઈ ભૂખ્યાને આપે ભોજન રે, તે પણ કલ્યાણ માનીને મન રે ।**
**કોઈ વસન ભૂષણ આપે ગર્થ રે, તે પણ કલ્યાણ થાવાને અર્થે રે ॥**

કોઈકને ચપટી અનાજ આપે. આશા હોય કે મારું કલ્યાણ થશે. ભૂખ્યાને ભોજન જમાડે તે પણ કલ્યાણ કહેવાય, તરસ્યાને પાણી પાય તે પણ કલ્યાણ કહેવાય, સોના રૂપાનાં દાન આપે, ગાયના દાન આપે, વ્રત, જપ કરે, પરોપકાર કરે તે પણ કલ્યાણ કહેવાય.

કૃપાશંકર કરીને એક બ્રાહ્મણ હતા. કાશીથી ભણીને પોતાના ગામ તરફ આવતા હતા. રસ્તામાં યમદૂત દીઠા, કૃપાશંકરે કહ્યું, ''મને લેવા આવ્યા છો ? યમદૂતે કહ્યું, ''અત્યારે લેવા નથી આવ્યા પણ તમારા લગ્ન થશે પછી તમારી અને તમારી પત્નીની ચાર આંખ ભેગી થશે ત્યારે તમારું મૃત્યુ થશે.'' આટલું કહીને યમદૂતો જતા રહ્યા.

કૃપાશંકરે નક્કી કર્યું કે, મારે પરણવું નથી. પરણું તો મૃત્યુ થાયને. મા-બાપ મને પરાણે પરણાવશે તેથી પોતાના ઘરે ન આવ્યા અને એક રાજાને ત્યાં રહ્યા. પુરોહિતનું કામ કરે. બાકીનો સમય હરિભજનમાં વિતાવે. રાજાની એક યુવાન

કુંવરી હતી. તેનું મન કૃપાશંકરમાં મોહી ગયું. તેથી પોતાના પિતાને વાત કરી મારા લગ્ન આ કૃપાશંકર સાથે કરો. કૃપાશંકરને રાજાએ પરાણે પોતાની પુત્રી સાથે પરણાવ્યા. કૃપાશંકરને ખબર છે કે કુંવરી સામે જોઈશ તો મારું મૃત્યુ થશે. તેથી રાજકુંવરી સામે જુવે નહિ. દાસીને કહ્યું, ''મારી પત્નીને કહે જે, મારું વ્રત ચાલે છે ત્યાં સુધી હું તેમની સાથે બોલીશ નહિ. દાસીએ કુંવરીને વાત કરી. દરરોજ કૃપાશંકર નીચું જોઈને જમી લે અને બીજા રૂમમાં જઈને સૂઈ જાય. પત્ની સાથે બોલે નહિ તેથી પત્નીને ઘરમાં ગમતું નથી. મૂઝાય છે.

દીકરીએ રાજા અને રાણીને વાત કરી. રાજાએ કહ્યું, ''તું ચિંતા ન કર. અમે કુટુંબ સહિત તારે ઘરે જમવા આવશું ત્યારે તારી સાથે બોલતા કરી દેશું.'' કુંવરીએ સરસ મજાની રસોઈ બનાવી. આજે મારે ઘરે મારા માવતર જમવા આવશે ખૂબ રાજી થાય છે, તે વખતે ઘરના દરવાજે ચાર સંતોએ આવીને સવાલ નાખ્યો. ભિક્ષામ્ દેહી, નારાયણ હરે કહીને ઊભા રહ્યા. રાજકુંવરીએ જે રસોઈ બનાવેલી હતી તે ભાવથી સંતોને જમાડ્યા. સંતોએ આશીર્વાદ આપ્યા, ''અખંડ સૌભાગ્યવતી ભવ.''

આશીર્વાદ આપી સંતો જતા રહ્યા. પછી રાજા તથા રાણી તથા રાજકુંવર, રાજકુંવરી અને કૃપાશંકર વિગેરે સાથે બેસીને જમે છે. એક બીજા સામે જુવે છે. બોલે છે, હસે છે, છતાં પણ કંઈ ન થયું. રાજા અને રાણી રાજી થયાં. જમીને ઘરે ગયા પછી કૃપાશંકરે યમદૂતોને બોલાવ્યા. ''તમે મને ખોટા ભ્રમમાં ભરમાવ્યો છે. અમે સામે સામે જોઈએ છીએ, બોલીએ છીએ છતાં કંઈ ન થયું. આવું ખોટું બોલીને શા માટે માણસોને ડરાવો છો.''

ત્યારે યમદૂતોએ કહ્યું, ''તમારા પ્રારબ્ધમાં મૃત્યુ લખેલું હતું પણ તમારાં પત્નીએ ચાર સંતોને પ્રેમભાવથી જમાડ્યા છે તેના પુણ્યથી તમો મૃત્યુના મુખથી બચી ગયા છો. આવી વાત સાંભળી કૃપાશંકરને અન્નદાનનો મહિમા સમજાયો તેથી આંગણે આવેલાને ભાવથી જમાડે અને રાજીપો મેળવે.

## અન્નદાન - મહાદાન છે
## જ્ઞાનદાન - અભયદાન છે.

દાન પુન્ય કરવાથી આયુષ્ય વધી જાય, લૌકિક સુખ મળે પણ પરમ કલ્યાણ કરવું હોય અને શ્રીજીમહારાજના અક્ષરધામમાં જવું હોય તો વ્રત, દાન, પુન્ય અને

પરોપકારની સાથે ધર્મ સહિત નવધા ભક્તિ કરવી જોઈએ. ભક્તિ કર્યા સિવાય મુક્તિ મળતી નથી. દાન, પુન્ય કરવું જરૂરી છે. સારી વાત છે. દાનનું ફળ સ્વર્ગ છે અને ભક્તિનું ફળ ભગવાન છે. આ વાત અવશ્ય સમજી રાખવી.

**સોનું રૂપું આપે ત્રાંબા દાનરે, તે પણ કલ્યાણ કાજે નિદાન રે**
**ગાય મહિષીને ગજબાજરે, ધામ ધરાદિ કલ્યાણ કાજરે ॥**
**કાશીએ જઈ લિયે કરવત રે, તે પણ કલ્યાણ થાવા તરત રે ।**
**હિમાળે જઈ હાડને ગાળે રે, ગડે પૃથ્વીએ પિંડ પ્રજાળે રે ॥**

શિષ્ય કહે છે હે ગુરુદેવ ! કોઈક ગાય, ભેંશ, હાથી, સોના, રૂપાનાં દાન કરે છે, કોઈક એમ કહે છે દાન આપીએ એના કરતાં કાશીએ કરવત લઈએ તો તરત કલ્યાણ થાય, કોઈ કહે હિમાળે જઈને પાંડવોની જેમ હાડ ગાળીએ તો કલ્યાણ થાય, કોઈ કહે છે કમળપૂજા કરીએ તો કલ્યાણ થાય, કોઈક એમ કહે છે બલીરાજાની જેમ સર્વસ્વનું દાન કરીએ તો કલ્યાણ થાય.

ત્યારે કોઈક એમ કહે છે, એ બધી વાત જવા દો, ધર્મ નિયમની બરાબર ટેક રાખે તો જરૂર કલ્યાણ થાય. કોઈક એમ કહે છે કે, કઠણ તપશ્ચર્યા કરીએ અને કેવળ ફળ અથવા જળપાન કરી તપ કરીએ તો કલ્યાણ થાય. એ રીતે હજારો ઉપાય કલ્યાણના બતાવે છે. કલ્યાણ માટે જેવો જેવો પરિશ્રમ કરે છે તેવું તેને ફળ મળે છે.

**કોઈ પામે અન્ન ધન ધામ રે, કોઈ પામે ગરાસને ગામ રે ।**
**કોઈ પામે રાજ્ય સાજ સુખ રે, સુત કલત્ર નહિ દેહે દુઃખરે ॥**
**એ પણ કલ્યાણ એક કહેવાય રે, સુખ માની રહ્યા છે એ માંય રે**

કોઈકને ખાવા માટે અન્ન, ધન વિગેરે ન મળતું હોય અને કોઈક દેવની આરાધના કરે પછી અન્ન જળથી સુખી થઈ જાય તો માની લે કે મારું કલ્યાણ થઈ ગયું. કોઈને ગામ ગરાસની ઈચ્છા હોય, ગામનો અગ્રેસર થઈ જાઉં, મંત્રી, સહમંત્રી અથવા કલેકટર વિગેરે થઈ જાઉં અને એની ઈચ્છા પૂરી થાય તો મનમાં માની લે કે આપણું કલ્યાણ થઈ ગયું. કોઈકને ઘરે દીકરો ન હોય અને દીકરો મળી જાય તો માની લે કે કલ્યાણ થઈ ગયું. મારો વારસદાર આવી ગયો. કલત્ર એટલે પત્ની.. પત્ની ન મળી હોય અને પછી દાન પુન્ય કરે પછી પત્ની મળી જાય તો મનમાં રાજી થાય આપણું કામ થઈ ગયું. નિષ્કુળાનંદસ્વામી કહે છે, નાશવંત સુખમાં લોભાઈને

ભગવાનને ભૂલી જાય છે.

**કોઈ પામે અમરાવતીરે, તે પણ પૂર્ણ માને છે પ્રાપતી રે ।**
**શિવ બ્રહ્માની પુરીને પામી રે, માન્યું પામ્યા પુરાણ ભાગી ખામી રે**
**એહ વિના બીજા બહુ લોક રે, પામી સમાવી બેઠા છે શોક રે ।**
**પણ આત્યંતિક જે કલ્યાણ રે, તેની રીત ભાત જુદી જાણ રે ॥**

અમરાવતી એટલે સ્વર્ગલોક કોઈ સ્વર્ગલોકની ઈચ્છા રાખે છે, કોઈક શિવલોકની ઈચ્છા રાખે છે, કોઈક બ્રહ્મલોકની ઈચ્છા રાખે છે. આવા લોકની પ્રાપ્તિ થાય તો પૂર્ણ પ્રાપ્તિ થઈ ચૂકી છે એવું માને છે પણ આત્યંતિક કલ્યાણની રીતભાત જુદી છે.

સાંસારિક સાધનો, સંપત્તિ અને વૈભવોથી મળેલો આનંદ નકલી અને ક્ષણિક હોય છે પણ પરમાત્માની ભક્તિનો આનંદ પાતાળના પાણીની જેમ અખંડ વહ્યા કરે છે. કયારેય સૂકાતો નથી. આત્યંતિક કલ્યાણની રીત સમજવા જેવી છે.

**આજ્ઞા અને ઉપાસનામાં દ્રઢપણે રહેવાય તો અક્ષરધામમાં જવાય.**

ફુલબાઈ ભગવાનના પરમ એકાંતિક ભક્ત હતાં. સંતો મંડળ સહિત તેમના ગામે પધાર્યા. ફુલબાઈના આનંદનો પાર નથી. આજે મારું ગામ તીર્થરૂપ બની ગયું. સંતોને કહ્યું, ‘‘આવતી કાલે અમારા તરફથી રસોઈ જમવાની છે.’’ સંતોએ કહ્યું, ‘‘બહુ સારું, કાલે તમારી રસોઈ જમીશું.’’ આવી વાત કરે છે ત્યાં ગામના પટેલ માધુભાઈ મંદિરમાં આવ્યા. સંતોને પગે લાગીને કહ્યું, ‘‘કાલે અમારા તરફથી તમને જમવાનું છે. તમારા જેવા પવિત્ર સંતો જમે તો જીવનું પરમ કલ્યાણ થાય.’’

સંતોએ કહ્યું, બહુ સારું - કાલે તમારી રસોઈ કરશું. માધુભાઈ રાજી થયા. પછી સંતોએ ફુલબાઈને કહેવડાવ્યું કે, કાલે તમારી રસોઈનો મેળ નહિ થાય. તમે બીજે દિવસે રસોઈ આપજો. કાલે ગામના પટેલ માધુભાઈની રસોઈ છે. માધુભાઈ ગુણબુધ્ધિવાળા છે, જો તેમને ના કહીશું તો તેને અવગુણ આવશે. ફુલબાઈએ કહ્યું, ‘‘સારું, તમારી જેવી ઈચ્છા.’’

તેજ દિવસે રાત્રિએ ફુલબાઈને શ્રીજીમહારાજ દિવ્ય વિમાનમાં બેસાડીને અક્ષરધામમાં તેડી ગયા. દિવ્ય તેજોમય સિંહાસન ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન છે. અનંત મુકતો શ્રીજી મહારાજની સેવામાં છે. તે સભામાં ફુલબાઈ પણ બેઠાં છે. શ્રીજી મહારાજે પૂછયું, ‘‘ફુલબાઈ તમારો કાંઈક સંકલ્પ અધૂરો રહી ગયો લાગે

છે.'' હા.. મહારાજ... સંતોને જમાડવાનો સંકલ્પ રહી ગયો છે. શ્રીજી મહારાજે કહ્યું, ''તમે જલદી દેહમાં જાવ, નહિંતર દેહને બાળી દેશે.''

## નિર્વાસનિક થવાય તો અક્ષરધામમાં જવાય.

આ બાજુ ફુલબાઈના મૃત શરીરની નનામી બંધાય છે, ત્યાં ફુલબાઈ બેઠાં થઈ ગયાં. બધા માણસો જોતાં જ રહી ગયા. મરેલા જીવતા કેમ થયા હશે. નવાઈની વાત છે, ઝોબો પાછો વળી આવ્યો. ફુલબાઈને પૂછ્યું, ''તમે પાછાં કેમ આવ્યાં ? ફુલબાઈએ કહ્યું, ''હું અક્ષરધામમાં ગઈ હતી, પણ સંતોને જમાડવાનો સંકલ્પ રહી ગયો છે તેથી સંતોને જમાડવા માટે પાછી આવી છું. બીજે દિવસે સંતોને જમાડી ધોતિયાં ઓઢાડ્યાં પછી ફુલબાઈને શ્રીજીમહારાજ દિવ્ય રથમાં બેસાડીને લઈ અક્ષરધામમાં તેડી ગયાં. ગુરુ કહે છે :-

**તે તો હરિ હરિજનથી થાય રે, સાચું કલ્યાણ જેને કહેવાય રે ।**
**સમજી લેજેતું એટલો સાર રે, નથી બીજો નિશ્ચય નિરધાર રે ॥**
**મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાંતો તેના મળેલે કલ્યાણ રે ।**
**તેહ વિના તો કોટિ ઉપાયે રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે ॥**

ભગવાનના મળેલા સંતોનો સમાગમ કરવાથી જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. ભગવાનને મળેલા એટલે... ભગવાનની આજ્ઞામાં રહેલા સંતો.. આ બાબતમાં વસ્ત્ર સંન્યાસની વાત નથી. પછી તે શ્વેત વસ્ત્રમાં પણ હોય અને ભગવાં વસ્ત્રમાં પણ હોય. મન ભગવદ્ ભક્તિથી રંગાઈ જવું જોઈએ. કલ્યાણ નિર્ણયની કથાનો મૂળ હેતુ એ છે કે, આ જગતની આસક્તિ તજીને ભગવાનની ભક્તિ કરવી. શ્રીજીમહારાજ વચનામૃતમાં કલ્યાણના સરળ સાધનો દર્શાવતાં કહે છે કે, ભગવાનની ઉપાસના કરવી અને ભગવાનના ચરિત્ર ગાવાં, સાંભળવાંને ભગવાનનું નામ સ્મરણ કરવું ને પોતપોતાના ધર્મમાં રહેવું, એવી રીતે પોતાના જીવનું કલ્યાણ થવું તે કાંઈ કઠણ નથી. એતો જેમ વહાણમાં બેસીને સમુદ્ર તરવો એવો સુગમ માર્ગ છે.

**જેમ રવિ વિનાની રાતરે, ન જાય ન થાય પ્રભાત રે ।**
**તેમ પ્રગટ પ્રભુ મળ્યા પખીરે, નોય કલ્યાણ લેવું એ લખી રે ॥**
**તેહ વિના જો થાય કલ્યાણ રે, પડે જુઠાં તો સર્વે પુરાણ રે ।**

(એક પ્રગટ ભગવાનનો આશરો થાય તો જ કલ્યાણ થાય છે.) કરોડો તારા

આકાશમાં હોય, સાથે ચંદ્રમા હોય તો થોડુંક અંધારું હળવું કરે પણ સમગ્ર અંધારું દૂર થાય નહિ. સૂર્યનારાણયનો ઉદય થાય ત્યારે આપોઆપ અંધારું દૂર થઈ જાય છે. સમગ્ર જગતમાં પ્રકાશ ફેલાઈ જાય છે. તેમ જેના જીવનમાં હરિ ધ્યાન અને હરિ સ્મરણ હોય તેના હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાઈ જાય છે.

આપણે આપણી આંખથી જોઈ શકીએ છીએ, પણ અંધારું હોય તો આંખ હોવા છતાં આ લોકનાં પદાર્થ કાંઈ દેખાય નહિ, સાચી હકીકતમાં આપણે દેખતા કયારે થશું, જયારે મોહ માયાનાં અંધારાં દૂર થાશે ત્યારે સાચી હકીકતમાં દેખતા કહેવાઈશું. ગુરુ કહે છે, આ ભવમાં ભેખ ઘણા છે. કયાંય હલવાઈ જવાય નહિ તેની સાવધાની રાખજો.

## હૃદયમાં અંધારું થઈ જાય તો, સંતની સોબત ગમે નહિ.

હૃદયમાં અંધારું થઈ જાય તો શું થાય ? ભગવાનનાં દર્શન કરવાં ગમે નહિ, પૂજાપાઠ કરવા ગમે નહિ, કથા સાંભળવી ગમે નહિ, સત્સંગમાં એને કંટાળો આવે.. આવું મન થઈ જાય ત્યારે સમજવું કે અંતરમાં અંધારું છવાઈ ગયું છે. વિચારવા જેવી આ કથા છે.

મત પંથને પુષ્ટિને અર્થે, નવાનવા નિપજાવ્યા ગ્રંથ, સર્વે પોતાનું કર્યું છે સાચું કેણે રાખ્યું નથી વળી કાચું. મન મેળ થાય નહિ પછી પોત પોતાના મતને પુષ્ટ કરવા જુદાં જુદાં શાસ્ત્રોની રચના કરે છે, પોતાના મતને ઊંચો કરવા તેમાં કોઈ વાતનું કાચું રાખ્યું નથી.. શ્રીજીમહારાજે મુકતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી વિગેરે સંતોને આજ્ઞા કરેલી કે આપણા સંપ્રદાયની પુષ્ટિ થાય તેવા ગ્રંથની રચના કરો. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોને જ આપણે વાગોળીએ છીએ. આપણે નિષ્કુળાનંદ સ્વામીનો સમાગમ કરીએ છીએ. એમની સમજણને અંતરમાં ઉતારવાની છે.

**પણ કલ્યાણ પ્રભુની પાસેરે, તેહ વિના વલોવે છે છાશ રે;**
**એ છે સર્વે શાસ્ત્રનો મત રે, તે તો ન થાય કેદિ અસત રે.**
**એમ સંત શાણા કહે છે રે, શ્રેય પ્રગટ પાસળે રહે છે રે;**
**એમ સર્વેનું છે સિધ્ધાંત રે, મો'રે મોટા ભાગી ગયા ભ્રાંત રે.**

મત પંથવાળા સાચી હકીકતમાં તે છાશ વલોવે છે. છાશ વલોવાથી માખણ મળે નહિ પણ દહીં વલોવવાથી માખણ મળે, પ્રગટ ભગવાન વિના કલ્યાણની વાત

કરે છે તે છાશ વલોવે છે. પ્રગટ ભગવાન અને પ્રગટ ભગવાનના આશ્રિત જે સંતો છે તેના થકી જ કલ્યાણ થાય છે.

એક વખત બ્રહ્માનંદસ્વામી સંતો સાથે સત્સંગ કરાવવા જતા હતા. ત્રણ દિવસ સુધી ચાલતા ચાલતા થાકી ગયા. થાકેલા સંતો એક હરિભકતના ખેતરમાં વિશ્રાંતિ લેવા બેઠા. ત્યાં બાજુના ખેતરમાં એક છોકરો હતો. સંતોએ કહ્યું, ''છોકરા ! અમને ભૂખ બહુ લાગી છે. ત્રણ દિવસ થયા જમવાનું મળ્યું નથી. કાંઈક જમવાનું મળશે ?'' છોકરાએ બાજરાના પોંક આપ્યા. તે જમીને સંતો રાજી થયા. છોકરાને કંઠી બાંધી અને કહ્યું, ''જય સ્વામિનારાયણ બોલ.'' પરંતુ છોકરાને જય સ્વામિનારાયણ બોલતાં આવડ્યું નહિ.

બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, તને મારી ફાંદ યાદ રહેશે. સ્વામીનું શરીર ભરાવદાર હતું. હા.. હા... સ્વામીજી ફાંદ યાદ રહેશે. આશીર્વાદ આપી સંતો જતા રહ્યા. સમય જતાં છોકરો બીમાર થયો. બ્રહ્માનંદસ્વામીની ફાંદ યાદ આવી ગઈ.

**બ્રહ્માનંદ સ્વામી યાદ આવ્યા તો પ્રભુ વિમાન લઈ તેડવા આવ્યા.**

વિમાનમાં બેસાડી ભગવાન છોકરાના આત્માને ધામમાં તેડી ગયા. અંત સમયે બ્રહ્માનંદસ્વામીની ફાંદ યાદ આવવાથી છોકરાનું કલ્યાણ થઈ ગયું. આપણા દેશમાં સંતોરૂપી ગંગા વહે છે. કઈ રીતે જીવન જીવાય તેનું શિક્ષણ આપવા નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગ્રંથ અને જીવન દ્વારા અનેરી શીખ આપી છે. આપણા જીવનમાં સંતો પ્રત્યે અદકેરો આદરભાવ ઊભરાતો રહેવો જોઈએ.

**જેને ફરી ન પડે ફરવું રે, તેને આત્યંતિક શ્રેય કરવું રે;**
**તેહ વિના તો કલ્યાણ કાચું રે, પામી પડવું પડે છે પાચું રે.**
**કૈક આ લોક સુખથી પડ્યા રે, કૈક પડ્યા સ્વર્ગલોકે ચડ્યારે;**
**કૈક હરપુરિથી હણાણા રે, કૈક ચંદ્રલોકથી પછડાણારે.**
**કિયાં રહ્યું થયું એ કલ્યાણ રે, ભાગ્યું વચ્ચે વારિધિયે વહાણ રે;**

કેટલાક સ્વર્ગલોકમાં પહોંચી ગયા હતા, પણ પુન્ય ખલાસ થાય એટલે મૃત્યુલોકમાં પાછા આવ્યા. કેટલાક હરપુરીથી હણાણા એટલે કૈલાસમાંથી પાછા આવ્યા. મહાદેવજી તેત્રીસ કરોડ દેવમાં મહાન દેવ છે. મહાન ભક્ત છે. એમને માનવા જોઈએ. મહાદેવજીના ઉપાસકો મહાદેવજીને ભગવાન માને એમાં કાંઈ

ખોટું નથી. કારણ કે, વૈષ્ણવાનામ યથા શંભુ, ભગવાનને લઈને મહાદેવજી ભગવાન જ કહેવાય. શ્રીજીમહારાજ કહે છે, ભગવાનને લઈને મુકતાનંદસ્વામીને ભગવાનજ કહેવાય. તો મહાદેવજીને ભગવાન કેમ ન કહેવાય !! કહેવાય. પણ મહાદેવજી કહે છે હું પુરુષોત્તમ નારાયણનો ભક્ત છું.

કૈક ચંદ્રલોકથી પછડાણા.. ચંદ્રની ઉપાસના કરવાથી ચંદ્રલોકમાં જઈ શકાય છે. પુન્ય હોય ત્યાં સુધી ત્યાં રહે, પુણ્ય ખૂટે એટલે ત્યાંથી પાછું ફરવું પડે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભર દરિયે વહાણમાં બેસીને સામે કાંઠે જતા હતા, પણ વચ્ચમાં વહાણ તૂટી પડ્યું. ભાંગ્યું વચ્ચે વારિધિયે વહાણ. આ તો નુકસાની થઈ. તેના કરતાં કાંઠે બેઠા હોત તો બીજા વહાણમાં બેસીને દરિયા પાર થઈ શકત.

**એ કલ્યાણ કામ ન આવે રે, જેને કાળ માયા મળી ચાવે રે.**
**જેને માથે છે મોટા વિઘન રે, એવું કલ્યાણ મ માનો મન રે;**
**તન મનમાં વાત તોળીને રે, કરવું કલ્યાણ ખરું ખોળીને રે.**
**ભેખ લીધે ભલાઈ મ ભાળો રે, એહ ભુલ ભીંતરથી ટાળો રે;**
**મત મમતે રહ્યા જે બંધાઈ રે, તેમાં કલ્યાણ ન મળે કાંઈ રે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, ભેખ લીધો છે તેથી અમારું કલ્યાણ થઈ ગયું એમ માની લેશો નહિ. શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે.

## સાચો ત્યાગી કોણ ?

ત્યાગી હોય તેને કચરો અને કંચન બેય બરાબર હોય અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી સમજણ હોય નહિ. એક ભગવાનને વિષે પ્રીતિ હોય તે સાચો ત્યાગી છે.

એક રામદાસ કરીને વૈરાગી હતો. નામ રામદાસ પણ હતો ઈંદ્રિયોનો દાસ. રજોગુણી પ્રકૃતિ, આંખમાં વાસના અને વિકારનું ઝેર ઝરે. વાસના વિકારથી કંટાળી જાય, પસ્તાવો થાય પણ કામવાસના સામે તે હારી જતો. ગામમાં ભિક્ષા માગવા જાય ત્યારે એની નજર બાઈઓની સામે અટકી જાય. યુવાન દીકરીયું મો છૂપાવીને ચાલે. બહુ ડરે.

એક સમય શ્રીજીમહારાજ કાઠી દરબારો સાથે માણકી ઘોડી ઉપર બેસીને જાય છે. માથે બોકાની વાળેલ, શ્વેત વસ્ત્ર, છોગાં ઉછળતાં જાય. હાર હીંડતો જાય,

ઘુઘરીના રણકાર સાથે રામદાસના લીલાછમ આશ્રમ નજીકથી પસાર થયા. ઘોડીયુંને નદીમાં પાણી પાયું. ત્યારે વૈરાગીએ કહ્યું, ''હે પ્રભુ, મારા આશ્રમમાં જમવા પધારો. મારી ઈચ્છા પૂરી કરો.'' શ્રીજીમહારાજે વૈરાગી સામે જોયું નહિ, એના અંતરમાં વાસના છલકે છે. એના હાથનું જમાય નહિ. કાઠીને ભૂખ લાગી છે પણ કરે શું ?

પ્રભુ ઝટ પેંગડે પગ દઈ, માણકી પર સવાર થયા. સરક પકડી. હણહણાટ કરતી માણકી ચાલતી થઈ ગઈ. વૈરાગી છોગલું જોતોજ રહી ગયો. અરર ! હું કેવો અભાગીયો કે મારા સામે ભગવાને જોયું પણ નહિ. આખી જિંદગી પસ્તાવો કરે, પણ કામવાસના ઝલાય નહિ. સ્ત્રીને જુવે તો આંખ અટકી જાય. આગળ જતાં ભગવાને વિશ્રાંતિ લીધી. સુરાખાચર અમને ભૂખ બહુ લાગી છે. શું કરશું ! સુરાખાચરે કહ્યું, ''ઓલ્યા બાવાએ જમવા બોલાવ્યા તો તમે તેના સામે કેમ જોયું નહિ ? અને કોઈક ભક્તને ઘરે તમે સામેથી જાવ છો !

શ્રીજીમહારાજે કહ્યું, એ વાત કયારેક સમજાવશું. વૈરાગી રામદાસનું મૃત્યુ થયું. વાસનાને લીધે દાદાના દરબારમાં ઘોડીને પેટે વછેરો થયો.

## વાસના વધારતો ગયો, બીજે જન્મે વછેરો થયો.

દાદાખાચર તે વછેરાને ભગવાન પાસે લઈ આવ્યા. પ્રભુએ તે વછેરાના કપાળમાં ચાંદલો કરીને કહ્યું, ''આનું નામ કાનુડો રાખશું.'' એમ કહીને ખજૂરનો પ્રસાદ સૌને આપ્યો. રૂપે રંગે રૂડો આંખને ઠારે એવો કદાવર બાંધો. દૂધ જેવો ધોળો. અઢી વરસનો થયો. સોદાગરે સતરસો રૂપિયામાં વેચાતો માગ્યો પણ શ્રીજીમહારાજે આપ્યો નહિ.

વિજયાદશમી આવી. વછેરાને ચારે પગે ઘુઘરા બાંધ્યા. મોઢા પર હીરનો મોરડો બાંધ્યો, ડોકે ઝૂમણા, પીઠ પર મખમલનું પલાણ શણગારીને શ્રીજીમહારાજ પાસે લઈ આવ્યા. દાદાખાચરે પ્રભુને કહ્યું, આ વછેરા ઉપર કોઈ બેઠું નથી, પહેલા આપ બિરાજો. શ્રીજીમહારાજ કમર બરાબર કસીને પેંગડે પગ દઈને વછેરા ઉપર બેસી ગયા. હીરની સરક લીધી હાથમાં કાઠી દરબારો લેરમાં આવી ગયા. ઢોલ ઢબૂકવા લાગ્યા. શરણાઈના સૂર નીકળ્યા, નોબત ગાજી ઊઠી, ભૂંગળના ભડાકા થયા.

## દશેરાની વિજય યાત્રા નીકળી

કાઠીઓ પોતપોતાના ઘોડા લઈને ચારે કોરે ઘેરી વળ્યા. વાજતે ગાજતે

આવ્યા લક્ષ્મીવાડીએ. ત્યાં મેદાનમાં વછેરાને ગોળ ગોળ કુંડાળે શ્રીજી મહારાજે ખૂબ દોડાવ્યો. ઘોડો પરસેવાથી રેબઝેબ થઈ ગયો. પ્રભુ પણ પરસેવે નીતરી ગયા. પછી પ્રભુ ઊંચી ગાદીએ બિરાજમાન થયા. કાઠીઓએ ચકરાવ કરી સૌ સૌના ઘોડા વંટોળીયાની જેમ ખૂબ જોશભેર દોડાવ્યા. જય જયકાર થયો. સ્વામિનારાયણ ભગવાન કી જય.

બધા દરબારો શ્વાસભેર શ્રીજી મહારાજ પાસે બેસી ગયા. પ્રભુએ વછેરાની લગામ પકડી એક ચારણના હાથમાં આપી. લે... ભાઈ.. આજે તને વિજયાદશમીનું વછેરાનું દાન આપું છું. ચારણ રાજી રાજી થઈ ગયો. દરબારોએ કહ્યું, ‘‘હે મહારાજ ! સોદાગરે સતરસો રૂપિયામાં વેચાતો માગ્યો ત્યારે તમે તેને ના પાડી અને ચારણને મફત આપી દીધો.’’

શ્રીજીમહારાજે સ્પષ્ટતા કરી કે આજે અમે વછેરાનું દાન કર્યું. એ વછેરો કોણ હતો ખબર છે ? આપણે એકવાર રાજુલાથી ગઢપુર આવતા હતા ત્યારે ધાતરડી નદીના કાંઠે આંબાવાડીમાં ઉતારો કર્યો હતો. એક વૈરાગી બાવાએ જમવાની તાણ કરી અને કહેલું કે મારી મઢુલીમાં જમવા આવો. એ દિવસ તમને યાદ છે ? દરબારે કહ્યું, ‘‘હા.. હા... યાદ છે.’’ તે વૈરાગીને સ્ત્રીમાં તીખી વાસના રહેવાથી બીજે જન્મે ઘોડો થયો છે અનેક ઘોડીને ભોગવશે ત્યારે એની વાસના પૂરી થશે.

શ્રીજીમહારાજ કહે છે, તમે બધા સાવધાન રહેજો. સ્ત્રીમાં વાસના રહી જાશે તો હેરાન થશો. તમે બધા મારા થયા છો તેથી તમારામાં તલભાર કસર રહેવા દેવી નથી. ધર્મ નિયમનું બરાબર પાલન કરજો, જરાય ઢીલા થાશો નહિ.

## ભગવાને બધાની આંખ ઉઘાડી દીધી

ભક્તજનો હાથ જોડીને બોલ્યા, ‘‘હે મહારાજ, અમે આડા અવળા ડોલીએ તો ફટકારજો. હાથ પકડીને પાછા વાળજો. દશેરાના દિવસે વછેરાનું દાન આજ સૌ માટે અભયદાન બની ગયું. શ્રીજીમહારાજે સૌને જલેબીનો પ્રસાદ આપી દશેરા ઉજવ્યો.

**પરઘર મારી પેટ ભરેરે, પરસુત વિત દારા હરે રે;**
**એમાં કેદિ ન માનો કલ્યાણ રે, જેમાં ખરી ખુવારી છે જાણ રે.**
**કહ્યું તમે જે પૂછ્યું તું તેહ રે, એહ વાતમાં નથી સંદેહ રે;**
**સાચું માની લેજો સાક્ષાત રે, કહી કલ્યાણની તને વાત રે.**

ગુરુ કહે છે, પારકાના સુત હરે, પારકાના ધન હરે, પારકું ખાઈને જલસા કરે. એમાં કેદિ ન માનો કલ્યાણ રે, તેમાં ખરી ખુવારી છે જાણરે. પારકાનો રોટલો મફત નથી ખવાતો, તેનું કલ્યાણ કરવું પડે છે.

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે દ્વિતીયો નિર્ણયઃ ॥ ૨ ॥**

---

## નિર્ણય – ૩

**દોહા :- મુમુક્ષુ કહે મુકત સાંભળો, તમે કહી કલ્યાણની રીત;**
**પ્રગટ વિના છે પાંપળાં, ખરાખરું કહ્યું ખચીત.**
**પ્રગટ પ્રભુ ન હોય પૃથ્વીએ, કોઈ કરવા ઈચ્છે કલ્યાણ;**
**કહું તેને કેમ કરવું, એહ પુછું છું જોડી પાણ.**
**હોય અવતારનો આશરો, ભાવે કરતો હોય ભજન;**
**કલ્યાણ કરવા કારણે, ઝાઝી કરતો હોય જતન.**

શિષ્ય કહે છે, ''હે ગુરુદેવ સાંભળો પ્રગટ ભગવાનના આશ્રયથીજ કલ્યાણ થાય. પ્રગટ ભગવાન દેહ છતાં આ પૃથ્વી પર આવે ખરા પણ પાછા પોતાના ધામમાં જાય. શ્રી રામચંદ્રજી ભગવાન તથા શ્રી કૃષ્ણ ભગવાન આ લોકમાં માનવ થઈને પધાર્યા, અનેક લીલા કરી, પોતાનું કાર્ય કરીને પાછી પોતાની લીલા સંકેલી લીધી. ભગવાન સ્વામિનારાયણ આ લોકમાં પધાર્યા. ૪૯ વર્ષ બે માસ ને એક દિવસ માનવદેહે રહ્યા. અનેક લીલા કરી અનેક પાપીઓનો ઉધ્ધાર કર્યો અનેક ભક્તોના મનોરથ પૂરા કર્યા.

શિષ્ય હાથ જોડીને કહે છે, જયારે પ્રગટ ભગવાન આ પૃથ્વી ઉપર ન હોય ત્યારે શું કરવું ? પ્રગટ પ્રભુ ન હોય પૃથ્વીએ, કોઈ કરવા ઈચ્છે કલ્યાણ; કહું તેને કેમ કરવું, એહ પૂછું છું જોડી પાણ. ભગવાનનો આશરો, રાખી કરે ભજન; કલ્યાણ કરવા કારણે, ઝાઝી કરતો હોય જતન. સેવતો હોય સંતને, સાંભળતો હોય પુરાણ; તેણે કરી તેહનું, કેમ ન હોય કલ્યાણ.

ચોપાઈ :- સંત શાસ્ત્ર છે કલ્યાણકારી રે, સહુ કહે છે એમ વિચારી રે;

**સાધુ સરવે નાના મોટા રે, ગ્રંથ પણ ખરા નથી ખોટા રે.**

**શાસ્ત્ર શાસ્ત્ર સરખાં છે સહુ રે, સંત સંત છે સરખા કહું રે;**
**સંત સહુ માળાના મણિકા રે, એમાં કોણ ઓછા અધિકારે.**
**બાનું જોઈ નમાવિયે શિશ રે, જોઈએ નહિ કરણી એની લેશરે;**

મુમુક્ષુ કહે છે, હે ગુરુદેવ સાંભળો. સંત અને શાસ્ત્ર કલ્યાણકારી છે. સંત અને શાસ્ત્રના સેવનથી પણ અનેકનું કલ્યાણ થાય છે. સંત નાના હોય કે મોટા હોય તો તેથી પણ જીવાત્માનું કલ્યાણ થાય છે. સંત માળાના મણિકા છે.

સારંગપુરના વાઘાખાચર અને અમરાખાચર બે ભાઈ પરમ એકાંતિક ભક્ત હતા. અલૌકિક રીતે શ્રીમંત હતા. લૌકિક રીતે ગરીબ હતા. કીમતી સરસ મજાના શ્રીજી મહારાજ માટે વાઘા ભેટ કરવાની ઈચ્છા થાય પણ ગરીબાઈને લીધે ઈચ્છા પૂરી થતી નથી. તેથી સાદા શ્વેત વસ્ત્ર ઝુલડી અને પિતાંબર લઈને ગઢપુર આવ્યા. શ્વેત પાઘ પણ સરસ બનાવેલી હતી. દંડવત કરી સભામાં બેઠા પણ ભેટ આપતાં સંકોચ થાય છે. સાદી ભેટ કેમ આપવી. અંતર્યામી શ્રીજીમહારાજે સામેથી કહ્યું, ‘‘અમરાખાચર તમે જે ભેટ લાવ્યા છો તે અમને આપો. આજે શ્વેત વસ્ત્ર પહેરીને રંગે રમવું છે.’’ પછી અરસપરસ ખૂબ રંગે રમ્યા. હેતનો ગુલાલ ઉડાડ્યો.

રંગે રમ્યા પછી શ્રીજીમહારાજ સંતો ભક્તોની સાથે ઘેલા નદીમાં સ્નાન કરવા પધાર્યા. વસ્ત્ર સહિત સ્નાન કર્યું અને પહેરેલા પ્રસાદીનાં વસ્ત્રો વાઘાખાચર અને અમરાખાચરને આપ્યાં. ‘‘લ્યો ભક્તરાજ આ પ્રસાદીનાં વસ્ત્રો.’’ બે ભાઈના આનંદનો પાર ન રહ્યો. આજે અમારી ઈચ્છા પૂરી થઈ. જન્મ સફળ થયો.

**આ કલ્યાણ નિર્ણયનો ગ્રંથ છે.**
**તે મોક્ષના ખજાનાની ચાવી છે.**

ઉત્સવ કરી બન્ને ભાઈઓ સારંગપુર આવ્યા. રાત્રે ફળીયામાં ખાટલા ઢાળીને સૂતા છે ત્યાં આકાશમાં વિમાનમાં બેસીને અનેક જીવાત્માઓને પ્રભુના ધામમાં જતા જોયા. શ્રીજીમહારાજને પૂછ્યું, ‘‘મહારાજ કોને ધામમાં લઈ જાવ છો ?’’ શ્રીજી મહારાજે કહ્યું, આ પવિત્ર આત્માઓને તમે નથી ઓળખતા ? ના મહારાજ નથી ઓળખતા. પ્રભુએ સ્મિત હાસ્ય કરતા કહ્યું, ‘‘આ બધા જીવાત્માઓ કપાસની વરખડીઓના જીવ છે. જે કપાસમાંથી તમે અમોને વસ્ત્રો પહેરાવ્યાં, તેના પુણ્યના પ્રતાપથી અમો તેમને અમારા ધામમાં લઈ જઈએ છીએ.’’ આવું સાંભળી અમરા

ખાચર અને વાઘાખાચરના આનંદ નો પાર ન રહ્યો. સાચા દિલથી સંતને સેવે, તે મોટા સુખને લેવે. વરખડીઓના જીવનનું કલ્યાણ થઈ ગયું. પ્રભુના યોગથી.

શિષ્ય કહે છે હે ગુરુદેવ :-

**શાસ્ત્ર શ્રદ્ધાયે કરી સાંભળે રે, તેનાં સર્વે સંકટ ટળે રે;**
**સંત શાસ્ત્રથી કૈક સુધર્યા રે, ભણ્યા સહુ કહે છે ભવ તર્યા રે.**
**એવું સાંભળી સંશય ટળ્યો રે, જાણું મોક્ષનો મારગ મળ્યો રે;**
**સંત સેવીને કૈક સુખ પામ્યારે, શાસ્ત્ર સુણી કૈક દુઃખ વામ્યા રે.**
**સંતે કૈક અધમ ઉધાર્યા રે, પામર પતિતને પણ તાર્યા રે;**

શ્રધ્ધાએ સહિત શાસ્ત્ર સાંભળવાથી અનેકનાં સંકટ ટળી ગયાં છે. સંતનો યોગ થવાથી અનેક પાપી અને પામર જીવાત્માનાં જીવન સુધાર્યાં છે. સંત સેવીને અનેક સુખિયા થયા છે.

## સંત શક્તિ અમાપ શક્તિ છે.

અગાધ મહાસાગરમાં સફર કરીને થાકેલાને જો દીવાદાંડીનો પ્રકાશ દેખાઈ જાય, તેને આધાર મળી જાય તો સહીસલામત કિનારે આવી જાય. એજ રીતે ભવસાગરના મહાસાગરમાં આપણે સફર કરવા આવ્યા છીએ. જો દીવાદાંડી જેવા સંતોનો યોગ મળી જાય. સંત પ્રત્યે ભાવ અને શ્રધ્ધા જાગી જાય તે કહે તેમ કરવા મંડી જાય તો તે અક્ષરધામને કિનારે સહી સલામત પહોંચી જાય. સાચા સંતો દીવાદાંડી બનીને અનેક જીવને ભવ-સાગર પાર ઉતારવા દિશા સૂચક છે.

**સંતે ઉદ્ધારિયો અજામેલ રે, મહા સમલનો હતો જે શૈલરે.**
**સજ્ના હસના હતા કસાઈરે, તેને સંત મળ્યા સુખદાઈ રે;**
**મહાપાપથી તેને મુકાવ્યા રે, આ જકતમાં ભક્ત તે કા'વ્યા રે.**
**ખગ મૃગ ને ખેવટ જાત રે, કર્યા સંતે સુખી સાક્ષાત રે;**
**ગજ ગીધ ગનિકા ગણિયે રે, સંતે ભવ તર્યા તે ભણિયે રે.**

સંતે ઉધ્ધારીયો અજામિલ. મહા પાપનો હતો શૈલ. અજામિલ જાતનો બ્રાહ્મણ હતો. માણસ જાતિથી શ્રેષ્ઠ નથી સત્કર્મથી શ્રેષ્ઠ છે. બ્રાહ્મણ થઈને બગડ્યો. ઘરમાં વેશ્યા રાખી, પાપનો પર્વત હતો. તેને ઘેર બે સંતો પધાર્યા. ને જમ્યા. સંત કોઈનું મફત જમતા નથી તેનું કલ્યાણ કરે છે. સંતના વચનથી દીકરાનું નામ નારાયણ

રાખ્યું. અંતકાળે જમદૂતો આવ્યા. એને જોઈને થરથરી ગયો. ત્રાસ પામતા જોરથી દીકરાને બોલાવ્યો. નારાણ દોડજે. મને જમદૂત મારે છે. દીકરો ન આવ્યો પણ ભગવાન નારાયણના પાર્ષદો આવ્યા અને જમદંડથી મૂકાવી દીધો. શિષ્ય કહે છે, ''ગુરુદેવ, અજામીલને પ્રગટ ભગવાન મળ્યા નહોતા છતાં પણ સંતથી કલ્યાણ થયું છે.''

સજના હસના હતા કસાઈ, તેને સંત મળ્યા સુખદાઈ. સજના અને હસના કસાઈ હતા. ગાયો,બળદો, ભેંશો વિગેરે જનાવરની કતલ કરતા. માંસ ભક્ષણ કરતા. તેને સંતો મળ્યા ઉપદેશ આપ્યો. કવિ ગાય છે.

**પેટને અર્થે પાપ કરતાં પાછું ફરી ન જોયુંજી;**
**કોડી બદલે ગાફલ પ્રાણી, રામ રતન ધન ખોયુંજી.**
**પ્રભુ ભજયા વિના ગાફેલ પ્રાણી આમે ઉંમર ખોઈજી;**
**મેડી મંદિર માલ ખજાના, કામ ન આવે કોઈજી.**

સંતો કહે છે :- એક પેટ ભરવા કેટલા પેટને ફોડો છો. અજ્ઞાની નિર્દય થઈને બીજાના પ્રાણ લઈ લે છે. પાપ કરી પેટ ભરે છે. એનું કયાં સારું થશે ? પ્રાણી માત્ર ઉપર દયા રાખવી જોઈએ. આ લોકમાં આપણું કોઈ નથી. આપણે કોઈના નથી. પાપ અને પુણ્ય છે એજ સાથે આવે છે. પાપનું ફળ જન્મ-મરણ અને જમપુરી છે. પુણ્યનું ફળ સુખ અને સ્વર્ગાદિક લોક છે. ભક્તિનું ફળ ભગવાન છે.

સાચા સંતના મુખથી નીકળેલા શબ્દો કસાઈને અસર કરી ગયા. તેથી ભગવાનના માર્ગે ચડી ગયા. પાપ માત્ર તજીને સારા સત્સંગી થયા. આ છે સંતનો પ્રતાપ. ખગ મૃગ ને ખેવટ, ગજ ગીધ અને ગનિકા અનેક સંતના યોગથી તરી ગયા છે. શિષ્ય કહે છે :-

**શ્રુતદેવ સુદામો વિદુર રે, સુખી સંતથી થયા જરૂર રે;**
**દક્ષપુત્ર જે દશ હજાર રે, એકવારે થયા ભવપારરે.**
**વળી હજાર મૂકીને હાલ્યા રે, ચોરાશી માર્ગમાં ન ચાલ્યા રે;**
**નવ જોગી જનક જેદેવ રે, સંતે સુખી કર્યા તતખેવ રે.**
**સહસ્ત્ર અઠયાશી ઋષિ કહેવાય રે, તે પણ સંતનો મહિમા ગાય રે;**
**સંત સેવે ભોળે ભાવે કરીરે, જાય સંસાર સિંધુ તો તરી રે.**

શ્રુતદેવ, સુદામો, વિદુર વિગેરે સંતથી સુખી થયા જરૂર રે, દક્ષપ્રજાપતિના

દશ હજાર દીકરાનું એક સાથે કલ્યાણ કર્યું છે. (મહર્ષિ નારદજીએ) દક્ષના દશ હજાર દીકરાઓ કચ્છમાં આવેલું નારાયણ સરોવર ત્યાં તપશ્ચર્યા કરવા ગયા. નારદજી ત્યાં નારાયણ નારાયણ કરતા પહોંચી ગયા.

## ભારત ભૂમિના મોટા ભાગ્ય કે મહાન તીર્થ આપણી પાસે છે.

વીણામાંથી નારાયણ.. નારાયણ.. સૂર છુટે છે. નારદજીએ કહ્યું, ''તમે બધા આંહી શું કરો છો? અમે તપ કરીએ છીએ. પછી લગ્ન કરશું. તે વખતે નારદજીએ અને એવો આત્મા સંબંધી જોરદાર ઉપદેશ આપ્યો કે દક્ષના દશ હજાર દીકરાને વૈરાગ્ય લાગી ગયો. ભક્તિના રંગે રંગી દીધા. હે સાધુ મહારાજ ''અમને સાધુ કરો. અમે તમારા શરણે છીએ.'' એક સાથે દશ હજાર વૈરાગીને દીક્ષા આપી. આ છે સંતનો પ્રતાપ.

## આ કચ્છની ભૂમિ આદિકાળથી સંત ભૂમિ છે.

આ વાતની દક્ષને ખબર પડી કે નારદજીએ મારા દશ હજાર દીકરાને સાધુ કરી દીધા છે. દક્ષે નારદજીને ઠપકો આપ્યો, તમે આ શું કર્યું? દશ હજારને સાધુ કરી દીધા. માળા લઈને બધા ભગવાનના નામના જપ કરે છે. દક્ષે પોતાના દીકરાઓને ખૂબ સમજાવ્યા. ચાલો સંસારમાં. પણ કોઈ આવ્યા નહિ. તેથી દક્ષે બીજા એક હજાર પુત્રને પેદા કર્યા. ત્યાં નારદજી પહોંચી ગયા. તમે શું કરશો ? અમે લગ્ન કરશું. નારદજીએ કહ્યું, ''મોટા કરે એમ કરો. તમારા ભાઈઓએ શું કર્યું '' એ તો સાધુ થયા છે. તો તમો લગ્ન કરી શું કરશો ? તમારા ભાઈ સાધુ થયા તો શું તે મૂર્ખા છે ?

## દક્ષના દશ હજાર દીકરાને નારદજીએ તારી દીધા

ના.. ના.. મૂર્ખા નથી બહુ ડાહ્યા છે. સુખી છે. ''તો શું તમારે દુઃખી થાવું છે.'' ના.. હો.. દુઃખી નથી થાવું. પછી નાદરજીએ બ્રહ્મારૂપ બની જાય એવો બ્રહ્મતત્ત્વનો આંતરિક ઉપદેશ આપ્યો, વૈરાગ્ય લાગી ગયો. એને સાધુ કર્યા. આવું જોઈને દક્ષને ખીજ ચડી. શ્રાપ આપી દીધો. એક ગોદોહન માથી વધુ તું કયાંય પણ સ્થિર થઈશ નહિ. આખા જગતમાં ભમ્યા કરજે. નારદજી રાજી થઈ ગયા. હવે ઘણી જગ્યાએ ફરીશ ને ઉપદેશ દઈશ. ઘણા સાધુ કરીશ. દક્ષના દશ હજાર દીકરાઓને નારદજીએ તારી દીધા. ત્યાં ભગવાનને કયાં આવવું પડ્યું. ભગવાનની શક્તિથી સંત આવું અલૌકિક કાર્ય કરે છે.

શિષ્ય કહે છે, ''હે ગુરુદેવ ! તમો કહો છો કે પ્રગટ ભગવાન થકીજ

કલ્યાણ થાય.'' સંતોએ એક હારે દશ હજારનું કલ્યાણ કરી દીધું.. વળી હજાર મૂકીને હાલ્યારે, ચોરાશીમાં નવ ચાલ્યા રે.

માતા મેનાવતીએ પુત્ર ગોપીચંદને ઉપદેશ આપ્યો તો ગોપીચંદ રાજાએ સોળ સો રાણીનો ત્યાગ કરી ભગવાનને રાજી કર્યા. અખંડ ભજન કરી મોક્ષ મેળવી લીધો. સંતનો સાચો ઉપદેશ મળી ગયો. ભૂર્તૃહરિ રાજાએ તો ચૌદસો રાણીઓનો ત્યાગ કરી ભગવાનના નામની અલફી પહેરી લીધી. ચિત્રકેતુ રાજાને નારદજી જેવા સંત મળી ગયા. ઉપદેશ ગ્રહણ કર્યો તો કરોડો રાણીનો ત્યાગ કરી ભગવદ્ ભક્તિ કરી કલ્યાણને પામી ગયા. અઠ્યાસી હજાર ઋષિઓ મુકત કંઠે ભગવાનનો અને સંતનો મહિમા ગાય છે. સંતને સેવે છે તો સંસાર સાગર તરે છે. સંત નાવ જેવા નિરધાર, એથી પામ્યા અનેક ભવપાર. સાચા સંતના યોગથી અનેક ભક્તજનો સુખિયા થયા છે. કોણ સુખિયા થયા ?

**ધ્રુવ પ્રહલાદ સુખી આપે રે, તે પણ કહે છે સંત પ્રતાપે રે;**
**રાય રૂકમાંગદ અંબરીષ રે, એહ જેવા બીજા જે નરેશરે.**
**શિબિ સુધન્વા સત્યવાદી રે, રહુગણ રંતિદેવ આદિ રે;**
**દ્વિજ ક્ષત્રી વૈશ્ય વળી શુદ્ર રે, પામ્યા સંતથી સુખ સમુદ્ર રે.**
**સંત સહુના છે સુખદાઈ રે, એમ કહે છે સહુ જુગ માંઈ રે;**
**એથી પામ્યા બહુ સુખધામ રે, પડ્યું નહિ પ્રભુ પ્રગટનું કામ રે.**

ધ્રુવ અને પ્રહ્લાદજીનું કલ્યાણ પણ સંત નારદજીએજ કર્યું છે. પ્રહ્લાદજી ઉદરમાં હતા અને સંત નારદજીનો ઉપદેશ મળ્યો તો પરમભાગવત સંત થયા.

## નાવિક વગરની નૌકા નકામી
## સત્સંગ વગરનું જીવન નકામું

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :- અંબરીષ રાજા, રૂકમાંગદ રાજા, શિબિરાજા, સુધન્વા આદિક સત્યવાદી રાજાનું કલ્યાણ પણ સંત દ્વારા થયું છે. રાજા રહુગણને સંત જડભરતજીએ ઉપદેશ આપ્યો તો ભગવદ્ભક્તિ કરી ઉત્તમગતિને પામ્યા. સંત સહુના છે સુખદાઈ, એમ કહે છે સહુ જુગ માંઈ. સંતો પરમહિતકારી છે. બ્રહ્માનંદસ્વામી ગાય છે.

**સંત પરમ હિતકારી, જગતમાંહી સંત..**

સંત શું કરે છે ?...

પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મીટાવત ભારી .... જગત....

**સંત પ્રભુ સાથે પ્રીતિ કરાવે છે અને ખોટી ભ્રમણા મીટાવે છે.**

પરમ કૃપાળુ સકલ જીવન પર, હરિસમ સબદુઃખ હારી .... જગત....
ત્રિગુણાતીત ફીરત તન ત્યાગી, રીત જગતસેં ન્યારી ...જગત....
બ્રહ્માનંદ સંતનકી સોબત, મિલત હે પ્રગટ મોરારી ....જગત...

શિષ્ય કહે છે : જીવના સાચા સગા અને મોક્ષમાર્ગના ખરા ભોમિયા સંતો છે. સંતનો યોગ થવાથી શુભ સંસ્કારો ઉદય થાય છે અને ગલત વિચાર દૂર થાય છે. પ્રભુ પ્રગટ સ્વરૂપે આ પૃથ્વી પર ન હોય તોય સંત દ્વારા કલ્યાણ થાય છે.

શિષ્ય કહે છે :-

**કર્યો ઉધ્યમ અફળ ન જાય રે, નથી પ્રગટનું કામ કાંય રે;**
**જોઈએ ભક્તની ભલી ભગતિ રે, પ્રભુ ન હોય તોય થાય ગતિ રે.**
**અમને તો સમજાય છે એવું રે, નથી સાચા વિશ્વાસ જેવું રે;**
**સેવે સંત રાખી મન સાચું રે, તો કલ્યાણનું ન રહે કાચું રે.**
**વળી શાસ્ત્રને કોઈ સાંભળે રે, તેની ભૂલ કહો કેમ ન ટળે રે;**
**શાસ્ત્ર સર્વે રહ્યાં ધર્મધારીરે, શાસ્ત્ર પ્રમાણે રહે નરનારી રે.**

જે કાંઈ સત્કર્મ કર્યું હશે તે અફળ જતું નથી. ગમે ત્યારે એનું ફળ પ્રાપ્ત થાય છે. શિષ્ય કહે છે : પ્રગટ પ્રભુ ન હોય, છતાં ભક્તિ કરે તો ગતિ થાય છે. સંત અને શાસ્ત્રમાં વિશ્વાસ રાખે તો કલ્યાણમાં કાચું રહેતું નથી. શાસ્ત્ર સાંભળે તો પોતાની ભૂલ સમજાય છે. શાસ્ત્ર દર્પણ જેવાં છે. જેવાં હોઈએ એવા દેખાઈએ પછી આપણે ભુલ સુધારીએ કે ન સુધારીએ એ આપણા હાથની વાત છે. શાસ્ત્ર સાંભળવાથી ધર્મ નિયમ મજબૂત બને છે. શાસ્ત્ર જણાવે સાર અસાર, શાસ્ત્રે કર્યો છે સર્વે વે'વાર; શાસ્ત્ર છે સહુનાં સુખદાઈ, એમાં ફેર નથી કહું કોઈ. શિષ્ય કહે છે :-

**સતશાસ્ત્રનો સંગ જો હોય રે, તો તર્યા વિના ન રહે કોય રે;**
**એમાં પ્રગટ પ્રભુજીનું કામ રે, નથી પડતું કહું કરભામરે.**
**તમે તો કહ્યો પ્રગટ પ્રતાપ રે, તે પામ્યા વિના ન ટળે તાપરે;**
**ત્યારે સંત શાસ્ત્રથી શું સર્યું રે, જ્યારે કલ્યાણ પ્રગટમાં કર્યું રે.**

**એહ વાતમાં વડો સંદેહ રે, તમે કૃપા કરી કહો તેહરે;**
**તમ વિના એ સંશય ન નાસે રે, માટે અમે પૂછ્યું તમ પાસે રે.**

શિષ્ય કહે છે, સતશાસ્ત્રનો સંગ જો હોય તો તેનું કલ્યાણ થાય છે. આપણા સત્સંગમાં મોટો કરવા યોગ્ય કોણ છે ? જેના મનમાં ભગવાનના ઘાટ થતા હોય અને જગતના ઘાટ ન થતા હોય તે આપણા સત્સંગમાં મોટેરા છે.

બ્રહ્માનંદસ્વામી મૂળીમાં મંદિર કરાવતા હતા. સ્વામીનો પ્રભાવ સાંભળીને ઘણા લોકો દર્શન કરવા આવતા. એક વખત ગામના ૮-૧૦ ગરાસીયા સ્વામી પાસે આવ્યા. તેઓ અફીણના બંધાણી હતા. સ્વામીને પગે લાગીને બેઠા. સ્વામીએ ઉપદેશ આપતાં કહ્યું, ભગવાનની આજ્ઞાનું પાલન કરવું તે ઝાડના મૂળ જેવું છે. મૂળ વિના ઝાડ થાય નહિ, તેમ આજ્ઞા પાલન વિના આત્યંતિક કલ્યાણ થાય નહિ.

મોક્ષ માર્ગનું પહેલું પગથિયું છે, ભગવાનના વચન પ્રમાણે વર્તવું. બીજું પગથિયું છે, ધર્મ સહિત ભક્તિ કરવી અને આચાર વિચાર પવિત્ર રાખવા વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો. પછી ઊઠતી વેળાએ ગરાસીયાએ કહ્યું, ''સ્વામી અમારું કલ્યાણ કરજો.'' સ્વામીએ કહ્યું, જેવું તમારે સ્ત્રી અને પરિવારને વિષે હેત છે, તેવું ભગવાન અને સાચા સંતોમાં રાખશો તો તમારું અમારી હારે કલ્યાણ થશે.

## આજ્ઞા પાલક હોય તે સૌને ગમે છે.

ગરાસીયા ગયા પછી સંતોએ કહ્યું, ''સ્વામી અફીણીયાનું તમારે હારે કલ્યાણ થશે. કલ્યાણ સુલભ કરી દીધું.'' ત્યારે સ્વામીએ કહ્યું, ''મેં કહ્યું તેમ કરવું કયાં સહેલું છે. સંબંધીમાં ગાઢ હેત છે એવું હેત ભગવાનમાં થવું અતિ કઠણ છે અને એવું હેત જો ભગવાનમાં થઈ જાય તો જગતના પદાર્થમાં હેત રહે નહિ તો તેનું અવશ્ય કલ્યાણ થઈ જ જાય છે. શિષ્ય કહે છે :-

**શ્રધ્ધા છે જો સાંભળવા માંઈ રે, કહેજો કસર ન રહે કાંઈ રે;**
**જેણે ન હોય નક્કી નિરધારરે, તેહ સાંભળવામાં શું સાર રે.**

''હે ગુરુદેવ, કૃપા કરીને મને સરખી રીતે સમજાવો અને મારા સંશયને ટાળો. પ્રગટ પ્રભુજી હોય તોજ કલ્યાણ થાય એવું મને મનાતું નથી. સંતો અને શાસ્ત્ર દ્વારા પણ કલ્યાણ થાય છે.'' એમ મુમુક્ષુ કહે છે મહાંતરે, સાચે સાચું કહેજો એ સિધ્ધાંત રે. સંતો માયામાં ફસાયેલા જીવને બંધનથી મુકત કરે છે.

ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે તૃતીયો નિર્ણયઃ ॥ ૩ ॥

## નિર્ણય – ૪

કથા સાંભળ્યા પછી ભગવાન સાથે કેટલો સંબંધ વધ્યો એ તપાસવાનું ખૂબ જરૂરી છે. દોહા :-

**ત્યારે મુકત કહે સુણ મુમુક્ષુ, તમે પૂછ્યા જેજે પ્રશ્ન;**
**તેનો ઉત્તર અમે આપિયે, તમે સાંભળજો દઈ મન.**
**પૂર્વે ઉત્તર માંહિ પ્રિછવ્યો, હરિ હરિજનનો સંબંધ;**
**તેહ વિના કોઈ જીવના, વળી છૂટે નહિ ભવ બંધ.**
**જેજે જીવ તર્યા જક્તમાં, તેનો કરો વિચારી વિવેક;**
**હરિ હરિજન વણ મળ્યે, કોઈ ઉદ્ધરિયા નહિ એક.**
**અંતરમાં અવરાઈ રહ્યું, ઉપદેષ્ટાને અજ્ઞાન;**
**તે સામાને શું સમજાવશે, વળી નકી વાત નિદાન.**

ગુરુ કહે છે, હે શિષ્ય તેં જે મને પૂછ્યું છે તેનો ઉત્તર આપું છું. હરિ હરિજનમાં સંબંધ વિના કોઈ જીવના છૂટે નહિ ભવબંધ. ઉપદેષ્ટામાં અજ્ઞાન છવાયેલું હોય તો બીજાને તે શું ઉપદેશ દેશે. નિષ્કુળાનંદ સ્વામી કુસંગથી બચવાની વાત કરે છે.

શ્રીજીમહારાજ ગ.પ.૧૮મા વચનામૃતમાં કહે છે, આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે. પરમેશ્વર સંત તેને યોગે કરીને જીવની બુધ્ધિ સારી થાય છે. સંતના શબ્દને સાંભળવે કરીને બુધ્ધિ ઉત્તમ થાય છે. સંત સ્પર્શથી મતિ ઉત્તમ થાય છે. પ્રસાદીના હારની સુગંધ લેવાથી બુધ્ધિ નિર્મળ થાય છે. અંતઃકરણ પવિત્ર થાય તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. મુકત કહે છે.

ચોપાઈ :-

**માટે જેને મળ્યા મહારાજ રે, એવા સંતથી સરે છે કાજરે;**
**હરિ સાથે હોય હળ્યા મળ્યા રે, પ્રભુ પ્રગટ પામી તાપ ટળ્યા રે.**
**રહી નહિ ઉધારાની વાત રે, પામ્યા સાચા સાધુ સાક્ષાત રે;**
**એવા સંતનો જે સમાગમરે, તે તો ટાળવા દુઃખ વિષમ રે.**

**જેની સંશય રહિત વાત સાચી રે, પૂરણ પ્રાપિતમાં નથી કાચીરે.**
**એની બોલી છે રોકડી રૂડીરે, નથી વારતા એની નમુડી રે;**
**ખાતે ચોપડે નથી ખોળવી રે, જ્યારે જોઈએ ત્યારે નિત્ય નવી રે.**

આત્યંતિક કલ્યાણ તો જે સંત ભગવાન સાથે હળ્યા મળ્યા હોય, ભગવાનની આજ્ઞામાં રહેતા હોય, તે કલ્યાણકારી છે. અંતરના તાપ ટળી ગયા હોય, રાગ દ્વેષથી પર હોય છે, તે કલ્યાણ કરી શકે છે. એવા સંતની વાત રોકડી છે, નમુડી નથી. લુખી નથી. વાણી તેવું વર્તન છે. સંતોની ભક્તિની શક્તિ ગજબની હોય છે.

## શ્રીજી મહારાજે કલ્યાણનો માર્ગ અખંડ ચાલુ રાખ્યો.

વડોદરામાં રાવસાહેબ ગણપતિના ઉપાસક હતા. મંદિરમાં ગાયો રાખી હતી. તળાવમાં ગાયો પાણી પીવા ગઈ. પાણી પીને પાછી વળી. અચાનક બે ગાયો વઢતી વઢતી એક બીજાને ધક્કા મારતી મારતી બેય ગાયો કૂવામાં પડી ગઈ. આસપાસથી હજારો માણસો ભેગા થઈ ગયા. કુવામાં જોયું તો ગાયો જીવતી છે. હવે શું કરવું ? જાડાં દોરડાં લાવીને ગાયોને કૂવામાંથી કાઢવાની ખૂબ મહેનત કરી પણ ગાયો નીકળી નહિ, બધા નિરાશ થઈ ગયા.

તે વખતે ગોપાળાનંદસ્વામી આદિક સંતો સ્નાન કરવા જતા હતા. માણસોએ વાત કરી કે, કૂવામાં ગાયો પડી ગઈ છે, સ્વામી તમે દયા કરો ને ગાયો નીકળે તો સારું થાય. અમારાથી ગાયો નીકળતી નથી. ગોપાળાનંદ સ્વામીએ પોતાના શિષ્ય પુરુષાનંદ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી તમે જાવ અને ગાયોને કૂવામાંથી બહાર કાઢો.’’ પુરુષાનંદ સ્વામી કૂવા પાસે આવ્યા અને બધા માણસોને કહ્યું, ‘‘તમે બધા આંખ બંધ કરીને પ્રભુનું સ્મરણ કરો !! સ્વામીએ લાંબો હાથ કરી કૂવામાંથી ઊચકીને ફૂલની જેમ ગાયને બહાર કાઢીને બેસાડી દીધી. આવું આશ્ચર્ય જોઈ બધા સ્તબ્ધ થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાનના સાધુમાં આવી તાકાત !! ફૂલની જેમ ગાયોને કૂવામાંથી ઊચકી લીધી.

હજારો માણસોએ પુરુષાનંદ સ્વામીને દંડવત પ્રણામ કરી પગે લાગીને કહ્યું, ‘‘સ્વામી, તમે તો પરમેશ્વરના જેવું કામ કર્યું હો. ધન્ય છે તમારી શક્તિને.’’ સ્વામીએ કહ્યું, ‘‘આ તાકાત મારી નથી, પણ ભગવાન સ્વામિનારાયણની શક્તિથી આ કામ થયું છે. હું તો એનો દાસ છું.’’ આવું નિર્માનીપણું જોઈને માણસોને ખૂબ

ભાવ વધ્યો. આ વાતની ખબર રાવસાહેબને પડી. નવાઈ પામી ગયા. જે ગાયો કૂવામાંથી કાઢી હતી તેજ ગાયો લક્ષ્મીનારાયણના મંદિરમાં કૃષ્ણાર્પણ કરી. રાવ સાહેબને ગુણભાવ આવ્યો તેથી સત્સંગી થઈ ગયા. હજારો માણસો આ પ્રસંગ જોઈ પાકા સત્સંગી થઈ ગયા.

ગામ કરાળીના બે બ્રાહ્મણોએ આ દશ્ય જોયું તેથી સંતોનો ખૂબ મહિમા સમજાયો. મંદિરમાં ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા, નમસ્કાર કરીને કીધું, ''સ્વામીજી જેમ બે ગાયોને ઝંડીયા કૂવામાંથી બહાર કાઢી છે તેમ અમને પણ ભવસાગરમાંથી ઉગારી લ્યો.''

## અમને સંસારરૂપી આંધળા કૂવામાંથી બહાર કાઢો.

સ્વામીએ કહ્યું, ''સંસારનો ત્યાગ કરવો બહુ કઠિન છે. બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું પડશે, નિર્માની થઈને સંતો સાથે રહેવું પડશે, ભોંય પથારી કરવી પડશે, મન ધાર્યું મૂકવું પડશે, એક ટાઈમ ભોજનમાં પાણી ભેળવીને જમવા મળશે. સાધુના નિયમ ધર્મ બહુ આકરા છે. તે પ્રમાણે રહી શકો તો સાધુ કરશું.''

બ્રાહ્મણોએ કહ્યું, ''તમે જેમ કહેશો તેમ કરશું, હવે અમને ભવના ફેરા ફરવા નથી. તમારા જેવા સંતના ચરણમાં સદાય રહેવું છે.'' પછી સ્વામીએ બાર મહિના સુધી શ્વેત વસ્ત્રમાં રાખ્યા. પછી તેને પરમહંસ દીક્ષા આપી નામ રાખ્યું, વિજયાનંદ બ્રહ્મચારી અને સિધ્ધાનંદ બ્રહ્મચારી. કૂવામાંથી ગાયોને કાઢી તે પ્રતાપ જોઈને હજારો ભક્તજનો એકાંતિક ભક્ત થયા. આ છે સંતની શક્તિ. સંત શક્તિ અમાપ છે. માપ કાઢી શકાય નહિ આવા સંતો કલ્યાણકારી છે. સ્વામી કહે છે, ''મેં એવા સંતોનાં નજરોનજર દર્શન કર્યાં છે.''

**વણ દીઠી નથી વખાણતા રે, કહે છે નજરોનજરથી જાણતા રે;**
**પ્રભુ પાસળના જે રહેનાર રે, જે કહે તેમાં નહિ ફેરફાર રે.**
**બોલે પ્રભુ પ્રસન્નતા પ્રમાણ રે, તેમાં નહિ તન મન તાણ રે;**
**જોઈ મહાપ્રભુની મરજી રે, ઘણું વાત કરે છે ગરજી રે.**
**અતિ અમલ સહિત ઉચ્ચરે છે રે, બહુ જીવના કાજ કરે છે રે;**
**સાચા સંત છે સુખદાઈ રે, એમ કહે છે સહુ જગ માંઈ રે.**
**એવા સંતથી સરે છે કાજ રે, તેહ દિવસ કે વળી આજે;**

નિષ્કુળાનંદસ્વામી ખુમારીપૂર્વક બોલે છે. આ સંપ્રદાયની વિશિષ્ટતા જુઓ. પોતે વાતને અમલમાં ઉતારીને પછી બોલે છે. વર્તનમાં ઉતારીને પછી ઉપદેશ આપે છે. એવા સંતથી સરે છે કાજ, તેહ દિવસ કે વળી આજ. આઠે પહોર પરબ્રહ્મ પરમાત્મામાં લીન રહેનારા સહજાનંદી સિંહ હોય જેની એક ભગવાન સાથે લગની લાગી હોય તેવા બ્રહ્મનિષ્ઠ સંત છે તે કલ્યાણના દાતા છે.

**ભગવાન સાથે દઢપણે જોડાઈ જાય તો અવશ્ય કલ્યાણ થાય.**

જેમ ભક્તથી ભગવાન વિના રહેવાતું નથી, તેમ ભગવાનથી પણ ભકત વિના રહેવાતું નથી. ભક્તના હૃદયમાંથી આંખનું મટકું મારીએ એટલીવાર છેટે રહેતા નથી. આવા ભક્ત ભગવાનને વહાલા છે. ગુરુ કહે છે, આ વાત મેં તને પહેલાંજ કરી હતી, છતાં ફરીથી હોરે હોરે પૂછે છે ? સાચા સંત કે શ્રીહરિ સાય, જીવ તારવા એ જગેદોય; તેહ વિના જે સંત કહેવાય રે, તેહ સંતથી કાજ ન થાય રે. ભગવાન અને સંત ભવસાગરને તારનારા છે.

**એતો સંતતણો લઈ વેશ રે, પેટ સારું આપે ઉપદેશ રે;**
**તેણે પણ સમજ્શો સંત રે, થાશે જ્યાન મોટું જો અત્યંત રે.**
**એનો જો કરશો વિશ્વાસ રે, નાખશો તો કોટે કાળપાશ રે;**
**પાડશે પ્રભુનો કાળ ચોખો રે, થાશે એ વાતનો બહુ ધોખો રે.**
**કાંતો કરશે કર્મ પ્રધાન રે, કહેશે ઘટઘટમાં ભગવાન રે;**
**કાંતો થઈ ગયા હવે થાશે રે, એમ બંબેબંબ બહુ ગાશે રે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે અસંતમાં જો વિશ્વાસ થઈ જાશે હેત બંધાઈ જશે તો જમપુરીમાં ધકેલી દેશે, માટે જોઈ વિચારીને સંગ કરજો. સદ્‌ગુરુ સાથે રહેવાથી સદ્‌ગુણ આવી જતા નથી. ગાયના આંચળમાં દૂધ ઘણું છે પણ ગાયના અડખે પડખે આંટા મારવાથી દૂધ મળતું નથી. ગાયનું વાછરડું થઈ જાય તો દૂધ મળે છે, તેમ જે સંતોની અનુવૃત્તિ સાચવતા હશે તેનામાં ચોક્કસ સદ્‌ગુણો આવે છે. સાચા સંતથી સાચું કલ્યાણ થાય છે.

**સાચા સંતથી સાચું કલ્યાણ રે, બીજે તો મુખ સ્વાદની વાણરે;**
**માટે જે જે તર્યા જગો જંત રે, તેને મળ્યા પ્રગટના સંતરે.**
**હવે શાસ્ત્રનું કહી સંભળાવું રે, તારો સર્વે સંશય ટળાવું રે;**

**શાસ્ત્ર શ્રી મુખનાં જેહ વેણ રે, સત્ય શાસ્ત્ર એ છે સુખદેણ રે.**
**એનાં વચન તે સુખકારી રે, લેવાં સહુને અંતરે ધારી રે;**
**એ છે વેદ શાસ્ત્રને પુરાણ રે, એમાં રહ્યું છે કોટિ કલ્યાણ રે.**
**કાંતો એની લીલા ને ચરિત્ર રે, સુખદાયી એ પરમ પવિત્ર રે;**

આ સત્સંગને ચલાવનારા સંતો છે. આઠે પહોર પરબ્રહ્મમાં લીન રહેનારા પરમહંસ નિષ્કુળાનંદ સ્વામીની આ કલ્યાણ નિર્ણય નામની સંહિતા છે.

**બ્રહ્મનિષ્ઠ સંતોથી આપણો સંપ્રદાય શોભી રહ્યો છે.**

ગુરુ કહે છે, હે શિષ્ય ! હવે શાસ્ત્રની વાત સાંભળ. આ બહુ સમજવા જેવી બાબત છે. કેવાં શાસ્ત્રો વાંચવાથી અને સાંભળવાથી કલ્યાણ થાય છે. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી જે શાસ્ત્ર થયું હોય તે શાસ્ત્ર કલ્યાણકારી છે. શાસ્ત્ર શ્રીમુખના જેહ વેણ રે, સત્સ શાસ્ત્રએ છે સુખદેણ રે; એના વચન તે સુખકારી રે, લેવા સહુને અંતરે ધારી રે. શ્રીમુખના વેણ.. વચનામૃત અને શિક્ષાપત્રી છે તે શ્રીજીમહારાજના મુખની વાણ છે, ભગવદ્ગીતા છે. તે શ્રીકૃષ્ણ પરમાત્માના મુખની વાણી છે. વેદ, શાસ્ત્રને પુરાણ, કરોડો જીવાત્માના કલ્યાણ કરે એવાં છે. એમાં રહ્યું છે કોટિ કલ્યાણ. પ્રભુનાં લીલાચરિત્ર, સુખદાયી એ પરમ પવિત્ર.

કાંતો એના માનેલ જે ગ્રંથ, આવે એવા શ્રેયને અર્થ. ઈષ્ટદેવે જે માન્ય કરેલા હોય.. આચાર્ય મહારાજશ્રીએ જે માન્ય કરેલાં હોય તે શાસ્ત્રનું વાંચન અને શ્રવણ કરવાથી. જીવનમાં ઉતારવાથી અવશ્ય કલ્યાણ થાય છે. ભગવાનનાં લીલાચરિત્ર સંભાળી રાખવાં.

ગામ કંથકોટમાં મુમૈયો લુવાણો હતો. સ્વામિનારાયણ ભગવાનનો અને સંતોનો હંમેશાં દ્રોહ કરે. ખૂબ નિંદા કરે. નિંદા એની દાઢે ચડી ગઈ, વાતની વાતમાં અવગુણ લે. પછી પદમશી ભક્તના યોગથી સત્સંગ થયો. તેથી ધર્મ નિયમનું યથાર્થ પાલન કરે. સત્સંગ સમૈયામાં લાભ લે. જીવન બદલાઈ ગયું. તેથી દ્રોહ કરતો અટકી ગયો. એમ કરતાં મુમૈયો માંદો થયો. પદમશી ભક્ત તેની કુશળતા પૂછવા આવ્યા. મુમૈયા કેમ છે ? મુમૈયાએ કહ્યું, ભારે ભૂંડી દશા છે. જીવ જાતો નથી ને દુઃખ ખમાતું નથી.

પદમશી ભક્તે કહ્યું, ‘‘મુમૈયા ! આપણે વડતાલ સમૈયામાં ગયા હતા. ત્યાં

શ્રીજીમહારાજ પધાર્યા હતા. સાધુ અને સત્સંગીઓની સભા ભરાઈને બેઠી હતી. તે અલૌકિક દર્શનને યાદ કરો. ધન્ય ગોમતી સરોવર, ધન્ય જ્ઞાન બાગ, ધન્ય જ્ઞાન કૂપ, ધન્ય સંતોની ધર્મશાળા ત્યાં શ્રીજીમહારાજ સંતોની પંક્તિમાં પીરસવા પધાર્યા હતા, તે દિવ્ય સમૈયાને યાદ કરો. તે આનંદ ઉત્સાહનું સ્મરણ કરો. નવાં શ્વેત વસ્ત્રો અને અલંકાર પહેરીને શ્રીજી મહારાજે ભક્તના મનોરથ પૂરા કર્યા.

પદમશી ભક્ત કહે છે, ''અરે મુમૈયા ! યાદ છે ? આપણે વડતાલથી કંથકોટ આવતા હતા. વિકટ રણમાં ચોર લોકો આપણને લૂંટવા આવ્યા, ત્યારે શ્રીજીમહારાજ માણકી ઘોડી પર સવાર થઈને આવ્યા અને હાકલ મારી. અમારા ભક્તને કોણ લૂંટે છે, જોઈ લઉં છું. માર્યા વગર નહિ મૂકું. જોરદાર હાકલ સાંભળી ચોર ભાગી છૂટ્યા. ભગવાને આપણી રક્ષા કરી. (વિપત્તિ પડે નહિ વેગળા, રહે ભેળા ભગવાન.) એ લાવણ્યમય મૂર્તિને બરાબર બરાબર સંભાળો. શ્રીજી મહારાજ સર્વ દુઃખ થકી રક્ષા કરશે. ત્યારે મુમૈયાએ કહ્યું, ''મેં પૃથ્વીપરના તમામ દેવને યાદ કર્યા પણ કોઈ મારી રક્ષા કરવા આવ્યા નહિ. ખૂબ દુઃખથી પીડાઉં છું.

**લ્યો, હવે સ્વામિનારાયણ ભગવાનને યાદ કરું.**

નેત્ર મીંચી પ્રભુને અંતરમાં ધારીને સતત સ્મરણ ચાલુ કર્યું. ત્યાં ભગવાન મદદ કરવા આવી ગયા. ત્રણ છોગલાંવાળા, શ્વેત વસ્ત્રધારી શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ભગવાને હેતાળ હાથ મુમૈયાના માથા ઉપર મૂક્યો. ભક્તરાજ ચિંતા ન કરો. હું તમારી સાથેજ છું. પ્રભુનું સતત સ્મરણ કરશો તો પીડા મટી જશે. આટલું કહી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા. આપણી પણ પ્રભુ સતત રક્ષા કરે અને ધ્યાન રાખે છે. શ્વાસોશ્વાસની રીધમ ચલાવે છે. તેને ભૂલશો નહિ.

સંસાર સાગર કીચડમાંથી બહાર નીકળવું હોય તેણે હંમેશાં સ્વપ્ના જેવો સંસાર જાણીને મહેમાન થઈને રહેવું. ધન, ધામ, કુટુંબ પરિવાર, ગામ ગરાસ જ્યાં જન્મ થશે ત્યાં મળશે. માનવ દેહ મળ્યો છે તે પાછો મળવાનો નથી, માટે ભક્તિ કરી જન્મ સાર્થક કરી લેવો.

**કાંતો એના માનેલ જે ગ્રંથ રે, આવે એવા શ્રેયને અર્થ રે.**
**બીજા કવિ કોવિદનાં કાવ્ય રે, એતો વારિ વિનાની છે વાવ્યરે;**
**તેમાં રહ્યાં છે ભૂત ભોયંગરે, ગરે તેનું કરે અંગભંગ રે.**
**વળી મતમતના જે ગ્રંથ રે, કર્યા સારવા પોતાનો અર્થ રે;**

**તેહ વિના બીજા ગ્રંથ વળી રે, થાય ભુંડું એ ગ્રંથ સાંભળી રે.**

ભગવાનના અને આચાર્યના માનેલા ગ્રંથ આત્માનું શ્રેય કરે છે. બીજાં શાસ્ત્ર કેવાં છે ? (વારિ વિનાની વાવ જેવાં) પાણી વિનાના કૂવા જેવાં, તે કુવામાં શું છે ? ભૂત અને કાળા સર્પ જેવાં ઝેરી જનાવર છે. એવા કુવામાં કોઈ પડે તો એની દશા કેવી થાય ? મોત વિનાનો મરી જાય. એવાં શાસ્ત્રો સેવવાથી-વાંચવાથી સાચો રાહ નહિ મળે, હેરાન થાશો. ભગવાનના અવતારોનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય તેવાં શાસ્ત્રો માનવાં કે સાંભળવાનો નિષેધ છે. જે શાસ્ત્રમાં સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કર્યું હોય તે શાસ્ત્ર આત્માનું શ્રેય કરે છે.

**રસિકપ્રિયા રસમંજરી રે, સુણતાં તરત જાય બુધ્ધિ ફરીરે;**
**વળી વામી વેદાંતના ગ્રંથરે, અતિ નાસ્તિક નામ અનર્થ રે.**
**આવે આસ્તિક મતિ જો એમાં રે, થાય દુઃખી રહે નહિ શેમાં રે;**
**માટે એ સંત શાસ્ત્રનો સંગરે, સમજી વિચારી ન કરવો અંગ રે.**

રસિકપ્રિયા ને રસમંજરી એવા ગ્રંથ સાંભળવાથી તરત જાય બુધ્ધિ ફરી. નાસ્તિકના લખેલા ગ્રંથથી બુધ્ધિ નાશ થઈ જાય છે. માટે સમજી વિચારીને સંગ કરવો.

## કલ્યાણ નિર્ણયની કથા જીવન જીવવાની પાઠશાળા છે.

શ્રીજીમહારાજ કોને મૂર્ખ કહે છે ? કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે તે કુશાગ્રબુધ્ધિવાળા છે. તે વિના તો સર્વે મૂર્ખ છે.

**ન હોય ઉજ્જળું એટલું દૂધ રે, તે પણ સમજી લેવું સુબુધરે;**
**જેમ શાહુકાર શહેરમાં હોય રે, તેમ ચોર વિના શહેર ન હોય રે.**
**એક કનક કુંદન કહેવાય રે, હોય બડવાળ બહુ બીજાં માંય રે;**
**માટે શાસ્ત્ર શાસ્ત્ર નહિ એકરે, સંત સંતમાં પણ વિવેક રે.**
**તે તો શુદ્ધ મુમુક્ષુને સૂઝે રે, સહુ સરખું એમ ન બૂઝે રે;**

શહેર હોય ત્યાં શાહુકાર પણ હોય અને ચોર પણ હોય. બધી દુકાનમાં સોનું ન હોય. સાડાસોળવલું કુંદન ન હોય. નકલી માલ પણ હોય. સાચું હોય તેમ ખોટું પણ હોય. નિષ્કુળાનંદસ્વામી કહે છે, આપણને જેવા તેવા આલીમવાલી નથી

રહેવું. સાધુને જડભરત અને શુકદેવજી જેવું થવું અને સંસારીને રાજા જનક અને દાદાખાચરને પર્વતભાઈ જેવું થવું. અને જો આવા મહાન ભક્ત થવું હોય તો મહાન શાસ્ત્રોનો મહાન સંતોનો સમાગમ કરવો. મહાનને સેવ્યા વિના મહાન થવાતું નથી. તમે જેવા સંગમાં રહો તેવા ગુણ આવે.

**જેને પામવું પરમ કલ્યાણ રે, તેને અતિ ન રહેવું અજાણ રે.**
**વાત સરવે સમજી લેવી રે, ગ્રહ્યા જેવી હોય તેને ગ્રેહવી રે;**
**એટલું તો જાણવું જરૂર રે, ભીતર ભોળાપણ કરી દૂરરે.**

જેને પરમ કલ્યાણ પામવું હોય તેને અજાણ રહેવું નહિ. બધી વાત સરખી રીતે સમજી રાખવી. સંત અને અસંતને ઓળખી રાખવા. શાસ્ત્ર અને અશાસ્ત્રને ઓળખી રાખવાં. ભોળાપણ દૂર કરવું.

**દૂધમાં ઘી છે પણ તેના લાડવા બને નહિ.**
**તલમાં તેલ છે પણ તેમાં ભજીયાં તળાય નહિ.**
**પૃથ્વીમાં પાણી છે પણ તેનાથી તરસ છીપે નહિ.**
**પ્રગટ પ્રભુનો નિશ્ચય કર્યા વિના કલ્યાણ થાય નહિ.**

ઘી, તેલ અને પાણી પ્રગટ હોય તો જ તેનો સ્વાદ મળે. ભગવાનના આશ્રયથી જ કલ્યાણ થાય છે.

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ચતુર્થો નિર્ણય: ॥૪॥**

## નિર્ણય – ૫

ભગવાનના આશ્રય વિનાની ભક્તિ સુગંધ વિનાના ફુલ જેવી છે. ખાલી સરોવર જેવી છે. તેવી ભક્તિ ભગવાન સુધી પહોંચતી નથી. ભગવાન સુધી ભક્તિ પહોંચાડવી હોય તો ભક્તિ સાથે હૈયું જોડાવું જોઈએ.

દોહા :- **મુમુક્ષુ સુજાણ જેહ, તેહ કહે છે જોડી પાણ;**
**સર્વે સરખું સમજતાં, તેની આજ પડી ઓળખાણ.**
**પણ એક ભક્ત આ જક્તમાં, તે ભક્તના પણ ભગત;**
**તેનું કલ્યાણ કેમ છે, કહું પાડો તેહની વિગત.**

**જુજવી રીતે આ જક્તમાં, થયા ભક્ત તે બહુ ભાત;**
**તેના શિષ્ય સંસારમાં, નથી માનતા કેની વાત.**

મુમુક્ષુ હાથ જોડીને મુકતને પ્રશ્ન કરે છે, ''હે મહામુકત પહેલાં મારા મનમાં એમ હતું કે, શાસ્ત્ર બધાં સરખાં છે. સંતો બધા સરખા છે પણ આજ મને ખબર પડી કે ઉજળું એટલું દૂધ હોય નહિ. મને ખાત્રી છે કે ભગવાનમાં સાચા ભાવથી મન જોડી રાખે તો ચોક્કસ મોક્ષની સિધ્ધિ થાય છે. આ જગતમાં ભગવાનના ભક્ત હોય, પણ ગુરુને ભગવાન માની પૂજે છે. એક બ્રહ્મને અદ્વિતીય માની બેસી જાય છે. તેના શિષ્ય સંસારમાં નથી માનતા કેની વાત. પોતાના સિધ્ધાંતને પકડી રાખે છે.

**પ્રભુ થકી પરપરું ખરું, સમજે છે પોતાનો સિદ્ધાંત;**
**માયિક કહી અવતારને, ભવ જીવને ભરાવી ભ્રાંત.**

નાસ્તિક કહે છે કે, ભગવાનના અવતાર માયિક છે એવો સિધ્ધાંત ઊભો કરી ભ્રાંતમાં નાખી દે છે. સમજણ પરિપક્વ રાખજો. ભગતની આરાધના થાય નહિ, ભગવાનની આરાધના થાય. પણ જેની મતિ ભમી જાય છે, તેવા અસુરી જીવની વાત સ્વામી કરે છે, અસુરી આત્મા સત્શાસ્ત્રને પણ માનતો નથી.

ચોપાઈ :-

**સતશાસ્ત્ર પણ ન માને રે, કહે પોથાંથોથાં લખ્યાં પાને રે;**
**સર્વે શાસ્ત્રમાંહિ શું છે સાર રે, નવરે નવરે કર્યો નિરધાર રે.**
**બાંધ્યા વર્ણાશ્રમ ચાર ચાર રે, વળી એ વિના વર્ણ અઢાર રે;**
**તેના મરણ પરણની વિધિ રે, બહુ નોખી નોખી બાંધી દીધી રે.**
**એમાં સમજો થઈ સઈ ખાટ રે, જીવ ભ્રમાવી ભુલાવી વાટ રે;**
**એમાં આત્માનું શું સર્યું રે, સર્વે પંડનું કુટાણું કર્યું રે.**

આસુરી જીવ કહે છે કે, શાસ્ત્રમાં શું સાર છે, પોથાં એ થોથાં છે. નવરા હતા વાલ્મિકને વ્યાસજી તે લખી ગયા છે. ચાર વર્ણ અને અઢાર આલમ એની બધી વાત લખી છે. એ શાસ્ત્રને શું માનવું પડે. શાસ્ત્રમાં મરણની વિધિને પરણવાની વિધિ નોખી નોખી બાંધી છે તે ભ્રમાવીને ભૂલા પાડે છે.

વ્યાસ, વાલ્મિક, પરાશર, શંખ, લિખિત વગેરે ઋષિઓએ નોખી નોખી મર્યાદા બાંધી. પાપ, પુણ્ય પુરાણે પ્રમાણી, બાંધ્યા બહુ જીવને તેમાં તાણી; ગૂંથી

ગયા છે જાળ્યો જોરાણ, તેમાં સહુ થાય છે હેરાણ. નાસ્તિક કહે છે, પુણ્ય કે પાપ છે જ નહિ. ગ્રંથ કરનારા ખોટા છે અને ભગવાનના અવતાર પણ ખોટા છે. આવી ઊંધી મતિ થઈ ગઈ છે નાસ્તિકની...

નિષ્કુળાનંદસ્વામીનો મૂળ સિધ્ધાંત છે(આસ્તિક થજો) નાસ્તિક નહિ. જેને ભગવાનમાં, સાચા સંતમાં, સત્શાસ્ત્રોમાં વિશ્વાસ, શ્રધ્ધા અને ભાવ હોય તેને આસ્તિક કહેવાય. જેને ભગવાનમાં વિશ્વાસ ન હોય, શાસ્ત્રોમાં અને સંતોમાં વિશ્વાસ ન હોય, શાસ્ત્રોમાં અને સંતોમાં શ્રધ્ધા કે ભાવ નથી અને એમ કહેતો હોય કે મને ભગવાનમાં, મંદિરમાં, સંતોમાં રસ નથી. માનતો નથી તેને કહેવાય નાસ્તિક. નાસ્તિક માણસ ભગવાન અને ભગવાનના ભક્તને વિષે ગુણ જોઈને દોષનું સ્થાપન કરે છે.

**જીવવા માટે શ્વાસની જરૂર પડે છે.**
**મોક્ષ માટે ભગવાનમાં વિશ્વાસની જરૂર પડે છે.**

આકડાનાં ફળ ખાનારને સ્વાદ કે સુખ મળતું નથી. તેમ પ્રત્યક્ષ ભગવાનને આશરો મૂકીને જયાં ત્યાં ભટકનારને મોક્ષ મળતો નથી. એક વૃધ્ધ ગુરુના બે શિષ્યો હતા. તેને પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. બે શિષ્યોને બે પૈસા આપીને કહ્યું, ‘‘આ પૈસાથી વસ્તુ લઈને આખો રૂમ ભરી દો.’’ શિષ્યને વિચાર થયો. બે પૈસામાંથી કઈ રીતે રૂમ ભરી દેવો !! મોટા શિષ્યે બજારમાંથી કચરાની ગાડી ખરીદીને કચરાથી રૂમ ભરી દીધો. નાનો શિષ્ય બુધ્ધિશાળી હતો. બજારમાંથી કોડીયું, વાટ અને તેલ ખરીદીને રૂમમાં દીવો પ્રગટાવી રૂમ પ્રકાશથી ભરી દીધો.

ગુરુજી પરીક્ષા લેવા આવ્યા અને પ્રથમ મોટા શિષ્યના રૂમમાં ગયા ત્યાં કચરાથી રૂમમાં દુર્ગંધ ફેલાઈ ગઈ છે. ગુરુજી તરત નાના શિષ્યના રૂમમાં ગયા તો મંગળદીપથી પ્રકાશ ફેલાઈ ગયો છે. ગુરુજી નાના શિષ્ય ઉપર બહુ રાજી થયા કે આ શિષ્ય ખરેખર બુધ્ધિશાળી છે. તેને મઠના મહંત બનાવ્યા.

કહેવાનું તાત્પર્ય મોટા શિષ્યની જેમ હૃદયરૂપી રૂમમાં કચરો ભરશો તો નરકમાં પડશો અને નાના શિષ્યની જેમ હૃદયરૂપી રૂમમાં જ્ઞાનમય મંગલદીપ પ્રગટાવશો તો અક્ષરધામ મળશે. ભગવાને માનવને એક શરીરરૂપી રૂમ આપ્યો છે. જો રૂમને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, શ્રધ્ધા, દયા, શાંતિ વિગેરે સદ્‌ગુણોના પ્રકાશથી શોભાયમાન બનાવશો તો મહાસુખનો ખજાનો અક્ષરધામરૂપી મુક્તિ મળશે. અને કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા, ઈર્ષા અદેખાઈનો કચરો ભરશો તો જન્મ મરણના

ચક્કરમાં ફરશો ને દુઃખી થશો. ભગવાનને પામવા હોય, અક્ષરધામમાં જવું હોય તો શુધ્ધ ઉપાસના અને ભગવાનની નાની મોટી આજ્ઞાનું પૂરેપુરું પાલન કરવું જોઈશે.

શિષ્ય કહે છે : - અસુરી જીવ શું બોલે છે તે સાંભળો...

**વળી કહે છે અવતાર ખોટા રે, ચૈતન્યમાં કોણ નાના મોટા રે;**
**કહે છે ચોવીસ પ્રભુનાં રૂપ રે, ત્યારે બીજા તે કેના સ્વરૂપ રે.**
**સર્વે રૂપે રમે એક રામ રે, નથી દેવ દાનવ નર વામ રે;**
**પશુ પંખી સ્થાવર જંગમ રે, તેની ગોતી કાઢો તમે ગમ રે.**
**સર્વે પંચ ભૂતનાં પુતળાં રે, શોભે રૂપે અનુપ સઘળાં રે;**
**તેમાં ચૈતન્ય ચમતકારી રે, તે તો રહ્યું છે સહુને ધારી રે.**

ભગવાનનાં ચોવીસ રૂપ છે તો આ બધાં જીવ પ્રાણી ફરે છે તે કેનાં સ્વરૂપ. એ રૂપમાં ભગવાન બેઠા છે. બધા ચૈતન્ય છે. તેમાં કોણ નાના ને કોણ મોટા. ભગવાનના રૂપમાં જ આ બધા દેવ, દાનવ, જે માનવ ફરે છે. નાસ્તિક માની લે છે કે આપણે ભગવાન છીએ. ગમે તેવાં પાપ કરશું તો પણ પાપ લાગશે નહિ. અહં બ્રહ્માસ્મિ થઈને રહે છે. ચૈતન્ય ચૈતન્ય નહિ ફેર વાલ.. દીવો દીવી મહેતા મશાલ, આવી રીતે એમની મતિ ફરી ગઈ છે.

પશુ, પંખી, સ્થાવર, જંગમ આ બધું ભગવાન છે. એમાં રહેલો આત્મા એકજ છે. દેહ જુદા છે. નાસ્તિક કહે છે, ''શાસ્ત્રો ખોટાં છે.'' આવી અવળી વાત કરીને જીવાત્માઓને શાસ્ત્રોમાંથી પ્રતીતિ તોડી નખાવે છે. આવા ઊંધામતમાં કલ્યાણ નહિ થાય.. ચેતી જાઓ.

**તીર્થ વ્રત નિમ સદાચાર રે, તેના કાપનારા છે કુઠાર રે;**
**એવા અજ્ઞાની ઘરોઘર ઘણારે, ભર્યા ભારે કળિમળ તણારે.**
**એનું કેમ સમજવું કોને રે, ભારે સંશય એ તમે ભાગોને રે;**
**સત્ય વાતના થોડા કહેનારા રે, અસત્ય વાતના કહેનારા અપારરે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, સત્ય વાતને કહેનારા થોડા છે અને અસત્ય વાતને કહેનારા ઘણા છે. હંમેશાં સમજી વિચારીને.

**દિવ્ય ભાવ રાખીને સત્સંગ કરવો.**

સંતો વડવાનળ અગ્નિ સમાન છે. જેમ વડવાનળ અગ્નિ સમુદ્રના જળમાં

પણ ઓલવાતો નથી, તેમ આ સંસારરૂપી સાગરની ખારાશ સંતોને સ્પર્શતી નથી. સંસારના ખારા નીરમાં તેઓ બ્રહ્મરસ અને ભક્તિરસનું પાન પોતે કરે છે અને ભક્તજનોને પાન કરાવે છે. ખરા ખંતથી અમૃત પીવે તો અમર થઈ જાય છે..

**ભટ પંડિત ને જે પુરાણી રે, ભેખ ભક્ત વદે છે એ વાણી રે;**
**ગુરુ સંત જુઠા જો ડોલે રે, તે પણ એમના એમ બોલે રે.**
**કહે છે ખાઓ પીઓ ખૂબી કરો રે, શીદ કોઈના ડરથી ડરો રે;**
**નરક સ્વર્ગે નથી ચોરાશી રે, ખરી વાત માની લિયો ખાશી રે.**
**રૂડો રહસ્ય કહ્યો રુદે ધારો રે, એ સમજી સંશય વિસારો રે;**
**કર્મ ધર્મ ગયા મુનિ કથી રે, તેને આ વાતની ગમ નથી રે.**
**એમ કહે છે આ જક્તમાં ઝાઝા રે, ધર્મહીણ અધર્મીના રાજા રે;**

શિષ્ય કહે છે :- ધર્મહીન માણસો વાટે ઘાટે, ચોરે ચૌટે એક જ વાત કરે છે કે ખાઓ, પીઓ ને જલસા કરો. જમપુરીથી શું કામ ડરો છો. નર્ક, સ્વર્ગ કાંઈ છેજ નહિ. ઋષિ મુનિને કાંઈ ગતાગમની ખબર નથી તેથી શાસ્ત્રમાં લખી ગયા છે કે પાપ કરશો તો નરકમાં પડશો. બીવડાવવા માટે જમપુરી ઊભી કરે છે. બાકી આ દુનિયામાં એવું કાંઈ છે જ નહિ. આવી વાતો અધર્મીના રાજા પાપી કરે છે.

ગામ બુરાનપુરનો શોભારામ હતો. તે હંમેશાં સંતો અને ભક્તોની નિંદા કરતો. સંતો વારંવાર સમજાવે કે, ભજન, ભક્તિ કરતા હોય તે જોઈને રાજી થાવું, ગુણ લેવો પણ અભાવ લેવો નહિ. ભલાઈમાં ભાગ રાખશો તો સુખી થાશો. નિંદા તો નરકમાં નાખે છે. ખૂબ ઉપદેશ આપે પણ પથ્થર હૃદયનો શોભારામ તેને જરાય અસર કરે નહિ, તેથી સંતોને થયું જમપુરીની બીક બતાવીએ તો કદાચ સમજી જશે. સંતોએ કહ્યું, ભલા માણસ નિંદા કરીશ તો જમપુરીમાં જઈશ ને માર ખાઈશ. માટે સમજી જાય તો સારું.

આવું સાંભળી શોભારામ વટથી બોલ્યો, ‘‘તમો ખોટી ધમકી આપી અમને ડરાવો છો. અમે ડરીએ એવા નથી. ભોળા ભગતને છેતરી શકાય. અમને છેતરી નહિ શકો. તમારા જેવા સાધુએ જમપુરી ઊભી કરી છે. બાકી જમપુરી છે જ નહિ. ખાઈ, પીને જલસા કરો ને ફાવે તેમ વર્તો.’’ સંતોને થયું આ પાપી વાતથી માને એવો નથી. લાતથી માનશે. માટે પ્રેકટીકલ ઈલાજ કરીએ.

સંતોએ શોભારામ સામે દષ્ટિ કરી ત્યાં સમાધિ થઈ ગઈ. શોભારામ પહોંચી ગયો જમપુરીમાં, યમદૂતોએ બરાબર ધોકાવ્યો. લાતો મારી મારીને અધકચરો કરી નાખ્યો. કારમી ચીસો પાડે છે. બચાવો... બચાવો... માર ખમાતો નથી ને જીવ જાતો નથી. પણ ત્યાં કોણ બચાવે ? યમદૂતો કહે છે, પાપી તેં સંતોની વાતને ઠોકરાવી છે એમ કહી વળી લગાવે. ખુલ્લા દિલથી અપાર નિંદા કરી છે. ખૂબ માર માર્યો. (સાંભળીયે મુકતાનંદસ્વામીનું કીર્તન..)

**આવેંગે જમ આવેંગે, હરિભજન વિના જમ આવેંગે;**
**હરિજન દેખકે હાંસી કરત વાંકે, મુખમેં આગ જરાવેંગે.... હરિ.**
**કીર્તન કથા સુને નહિ તાકે, શ્રવનમેં સીસા ઠરાવેંગે... હરિ.**

હરિભક્તને દેખીને હાંસી કરે. તો યમરાજા શું કરે છે ? એ પાપીના મોઢામાં ધગધગતા અંગારા નાખે છે. જિંદગીમાં જેણે કથા નથી સાંભળી, હરિના ગુણ નથી ગાયા. તેના કાનમાં ગરમાગરમ સીસાનો રસ રેડે છે. યમદૂતો કહે છે. અરે.. પાપી.. જીભ આપી હતી તને હરિ ગુણ ગાવા. તેને બદલે તેં સંતોની અવગણના કરી છે. અપમાન કર્યું છે. એમ કહી ખૂબ દુઃખી કરે છે.

સંતોએ શોભારામ સામે ફરીથી દષ્ટિ કરી ત્યાં સમાધિ છૂટી ગઈ. હવે સીધો નેતર થઈ ગયો. સ્વામીજી મને માફ કરો. એમ કહી ખૂબ રડે છે. હવે હું કોઈ દિવસ કોઈની નિંદા નહિ કરું. હું જીવીશ ત્યાં સુધી મારા હાડકાં દુઃખશે. યમપુરી ભારે ભૂંડી છે. મને તમારે શરણે રાખો ને દુઃખથી બચાવો. સંતોએ વર્તમાન ધરાવીને નિયમ ધર્મની બધી રીતભાત શીખવી. તેથી તે સત્યને માર્ગે ચડી ગયો. સંતોએ પાપથી બચાવી લીધો શોભારામને.

## સાચા સંતને સેવે તો શાશ્વત ફળ મળે છે.

જેમ હાથીના પગમાં સર્વે પગલાં સમાઈ જાય છે તેમ સાચા સંત સેવતાં સર્વે વાત સિધ્ધ થાય છે.

મુમુક્ષુ કહે છે, પાપીની મતિ અવળી હોય, તેથી બીજાને પણ અવળે માર્ગે લઈ જાય છે. પાપીને કોઈની બીક નથી હોતી.

**યાંતો થયા છે અધર્મી આચાર્ય રે, જાણે બેઠા છીએ કરી કાર્ય રે;**
**એમ મને માન્યુ મુરખાયે રે, કરવું રહ્યું નથી હવે કાંય રે.**
**પોતે માન્યુ પાકું કામ થયું રે, જાણે બીજાને ઉપદેશ દિયું રે;**

**જેમ પોતે સમજ્યા છે સહી રે, તેમ પરને દેખાડે છે કહી રે.**
**એવા ભવમાં બહુ ભાળેલ રે, નજરો નજરના નિહાળેલ રે;**
**ખરેખરા ખુની પ્રભુજીના રે, જાણું વેરવાઈ બહુ દિના રે.**

નિષ્કુળાનંદ સ્વામી વારંવાર ટકોર કરે છે, ચાર-પાંચ માણસો માની લે તો આચાર્ય થઈ જાય. ભગવાન થઈને પૂજાય, એવા પાપી આચાર્યથી કલ્યાણ નહિ થાય. પોતે પાપથી ભરેલા હોય તે બીજાનું શું સારું કરશે ? પોતાની જ મતિ ઊંધી છે તે બીજાને પણ ઊંધુ જ સમજાવશે. એવા પાપી ખરેખરા ભગવાનના ખૂની છે. ભગવાનના વેરી છે. એવા પાપીને માનવા કે પૂજવા નહિ પણ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણે જે ધર્મના બંધારણો બાંધ્યા છે, નિયમો બાંધ્યા છે તે પ્રમાણે જેના આચરણ હોય તેવા આચાર્ય પૂજવા અને માનવા યોગ્ય છે.

**જેને તેને ધર્મમાંથી પાડે રે, પાપ પુણ્યને ખોટા દેખાડે રે.**
**ધર્મ દ્વેષી પાપના તો પહાડ રે, મોક્ષ મારગે લોહ કમાડ રે;**
**તેતો તન તજે ફળ પામે રે, કહેજો સર્વે સંશય શોક વામે રે.**
**સમજાવજો સારી પેર રે, મહામુનિ મોટી કરી મહેર રે;**

પાપી માણસો, ધર્મને અધર્મ કહીને કેટલાયને ધર્મથી પાડી નાખે છે. સ્વામી કહે છે, એવા પાપીથી દૂર રહેજો.. આવા પાપીને અંતે શું ફળ મળશે ? ધર્મના દ્વેષી છે. પાપના પર્વત છે, કલ્યાણના માર્ગમાં લોઢાના કમાડ થઈને બેઠા છે. એવા પાપીની શું ગતિ થશે ? આવું મુમુક્ષએ મુકતને પૂછ્યું. ત્યારે મુકત કહે છે, ધર્મ વિરુધ્ધ વર્તનાર અંતે અધોગતિને પામે છે. તેનું કોઈ કાળે કલ્યાણ થતું નથી. મરીને જમપુરીમાં જાય છે, ત્યાં અસહ્ય દુઃખ ભોગવે છે. શિષ્ય કહે છે :-

**ભવમાં ભૂલવણી છે ઘણી રે, મને બીક લાગે છે તે તણીરે.**
**માટે વળી વળી પુછું છું વાત રે, કહેજો રાજી થઈ રળિયાત રે;**
**કહેજો ખરાખરું વશા વિશ રે, એમ કહીને નમાવ્યું શિશ રે.**

આ ભવમાં ભારે ભૂલવણી છે. ભારે આંટીઘૂંટી છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, બહુ સાવધાન રહેજો. અનેક મનુષ્યના જીવન ચક્કરમાં ચડી ગયા છે. મોટા મોટા શહેરના એવા રસ્તા હોય છે કે જો ધ્યાન ન રાખો તો અંદર ફર્યાજ કરો. સ્વામી

કહે છે ધ્યાન નહિ રાખો, ભજન, ભક્તિ, સત્સંગ, સમૈયા, પૂજા-પાઠ નહિ કરો તો આ ભવસાગરમાં ફર્યા જ કરશો. જન્મ મરણના ચક્કર ચાલુ રહેશે.

**પુનરપિ જનનં પુનરપિ મરણં, પુનરપિ જનની જઠરે શયનં;**
**ઈહ સંસારે ખલુ દુસ્તારે કૃપયા પારે પાહિ મુરારે.**
**ભજ ગોવિંદં ભજ ગોવિંદં ભજ ગોવિંદં મુઢ મતે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, અનેક ભક્તજનો ઊંધે રસ્તે ચડી ગયા છે. હજુ આરો આવ્યો નથી. ભગવાનની ભક્તિ વિના ભવસાગરની ભૂલવણીમાંથી નીકળાશે નહિ.

આપણે ભાગ્યશાળી છીએ કે આવા ખોટા પંથમાં ભરાણા નથી. શ્રેષ્ઠ સર્વોપરી સંપ્રદાય મળ્યો છે. ભુજ જેવું પવિત્ર ધામ મળ્યું છે.
ભુજ મંદિર છે તે ભજનની ભૂમિ છે.

મોક્ષનું સ્થાન છે. પરબ્રહ્મને પામવા માટેનું વિશિષ્ટ ધામ છે. આ જગતમાં ધર્મના નામે ખૂબ પાપ થાય છે. હજારોને ઊંધો ઉપદેશ આપીને કલ્યાણ બગાડે છે, સાચા સંતમાંથી ભાવ ઉતરી જાય છે અને મોક્ષના પંથથી પડી જાય છે માટે સાવધાન રહેવાની જરૂર છે.

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે પંચમો નિર્ણય: ॥૫॥**

---

## નિર્ણય – ૬

દોહા :- **મુકત કહે સુણો શુભ મતિ, સત્ય વાત સમજીયે સાર;**
**કૃતધ્નીનાં એહ કામ છે, જે નંદે આગમ અવતાર.**
**સત્યશાસ્ત્ર સુખદાયી છે, સમજાવે તે સત્ય અસત્ય;**
**તેને મિથ્યા કરી માનવું, એજ આવી જાણવી કુમત્ય.**
**શાસ્ત્ર કહે તે સત્ય છે, નથી અસત્ય તે અણુભાર;**
**નિશ્ચય પડશે નરકમાં, એના નિંદાના કરનાર.**

મુકત કહે છે, હે મુમુક્ષુ ધ્યાન દઈને સાંભળ. શાસ્ત્ર અને ભગવાનના અવતાર તેને ખોટા કહે છે, નિંદા કરે છે, તે કૃતધ્ની ને પાપી છે. ભગવાનના અવતારની

કયારેય નિંદા કરાય નહિ. સતશાસ્ત્ર સુખદાયી છે. સત્ય અને અસત્યની ઓળખાણ કોણ કરાવે ? શાસ્ત્ર કરાવે છે. સત્સંગનાં કેટલાં અંગ છે. દેવ, મંદિર, શાસ્ત્ર, આચાર્ય, સંત અને સત્સંગી. કયા ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ કરે છે ?

પોતાના ઈષ્ટદેવના જન્મથી આરંભીને સ્વધામ ગમન સુધીની લીલાનાં જે શાસ્ત્ર છે તેણે કરીને સંપ્રદાયની પૃષ્ટિ થાય છે. જેને શાસ્ત્રોનાં વચનમાં વિશ્વાસ હોય અને ભગવાનના સ્વરૂપનો અડગ નિશ્ચય હોય તે ધર્મમાંથી કોઈ કાળે ડગતો નથી.

**શાસ્ત્ર જેજેસૂચવે, તે કુડું ન પડે કાંઈ;**
**ગ્રહણ પાંખે છે અસમાનમાં, તેહ સહુ દેખે છે આંઈ.**

આકાશમાં ગ્રહણ થવાનું હોય તે શાસ્ત્રો પહેલાંથી સૂચવી દે છે. **ચોપાઈ :-**

**શાસ્ત્ર જણાવે સાર અસાર રે, શાસ્ત્રે કર્યો સહુ નિરધાર રે;**
**સંત શાસ્ત્ર કહેછે સુરસુખ રે, તેહ પામ્યા સારૂં કરે મખ રે.**
**શાસ્ત્ર કહે છે કૈલાસની વાત રે, સત્યલોકે સુખ કહે સાક્ષાત રે;**
**શાસ્ત્ર કહે છે વૈકુંઠ વખાણીરે, તેને પામવા ઈચ્છે છે પ્રાણી રે.**
**શાસ્ત્ર કહે છે ગોલોકમાં ગુણ રે, શાસ્ત્ર વિના સમજાવે કુણ રે;**
**શાસ્ત્ર કહે છે અક્ષરધામ રે, તે સુણી સહુ કરે છે હામ રે.**
**શાસ્ત્ર કહે છે શ્રી હરિનું સુખ રે, જે પામતાં રહે નહિ દુઃખરે;**

શાસ્ત્ર જણાવે સાર અસાર. શાસ્ત્ર ઉપર વિશ્વાસ રાખીને ભક્તજનો યજ્ઞયાગ કરે છે. યજ્ઞ કરીએ, દાન, પુન્ય કરીએ તો દેવલોકને પામીએ. કૈલાસધામનું સુખ કેવું છે ? વૈકુંઠમાં કેવું સુખ છે, કેવી શોભા છે, ગોલોકધામ કેવું અલૌકિક છે, અક્ષરધામ કેવું દિવ્ય અને અદ્‌ભુત છે. અનંત મુકતો પુરુષોત્તમ નારાયણની સેવામાં છે. ત્યાં કાળ, માયા, કલેશ કે મમતા નથી. આનંદકારી અનુપમ સુખ છે. તે શાસ્ત્ર દ્વારા અનુમાન કરીએ છીએ કે તે ધામને પામતાં ન રહે દુઃખ. શાસ્ત્ર કહે છે કલ્યાણની રીત, શાસ્ત્રે થાય છે પ્રભુમાં પ્રીત. કલ્યાણનો માર્ગ પણ શાસ્ત્ર દ્વારા ખબર પડે છે. શાસ્ત્ર થકી જીવન જીવવાનું શિક્ષણ મળે છે. શાસ્ત્રમાં મર્યાદા બાંધી છે તેના થકી જીવન જીવવાનું શિક્ષણ મળે છે. શાસ્ત્રમાં મર્યાદા બાંધી છે તેને અનુસરીને જે મનુષ્ય ચાલે તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે.

**શાસ્ત્રથકી સંત ઓળખાણ રે, શાસ્ત્ર થકી સમજણ જાણ રે;**

**શાસ્ત્રે કરી આવે છે સુબુધ્ધિ રે, શાસ્ત્ર વિના મતિ રહે ઊંધી રે.**
**શાસ્ત્ર મરજાદે સહુ છે સુખી રે, નહિ તો દેહધારી રહે દુ:ખી રે;**
**દેવ દાનવ માનવ મુનિ રે, શાસ્ત્રે બાંધી મરજાદ સહુની રે.**
**એવી કેટલી વાતો કહેવાય રે, મોટો સતશાસ્ત્રનો મહિમાય રે;**
**તેમાં દોષ દેખાડે છે પાપી રે, તેની જોઈયે છીએ જીભ કાપી રે.**

શાસ્ત્ર થકી સંત ઓળખાય કે સંત અને અસંત કેવા લક્ષણયુકત હોય તેને કહેવાય. સાચી સમજણ-સારી સદ્‌બુધ્ધિ, સારા વિચાર, સારું આચરણ શાસ્ત્ર થકી જ સમજાય છે. માતા-પિતાની સાથે કેમ રહેવું. પુત્રની સાથે કેમ રહેવું. સવારથી સાંજ સુધી શું શું કરવું. તમામ બાબત શાસ્ત્ર થકી સમજાય છે. શાસ્ત્રની કેવળ લૌકિક વાત નથી. શાસ્ત્રની વાત તો દિવ્ય છે. સ્વામી કહે છે જે સંત, શાસ્ત્ર અને ભગવાનની નિંદા કરે છે તેની જીભ કાપવી જોઈએ. જમના દૂતો સાણસીથી ઝાલીને જીભ ખેંચશે.

**સતશાસ્ત્રો કેવળ ચોપડી નથી પણ આપણા જીવનની ઘટનાઓ છે.**

ધર્મની મર્યાદા લાંબા કાળ સુધી ટકી રહે તે માટે આચાર્યની સ્થાપના કરી. શાસ્ત્રોની રચના કરી, ધન, સ્ત્રીના ત્યાગી સાધુ કર્યા. મંદિરો બનાવી તેમાં ભગવાનની પ્રતિષ્ઠા કરી. અનેક જીવાત્મા માટે કલ્યાણનો માર્ગ સરળ કર્યો.

સ્વામિનારાયણ ભગવાન માણકી ઘોડી પર સવાર થઈને જૂનાગઢ પધારે છે. શહેરના માણસો શ્રીજીમહારાજને જોવા માટે ઉમટ્યા. બધાને એમ થાય કે સ્વામિનારાયણ ભગવાન કેવા હશે ? નાના, મોટા, યુવાન અને વૃધ્ધ સૌ ઘર છોડીને રસ્તા પર જોવા ઊભા છે, ત્યાં ગાડું લઈને એક માણસ કાકડી વહેંચવા નીકળેલો. એક બાળકે તેના પિતાને કહ્યું કે, ‘‘બાપુજી મને કાકડી લાવી આપો.’’ તેના પિતાએ છોકરાને કાકડી લઈ આપી. છોકરો ભગવાન સામે જોયાજ કરે. કેટલાક ભક્તો ભગવાનને હાર પહેરાવે છે, કેટલાક ભક્તો ભગવાનને ફળ અર્પણ કરે છે. આ છોકરાને અંતરમાંથી ભાવ ઉભરાયો કે બધા માણસો ભગવાનને ભેટ આપે છે તો હું આ કાકડી ભેટમાં આપું. નાનો બાળકે માથું મારી ભીડની અંદર પ્રવેશ કર્યો.

શ્રીજીમહારાજ માણકી ઘોડી ઉપર સવાર થયા છે. માણકીની આજુબાજુ છોકરો ચાલ્યો આવે, હાથ ઊંચા કરે પણ પહોંચી નથી શકતો. શ્રીજીમહારાજની નજર છોકરા પર પડી. ભાવના ભૂખ્યા ભગવાને હાથ લાંબો કરી બાળકના હાથમાંથી

કાકડી લઈ લીધી. પ્રભુએ કાકડી હાથમાં રાખી. છોકરો હજુ ખસતો નથી. ભગવાન સામે જોયાજ કરે છે. મારી કાકડી બીજાને આપી દેશે તો. પ્રભુ તે બાળકનો સંકલ્પ સત્ય કરવા, પ્રેમને વશ થઈને હજારો ભક્તોની ભીડ વચ્ચે સંતો ભક્તો ગુલાલ ઉડાડે છે, શરણાઈ વગાડે છે, જય જયકાર થાય છે અને ભગવાન બાળકને રાજી કરવા કાકડી જમે છે. છોકરાના આનંદનો પાર ન રહ્યો. આજે મારો જન્મ સફળ થયો. છોકરો નાચવા લાગ્યો.

છોકરો મોટો થયો. તેનો અંતકાળ આવ્યો ત્યારે ભગવાન તેને તેડવા આવ્યા. ચાલો, અમે તેડવા આવ્યા છીએ. પ્રેમાનંદસ્વામીની કાવ્યની ઝલક ગાઈએ.

**જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,**
**આજ ધર્મવંશીને દ્વાર નરનારી, જેને જોઈએ તે.**
**જન્મ મૃત્યુના ભય થકી છૂટવા રે લોલ,**
**શરણે આવો મુમુક્ષુ જન નરનારી, જેને જોઈએ તે.**
**વહાલો તરત છોડાવે કાળ પાશથી રે લોલ,**
**પ્રેમાનંદ કહે આપે છે હરિ કોલ નરનારી, જેને.**

તે વખતે છોકરો વૃધ્ધ થઈ ગયો છે. તેણે કહ્યું, ‘‘મહારાજ મેં કાંઈ જપ, તપ, પાઠ, પૂજા કાંઈ નથી કર્યું. અને તમે તેડવા આવ્યા.’’ શ્રીજીમહારાજે કાકડી બતાવીને કહ્યું, તમે મને ભાવથી કાકડી જમાડી છે. આપણને વિચાર થાય કે કાકડી ભગવાન જમી ગયા હતા. પછી કાકડી કેમ બતાવી હશે. પણ ધ્યાન રાખજો, ભગવાનને આપણે જે વસ્તુ અર્પણ કરીએ છીએ તે વસ્તુ દિવ્ય બની જાય છે. તે દિવ્ય વસ્તુ લઈને તે આત્માનું કલ્યાણ કરે છે. આ છે પ્રગટ પ્રભુનો મહિમા....

## સત્શાસ્ત્રોની નિંદા કરનારાની શું દશા થશે ?

**તે તો મરીને જમપુરી જાશે રે, ઘણી જમદૂતની માર ખાશે રે;**
**પડશે નરકના કુંડમાં તેહ રે, પાછો નહિ મળે મનુષ્યનો દેહ રે.**
**શાસ્ત્ર બહાર વરતે છે જેહ રે, શાસ્ત્ર બહાર પામે દેહ તેહ રે;**
**શ્વાન સૂકર ખર શિયાળ રે, તન તે પામશે તતકાળ રે.**
**ત્યારે ઓરતો થાશે જો એને રે, કહ્યા જેવું નહિ રહે કેને રે;**
**એમ દુઃખી રહેશે રાત દન રે, સત્ય માને મુમુક્ષુ તું મનરે.**

મરીને જમપુરી જાશે, જમદૂતની માર ખાશે, ફરીથી તેને મનુષ્ય દેહ કયારે પણ મળશે નહિ પણ શ્વાન, સૂકર, ખર અને શિયાળના દેહ આવશે. કૂતરો થઈને ગામમાં રખડશે. ઘરઘર ગોથાં ખાશે. સૂકર એટલે ભૂંડ-ભૂંડ થઈને કાદવ અને વિષ્ટા ખાવું પડશે. જેના તેના ધોકા ખાવા પડશે. ત્યારે ઓરતો થાશે. પસ્તાવો થશે કે ભગવાને મને માનવ શરીર આપ્યું હતું પણ મેં કોઈ સત્કર્મ કર્યાં નહિ તેથી આ દુઃખ ભોગવવાનો વારો આવ્યો.

મુકત કહે છે, ''હે મુમુક્ષુ, તેં મને જેજે વાત પૂછી તે મેં તને બરાબર રીતે સમજાવી. ક્યાં જીવ ક્યાં જગદીશ ? ક્યાં ખદ્યોત ક્યાં દિનેશ ? જે જે જગજીવનથી થાય. તે જીવથી કદી ન થાય. જીવ અને જગદીશ કાંઈ એક સરખા નથી. ભગવાન અને ભક્ત એક સરખા નથી. દિનેશ એટલે સૂર્ય. ખદ્યોત એટલે રાતના જીણા જીણા જીવડામાં બત્તી જેવું દેખાય. કયાં સૂર્યનો પ્રકાશ અને કયાં આ નાનાં જીવડાં. તેને એક સરખાં ગણાય નહિ.

ભગવાન સ્વતંત્ર છે. ભગવાન કરી શકે તેવું જીવથી કાંઈ થાય નહિ. જીવ છે તે તો જગદીશને આધીન છે. જીવ પરાધીન છે. સમગ્ર જીવ પ્રાણી માત્ર ભગવાન પુરુષોત્તમ નારાયણને આધીન છે.

## પોતાના આત્માનો ઉધ્ધાર કરવો એ
## આ કલ્યાણ નિર્ણયનું રહસ્ય છે.

ભગવાનની આજ્ઞા સૂર્ય અને ચંદ્ર પણ લોપતા નથી. આપણે સૂર્ય ચંદ્રથી પણ મોટા જેથી ભગવાનની આજ્ઞા લોપીએ છીએ.

**જેની આજ્ઞાને શશિ સૂર રે, નથી લોપતા જાણો જરૂર રે;**
**જેની આજ્ઞામાં સુરરાજ રે, મેઘ વરસાવે સહુ જન કાજરે.**
**જેની આજ્ઞા ઉર વિચારી રે, ધરણી રહી છે લોકને ધારીરે;**
**જેની આજ્ઞામાં શેષ મહેશ રે, ચૌદ લોક ધરી રહ્યા શીશ રે.**
**જેની આજ્ઞામાં વેલી વન રે, આપે ફળ દળ સમે સુમન રે;**
**જેની આજ્ઞામાં કાળ શક્તિ રે, દિન રાત રહે છે ડરતી રે.**
**જેની આજ્ઞા માનીને મૃત્યુ રે, સદા સર્વદા રહે છે ફરતું રે;**
**જેની આજ્ઞામાં અજ ઈશ રે, હરખે કરી રહે છે હંમેશ રે.**

ભગવાનની મરજી પ્રમાણે આજ્ઞામાં રહીને જીવન જીવ્યા છે તેને નિષ્કુળાનંદ સ્વામી યાદ કરે છે. ભગવાન અનંતકોટી બ્રહ્માંડના નિયામક છે. સૂર્યને કહ્યું તમે સમગ્ર બ્રહ્માંડમાં પ્રકાશ કરવાનું કામ કરજો, ચંદ્રને શીતળતા આપવી તેમાં નીમ્યા. ઈંદ્રરાજાને આજ્ઞા કરી કે તમે વરસાદ વરસાવવાનું કામ કરજો. શેષનારાયણને આજ્ઞા કરી કે તમો ચૌદ લોકને ધારણ કરજો. વનવેલીને આજ્ઞા કરી કે તમે ઋતુ અનુસારે ફળ ફૂલ ખીલાવતા રહેજો. ધર્મરાજાને કહ્યું, તમે જીવપ્રાણીનાં ખાતાં તપાસજો. ચિત્રગુપ્તને કહ્યું તમે પાપ પુણ્યનો હિસાબ રાખજો.

મૃત્યુદેવીને કહ્યું, ‘‘તમે જીવને લઈને ધર્મરાજા પાસે ખડો કરજો.’’ વાયુદેવને કહ્યું,‘‘તમે પવન આપવાનું કામ કરજો.’’ વિષ્ણુને પાલન કરવાનું, શિવને સંહાર કરવાનું, બ્રહ્માને જીવ, પ્રાણી માત્ર ઘાટ ઘડવાની આજ્ઞા કરી. આવી રીતે જુદા જુદા કાર્યની આજ્ઞા કરી છે. તે ભગવાનની આજ્ઞા પ્રમાણે ફરજ બજાવે છે. ભગવાનના કાર્યમાં મદદ કરે છે. માણસ એવું મૂર્ખ પ્રાણી છે કે ભગવાનની આજ્ઞાથી બહાર નીકળી જાય છે. ફાવે તેમ વર્તે છે. તેથી દુઃખી થઈને નરકમાં પડે છે.

**વળી દેહ ધરી કર્યાં કાજ રે, તે તો કહેતાં ન કહેવાય આજ રે;**
**બહુ ધરી હરિ અવતાર રે, કર્યો કંઈ જીવનો ઉધ્ધાર રે.**
**તેહ પ્રભુ તણી તડોવડરે, થાવા જાય પાપી જીવ જડ રે;**
**જેને નથી શરીરની સાધ્ય રે, વળી વણતોળી વેઠે છે વ્રાધ્ય રે.**
**પડ્યો પરવશ પરાધીન રે, વર્તે એકાએક આગે દીન રે;**
**રહ્યો અજ્ઞાનમાં અવરાઈ રે, ઘણો ઘનશ્યામનો ઘનાઈ રે.**
**તે જાશે મરી જમપુરીમાંય રે, બહુ માર ખાશે મૂઢ ત્યાંય રે;**
**બહુ ધરી હરિ અવતાર, કર્યાં અનેક જીવનાં કાજ.**

શ્રીજીમહારાજે દેશાંતરમાં સંતોને સત્સંગ પ્રચારાર્થે મોકલ્યા અને કહ્યું કે, ભિક્ષામાં જે અન્ન મળે તે સુધારવું, તેમાંથી જીવડાં, કચરો કે કાંકરા હોય તે કાઢી નાખી ને અન્નમાં પાણી નાખી મેળવીને જમવું. સાધુએ આજ્ઞાને શિરોમાન્ય કરી. પછી શ્રીજીમહારાજે કહ્યું, ‘‘તમારે સહુએ એક એક સાધુએ દસ દસ હજાર જીવનાં કલ્યાણ કરવાનાં છે.’’

ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું, ‘‘હે મહારાજ ! દસ હજાર જીવનાં કલ્યાણ

કરતાં અધુરું રહેશે તો ? ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા તો ફરી જન્મ ધરાવીશ. માટે ઉપદેશ આપવામાં જરાય ઢીલાશ રાખશો નહિ. પછી સંતોએ ગામગામ ફરીને ભગવાનની ઓળખાણ કરાવવા માટે વિચરણ શરૂ કર્યું.

**ભગવાન થઈ પુજાશે તો જમનો માર ખાશે.**

નિષ્કુળાનંદસ્વામી કહે છે, પાપી જીવ અજ્ઞાનમાં અવરાઈને ભગવાન સામે બરોબરીયાપણું કરે છે, તે જાશે જમપુરીમાંય રે.. બહુ માર ખાશે મુઢ ત્યાંય રે..

**પછી નરકના કુંડમાં પડશે રે, પડ્યો કૈંક કાળ લગી સડશે રે.**
**કર્મભોગે જો નિસરશે બહાર રે, લેશે ભુત પ્રેતનો અવતાર રે;**
**ખાશે વિષ્ટા પેશાબને પીશે રે, એવું હરિ નિંદાનું ફળ લેશે રે.**
**એવું સુખ સાંભળીને કાન રે, થાવું હોય તો થાજ્યો ભગવાન રે;**
**એમાં જૂઠું નહિ પડે જરાય રે, સહુ માની લેજ્યો મનમાંય રે.**
**એવા પાપીનો સંગ જેને થાય રે, તેનો પણ જન્મ એળે જાય રે;**

ભગવાન થઈ પૂજાશે... ભગવાનનો વાદ લેશે તે અનંતકાળ સુધી નરકના કુંડમાં પડશે. પછી ભૂત પ્રેત થઈને રખડશે. ખાશે વિષ્ટા પેશાબને પીશે, એવું હરિનિંદાનું ફળ લેશે. એમાં જુઠું નહિ પડે જરાય, સહુ માની લેજો મનમાંય. હું ભગવાન છું એવું ધારી લેશે તેની અધોગતિ થશે પણ જે એવાનો સંગ કરશે. તેનો પણ જન્મ બરબાદ થશે. ચેતવા જેવી કથા છે.

દીવ બંદરનાં પ્રેમબાઈ પરમ ભક્ત હતાં. અખંડ શ્રીજીમહારાજનું ભજન કરતાં. નાની ઉંમરમાં વિધવા થયાં. સગાં સંબંધીએ અતિ આગ્રહ કર્યો કે ફરીથી લગ્ન કરો. ત્યારે પ્રેમબાઈએ કહ્યું,

**વર્યા મેં તો વનમાળી વર્યા મેં તો વનમાળી**
**વર્યા મેં તો વનમાળી રે... શિરને સાટે... વર્યા.....**
**પરણી પ્રીતમ પ્યારો, અખંડ સોહાગ મારો;**
**રંડાપાની બીક ટાળી રે... શિરને સાટે... વર્યા....**

પ્રેમબાઈએ શ્રીજીમહારાજ માટે સુંદર વસ્ત્ર, અલંકાર અને સોનાના દાગીના અર્પણ કરવા તૈયાર કર્યાં. પૂજન કરીને ભેટ અર્પણ કરીશ. અવસરની રાહ જુવે છે. શ્રીજીમહારાજને મળવા અતિ આતુર બન્યાં છે. આ વાતની એક ધુતારાને ખબર

પડી ગઈ. તેથી ભગવાન થઈને આવ્યો. શ્રીજી મહારાજ જેવાં શ્વેત વસ્ત્રો પહેર્યાં. માથે ત્રણ છોગલાંવાળી પાઘ પહેરી, ખભે ખેસ નાખ્યો, લાલ મોજડી પહેરી, કંઠમાં ગુલાબનો હાર પહેર્યો. શ્રીજીમહારાજ જેવોજ વેશ પહેરી, લાલ ઘોડી ઉપર બેસીને પ્રેમબાઈને છેતરવા માટે દીવ બંદર આવ્યો.

પ્રેમબાઈ જય સ્વામિનારાયણ પ્રેમબાઈ રાજી રાજી થઈ ગયાં. પધારો મહારાજ પધારો, જય સ્વામિનારાયણ ઓસરીમાં સરસ મજાનાં ગોદડાં પાથરીને બેસાડ્યો, પગે લાગ્યાં. પ્રેમબાઈને થયું પ્રભુની દષ્ટિ કરુણાભરી નિર્મળ હોય અને આની આંખમાં કૂરતા દેખાય છે. વાણીમાં વિકાર દેખાય છે. ચારે કોર ચક્કર વક્કર જોયા કરે છે. આવા ભગવાન હોય નહિ, ભગવાનનું સ્વરૂપ મંગળકારી હોય છે.

ત્યાં પેલો બાવો ભગવાન બનીને આવ્યો છે તે બોલ્યો, પ્રેમબાઈ તમે જે અમારા માટે વસ્ત્રો અને ઘરેણાં રાખ્યાં છે તે લઈ આવો. પૂજા કરી, આરતી ઉતારી અમને ભેટ કરો. તમારો સંકલ્પ પૂરો કરવા અમે આવ્યા છીએ. પ્રેમબાઈને વિચાર થાય છે કે આ શું હશે! મારા અંતરની વાત આને કેમ ખબર પડી ગઈ. પણ મને લાગે છે કે આ ભગવાન ન હોય. શંકા થાય છે. હવે શું કરવું. ખૂબ મૂંઝાય છે.

આ બાબતની શ્રીજીમહારાજને ખબર પડી કે મારાં ભક્ત ઠગાઈ જશે તેથી શૂરવીર સોમલાખાચર તથા ભીમજી ભક્તને કહ્યું, ‘‘તમે જલદી દીવ બંદર જાવ અને બાવાને સજા કરો, નહિંતર ઠગારો પ્રેમબાઈને લૂંટી જશે. ઘોડા દોડાવતા દોડાવતા બે પાર્ષદો આવ્યા. પ્રેમબાઈ જય સ્વામિનારાયણ. કયાં છે પેલો ઠગારો બાવો? આવું સાંભળી બાવો કંપી ગયો. ઓચિંતું કોણ આવ્યું. પાર્ષદે દોડતા આવીને લાકડીના ઝપાટા માર્યા. લાતો મારી ઊંધો ઉથલાવી નાખ્યો. ભગવાન બનીને ભગતને છેતરે છે. ખૂબ માર્યો.

બાવો બરાડા પાડે હવે આવું કોઈ દિવસ નહિ કરું. મૂકી દો માર ખમાતો નથી. પાર્ષદ કહે છે, મૂકશું તે કેમ ? એમ કહી વળી લાકડી ફટકારે. ખૂબ માર્યો. પાર્ષદોએ કહ્યું, ‘‘પ્રતિજ્ઞા લે હવે ભગવાનનો વેશ લઈ કોઈને છેતરીશ નહિ. નહિંતર જીવથી મારી નાખશું.’’ બાવે હાથ જોડીને કહ્યું, ‘‘આવી ઠગાઈ કયારેય કરીશ નહિ. મને જીવતો જવા દો. પછી બાવાને છોડી દીધો.

શ્રીજીમહારાજના વખતમાં પણ ભગવાન બનવાની ઘણાને હોંશ થાતી. એટલા માટે નિષ્કુળાનંદસ્વામી કહે છે. ભલા થઈને ભગવાન થાવાની કોશિશ છોડી

દેજો, નહિંતર ભૂંડી દશા થશે.

**કલ્યાણનું તો રહી જાય ક્યાંય રે, સામું પડે મહાદુ:ખ માંઈ રે.**
**ફૂટચું નિરજળમાં જળઠામ રે, ટળી હૈયેથી જીવ્યાની હામ રે;**
**મળ્યા મારગે મમોઈગરા રે, પ્રાણીના પ્રાણ લેનાર ખરા રે.**
**એમ સમજી લેવું સિધ્ધાંત રે, સમજ્યા વિના ભાગે નહિ ભ્રાંત રે;**
**કહે વાત પૂછ્યા પ્રમાણ રે, હવે શું પૂછવું છે સુજાણ રે.**

સ્વામી દષ્ટાંત આપે છે.

એક મુસાફર નાનકડી પાણીની મટકી ભરીને ચાલ્યો જાય છે. વૈશાખ મહિનાનો સખત તાપ છે. બપોરના બાર વાગ્યા છે. ખૂબ તરસ્યો થયો. પાણી પીવાની તૈયારી કરી ત્યાં પાણીની મટકી હાથમાંથી છટકી ગઈ. પાણી ઢોળાઈ ગયું મટકી ફૂટી ગઈ. ખૂબ તરસ છે, હવે શું કરવું. પાણીની આશાથી આગળ ચાલ્યો જાય છે ત્યાં પાણી પીવડાવનાર ન મળ્યા પણ મમોઈ ગરા એટલે ડાકુ મળ્યા. ડાકુએ મુસાફરને મારી નાખ્યો ધન, માલ લૂંટી લીધો.

## મોક્ષરૂપી કિનારા સુધી પહોંચવામાં
## મદદરૂપ બને એવો આ ગ્રંથ છે.

આ સંસારરૂપી રણમાં જીવ રખડતો હતો. તેને સત્સંગરૂપી પાણી મળી ગયું પણ એ સત્સંગ હાથમાંથી છટકી ગયો ને આડે રસ્તે ચડી ગયો. તેથી ડાકુરૂપી જમદૂત મળ્યા અને બરાબર જેવો હેરાન કર્યો. સ્વામી કહે છે. ડાકુ ઘણા રખડે છે. માટે સાવધાન રહેજો. ગુરુ કહે છે, તેં જે પૂછ્યું હતું તે પ્રમાણે મેં તને સમજાવ્યું. હવે તારે કાંઈ પૂછવું હોય તે પૂછ. વાત પૂછ્યા પરમાણ રે, હવે શું પૂછવું છે સુજાણ રે,

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ષષ્ઠો નિર્ણય : ।। ૬ ।।**

---

# નિર્ણય – ૭

સંસાર ચક્રમાંથી ઉગરવા માગતા હો તો ભગવાને જેમ કહ્યું છે તેમ કરજો. ધર્મને મજબૂત કરવા માટે આ ગ્રંથ નિષ્કુળાનંદસ્વામીએ લખ્યો છે. ભગવાન પુરુષોત્તમ નારાયણને રાજી કરવા હોય તો ધર્મ -ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને પરિપકવ કરવા જોઈએ.. ધર્મ જો પરિપકવ હોય તો ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ટકે છે. શિષ્ય

કહે છે, ‘‘ હે ગુરુદેવ !

દોહા :- **ધન્ય ધન્ય મુકતશિરોમણી, ભૂલ્ય ભ્રાંતિના ભાગનાર;**
**અજ્ઞાન તમ ટાળવા, સૂરજ સમ નિરધાર.**
**ઘણા દિવસનું ઘરમાં, સંશય રહ્યું તું શૂળ;**
**તેહ તરત તમે ટાળિયું, મહા મોટા મોહનું મૂળ.**
**વળી પૂછું છું પ્રીતશું, તમે કહેજો કૃપાનિધાન;**
**અનેક જીવ ઉદ્ધારવા, આવે ભૂમિ પર ભગવાન.**
**કલ્યાણ કરી કોટિ કોટિના, પાછા પધારે પોતાને ધામ;**
**કેડે રહે તેના કુળના, તેથી સરે કે ન સરે કામ.**

મુમુક્ષુ કહે છે, હે મુકત શિરોમણિ તમે મારી ભ્રાંતિને અને સંશયરૂપી શૂળને દૂર કર્યાં. મોહ મમતાને પણ દૂર કર્યાં છે. શિષ્ય કહે છે, જોડામાં (બુટમાં) કાંકરો પેસી ગયો હોય તો જલદી કાઢવો પડે નહિંતર કાંકરો વાગે તો બરાબર ચલાય નહિ, તેમ તમે સંશયરૂપી કાંકરો કાઢી નાખ્યો તેથી મને સંતોષ થયો છે.

આ ભૂમિ ઉપર પ્રગટ પ્રભુ હોય ત્યારે કરે કોટિ કોટિનું કલ્યાણ. વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે જેને કલ્યાણ ઈચ્છવું તેને અધર્મીને માર્ગે ચાલવું નહિ અને ધર્મવાળાને માર્ગે ચાલીને સાચા સંતનો સમાગમ કરવો તો નિશ્ચય એ જીવનું કલ્યાણ થાય છે..

સ્વામિનારાયણ ભગવાન એક વખત ભુજનગર પધાર્યા. સુંદરજીભાઈ, હીરજીભાઈ, ગંગારામ મલ્લ આદિક હરિભક્તો સામૈયું કરીને વાજતે ગાજતે સંતોએ સહિત શ્રીજીમહારાજને સુંદરજીભાઈના ઘરે પધરાવ્યા. પ્રભુ ગાદી તકીયા પર બિરાજમાન થયા ત્યારે સર્વે હરિભકતો પ્રભુને સાકરનો પડો, સવા રૂપિયો ને નાળિયેર ભેટ મૂકીને પગે લાગીને સભામાં બેસે. તે વખતે એક ચતુર વાણિયો. કોઈ વેચાતું ન લે એવું જૂનું ને ખોટું નાળિયેર પ્રભુના ચરણમાં મૂકયું.

## નાળિયેર ખોટું છે પણ તમે તો સાચા છો ને !

શ્રીજીમહારાજે નાળીયેર હાથમાં લઈને ખખડાવ્યું તો નાળીયેર ખોટું લાગ્યું. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, તમારું નાળીયેર ખોટું છે. વાણિયાની જાત ચતુર ને ચાલાક હોય તેથી કહ્યું, ‘‘નાળીયેર ખોટું છે. તમે તો ખોટા નથી ને. તો અંતકાળે મને તેડવા

આવજો.'' ખોટાં નાળીયેરમાં કલ્યાણ માગી લીધું. શ્રીજીમહારાજે કહ્યું, ''આ વાણિયો અમને ઠગે છે. ખોટું નાળીયેર આપીને કહે છે કે અંતકાળે તેડવા આવજો. સમય જતાં વાણિયો વૃધ્ધ થયો. અંતકાળે દયાળુ પરમાત્મા હાથમાં નાળીયેર લઈને તેને અક્ષરધામમાં તેડી ગયા. અલ્પ સેવાને મહાન જાણીને તેનું કલ્યાણ કર્યું. પ્રભુ સર્વજીવહિતાવહ છે.

## મુમુક્ષુ સત્સંગ સમાજના હિત અર્થે પૂછે છે..

કલ્યાણ કરી કોટિ કોટિનાં, પાછા પધારે પોતાને ધામ; કેડે રહે તેના કુળના, તેથી સરે કે ન સરે કામ. ભગવાન આ પૃથ્વી ઉપર આવે અનેક જીવાત્માના કલ્યાણ માટે, કાર્ય કરીને પછી પાછા પોતાને ધામ પધારી જાય. પછી જે પાછળથી કુળ હોય તેના થકી કલ્યાણ થાય કે ન થાય. **ચોપાઈ :-**

**પ્રભુ હોય પ્રગટ પ્રમાણ રે, ત્યારે કરે બહુનાં કલ્યાણ રે;**
**જ્યાં જ્યાં હરિ ધરે અવતાર રે, કહું સાંભળજો કરી પ્યાર રે.**
**ખગ મૃગ જળચરમાંય રે, ધરે નર દેહ આપ ઈચ્છાય રે;**
**વિપ્ર નૃપ જાણો જોગી માંય રે, થાય પ્રભુજી પ્રગટ ત્યાંય રે.**

પ્રગટ પ્રભુ આ ભૂમિ ઉપર હોય ત્યારે કરે બહુનાં કલ્યાણ, પુરુષોત્તમ નારાયણ આ ભૂમિ ઉપર અવતાર લઈને આવે છે. ખગ, મૃગ, કચ્છ, વારાહરૂપે

**તેના વંશના રહે છે વાંસે રે, ભલા ગુણના ભરેલ ભાસે રે;**
**દઢ હોય ધર્મ નિમ માંઈ રે, અયોગ્ય આચરણ ન કરે કાંઈ રે.**
**રૂડી રીતને પાળે પળાવે રે, સંશય શોકનાં ખાતાં વળાવે રે**
**રહે પ્રભુની મરજી પ્રમાણ રે, મેલી મન મમતાની તાણ રે**
**આપ સ્વારથ સારવા સારું રે, કેદિ કરે નહિ મારું તારું રે**

પ્રભુનો પાછલો વંશ હોય, સદ્ગુણ યુકત હોય, મારું તારું એવો કોઈ સ્વાર્થ ન હોય, સાચો ઉપદેશ આપતા હોય, ધર્મનું પોતે પાલન કરે ને પછી બીજાને પાલન કરાવે. કેવળ બતાવવાનો ધર્મ ન હોય. જીવનમાં વણાઈ ગયો હોય ધર્મ. એના જીવનમાં કામ, ક્રોધ, લોભ હોય નહિ. મોહ મમતા ને માન તજી દીધાં હોય તેવું જો ભગવાનનું કુળ હોય તો તેના થકી કલ્યાણ થાય છે. શ્રીહરિના ગમતામાંઈ સદા સર્વથા રહે સદાઈ, તેને મળી પામે જીવ પાર તેમાં નથી જો સંશય લગાર.

**પણ ન હોય ધર્મ નિમમાંઈ રે, રહે અંતરે અધર્મ છાઈ રે.**
**એવા પ્રભુ કેડયના રહી જાય રે, તેથી શ્રેય થાય કે ન થાય રે;**
**કહ્યા મો'રે શુભ ગુણ સોય રે, તે તો હોય કે વળી ન હોય રે.**
**કલ્યાણકારી મોટપ થોડી રે, રહ્યા જગ મોટાયે મન જોડીરે ;**
**વ્યવહારિક મોટપ માંઈ રે, વાવરે છે બુધ્ધિ બહુ ત્યાંઈ રે.**

આપણા ઉધ્ધવ સંપ્રદાયના આચાર્યની પરંપરા ચાલે છે તેની સ્પષ્ટતા નિષ્કુળાનંદ સ્વામી કરે છે, તે સ્વામિનારાયણ ભગવાનના વંશજ છે. કોઈ પણ સંપ્રદાય હોય તેનો પાછળ વંશ ચાલે છે. તેની વાત સ્વામી કરે છે. કલ્યાણકારી ગુણ ન હોય, વ્યવહારિકતામાં મારી કેમ મોટાઈ વધે એવું જો તાન હોય તો તે આચાર્યની ખામી છે તે બાબતમાં બહુ બુધ્ધિ વાપરે અને પ્રભુની આજ્ઞા પાલન કરવામાં ઢીલા હોય તો તેથી કોઈ દિવસ કલ્યાણ થતું નથી. એમ નિષ્કુળાનંદસ્વામી કહે છે..

**સહુથી સરસ ભોગવે છે સુખરે, નથી કોઈ વાતનું વળી દુઃખ રે;**
**મુખે કહે છે મો'રે મોટાઈ રે, તે માંયલી નથી પોતા માંઈ રે.**

બહુ ઊંચી કક્ષાનું લૌકિક સુખ ભોગવે છે. કોઈ વાતનું એને દુઃખ નથી. મુખે કહે છે મો'રની મોટાઈ. અમારા બાપદાદાની આ ગાદી ચાલી આવે છે. પરંપપરાની ગાદી છે. અમારા વંશમાં મહાપ્રતાપી મહાપુરુષો થયા છે. પૂર્વની મોટાઈ વખાણે, પણ તે માંયલી નથી પોતાનામાંઈ રે. પૂર્વના જે પોતાના વંશમાં મોટા થયા. તે માંયલા પોતાનામાં કાંઈ સદ્‌ગુણ નથી. પોતાનામાં વડીલના જેવા સદ્‌ગુણો હોવા જોઈએ ને.

## સ્વામિનારાયણ ભગવાને સદ્‌ગુણી આચાર્યની સ્થાપના કરી

શ્રીજીમહારાજ કહે છે, અમે જે બે આચાર્યો સ્થાપ્યા છે તે અમારી બાંધેલી મર્યાદા અને આજ્ઞાને કયારે લોપશે નહિ. રાત દિવસ ધર્મ પાળવામાં સાવધાન રહેશે. રૂડા ગુણ જોઈને અમે તેમને સત્સંગની જવાબદારી સોંપી છે. જેનું વર્તન વાતો કરે તે સાચો સંત. જેનું આચરણ ઉપદેશ આપે તે સાચા આચાર્ય. સ્વામિનારાયણ ભગવાન કહે છે, મેં જે આચાર્ય સ્થાપ્યા છે તે ધન-સ્ત્રી માટે જયાં ત્યાં ફરે તેવા નથી. પણ ધર્મને ધારણ કરનારા છે.

શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે સાધુના ધર્મો લખ્યા. ગૃહસ્થના ધર્મો લખ્યા

છે. આચાર્યના ધર્મો લખ્યા. આચાર્ય પત્નીના ધર્મ લખ્યા અને સધવા અને વિધવા બાઈઓના ધર્મો લખ્યા છે. સૌને એ પ્રમાણે રહેવું એ આપણી ફરજ છે અને માયાથી મુકત બનાવીને અક્ષરધામમાં લઈ જવા તે પરમાત્માની ફરજ છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, પરમેશ્વરના વચનને મૂકીને જીવ જ્યારે આડો અવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે અને જો વચનને વિષે રહે તો દુઃખ ન આવે, અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું અને જેટલું ભગવાનનું વચન લોપે છે તેટલો કલેશ થાય છે માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું. તેમાં જેટલો ફેર પડે છે. તેટલો કલેશ થાય છે. પ્રભુની આજ્ઞામાં રહેવામાં મઝા છે.

**એવા થકા ભૂમિયે ફરે છે રે, આપી ઉપદેશ શિષ્ય કરે છે રે;**
**કહે છે કલ્યાણ છે અમ પાસે રે, આવો મંત્ર લઈ થાઓ દાસરે.**
**આપો તન મન ધન અમને રે, ભવપાર કરિયે તમને રે;**
**નથી હરિની હદમાં હાલતા રે, રહે છે મનગમતે મા'લતા રે.**
**ચાલે પ્રભુની મરજાદ ત્રોડી રે, રહે છે વિષય સાથે મન જોડી રે;**

નિષ્કુળાનંદસ્વામી કહે છે :-

એવા થકા ભૂમિયે ફરે છે, આપી ઉપદેશ શિષ્ય કરે છે; શું કહે છે ? કહે છે કે કલ્યાણ અમારી પાસે છે. આવો મંત્ર લઈ થાઓ દાસ, કલ્યાણ અમારી પાસે છે. ભગવાન વારસો અમને આપી ગયા છે. અમે એમના વંશ છીએ. ગુરુમંત્ર લ્યો. તમારું કલ્યાણ થશે. તન, મન, ધન અમને આપી દો. અમે તમારું કલ્યાણ કરશું. ભવપાર કરિયે તમને... હરિની હદમાં હાલતા નથી. પ્રભુની મરજાદા તોડીને વિષય સાથે મન જોડીને બેઠા છે ને મોટી મોટી વાતો કરે છે. આવા પ્રભુના વંશપરંપરાથી કલ્યાણ થશે કે કેમ ? તેની વાત મને હે ગુરુજી પ્રેમથી સરખી રીતે સમજાવો.

ગુરુજી કહે છે, અધર્મી આચાર્યથી કલ્યાણ થશે નહિ. દુનિયામાં આચાર્યોની કોઈ તાણ નથી અનેક આચાર્ય છે. પાપના પર્વત હોય નીતિ નિયમનું પાલન ન હોય તે શું બીજાનું કલ્યાણ કરશે ? ખુદ એનું કલ્યાણ ઉધારે પડ્યું હોય તે બીજાનું શું કલ્યાણ કરશે ? પણ ધન્ય છે આપણા આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજને. અનેક જીવાત્માને મોક્ષનો માર્ગ બતાવ્યો છે. શિષ્ય કહે છે :-

**વળી પુછું છું એક મહારાજરે, બહુ અવતાર ધર્યાનું શું કાજરે;**
**કાં હરિ ન રહે એકજ રૂપે રે, શીદ થાય છે બહુ સ્વરૂપ રે.**
**એક હોતતો ભજત સહુ એને રે, ખેંચતાણ રહત નહિ કેને રે;**
**સહુ ભાવે કરત ભજન રે, એક બીજામાં મેળવી મન રે.**
**હેતે હળીમળી રહત ભેળા રે, દિલે ન રહત કોય દુભેલા રે;**
**આ તો પરસ્પર પડી આંટી રે, માંહોમાંહે થઈ રહ્યા માટી રે.**
**એક બીજાને નિશ્ચે નંદે છે રે, સહુ સહુ પોતાને વંદે છે રે;**
**એક એકની ઉપાસના માંઈ રે, કાઢે ખોળી ખાંચ ખોટ કાંઈ રે.**

શિષ્ય કહે છે, ભગવાન અનેક રૂપે શા માટે થાય છે ? એકનું એક રૂપ ધરીને આ પૃથ્વી પર પધારે તો કોઈને એક બીજામાં ખેંચતાણ થાય નહિ. એકબીજામાં મેળવી મન, સૌ ભાવે કરત ભજન. હેતે હળી મળી રહેત ભેળા, દિલમાં કોઈ ન રહત દુભેલા. શિષ્ય કહે છે. ભગવાન ભલે ઘણી વખત આ ભૂમિ ઉપર પધાર્યા, એનો કોઈ વાંધો નહિ પણ જ્યારે આવે ત્યારે એક રૂપેજ આવવું જોઈએ. જુદા જુદા રૂપે પધારે એટલે ખેંચતાણ થાય અને એકબીજાની નિંદા કરે છે અને પોતાના માનેલાને વંદન કરે છે. એક બીજાની ઉપાસનામાં ખોળી ખોળીને ખોટ કાઢે છે. તે તો સહુ મળી નિંદે છે નાથરે, હીણું કરે છે પોતાને હાથ રે; તેની કેવી દશા થાશે તે સાંભળો !

**તેમાં નહિ આવે સ્વપ્ને સુખરે, થાશે સહુનું શ્યામશાહી મુખરે.**
**એમાં કમાણી શી કમાશે રે, ઠાલો જનમ એળે ગુમાવશે રે;**
**એવી ભૂલવણી છે જો ભારે રે, માટે પૂછું છું હું વારે વારે રે.**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ !

ભગવાન જુદાં જુદાં રૂપ ધરીને આ પૃથ્વી પર આવ્યા તેથી ગરબડ બહુ ભારે થઈ, એક અવતારને નિંદે ને બીજા અવતારને ભજે છે. જો ભગવાન એકજ રૂપે આવ્યા હોત તો આ પૃથ્વી ઉપર તો નિંદા કરવાનો પ્રશ્ન જ રહેત નહિ. ભલે બહુ વખત આવ્યા પણ ભગવાન એક રૂપે કેમ ન આવ્યા. ભગવાનની નિંદા કરનારને, સ્વપ્નામાં પણ સુખ થાશે નહિ. અને ઠાલો જનમ એળે ગુમાવશે. એમાં કમાણી શું કમાશે. શિષ્ય કહે છે :-

**કહેજો જો હોય કહેવા જેવું રે, નહિ તો ધોળ્યું પરુ નવ કહેવું રે;**

**મેં તો સહેજે પૂછ્યું સંતજન રે, નથી સંશય એનો મારે મન રે.**
**મેં તો સમજી સાબિત કીધું છે રે, દઢ અંતરે ધારી લીધું છે રે;**
**પ્રભુ પ્રકટ વિના કલ્યાણ રે, નથી માનતો હું નિરવાણ રે.**
**એની નિગઠ ગાંઠય વળી છે રે, બીજી સર્વે ભ્રાંતિ ટળી છે રે;**

શ્રીજીમહારાજ ગઢડા અં.૧૦ વચનામૃતમાં કહે છે. જીવ જયારે પરમેશ્વરને શરણે જાય ત્યારે ભગવાનની માયાને તરે છે ને નારદ સનકાદિક પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે ને ભગવાનનો પાર્ષદ થાય છે.

## આત્માનું કાયમી નિવાસસ્થાન અક્ષરધામ છે.

જેને પોતાનું કલ્યાણ કરવું હોય તેને શું કરવું ? શ્રીજી મહારાજ કહે છે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તેને દેહના જે સગાંસંબંધી હોય તે સાથે હેત રાખવું નહિ અને સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કરવું.

જૂનાગઢના નવાબ બહાદુરખાન કચેરીમાં બેઠા હતા. તેની પાસે દિલ્હીના એક કવિ અને એક જૂનાગઢના કવિ એ બે કવિ આવીને પોતાની કવિતાની ઝલક રાજાને સંભળાવી. બેયના મનમાં એમ છે કે અમારી કવિતા બરાબર છે. તેથી અમને રાજી થઈને ઈનામ આપશે અને અમારી પ્રસંશા કરશે, ત્યારે નવાબે કહ્યું, ''કવિતા કેવી થઈ છે તેની પરીક્ષા કવિ જ કરી શકે.'' હજુરીને કહ્યું, તમે સગરામ ગાડી લઈને જાવ. શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધુ બ્રહ્માનંદજી શીઘ્ર કવિ છે તે બરાબર ન્યાય આપશે કે કયા કવિની ઝલક ચડિયાતી છે. પછી આગળ આપણે વિચારશું.

સંતોની સાથે બ્રહ્માનંદસ્વામી રાજ્ય દરબારમાં પધાર્યા. બેય કવિએ કવિતાની ઝલક જુદી જુદી સંભળાવી ત્યારે બ્રહ્માનંદસ્વામી કાંઈ બોલ્યા નહિ. ત્યારે રાજાએ કહ્યું, આપતો સમર્થ સંત છો. કવિની કાંઈ ભૂલ હોય તો કહો. બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, કવિતામાં એજ ભૂલ છે કે તેમાં ખુદાના સ્વરૂપનું વર્ણન નથી. કવિતા લુખ્ખી ને સૂકી છે.

## ગાવા જેવા તો ખુદાના યશ છે.

વ્યર્થ ગાવાથી શું ફાયદો ! માનવીના યશ ગાવાથી શું મળવાનું છે. ગાવા જેવા તો પરમાત્માના ગુણ છે. માટે મસ્ત બનીને પ્રભુના ગુણ ગાવ.

**પ્રભુના નામ વિનાની કવિતા નકામી,**
**ફળમાં મીઠાશ ન હોય તો ફળ નકામું;**
**તેમ સત્સંગ વિના જીવન નકામું.**

ત્યારે નવાબ સરકારે કહ્યું, ''સ્વામી તમે ખુદાના યશની કવિતા અમને સંભળાવો'' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ ભાવવિભોર બની અંતરમાં શ્રીજીમહારાજની મૂર્તિ સંભારીને ભજન શરૂ કર્યું.

## છંદ રેણકી :

**સરસર પર સધર અમરતર અનુસર કરકર વરઘર મેલ કરે,**
**હરિ હર સુર અવર, અછર અતી મનહર ભરભર મતિ ઉર હરખ ભરે;**
**નિરખત નર પ્રવર પ્રવરગણ નીરજર નિકટ મુકુટ શીર સવર નમે,**
**ધણરવ પટ ફરર ઘરર પદ ઘુઘર રંગભર સુંદર શ્યામ રમે....**
**જીરે રંગભર સુંદર શ્યામ રમે...**

દિવ્ય વાતાવરણ સરસાઈ ગયું. કચેરીમાં બેઠેલા શ્રોતાઓના હૃદય ભક્તિરસથી અલૌકિક આનંદમાં મગ્ન થઈ ગયાં.. સાંભળતા જાય ને ડોલતા જાય. વાહ કવિરાજ વાહ.. છંદ અષ્ટક પુરા થયા ત્યારે બધા બોલ્યા ધન્ય છે બ્રહ્માનંદજી તમને. પ્રભુના થઈને પ્રભુના પ્રેમરસમાં સૌને તલ્લીન કરી દીધા. રાજા નવાબ સરકારે અતિ પ્રસન્ન થઈને સ્વામી બ્રહ્માનંદજીના ચરણમાં સોનેરી પોશાક, સોનાના દાગીના અને ૧૦૦૦ રૂપિયા ભેટ અર્પણ કરી રાજીપો વ્યકત કર્યો.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા, ''હું સ્વામિનારાયણ ભગવાનનો સ્ત્રી, ધનનો ત્યાગી સાધુ છું. આવી કિંમતી વસ્તુ અમારાથી લેવાય નહિ. આ તમામ ભેટ અમારી વતીથી આ બે કવિઓને આપી દો.'' કવિ રાજી રાજી થઈ ગયા. ગુણભાવ આવી ગયો કે કેવા નિષ્કંચન ત્યાગી સાધુ છે. આવી કિંમતી ભેટ પણ લેતા નથી. પછી નવાબ સરકારે બે હાથ જોડી નમ્રતાથી કહ્યું, ''સ્વામીજી, કાંઈક ભેટ સ્વીકારશો તો મને સંતોષ થશે. માટે તમને યોગ્ય લાગે તે રાજી થઈને કહો. હું શું સેવા કરું.''

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, ''હે રાજન... આપ જો મારા ઉપર પ્રસન્ન થયા હો, તો આ જૂનાગઢ શહેરમાં અમારે સ્વામિનારાયણ ભગવાનનું મંદિર કરવું છે. તો મંદિર માટે જમીન આપો. નવાબ રાજાએ રાજી થઈને વિશાળ જગ્યા મંદિર

માટે અર્પણ કરી. ત્રાંબાના પતરામાં પાકો લેખ કરી આપ્યો. નવાબ સરકારને સ્વામી ઉપર અને સ્વામિનારાયણ ભગવાન ઉપર ઘણો હેતભાવ સદાય રહેતો. સમય જતાં નવાબ સરકારનો અંતસમય આવ્યો ત્યારે શ્રીજીમહારાજ અનંત મુકતો સહિત તેમને દિવ્ય દર્શન આપીને અક્ષરધામમાં તેડી ગયા.

નવાબ સરકારે જપ, તપ, પૂજા, પાઠ, સત્સંગ, સમૈયા, નીતિ નિયમ કાંઈ નહોતું કર્યું પણ પ્રભુ દયાળુ છે એટલે તેનું પણ કલ્યાણ કર્યું.

## મંદિર માટે જમીન આપી તો તેનું કલ્યાણ થઈ ગયું.

ભગવાનને અર્થે ભૂમિનું દાન કરવું એ મોટું કામ છે. આ છે પ્રગટ પ્રભુનો મહિમા. નવાબનું આ સત્કર્મ સોનું બની ગયું. ભગવાનની ભક્તિ એ સોનું છે. એનો ક્ષય થતો નથી પણ એક વાત સમજવા જેવી છે. ભગવાન જીવાત્માને શુધ્ધ કરવા પહેલાં બદ્રીકાશ્રમમાં લઈ જાય છે ત્યાં તપ કરાવી પછી જ્યારે શુધ્ધ સોળવલ્લા સોના જેવો આત્મા થશે ત્યાર પછી અક્ષરધામમાં લઈ જશે. શિષ્ય કહે છે હે ગુરુદેવ .

**એક પુરીષ ને પરદોષરે, એને ઉઘાડતાં અપશોષરે;**
**હવે એવો નહિ કરું ઉચ્ચાર રે, શોધી લીધું છે સર્વેનું સાર રે.**
**પણ બીજાને સમજ્વા સારું રે, પૂછવું છે મહારાજ મારું રે;**
**રખે પ્રપંચમાં કોઈ પડે રે, એમ મારું મન ઘાટ ઘડે રે.**

આ કથા બહુ સમજવા જેવી છે. એક પુરીષને પરદોષ, એને ઉઘાડતાં અફશોષ. કોઈના પરદોષ જોવામાં કાંઈ ફાયદો નથી. ઉકરડામાં કાંઈ સારી વસ્તુ નીકળે નહિ. ગંદી વસ્તુજ નીકળે. માણસ માત્રમાં નાનો કે મોટો કાંઈ પણ દોષ હોય જ. પૂર્ણ નિર્દોષ હોય જ નહિ. પૂર્ણ નિર્દોષ તો એક પરમાત્મા છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કોઈનાં વગોણાં કરવાં નહિ, દોષ દાટવામાં ફાયદો છે, દોષને ખુલ્લા કરવામાં ફાયદો નથી.

ઘરની વાત બહાર કરાય નહિ. દીકરા દીકરીમાં દોષ થઈ જાય તો આપણે બહાર વાત કરતા નથી, તેમ જેણે સત્સંગને પોતાનું ઘર માન્યું હોય, સત્સંગ જ્યારે પોતાનું કટુંબ સમજાશે, સાચા સંતો પોતાના ભાઈ સમજાશે, ભક્તજનો દીકરા જેવા સમજાશે ત્યારે એક બીજાના દોષ ખુલ્લા કરવાનું મટી જશે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, સત્સંગમાં કેવું હેત કરવું ? જેવું દેહમાં હેત છે તેવું હેત ભગવાનમાં

કરવું.

**જેવું હેત દેહમાં છે તેવું હેત ભગવાનમાં કરવું.**

દેહના સંબંધીમાં હેત છે તેવું હેત સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતોમાં અને સાચા સત્સંગમાં કરવું. પરદોષ ગાયાજ કરશો તો તે દોષ તમારામાં આવશે. ભગવાનમાં આસ્થા રાખે છે તે સમૃધ્ધ બને છે.

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે સપ્તમો નિર્ણય: ।।૭।।**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૮

ભગવાનના માર્ગમાં પગ મૂકવો એ હરિકૃપા વગર સંભવતું નથી. અનેક જન્મનાં પુણ્ય ભેગાં થાય ત્યારે કલ્યાણનિર્ણય જેવા બળવાન શાસ્ત્રો વાંચવાનો અને સાંભળવાનો લ્હાવો મળે છે. મુકતો કહે છે, હે મુમુક્ષુ સાંભળ.

દોહા :- **મુક્ત વચન એવાં સાંભળી, વળી બોલિયા કરી હેત;**
**શુધ્ધ મુમુક્ષુ સાંભળો, કહું સર્વે વિગતિ સમેત.**
**પ્રથમ કહું હું પ્રિછવી, પ્રભુ પ્રગટના અવતાર;**
**પછી કહું તેનાં કુળનું, નિશ્ચય કરી નિરધાર.**
**એકે અનેક પ્રકારના, સરે નહિ સેવકનાં કાજ;**
**તે સારું તન જુજવાં, ધરણિયે ધરે છે મહારાજ.**
**વારિ વસુધા વ્યોમમાં, દુષ્ટે દુ:ખી કર્યા હોય દાસ;**
**આરત વાનને અરથે, આપે આવે છે અવિનાશ.**

મુકત હેતપૂર્વક મુમુક્ષુને કહે છે, વિગત સહિત તારા પ્રશ્નનો ઉત્તર તને આપીશ. એક રૂપે નહિ પણ અનેક રૂપે ભગવાન શા માટે આવે છે તે વાત હું તમને કહું છું તે સાંભળો. એક રૂપે આવ્યા હોત તો શાંતિ ઘણી થાત, એક અવતારને માને ને બીજાને ન માને આવો ઉત્પાત થાત નહિ, ગુરુજી કહે છે, ‘‘એક રૂપે ચાલે એમ નથી. ભકતોના રક્ષણ માટે જૂજવાં રૂપ ધરી ધરણીયે પધારે છે. મહારાજ શા માટે આ ભૂમંડળ પર પ્રભુ પધારે છે ? દાસને જયારે દુષ્ટ દુ:ખી કરે છે ત્યારે આર્તવાનને અર્થે, આપે આવે છે અવિનાશ. **ચોપાઈ :-**

**એક અવતાર એકને કાજે, મહેર કરી લિયે છે મહારાજ રે;**
**તેનાં સર્વે સંકટ ટાળે છે રે, પ્રીતે પૂરણ લાડ પાળે છે રે.**
**હેતે હળીમળી તેહ સાથ રે, નૌતમ સુખ આપે તેને નાથ રે;**
**તે તો થાય છે પૂરણકામ રે, વળી પામે છે પ્રભુનું ધામ રે.**
**એહ વિના હોય હરિદાસ રે, તેનો કષ્ટ કરવો હોય નાશ રે;**
**ત્યારે એ તને જતન ન થાય રે, એમ સમજવું મન માંય રે.**

ભગવાન આ ભૂમિ ઉપર પધારે છે પોતાના ભકતનું રક્ષણ કરવા અને ભકતજનોના મનોરથ પૂર્ણ કરવા. પ્રેમ લેવા અને પ્રેમ દેવા પ્રભુ અવતરિત થાય છે. હેતે હળીમળી ભકત સાથ, નૌતમ સુખ આપે છે નાથ; તે થાય છે પૂર્ણકામ, વળી પામે છે પ્રભુનું ધામ.

શ્રીજીમહારાજ ગઢપુરમાં લીલુડા લીંબવૃક્ષ નીચે સંતો અને ભક્તજનોની સભામાં ઢોલીયા ઉપર બિરાજમાન થયા છે, તે વખતે એક દરજી શ્રીજીમહારાજને નમસ્કાર કરીને સભામાં બેઠો. શ્રીજીમહારાજે કહ્યું, ‘‘માનવ દેહ કેવળ સંસારના વિષય ભોગવવામાં વેડફી નાખવા માટે નથી. વર્તમાન ધરાવીને નીતિ નિયમનું પાલન કરે છે તે આ લોક અને પરલોકમાં સુખી થાય છે.’’ ત્યારે દરજીએ કહ્યું, ‘‘મને કોલ આપો કે અંતકાળે હું તમને તેડવા આવીશ તો તમારા હાથે વર્તમાન ધરાવું.’’

શ્રીજીમહારાજે કહ્યું, ‘‘તમે વર્તમાન ધરાવશો અને અમારી આજ્ઞાનું પાલન કરશો તો હું ચોક્કસ તમને અંતકાળે તેડવા આવીશ.’’ પછી શ્રીજીમહારાજે વર્તમાન ધરાવી ધર્મ નિયમની રીતભાત શીખવાડી. સત્સંગી થયા પણ સંસારમાં મોહ મમતા ઘણી હતી. ખીચડીમાં મીઠું પડે એટલી ભકિત કરે, સવારના પાંચ મીનીટમાં પૂજા પાઠ કરી લે. બાકી કોઈ દિવસ સંતસમાગમ કે કથા, કીર્તન કાંઈ કરે નહિ. હૃદયનો સાવ શુષ્ક હતો. પ્રભુમાં સ્નેહ નહિ. સ્નેહ વિનાનું હૃદય એવું, જેવી વર વિનાની જાન.

સમય જતાં વૃધ્ધ થયો. ભગવાન વિમાન લઈને તેડવા આવ્યા. ‘‘ચાલો ભગત, અમે તેડવા આવ્યા છીએ.’’ ભગતે કહ્યું, ‘‘મારા પરણેલ પત્નીનું મૃત્યુ થઈ ગયું છે. ચાર પાંચ વરસ થયાં. બીજાં પત્ની કર્યાં છે તેથી ધામમાં આવવાની મરજી થતી નથી.’’ આવું સાંભળી પ્રભુ ચાલ્યા ગયા. પાંચ વરસ પછી શ્રીજીમહારાજ વિમાન

લઈને પધાર્યા. ''ચાલો ભગત, તૈયાર થઇ જાવ.'' ભગતે કહ્યું, હમણાં અવાય તેમ નથી. તમે નવરા છો. મારો દીકરો ભણે છે. પછી આવીશ. પ્રભુ પાછા ગયા.

પંદર વરસ પછી પ્રભુ આવ્યા. ''અમે તમને વચન દીધું છે તેથી વારંવાર તેડવા આવીએ છીએ. હવે તો ચાલો.'' હે મહારાજ ! ''મારો દીકરો ધંધામાં ધ્યાન દેતો નથી. તેની મને ચિંતા છે. તેથી ધામમાં આવવાનો વિચાર થતો નથી.'' પ્રભુ ત્રીજી વખત પાછા ગયા. પ્રભુને થયું આ વાસનિક જીવ સંસારમાં બંધાઈ ગયો છે અને મારો કોલ છે તે ખોટો થાય નહિ. અને આ વાસનિક જીવાત્મા ધામમાં આવવા તૈયાર નથી. કાંઈક યુક્તિ કરવી પડશે.

એમ કરતાં. દરજી એનાં પત્ની અને દીકરાને ત્રણેને ભયંકર રોગ થયો. બહુ રિબાય છે. ચાકરી કરનાર કોઈ નથી. હવે શું કરવું ? ચોથી વખત ભગવાન આવ્યા અને કહ્યું, ''ચાલો ભગત અમે તમને તેડવા આવ્યા છીએ. અમને કેટલા ધક્કા ખવરાવશો ?'' ત્યારે દરજીએ કહ્યું, ''મારો દીકરો કયાં ?'' ભગવાને કહ્યું, ''દીકરો દીકરો શું કરો છો. સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. બોલો. જુવો તમારો દીકરો વિમાનમાં બેઠો છે. તો મહારાજ.. અમારા ગગાની મા કયાં ? એના વગર મને ફાવશે નહિ.'' ભગવાને કહ્યું, એ પણ વિમાનમાં બેસી ગયાં છે. ત્યારે દરજીએ કહ્યું, ''એ ભેગાં હશે તો ચાલીશ.''

વિચાર કરો. જીવાત્મા જયાં જયાં જન્મ લે છે ત્યાં કુટુંબ પરિવારમાં બંધાઈ જાય છે. શ્રીજીમહારાજ તેમને બદરિકાશ્રમમાં તેડી ગયા.

## પ્રભુએ કોલ સત્ય કીધો સંસાર ચકથી ઉગારી લીધો.

ભગવાન સ્વામિનારાયણે કોલ દીધો હતો તેથી બચી ગયો નહિંતર વાસનિક જીવ પ્રેત થઈને ભટકત અને જન્મ મરણના ચક્રમાં ભ્રમણ કરત. જો સંસારના ચક્રમાંથી ઉગરવા માગતા હો તો જગતની વાસનાનો ત્યાગ કરજો અને ભગવાને જેમ કહ્યું છે તેમ કરજો. ગુરુજી કહે છે :-

**જળવાસી કરે કામ જળનું રે, સ્થળવાસી કરે કામ સ્થળનું રે;**
**માટે નોખા નોખા તન ધરી રે, કામ કરે છે જનનું હરિ રે.**
**જયારે ધરેછે જુજવાં ગાત રે, ત્યારે હોય જુજવી રીતભાત રે;**
**પછી જેવી રીતે જાણે જન રે, તેવી રીતે કરે છે ભજન રે.**

**જેવો ગુણ રૂપ ને આકાર રે, જોઈ જન કરે નિરધાર રે;**
**ધરે આકૃતિ જોઈને ધ્યાન રે, ગુણ રૂપનું કરે છે ગાન રે.**

જળવાસી કરે કામ જળનું, સ્થળ વાસી કરે કામ સ્થળનું; નોખા નોખા દેહ ધરી, કામ કરે ભક્તનું હરિ. ભક્તની રક્ષા કરવા ભગવાન દોડતા આવે છે. જળમાં દુઃખી થાય ભક્ત. ત્યારે ભક્ત આર્તનાદ પડે. ત્યાં પ્રભુ માછલું જ થાય.

દેવો ને દૈત્યે જ્યારે સમુદ્ર મંથન કર્યું, ત્યારે મંદરાચળ પર્વત પાણીમાં ડૂબવા લાગ્યો. ત્યારે ભગવાન માણસ જેવું રૂપ લઈને પર્વતને બાથ ભરાવે નહિ. ત્યાં પ્રભુ વિશાળ કાચબારૂપે બની ગયા. જુદા જુદા રૂપે આવ્યા તેમાં નુકશાની નથી. ફાયદો જ છે. ખેંચતાણ કેમ થાય છે ? માછલું અને કાચબા એમ જુદા મનાઈ જાય છે ત્યાં ખેંચતાણ થાય છે. પ્રભુ એકના એક છે. પણ સમજણમાં ફેર છે. કવિ ગાય છે...

**રૂપ તો ધર્યાં અનેક, ભક્તોની રાખી ટેક;**
**અંતે તું એકનો એક... કયા નામે લખવી કંકોતરી...**
**કોઈ તને રામ કહે, કોઈ રાધે શ્યામ કહે..**
**કોઈ કહે ભક્તિમાના બાળ... કયા નામે...**
**હરિ તારાં છે હજાર નામ... કયા નામે લખવી કંકોતરી....**

પ્રભુ સમ્રાટ રાજાધિરાજ છે. અનંતકોટી બ્રહ્માંડના નિયામક છે. પોતાના અક્ષરધામમાં બિરાજે છે. જ્યાં પોતાનું રૂપ પ્રકાશવું હોય ત્યાં તેવા રૂપે પ્રકાશે છે. નિષ્કુળાનંદજી કહે છે :-

**કોઈ કહે છે મુખે મત્સ્ય મત્સ્ય રે, કોઈ કહે છે કલ્યાણકારી કચ્છરે;**
**કોઈ કહે છે વરાહ વરાહા રે, કોઈને નરસિંહજી પ્યારા રે.**
**કોઈ ભજે વામન પરશુરામ રે, કોઈ લિયે રામજીનું નામ રે;**
**કોઈ કૃષ્ણ કૃષ્ણ કહી રહે છે રે, કોઈ બુધ્ધ કલકી કહે છે રે.**
**તે તો જેને મળ્યા પ્રભુ જેવા રે, તેના મનમાં રહ્યા છે તેવા રે;**
**તે તો બીજે રૂપે નવ રાચે રે, કર્યું અતિ દઢ મન સાચે રે.**
**સહુને પોતાના ઈષ્ટ છે પ્યારા રે, તેના ગુણ આકાર લાગે સારા રે;**

કોઈ મત્સ્ય મત્સ્ય કરે છે, કોઈ વરાહને ભજે છે; કોઈક ભક્તને નરસિંહ પ્યારા છે, કોઈ ભક્તને વામનજીમાં હેત છે. કોઈક રામ, કૃષ્ણ ગોવિંદ વિગેરે

ભગવાનનું નામ સ્મરણ કરે છે. સહુને પોતાના ઈષ્ટદેવ પ્યારા છે અને તેના ગુણ ગાવા સારા લાગે છે.

પ્રહ્લાદજીને એના પિતાએ અસહ્ય દુઃખી કર્યા. હિરણ્યકશિપુએ વરદાન માગ્યું કે હું કોઈથી ન મરું. તો પછી મરે કોનાથી ? પ્રભુ અડધું શરીર સિંહનું ને બીજા માણસ જેવું રૂપ લીધું ને પાપીનો નાશ કર્યો. એ વખતે જેણે નૃસિંહજીનાં દર્શન કર્યાં. તેમની ઉપાસના કરી. સ્વામિનારાયણની ઉપાસના કરનારો ધામમાં જાય અને નૃસિંહ ભગવાનની ઉપાસના કરનારો. રામ, કૃષ્ણની ઉપાસના કરનારો ધામમાં ન જાય તે બિલકુલ ગલત વાત છે.

## આ ગ્રંથ સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે..

સ્વામિનારાયણ ભગવાનના ભક્ત થવાથી અક્ષરધામ મળી જાય એવું નથી. સ્વામિનારાયણ ભગવાને જેમ કહ્યું છે તે પ્રમાણે વર્તવાથી અક્ષરધામમાં જવાય છે. અનેક અવતારો અનેક જીવાત્માના રક્ષણ કરવા માટે આ પૃથ્વી ઉપર થાય છે. જો માયા તજે તો તે પ્રભુને પામી જાય. ભજવા ભજવામાં ફેર છે. ભગવાન દયાળુ છે. એક હાથીએ પોકાર કર્યો તો ભગવાન દોડતા આવ્યા. ઊંડાણમાંથી આર્ત બનીને બોલાવીએ તો ભગવાન આવે જ છે.

**ગુરુડ તજીને પાળા પધાર્યા, ગજ સારુ મહારાજ;**
**કરવા અમારાં કાજ. ગુન્હા કરીને માફ પધારો ગુન્હા કરીને માફ.**
**પધારો સહજાનંદજી... ગુન્હા કરીને માફ.**

પાણીમાં સરોવરની અંદર ગજેન્દ્રને ઝૂંડે પકડ્યો. હાથીને આશા હતી મને મારો પરિવાર બચાવશે. પાછળ નજર કરી ત્યાં બધાં મોઢા મરડીને ચાલતાં થઈ ગયાં છે. હવે આ બચે એમ નથી. ગજેન્દ્રને આઘાત લાગ્યો કે મારો પરિવાર દુઃખી સમયે મારા સામું જોતો નથી. બચાવતો નથી. ખરેખર આ જગતમાં કોઈ કોઈનું નથી. પ્રભુ પધારો, મને બચાવો, તમારે શરણે છું. તે વખતે પ્રભુ ગરુડ તજીને દોડતા આવ્યા. હાથીએ પાણીમાંથી કમળ લઈને પ્રભુને અર્પણ કર્યું. પ્રભુએ સુદર્શન ચક્રથી ઝૂંડને મારીને ગજેન્દ્રને બચાવી લીધો. આપણે આર્તનાદથી ભગવાનને બોલાવીએ તો ભગવાન હાજરાહજુર છે, દૂર નથી. નિષ્કુળાનંદસ્વામી કહે છે :-

**એમ સહુએ માન્યુ મનમાંઈ રે, પર ઈષ્ટની ન ગમે મોટાઈ રે.**
**એમ જુજ્વી પડી છે વાત રે, તે તું સમજી લે સાક્ષાત રે;**

**ઝાલી ટેક એક જો સઘળે રે, હવે કોઈ કેને ભેળું ન ભળે રે.**
**અતિ મમતે બંધાણા મત રે, કહે છે એક બીજાનું અસત રે;**
**એમ નિંદે છે એક એકને રે, હારી બેઠા હૈયે વિવેકને રે.**

વિવેક મૂકીને એક બીજાના ઉપાસક ભગવાનની નિંદા કરે છે. કોઈ કોઈ ભેળા ભળતા નથી. બીજાના ઈષ્ટદેવની મોટાઈ એને ગમતી નથી. પર ઈષ્ટની ન ગમે મોટાઈ, એવું માન્યું છે મનમાંઈ. એમ નિંદે છે એક એકને, હારી બેઠા હૈયેથી વિવેકને. નિષ્કુળાનંદ સ્વામીનો મૂળ સિધ્ધાંત એ ઠરે છે કે, કોઈ અવતારની નિંદા ન કરો. પણ આપણને જે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન મળ્યા છે તેમાં પતિવ્રતાની ભક્તિ કરો. અચળ ટેક રાખો.

## કલ્યાણ નિર્ણયની બે પાંખો છે.

પક્ષી પાંખો હોય તોજ ઊડી શકે. આજ્ઞા અને ઉપાસના એ ભગવાન સુધી પહોંચવાની પાંખો છે. આજ્ઞામાં વર્તવાથી સાચું જ્ઞાન થાય છે. ઉપાસના ચોખ્ખી રાખવાથી મન શુધ્ધ થાય છે અને હરિમાં હેત થાય છે. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસનાનું બળ રાખવું. ભક્ત એમ સમજે જે ગમે તેવો પાપી હોય ને અંત સમયે સ્વામિનારાયણનું નામ ઉચ્ચરણ કરે તો સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે. તો જે ભગવાનના આશ્રિત હોય તે ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે ? એમ ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃધ્ધિ પમાડવું. નિષ્કુળાનંદસ્વામી સાર સિધ્ધિમાં કહે છે.

**સહુ પર એ શ્રી હરિ, એની ઉપર નહિ કોઈ એક;**
**પૂર્ણ બ્રહ્મ પુરુષોત્તમ પોતે, એને આધારે બીજા અનેક.**

બીજા અવતારમાં જે શક્તિ ઐશ્વર્ય અને પ્રતાપ જણાય છે તે સર્વેશ્વર સ્વામિનારાયણ પ્રભુની શક્તિથી થાય છે. સ્વામિનારાયણ ભગવાન સમાન તેમનાથી અધિક કોઈ નથી. અવતારના અવતારી તો એહ મને મળ્યા જે ભગવાન તે છે. આવી દ્રઢતા રાખવી તેને કહેવાય સર્વોપરી ઉપાસના.

મુકત કહે છે, હે મુમુક્ષુ હવે તને હરિવંશની વાત કરું છું તે સાંભળ...

**હવે હરિવંશની વાત રે, તે પણ સાંભળજો મારા ભ્રાત રે;**
**દશ ચોવીસ આદિ અપાર રે, જેજેધર્યા હરિયે અવતાર રે.**

**તેને મળ્યા જેજેજન ભાવે રે, તે તે સર્વે કલ્યાણકારી કા'વે રે;**
**કેડે રહ્યું તે કુળ કહેવાય રે, તેથી કલ્યાણ કેદિ ન થાય રે.**
**કહેશો ભક્ત કુળ એકોતર રે, તારે તેમાં નહિ કાંઈ ફેર રે;**
**ત્યારે હરિકુળ કેમ ન તારે રે, તે પણ કહું સુણો સહુ પ્યારારે.**

ગુરુજી કહે છે, બેટા કેવળ ભગવાનના કુળથી કલ્યાણ થાય નહિ. ત્યારે શિષ્ય કહે છે.. શાસ્ત્રમાં વાત છે કે જેના કુળમાં ભક્ત થાય તેની એકોતર પેઢીનો ઉધ્ધાર થાય. તો હરિના કુળમાં જન્મ થાય તો તેનાથી કલ્યાણ કેમ ન થાય ? ત્યારે ગુરુજી કહે છે, ''કેવળ ભગવાનના કુળથી કલ્યાણ થાતું નથી. તે વાત હું સ્પષ્ટ કહું છું. તે સાંભળો.''

**હરિની મરજાદમાં રહે નિત્યે રે, ધર્મ નિમ પાળે રૂડી રીતે રે;**
**લોપે નહિ આજ્ઞા લગાર રે, ચાલે પ્રભુ વચન અનુસાર રે.**
**હોય આજ્ઞાકારી અંગ રે, કેદિ ન કરે આજ્ઞાનો ભંગ રે;**
**એવા થકી થાય કલ્યાણ રે, કહું બીજાની સાંભળ સુજાણ રે;**

હરિના વંશ, હરિની મર્યાદામાં રહેતા હોય, ધર્મ નિયમમાં રૂડી રીતે ખરા ખંતથી ચુસ્તપણે પ્રભુના બાંધેલા જે નિયમો છે તેનું યથાર્થ પાલન કરતા હોય, લોપે નહિ આજ્ઞા લગાર, ચાલે પ્રભુ વચન અનુસાર, રાઈના દાણા જેટલી પણ આજ્ઞા લોપે નહિ, પ્રભુના વચનને અનુસારે ચાલતા હોય આવા લક્ષણે યુકત જો ભગવાનના કુળના હોય તો તે થકી કલ્યાણ થાય છે. હરિની હદમાં હોય તે કલ્યાણ કરે બાકીના કલ્યાણ કરે નહિ. પોતાનું કલ્યાણ ઉધારે છે તો બીજાનું શું કલ્યાણ કરશે.?

શિષ્ય કહે છે, ''પ્રભુના કુળમાં જે ઉત્પન્ન થયા હોય તેના થકી કલ્યાણ થાયજ.'' ત્યારે ગુરુજી કહે છે, ''તને હું વિસ્તારથી સમજાવું છું તે બાબત સાંભળ..''

**મત્સ્ય પ્રભુના મત્યસ્યજકહિયે રે, તેથી કલ્યાણ કહો કેમ લહિયેરે;**
**કૂર્મ પ્રભુ વંશ કચ્છ કહે છે રે, તે પણ કલ્યાણ કાંઈ કરે છે રે ?.**

મત્સ્ય અવતાર કેના થકી ઉત્પન્ન થયા. માછલાનું રૂપ લીધું. તો શું બધાં માછલાં ભગવાનનું કુળ કહેવાય કે નહિ. કહેવાય તો તે બધાં માછલાનું પૂજન કરે, આરતી ઉતારો તો કલ્યાણ થાશે ? શિષ્યે કહ્યું, એનાથી કલ્યાણ ન થાય. કુળના ખરા. પણ એનાથી કલ્યાણ થાય નહિ.

**વરાહ પ્રભુ વંશના ભૂંડણાં રે, નથી દાતા તે કલ્યાણ તણાં રે;**
**નૃસિંહ પ્રભુ વંશના વાઘ રે, તે તો જન જીવના ઘરાગ રે.**

કૂર્મનારાયણ ભગવાન કાચબાના કુળના છે. કાચબારૂપે મંદરાચલ પર્વત પીઠ પર ધારણ કર્યો. સરોવર સમુદ્ર વિગેરે નદીયુમાં કરોડો કાચબા પડ્યા છે. એ બધા ભગવાનના કુળના છે જ ને. તો તેને પગે લાગવાથી પૂજન કરવાથી કલ્યાણ થશે નહિ થાય.

વરાહ પ્રભુ વંશના ભૂંડણારે, નથી દાતા તે કલ્યાણતણા રે. ભૂંડ વરાહ નારાયણના કુળના છે. ભૂંડનું પૂજન કરવાથી શું કલ્યાણ થશે. નહિ થાય. વાઘ નૃસિંહ ભગવાનના કુળના છે. વાઘ પાસે જઈને નમસ્કાર કરાશે ? નહિ કરાય. મારી ખાશે. ગુરુજી કહે છે, હે શિષ્ય, ભગવાનના કુળના છે, ભગવાનના કુળના છે એમ કરીને જ્યાં ત્યાં ચોંટજે નહિ.

**વામન પ્રભુ વંશ બ્રહ્મચારી રે, તે પણ ક્યાં થકી કલ્યાણકારી રે;**
**પરશુરામ વંશ પણ વરણી રે, તેનો ક્રોધ જોઈ ધ્રુજે ધરણી રે.**
**રામવંશના જાદવ જાણો રે, તેમાં કલ્યાણ ક્યાંથી પ્રમાણો રે;**
**બુધ્ધ પ્રભુના બોધજ આપીરે, કહે છે કલ્યાણની જડ કાપી રે.**
**કલકિ કેડે કળિમળ રહેશે રે, તેમાં કલ્યાણનું કોણ કહેશે રે;**

કેવળ ભગવાનના વંશથી કલ્યાણ થતું નથી. રામચંદ્રજી ભગવાન રઘુકુળના છે. અડધું જગત રઘુકુળથી ભરેલું છે. તે બધા ભગવાનના કુળના કહેવાય તો તેનું પૂજન કરવાથી કલ્યાણ થશે ? નહિ થાય. ચંદ્રવંશમાં ભગવાન કૃષ્ણનું પ્રાગટ્ય થયું. તેના વંશના અનેક મનુષ્યો છે. તો તે બધાને પૂજવાથી કલ્યાણ થાશે ? નહિ થાય.

## બળવાન વ્યક્તિ ભગવાનને માર્ગે ચાલી શકે છે.

ગ.મ.૩૫ કાયરનું કામ નથી.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કલ્યાણ વિષેની કેવી વાત કરે છે તે જોઈએ. ચાર વાનાં જીવનમાં અપનાવવાથી કલ્યાણ થાય છે.

૧) પોતાના ધર્મમાં રહેવું.
૨) ભગવાનના સ્વરૂપની ઉપાસના કરવી.
૩) ભગવાનના અવતાર ચરિત્રનું શ્રવણ કીર્તન કરવું.

૪) ભગવાનનું નામસ્મરણ કરવું. આ ચારવાનાં જીવના અતિશય કલ્યાણને અર્થે છે.

ભગવાનની સ્મૃતિ સહિત જો સ્વામિનારાયણનું નામ સ્મરણ થાય તો તે ભક્ત મહાસુખીયો થાય છે અને અક્ષરધામને પામે છે. પતિવ્રતાની પેઠે ટેક રાખીને ભજન કરવું અને ધ્યાન પણ પોતાના ઈષ્ટદેવનું જ કરવું. સ્વરૂપનિષ્ઠા પરિપકવ રાખવી.

વાંકીયા ગામના ખેડૂત અરજણ પટેલ હતા. એક વખત સ્વામિનારાયણ ભગવાનના સંતો દેશાંતરમાં સત્સંગ કરાવતા કરાવતા ગામ વાંકીયા પધાર્યા. મહાદેવના મંદિરમાં ઉતારો કર્યો. કોઈ માણસ પસાર થાય તેને સંતો પ્રેમથી બોલાવે. એ ભગત ! અહીં આવો, થોડીવાર બેસો. ધંધો તો આખી જિંદગી કરવાનો છે અનેક મુશ્કેલી વેઠીને દેહ માટે કમાણી કરો છો ? તેમ મૃત્યુ પછી સદા સુખ આપે અને સાથે ચાલે એવી કમાણી પણ સાથોસાથ કરવી જોઈએ. ખરે વખતે એ કમાણી બહુ જ કામ આવે છે. એ કમાણી છે પ્રભુની ભજન-ભક્તિ, પૂજા-પાઠ અને સંત સમાગમ. એમ કહીને મધુર કંઠે કીર્તન શરૂ કર્યું.

**મનુષ્ય દેહ ધરીને મૂરખ, તે શું કરી કમાણીજી;**
**શ્વાનતણી પેર ફરતો ડોલે, બોલે મિથ્યા વાણીજી... મનુષ્ય...**
**પેટ ભર્યાનો ઉદ્યમ કીધો, રાત દિવસ ધન રળિયોજી;**
**નરતનનું મહાત્મ્ય નવ જાણ્યું, પશુ જાતિમાં ભળીયોજી... મનુષ્ય...**

સંતોએ કહ્યું, લ્યો ભક્તરાજ ! આ માળા.. હંમેશાં પાંચ માળા સ્વામિનારાયણના નામની ફેરવજો. ધર્મ નિયમનું દઢપણે પાલન કરજો. શ્વાસોશ્વાસ ચલાવનાર સર્વેશ્વરનો દઢ વિશ્વાસ રાખીને ભજન ભક્તિ કરશો તો તમારું કલ્યાણ થાશે. ખૂબ સુખિયા થશો. એમ કહી વર્તમાન ધરાવી કંઠી પહેરાવી. ખૂબ ઉપદેશ આપી સત્સંગનો રંગ ચડાવ્યો. અંતરનું અજ્ઞાન ટળી ગયું. બે દિવસ વાંકીયા ગામમાં રહી પછી સંતો બીજે ગામ ગયા.

અરજણ ભક્ત ભાવથી ભજન કરે છે. પાંચ વરસ પછી એજ સંતો ગામ વાંકીયા. અરજણ ભગતની વાડીયે પધાર્યા. પરીક્ષા કરવી છે કે અરજણ ભક્તનો નિશ્ચય પાકો છે કે કાચો.

ડગાવવાની કોશીશ કરતા કહે છે. અરજણ ભક્ત અમે તમને કંઠી બાંધી છેને, સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવાનું કહ્યું છે પણ તમે સ્વામિનારાયણ ભગવાનનું ભજન બંધ કરો અને એ ભગવાન નથી. પાખંડી છે, સમાધિ કરાવીને

પોતા તરફ ખેંચે છે. વશીકરણ વિદ્યા ભણેલા છે તેથી સૌને વશ કરે છે, માટે એમની કંઠી કાઢી નાખો અને ભજન કરવાનું બંધ કરો. આટલું તમને કહેવા આવ્યા છીએ.

ત્યારે અરજણ ભક્તે બળપૂર્વક કહ્યું, ''તમે નિશ્ચય કરાવી ગયા છો અને પાછા ડગાવવા આવ્યા છો ? સ્વામિનારાયણ ભગવાનનો મને દઢ પર્વતપ્રાય નિશ્ચય છે. વરસાદ આવે ત્યારે કચરો હોય, નાના પથ્થર હોય તે તણાઈ જાય. પણ પર્વત કોઈ દિવસ તણાઈ જાય નહિ. સ્વામિનારાયણ ભગવાન મારા જીવ સાથે જડાઈ ગયા છે. સ્વામિનારાયણ ભગવાન તો સર્વોપરી છે. તમે તો શું પણ ખુદ ભગવાન ડગાવે તો પણ ડગું નહિ. માટે મને ભગવાનના માર્ગથી ડગાવવાની કોશિશ મૂકો.

**જે પોતાના આત્માનો ઉધ્ધાર કરતો નથી તેના જીવતરને ધિકકાર છે.**

આવું સાંભળી સંતો ખૂબ રાજી થયા. અરજણ ભકતના ખભા ઉપર હાથ મૂકીને કહ્યું, ધન્ય છે તમારી મક્કમતાને અને જ્ઞાનનિષ્ઠા અને સ્વરૂપનિષ્ઠાને. આવીને આવી હિંમત રાખીને ભગવાનનું ભજન કરજો. તમે પરીક્ષામાં પાસ થયા.

નિષ્કુળાનંદસ્વામી કહે છે :-

**માટે હરિ હરિજન વોણું રે, કરશે કલ્યાણનું જો વગોણું રે;**
**આપ સ્વારથ સહુ સારશે રે, હરિના થઈ પરઘર મારશે રે.**
**બહુ બાંધી શબ્દ બાંધણે રે, કરશે જીવને વશ આપણે રે;**
**લેશે સર્વસ્વ તેહનું ઠગી રે, કરશે સ્નેહ સ્વારથ લગી રે.**
**એથી કદિ નહિ થાય કલ્યાણ રે, બાંધ્યો બુડતાં કોટે પાષાણ રે;**

સ્વામી કહે છે : ભગવાનની આજ્ઞા અનુસારે વર્તનારા સંત હશે તેજ કલ્યાણ કરશે. તેહ વિનાના આજ્ઞા ભંગ કરનારા સ્વાર્થી હશે તે તો પરઘર મારશે. હેરાન કરશે. માટે સાવધાન રહેજો. શબ્દ બાંધણે બાંધીને વશ કરશે. દોરીથી બંધાય. સાંકળથી બંધાય, પણ સ્વાર્થી હશે તે શબ્દથી બાંધશે. ઠગી જશે કોટમાં પથ્થર બાંધીને. પાણીમાં પડે તે બૂડવાનોજ છે પોતે તરે નહીં ને બીજાને તારી શકે નહિ.

લાકડાને બાથ ભરાવે તો તરે, પણ ખોટા ગુરુ ભવસાગરથી તારે નહિ માટે સમજી વિચારીને સત્સંગ કરજો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**ચાલ્યો વાટે ચોરટાને હાર રે, વારે આવે કોણ શાહુકાર રે.**

**માટે તોળી તપાસવું વહેલે રે, કલ્યાણ પ્રભુ કે પ્રભુને મળેલે રે;**
**તેહ વિના કલ્યાણ કાચું રે, કહે નિષ્કુળાનંદ એ સાચું રે.**

એક માણસ એક ગામથી બીજે ગામ માલ લઈને વેચવા જાય છે. સાથે ચોર લીધા સથવારા તરીકે. વિચાર કરો તે લૂંટ્યા વગર રહેશે ? લૂંટાવાનાજ છે. અડખે પડખે નકામા માણસો લીધા છે પછી કેવું પરિણામ આવશે ? શાહુકારને કોઈ બચાવા જાય તો તેનો પણ જીવ જાય. આ ગ્રંથ કોઈ આચાર્યને નીચા પાડવાનો પ્રયાસ નથી. કોઈ સંતને નીચા પાડવાનો પ્રયાસ નથી. પણ નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મુમુક્ષુ કયાંય ખોટા ગુરુમાં બંધાઈ જાય નહિ. તે વાત કરી છે. સ્વામી કહે છે. કોઈ વાતનું કાચું રહી જાય નહિ, તે માટે સાચું કહું છું.

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે અષ્ટમો નિર્ણય: ॥ ૮ ॥**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૯

નિષ્કુળાનંદસ્વામી કહે છે :- ઘરમાં ખૂણે ખાંચે કચરો પડ્યો હોય એનો વાંધો નહિ, પણ જમવા બેઠા હોઈએ અને દૂધપાકના વાટકામાં ધૂળ પડે તો વાંધો આવી જાય. ભોજન બગડી જાય અને ભૂખ્યા રહી જવાય, મજા ઊડી જાય. તેમ આપણા હૃદયમાં જો માયા અને મમતાની ધૂળ ભરાઈ જશે તો ભજન કરવાની મજા ઊડી જશે. લાડુબા, જીવુબા જેવી ભક્તિ કરવી હોય તો પાકો નિશ્ચય કરી રાખજો.

દોહા :- **મહામુકત કહે મુમુક્ષુ તને, વણ પૂછે કહું છું વાત;**
**કલ્યાણકારીના કુળની, તું સાંભળી લે સાક્ષાત.**
**અલૌકિકપણું નહિ આપમાં, લોકમાં વધારવા લાજ;**
**ઘટાટોપ એહ કારણે, સહુ રાખી રહ્યા ગુરૂરાજ.**
**જેણે કરી જાય નહિ, રહે ગુરુપણું ઘરમાંઈ;**
**એવી રીતને અનુસરી, બહુ ઠગ કરે છે ઠગાઈ.**

ખોટા ગુરુનું શરણું કેવું છે ? કંઠમાં પથ્થર બાંધીને દરિયામાં પડે તેવું છે. તેમાં નિર્દોષ મનુષ્ય સલવાઈ જાય છે. કલ્યાણ નિર્ણય નામના ગ્રંથમાં સ્પષ્ટ વાત નિષ્કુળાનંદ સ્વામી કરે છે.

## આ ગ્રંથ વિવેક બુધ્ધિથી સાંભળશો તો સહેજે સંસાર સાગર તરશો.

સમજણપૂર્વક આ ગ્રંથ વાંચશો તો તમને ભગવાનમાં અને સંતમાં ભાવના વધી જશે અને કલ્યાણની બાબતમાં ખુલાસો મળી જશે. પીઠવડીના રૂડાભાઈના બહેન રૂકમાબાઈ પરમ ભક્ત હતાં. નિયમ ધર્મનું બરાબર ચુસ્તપણે પાલન કરી શ્રીજીમહારાજનું પ્રેમથી ભજન ભક્તિ કરે અને બીજાને કરાવે.

રૂકમાબાઈનું સગપણ ગામ હળિયાદા કલ્યાણભાઈ સાથે થયું. માતા-પિતા સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હતા અને સાસરીયા પક્ષના માર્ગીના પંથના હતા. તેથી બહુ મુશ્કેલી ઊભી થતી. એક ખાખી બાવો હતો. વ્યસનમાં ભરપૂર અને વાસનિક હતો તેને ગુરુ તરીકે માને અને પૂજન કરી પગે લાગે અને બાવો આખો દિવસ ભાંગ, અફીણ અને ગાંજો પીધા કરે. રૂકમાબાઈ પરણીને સાસરે આવ્યાં, એમના સાસુએ કહ્યું, ‘‘વહુ બેટા અમારા ઘરમાં રીવાજ છે કે નવદંપતી પરણીને આવે ત્યારે અમારા ગુરુજીને પગે લાગે. તમે આ બાવાજીને પગે લાગી નાળિયેર પધરાવી ચરણ સ્પર્શ કરો. ચરણ સ્પર્શ કરશો ત્યારે માથા પર હાથ મૂકીને તમને આશીર્વાદ આપશે. પગે લાગો. શું વિચાર કરો છો ?’’

રૂકમાબાઈએ કહ્યું, ‘‘હું પરપુરુષને પગે નહિ લાગું.’’ સાસુએ કહ્યું, ‘‘કેમ નહિ લાગો ? લાગવું જ પડશે. નહિતર ઘરમાં રહેવું કઠણ પડશે. તમે અમારા ગુરુનું અપમાન કરો છો.’’ આવું સાંભળી બાવાનો ગુસ્સો વધી ગયો. તામ્રવર્ણ બની ગયો. તપીને હાથ લાંબો કરી બોલ્યો. ‘‘ સ્વામિનારાયણની કંઠી કાઢી નાખો. અને અમારી કંઠી પહેરી લો. નહિંતર ખેદાન મેદાન કરી નાખીશ.’’

રૂકમાબાઈએ કહ્યું, ‘‘સ્વામિનારાયણ ભગવાનની કંઠી તો મારા શિરને સાટે છે. એ મારા કંઠમાંથી નીકળશે નહિ. પ્રભુ સર્વ કર્તાહર્તા છે. આ જગતમાં એનાથી કોઈ મોટું નથી. એમનો અમને પરિપૂર્ણ આશરો છે.’’ આવું સાંભળી સસરા પક્ષના રૂકમાબાઈને ખૂબ દુઃખી કરે છે. ન બોલવાનું બોલી કટાક્ષ કરે. ન ખાવાનું ખવરાવાની કોશિશ કરે પણ રૂકમાબાઈ મનોબળ રાખીને ખૂબ સહન કરે છે પણ નિયમ ધર્મનો ત્યાગ કર્યો નહિ. શિરને સાટે સત્સંગ રાખ્યો. ખોટા ગુરુમાં ફસાણાં નહિ. આવા શૂરવીર ભક્ત થવાની જરૂર છે. ગુરુ કહે છે :-

દોહા :- **જેમ ઉધ્યમ વર્ણ અઢારમાં, સહુ કરે થઈ સાવધાન;**

**તેમ ઉધમ ગુરુએ આદર્યા, મન કર્મ વચને નિદાન.**

જેમ (અઢાર વર્ણ) ગૃહસ્થાશ્રમીઓ પોતાના કુટુંબનું પોષણ કરવા માટે ઉધમ કરે, તેમ પાપી ગુરુ પોતાના વ્યસનનું પોષણ કરવા માટે ખોટો આડંબર બતાવી પેટ ભરવાના ઉધમ કરી ભોળાને છેતરે છે. નિષ્કુળાનંદ સ્વામી પ્રભુપંથે આગળ વધવા અનોખી પ્રેરણા આપે છે. ચોપાઈ :-

**ગુરુ વેષ ભજ્વવા કાજ્રે, રાખે શોભતો સર્વે સમાજ રે;**
**સારાં વસ્ત્ર ઘરેણાં વાહન રે, કહું તેની રીત સૂણો જ્ન રે.**
**પહોળાં પનાળાં કૈંક સુંવાળાંરે, બહુ બુટ્ટા ને રંગે રૂપાળાં રે;**
**ઝીણા પોતાં છાપેલ છેડાળાં રે, વાસેલ અત્તરે પાનડિયાળાં રે.**
**એવાં વસ્ત્ર અંગોઅંગ પહેરીરે, ગુરુપણું લડાવે છે લે'રીરે;**
**વળી પહેરી ઘરેણાં જો ઘણાંરે, જ્ડેલ હીરા મોતી હેમતણાંરે.**
**વેઢ વીંટી કડાં બાંયે બાજુ રે, રૂડા ઘાટવાળાં ઘણાં કાજુ રે;**
**બેસી ગજ બાજ સુખપાલે રે, ખોળે લાલ લઈ ગુરુમાલે રે.**

ગુરુજી શિષ્યને કહે છે. દંભીરૂપના લક્ષણ સાંભળો. પોતાનું ગુરુપણું નભાવવા માટે પોતાની પ્રતિભાને ઊભી કરે. ભભકો બતાવે. સરસ મજાનાં વસ્ત્ર અલંકાર પહેરે, સોનાના હાર હીરા મોતીના હાર, વેઢ, વીંટી, કડાં, બાજુબંધ પહેરીને પોતાનો ભભકો બતાવે. હાથી ઉપર કે સુખપાલમાં બેસીને ફરતા હોય ખોળામાં કોને બેસાડે ? ભગવાનને ન બેસાડે પણ ખોળે લાલ લઈ ગુરુ મહાલે રે, ખોળામાં છોકરાં રમતાં હોય. અને રાત દિવસ માયાની જ વાતો કરતા હોય. વિચાર કરો. આવા ગુરુથી કલ્યાણ થાય કે કલ્યાણ જાય ? માટે વિચારીને ગુરુ કરવા.

રાત દિવસ માયાનીજ વાતો કરશો તો હૃદયમાં માયા ભરાશે. જગતમાં આસ્થા રહે તેને આસક્તિ કહેવાય. ભગવાનમાં આસ્થા રહે તેને ભક્તિ કહેવાય. વેશમાં પરિવર્તન લાવવું સરળ છે. પણ વિચારોમાં પરિવર્તન લાવવું કઠિન છે. મુકત કહે છે. સાંભળો પાપી ગુરુનો આડંબર.

**વળી સુંદર મંદિર રહેવા રે, કાચ ઢાળેલ હાંડિયે દીવારે;**
**ખાવા પીવા મળે બહુ ખાસુ રે, જેવું ચઉ ચરણને ચોમાસુ રે.**
**સૌથી સરસ સુખિયા ફરે છે રે, વાત કલ્યાણની જો કરે છે રે;**

**આપે પ્રસાદિ ને પ્રસાદિયાં રે, એમ ચેલા કરે જ્યિાં તિયાં રે.**
**કૈંક ફૂંકતા ફરે છે કાન રે, ચાદર શ્રીફળ લઈ નિદાન રે;**
**કોઈ દોરા બાંધે દુવા આપે રે, કોઈ તપ્ત મુદ્રાએ તન છાપે રે.**
**કોઈ મૂકે છે મસ્તક હાથ રે, ઓહં સોહં જપતાં સનાથ રે;**

ચોમાસામાં ઢોરને ચરવાની મઝા પડે, તેમ અસત્ય ગુરુ થઈ બેઠેલાને ખાવા પીવાની રખડવાની અને ઠગીને પૈસા ભેગા કરવાની મજા પડે છે. શિષ્ય ભેગા કરવાની ઘણી હોંશ હોય. ખૂબ ચેલા ભેગા કરે જીયાં તીયાં રે. ખોટા બાવા કાન ફૂંકી ઓહં સોહં મંત્ર બોલાવી માળા આપે. ત્યારે શિષ્ય ચાદર ઓઢાડી શ્રીફળ પગમાં મૂકે. ત્યારે માથા ઉપર હાથ મૂકી દુવા આપે. તમારું સાત પેઢીનું કલ્યાણ થશે. પણ એમ શું કલ્યાણ થઈ જાય.

વચનામતૃમાં શ્રીજીમહારાજ કહે છે, મહિમાએ સહિત ભક્તિ કરવી. જ્યાં સુધી મહિમા નહિ સમજાય ત્યાં સુધી આપણામાં ભજન ભક્તિ કરવાનું બળ નહિજ આવે, બળ નહિ આવે તો માયા સામે લડવાની કળ નહિ જડે, અષ્ટઆવરણ ભેદીને, જન્મોજન્મની વાસનાનાં પડ તોડીને, પાપ માત્રનો ત્યાગ કરીને, બ્રહ્મરૂપ થઈને ભગવાનમય બનીને ભગવાનના અક્ષરધામમાં વાસ કરાવે છે. આ કાંઈ નાની સૂની વાત નથી. બહુ મોટી વાત છે. કરોડ જન્મ સુધી આ કામ કરે, એવું કામ છે અનેક જન્મ સુધી જ્યારે મહેનત કરે. ત્યારે આ કામ થાય એવું છે એવું મહાન ભક્તિનું કામ લઈને આપણે બેઠા છીએ. એમાં આપણે ગાફલાઈ રાખીએ તો કેમ મેળ થાય ?

## મનમાયામાંથી હટી જાય તો અક્ષરધામમાં પહોંચી જાય.

સ્વામિનારાયણ ભગવાન વગડાની વાટમાં ચાલ્યા જાય છે, ત્યાં અચાનક મૃગલાનું ટોળું નીકળ્યું. મૃગને જોઈને સ્વામિનારાયણ ભગવાને માણકી ઘોડી પાછી ફેરવી. મૃગલાની પાછળ માણકી ઘોડીને જોરદાર દોડાવી. તેથી નાનાં નાનાં મૃગલાં આજુબાજુ વૃક્ષમાં સંતાઈ ગયાં. એક કાળીયાર મૃગ મોટો હતો. તેને શ્રીજી મહારાજે આંટીમાં લીધો. મૃગની પાછળ ભગવાને માણકી એકદમ દોડાવી મૃગને ચક્રાવામાં એકદમ દોડાવ્યો. મૃગ થાકીને લોથ થઈ ગયો. હાંફ ચડી આવી. શ્રીજીમહારાજના શરીરે પણ પરસેવાનાં બિંદુ ટપકવા લાગ્યાં. માણકીની રાસ ઢીલી થઈ ગઈ. ખૂબ

થાકી ગયા. કાઠી દરબારોને કહ્યું, ''પાણી લાવો આ મૃગ ઉપર છાંટીએ.'' પાણી છાંટ્યું. મૃગ ભાગ્યશાળી થઈ ગયો.

સુરાખાચર અને સોમલાખાચરે કહ્યું, ''હે મહાપ્રભુ, તમે બીચારા મૃગને દોડાવી દોડાવીને થકાવ્યો. બીચારાને શા માટે હેરાન કરો છો ? એણે શું તમારું કાંઈ બગાડ્યું છે કે દુઃખી કરો છો.'' શ્રીજીમહારાજે કહ્યું,

**અમારી મૂર્તિ યાદ આવશે તેથી તેનું કલ્યાણ થશે..**

આ મૃગને યાદ રહેશે કે અમને આવી રીતે દોડાવનારો જંગલમાં મળ્યો હતો. તેથી તેનું કલ્યાણ થશે.

મુકત મુમુક્ષુને કહે છે : કોઈ મંત્ર આપે બાંધે માળ, કોઈ કરાવે જાતિ વિટાળ; કોઈ આપે પાન પરમાણા, બહુ ધન લેવાને શાણા. એમ સહુ સહુના મત મળતા, આપે ઉપદેશ રાખે ભળતા; એમ બાંધી બેઠા ગુરુ દોરી, એકબીજાથી રાખે વાત ચોરી. જગતના ખોટા બાવાઓ જાતિ વિટાળ કરી પૈસા પડાવે, ઊંધીચતી (સાચી ખોટી) વાત કરે, અમારો ઉપદેશ એવો છે કે આપણી અંદર રાખવો બહાર કોઈને કહેવાય નહિ, પાંદબીડું કાં પ્રસાદી આપીને પોતા તરફ ખેંચે. (આ વાત સમજવા જેવી છે.) ધ્યાન રાખજો ખોટા ગુરુમાં બંધાઈ જવાય નહિ.

**બધા ગુરુને એક સરખા ગણી લેશો તો પણ નુકસાની છે.**
**બધા ગુરુને ખોટા ગણશો તો પણ નુકસાની છે.**
**બધા ગુરુને સાચા ગણશો તો પણ નુકસાની છે.**

દીનાનાથ ભટ્ટ ભગવાન સ્વામિનારાયણ પાસે નિરંતર કથા કરતા. ભાગવતના અઢાર હજાર શ્લોક કંઠસ્થ હતા પણ નિર્વિકલ્પાનંદ નામના સાધુના સંગથી વિમુખ થઈ ગયા. ભગવાનનાં દર્શન કરવાનાં બંધ કરી દીધાં. ભગવાને ખૂબ સમજાવ્યા છતાં પણ સમજ્યા નહિ. નિષ્કુળાનંદ સ્વામીનો કહેવાનો મૂળ હેતુ એ છે કે, ભગવાનની આજ્ઞા પ્રમાણે જે નથી વર્તતા એવાનો સંગ કરશો નહિ. ખોટા ગુરુથી નુકસાની થશે. માટે સમજી વિચારીને સંગ કરજો. ખોટા બાવા કેવી વાત કરશે. આપણા સહુનું કલ્યાણ થશે. બીજા બહુ ભવે ભટકાશે.

**સહુએ માની છે પરમ પ્રાપ્તિરે, થાશે કલ્યાણ નહિ ફરે રતિ રે;**
**સગરા પામશે ધણીનું ધામ રે, નથી નગરાનું કોઈ ઠામ રે.**

**માટે સહુ થાઓ ગુરુ મુખી રે, શીદ ગુરુ વિના રહો દુઃખી રે;**
**એમ સહુ કોઈ સગરા થયા રે, ગુરુ વિના તો કોઈ ન રહ્યા રે.**
**જેને બેસતું આવ્યું છે જેમાં રે, કરી ગુરુ મળિયા છે તેમાં રે;**
**એમ કલ્યાણ ઠેરાવી ઠીક રે, બેઠા મટાડી માથેથી બીકરે.**
**એવા કલ્યાણકારી કઈ કહાવે રે, વિષય પંચ ભોગવે ભોગવાવેરે;**

આસુરીમતિવાળા શિષ્યને ખૂણે બોલાવીને ખૂણીયું જ્ઞાન દે, આપણી વાત બહુ જબરી છે. કોઈને કહ્યા જેવી નથી. અમારા થકીજ કલ્યાણ થશે. સગરા હશે તે ધામમાં જશે, ને નગરા નરકમાં જશે, માટે તમે ઠીક કર્યું અમારા જેવા ગુરુ મળ્યા છે. તેથી તમારા માથેથી જન્મમરણની બીક મટી ગઈ. જમપુરી જુદી છે. તેથી તમે બધા ફાવે તેમ કરો. તમે નિર્ભય નિશંક રહેજો. જમપુરી તમારે જૂઠી છે. જો કોઈ મુમુક્ષુ કહે તમે બધું ઊંધું શીખવાડો છો તો જમપુરીમાં માર ખાવી પડશે. ત્યારે શું થશે. ત્યારે પાપી ગુરુ કહે છે, જમદૂત જખ મારે. આવી વાત જમદૂત સાંભળી ગયા. તેથી ખૂબ ખીજ ચડી.

જમદૂત અરસપરસ કહે છે, પાપી આપણને એમ કહે છે જમદૂત જખ મારે. તો તો આપણું કાંઈ ન રહ્યું. આપણને તો એ ફોતરા જેવા જાણે છે. સાડા ત્રણસો જમદૂત ભેગા થયા. ચાલો આપણા રાજા પાસે વાત કરીએ. જમદૂત જખ મારે. આ શબ્દ જમદૂતને ખટકે છે.

**કહે ચાલો રાયને જઈ કહિયે રે, અમે તેડવા તે કેને જઈએ રે.**
**સહુ ગુરુનો આશરો લઈ રે, બહુ બેઠા છે નિર્ભય થઈ રે;**
**તેને અમે કેમ લાવું તેડી રે, મહામોટાની મરજાદ ફેડી રે.**
**લિયો કાળાપાશને કુંતડાં રે, કરો ઉજ્જડ જમનાં ગામડાં રે;**
**હુકમ હવે તમારો ન રહ્યો રે, તે તો જમરાય જાણી લિયો રે.**

જમદૂતના રાજા છે ધર્મરાજા, ધર્મરાજાને વાત કરી અમે તેડવા કેને જઈએ, બધા ગુરુ થઈને બેઠા છે, જો મહા મોટા ગુરુને આંહી નરકમાં મારતા મારતાં લઈ આવીએ તો મરજાદાનો ભંગ થાય. માટે શું કરીએ, જલ્દી ન્યાય આપો. નહિંતર કાળ પાશને કૂતરાં લઈને જમનાં ગામ ઉજ્જડ કરી નાખશું. મારી કૂટીને જમપુરીને ફેંદી નાખશું. જલ્દી ખુલાસો કરો. ધર્મરાજા ગભરાયા. હવે શું કરવું. ભગવાન પાસે

જાઉં ને આ વાત કરું.

**હવે આ વાતનું કેમ થશે, જાઉં શ્રી હરિ શ્યામની પાસે.**
**પછી શ્રી હરિ પાસળ જઈ, વાત મનુષ્ય લોકની કહી;**
**મૃત્યુ લોકે થઈ મોટી વાત, કરે પાપ સહુ દિન રાત;**

યમરાજાએ વિચાર્યું, પાપીને સજા થવીજ જોઈએ. જમપુરી બંધ કરાય નહિ. હવે આ વાતનું કેમ થશે. જાઉં શ્રીહરિ શ્યામની પાસે. યમરાજા ભગવાન પાસે વિષ્ણુલોકમાં આવી. નમસ્કાર કરીને મૃત્યુલોકની વાત કરી કે, ''મૃત્યુલોકમાં માણસો દિવસને રાત પાપ કરે છે.'' ભગવાને કહ્યું, ''પાપ કરે છે તો કરો સજા. જમપુરીમાં લઈ જઈને બરાબર ધોકાવો. પાપીને સજા આપવાનું કામ તમને સોપ્યું છે.''

ધર્મરાજા કહે છે, ''હે પ્રભુ ! ગુરુનું બળ બતાવીને પાપ કરે છે. અમે સગુરા છીએ. અમને જમદૂત હાથ અડાડી ન શકે. આવું બોલે છે. ખોટા ગુરુ કહે છે, જીવનમાં કાલાઘેલા પણ ગુરુ કરવા જોઈએ.''

**માટે ગુરુ વિના નથી તરવા રે, કાલા ઘેલા પણ ગુરુ કરવા રે;**
**એમ બેઠા સહુ ગુરુ ધારીરે, ગુરુ વિના નથી નર નારીરે.**
**હવે સંયમીનું શું કામ રે, કહો તો કરીએ ઉજ્જડ એ ધામરે;**
**ગુરુમુખીને દેવો જે દંડ રે, થાય પાપ મોટું એ પ્રચંડ રે.**
**માટે જેમ કહો તેમ કરીએ રે, થાય અપરાધ તેથી ડરીએ રે;**
**જેના ગુરુ થાય છે જમાનરે, તેને કેમ કરું બંદીવાન રે.**
**એટલું કહીને જમરાય રે, પાણ જોડી લાગ્યા પ્રભુ પાયરે;**
**ત્યારે બોલિયા શ્રીહરિ હસીરે, ધર્મ વાત કરોછો એહ કસીરે.**

ધર્મરાજા ભગવાનને હાથ જોડી કહે છે, ''પાપી માણસો સમજ્યા વગર કાલાઘેલા ગુરુ કરીને બેઠા છે અને કહે છે કે દુનિયામાં જમપુરી છે જ નહિ. ઉજ્જડ થઈ ગઈ છે. જમપુરીની બીક મૂકીને જલસા કરો. અમે તમારા પડખે છીએ.'' આવી રીતે નિર્દોષ માણસોને અવળે માર્ગે ચડાવે છે. આવા પાપીથી અમે કંટાળી ગયા છીએ. હવે તમે કહો તેમ કરીએ. ત્યારે બોલ્યા શ્રીહરિ હસી, ધર્મ વાત કરો છો એહ કસી. ભગવાને કહ્યું, ધર્મરાજા આવી કેમ મોળી વાત કરો છો ? તમને મેં પહેલેથી જ કહ્યું છે કે, ''જેનું કપાળ સાવ કોરું હોય, તિલક ચાંદલો ન કર્યો હોય, કંઠમાં તુલસીની

કંઠી ન હોય તો યમદૂતને એમ થાય કે આ ધણી વગરનો ઢોર રખડે છે. તેને પકડીને યમપુરીમાં લઈ જાવ. સજા કરો.''

ન ખાવાનું ખાય, દારૂ પીવે, એકાદશીના અનાજ ખાય, વ્યભિચાર કરે, ચોરી કરે, માબાપને કડવાં વેણ બોલીને દૂભવે, સંત બ્રાહ્મણની આજીવિકા તોડી નાખે, દ્રોહ કરે, વગર વાંકે ગરીબને પજવે, હેરાન કરે, જીવ જંતુને મારે, એવાં મહાપાપ કરે તેને યમરાજા યમપુરીમાં લઈ જઈને સજા કરે છે. ત્યારે તે પાપી કારમી ચીસો પાડે છે, આક્રંદ કરે છે મને બચાવો... મને બચાવો... પણ ત્યાં કોણ બચાવે ? પાણી વિના જેમ માછલું તરફડે તેમ પાપી તરફડે છે. યમદૂતોના મારથી બચવાનો એકજ ઉપાય છે. ભગવાનની આજ્ઞાનું પાલન કરી, ભગવાનની ભક્તિ કરો. હાલતાં ચાલતાં પ્રભુના નામનો જપ કરો.. સ્વામિનારાયણ સ્વામિનારાયણ.

**ઈતિ શ્રીકલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે નવમો નિર્ણય : ાા ૯ ાા**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૧૦

નિષ્કુળાનંદસ્વામી કહે છે :- આ જગતની અંદર જેટલા ગુરુઓ છે. તે તમામ ગુરુના પણ ગુરુ ભગવાન છે. ગુરુ કોને કહેવાય ? અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય તેને ગુરુ કહેવાય. અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લઈ જાય તેને ગુરુ કહેવાય. માયામાં રમતા મનને મોહનવરમાં રમતું કરી દે, તેને ગુરુ કહેવાય. ગુરુ તો એક પરમાત્મા છે.

દોહા :- **શ્રીહરિ કહે ધર્મ સાંભળો, ગુરુ ન હોય ઘેરેઘેર;**
**ગુરુ તો એક ગોવિંદ છે, બીજી માયા બની બહુપેર.**

સદ્‌ગુરુના ઉપદેશને આત્મસાત કરી જ્ઞાનને પચાવીએ તો વાસનાનો વિનાશ થાય છે.

**કલ્યાણકારી કલ્યાણ કરી, સારી જાયે અનેકના અર્થ;**
**પછવાડે પ્રપંચ રચી, અતિ અજા કરે છે અનર્થ.**
**જેમ નર્તકી નૃત્ય કરી, હરી લિયે હેવાનનું ધન;**
**વેષ લઈ વિધવિધના, કરે પામરને પ્રસન્ન.**

**તેમ માયાએ મનગમતા, વળી લીધા વિશ્વમાંય વેશ;**
**એવા ગુરુ શિષ્યની, તમે બીક મ રાખજ્યો લેશ.**

શ્રીહરિ કહે છે, ઘરોઘર ગુરુ હોતા નથી. ગુરુ તો એક ગોવિંદ છે. બીજી બધી માયા છે એ જુદાં જુદાં રૂપ લઈને આવી છે. માટે તમે ચિંતા ન કરો. જેમ નર્તકી નૃત્ય કરી, પૈસાને હરી લે છે, તેમ ગુરુઓ વિધવિધ વેશ લઈને શિષ્યને હરી લે છે. કલ્યાણના દાતા તો એક પરમેશ્વર છે. **ચોપાઈ :-**

**ગુરુ કહે શું થૈ ગયા ગુરુરે, સુણો ધર્મ તેની વાત કરુ રે;**
**ગુરુ આ જગમાંયે છે ઘણા રે, તે તો કોળિયા સહુ કાળતણારે.**
**જે ગુરુથી જમદંડ જાય રે, તે સાંભળો તમે ધર્મરાય રે;**
**તેતો હોય પોતે ભગવાન રે, આપે આશ્રિતને અભયદાનરે.**
**સર્વે ધામતણા હોય ધામી રે, વળી અકળ અંતરજામી રે;**
**જાણે સહુના મનની વાત રે, જેમ હોય તેમ સાક્ષાત રે.**

સર્વ ધામના ધામી અંતરજામી એવા પુરુષોત્તમ નારાયણ. જડ અને ચૈતન્ય તત્ત્વનું અસ્તિત્વ ટકાવી રાખે છે. આપણે ચાલીએ છીએ, ખાઈએ છીએ, આંખથી જોઈએ છીએ, કાનથી સાંભળીએ છીએ તે બધું આપણા હૃદયમાં વસીને રહેલા પરમાત્મા થકીજ થાય છે. પ્રભુ સર્વ શક્તિમાન છે. જે ધારે તે કરી શકે છે. ભગવાન કેવા શક્તિમાન છે ? અષ્ટાંગ યોગ સાધ્યા સિવાય પણ અક્ષરધામ, ગોલોક અને વૈકુંઠનાં દર્શન કરાવે છે. આપે આશ્રિતને અભયદાન રે, પોતે સાક્ષાત છે ભગવાન રે; જાણે સહુના મનની વાત રે, જેમ હોય તેમ સાક્ષાત રે.

## મંદિર છે તે આધ્યાત્મિક સ્થળ છે.

ગામ નાવડામાં એક શ્રધ્ધાળુ બાઈ પરમ એકાંતિક ભક્ત હતાં. સંતો જ્યારે નાવડા ગામે પધારે ત્યારે સંતો માટે પાણી ભરી લાવે. અને રસોઈ માટે સીધું આપે, સંતો રસોઈ બનાવી ભગવાનને જમાડીને જમે, ખૂબ ભાવથી સેવા કરે, સવારના બ્રાહ્મમુહૂર્તમાં જાગીને નાહી ધોઈને પૂજા પાઠ કરી બે કલાક ભગવાનમાં ચિત્ત પરોવીને માળા ફેરવે. એક સમય વિચાર થયો કે આપણા ગામમાં બે સત્સંગીનાં ઘર છે. જો ગામમાં મંદિર બનાવીએ તો સત્સંગ વધે અને ભજન ભક્તિ બધા ભેળા બેસીને કરીએ તો સારું થાય.

ગામમાં શેઠ હીરાભાઈને વાત કરી. હીરાભાઈને આ વાત બહુ ગમી ગઈ. મંદિરનું કામ શરું કર્યું, હીરાભાઈ ખરા ખંતથી ખૂબ સેવા કરે. એક વખત શ્રધ્ધાળુ બાઈને ધ્યાન કરતાં કરતાં સમાધિ થઈ ગઈ. અક્ષરધામમાં ગયા ત્યાં દિવ્ય શ્વેત પ્રકાશ મધ્યે શ્રીજીમહારાજ સુર્વણમય સિંહાસન પર વિરાજમાન છે. અનંત અક્ષરમુકતો પ્રભુની સેવામાં છે. ત્યાં એક સુંદર સુવર્ણમય મહોલ ચણાતો હતો. શ્રધ્ધાળુ બાઈએ શ્રીજીમહારાજને પૂછ્યું, ''હે મહારાજ આ કોનો મહોલ ચણાય છે ?'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું, શેઠ હીરાભાઈ અમારું મંદિર ચણાવે છે. ખૂબ સેવા કરે છે તે મંદિરમાં બેસીને અનેક ભક્તજનો ભજન કરશે. તેમના સારુ અહીં અમે સોનાનો મહોલ બનાવીએ છીએ.

અમે કોઈનો ભાર રાખતા નથી, વ્યાજસહિત પાછું આપી દઈએ છીએ. આવું સાંભળી બાઈના આનંદનો પાર રહ્યો નહિ. બાઈએ પૂછ્યું, ''હે મહાપ્રભુ, એ મહોલ કયારે પૂરો થશે ?'' શ્રીજીમહારાજે કહ્યું, ''છ મહિને પૂરો થશે.'' પછી બાઈ સમાધિમાંથી બહાર આવ્યાં. શેઠ હીરાભાઈને વાત કરી તમે અહીં પથ્થરનું મંદિર કરાવો છો. અને તમારા માટે શ્રીજીમહારાજ અક્ષરધામમાં સોનાનો મહોલ બનાવે છે તે મહોલમાં હીરા માણેક ને સ્ફટિક મણિના અનેક સ્થંભો છે. સાચા મોતીનાં તોરણો છે. અતિ રમ્ય શોભાયમાન દરવાજા ને અટારીયું છે. એ બધું મે સમાધિમાં જોયું.

શેઠ હીરાભાઈની આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં. ધન્ય છે. અલ્પ સેવાને મહાન ગણીને મારા માટે અક્ષરધામમાં રહેવા માટે મહોલ બનાવીને તૈયાર રાખ્યો છે. મંદિરનું બાંધકામ પુરું થયું. તેમાં ભગવાનની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી પૂજાનો પ્રવાહ ચાલુ રાખ્યો ધીરે ધીરે સત્સંગ વધવા લાગ્યો.

મંદિર છે તે કાંઈ પથ્થર કે ઈંટોની ઊભી કરેલી જડ ઈમારત નથી. મંદિર તો આધ્યાત્મિક સ્થળ છે. મંદિરમાં પ્રવેશ કરતાંની સાથે હૃદયમાં આનંદ અને શાંતિના ઓળા ઉતરવા જોઈએ. સમય જતાં હીરાભાઈનો અંતકાળ આવ્યો. સ્વામિનારાયણ ભગવાન અનંત મુકતોને સાથે સોનાનું વિમાન લઈને તેડવા પધાર્યા. ચાલો ભક્તરાજ વિમાનમાં બેસી જાવ. આપણા કવિ કીર્તન ગાય છે :-

**રથ વેલ વિમાનને પાલખી રે, લાવશે વાહન વહાલો બહુ વિધ;**
**અચળ વાત છે એ નહિ ચાલે રે, પ્રભુ મારો પધારશે પ્રસિધ્ધ.**

**અવસરે અલબેલોજી આવશે રે, મુજ પર મહેર કરી મહારાજ;**
**સંગે સંત લઈ શિરોમણિ રે, આવી કરશે હરિ મારાં કાજ.. અવરસરે...**

ભગવાન લોભી નથી, લહેરી છે. દાતણના બદલામાં મોક્ષ આપી દે. પાણીના બદલામાં મોક્ષ આપી દે. ખોટું નાળિયેર પગે ચડાવે તો પણ કલ્યાણ કરી દે. મંદિરના પાયામાં ભૂલથી પથ્થર પડી જાય તો તેને ધામમાં લઈ જાય. જેટલા આપણે ખબરદાર નથી, તેટલા ભગવાન ખબરદાર છે.

**અણુ ચોરી એ આગે ન ચાલે રે, ઉપજતાં ઉત્થાનને ઝાલે રે;**
**એથી ન હોય અજાણ્યું જો કાંય રે, વળી જક્તગુરુ એ કહેવાય રે.**

ભગવાનથી કાંઈ અજાણ્યું નથી. સૌના નાડી પ્રાણ ભગવાનના હાથમાં છે.

**હોય પ્રાણ નાડી એને હાથરે, સર્વેશ્વર એ સર્વેના નાથ રે;**
**ખેંચે પ્રાણ નાડી તો ખેંચાય રે, તેની વાર લાગે નહિ કાંય રે.**
**તાણી ધમની દેખાડે ધામ રે, જોઈ જન થાય પૂરણકામ રે;**
**વળી ધામધામના રહેનાર રે, દેખે અતિ સુખિયા અપારરે.**
**જન જોઈ આવે ધામ જેવું રે, આવી મૃત્યુ લોકે કહે એવું રે;**
**એવી અલૌકિક રીત જીયાં રે, હોય હરિગુરુ હોય તિયાં રે.**
**વળી અંતકાળે આપે આવે રે, રૂડા રથ વિમાનને લાવે રે;**
**તે પર બેસાડીને તેડી જાય રે, સાચા સદગુરુ તેને કહેવાય રે.**

જગતમાં ભગવાનની મરજી પ્રમાણે થાય છે અને સદાકાળ થયા કરશે. એનો અર્થ એ થાય કે જીવ પ્રાણી માત્રની દોરી ભગવાનના હાથમાં છે. જેમ મદારી માંકડાને નચાવે તેમ માંકડું નાચે છે તેમ જેટલું ભગવાન કરાવે તેટલુંજ થાય છે. જેટલાં પગલાં ભરાવે તેટલું જ ચલાય, ભગવાનની ઈચ્છાથીજ સઘળું થાય છે.

કલ્યાણની બે પધ્ધતિ હોય છે. એક નિયમ પ્રમાણે કલ્યાણ થાય. બીજું નિયમથી ઉપરવટ જઈને કલ્યાણ થાય. કલ્યાણના બે રસ્તા છે. નિયમ પ્રમાણે એ રીતે કલ્યાણ થાય. કોઈ પશુએ ભગવાનની સેવામાં મદદ કરી હોય તો એનો બીજો જન્મ સત્સંગીને ઘરે આવે. પછી ભજન ભક્તિ કરીને પ્રભુના ધામમાં જાય પરંતુ જો ભગવાન રાજી તો એ આત્માને સીધો ધામમાં મોકલે. જીજીભાઈના બળદને ભગવાન સીધા ધામમાં તેડી ગયા. સંતોની સેવામાં તેણે મદદ કરી. તેથી કલ્યાણ થઈ ગયું.

આ છે પ્રત્યક્ષ ભગવાનનો પ્રતાપ.

ભગવાન તેડવા આવે તેનાં એંધાણ નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**આવે તેડવા એનાં એંધાણ રે, જેના પ્રભુ આવે છૂટે પ્રાણ રે;**
**હીર ફેલ્ય સમ અંગ હોય રે, અતિ નર્મ વળે વાળે કોય રે.**
**એવી રીતે જીયાં લગી જાણો રે, તિયાં સુધી કલ્યાણ પ્રમાણે રે;**

મૃત્યુ પછી જેનું શરીર હીર ફેલ્ય સમ અંગ હોય, અતિ નર્મ વળે વાળે કોય. હીરની ફેલની જેમ નર્મ હોય જેનું શરીર, જેમ વાળે તેમ વળે તેને ભગવાનનું તેડું થાય છે. એમ સમજવું.

**પછી એ વાતનો થાય નાશરે, વળતી માયા કરે તિયાં વાસ રે.**
**આવી લિયે છે ગુરુનો વેશ રે, ન હોય ગુરુપણું લવ લેશ રે;**
**સર્વે વિશ્વાસતણા ફેલ વળી રે, માયા ગુરુમાં રહ્યાં હોય મળી રે.**
**દારી ચોરી વળી મધ માંસ રે, તે તો મળે માયા ગુરુ પાસ રે;**

માયા પ્રવેશ કરે ત્યાં પછી મોક્ષની વાત હોય નહિ. વિશ્વમાં જેટલા ફેલ છે તેટલા ફેલ માયા ગુરુમાં હોય. કેવા ફેલ હોય દારી ચોરી મદ્ય, માંસ, ગાંજો, હોકા, અફીણ, મફર આવું બધું વ્યસન તેમાં હોય પણ મોક્ષનો માર્ગ બતાવનારા કોઈ ન હોય. ધર્મ નિયમનો છાંટો પણ હોય નહિ. માયા ગુરુ શું કરે ? વેદ મર્યાદામાંથી ભ્રષ્ટ કરે.

**મળી ધર્મ નિયમ મુકાવે રે, વેદ મર્યાદામાંથી ચૂકાવે રે.**
**વર્ણાશ્રમનો જે વ્યવહારરે, નો'ય માયા ગુરુને સદાચાર રે;**
**તર્તે કરાવે જાતિ વિટાળ રે, તીર્થ વ્રત નિયમના તો કાળ રે.**

માયા ગુરુ માયામાં રચ્યા પચ્યા હોય તે બીજાને શું માયાથી મુકત કરે ? માયાથી મુકત થવાની કયાં વાત રહી, માયામાં ડૂબાડશે. માટે સાવધાન રહેજો. કેવી વાત કરશે ! વર્ણ આશ્રમ છે જ નહિ. બ્રાહ્મણ, ક્ષત્રિય,વૈશ્ય અને શુદ્ર જેવું કાંઈ જાતિ ભેદ નથી. બધા એક જ છે. આવું એકાકાર કરશે. સદાચારથી ભ્રષ્ટ કરશે. વેદ મર્યાદા તૂટશે. વર્ણાશ્રમમાં કોઈ નહિ વર્તે ત્યારે મોક્ષ કેમ થશે. ધ્યાન દેજો કોઈ વર્ણને પાછો પાડવાની વાત નથી. સદાચાર ટકાવી રાખવાની વાત નિષ્કુળાનંદ સ્વામી કરે છે.

## આહાર વિહાર પવિત્ર થાય તો અંતઃકરણની મલીનતા જાય.

એક મહાત્માજી જંગલમાં વૃક્ષ નીચે બેસીને અખંડ ધ્યાન ભજન કરે. પાણી

પીવા માટે એક કમંડળ બાજુમાં રાખ્યું. રાજા જંગલમાં મૃગયા કરવા ગયો. સેવકો સાથે હતા, પણ છૂટા પડી ગયા. રાજાને ખૂબ તરસ લાગી. હવે શું કરવું ! આજુબાજુ નજર કરી તો મહાત્માજીને જોયા. ત્યાં ગયા. રાજાને થયું મહાત્માજી ધ્યાનમાં બેઠા છે, તેને જગાડવા તે બરાબર નહિ, ભજનમાં ભંગ કરાય નહિ તેથી ધીમેથી કમંડળમાંથી પાણી પીધું. રાજા ભાગ્યશાળી કે મહાત્માજીનું પવિત્ર પાણી પીવા મળ્યું. પાણી પીને રાજા રવાના થયા. સામે સેવકો મળ્યા.

સેવકોએ કહ્યું, ‘‘અન્નદાતા આપ તરસ્યા હશો. પાણી પી લ્યો.’’ રાજાએ કહ્યું, મેં મહાત્માજીના કમંડળમાંથી પાણી પીધું છે. પોતાના પાસે જે પાણી છે તે ઋષિના કમંડળમાં રેડી દીધું . પછી બધા રાજ્ય દરબારમાં ચાલ્યા ગયા. મહાત્માજીએ બે કલાક પછી ધ્યાનમાંથી જાગીને પાણી પીધું. બીજે દિવસે ધ્યાનમાં બેઠા પણ મન ભગવાનમાં સ્થિર થતું નથી. જગત સંબંધી વિચારોની હાર માળ ચાલુ થઈ ગઈ. સંકલ્પ વિકલ્પમાં ગૂંચવાઈ ગયા. ખેંચી ખેંચીને મન ભગવાનમાં લઈ જાય છે પણ નિષ્ફળ જાય છે. બહુ અકળાઈ ગયા. કાંઈ સૂઝતું નથી. મૂઝાય છે કે મેં ભગવાનનો માર્ગ લીધો એ બહું ખોટું થયું. જગત સંબંધી વિષય વિલાસ ભોગવવા જેવા છે.

વિચાર કરો રાજાનું અપવિત્ર પાણી પીવાથી જીવનમાં મલિનતા આવી જાય. અને માણસો એમ કહેતા હોય કે બજારમાંથી જમવાની વસ્તુ લઈને જમીએ તેમાં શું વાંધો ? ધ્યાન રાખજો. કપડાં કાળાં નહિ થાય, કાળજું કાળું થશે. આહાર બગાડશો તો અંતઃકરણ બગડશે. અંતઃકરણ બગડશે તો વિચાર બગડશે અને વિચાર બગડશે તો કોઈ પણ ક્રિયા શુધ્ધ નહિ થાય. કલ્યાણ નિર્ણયની કથા સમજવા જેવી છે.

ચાલીસ વરસથી ભજન ભક્તિને યોગ સાધના કરે છે, કોઈ દિવસ આવા ખરાબ વિચાર નથી આવ્યા તેવા વિચારોથી મન ઘેરાઈ ગયું. કોઈ પ્રકારે મન શાંત થતું નથી. હવે શું કરવું ? ધ્યાનમાંથી ઊભા થઈ ગયા. શહેરમાં જઈને કન્યાની શોધ કરે છે. કોઈ કન્યા મળી જાય તો ઈચ્છા પૂરી થાય. વિચાર કરો. અજામિલે ફકત વેશ્યાના હાથનું ફૂલ સૂંઘ્યું, તો બુધ્ધિ બગડી ગઈ અને મહાત્માજીએ રાજ્યસેવકના હાથનું પાણી પીધું તો બુધ્ધિ બગડી ગઈ. વિચારવા જેવી વાત છે.

ઋષિનું પવિત્ર જળ પીવાથી રાજાને સદ્‌વિચારની સ્ફુરણા ખીલી. મારું જીવન પશુની માફક ગયું, પૈસાની પાછળ પશુની જેમ ભટકયો, ભૂખ લાગી ત્યારે ખાધું. ઊંઘ આવી ત્યારે સૂતો, વાસના જાગી ત્યારે વાસનાને સંતોષી. માનવદેહે મેં

પ્રભુ માટે એક પણ સત્કર્મ કર્યું નહિ. ધિક્કાર છે મને ! મારું જીવન કૂતરા અને બિલાડાની માફક ગયું. હું હજુ પ્રભુ પ્રેમમાં ડૂબ્યો નહિ, સત્સંગ કર્યો નહિ. મને જગતમાં માન પ્રતિષ્ઠા મળ્યાં પણ પરમાત્મા મળ્યા નહિ. ભગવાનની ભક્તિ વિના મારું જીવન વૃથા ગયું. સદ્‌વિચારથી રાજા રાજ્યનો ત્યાગ કરી રાજપોષાક ઉતારી ઋષિ પોષાક પહેરી હાથમાં માળા લઈ જંગલમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા.

## પાણી પીવાથી સંતની અક્કલ ફરી ગઈ..

પવિત્રપણે રસોઈ બનાવી, પવિત્ર આહાર કરજો. અંતઃકરણ બગડશે તો જન્મ બગડી જશે. જો ફેરો સુધારવો હોય તો જેમ શાસ્ત્રમાં કહ્યું છે તેમ કરવાનું રહેશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**એવા ગુરુ ને ગુરુના શિષ્ય રે, ઝાલી મંગાવજો અહોનિશ રે;**
**એની શીદ શંકા મન આણો રે, સર્વે જીવ તમારા જાણો રે.**
**એવા ગુરુ ચેલા જો ઘણા રે, તે તો સર્વે કુળ તમ તણાં રે;**
**એવા ગુન્હેગાર ગુરુ શિષ્ય રે, તેને હેરાન કરો હમેશ રે.**
**એવા ગણિયે મૃત્યુ લોકે ગુરુરે, સૂણો ધર્મ રાય નાવે સરુરે;**

ભગવાન કહે છે, ધર્મરાજા તમે કહેતા હતા કે ઘરોઘર ગુરુ થઈને પડ્યા છે તેની બીક રાખવાની જરૂર નથી. તે બધા ભગવાનના ગુન્હેગાર છે. પ્રભુની આજ્ઞાને ઠોકરાવનારા છે. પારકા રોટલા ખાઈને તાગડધિન્ના કરે છે. તેવા ગુરુને બરાબર શિક્ષા કરો. એવા ગુન્હેગાર ગુરુ શિષ્ય રે, તેને હેરાન કરો હંમેશ રે.

**જે જે ક્રિયા શિખવી જેણે રે, તે તો ગુરુ કરી માન્યા તેણે રે.**
**વળી વ્યસની વૃંદળ વેષ રે, તેને પણ ગુરુ હોય શિષ રે;**
**ભાની તાન ત્રાગી સુંથરા રે, તેને પણ ગુરુ જાણો ખરા રે.**
**એવા ગુરુ જગમાં અપાર રે, તે તો માનો માયાનો પરિવાર રે;**
**માટે જેથકી કલ્યાણ ન થાય રે, તે પણ તે ગુરુ જેવા કહેવાય રે.**

જે જે ક્રિયા શીખવી જેણે, તે તો ગુરુ કરી માન્યા તેણે; કોઈકે કડીયા કામ શીખવાડ્યું તો તેને ગુરુ માની લે આ મારો ગુરુ. કોઈકે વાડીયો ઉતારતાં શીખવાડ્યું તો ગુરુ માની લે આ મારો ગુરુ. કોઈકે વેપાર કરતાં શીખવાડે, કોઈક ખેતીવાડી કરતાં શીખવાડે. કોઈક સુથારી કામ શીખવાડે, ગમે તે કાંઈક આવડતલ શીખવાડે

તેને ગુરુ માની બેઠા છે. પછી ભલે તે વ્યસની હોય, પાપી હોય તાની ત્રાગી ને સુંથરી હોય છતાં ગુરુ માની લે છે. એવા ગુરુથી આખું જગત ભર્યું છે. એવા ગુરુ જગતમાં અપાર, તે તો માયાનો પરિવાર. એવા ગુરુથી કલ્યાણ થાય નહિ. ભગવાન કહે છે. હે જમદૂતો !

**નો'ય ગુરુ નામે ગુરુ સમ રે, તેની ગોતીને કાઢવી ગમ રે;**
**એવા અસત્ય ગુરુની બીકરાખી રે, શીદ દિયો છો આયુધ નાખી રે.**
**લાવો ઝાલી નાખી ગળે પાસ રે, તેનો તલભાર ન રાખો ત્રાસ રે;**
**પાપી લિયે છે અમારી લાજ રે, સત્ય માની લેજો જમરાજ રે.**
**જે જે બાંધી અમે મરજાદ રે, તેને ત્રોડે છે એ મનુજાદ રે;**
**માટે એને તો બહુ દંડ દેવો રે, કર્યો હરિએ હુકમ એવો રે.**

એવા પાપી ગુરુની બીક રાખવાની તમને જરૂર નથી. શા માટે આયુધ નાખી દો છો. પાપી ગુરુ બધા માયાનો પરિવાર છે. એના ગળામાં કાળપાશ બાંધીને જમપુરીમાં લઈ જાઓ. પ્રભુ કહે છે, એવા પાપી અમારી લાજ લે છે. સત્ય માની લેજો જમરાજ. તેને પકડીને વૈતરણી નદીમાં નાખી દો. અમારી બાંધેલી મર્યાદાને તોડે છે. ભગવાને હુકમ કર્યો. પાપીને ખૂબ દંડ દો. મારી કૂટીને સજા કરો, જેથી બીજા માણસો પાપ કરતાં ડરીને ચાલે.

**એવું સાંભળી જમરાય રે, માની આજ્ઞા લાગિયા પાય રે;**
**કે'છે જે જે કૃપા કરી કહ્યું રે, તે તો નિશ્ચય નિ:સંશય થયું રે.**
**એહ વાત છે પદ્મપુરાણે રે, સ્કંદ પુરાણમાં પણ જાણે રે;**
**અસત ગુરુના થાશે એ હાલ રે, સંગે શિષ્ય પીડાશે કંગાલ રે.**
**ત્યારે આંખ એની ઉઘડશે રે, જ્યારે અણતોળ્યાં દુ:ખ પડશેરે;**
**થાશે પછી તેનો પસ્તાપ રે, જ્યારે નડશે કરેલ પાપ રે.**

ધર્મરાજાએ પ્રભુને પગે લાગીને કહ્યું, ''પ્રભુ ! તમે જેમ કહ્યું છે તેમ અમે કરશું.'' નિષ્કુળાનંદ સ્વામી કહે છે, કેવળ હું જ આ વાત કરતો નથી, પણ આ વાત પદ્મપુરાણમાં તેમજ સ્કંદપુરાણમાં પણ કહેલ છે. અસતગુરુ પોતે હેરાન થશે અને શિષ્યને પણ હેરાન કરશે. જમના હાથનો માર ખાશે ત્યારે તેની આંખ ઉઘડશે. ધોકાનો માર પડશે ત્યારે પસ્તાવો થશે.

## કુદરતી કોર્ટમાં અદલ ન્યાય છે.
## કર્મ પ્રમાણે સજા થાય છે.

આ લોકમાં કોઈ સરકારનો ગુન્હો કરે તો તેને અડખે પડખેવાળા બચાવી લે, પણ કુદરતની સરકારમાં કોઈ અડખે પડખે હશે જ નહિ. લાંચ-રૂશ્વત ત્યાં નથી. જમપુરીમાં જશે. તો અડખે પડખે જમદૂતો ફરશે ને ધોકા ફટકારશે. પ્રભુની આજ્ઞામાં રહીને હરિ સ્મરણ કરે તોજ યમદૂતના મારથી બચી શકે.

**ઈતિશ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે દશમો નિર્ણયઃ ।। ૧૦ ।।**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૧૧

આ જગતની અંદર માણસો હજારો હજાર સંકલ્પ કરે, સંકલ્પ પૂરા કરવા પાછળ આખી જિંદગી ચાલી જાય છતાં એના સંકલ્પો પૂરા થતા નથી અને છેવટે તેને વાસના રહી જાય છે, તેથી તે મોક્ષ માર્ગે ચડી શકતા નથી. **દોહા :-**

**મુમુક્ષુ કહે મુકતને, જ્યારે જમ એ પર કરે રોષ;**
**ત્યારે માયાગુરુને મર મારતા, પણ શિષ્યનો શિયો દોષ.**
**કલ્યાણ કરવા કારણે, આવ્યો ગુરુની પાસ;**
**તન મન ધન દઈને તેહને, થયા દિલ સાથે એના દાસ.**
**ઓળખી ન શકયા અસંત ગુરુ, સમજ્યા વિના થયા શિષ્ય;**
**અજાણ્યા ઉપર એવડી, રાખી ન ઘટે ધર્મને રીસ.**

જીજ્ઞાસુએ ગુરુની આગળ સવાલ ઉઠાવ્યો કે મારો પ્રશ્ન સાંભળો ! માયા ગુરુ હોય તે પ્રભુની આજ્ઞાથી બહાર વર્તતા હોય તેથી તેને જમપુરીની સજા થવી જોઈએ. પણ શિષ્ય ગુરુની પાસે આવીને તન, મન, ધન દઈ થયા તેના દાસ. શિષ્ય તો જ્ઞાન મેળવવા આવે. નિર્દોષ હોય તો તેને ધર્મરાજા શા માટે સજા કરે છે ?

**એમ કહ્યું કર જોડીને, તમે સાંભળો મારા શ્યામ;**
**એ સંશય મારો સમાવીએ, સનેહી સુખના ધામ.**

હાથ જોડીને શિષ્ય કહે છે, મારા સંશયને શમાવીને જેમ બરાબર સમજાય તેવી રીતે વિગત પાડીને સરખી રીતે મને સમજાવો.

**ઝાડ મૂળને આધારે જીવે છે, ભક્ત પ્રભુને આધારે જીવે છે.**
**મૂળ ઉખડી જાય તો ઝાડ સૂકાઈ જાય.**
**પ્રભુ ભુલાઈ જાય તો સત્સંગ સૂકાઈ જાય..**

સવારનો સમય ભગવાનના ધ્યાન, પૂજન, માળા, પ્રાર્થના વિગેરે સત્કર્મમાં પસાર કરવો જોઈએ. સવાર-સાંજ ચાર કલાક આપણે ભગવાનને યાદ કરશું તો ભગવાન ચોવીસ કલાક આપણને યાદ કરશે. અને રક્ષા પણ કરશે.

ચોપાઈ :-

**એવું સાંભળી મુક્ત મહાજનરે, પછી બોલિયા પરમ પાવનરે;**
**કહે સાંભળ્યું તું જીજ્ઞાસુરે, ખરું પ્રશ્ન તેં પુછિયું ખાસું રે.**
**એનો ઉત્તર આપીએ અમે રે, સાવધાન થઈ સુણો તમે રે;**
**હોય જુઠું સાચું બેઉ જોડ્યે રે, રાત દિવસ બે તડો વડ્યે રે.**
**હોય બક તિંયાં હંસ હોય રે, જ્યાં કાગ ત્યાં કોયલ શું નો'યરે;**
**હોય ચોર તિયાં શાહુકાર રે, હોય રવિ ત્યાં રાકેશ ત્યાર રે.**
**હોય પાપી ત્યાં પુણ્યવાન રે, હોય મૃત્યુ ત્યાં અમૃતપાન રે;**

ગુરુ કહે છે, હે શિષ્ય તેં સારો પ્રશ્ન પૂછ્યો છે. આ જગતની અંદર જૂઠું ને સાચું બેય હોય, પણ શિષ્યએ વિચારીને મન સોંપવું જોઈને ! સમજ્યા વગર શા માટે ગમે તેવા પાપી, કપટી, સ્વાર્થી, માયામાં રચ્યાપચ્યા ગુરુને શરણે જાય છે ? ધર્મહીન, લજ્જાહીન, મતવાદીને ઓળખવા જોઈએને ? જગતમાં તો બધું હોય, સાચું હોય અને ખોટું પણ હોય.

બગ હોય ત્યાં હંસ પણ હોય, કાગ ત્યાં કોયલ પણ હોય; ચોર હોય ત્યાં શાહુકાર પણ હોય, સૂર્ય હોય ત્યાં ચંદ્ર પણ હોય. પુણ્યવાન હોય ત્યાં પાપી પણ હોય, ખોટું હોય ત્યાં સાચું પણ હોય.

બગલા ઘણા હોય, હંસ ઓછા હોય, બધી જગ્યાએ અસત્ય ન હોય, કોઈ જગ્યામાં સત્ય પણ હોય. જેટલા સંતો છે તે બધા અસત્ય પણ ન હોય. તેમાં નિત્યાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી જેવા પણ હોય. સાચા મોતીનો ચારો કરનારા પરમહંસ પણ હોય. વસ્ત્ર કલર પરથી માપ નીકળી શકે નહિ. કલર તો બગલાનો ધોળો છે ને હંસનો પણ ધોળો છે.

હંસ કયાં રહે છે ? હંસ માનસરોવરના કિનારે રહે છે. પરમહંસ સત્સંગના કિનારે રહે છે. ભૂલે ચૂકે પણ ગટર અને ઉકરડા જેવા કુસંગમાં જતા નથી. નિષ્કુળાનંદ સ્વામીનો કહેવાનો મુખ્ય હેતુ એ છે કે, હંસ જેવા પરમહંસનો સંગ કરજો પણ કાગડા જેવા, બગલા જેવા દંભીગુરુનો સંગ ભૂલે ચૂકે પણ કરશો નહીં.

## ભગવાનરૂપી વરરાજાને સાથે રાખજો.

સનાતન ધર્મનો સત્સંગ વિશાળ છે. તેમાં બધું એક સરખું માની લેશો નહિ..

**હોય સાચું ત્યાં ખોટું ખરું રે, તેનું કહેતાં કહેતાં નાવે સરું રે.**
**તેમ સત્ય અસત્ય ગુરુ છે રે, તે પણ ખોટું માં માનો ખરું છે રે;**
**તે તો કહે છે વેદ પુરાણ રે, સત્ય અસત્યની ઓળખાણ રે.**
**સતશાસ્ત્રનું એજ સિધ્ધાંત રે, કપટી ગુરુ તેજ કૃતાંતરે;**
**જમપુરીના જમાન ખરા રે, જાવા ન દિયે જીવ અરાંપરાં રે.**
**ઝાલી આપશે જમને હાથે રે, માર્યો જાશે બિચારો અનાથ રે;**
**વણ ગુન્હે ગુન્હેગાર થાશે રે, વણવાંકે મોટો માર ખાશે રે.**
**પડશે દુ:ખના દરિયા માંઈ રે, તેની ખબર નથી એને કાંઈ રે;**

ગુરુ કહે છે, તું કહે છે કે શિષ્યને દંડ ન હોવો જોઈ પણ સાચી હકીકતમાં ગુરુ કરતાં પણ શિષ્ય વધારે દંડનીય છે. મૂર્ખાને ત્યાગ ભાગ સમજવો જોઈએને ? કાગડા જેવા બગ જેવા ગુરુમાં બંધાઈને પડ્યો છે. શાસ્ત્રોમાં તમામ સમજણ ભગવાને સમજાવેલી છે છતાં પણ પાપી ગુરુમાં ભટકાણો. તે શિષ્યની ભૂલ છે. વણ ગુન્હે ગુન્હેગાર થશે, વણવાંકે માર ખાશે; પડશે દુઃખના દરિયામાંઈ, તેની ખબર નથી તેને કાંઈ. ખોટા ગુરુ કૃતાંત જેવા છે.

એક સાધુના ચાર શિષ્ય હતા. સૌથી નાના શિષ્યનું નામ કમળદાસ હતું. ગુરુજી દરરોજ ભગવાનની વાતો શિષ્યને સંભળાવે કે ભગવાન દરેક જગ્યાએ વસીને રહ્યા છે. ભગવાન સર્વત્ર અને સર્વદા છે. સાધુનું બોલવાનું જુદું ને કરવાનું જુદું હતું. પાપથી ડરતો નહિ. એક દિવસે કમળદાસે કહ્યું, ‘‘ગુરુજી ભગવાન બધી જગ્યાએ છે તો મને દેખાતા કેમ નથી ?’’ ગુરુ જીએ કહ્યું, ‘‘માયાનો પડદો આડો છે તેથી તું જોઈ શકતો નથી. મારામાં માયાનો અંશ નથી તેથી હું ભગવાનને પ્રત્યક્ષ દેખું છું. આપણે જે કામ કરીએ છીએ તે બધું ભગવાન દેખે છે.

કયારેક આ દંભી સાધુ રાત્રે ખેતરમાંથી ચોરી કરવા પણ જાય. કમળદાસને સાથે લઈને સાધુ ખેતરમાં આવ્યો. શિષ્યને કહ્યું, ''કમળદાસ હું ખરવાળમાંથી બાજરાની ગાંસડી બાંધું છું. ધ્યાન રાખજે, કોઈ આવે તો મને ધીરેથી ખબર આપજે.'' ગાંસડી બાંધી લીધી. ત્યાં કમળદાસે બૂમ પાડી. ગુરુજી, કોઈક આપણને દેખે છે. ગુરુજીએ ઊભા થઈને જોયું તો કોઈ નથી દેખાતું. ''બેટા હું તો કોઈને નથી દેખતો, કોણ છે ?''

કમળદાસે કહ્યું, ''ગુરુજી તમે હંમેશા કહો છો કે ભગવાન સર્વત્ર છે. બધી જગ્યાએ છે. આપણે જે કામ કરીએ છીએ તે બધું દેખે છે. દરેક સ્થળે હાજરાહજૂર છે, તો તમે બીજાના ખેતરમાંથી બાજરો લ્યો છો તે ભગવાન શું નહિ દેખે ?? ભગવાન બધું દેખે છે તો ચોરી શા માટે કરો છો ?'' ચોરી કરી અમને ખવડાવશો તો અમે ચોરી કરતા થઈ જશું. આવું સાંભળી ગુરુએ કહ્યું, ''સાધુને ચોરી કરવામાં પાપ નથી. હું ચાલીસ વરસથી ચોરી કરું છું છતાં સાજો નવરો ફરું છું.'' શિષ્ય કમળદાસે કહ્યું, ''તમે કહો છો કે પાપ કરે તો જમપુરીમાં જાય ત્યાં જમદૂતોનો ખૂબ માર ખાય. તો તમે પાપ કરશો તો જમદૂતની માર ખાશો, માટે ચેતી જાવ.''

આટલું કહી કમળદાસ ચાલતા થઈ ગયા. આવા પાપી સાથે રહેવાથી કલ્યાણ થશે નહિ પણ કલ્યાણ જશે. ચેતી ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. પાપી ગુરુથી ચેતવા જેવું છે.

વૃક્ષો વાવ્યા પછી પાણી પાય તો વૃક્ષો લીલાં રહે તેવી રીતે સત્સંગી થયા પછી નિયમિત ભક્તિ, ભજન કરે, સત્સંગ સભામાં કથા સાંભળે, પૂજા-પાઠ ભાવથી કરે તો સત્સંગ લીલો રહે. પાણી વગર વૃક્ષ સૂકાઈ જાય તેમ નિયમિત સત્સંગ વગર સત્સંગ સૂકાઈ જાય માટે નિયમિત સત્સંગ કરવો જરૂરી છે.

**એમ સાચા સંત સહુ કહે છે રે, તોય શઠને શઠપણું રહે છે રે.**<br>
**ત્યારે કહેતલનો શિયો વાંક રે, કહી કહી વાળ્યો આડો આંકરે;**<br>
**તોય માન્યું નહિ જો મૂરખે રે, ખાધું હળાહળ જઈ હરખે રે.**<br>
**મેલી તરી તુંબડાં તરવા રે, બાંધ્યા કોટે પાણા બુડી મરવારે;**<br>
**કરી હંસ મેના શુક ત્યાગ રે, સેવ્યા ઘુડ કપોત ને કાગ રે.**<br>
**મેલી ગજ બાજ ગવા ગાય રે, વો'ર્યા વાઘ નાગ ને બલાય રે;**

**એમ અવળો કર્યો ઉદ્યમ રે, તેની ન પડી ગાફલને ગમ રે.**
**એવી અવળી અક્કલવાળા રે, તે તો કયાં થકી થાય સુખાળા રે;**
**મેલી સુખ લીધું દુ:ખ માથે રે, પોતે પોતાનું બગાડ્યું હાથે રે.**

સાચા ગુરુ સવળો માર્ગ બતાવે છે. હાઈવે રોડ બતાવે છે. આ માર્ગે ચાલ્યા જાવ. સુરક્ષિત ધારેલા લક્ષ સુધી પહોંચી જશો. અવળા માર્ગમાં કાંટા, પથ્થર અને જોખમ છે. સંતો સ્પષ્ટ વાત કરે છે છતાં સમજતા નથી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આમાં મારો શું વાંક? મેં કહેવામાં કાંઈ બાકી નથી રાખ્યું છતાં મૂર્ખ હોંશે હોંશે હળાહળ ઝેરના પ્યાલા પીએ છે. મેલી તરી તુંબડાં તરવા, બાંધ્યા કોટે પાણા બૂડી મરવા; સાચી સલાહ આપીએ છીએ છતાં ગળામાં પાણો બાંધી ને પડ્યો કૂવામાં. તે મરવાનો જ છે. જેની અવળી બુધ્ધિ છે તેને અવળુંજ સૂઝશે.

## આ ગ્રંથ સમાજને ગતિ આપવાની ક્ષમતા ધરાવે છે.

ગામ ગોખરવાળમાં વિપ્ર રણછોડભાઈ રહેતા હતા. મન, કર્મ, વચને ભગવાનના ભક્ત હતા. ઘણા ભક્તો મન, કર્મ, વચન એ ત્રણમાંથી એકાદ હોય, ઘણા વચને ભક્ત હોય, અમે તો તમારા છીએ. જેમ કહેશો તેમ કરશું પરંતુ એક પણ આજ્ઞા પાળે નહિ. તે કેવળ વાણીના ભક્ત કહેવાય. ઘણા કર્મથી ભક્ત હોય. કામ-સેવા જેવું હોય તો બોલાવજો. ધામધૂમથી સેવા કરી દે, પછી દેવદર્શન પૂજાપાઠ કાંઈ નહિ. બોલાવો તો આવે. કેટલાક મનથી ભક્ત હોય. હૈયામાં અખંડ પરમાત્માનું સ્મરણ કરતા હોય. આપણને કેવા ભક્ત થવું છે તે નક્કી કરી રાખવું.

એક વખત તે પોતાના વેવાઈને ઘરે ગયા. રાત્રે વાળુ કરીને સૂતા. સવારે નાહી આવીને ઓશરીમાં આસન પાથરીને પૂજાના ઠાકોરજી પધરાવ્યા. પછી આંખ બંધ કરી ધ્યાનપૂર્વક માનસી પૂજા કરે છે. ધ્યાન યોગ શીખવા જેવો છે. એક આસને ટટ્ટાર બેસીને આંખ સ્થિર કરીને પછી દેહને સ્થિર કરવું, દેહ અને આંખ સ્થિર થાય પછી મનને સ્થિર કરવું, આડુંઅવળું કયાંય જવા દેવું નહિ. ભગવાનના એક એક અંગનું ચિંતવન કરવું તેને ધ્યાન કહેવાય. સર્વાંગનું ચિંતન કરવું તેને ધારણા કહેવાય.

રણછોડભાઈ આંખ બંધ કરી માનસી પૂજા કરે છે, તે વખતે તેના વેવાઈએ ભગવાનની મશ્કરી કરીને પૂજાની મૂર્તિ લઈ લીધી અને પૂજાને બદલે (ખાસડું) એટલે ચંપલ રાખી દીધી. માણસ કેવો ઉધ્ધત વિવેકહીન છે ? વિનાશકાળ નજીક

આવ્યો હોય તેની આસુરી બુધ્ધિ થઈ જાય છે. તેને સાર અસારનો વિવેક રહેતો નથી. તેથી તે ન કરવાનું કાર્ય કરી બેસે છે. રણછોડ ભગતે માનસી પૂજા કરી પછી આંખ ખોલી જોયું તો પૂજાની મૂર્તિને બદલે ચંપલ. આઘાત લાગ્યો. મારા પ્રાણ પ્યારા ભગવાન કોણ લઈ ગયું ? આડુંઅવળું જોયું તો વેવાઈ ખડખડાટ હસતો હતો.

**પાપ કરીને હસે તે દુર્જન,**
**પાપ કરીને પસ્તાય તે સજ્જન.**

ખરાબ કાર્ય કરીને હસે છે. જેણે મારા ભગવાનની મશ્કરી કરી હશે તે અત્યારેજ આંધળો થઈ જશે. સત્ય હૃદયમાંથી નીકળેલ બોલ સત્યજ થાય છે. તેજ વખતે વેવાઈ બેય આંખે આંધળો થઈ ગયો. સજા ફટકારી દીધી. હવે વેવાઈના પસ્તાવાનો કોઈ પાર નથી. અરે રે ! જેના ચરણમાં મસ્તક નમાવાય, પૂજાપાઠ કરાય તેનું મેં અપમાન કર્યું. આખી જિંદગી પસ્તાવો થયો પણ પછી શું થાય ? ભગવાનનો જેને મહિમા નથી, તેનાથી જ આવું ખોટું કામ થાય. માટે મહિમા સહિત ભક્તિ કરવી.

માહાત્મ્ય વિનાની ભક્તિ વીજળી જેવી છે. વીજળી થાય ત્યારે જલદી પ્રકાશ થાય અને અંધારું પણ તરત થઈ જાય. તેમ મહિમા વગરની ભક્તિમાં તરત અજ્ઞાન અંધારું થઈ જાય.

**મહિમા સહિત ભક્તિ, લાંબા સમય સુધી ટકે છે.**

ભગવાનને આપણે હાથનું કાંડુ સોપીએ તો જીવન ધન્ય બની જાય. જીવન લેખે લાગે. ભગવાન આપણો હાથ કયારે પકડે ? આપણું અંતઃકરણ સત્વગુણથી ભરપૂર હોય, આત્મા પરમાત્મારૂપી જ્ઞાનનો પ્રકાશ હોય ત્યારે પ્રભુ આપણો હાથ પકડે. જગત સંબંધી વાસના હૃદયમાં રમતી હોય તો ભગવાન હાથ પકડે નહિ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**નથી વાંક એમાં કેનો વળી રે, ખાધી માર'જ્મ મિસરી મેલી રે;**
**મૃત્યુ મોદક અમૃત જાણી રે, પીધું સર્પલાળ પય પાણી રે.**
**હોરે હેડ્યમાં પગ દેવાણો રે, વણ ચોરે તે ચોર કહેવાણો રે;**
**ભળ્યો ભરાડીમાં શાહુકાર રે, ઘણી મળે મળે વળી માર રે.**
**એમ અસત્ય ગુરુને આશરીરે, જીવ જાય છે તે જ્મપુરી રે;**

નિષ્કુળાનન્દ સ્વામી કહે છે, અવળી અક્કલવાળા કયાંય સુખી થવાના નથી. મેલી ગજબાજ ગવા ગાય રે, વોર્યો વાઘ નાગ ને બલાય રે; હંસ મેના પોપટને પળાય પણ ઘુવડ, કાગડા અને ગીધને પળાય નહિ. સત્ય વસ્તુનો સ્વીકાર કરાય, અસત્યનો કયારે પણ સ્વીકાર કરાય નહિ. હંસ મેના ને પોપટ રાખે તો ઘર શોભશે. પણ કાગડો, ઘુવડ ને નાગથી ઘર શોભશે નહિ. કરડી ખાશે.

પછી કહે છે કે મને ઘરમાં શાંતિ નથી થતી. આ શાંતિનું સાધન નથી. શાંતિ તો ભજન ભક્તિથી થશે. સાચા સંતોના સંગથી થશે. એક માણસ કહે મને પક્ષી રાખવાનો શોખ નથી પણ જનાવર રાખવાનો શોખ છે. વાઘ, નાગ ને બલાખારી લઈ આવ્યો. બલાખારી જનાવર બહુ ઝેરી હોય. પેશાબ કરીને પૂછડાંથી છાંટ ઉડાડે. જેને છાંટો અડે તે તરત મરી જાય. આવું ભયંકર જનાવર લઈ આવ્યો.

હાથે કરી અવળું કરે પછી દુઃખી થાય ત્યારે ભગવાન શું કરે ? પછી કહેશે ભગવાને મને દુઃખી કર્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અસત્યમાં ફસાશો નહિ, શા માટે દોડી દોડીને અસત્ય કાર્ય કરો છો ? શા માટે અસત્ય માયા ગુરુમાં ફસાઓ છો ? કોઈ કોઈનું બગાડતા નથી. પોતાના હાથે બગાડે છે નિષ્કુળાનંદ સ્વામીનો મત છે.

શાહુકાર ભરાડીમાં ભળી જાય તો એની કીમત ભરાડી જેવી જ થાય. હોંશે હોંશે એવા પાપીની હોડ્યમાં ભળશો નહિ. નહિંતર માર ખાશો. મતપંથમાં જ્યાં ત્યાં ભળશો તો ગુન્હેગાર ઠરશો ને જમપુરીમાં માર ખાશો. તિયાં કષ્ટ પામે છે કુબુધ્ધિ, જેની અતિ સમજણ ઊંધી; નથી સૂઝતું સાર અસાર, તેણે ખાય છે જમનો માર. સાચી વાત સાંભળે છે કાને, તોય ચડ્યો છે ખોટા તાને. રાત દિવસ ટી.વી.માં જીવન વેડફી નાખે છે.

**ખોટા ગુરુના ખાધા છે ખતા રે, નથી છાના એ છે જાગછતા રે;**
**પંચ વિષયશું પોષણ કરી રે, લીધું અન્ન ધન આયુષ્ય હરી રે.**
**ખરાખરો કીધો ગુરુએ ખાલી રે, પછી આપ્યો છે જમને ઝાલી રે;**
**એમ ચેલો ચાલ્યો જમ સાથે રે, અણ કર્યું આવી પડ્યું માથે રે.**
**ફાંસીગરે ફાંસી નાખી કોટે રે, લીધો જમપુરે દડી દોટે રે;**
**શાહુકાર જાણી કર્યો સંગ રે, ખરો નિસર્યો દોગાનો દંગ રે.**

ખોટા ગુરુમાં બંધાઈ ગયોને જમના હાથમાં ગયો. હવે ધોખો કરે છે કે મને

ખબર નહિ કે આવા પાપીને સંગે રહીશ તો દુઃખી થઈશ. જમદૂતે ફાંસીએ ચડાવ્યો ત્યારે લટકતો લટકતો પસ્તાવો કરે છે, મને એમ કે આ શાહુકાર છે પણ આતો દોગાનો દંગ નીકળ્યો. દગો દીધો અફસોસ કરે છે. સમજ્યા વિના સંગ કર્યો. લૂંટાઈ ગયો. બ્રહ્માનંદ સ્વામી આગવી ચેતવણી આપતાં કીર્તન ગાય છે. હે અજ્ઞાની સમજી જા. નહિતર જમના જૂતાં ખાવાં પડશે.

**અજ્ઞાની સમજ કયા સૂતા, જમનકા ખાયગા જુતા;**
**તહાં શિર ધૂની પછતાવે, ધની બીન કોન છોડાવે...અજ્ઞાની...**
**લિયા નહી સંતકા શરના, શીખ્યા એક ઉદરકા ભરના.**
**રહા પરનારીસે રાજી, ગઈ સબ હાથસે બાજી... અજ્ઞાની....**

બ્રહ્માનંદ સ્વામી કહે છે, હે અજ્ઞાની સમજ્યા વિના શા માટે હેરાન થાય છે ? જમના દૂતો લોઢાના જોડાથી જોરદાર લાતો મારશે ત્યારે કોઈ છોડાવવા નહિ આવે. શીખ્યા એક ઉદરકા ભરના, લિયા નહિ સંતકા શરના. કુટુંબ પરિવારના પોષણમાંજ જિંદગી વિતાવી દીધી. કાંઈ સત્કર્મ કર્યું નહિ, જીતી બાજી હારી ગયો. ઉત્તમ માનવ જન્મ મળવા છતાં સંતનું શરણું લીધું નહિ. હરાયા ઢોરની જેમ રખડ્યો.

**માયા અતિ પાપસેં જોડી, ચલે નહી સંગ એક કોડી;**
**આગે તો કઠિન હૈ રસ્તા, જાયગા હાથકું ઘસતા... અજ્ઞાની....**
**બ્રહ્માનંદ કહત હે ભાઈ, ભજો હરિચરણ લે ભાઈ;**
**મિટે સબ જન્મકા ફંદા, કરે જો મહેર વ્રજચંદા... અજ્ઞાન...**

સૌ કોઈને ખબર છે કે, ખાલી હાથે આવ્યા છીએ ને ખાલી હાથે જવાના છીએ. સાથે પુન્ય ને પાપ ચાલશે. આગળ કઠિન રસ્તો છે. છતાં જાણી જોઈને ભગવાનની આજ્ઞા શા માટે લોપો છો ?

ખોટનો ધંધો શું કામ કરો છો ? આપણા હાથમાં વચનામૃત જેવાં શિક્ષાપત્રી જેવાં ભાગવત જેવાં સત્સંગિજીવન જેવાં શાસ્ત્રો છે. સર્વોપરી ઉપાસના મળી છે. સોના જેવો સત્સંગ મળ્યો છે. નંદ પંક્તિ જેવા સંતો મળ્યા છે. તો ભાવથી સત્સંગ કરી લેવો જોઈએ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**સમજ્યા વિના કર્યો સંગાથ રે, તેણે લૂંટાણો જાણે અનાથ રે;**
**કહ્યા જેવું તે કેને ન રહ્યું રે, એવું મંદભાગીને માથે થયું રે.**
**એમ ખબર વિના ખોટચ ખાધી રે, વણ વાંકે વળગી વરાધીરે;**

**મતિહીણ તે મહાદુઃખ પામે રે, જે કોઈ ભ્રમી ચઢે ભૂર ભામે રે.**
**માટે મતિ પોતાની હોય થોડી રે, તો મળવું મોટાને માન મોડી રે;**
**પુછી જોવી પંચને વારતા રે, મેલી મત પંથની મમતા રે.**

સમજ્યા વિના જિંદગી બરબાદ ન કરશો. મંદભાગી ખોટનો જ ધંધો કરે, મતિહીન મહાદુઃખ પામે, જે ચડ્યો છે ખોટે ભામે. બુધ્ધિ ન હોય તો પાંચ જણાને પૂછીને સંતનું શરણું લેવું જોઈએ. માણસ માટલું લેવા જાય ત્યારે ટકોરીને લે છે કે કાચું નથીને ? છિદ્ર નથી ને. નહિંતર નકામા પૈસા જશે. તેમ કાંઈ પણ જીવનમાં ભક્તિના માર્ગમાં કચાશ હોય, પોતે પોતાના ગુરુ બનીને તે કચાશને ટાળવી નહિતર સલવાઈ જશો. ને જન્મ મરણના ચક્કરમાં ફરશો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સાચી વાત સમજતા નથી....

**સાચી વાતમાંહિ ખોટચ્ય આવે રે, તે તો ભૂર વિના કેને ભાવે રે.**
**માટે સાચાને શોધવું સાચું રે, કલ્યાણમાં ન રાખવું કાચું રે;**
**સાચા સદ્‌ગુરુ સંતને સેવી રે, સર્વે વાતને સુધારી લેવી રે.**
**ફરી ફરી ન પડે ફરવું રે, એટલું તો અવશ્ય કરવું રે;**
**એ છે પોતાના હિતની વાત રે, સહુને સમજ્વું એ સાક્ષાત રે.**

મોક્ષની બાબતમાં બહુ ધ્યાન રાખવું. મોટો બિઝનેશ કરવો હોય તો ખૂબ ધ્યાન રાખવું પડે, નહીંતર નુકસાની આવતાં વાર ન લાગે. આ તો કલ્યાણ કરવું છે. પ્રભુના અક્ષરધામમાં જાવું છે. તે શું એમને એમ મળી જશે ? નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘સાચાને શોધવું સાચું, કલ્યાણમાં ન રાખવું કાચું. સાચા સંતને સેવી, વાતને સુધારી લેવી.’’

## કલ્યાણ નિર્ણય પ્રભુના ધામમાં જવાની સીડી છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ફરી ફરી ન પડે ફરવું રે, એટલું તો અવશ્ય કરવું રે; એ છે પોતાના હિતની વાત રે, સહુને સમજવું સાક્ષાત રે. મનુષ્ય જન્મને ભવસાગર તરવાના વહાણ સાથે સરખાવ્યો છે. એકાંતિક સંતો નાવિકરૂપે છે તે દ્વારાએ ભવસાગર તરવા શક્તિમાન થઈ શકે છે.

**જેણે કરીને થાય જો જ્યાન રે, એવો સંગ ન કરવો નિદાન રે;**
**એમ કહ્યું મુકતે મુમુક્ષુને રે, હોય સંશય તો પૂછજ્યે મુને રે.**

સ્વામી કુસંગથી બચાવવાની વાત સમજાવે છે :-

જેણે કરીને થાય જયાન, એવો સંગ ન કરવો નિદાન. પાપીની સોબત કરવાથી નુકશાની થાય છે. પાપમાં વધારો થાય છે. માટે સમજી વિચારીને સંગ કરવો. જેને કુસંગ લાગી ગયો તે જીવતા છતાં મરેલો છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી. ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે.

**ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે એકાદશો નિર્ણય : ॥ ૧૧ ॥**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૧૨

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વાડીમાં ધાન્ય થાય પછી સાફસૂફ કરીને ખડવાળમાં ઢગલો કરે, અને જો પછી ચોકી કરે નહિ તો ચોર ઉપાડી જાય. તેમ હૃદયરૂપી વાડીમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યનું વાવેતર કર્યું પછી જો સાવધાની રાખે નહિ તો કુસંગરૂપી ચોર સદ્‌ગુણોની ચોરી કરી જાય છે.

દોહા :-

**મુમુક્ષુ કહે મહામુક્તને, સંશય રહ્યો નથી રતિભાર;**
**તમે કહ્યું તેમજ છે, એમાં નથી ફેર લગાર.**
**દુષ્ટ મળે દુઃખ ઉપજે, શુધ્ધ સંત મળે સુખ થાય;**
**ખરા ખરું એ ખોટું નથી, તેને કુડુ કેમ કહેવાય.**
**વળી હરિ હરિજન મળ્યા વિના, કહ્યું કેદિ ન હોય કલ્યાણ;**
**એ પણ સર્વે સત્ય છે, નક્કા નક્કી વાત નિર્વાણ.**
**પણ હરિને હરિના જનની, કરી જોઈએ કેટલી સેવ;**
**જેણે કરી શ્રેય શિષ્યનું, થાય એવો પુછું છું ભેવ.**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ, તમે જે કહો છો તેમાં મને તલભાર સંશય નથી. દુષ્ટ મળે તો દુઃખ ઉપજે અને સંત મળે તો સુખ થાય. નિષ્કુળાનંદ સ્વામી સંતનો મહિમા ગાય છે. પારસમણિ લોઢાને સોનું કરે ચિંતામણી તમે જે ચિંતવો તે આપે છતાં પણ સંતની સાથે સરખાવાય નહિ.

## સાચા સંતો ચિંતામણી કરતાં પણ મહાન છે.

ચંદનના લાકડામાં સુગંધ રહેલી છે. શેરડીમાં મીઠો રસ રહ્યો છે તેમ સાચા સંતમાં ભગવાન રહ્યા છે. પ્રગટ પ્રભુ મળે જ્યારે, ખોટ ખામી રહે નહિ ત્યારે.

ચોપાઈ :-

**પ્રભુ પ્રગટ મળે પોતે જ્યારે રે, ખોટ ખામી રહે નહિ ત્યારે રે;**
**જેનાં દર્શન દુર્લભ બહુ રે, નર અમર માને છે સહુ રે.**
**જોગી જતિ તપસી સન્યાસી રે, સહુ પ્રભુ દર્શનના પ્યાસી રે;**
**હરિ હર અજ અમરેશ રે, પ્રભુ મળવા ઈચ્છે અહોનિશ રે.**
**તોય પ્રગટ નથી પામતા રે, રહે છે સદાય શીશ નામતા રે;**
**એવી વાત છે દુર્ઘટ રે, તે તો પ્રભુ મળ્યા પ્રગટ રે.**
**પછી પ્રભુને કરવા પ્રસન્ન રે, શું શું કરે જીજ્ઞાસુ જન રે;**

જેના અનંત જન્મનાં સુકૃત ભેગાં થયાં હોય તેને પ્રગટ પ્રભુનાં દર્શન થાય છે. બાકી જોગી, યતિ, તપસ્વી, સન્યાસી અજ અમરેશ અને શંભુને પણ સાક્ષાત પ્રભુનાં દર્શન થતાં નથી. પ્રગટ પ્રભુની રીત ન્યારી છે. જેને મળે તેને કશી ખામી રહેતી નથી. પ્રગટ પ્રભુનાં દર્શન દુર્લભ છે.

**પ્રગટ પ્રભુજી મળ્યા જેને નથી, ખામી કશી તેને;**
**કર્યા જગદીશ જેને રાજી, તેણે સૌ દેવ પૂજ્યાજી.... પ્રગટ...**
**પામી નરદેહ આ રૂડો, તજયો કુસંગ તે કૂડો..**
**કર્યું હેત સંતની સાથે, મરણ દુઃખ ન રહે માથે.... પ્રગટ....**

મોક્ષના દાતા ભગવાન અને ભગવાનના સાચા સંતો છે. સંતો વિશ્વનું ઢાંકણું છે. સંતો વિશ્વની માતા છે, સંતોથી આપણે સત્સંગ ભર્યો ભર્યો લાગે છે. સંતો ભવસાગરમાં ડૂબતા જીવને તારનારા છે.

એક વખત શ્રીજી મહારાજ સ્નાન કરતા હતા. તે પવિત્ર પાણીની નીચે ધાર પડે ત્યાં ચાર કોળીના છોકરાને રમત સૂઝી, એક છોકરો પાણીની ધાર નીચે માથું રાખીને બેઠો. બીજો છોકરો પાણી વહેતું જાય આંગળીથી લીટો કરે અને લીટામાં પાણી વહેતું જોઈને રાજી થાય. બીજા બે છોકરાઓ પાણીમાં છબછબિયા કરે અને જોરથી હસેને રાજી થાય. આવો કોલાહલ સાંભળી શ્રીજી મહારાજે પૂછ્યું, ‘‘મુકુંદ

બ્રહ્મચારી આવો અવાજ કોણ કરે છે ?'' મહાપ્રભુ તમે સ્નાન કર્યું તે પ્રસાદીનું પાણી ટપકે છે તેના નીચે છોકરાઓ રમત કરે છે.

એક છોકરાએ પાણીની ધાર નીચે માથું રાખ્યું છે. બીજો આંગણીથી લીટો કરી પાણી આગળ લઈ જાય છે. બે છોકરા પાણીમાં છબછબિયાં કરે છે અને એકબીજાને પવિત્ર પ્રસાદીનું પાણી ઉડાડે છે. શ્રીજીમહારાજે હસતા હસતા કહ્યું, જે પવિત્ર પ્રસાદીના પાણીની ધાર નીચે બેઠો છે તેને ઈંદ્રનું રાજ્ય મળશે. બીજો જે આંગળીથી લીટો કરે છે તે વરુણદેવ થશે અને બે છોકરા છબછબિયાં કરે છે તે ઈંદ્રરાજાના દેવતા થશે.

અજાણતાં પ્રસાદીના જળમાં રમે છે. જો મહિમાપૂર્વક સ્નાન કરત તો અક્ષરધામના મુકત બનીને અમારી સેવામાં રહેત. આ છે પ્રગટ પ્રભુનો પ્રતાપ...

શિષ્ય કહે છે, હે ગુરુદેવ....

**કહેજો એટલું કૃપા કરીને રે, કેમ રાજી કરે એ હરિને રે.**
**કેવું માને હરિનું વચન રે, કેવું રાખે સદા શુધ્ધ મન રે.**
**કેવી શ્રધ્ધા હોય સેવામાંઈ રે, સેવા વિના ન ગમે બીજાનું કાંઈ રે;**
**કેવું મેલી પોતાનું માન રે, કેવી રીતે રહે સાવધાન રે.**
**કેવી રીતે વાળે તેમ વળે રે, કેવી રીતે ચલાવેને ચાલે રે;**
**કેવી રીતે રાખે વિશ્વાસ રે, કેવી રીતે રહે પ્રભુ પાસ રે.**

ભગવાનને રાજી કરવા હોય તો કેવી ભક્તિ કરવી ? કેવી રીતે સેવા કરવી ભગવાનનું શરણું લીધા પછી કેવી વાણી બોલવી ? પ્રગટ ભગવાન મળી જાય તો શું કલ્યાણ થઈ જાય ? પુતળીબાઈને પ્રગટ ભગવાન મળ્યા હતા પણ આજ્ઞાનો લોપ કર્યો. તો જમપુરીમાં ધકેલાઈ ગયાં. કૌરવોને પ્રગટ ભગવાન મળ્યા હતા. ભગવાને કહ્યું તેમ ન કર્યું તો જમપુરીમાં ધકેલાઈ ગયા. કેવળ ભગવાન મળવાથી કલ્યાણ થતું નથી. સુખી થવાતું નથી. સ્ત્રીને પતિની પ્રાપ્તિ થઈ જાય તો શું પુરું થઈ જાય. ! ન થાય. પતિને રાજી કરવાના, સેવા કરવાની અને એમના વચનનો સ્વીકાર કરવાથી પતિ રાજી થશે. પતિ જેમ કહેશે તેમ કરશે તો રાજી થશે.

તેમ પતિના પણ પતિ પરમેશ્વર છે. અનંતકોટી બ્રહ્માંડના ધણી છે. તેને રાજી કરવા હોય તો શું કરવું ? આપણને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો યોગ થયો

છે. તેથી અમારું કલ્યાણ થઈ જશે. કેવળ માની લેવાની જરૂર નથી. એમને પુરેપુરા ભાવથી સેવવા જોઈશે. એમની મરજી સાચવવી જોઈશે. એમને શું ગમે છે તે સમજવું પડશે. ભગવાન સ્વામિનારાયણનો દ્રઢતાપૂર્વક આશ્રય રાખવો જોઈશે. જેને ભગવાનનો નિશ્ચય છે તે જીવ જગદીશ સાથે પરણી ચૂકયો.

**એનો જે જને કીધો આશરો**
**તે તો તરી ગયા રે કુળ સહિત સંસાર, પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ.**
**વહાલે કલિ મધ્યે અતિ કરુણા કરી**
**લીધો દ્વિજકુળ રે ગુણનિધિ અવતાર ..... પ્રગટ......**

આશરો કોને કહેવાય ? સુખ દુઃખના અનંત પ્રસંગોમાં ભગવાન સિવાય કયાંય પ્રતીતિ ન આવે, દોરાધાગા, મંત્ર કે અન્ય ચમત્કારોમાં જેને ભગવાનના સ્વરૂપ વિના લેશ માત્ર ભાવ ન થાય પોતાનું મન બીજો સંકલ્પ પણ ન કરે, ધાર્યું એક શ્રીહરિનું જ થાય છે. એવી શરણાગતિને દઢ આશરો કહેવાય. વિચાર્યા વિના જયાં ત્યાં દોડવું નહિ.

**કેવી રીતે રાખે હૈયે બીક રે, કેવી રીતે રહે ઠીકોઠીક રે;**
**કેવી રીતના બોલે વચન રે, કેવી રીતના પૂછે એ પ્રશ્ન રે.**
**કેવી રીતે સુણે વાત કાને રે, કેવી રીતે મને સત્ય માને રે;**
**કેવી રીતે થાય પ્રસન્ન રે, કેવી મરજી જોઈને મગન રે.**
**વરતે મન કર્મ ને વચન રે, કેવી રીતે પહેરાવે વસન રે;**
**કેવી રીતની પૂજાને કરે રે, કેવી રીતે અલંકાર ધરે રે.**
**કેવી રીતે ચંદન ઉતારી રે, કરે પૂજા પ્રભુજીની સારી રે;**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ, કેવી ભગવાનની બીક રાખવી, કેવી વાત કરે તે સાંભળવી, કેવી રીતે ભગવાનની મરજી સાચવવી, ભગવાનને કેવાં વસ્ત્ર પહેરાવવાં, કેવી રીતે પૂજા કરવી, કેવી રીતે ચંદન ચરચવું. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, અમને બુધ્ધિશાળી બહુ ગમે છે. ભગવાન સાથે મનથી, દેહથી અને કર્મથી જે ભકત પૂજાપાઠ કરે છે. સતત ભગવાનથી જોડાયેલો રહે છે તેને બુધ્ધિશાળી કહેવાય. ભાવથી સતત ભગવાનમાં જોડાયેલો રહે છે તેને બુધ્ધિશાળી કહેવાય. ભાવથી ભક્તિ કરે છે તેની ભક્તિ ભગવાન સુધી પહોંચી જાય છે. ભગવાન સાથે સતત સંબંધ

રાખવો.

## ભગવાન મનમાં વસી જાય તો માયા દૂર ખસી જાય

એક પરમભક્ત ધનબાઈ હતાં. બહુ સારાં નિષ્ઠાર્થી ભક્તિવાન હતાં. એક ક્ષણ પણ ભગવાનના સંબંધ વગર સમય ગુમાવે નહિ. હરઘડી હરિ સ્મરણ કર્યા જ કરે તેથી તે બાઈને ત્રિકાળ જ્ઞાન થઈ ગયું. એમના પતિનું નામ રૂડાભાઈ હતું. એક વખત રૂડાભાઈ વહેલી સવારે ઓસરીમાં બેસી પૂજા કરે છે પણ મન સ્થિર થતું નથી. એક વાતનું ધ્યાન રાખજો, ઈંદ્રિયોને ભજન ભક્તિમાં. ધ્યાનમાં એવું લગાડો કે આંખ ખોલવાનું મન ન થાય. બે ત્રણ કલાક સ્થિર થાવ. પગથી એવું આસન વાળો કે થાકી જવાય તો ભલે પણ આસનથી ઊઠો નહિ, સતત પ્રયાસ કરતા રહો.

પૈસા કમાવવા હોય ત્યારે ગમે તેવો થાક લાગે છતાં પાછીપાની કરતા નથી. હિંમતપૂર્વક ધંધો કરીએ છીએ તો પૈસા ભેગા થાય છે. આ તો ભગવાનને મેળવવાની વાત છે. હિંમતપૂર્વક ભજન ભક્તિ કરશું, તો અખંડ અવિનાશી મહાસુખ પામશું. રૂડાભાઈ ઘરમાં બેઠા પૂજા કરે છે અને મન ગામમાં આંટા મારે છે. ત્યાં એક માણસે બહારથી આવી સાદ કર્યો ધનબાઈ ! રૂડાભાઈ ઘરમાં છે ? ધનબાઈએ બાજરાના રોટલાં ઘડતાં જવાબ દીધો. તમારા ભાઈ અત્યારે ઘરમાં નથી. ચમાર વાડે કોશ સંધાવવા માટે ગયા છે.

માણસ ચાલ્યો ગયો. આવી વાત સાંભળી રૂડાભાઈ ગરમ થઈ ગયા. માળા ફેરવતા ફેરવતા બોલ્યા. અલી જૂઠાબોલી. હું ઓસરીમાં બેઠો છું ને કહે છે કે ઘરમાં નથી. ચમારવાડે ગયા છે. સત્સંગી થઈને ખોટું બોલે છે. ધનબાઈએ નમ્રતાથી કહ્યું, પતિદેવ માફ કરજો. તમારા સામે વધારે બોલવું તે અવિવેક છે, પણ શાંતિથી સાંભળો. તમારો દેહ ઘરમાં બેઠો છે પણ મન તો ચમારવાડે ગયું હતું. સંકલ્પ કરતા હતા કે કોશ ફાટી ગયો છે. જલદી સાંધી દે તો કામ ચાલુ થાય. પ્રભુ ભક્તિમાં તન મુખ્ય નથી. મન મુખ્ય છે. મન ભગવાનમાં રાખવું જોઈએ.

આશ્ચર્ય પામતાં રૂડાભાઈ બોલ્યા ! ''દેવી મારા મનની વાત તમને કેમ ખબર પડી ગઈ ?'' બે હાથ જોડી ધનબાઈ બોલ્યાં પતિદેવ. શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરવાથી મને ત્રિકાળ જ્ઞાન રહે છે તેથી અંતરજામીની શક્તિથી ખબર પડી.

## ભક્તિમાં મન પરોવાય તો સહેજે આનંદ છલકાય..

સાંભળજો ! આપણી પૂજા રૂડાભક્ત જેવી થતી નથી ને !! રૂડાભક્તની

જેમ મોટા ભાગના ભક્તજનો પૂજા કરતા હશે. આજથી આપણે નિયમ લઈએ કે પૂજાપાઠ કરતાં કાંઈ પણ બોલશું નહિ. આડું અવળું જોઈશુ નહિ, એકાગ્રતાથી પૂજા કરશું. તો ભગવાન રાજી થશે.

**કેવી રીતના કુસુમ લાવે રે, કેવી રીતના હાર પહેરાવે રે.**
**કેવી રીતે ઉતારે આરતિ રે, કેવી રીતે કરે ધુન્ય અતિ રે;**
**કેવી રીતે કરે વળી સ્તુતિ રે, કેવી રીતે કરે વિનતિ રે.**
**સઈ ભેટ મૂકે પ્રભુ આગે રે, પછી કર જોડી શું માગે રે;**
**કેવી રીતે વરતવું વળી રે, મહા પ્રભુ પ્રગટને મળી રે.**
**જેણે કરી હરિ રાજી થાય રે, એવા કહેજો એ સર્વે ઉપાય રે;**
**વિધવિધે કરી એની વાત રે, કહેજો રાજી થઈ રળીયાત રે.**

શિષ્ય કહે છે, ''હે ગુરુદેવ, ભગવાનને ચંદન કેમ ચરચવું, ભગવાનની આરતી કેમ ઉતારવી, ભગવાનની ધૂન કેમ કરવી, ભગવાનની સ્તુતિ કેમ કરવી, ભગવાન આગળ કેવી ભેટ મૂકવી. ભગવાનની આગળ હાથ જોડીને શું માગવું. કેવી રીતે વર્તીએ તો ભગવાન રાજી થાય તે બાબત મનને સરખી રીતે સમજાવો,

ભગવાનને રાજી કરવા માટે નિષ્કુળાનંદ સ્વામીએ ખૂબ વજન મૂક્યું છે. સમયને અનુસરીને પ્રેમભાવથી ભગવાનને અંતરમાં ધારીને પવિત્રપણે સેવા પૂજા કરવી, આરતી ઉતારવી અને ભાવથી ધૂન્ય કરવી, સારી અને ઉત્તમ ભેટ અર્પણ કરવી, હાથ જોડી પ્રાર્થના કરવી કે, ''હે મહારાજ બ્રહ્માનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામીના જેવી સત્સંગની સમજણ મને આપો, નિષ્કુળાનંદ સ્વામીના જેવો વૈરાગ્ય મને આપો. રાધાજી તથા લક્ષ્મીજીના જેવી ભક્તિ મને આપો. જાગૃત અવસ્થામાં અને સ્વપ્નમાં મને નિરંતર દર્શન આપો, તમે મારા અંતરમાં નિવાસ કરો. આવી રીતે ભગવાનની આગળ હાથ જોડીને પ્રાર્થના કરવી. શિષ્ય કહે છે :-

**વળી પૂછું છું પ્રશ્ન એક રે, કહેજ્યો તે પણ કરી વિવેક રે;**
**જ્યારે પ્રભુજી પ્રગટ હોય રે, ત્યારે મનુષ્ય તરે કે તરે કોય રે.**
**હોય સ્વર્ગ મૃત્યુ ને પાતાળે રે, તેનું કલ્યાણ કેમ એહ કાળે રે;**
**દેવ દાનવાદિ જે કહેવાય રે, તેનું કલ્યાણ કયી પેર થાય રે.**
**ભૂત પ્રેત ને ભૈરવ ભણિયે રે, તેનું કલ્યાણ કેમ ગણિયે રે;**

**વળી પશુ પંખી સરીસર્પ રે, જેના દલમાંહિ બહુ દર્પ રે.**
**વૃક્ષવેલી વિવિધ કહેવાય રે, તેનું શ્રેય થાય કે ન થાય રે;**
**સ્થાવર જંગમ જડ ચૈતન્ય રે, સ્થૂળ સૂક્ષ્મ ચરાચર જન રે.**

જેમ ગંગા કલ્યાણકારી છે તેમ સ્થાવર, જંગમ, જળ સ્થળ, દેવ-દાનવ, ભૂત, પ્રેત, ભૈરવ, પશુ, પંખી વિગેરે જીવાત્માને ભગવાનનો સંબંધ થયો તે સર્વેના આત્માનો ઉધ્ધાર થયો છે.

સરધારના વણિક કમળશી પરમ ભગવદીય ભક્ત હતા. તેમનાં માજીને પરિપકવ સત્સંગ નહિ. સત્સંગ વિના મહિમા હોય નહિ. માજીની એક ખરાબ ટેવ હતી કે ઘરે મહેમાન આવે તેને માંકડવાળો ખાટલો સૂવા માટે આપે. જેથી મહેમાન કંટાળીને બીજે દિવસે રવાના થઈ જાય. એક વખત શ્રીજી મહારાજ સરધાર ગામમાં પધાર્યા. કમળશીભાઈ બહાર ગામ ગયા છે. માજીએ માંકડવાળો ખાટલો ભગવાનને સૂવા માટે આપ્યો. ભગવાને તે ખાટલામાં શયન કર્યું. માંકડ ચડ્યા શરીરે ચટકા ભરાવે. આખી રાત ઊંઘ નથી આવતી. જેટલા માંકડોને પ્રભુનો સ્પર્શ થયો તે બધાનું કલ્યાણ થઈ ગયું.

માંકડના આત્માઓ મુક્તાત્માના સ્વરૂપ ધારણ કરી વિમાનમાં બેસીને ધામમાં જાય છે. વિમાનનો ધરરર. અવાજ માજીને કાને સંભળાયો. ઊંચે આકાશમાં જોયું તો સુવર્ણમય વિમાનમાં અનેક મુકતાત્મા બેઠા છે. સોનાના અલંકાર અને માથે મણિમય મુગટ ધારણ કર્યાં છે. ડોશીમાએ ઊંચો હાથ કરીને કહ્યું.

**એ.. મહારાજ આ બધા વિમાન ક્યાં જાય છે ?...**

શ્રીજી મહારાજે કહ્યું, ''આ તમારા ઘરમાં રહેલા જીવાત્મા છે. તેને તમે નથી ઓળખતાં ?'' ના મહારાજ! નથી ઓળખતી. ભગવાને કહ્યું, ''તમારા ઘરમાં ખાટલો છે. તેમાં જે માંકડ હતા તે માંકડના આ જીવ છે.'' ડોશીમાએ કહ્યું, હે મહારાજ, માંકડે શું પુણ્ય કર્યા છે કે તેને તમે દિવ્ય વિમાનમાં બેસાડીને અક્ષરધામમાં લઈ જાવ છો. સ્વામિનારાયણ ભગવાને કહ્યું, માંકડને અમારા શરીરનો સ્પર્શ થયો તેથી તેનો ઉધ્ધાર થઈ ગયો છે. મુક્તિ સુગમ કરી દીધી. આ છે પ્રગટ પુરુષોત્તમના સંબંધનો પ્રતાપ. મુકતાનંદ કહે મુક્તિ સુગમ કરી સીધી.

**પ્રભુ પ્રગટને પ્રતાપે રે, એહ તરે કે ન તરે આપે રે;**

**જેને હોય હરિનો સંબંધ રે, તેના છૂટચા જોઈએ ભવબંધ રે.**
**માટે એહ દેહથી ઉધ્ધાર રે, થાય કે ન થાય નિરધાર રે;**
**અતિ રજ તમે ભર્યા દેહ રે, કેમ પામે કલ્યાણને તેહ રે.**
**પણ એહ દેહે ઉદ્ધાર જો નઈ રે, ત્યારે પ્રભુની પ્રભુતાઈ સઈ રે;**
**એહ સર્વે સમજાવી કહેજો રે, જેમ હોય તેમ દેખાડી દેજો રે.**
**તમે દલના છોજી દયાળુ રે, માટે પ્રશ્ન પૂછુ છું કૃપાળુ રે;**
**સુણવા હરખ ઘણો છે હૈયે રે, જાણ્યું સર્વે એ સાંભળી લૈયે રે.**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ તમે દિલના દયાળુ છો તેથી જે હું પૂછું છું તે સરખી રીતે સમજાવો છો. પ્રગટ ભાવ લાવ્યા વિના જે ભક્ત પૂજા-પાઠ કરે છે તે કેવળ કુશકા ખાંડે છે. કુશકા ખાંડવાથી કણ નીકળે નહિ. કેવળ મૂર્તિ માનશો, છબી માનશો તો કાંઈ સાર નીકળશે નહિ. આ મૂર્તિમાં મારા સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પ્રત્યક્ષ બિરાજમાન છે. આવો ભાવ રાખીને જો સેવા પૂજા કરશો તો ભગવાન તે સેવાનો સ્વીકાર કરશે. પ્રગટ ભાવથી પ્રત્યક્ષ ભાવથી ભગવાન ભજે તેને સુખનો કોઈ પાર આવે નહિ. મહા અલૌકિક દિવ્ય સુખ તેને પ્રાપ્ત થાય છે. શિષ્ય કહે છે. તમારા જેવા સદ્ગુરુ કયાંથી મળે ?

**કયાંથી તમ જેવા કહેનાર રે, વાત ચોખી દેખાડી દેનાર રે;**
**જેમ છે તેમ કહો છો કથી રે, જેમાં લેશ સંશય રેતો નથી રે.**
**વચન સુધાસમ સુખદાઈ રે, એવા માનું છું હું મનમાંઈ રે;**
**જેણે કરી પરલોકનું સુખ રે, પામી વામિયે દારુણ દુઃખ રે.**
**એમ કહીને જીજ્ઞાસુ જન રે, પછી કર જોડી કર્યું સ્તવન રે;**
**એમાં સમ વિષમ જો હોય રે, કરજો ક્ષમા સત્ય મુનિ સોય રે.**

શિષ્ય કહે છે, તમે જે વાત કરો છો, સમજણ આપો છો તે મને સુધાસમ સુખદાઈ લાગે છે. જે ભગવાનનું શરણું લે છે. તેનાં દારૂણ દુઃખ દૂર કરવા માટે ભગવાન તૈયાર રહે છે. વાછરડાને કોઈ દુઃખી કરે. હેરાન કરે તો ગાય એવી હીંસોરે, એવી જોરથી ભાંભરે, ખીજાઈને મારવા દોડે તેમ ભક્તને કોઈ દુઃખી કરે તો પ્રભુ એવા દોડે કે પ્રહ્લાદજીને એના બાપે દુઃખ દીધું તો પ્રભુ એવા ખીજાઈને દોડ્યા અને હિરણ્યકશિપુને ચીરી નાખ્યો ને ભક્તને બચાવી લીધો. પણ પહેલી એક શરત. પૂર્ણ

શરણાગતિ પ્રભુમાં હોવી જોઈએ.

**ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે દ્વાદશો નિર્ણયઃ ।। ૧૨ ।।**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૧૩

આપણે જગતમાં ડાહ્યા થઈને બેઠા છીએ પણ મોક્ષનું સાધન કાંઈ ન કર્યું તો ડહાપણ શું કામનું ? માટે ડહાપણ મૂકી મોક્ષ સુધારો. આજથી પ્રભુ ભક્તિમાં મસ્ત બની હરિભજન કરો. માતાના મનમાં બાળકની ચિંતા છે એજ પ્રમાણે ભગવાનને અખંડ ભક્તની ચિંતા છે. મારા ભક્તો શું કરતા હશે ? માતાને બાળક પ્રત્યે જે પ્રેમ છે, વહાલ છે એના કરતાંય અનંત ઘણો પ્રેમ અને વાત્સલ્યભાવ ભગવાન પોતાના ભક્ત ઉપર રાખે છે. ગુરુજી કહે છે, હે શિષ્ય :-

દોહા :

**જિજ્ઞાસુ તુને મેં જાણિયો, ખરા ખપવાળો નિરધાર;**
**જે જે તેં પૂછ્યું તે પણ, છે સર્વે સારનું સાર.**
**પ્રગટ પ્રભુને પામિયા, તે કૃતાર્થ કહેવાય;**
**સર્વે કારજ સારિયાં, જાણજો આ જગમાંય.**
**પછી જુવે પ્રભુ પ્રગટનું, ઘણું ગમતું જેમ હોય;**
**તેવી રીતે તત્પર થઈ, કરે સદા નિરંતર સોય.**
**મેલો ગમતું નિજ મનનું, રહે હરિ આજ્ઞા અનુસાર;**
**સાચો મુમુક્ષુ એ માનવો, નિશ્ચય કરી નિરધાર.**

ગુરુ કહે છે, તુને મેં જાણિયો ખરા ખપવાળો નિરધાર. જે ખરેખરા ભગવાનના ખપવાળા હોય તે પોતાનું ગમતું મૂકીને રહે હરિ આજ્ઞા અનુસાર. સાચો મુમુક્ષુ એ માનવો નિશ્ચય કરી નિર્ધાર.

### આજ્ઞા લોપવાથી હૈયાની હોળી કોઈ દિવસ ઠરવાની નથી.

આપણે જો ભગવાનની આજ્ઞા પ્રમાણે રહીએ. આપણા હૃદયને ચોખ્ખું રાખીએ, ભજન, ભક્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય આદિ સદ્‌ગુણોથી લીલુંછમ હૃદય રાખીએ તો આપણા ઉપર બધા રાજી થાય, આ ભક્ત ભલા સદ્‌ગુણી છે. કોઈ પાપ

નહિ, દગો નહિ, સાવ નિખાલસ છે. સદાય સત્સંગ કરે છે બહુ રાજી થાય હો.

હૃદયમાં કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, અભિમાનરૂપી જંગલી બાવળીયા જેવું હૃદય હોય તો કોઈ રાજી થાય નહિ. મનમાં વિચાર થાય કે આ સાવ જનાવરની જેમ જિંદગી વેડફી નાખે છે. આજ્ઞા પ્રમાણે રહીએ તો બધાયનો રાજીપો મળે..

ચોપાઈ :-

**જેના હરિપરાયણ પ્રાણ રે, નથી રહી જેને કોઈ તાણ રે;**
**ધ્વજ પટ કર્યું નિજ તન રે, વાયુસમ હરિનું વચન રે.**
**જેમ વાળે તેમ જન વળે રે, મેલી મમત અંગ સઘળે રે;**
**રહ્યા અતિ આજ્ઞા અનુસાર રે, કરી નિશ્ચય મન નિરધાર રે.**
**એવા શુદ્ધ સેવક સુજાણ રે, પ્રભુ પ્રગટના પ્રમાણ રે;**
**બીજા સહુથી થઈ નિરાશ રે, થયા શ્રી ઘનશામના દાસ રે.**
**સદા જોઈ રહ્યા હરિ સામું રે, ગમતું હરિનું કરવા છે હામું રે;**
**એવા સંત સદા શિરોમણી રે, કહું રીત સુણો તેહ તણિ રે.**

આપણા સંપ્રદાયમાં એવા પાત્ર થયા છે કે અત્યાર સુધી આપણે તેને યાદ કરીએ છીએ. તે છે દાદાખાચર. શ્રીજી મહારાજની જીભ વળી અને દાદાખાચરનું અંગ વળ્યું, દાદાખાચર વતુ કરાવે છે. સાબુ લગાવેલ છે. વતુ ચાલુ છે. ત્યાં શ્રીજી મહારાજે યાદ કર્યો. દાદા... આંહી... આવ. ત્યારે દાદાખાચરે વાળંદને કહ્યું, ‘‘વતુ કરવું મૂકી દે. મહાપ્રભુ મને બોલાવે છે.’’ વાળંદે કહ્યું, ‘‘પુરું તો કરવા દો. પછી જજો. એવડી શી ઉતાવળ છે ?’’ દાદાખાચરે કહ્યું, પ્રભુ બોલાવે તેમાં વિલંબ કરાય નહિ. દોડતા અક્ષર ઓરડીએ આવ્યા.

હાથ જોડીને કહ્યું, ‘‘મહારાજ, મારા જેવી શું સેવા છે ? કહો મને યાદ કર્યો.’’ શ્રીજીએ કહ્યું, ‘‘વતુ પુરું કરાવવું હતું ને અડધે મુંડને અહીં દોડતા આવ્યા.’’ દાદાખાચરે કહ્યું, ‘‘મહારાજ તમારા વચનને જે નથી ઝીલતા તે બધા મુંડન કરીનેજ બેઠા છે. મહારાજ, તમે સાદ કરો અને હું વતુ કરાવતો હોઉં, તે સેવક શું કામનો ? તેવા દાસમાં અધુરાશ કહેવાય.

શ્રીજી મહારાજે કહ્યું, ‘‘જાવ વતુ પુરું કરી આવો. પછી આવજો.’’ આવા ભક્તોનાં નામ અમર રહી ગયાં. વચનામૃતના પાને પાને દાદાખાચરનું નામ છે.

હરિની જીભ વળે ને દાસની કાયા વળે. આ કામ અઘરું છે. ધ્વજપટ કર્યું નિજ તન, વાયુ સમ હરિનું વચન. મંદિર ઉપર રહેલી ધજાને જેમ પવન વાળે તેમ વળી જાય, ઘણા ભક્તો પહેલાં ધજાનાં દર્શન કરે પછી મંદિરમાં આવે. ધજા ઉપદેશ આપે છે. હું જેમ પવન વાળે તેમ વળું છું. તેમ તમે પ્રભુ કહે છે તેમ કરજો. ખોટી આડાઈ ને મરડાઈ કરતા નહિ. વિનમ્ર બનીને મંદિરમાં દર્શન કરજો. ખોટો વટ રાખતા નહિ. દુ:ખી થશો. રાવણ જેવાનો વટ રહ્યો નથી તો તમે કોણ ?

## ભગવાનને રાજી કરવાની રીત કલ્યાણ નિર્ણય બતાવે છે.

આ લોકના માણસને રાજી કરવા હોય તો કેટલી ગુલામી કરવી પડે, તોય રાજી થાય કે ન પણ થાય. પણ આપણને તો ભગવાનને રાજી કરવા છે. જગતને રાજી કરવું કઠણ છે. ભગવાનને રાજી કરવા સહેલા છે.

**કરે ભક્તિ સદા નિષ્કામ રે, ચતુરધાનું ન પૂછે નામ રે;**
**માને મન કર્મ વચને વચન રે, રાખે એકાગ્રે હરિમાં મન રે.**
**શુદ્ધ શ્રધ્ધા હોય સેવામાંઈ રે, તેમાં દંભ કપટ નહિ કાંઈ રે;**
**મેલે મન તન અભિમાન રે, કરવા હરિ રાજી સાવધાન રે.**
**વાળે હરિ જીભ ત્યાં વળે તન રે, વિષયસુખ મળે ન ચળે મન રે;**
**પૂરો છે હરિનો વિશ્વાસ રે, રહે પ્રભુપાસે દાસાનુદાસ રે.**
**અંતરજામી જાણી રાખે બીક રે, કેદિ ન કરે કામ કઠીક રે;**
**બોલે દીન આધીન વચન રે, કાંઈક કહેજો મને ભગવાન રે.**

કરે ભક્તિ સદા નિષ્કામ, ચતુર્ધાનું ન પૂછે નામ; ભગવાન પાસે લૌકિક વસ્તુતો નહિ. પણ ચતુર્ધા મુક્તિની. મોક્ષની પણ ઈચ્છા રાખે નહિ. ભગવાનને પ્રસન્ન કરવાની જ ઈચ્છા રાખે.

## નિષ્કામ ભક્ત ભગવાનને વહાલો છે.

ગમે તેટલું દુ:ખ આવે છતાં ભગવાન પાસે કોઈ દુ:ખ ટાળવાની વાત ન કરે. આંબા ગામના કડવા ભક્ત હતા. કડવા પાટીદાર. ખૂબ બીમાર થયા. પેટમાં જોરદાર દુ:ખાવો ઊપડ્યો. ચૂંક આવે. ખમાય નહિ. આ વાતના ગઢપુરમાં શ્રીજી મહારાજને સમાચાર મળ્યા. કડવા ભક્ત બહુ બીમાર છે. ભગવાન દોડતા આવ્યા. કડવા ભક્તે સૂતાં સૂતાં હાથ જોડીને પ્રણામ કર્યા. બેઠા થવાતું નથી. સખત દુ:ખાવો

છે. છતાં કહેતા નથી કે મહારાજ. મારું દુઃખ મટે એવું કાંઈક કરો. પાસે ઊભેલા ભક્તે કહ્યું, કડવા ભગત શ્રીજી મહારાજને પ્રાર્થના કરો કે દુઃખ ટાળે. ત્યારે કડવા ભગતે કહ્યું, પ્રભુ અંતર્યામી છે, બધું જાણે છે. મને શું તકલીફ છે. એની જેવી ઈચ્છા હશે તેમ થશે. પણ આપણાથી રહેવાતું નથી. જેવા ભગવાન છે તેવા આપણે જાણ્યા નથી. તેથી માગ. માગ. કરીએ છીએ. સાચા ભક્તજનો માયિક સુખ માગતા નથી.

દીકરા નથી તો દીકરા દેજો, રોગ મટાડજો વિગેરે માંગણી ચાલુ છે. અનંતકોટી બ્રહ્માંડ પ્રભુના હાથમાં રમે છે. આવા સમર્થ પુરુષોત્તનારાયણ એને કહેવું ન પડે કે મને આ દુઃખ છે તે ટાળો. આપણી બાળક જેટલી બુધ્ધિ છે, તેથી માગ્યા કરીએ છીએ. બાળક રડે ત્યારે તે કયાં જાય. મા-બાપ પાસે જાય. તેમ દુઃખ થાય ત્યારે ભગવાન પાસે જવું પણ જ્યાં ત્યાં જવું નહિ, એ વાત પણ સમજી રાખવી.

સેવામાં શ્રધ્ધા રાખવી, સેવા બે રીતે પણ થાય. શ્રધ્ધાથી થાય. અને પરાણે પણ થાય. લોકમાં ખોટું દેખાશે જો મા-બાપની સેવા નહિ થાય તો, સેવાતો થઈ પણ શ્રધ્ધા વિનાની થઈ. શ્રધ્ધાથી સેવા પૂજા થાય, ભજન-ભક્તિ થાય તે જુદી વાત છે.

## અંતરજામી જાણી રાખે બીક, કેદિ ન કરે કામ કઠીક..

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનના ભક્ત ભગવાનને કેવા જાણે ? અંતરજામી જાણે. અંતરજામી જાણીએ તો ભગવાનની બીક રહે. અંતરજામી જાણે તો કોઈ દિવસ પાપ થાય નહિ, સાક્ષીરૂપે ભગવાન સર્વ સ્થળે બેઠા છે.. પાપ થાય છે એનું કારણ શું ? ભગવાનને આપણે અંતરજામી જાણતા નથી તેથી પાપ થાય છે, કોઈ માણસ મને પાપ કરતા જોતો નથીને ? તેનું નિરીક્ષણ કરીએ છીએ. પણ ભગવાન સર્વેના અંતરમાં બેઠા છે તે બધું જુએ છે. આવું ભાન તેને રહેતું નથી.

## મટકે રહિત જુવે હરિરૂપ, નીરખી આનંદ આવે અનૂપ;

નિષ્કુળાનંદ સ્વામી દર્શન કરવાની રીત સમજાવે છે. મટકે રહિત એકાગ્ર ચિત્તે હરિનું રૂપ જુવે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ઘણા ફીટી નજરે દર્શન કરતા હોય છે. ખિસકોલી બોલે તેની સાથે એનું પૂછડું ઊંચું થાય. ખિસકોલી જેવા ભકત હોય, દર્શન કરતા જાય ને આડુંઅવળું જોતા ને વાતો કરતા જાય. શ્રીજી મહારાજ કહે છે દર્શન મૂકીને બીજે જોયા કરે તેના ઉપર ખીજ ચડે કે શું કરીએ.

ભગવાનનું રૂપ ગમતું નથી ત્યાં સુધી ભગવાન નહિ મળે. એક વાત નક્કી કરી રાખવી. ગમે તેમ થાય મારે ભગવાન ભજવા છે. ગમે તેટલું સુખ-દુઃખ આવે

છતાં અટકી જવું નહિ. આવી ખુમારી રાખવી, દેહં પાતયામિ વા અર્થં સાધયામિ

**જુવે રાજીપો હરિનો જેમ રે, વર્તે મન કર્મ વચને તેમ રે;**
**શુદ્ધ ભોજને જમાડે શ્યામ રે, હૈયે હરિ જમાડવા હામ રે.**
**લેહ્ય ચોષ્ય ભક્ષ્ય ને ભોજ્યને રે, જમાડી પહેરાવે વસ્ત્ર તને રે;**
**બહુ પ્રેમ ભરી પૂજા કરે રે, ઘણાં મૂલાં ઘરેણાં અંગે ધરે રે.**
**અતિ સુગંધિ ચંદન ઉતારી રે, કરે સમો જોઈ પૂજા સારી રે;**
**સારા સુગંધિ ભર્યાં ફુલ લાવે રે, કરી હાર હરિને પહેરાવે રે.**
**અતિ હેતે ઉતારે આરતિ રે, થઈ મગન કરે ધુન્ય અતિ રે;**

ભગવાનને પવિત્ર પણે ભોજન જમાડવું. અશુધ્ધ ભોજન ભગવાન સ્વીકારતા નથી. ભગવાન અત્યારે મનુષ્યાકૃતિ રુપે આપણી સામે નથી, પણ મૂર્તિ સ્વરૂપે પ્રત્યક્ષ છે. પ્રગટ બિરાજમાન છે. મૂર્તિમંતની ભાવના રાખીને ભાવથી ભોજન જમાડવાં, ભગવાનના ભક્તો ભગવાન માટે બાગ બગીચા કરે. ફૂલ વાવે. સુગંધીમાન ફૂલ વીણીને હાર બનાવી ભગવાનને પહેરાવે પછી અતિ હેતે ઉતારે આરતી. મશગુલ બની એક એક અંગને નીરખતાં નીરખતાં અતિ મગ્ન થઈને આરતી ઉતારે. અને પ્રેમ મગ્ન થઈને.. ધુન્ય કરે. પછી શું કરે... પ્રભુ સામે ઊભીને પ્રાર્થના કરે.

**પ્રેમે ઊભા રહી પગવતિ રે, કરે દંડવત ને વિનતિ રે.**
**મેલે મસ્તક ભેટ ચરણે રે, માગે પ્રભુ રાખજો શરણે રે;**
**વરતે થઈ દાસના દાસ રે, એમ રહે પ્રભુજીને પાસ રે.**
**જે જે મહાપ્રભુને નવ ગમે રે, તે તે કરે નહિ કોઈ સમે રે;**

મેલે મસ્તક ભેટ ચરણે, માગે પ્રભુ રાખજો શરણે, ઘણા ભક્તજનો બે હાથ જોડી રવાના થઈ જાય પણ જે દાસ ભકત હોય તેતો ભગવાનને શરણે પોતાનું માથું ધરી દે. વિનમ્રભાવથી ભગવાનને પ્રણામ કરે. ભગવાનને ચરણે શિર ધરી દો. શીશ ધરવાથી કાંઈ પ્રારબ્ધમાં અવળું લખેલું હશે. તો સવળું થઈ જશે. દાસ શું માગે. હે પ્રભુ તમારા શરણે રાખજો. ગામ ગરાસ ધન સંપત્તિ ન માગે...

માગ્યા વિના ભગવાને બધુંજ આપ્યું છે. કાંઈ બાકી નથી રાખ્યું. છતાં માગવું જ હોય તો, પ્રેમાનંદ સ્વામીએ માગ્યું છે તેવું માંગવું.

**તમારી મૂર્તિ વિના મારા નાથરે... બીજું મને આપશોમાં**

હું તો એજ માગું છું જોડી હાથ રે.. બીજું મને આપશોમાં
આપો તમારા જનનો સંગ રે... બીજું મને આપશોમાં
મારા જીવમાં એજ ઉમંગ રે... બીજું મને આપશોમાં
મારા ઉરમાં કરો નીવાસ રે... બીજું મને આપશોમાં
માગું એજ રસીયાજી તમ પાસ રે... બીજું મને આપશોમાં
એજ વિનંતી દયાનિધિ દેવરે... બીજું મને આપશોમાં
આપો ચરણ કમળની સેવ રે... બીજું મને આપશોમાં
કરો ઈતર વાસના દૂર રે... બીજું મને આપશોમાં
રાખો પ્રેમાનંદને હજુર રે... બીજું મને આપશોમાં

તમારી મૂર્તિ સિવાય અમારે કાંઈ નથી જોઈતું. અષ્ટઆવરણ ભેદીને, જન્મો જન્મની વાસનાનાં પડ તોડીને, પાપ માત્રનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થઈને ભગવાનમય બનીને ભગવાનના અક્ષરધામમાં વાસ કરવો છે. આ કાંઈ નાનીસૂની વાત નથી ! બહુ મોટી વાત છે. કરોડો જન્મ સુધી આ કામ કરે, એવું આ કામ છે.

અનેક જન્મ સુધી જ્યારે મહેનત કરે, ત્યારે આ કામ થાય તેવું છે. એવું મહાન ભક્તિનું કામ લઈને આપણે બેઠા છીએ. એમાં આપણે ગાફલાઈ રાખીએ તો કેમ મેળ થાય.    ગુરુ કહે છે, હે શિષ્ય !

**વળી પૂછ્યું હતું તેં પ્રશ્ન રે, જ્યારે પ્રગટ હોય ભગવાન રે.**
**ત્યારે મનુષ્ય તરે કે તરે કોય રે, તે પણ કહું સાંભળજ્યે સોય રે;**
**તરે દેવ દાનવાદિ વળી રે, તે તો પ્રગટ પ્રભુને મળી રે.**
**રાક્ષસ યક્ષ ભૂત ભૈરવ રે, મળે પ્રગટ તો તરે એ સર્વ રે;**
**વળી પશુ પંખી સરિસાપ રે, તે પણ તરે પ્રભુ પ્રતાપ રે.**
**વૃક્ષ વેલી પામે પરમ ગતિ રે, ફળ ફુલ દળ દારવાતિ રે;**

પ્રગટ ભગવાન હોય ત્યારે કેવળ માણસજ તરે એવું નથી. ભગવાન પ્રગટ હોય ત્યારે સૌનું કલ્યાણ કરે છે. દેવ, દાનવ, માનવ, પશુ, પંખી, વૃક્ષ વેલી ભૂત ભૈરવ એ સર્વેને કદાચ ભગવાનનો યોગ થાય તો તેનું અવશ્ય કલ્યાણ થાય છે.

ગામ ગોંડલમાં રવજી ભક્ત હતા. જાતના મુસલમાન હતા. ૭૬ વરસની ઉંમરે તેમને સ્વામી ગોપાળાનંદજીનો યોગ થયો. પ્રભુનો મહિમા સમજાયો, અંતરમાં

પ્રકાશ થયો, જીવન જીવવાની સાચી બાબત સમજાઈ તેથી પ્રત્યક્ષ ભગવાનને મળવાની ઈચ્છા થઈ. સંતોને વારંવાર વાત કરે, ''મને ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરાવો.'' એક વખત મહારાજ સંતો ભકતોની સાથે ગોંડલ પધાર્યા. ગોપાળાનંદ સ્વામીએ રવજી ભકતનો હાથ ઝાલીને દર્શન કરતાં શીખવાડ્યાં. જેવાં દર્શન કર્યાં કે તરત ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ચોંટી ગયું. સમાધિ થઈ ગઈ. તેમાં તેમને એક લાખ એંસી હજાર ઓલીયા સહિત ચોવીસ પેયગંબરનાં દર્શન થયાં. ચોવીસ પેયગંબર શ્રીજીના સ્વરૂપમાં લીન થઈ ગયા.

તેથી પૂરેપૂરી નિષ્ઠા થઈ ગઈ કે સ્વામિનારાણ ભગવાન ખુદા છે. સમાધિમાંથી જાગૃત થયા અને ભગવાનના ચરણમાં ઢળી ગયા. અખંડ સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે. ભગવાન અને સંતોની કૃપાથી તેનું હૈયું ભગવાનની ભક્તિથી રંગાઈ ગયું. પણ તેના સંબંધીને આવું ગમ્યું નહિ. આપણો ઈસ્લામ ધર્મ સ્વીકાર, નહિંતર નાત બહાર કરશું, ધમકી આપી. ખાવાપીવાનું બંધ કર્યું, ઘરમાંથી ધક્કા મારી કાઢી મૂકયા. તુલસીદાસજી કહે છે :-

**જેને જેનો આશરો, તેને તેની લાજ;**
**તુલસી હરિ કે આશરે, સુધરે સબકો કાજ.**

સગાએ તરછોડી રવજીભાઈને કાઢી મૂકયા તે બાબતની શ્રીજી મહારાજને ખબર પડી. શ્રીજી મહારાજે સત્સંગી ભાઈઓને કહ્યું, આ રવજી ભક્તની સંભાળ રાખજો. એને રહેવા માટે ઘર આપજો. જમવા માટે રસકસ વિગેરે જોઈતી વસ્તુઓ આપજો. એમાં અમારો રાજીપો છે. અમને જમાડ્યા તુલ્ય તમને ફળ મળશે. સત્સંગી ખૂબ સારી સંભાળ રાખે છે.

સમય જતાં રવજી ભક્ત સખત બીમાર થયા. સત્સંગી ભક્તજનો દીકરા કરતાં ઘણી બરદાસ રાખીને સેવા કરે છે. રવજી ભક્તનું પ્રભુનું સ્મરણ કરતાં કરતાં મૃત્યુ થઈ ગયું. ભગવાન સ્વામિનારાયણ અનંત મુક્તો સહિત રવજીભાઈને વિમાનમાં બેસાડીને ધામમાં લઈ ગયા...

**નાત જાત જોતા નથી સ્વામી સહજાનંદ,**
**નિષ્કુળાનંદ એને ભજે મટે ભવનાફંદ.**

સત્સંગી ભાઈઓએ રવજી ભક્તના સગાને કહ્યું, ''તમે મૃતદેહને તેડી જાવને તમારી જે રીતભાત હોય તેમ કરો.'' ત્યારે સગાએ કહ્યું, ''રવજી હિંદુ ધર્મનું

પાલન કરતો હતો તેથી તેને અમે દફન નહિ કરીએ. તમારે જેમ કરવું હોય તેમ કરો ! અમે તેને અમારા સગા માનતા નથી.''

સત્સંગી ભક્તજનો રવજીભાઈના મૃતદેહને સ્મશાનમાં લઈ ગયા ત્યાં. અગ્નિ સંસ્કાર શરૂ કર્યો. તેનો ધુમાડો પીપળાના વૃક્ષ ઉપર પવનની લેરખીથી વડલા ઉપર પસાર થયો ત્યાં અદ્‌ભૂત ઘટના બની, પીપળામાં હજારો વરસથી રહેલાં ભૂતો, ભૂત યોનિમાં ભટકતાં. દિવ્ય દેહ ધારી, વિમાનમાં બેસીને દેવલોકમાં ગયાં.

## પવનના સ્પર્શથી ભૂતનો ઉધ્ધાર થયો.

નવાઈની વાત છે, ભગવાનના ભક્તના શરીર ઉપરથી વાયુ પસાર થાય તે વાયુના સ્પર્શથી ઉધ્ધાર થઈ જાય. આ છે સત્સંગીનો પ્રતાપ. આવો ગજબનો પ્રતાપ જોઈને ભક્તજનો જોતા જ રહી ગયા. ત્યાં રડતાં રડતા બે ભૂત આવ્યાં. ''અમારા સાથીદારનો ઉધ્ધાર થઈ ગયો. ને અમે બે જણ રહી ગયાં. હવે અમારું શું થશે ?'' ભક્તોએ કહ્યું, ''તમે કયાં ગયાં હતાં ?'' ભૂતે કહ્યું, અમે અપવિત્ર માણસને વળગવા ગયાં હતાં તેથી રહી ગયાં. સમજવા જેવી કથા છે. જો કલ્યાણ કરવું હોય તો ભગવાન સિવાય કયાંય વળગતા નહિ. નહિંતર રહી જશો. ને હેરાન થશો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''સ્થૂળ, સૂક્ષ્મ, જડ, ચૈતન્ય, પ્રભુ પ્રગટ પ્રસંગે પાવન, સ્થાવર, જંગમ, ચરાચર, સ્થળચર, નભચર કોઈ પણ પ્રગટ પ્રભુના પ્રસંગમાં આવે છે તો તેનું કલ્યાણ થાય છે.''

**જોને રામકૃષ્ણાદિ અવતાર રે, તેથી બહુ થયા ભવપાર રે.**
**સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ રે, ચરાચર પામ્યા ગતિ પરમ રે;**
**તેનો ગણતાં ન આવે પાર રે, એમ થયો બહુનો ઉધ્ધાર રે.**
**કૈંક મનુષ્ય તર્યા નર વામ રે, પશુ પંખી પામ્યા હરિધામ રે;**
**કૈંક ભૂત પ્રેત ભૈરવ રે, વૃક્ષ વેલી ખગ મૃગ સર્વે રે.**
**આગે બહુ થયા અવતાર રે, તેથી આજ સામર્થી અપાર રે;**
**જોને આ સમે ઉધ્ધાર્યા કંઈ રે, તે તો લખતા લખાય નઈ રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, રામકૃષ્ણાદિ અવતારે કરીને ભગવાને ઘણાનો ઉધ્ધાર કર્યો છે. પણ આજે સર્વોપરી સહજાનંદજીની અપાર સામર્થી છે. એક વખત નૃસિંહાનંદ સ્વામી સ્નાન કરવા જતા હતા. રસ્તામાં લડથડી ગયા. રસ્તામાં એક

બળદ માથું નમાવી નિરાંતે બેઠો હતો. સ્વામી બે શીંગડાં વચ્ચે ભરાઈ ગયા. હવે શું કરવું ? સ્વામીને થયું બળદ ઊભો થશે અને માથું આઘુપાછું કરશે તો વાગી જશે અને જીવવાનો કોઈ ભરોસો રહેશે નહિ. ભગવાનની મરજી હશે તેમ થશે. ઊંચે સાદે સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલે છે. બળદે જરાપણ માથુ ઊંચું નીચું કર્યું નહિ. જેમ બેઠો છે તેમ સ્થિર બેઠો છે.

સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન સાંભળી બે પાર્ષદો દોડી આવ્યા. ધીરેથી સ્વામીને શીંગડાં વચ્ચેથી અધરાઅધર લઈ લીધા. બળદ જરાપણ ડગ્યો નહિ. સ્વામીની રક્ષા કરી. સ્વામીએ કહ્યું, ''ગોળ-ઘી લાવીને બળદને ખવડાવો.'' બળદ એક નજરે સ્વામી સામે જોયા કરે છે જાણે કહેતો હોય ને શું !

**સ્વામી મારો મોક્ષ કરો, હું બહુ દુઃખી છું..**

નૃસિંહાનંદ સ્વામીએ બળદ ઉપર પાણીનો છંટકાવ કરતા બોલ્યા. '' અમારા હારે તારું કલ્યાણ થશે.'' સમય જતાં બળદનું આયુષ્ય પુરું થયું. ભગવાન સ્વામિનારાયણ તેના આત્માને ધામમાં લઈ ગયા. આ છે સંતની અદ્‌ભુત શક્તિ. સાચા સંતના સંબંધથી અનેક જીવના ભવ બંધન છૂટી જાય છે. વાલીયો લૂંટારો ગંગાજી જેવો પવિત્ર થઇ વાલ્મિક ઋષિ થઈ ગયો. જોબન લૂંટારો શ્રી હરિના સંબંધથી ગંગાજી જેવો પવિત્ર થઈ ગયો. મોક્ષનું દ્વાર સાચા સંતો થકીજ ખુલ્લું થાય છે....

**રામઅવતારે કૈં રહી ગયા રે, તે કૃષ્ણ અવતારે પાર થયા રે;**
**કૃષ્ણ અવતારે ગયા હતા રહી રે, તે તો આજ ઉધ્ધારીયા કંઈ રે.**
**એમ આદિ અંતે મધ્યે માનો રે, પ્રતાપ પ્રગટનો નહિ છાનો રે;**
**પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉધ્ધરે જંત રે.**
**એહ બેઉ રીત વિના બીજે રે, કોઈ રીતે કલ્યાણ ન પ્રતીજે રે;**

રામાવતારે રહી ગયા હતા તેનો ઉધ્ધાર કૃષ્ણાવતારમાં કર્યો. કૃષ્ણાવતારમાં રહી ગયા હતા તેનો સ્વામિનારાયણ ભગવાને ઉધ્ધાર કર્યો. રામાવતારે કલ્યાણ ન થયું, કૃષ્ણાવતારે કલ્યાણ ન થયું પણ સ્વામિનારાયણ ભગવાને કલ્યાણ કર્યું. તે સાવ ગલત વાત છે. જે અવતાર ધરીને ભગવાન આવે તેને પ્રેમભાવથી ભજે છે તેનું અવશ્ય કલ્યાણ થાય છે. ભગવાન ભજવામાં કાંઈ ફેરફાર કે ખામી રહી ગઈ હોય તે વાત જુદી છે. રામાવતારે કૃષ્ણાવતારે અનેકનો ઉધ્ધાર થયો છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રગટ પ્રભુનો પ્રતાપ છાનો નથી.

સહજાનંદ સ્વામી તો સર્વોપરી છે. આપણે પતિવ્રતાની ટેક રાખીને સર્વોપરીની દ્રઢતાપૂર્વક ભક્તિ કરવી જોઈએ. સ્વરૂપનિષ્ઠા પાકી રાખવી. સર્વ શાસ્ત્રનો એકજ સિધ્ધાંત છે. ભક્તિ સિવાય મુક્તિ નથી.

**સર્વે શાસ્ત્રનું સિધ્ધાંત કહ્યું રે, કહેવા હવે કેડે નથી રહ્યું રે.**
**કહી રીત સનાતન તણી રે, પણ આજ છે અલેખે ઘણી રે;**
**આજઅગણિત પામ્યા આનંદ રે, એમ નિશ્ચે કહે નિષ્કુળાનંદ રે.**

આજે અગણિત ભકતજનને આનંદસાગરમાં સહજાનંદ સ્વામીએ ઝુલતા કરી દીધા છે..

**ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે ત્રયોદશો નિર્ણય: ।। ૧૩ ।।**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૧૪

મોક્ષ માર્ગની સંપૂર્ણ સિધ્ધિ મેળવવા માટે પ્રભુની આજ્ઞા અને ઉપાસના બે મુખ્ય બાબતો માનવામાં આવી છે. પ્રભુની સમીપમાં રહેવાની પ્રબળ ઈચ્છા હોય તો પ્રભુના ગમતા પ્રમાણે રહીને પ્રત્યેક આજ્ઞાનું યથાર્થ પાલન કરશું તો શ્રીજી મહારાજ અખંડ પોતાની મૂર્તિનું સુખ આપશે. **દોહા :-**

**એવું સુણી મુમુક્ષુ કહે, તમો સાંભળો મુક્ત મહારાજ;**
**પૂછું છું વળી પ્રશ્નને, મારો સંશય શમાવા કાજ.**
**કલ્યાણ કરવા કારણે, કરે અતિ ઉત્તમ ઉપાય;**
**શ્રુતિ પુરાણમાં સાંભળી, વળી કરે એમ સદાય.**
**પ્રગટ હરિ હોય નહિ, હોય નહિ તેના મળેલ;**
**સાજસમાજસરવે, રહી જાય તેનો રળેલ.**
**પાછળ પ્રભુજી પ્રગટે, આવે એનું કર્યું કાંઈ અર્થ;**
**તે સહાય કરે કાં શ્રેયમાં, કે વણસહાય જાય વ્યર્થ.**

શિષ્ય કહે છે મુકત મહારાજ સાંભળો. આ પૃથ્વી ઉપર પ્રગટ પ્રભુ માનવદેહે હોય નહિ, તેના મળેલા સંતો,પણ હોય નહિ. અને કાંઈ પણ દાન, પુન્ય કરે તો તેનું

કલ્યાણ થાય કે ન થાય તે કહો....

આપણને પ્રગટ ભગવાન મળ્યા છે તો એને જમાડવા, એની પૂજા કરવી, એની આરતી ઉતારવી, એની સાથે હેત કરવું. આપણો ઉધ્ધવ સંપ્રદાય પ્રગટનો છે. ભગવાનની મૂર્તિ જે મંદિરમાં બિરાજે છે તે સદાય સાકાર અને પ્રગટ-પ્રગટ અને પ્રગટ છે. પ્રગટ ભગવાન અને પ્રગટ સંતનો પ્રેમભાવથી સમાગમ કરે તો અવશ્ય કલ્યાણ થાય છે. **ચોપાઈ :-**

**જે જે કરે એ કલ્યાણ કાજ રે, તે તે કહું સાંભળો મહારાજ રે;**
**મેળવ્યાં અન્ન ધન કર્યાં ધામ રે, વસન ભૂષણ આવે કેડ્યે કામ રે.**
**વાસણ વાહન ખાટ્ય પાટલાં રે, ગાદી તકિયા ઓછાડ ગાદલાં રે;**
**વાવ્ય કુવા તલાવડી ક્ષેત્ર રે, આવે અર્થ પ્રભુને એ પવિત્ર રે.**
**પર્વ સદાવ્રત વૃક્ષ છાંઈ રે, પ્રભુ બેસે ધર્મશાળા માંઈ રે;**
**ગાય ગવા મહિષી ગજ બાજ રે, હોય રથ પાલખી સમાજ્યે.**
**વાંસે આવે એ અર્થે હરિને રે, થાય સારું એનું તેણે કરીને રે;**
**વળી આપી હોય મહિષી ગાય રે, તેનાં દહીં દુધ ઘી જમાય રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અન્ન, ધન, વસ્ત્રભૂષણ, વાહન, ગાદી તકીયા, ઓછાડ ગાદલાં, વાવ, કૂવા, તલાવડી વિગેરે પદાર્થ જો ભગવાનની સેવામાં કામ આવે તો તેનું કલ્યાણ થાય છે. જે વૃક્ષ નીચે ભગવાન બિરાજયા હોય, સંતો તેની છાયામાં બેઠા હોય તે વૃક્ષના ફળ જમ્યા હોય તેનું પણ કલ્યાણ થાય છે. રથ, પાલખીમાં બેઠા હોય તો તેનું પણ કલ્યાણ થાય છે. ગાય, ભેંશ કે બકરીનું દૂધ, દહીં, ઘી ભગવાન જમ્યા હોય તો તે પશુનું પણ કલ્યાણ થાય છે.

રૂડબાઈએ અડાલજની વાવ કરાવી ત્યારે એવો સંકલ્પ કર્યો કે આ વાવમાં ભગવાન અને સંતો સ્નાન કરે તો મારું કલ્યાણ થાય. શ્રીજી મહારાજ સંતો સહિત અડાલજની વાવ પર પધાર્યા. વાવને કાંઠે બેઠા, નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી તમે આ લેખ વાંચો. શું લખ્યું છે.'' આ વાવ મેં કરાવી છે. તેમાં ગાડાને ઉગામણા એડીયાના એક લાખ રૂપિયા થયા છે. તો બાકી કેટલો ખર્ચ થયો તેની કોઈ ગણત્રી નથી. આ વાવ મોટપ વધારવા સારુ નથી કરી ખ્યાતિ વધારવા માટે નથી કરાવી પણ આ વાવમાં પ્રગટ પુરુષોત્તમ નારાયણ અને સંતો સ્નાન કરે તો મારો ઉધ્ધાર થાય

એવી આશાથી મેં વાવ કરાવેલ છે. લેખ વાંચીને ફરીથી સંતોએ તે અડાલજની વાવમાં સ્નાન કર્યું....

સ્વામિનારાયણ ભગવાને વાત કરી કે રૂડબાઈ હતાં તે બીજા અવતારે ધર્મપુરનાં કુશળ કુંવરબાઈ થયાં. તેનો મોક્ષ થયો. આ જીવ ગમે ત્યાં જનમ્યો હોય તેની વસ્તુ ભગવાન અને સંતની સેવામાં વપરાય તો તેનો ઉધ્ધાર થાય છે, તેનો દાખડો સફળ થાય છે...

**આપનારને એ અર્થતણું રે, શ્રેય કહેજો સમજાવી ઘણું રે;**
**વળી અસ્થિ ત્વચા ને વિષાણ રે, વાલવડે તે કહેજો કલ્યાણ રે.**
**વળી સાર દાર દળ તૃણ રે, આવે હરિ અર્થે પંખા પર્ણ રે;**
**ફળ ફૂલ મૂળ રસ ફળીરે, ભાજી તરકારી ઔષધિ વળી રે.**
**પશુ પંખી ને મનુષ્યમાંય રે, એનું આવે સેવામાં જો કાંય રે;**
**હીરા મોતી મણિ પરવાળાં રે, કંકર પથ્થર રત્ન રૂપાળાં રે.**
**તે મનુષ્યના મેળેલ હોય રે, આવે એ માંયલું અર્થ કોય રે;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે હરિના અર્થે મંદિરમાં પંખાનું દાન કરે, ભગવાનને જમવા માટે ફળ ફૂલ અર્પણ કરે, વિદુરજીની જેમ ભાવથી ભાજી વીણી શાક બનાવી ભગવાનને જમાડે, ભગવાન અને સંતો માટે ઔષધિ લાવે તો તેનું પણ કલ્યાણ થાય છે. ભગવાનને હીરા મોતીના હાર અર્પણ કરે. ભગવાનનું મંદિર થતું હોય તે બાંધકામ માટે પથ્થર આપે તેનું પણ કલ્યાણ થાય છે. બદ્રીનાથાનંદજી એવા દાતારને ધન્યવાદ આપતાં કીર્તન ગાય છે.

**ઈંટ પથ્થર લાવે મંદિરમાં રે, તેના પુન્ય તણો નહિ પાર ....**
**ધન્ય ધન્ય કહીએ તે ગામને રે....**
**જળ બેડુ રેડે મંદિરમાં રે, લાવે ધૂળ કરવાને રૂડી ગાર....**
**ધન્ય ધન્ય કહીએ તે ગામને રે....**
**જેમાં મંદિર મહારાજનાં થાય.... ધન્ય ધન્ય કહીએ તે ગામને રે....**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સત્કાર્ય કરવાથી કયારેક ધન ઘટતું નથી, પણ અનંતઘણું મળે છે. કોઈ દિવસ દાનવીર ભીખારી નહી બને... લોભી અને ભોગી કરોડપતિ.. રોડપતિ થઈ ગયા છે. સંત તુલસીદાસ પોકાર કરીને કહે છે.

**તુલીસી પંખી પીને સે, ઘટે ન સરિતા નીર;**
**ધર્મ કરે ધન ના ઘટે, સહાય કરે રઘુવીર.**

પશુ-પંખી ગમે તેટલું પાણી પીવે તેથી નદીનું નીર ઘટે નહિ પણ એમને એમ ચાલ્યું જાય તો નદી સૂકાઈ જાય તેમ ધર્માર્થે વાપરવાથી ધન ઘટતું નથી. શ્રીજી મહારાજના વખતમાં ભક્તોએ પોતાના ગામ, ગરાસ, માલ, મિલકત શ્રીહરિને અર્થે કરી રાખ્યા હતા. સમ્રાટ ચક્રવર્તિ રાજા યજ્ઞો કરી ન શકે તેવા યજ્ઞો ભગવાને કર્યા અને ખોબે ખોબે રૂપિયા અને સોનામહોરો ગરીબ અને બ્રાહ્મણોને આપ્યાં. છતાંય ભક્તોના ધન-ભંડાર ખૂટ્યા નહિ...

**પ્રભુ પ્રસન્નતાર્થે વાવરે તેના ભંડાર**
**સદાને માટે ભર્યા જ રહે છે.**

રિદ્ધિ સિદ્ધિ ત્યાં હાજર રહે છે. રોહિશાળાના લક્ષ્મીરામ ભગત ડભાણના યજ્ઞમાં દર્શન કરવા જવું છે એમ વિચારી સાત રૂપિયા ઘરમાં હતા તે લઈને આવ્યા. પ્રભુના ચરણે અર્પણ કર્યા. સાત રૂપિયા હાથમાં લઈને શ્રીજી મહારાજ બોલ્યા, ''બલી રાજા સમાન દાનવીર લક્ષ્મીરામના સાત રૂપિયા આવ્યા તેથી આપણો યજ્ઞ સુખેથી પૂરો થશે.'' શ્રીહરિએ ઘણી પ્રશંસા કરી રાજીપો વ્યકત કર્યો. નિજ સ્વરૂપનું દાન કર્યું. તેથી લક્ષ્મીરામ વ્યવહારે ખૂબ સુખી થયા. ભકત સુદામાજીએ એક મુઠી પૈંઆ આપ્યા તો શ્રી કૃષ્ણ ભગવાને કંચનના મહેલ બનાવી આપ્યા. વન વિશે દ્રૌપદીજીએ ભગવાનને એક ભાજીનું પાન જમાડ્યું તો પ્રભુએ દુર્વાસાના દસ હજાર શિષ્ય સહિત ત્રિલોકીને તૃપ્ત કરી. દ્વારિકામાં સાડી ચીરીને ભગવાનના હાથે પાટો બાંધ્યો તો સાડીના તાર ગણીને ભરી સભામાં ૯૯૯ સાડી આપી. દ્રૌપદીજીની લાજ રાખી. કંથકોટના કચરા ભગતે પોતાની પત્નીની પરણેતરની સાડી ગિરવે મૂકી દીનબંધુને ભાવથી ભોજન જમાડ્યું તો પ્રભુએ તેને અઢળક સંપત્તિ સાથે મુક્તિનું દાન આપી દીધું.

**સ્થાવર જંગમ જે કહેવાય રે, તેહ આવે હરિ સેવા માંય રે.**
**એવી વસ્તુ અનેક પ્રકાર રે, એહ સાજ સમાજ દેનાર રે;**
**આવે હરિ હરિજન અર્થ રે, ફળ શું મળે કહો સમર્થ રે.**
**પ્રભુ પ્રગટ પૃથ્વીએ હોય રે, પણ તે સમે તે જન નોય રે;**

**વળી કાવ્ય કીર્તન ગદ્ય પદ્યય રે, કર્યાં કવિએ કવિત છપય છંદ રે.**
**અષ્ટક સ્તોત્ર ને વળી સ્તુતિ રે, કરી હોય બહુ વિધે વિનંતિ રે;**
**પણ પ્રભુ પ્રગટ ન હોય રે, નાવે એ માંયેલું અર્થ કોય રે.**
**કરે વિષ્ણુયાગ જપે નામ રે, તીર્થ વ્રત કરે ફરે ધામ રે;**

શિષ્ય કહે છે, હે ગુરુદેવ, પ્રભુ પ્રગટ પૃથ્વીએ હોય, પણ તે સમે તે જન નોય, ભગવાન આ ભૂમિ પર માનવદેહે પ્રગટ પ્રત્યક્ષ હોય,પણ તે માણસ ન હોય. તેનું મૃત્યુ થઈ ગયું હોય. પછી તેનાં સગાં સંબંધી પુત્ર પરિવાર દાન, પુન્ય કરે, મોક્ષને અર્થે વિષ્ણુયાગ કથા કરાવે, શાસ્ત્રોનાં દાન કરે. તીર્થ, વ્રત કરે. તો તેને શું ફળ મળે. તે વાત સરખી રીતે સમજાવો ?

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રભુ કેવા કૃપાવાન છે તે તમે જાણો છો ? આપણે પ્રેમથી એક તુલસીનું પાંદડું અર્પણ કરીએ તેમાં તે આપણને યજ્ઞનું ફળ આપે છે. કોઈ ગરીબ માણસને કે કોઈ જીવ પ્રાણીમાત્રને ખરી વખતે એક ઘુંટડો પાણી પાય છે તો તેને મોટા કુવા તથા તળાવ બંધાવ્યાનું ફળ આપે છે.

જે ભલા માણસો અજાણ્યા લોકોને ભગવાનને ભજવાની સલાહ આપે છે. ધર્મનો માર્ગ બતાવે છે તેઓને કૃપાળુ પ્રભુ અભયદાનનું ફળ આપે છે. જે માણસ રૂડા હેતુથી પ્રભુ પ્રીત્યર્થે ભક્તિમાન સંત, બ્રાહ્મણ અને ગરીબને ચપટી ચોખા આપે છે. તેઓને પ્રભુ સદાવ્રતનું કે ચોરાશી કર્યાનું ફળ આપી દે છે અને તે ઉત્તમ ગતિને પામે છે. શિષ્ય કહે છે, હે.. ગુરુદેવ...

**રાખે નિમ કરી બહુ જતન રે, તપે કરી તજી દિયે તન રે.**
**કર્યું હોય તે કલ્યાણ કાજ રે, પણ પ્રગટ ન હોય મહારાજ રે;**
**એનું આવે છે એ કાંઈ અર્થ રે, વણમળ્યે એ છે વ્યર્થ રે.**
**કર્યું હોય એ કલ્યાણ સારુ રે, પણ પ્રભુ વિના પડ્યું ઉધારુ રે;**
**કરતાં કરતાં કસર ન રાખી રે, ગઈ એમાં આવરદા આખી રે.**
**બહુ કલ્યાણ કરવા રળ્યો રે, પણ આ દેહે જોગ ન મળ્યો રે;**
**આખો જન્મ એમ ગુમાવ્યો રે, પણ દાખડો દોપે ન આવ્યો રે.**
**પ્રભુ પ્રગટ પૃથ્વીએ નહિ રે, એની મહેનત કોણ કરે સહિ રે;**
**ઘણું રળ્યો રોકડું ન મળ્યું રે, જન્મમરણનું દુઃખ ન ટળ્યું રે.**

શિષ્ય કહે છે, કલ્યાણ કરવા માટે ઘણો દાખડો કર્યો, ગઈ એમાં આવરદા આખી, આખો જન્મ એમ ગુમાવ્યો રે, પણ દાખડો હોયે ન આવ્યો રે; ઘણું રળ્યો રોકડું ન મળ્યું, જન્મ મરણનું દુઃખ ન ટળ્યું. જન્મ મરણનું દુઃખ કેમ ટળે. તે સમજાવો.?

દરેક ઈંદ્રિયોને પ્રભુમાં જોડી દે અને પ્રભુની ભક્તિ ધર્મ સહિત કરે તો જન્મ-મરણના ફેરા ટળે. પ્રભુ સ્મરણ કરે તો બુધ્ધિ પવિત્ર થાય. પ્રભુનું મનન કરે તો મન પવિત્ર થાય, પ્રભુનાં ભાવથી દર્શન કરે તો આંખ પાવન થાય, પ્રભુની કથા સાંભળે તો કાન પવિત્ર થાય, પ્રભુનાં નામ સંકીર્તન કરે તો જીભ પાવન થાય, પ્રભુનો સ્પર્શ કરે તો શરીર પાવન થાય, પ્રભુની સેવા કરે તો હાથ પાવન થાય, પ્રભુની પ્રદક્ષિણા કરે તો પગ પાવન થાય, એમ દરેક ઈંદ્રિયોને પ્રભુમાં જોડી દે તો સમગ્ર જીવન પાવન થાય છે.

**કર્યું હોય તે કલ્યાણ કાજરે, પણ પ્રગટ ન મળ્યા મહારાજરે;**
**કહું કેડ્યે પ્રગટે ઘનશ્યામ રે, આવે એનું કર્યું કાંઈ કામ રે.**
**કર્યું હોય એ શ્રધ્ધા સહિત રે, આણી ઉરે પ્રભુની પ્રતીત રે;**
**શુદ્ધ મન હોય શુદ્ધ ભાવ રે, દલમાંહિ નહિ દગા દાવ રે.**
**અતિ આસ્તિક મતિ છે ઉર રે, નાસ્તિક વાતથી રહે છે દૂર રે;**
**એવા જન જગતમાં જેહ રે, ન મળ્યા હરિ છુટી ગયા દેહ રે.**
**કરી પુરુષ પ્રયત્ન તન તાવ્યું રે, પણ એ દેહે અર્થ ન આવ્યું રે;**
**પછી પ્રગટિયા ઘનશ્યામ રે, આવ્યું કર્યું કેડયે એનું કામ રે.**
**તેની થાય કે ન થાય મુક્તિ રે, કહેજો મુકત વિકત પાડી અતિ રે;**

શિષ્ય કહે છે, શ્રધ્ધાથી આસ્તિક ભાવે પ્રભુનું સ્મરણ કર્યું, ખૂબ તપશ્ચર્યા પણ કરી પણ પ્રગટ ભગવાન મળ્યા નહિ. દર્શન થયાં નહિ, તો તેની મુક્તિ થાય કે ન થાય તેની વિકિત પાડી ને સમજાવો ? જીવાત્મા મોક્ષને પંથે ચાલે તો એની અવશ્ય મુક્તિ થાય છે. સત્સંગનો રંગ ચાખો બીજાને ચખાડો....

## સાંગા ભગતે દૂધપાક ચાખ્યો....

એક ભરવાડનો છોકરો નાનપણથી મંદિરમાં રહેતો. જૂનાગઢ મંદિરની ગાયો અને ભેંસો ચરાવવા લઈ જાય. નામ હતું સાંગો. સાંગાને ખાવા પીવાની કોઈ ફીકર નહિ, સંતો જે આપે તે જમીને સંતોષ માને. સંતોએ શ્રીજી મહારાજનું નામ

સ્મરણ ને કીર્તન શીખવાડેલાં તેથી હરતાં, ફરતાં, ખાતાં-પીતાં દરેક ક્રિયામાં ભગવાનને સંભાર્યા કરે, સંતો દરરોજ બાજરાનો રોટલો ને છાશ આપે તે જમીને ગાયો ચરાવવા જાય, સાંજે સાંગો આવે ત્યારે ખીચડી ને અથાણું આપે તે જમીને એક તાંસડી છાશ પી લે. સાંગાને છાશ બહુ ભાવે. નિત્ય નિયમ સંતો ગાય તેની સાથે સાંગો પણ ગાય. પછી પ્રભુનું સ્મરણ કરતાં સૂઈ જાય...

સાંગો દિલનો સાવ ભોળો એટલે દુનિયાની રીત ભાતની કાંઈ ખબર પડે નહિ. ઠાકોરજી માટે સંતોએ સુંદર મજાનો દૂધપાક બનાવ્યો. તેથી પ્રસાદી સાંગા માટે રાખી. સાંગો જમવા બેઠો. તરત થાળીમાં દૂધપાક પીરસ્યો. સાંગો બોલ્યો.. આવું ચીકણું પીળું પીળું મને નહિ ભાવે. ખીચડી આપો એટલે જલદી પેટ ભરાઈ જાય.

સંતોએ કહ્યું, જરાક ચાખ તો ખરો. ખાઈશ ત્યારે ખબર પડશે. પ્રભુનો પ્રસાદ છે. બહુ સરસ છે. નહિ ભાવે તો ખીચડી દેશું. ચાખ... ચાખ... અમૃત જેવો દૂધપાક છે. તને બહુ ભાવશે. સાંગાએ કચવાતા મને જરાક આંગળીથી દૂધપાક ચાખ્યો. મીઠો સુગંધીદાર બહુ ગમ્યો હો... આખી તાંસડી જમી ગયો. બીજો આપો. બહુ મજા આવી. હવે દરરોજ આવું જમવા આપશો તો ગાયો ચરાવવા જઈશ. નહિંતર નહિ જાઉં... સંતો હસતા હસતા બોલ્યા. સાંગા લે આ છાશનો વાટકો પીજા. સાંગો બોલ્યો. હવે છાશ પીવે ઈ બીજા. અમૃત મૂકીને છાશ નહિ ભાવે. હવે દરરોજ દૂધપાક દેજો હો.

**વહાલા એ રસના ચાખણહાર, કે છાશ તે નવી પીવે રે લોલ.**
**વહાલા મારે સુખ સંપત તમે શ્યામ, મોહન મન ભાવતા રે લોલ;**
**આવો મારે મંદિર જીવન પ્રાણ, હસીને બોલાવતા રે લોલ....**

રાત્રે સભામાં ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘સાંગો બહુજ ભોળો છે. જ્યાં સુધી તેને દૂધપાકના સ્વાદની ખબર નહોતી ત્યાં સુધી ખાટી છાશ ઉપર પ્રીતિ હતી. તેમ આ જગતના જીવને જ્યાં સુધી સાચું ન સમજાય, ભગવાનના ભજનનો સત્સંગનો રસ ચાખ્યો નથી. તેને મોહ માયા અને પુત્ર પરિવારમાં મમત્વરૂપી ખાટી છાશજ સારી લાગે છે. પણ જયારે સત્સંગનો સાચો રસ સાંગાની જેમ ચાખશે ત્યારે ખબર પડશે કે સત્સંગનો આનંદ કેવો છે ને રસ કેવો મધુર છે. શિષ્ય કહે છે. હે ગુરુદેવ !

**જે જે પૂછી છે વાત સઘળી રે, કહેજો વણ પૂછી પણ વળી રે.**
**જે જે વાત જાણ્યામાંહિ આવી રે, તે તે પૂછી તમને મેં લાવીરે;**
**કૈંક રહી ગઈ હોય વાંસે રે, તે પણ કહેજો સુણીશ ઉલ્લાસે રે.**
**સર્વે વાત કહેજો એ સંભારી રે, સુણી રાખશી હૃદયે ધારી રે;**
**છે એ સહુના અર્થની વાત રે, કહેતાં સુણતાં ભાગે સર્વે ભ્રાંતરે.**
**જે જે કર્યું હોય પ્રભુ સારુ રે, કહેજો તેના ફળનું દેનારું રે;**

શિષ્ય કહે છે, જે જે મેં વાત પૂછી તે તમે મન સઘળી વાત સરખી રીતે સમજાવી છે. જેમ અન્નથી શરીરનું બળ વધે છે. જળથી છોડનું બળ વધે છે તેમ આ કલ્યાણનિર્ણય વાંચવાથી, સાંભળવાથી, વિચારવાથી મનનો આનંદ પાતાળના પાણીની જેમ અખંડ વહ્યા કરે છે. કયારેય સૂકાતો નથી માટે હંમેશાં આનંદમાં રહેવું જોઈએ. શિષ્ય કહે છે :-

**તમ વિના કહેશે બીજું કોણ રે, નથી કહેનાર જોયું છે જોણ રે.**
**માટે સહુ જોઈ રહ્યા સામું રે, બોલી અૃમત વેણ પૂરો હામું રે;**
**તમે દિલના છો દરિયાવ રે, માટે પૂછતાં થાય છે ઉછાવ રે.**
**પ્રશ્ન પુછું છું હું લગાર રે, તે સમઝાવો છો કરી વિસતાર રે;**
**ધન્ય ધન્ય દિલના દયાળ રે, ધર્મધુરંધર ધર્મપાળ રે.**

હે ગુરુદેવ, તમારાં વચન અમને અમૃત જેવાં લાગે છે તેથી અંતરમાં આનંદ થાય છે. તમે દિલના દરિયાવ છો. અમને સમજાવો છો કરી વિસ્તાર, તમે ધર્મને ધારણ કરનારા છો...

**ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે ચતુર્દશો નિર્ણયઃ ॥ ૧૪ ॥**

---

## નિર્ણય – ૧૫

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ જગતનાં નાશવંત સુખોમાં આનંદ નથી. આનંદ આપણા હૃદયમાં છે. ભગવાનમાં આનંદ વધતો જાય તેની ખબર કેમ પડે ? કથા કીર્તનમાં આનંદ આવે, રાસ રમવામાં મજા આવે. પ્રભુની પૂજા કરવામાં શ્રધ્ધા જાગે, સત્સંગ સમૈયામાં મજા આવે, જગતની તમામ ક્રિયામાં સુખ આવે, ભગવાન

સિવાય કયાંય ચિત્ત ચોંટે નહિ. સદાય ભગવાનમાંજ મન લાગેલું રહે તો સદાય તેને અક્ષરધામના સુખનો અનુભવ થાય છે.

દોહા :- **મુમુક્ષુ તારા મનનું, જોઇ લીધું છે જાણ;**
**સુખદાયક એ સહુના, એવા પ્રશ્ન તારા પ્રમાણ.**
**પડે પ્રતીતિ ભક્ત પરોક્ષનો, મોક્ષનો સમજાય મર્મ;**
**એવો આશય તારા ઉરનો, પરમાર્થ અર્થનો પર્મ.**
**જગ હિતકારી જાણિયો, જીજ્ઞાસુ તુને મેં જોર;**
**જેજે પૂછ્યું તેં જીભથી, તે નથી કાંઈ કનોર.**
**આપું ઉત્તર હવે એહનો, તેં પૂછિયું મુજને જેહ;**
**શ્રુતિ દઈ હવે સુણજો, કહું સર્વ સમજાવી તેહ.**

મુકત કહે છે, ‘‘હે મુમુક્ષુ તેં જે જે પૂછ્યું છે તે જગના હિત માટેજ છે. ડાહ્યા સંતોનો મત છે કે ભગવાનના વચનમાં ફેર પાડવો નહિ. વચનમાં ફેર પડે તો ભોજન જમવા બેઠા હોય અને કોઈએ ભોજનમાં ધૂળ નાખે તો કેવું વસમું લાગે ? તેવી જ રીતે ધર્મ પાલનમાં કચાશ રહે તો દુઃખ થવું જોઈએ. ધર્મ પ્રમાણે વર્તે છે તેવા સંતોમાં પ્રભુ સદાય નિવાસ કરીને રહે છે. **ચોપાઈ :-**

**તેં પૂછ્યું પરોક્ષ ભક્તતણું રે, તે કહું કાંઈક થોડું ઘણું રે;**
**ભૂત ભવિષ્ય ને વર્તમાન રે, કહું ત્રણેની રીત નિદાન રે.**
**ભક્ત ભક્તમાંહીં ભેદ ઘણા રે, સર્વ ભક્ત ન હોય પ્રભુતણા રે;**
**નિષ્કામ સકામ બે ભક્ત રે, તેની પણ જાણી જોઈએ વિકત રે.**
**સકામ ભજે કાજ સરવા રે, તાપ તન મનના નિવારવા રે;**
**એને અર્થે ભજે અવિનાશ રે, તે તો અર્થ સર્યા સુધી દાસ રે.**
**એને ભક્ત હરિના ન કૈયે રે, વાત એ પણ સમજી લૈયે રે;**
**સુત કલત્ર દેહ સારુ રે, ભજે છે ભાવે ભક્ત હજારૂ રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભૂત ભવિષ્યને વર્તમાન કાળમાં ઘણા ભક્તો થયા છે ને થાય છે ને થશે. ભગવાનને મેળવવા માટે, રાજી કરવા માટે કોઈ ભક્ત તપ કરતા હોય જપ કરતા હોય, માળા ફેરવતા હોય, શાસ્ત્રનું વાંચન કરતા હોય.

## ભગવાનના ભક્ત મુકિત ન માગે તો બીજી વસ્તુ કયાંથી માગે.?

સકામ ભજે કાજ સારવા, તાપ તન મનના નિવારવા; પોતાનું કામ થઈ જાય પછી ભગવાનને ભૂલી જાય. એક ભક્ત સંત દયાનંદજી પાસે આવ્યો. વાત કરી મારે નોકરી મળતી નથી તો જલ્દી નોકરી મળી જાય એવા આશીર્વાદ આપો. દયાનંદજીએ કહ્યું, ''શ્રધ્ધાથી દરરોજ આ મંદિરને વાળજો, સફાઈ કરજો અને પૂજા કરીને પાંચ માળા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, સ્મરણ કરતાં ફેરવજો. ભગવાન સારું કરશે.'' બે મહિના સુધી સેવા-પૂજા કરી. પછી સરસ મઝાની નોકરી મળી ગઈ. સંતના આશીર્વાદથી શું ન થાય ? નોકરી મળી ગઈ એટલે પૂજા,પાઠ, દેવ દર્શન બધું બંધ કરી દીધું. ભગવાનને ભૂલી ગયો. છોડો આ બધું. આપણું કામ થઈ ગયું. હવે કોઈની પરવા નથી.

સ્વામીને વિચાર થયો. ભક્ત દર્શન કરવા કેમ નથી આવતા. ખબર પડી કે નોકરી મળી ગઈ તેથી ભગવાન ભૂલાઈ ગયા. બે મહિના થયા ઓફિસરથી કાંઈક મનમેળ બગડી ગયો, તેથી નોકરીમાંથી રજા દઈ દીધી.

### ભગવાન ભૂલાઈ ગયા, નોકરીમાંથી છૂટા થયા..

રડતો રડતો આવ્યો સાધુ પાસે. સ્વામી મને નોકરીમાંથી કાઢી મૂકયો. હવે હું શું કરું ? આશીર્વાદ આપો, સ્વામીએ કહ્યું, પાત્ર વગર આશીર્વાદ વહી જાય. તમારું પાત્ર ફૂટેલું છે. જિંદગીના પથ પર ધ્યાન રાખીને ચાલવું પડે. સત્સંગ ઢીલો ન પડી જાય, વારંવાર તપાસતા રહેવું પડે. આપણે બધા ભક્ત સાચા, સત્સંગી સાચા પણ સાવધાની રાખજો. તમને બધાને અનુભવ છે કે સોનાના દાગીના કાયમ સાચવવા પડે, સત્સંગના સદ્‌ગુણો સોના જેવા છે. નિયમ ધર્મનું પાલન કરવું જોઈએ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મોટે ભાગે ભક્તો સકામભાવથી ભક્તિ કરતા હોય છે. કોઈકને રાજ્ય જોઈએ છીએ, રાજા થાઉં તો સુખિયો થઈ જાઉં, એને ખબર નથી કે રાજાને સુખ નથી, દુઃખ છે. પણ જીવની અવળાઈ છે. જે મળ્યું છે તેમાં સુખ માનીને ભજન કરતો નથી ને વધારે ને વધારે સુખી થવા ફાંફા મારે છે. કોઈકને પૈસા નથી, તે પૈસાવાળા થઈએ તો જલસા કરીએ, કોઈક દીકરાની આશાથી ભજન ભક્તિ ને દાન, પુન્ય કરે છે. ભિખારીની જેમ ભગવાન પાસે માગ્યા કરે છે. આ જગતની અંદર બધા ભૂખ્યા છે. કોઈ સત્તાના ભૂખ્યા છે. કોઈક પૈસાના ભૂખ્યા છે. કોઈક માન મોટાઈના ભૂખ્યા છે. કોઈ સ્ત્રી ધનના ભૂખ્યા છે. આવી રીતે ભૂખની

આશાથી આખી દુનિયા દોડે છે. બહુ દોડવામાં માલ નથી. ધ્યાન રાખજો ઉથલી પડશો ને હેરાન થશો.

**એનું આશ્ચર્ય નહિ અણું રે, સહુ સારે છે કામ આપણું રે;**
**સાચા ભક્ત એને ન ભણીયે રે, અર્થાઅર્થી એ જન ગણિયે રે.**
**એની ભક્તિ હરિને ન ભાવે રે, એ તો પ્રાકૃત ભક્ત જો કહાવે રે;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાન વિના બીજી અનેક આશાઓ અંતરમાં ભરી છે. એની ભક્તિ હરિને ન ભાવે રે, એતો પ્રાકૃત ભક્ત કહેવાય રે, એવા ભક્તની ભક્તિ હરિને ગમતી નથી. ભગવાન કહે છે, તને સતત પૈસા, પરિવાર અને માલ-મિલકતનું ચિંતવન કરવું છે. મારું ચિંતવન કરવું નથી. સારાં કર્મ કરે છે તેનું ફળ ભગવાન અવશ્ય આપે છે. કોઈની મહેનતને ભગવાન રાખતા નથી. ભગવાનને નિષ્કામ ભક્ત બહુ વહાલા છે.

નિષ્કુળાનંદ સ્વામી સાચા ભક્તની ઓળખાણ આપે છે.

**સાચા ભક્ત તણી ઓળખાણ રે, કહું સાંભળજો તે સુજાણ રે.**
**શુદ્ધ અંતર ને શુદ્ધ આશે રે, શુદ્ધ મને પ્રભુને ઉપાસે રે;**
**નિષ્કામ કપટે રહિત રે, શુદ્ધભાવ શ્રધ્ધાયે સહિત રે.**
**યશ કીર્તિ વધારવા લાજ રે, નહિ દંભ દેખાડવા કાજ રે;**
**નહિ ઈર્ષા ને અમરષ રે, નહિ સ્પરધા થાવા સરસ રે.**
**એવી રીતે જીવ જો જેહ રે, તેનું કરેલ હોય કાંઈ તેહ રે;**
**આવે તે હરિ હરિજન અર્થ રે, તે તો કદિ ન જાય વ્યર્થ રે.**

સાચા ભકતજનો પવિત્ર મનથી શ્રધ્ધાએ સહિત નિષ્કામ ભાવે ભક્તિ કરે છે. જીવનમાં કપટ રાખતા નથી. યશ, કીર્તિ અને માન મોટાઈ દેખાડવા દંભ કદી પણ કરતા નથી. દંભ એટલે શું ? બોલવાનું બીજું ને કરવાનું બીજું એને દંભ કહેવાય. દંભ કરીને ખાવું તે મહાપાપ છે. સંસાર છોડ્યો, જગતની ઝંઝટ છોડી, કુટુંબ પરિવારને છોડ્યો ને દંભ ન છોડ્યો તો કામનું શું. આ તો કપટ કહેવાય. બધા તરે પણ કપટી ન તરે. લાકડું તરે પણ લોઢું ન તરે...

**દંભ રહિત વર્તવું, એજ આપણી સંસ્કૃતિ છે.**

માનવીના મનમાં જ્યાં સુધી કામ હશે, ક્રોધ, લોભ, અહંકાર, દંભ અને

ઈર્ષા હશે અને હરિનો રસ નહિ હોય, હરિનું સ્મરણ નહિ હોય, ત્યાં સુધી એના દુઃખનું મૂળ ચાલુ રહેશે. ગમે તેટલી જીવનમાં સગવડ હશે પણ જો હરિના જપ નહિ હોય, પૂજા પાઠ વિગેરે નહિ કરે તો માનવીના હૃદયની પરમપદની યાત્રા થશે નહિ, સુખના સાગર શ્રીહરિ સુધી પહોંચશે નહિ...

**જમે અન્નને પહેરે વસન રે, આવે હરિ અર્થે એનું ધન રે;**
**તેણે પામે પરમા પ્રાપતિ રે, તેમાં ફેર નથી રાઈ રતિ રે.**
**ભૂષન વસન વાહન વળી રે, ખાટ પાટચાદિ વસ્તુ સઘળી રે;**
**આવે પ્રગટ પ્રભુને એ કામ રે, પામે સુખનિધિ એનો શ્યામ રે.**
**વાવ કુવા તલાવ ભુવન રે, તો કરનારા જે જન રે;**
**તેહ પામે પ્રાણી પરમ ગતિ રે, પ્રભુ પ્રગટ પ્રસંગે પ્રાપતિ રે.**

ગમે તે ચીજ વસ્તુ ભગવાન અને સંત અર્થે વપરાય તો તેનું કલ્યાણ થાય છે. વાવ, કૂવા, તળાવ, ભુવન ગાદી તકીયા હરિની સેવામાં આવે તો તેણે કરીને એ ભક્ત સુખ પામે છે. બલી રાજાએ અંતરની ઉદારતાથી દાન આપ્યું તો ભગવાન તેના દ્વારે સેવક બનીને રહ્યા અને લક્ષ્મીજી દાસ બનીને રહ્યાં. આ છે દાન કર્યાનો પ્રતાપ..

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

અભિમાન સાથે આપણે ગમે તેટલું દાન કર્યું હોય તો તેનું ફળ માત્ર તક્તિ લાગે તેટલું જ છે. આપણે આપણા સ્ત્રી, પુત્ર, પરિવારને ગમે તેટલું આપીએ. શણગાર કરીને સોનાના દાગીના પહેરાવીએ તેમાં કોઈ દિવસ તક્તિની ઈચ્છા રાખીએ છીએ? નથી રાખતા ને, તો અહીં પણ એમજ કરવું...

## સાચું દાન કોને કહેવાય ?

જમણા હાથે આપીએ તેની ડાબા હાથને ખબર ન પડવી જોઈએ. તે સાચું દાન છે. બાકી માન મોટપ વધારવા કે અહંકારથી કરેલા દાનનું કાંઈ ઝાઝું ફળ નથી.

## નીતિથી કમાવું, રીતિથી વાપરવું અને પ્રીતિથી દાન કરવું...

સંત પુરુષોની સેવામાં વાપરી અનેરો આનંદ અનુભવાય તે ખરી કમાણી છે. કોઈ દુઃખી ગરીબની આંખનાં આંસુ લૂછવામાં વાપરી શકાય. ગૌમાતાને ઘાસ ચારો ઉદારતાથી આપી અંતરનો આનંદ અનુભવી લેજો.

**પિયે પાણી નહાય નીરમાંય રે, બેસે એના કરેલ ઘરછાંય રે;**
**આવ્યું એનું કરેલ હરિકામે રે, તેણે કરી એ પ્રાણી સુખ પામે રે.**
**ગાદી તકિયા ગાદલાં ગોદડાં રે, અવલ ઓછાડ ઓસિયાં રૂડાં રે;**
**તે પણ આવે જો કામ હરિને રે, સુતાં બેઠાં જાગવે કરીને રે.**
**તેના કરાવનારા જીવ જેહ રે, પામે પ્રભુના સુખને તેહ રે;**
**વાડી ખેત્ર પરમ સદાવ્રત રે, બાંધી ધર્મશાળા પામે મૃત રે.**
**ગાય ગવા મહિષી ગજબાજ રે, મેલી મરે એ સર્વે સમાજ રે;**

સાચા સંતોના વચનમાં વિશ્વાસ રાખીને તે પ્રમાણે વર્તનાર પામર જેવો જીવ પણ અષ્ટાવરણથી પર એવા અક્ષરબ્રહ્મધામને પામે છે.

## આપણા કચ્છનો સત્સંગ દિવ્ય ગણાય છે.

આપણે સર્વે ભાગ્યશાળી છીએ. મોક્ષદાતા પવિત્ર સંતો અને શ્રી સ્વામિનારાયણ ભગવાને બાથમાં લઈને પધરાવેલા શ્રી નરનારાયણ દેવ એની છત્રછાયામાં આપણે બેઠા છીએ. આજે કચ્છ દેશના સત્સંગી ભાઈઓ ખૂબજ સુખિયા છે અને સારી સમજણવાળા સત્સંગી છે. આજે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં કચ્છનો સત્સંગ દિવ્ય અને અલૌકિક ગણાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને અનેક વખત સંતોની સાથે હમીરસરોવરમાં સ્નાન કરેલું છે, તે હમીરસરોવરમાં જે કોઇ વ્યક્તિ સ્નાન કરે, જળપાન કરે કે નમસ્કાર કરે તેનાં પણ હજારો જન્મોનાં પાપ નાશ થાય છે અને તેનું કલ્યાણ થાય છે.

પર્વતમાંથી નીકળેલી નદી ચોક્કસ સમુદ્રને પામે છે, તેમ મનની અને જગતની ગૂંચવણમાંથી એકવાર બહાર નીકળી જીવન ધ્યેય સ્પષ્ટ કરે છે, તે આત્મા અચૂક પરમાત્માને પામે છે. છતે દહે તે મહામુકત બને છે.

**પણ કેડે આવે અર્થ કાંઈ રે, હરિ હરિજનની સેવામાંઈ રે.**
**તેણે કરીને થાય કલ્યાણ રે, તે પણ નિશ્ચે જાણજે નિવારણ રે;**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય, તેને દેહના જે સગા સંબંધી હોય તે સાથે હેત રાખવું નહિ. સંસારમાંથી નિઃસ્પૃહ થઈને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભગવાનનું ભજન કર્યા કરવું.

ગઢપુરમાં ખેતો અને ભીમો બે ભાઈ રહેતા હતા. એમનાં મા વૃધ્ધ હતાં

તેથી કહ્યું, ‘‘દીકરા તમે લોટ દળી દો. તો સારું થાય મારાથી દળાશે નહિ.’’ બે ભાઈઓ રાત્રીએ બાજરો દળવા બેઠા. દીવો ઓલાવી નાખ્યો. ઘંટી ફેરવતા જાય પણ ઘંટીમાં બાજરો નાખે નહિ. ચપટી ભરીને પોતાના મોઢાંમાં નાખે. ખેતાને એમ કે ભીમો ઘંટીમાં બાજરો ઓરતો હશે. ભીમાને એમ કે ખેતો ઘંટીમાં બાજરો ઓરતો હશે. અંધારામાં કાંઈ દેખાય નહિ. ઠાલી ઘંટી ફેરવ્યા કરે છે. ત્રણ કલાક પછી સુંડલીમાં બાજરો ખલાસ થઈ ગયો. ઘંટી બંધ રાખીને લોટ ભેગો કરે છે પણ કાંઈ ન મળે. આ શું. લોટ કયાં ગયો ? અલ્યા ભીમા લોટ નથી શું કરશું ?

ભીમાએ હસતાં હસતાં કહ્યું, ‘‘મેં ઘંટીમાં દાણા નથી ઓર્યા પણ મારા મોઢામાં ઓર્યા છે. પણ તેં ઘંટીમાં નાખ્યા હશેને ? તો લોટ હોવો જોઈએ’’ ખેતાએ કહ્યું, ‘‘મેં બાજરો ઘંટીમાં નથી નાખ્યો. પેટમાં નાખ્યો છે’’ બે ભાઈઓ પસ્તાય છે. આપણી માને શું જવાબ દેશું.’’ ને લોટ વિના રોટલા કેમ બનાવશું.? આખી રાત ઉજાગરો કર્યો. ઘંટી ખેંચી. તે મહેનત વ્યર્થ ગઈ.

**ખાલી ચક્કી ફેરવીએ, તો લોટ ક્યાંથી મેળવીએ.**

આપણે બધા ભીમા ને ખેતા જેવા છીએ. સંસારરૂપી ચક્કીમાં ભજન, ભક્તિ, દાન, પુન્ય, સત્સંગ સમૈયા, કથા, કીર્તન, ધ્યાન સ્મરણરૂપી દાણા ઓરતા નથી ને ખાલી ચક્કી ફેરવ્યા કરીએ છીએ. વ્યર્થ ઉજાગરો કરી જન્મ ગુમાવી નાખીએ છીએ. કુટુંબ પરિવાર અને ધન, સંપત્તિ ભેગી કરવામાં સમય ગુમાવી નાખીએ છીએ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :- ભગવાનને અર્થે જે કાંઈ પદાર્થ કામ આવે છે તેનું કલ્યાણ થાય છે.

**રથ વેલ પાલખી ને મેના રે, કરાવેલ હોય જન જેના રે.**
**જીવ્યા ત્યાં સુધી જોગ ન મળ્યો રે, પછી સર્વે મૂકી પ્રાણી પળ્યો રે;**
**મૂવો મેલી એ સર્વે મિરાંથ રે, પાછળ આવી એ પરને હાથ રે.**
**તેહ વડે શ્રીહરિ સેવાય રે, તેનું કલ્યાણ જરૂર થાય રે;**
**દૂધ દહીં માખણ ઘી મિસરી રે, જમ્યા હોય પ્રગટ શ્રીહરિ રે.**
**તેહ ગાય મહિષીની ગતિ રે, થાય પ્રભુ પ્રસંગે પ્રાપતિ રે;**
**તેનાં અસ્થિ શ્રૃંગ રોમ ચામ રે, આવે મહા પ્રભુજીને એ કામ રે.**

રથ, વેલ, પાલખી ને મેના વગેરે સર્વે સમાજ જો હરિ અને હરિજનની સેવામાં કામ આવે તો તેનું કલ્યાણ થાય. જીવ્યો ત્યાં સુધી પ્રભુનો જોગ ન મળ્યો. સર્વે મૂકીને તે મનુષ્ય પરલોકને માર્ગે ચાલતો થઈ ગયો. પાછળ પુત્ર પરિવારના હાથમાં એ માલ મિલકત વગર મહેનતે મળી ગઈ તે મિલકતમાંથી જો દાન, પુન્ય કરે તો તેનો મોક્ષ થાય છે. માતા પિતાની પાછળ ધર્મ દાન કરતા રહેવું.

કોઈ પ્રાણીના ચામડામાંથી જોડા બનાવીશને ભગવાન અને સંતોના અર્થે વપરાય તો તેની પરમગતિ થાય છે. ચામડામાંથી વાજીંત્ર બનાવે તે તબલાથી ભગવાનનું તાલ મેળવે તો તેનું પણ કલ્યાણ થાય છે.

**પામે પરમગતિ પ્રાણી એહ રે, હરિ અર્થે આવ્યો એનો દેહ રે;**
**સાર દાર દલ તૃણ વળી રે, ફળફૂલ મૂળ કંદ ફળી રે.**
**એહ આદિ ઔષધિ જે કહાવે રે, તેજો પ્રગટ પ્રભુને અર્થે રે;**
**થોડે દને સ્થાવર દેહ ત્યાગી રે, થાય માનજો મોક્ષના ભાગી રે.**

કોઈ સાર, દાર, દલ, તૃણ, ફળ, ફૂલ, મૂળ, કંદ, ફળી ભગવાનને અર્થે વપરાય તો તે વૃક્ષનું, વનસ્પતિનું પણ કલ્યાણ થાય છે.

**વળી હીરા મોતી મણી માળા રે, કંકર પથ્થર રત્ન પ્રવાળાં રે;**
**અતિ કષ્ટે કર્યાં હોય ભેળાં રે, પડ્યાં રહ્યાં એ ચાલતી વેળારે.**
**એહ વડે પ્રભુજો પૂજાય રે, તેના ધણીનું કલ્યાણ થાય રે;**

સ્વામી કહે છે, ધર્મના ક્ષેત્રમાં વાપરવામાં ઉદારતા રાખજો. વ્યવહારમાં, સંસારમાં, લગ્ન પ્રસંગમાં પહોળા થઈને ખૂબ પૈસા વાપરે અને પરહિતકાર માટે સેવા કરવી હોય તો શું કહે છે ?? જુઓને દેશકાળ કેવા ચાલે છે ? મોંઘવારીનો કોઈ પાર નથી. ખુશાલીમાં પાર્ટી કરશે, પૈસા ઉડાડશે પણ સંત, બ્રાહ્મણ, ગાય અને ગરીબને અર્થે વાપરવું હોય તો મોંઘવારી નડે છે. તમારી કમાણીને સાર્થક કરવી હોય તો સંતો, બ્રાહ્મણો, ગાય અને ગરીબને જમાડજો. આ એક લ્હાવો છે. આ લાભ તો ભાગ્યશાળીને જ મળે છે. અતિ ઊડાવ પણ ન થવું અને અતિ લોભી પણ ન થવું..

**કાવ્ય કવિ કરી ગયા હોય રે, આવે શ્રીહરિ અર્થે સોય રે.**
**તે પણ પામે છે પરમ કલ્યાણ રે, તેનું સમજી લેજે સુજાણ રે;**

**પ્રભુ પ્રગટનો પ્રસંગ રે, પામે પ્રાણધારી કોઈ અંગ રે.**
**તેતો પામે સહુ ભવપાર રે, તેમાં સંશય નથી જો લગારરે;**
**એમ આદ્ય અંત્ય મધ્ય માંઈ રે, પ્રભુ વિના કલ્યાણ નહિ ક્યાંઈ રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આદ્ય, અંત્ય, મધ્ય માંઈ રે, પ્રભુ વિના કલ્યાણ નહિ કયાંઈ રે, પોતાના આત્યંતિક કલ્યાણને ઈચ્છતો એવો જે ભક્તજન તેણે આત્મનિષ્ઠા, પ્રીતિ, વૈરાગ્ય અને સ્વધર્મ એ ગુણ સિધ્ધ કરવા.

ભગવાન સાથે છેડા જોઈન્ટ રાખશો તો કદાચ કોઈ અંગમાં ઉણપ હશે, કચાશ હશે, તો પણ ભગવાનની કૃપા દષ્ટિથી અંગ બળીયું બનાવશે. ઈલેકટ્રીકના વાયર જોઈન્ટ હોય તો પ્રકાશ થાય. છેડા જોઈન્ટ ન હોય તો પ્રકાશ થાય નહિ.

**ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે પંચદશો નિર્ણય: ॥ ૧૫ ॥**

- - - - - - - - - - - - - - - - - -

## નિર્ણય – ૧૬

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સર્વોપરી ભગવાનની ભક્તિનિષ્ઠા હૈયામાં પાકી હોય તે ભક્ત ડરપોક હોય નહિ, તેને કોઈની બીક હોય નહિ. ખીસ્સામાં પૈસા હોય તો કદાચ ચોરની બીક લાગે ખરી. પણ ભગવાનમાં અચળ શ્રધ્ધા હોય તેને બિલકુલ બીક રાખવી નહિ. મને શનિ નડે છે, મને પિતૃ નડે છે, મને બુધ ગ્રહ નડે છે, પનોતી નડે છે, વિગેરે કોઈ પ્રકારની શંકા રાખવી નહિ. શંકા થતી હોય તેની ભક્તિ નિષ્ઠા કાચી છે.

દોહા :- **મુમુક્ષુ તું મને માનજે, પૂરણ આણી પ્રતીત;**
**હરિ હરિજન મળ્યા વિના, નો'ય કલ્યાણ કહું કોઈ રીત.**
**અવિચળ અવશ્ય એ વાત ખરી, કરી પુરાણમાં પ્રમાણ;**
**તેહ વિના ત્રણ લોકમાં, જુવો ઝાંખી જો જડે કલ્યાણ.**
**કંઈક તર્યા કંઈક તરશે, કંઈક તરે છે વળી આજ;**
**સહુનું તું સમજજે, તર્યા મળ્યા જેને મહારાજ.**
**આત્યંતિક કલ્યાણ કારણે, જવું પ્રગટ પ્રભુની પાસ;**
**મોક્ષદાયક એહ મૂરતિ, કે મોક્ષદાતા એના દાસ.**

કલ્યાણ નિર્ણય વારંવાર આ શબ્દો આવે છે. હરિ હરિજન મળે ત્યારે કલ્યાણ થાય. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે. વ્રત, તપ, તીર્થ એ બધાનું ફળ સત્સંગ મળ્યો એ જ છે. સત્સંગ મળ્યા પછી દુર્લભમાં દુર્લભ શું છે ? એકાંતિક પણું આવવું દુર્લભ છે. એકાંતિકપણું શું ? તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર વાનાં જેના હૃદયમાં હોય તે એકાંતિક ભક્ત છે.

**મોક્ષના દાતા ભગવાન અને ભગવાનના સાચા સંત છે.**

આત્માને સારામાં સારું અને શ્રેષ્ઠ સુખ જોઈતું હોય તેને સર્વપ્રકારે શ્રીહરિમાં જોડાઈ જવું. વિષયથી વિરકત રહેવું અને હરિમાં હેત કરવું. **ચોપાઈ :-**

**તેહ વિના ત્રિલોકને માંઈ રે, નથી કલ્યાણ થાવાનું કાંઈ રે.**
**બ્રહ્મલોક લગી જુવો ભાળી રે, શિવલોકને જુઓ સંભાળી રે;**
**જોતાં કલ્યાણ ક્યાંય ન મળે રે, એવું સુણ્યું પુરાણ સઘળે રે.**
**યક્ષ રાક્ષસ ને રુદ્રગણ રે, તેમાં પામ્યા છે કલ્યાણ કુણ રે;**
**અજ ઈશથી શ્રેય ન થાય રે, ત્યારે બીજાથી કેમ કહેવાય રે.**
**મર પૂજો યજો ભજો સાચું રે, પણ કલ્યાણ થાવાનું કાચું રે;**
**એવાથી પણ અર્થ ન સરે રે, તઈયે બીજા શ્રેય કોણ કરે રે.**
**શશી સૂરજ ને વળી શેષ રે, સુર સુરપતિ ને ગણેશ રે;**
**એહ મોટા દેવ જો જાણ રે, પણ કરી ન શકે કલ્યાણ રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘ત્રિલોકમાં જોઈ જુઓ, ચૌદ લોકમાં નજર કરી જુઓ, અનંત કોટી બ્રહ્માંડોમાં નજર કરી જુઓ’’ મોક્ષના દાતા એક ભગવાન નારાયણ જ છે. સૂર્ય, ચંદ્ર, શિવ, શેષનારાયણ, ગણપતિ, વરુણદેવ વિગેરે દેવતાઓ કાર્યમાં મદદ કરે છે. પોત પોતાની ફરજ બજાવે છે. જરા પણ ફરજ ચૂકતા નથી. વચનને આધારે કાર્ય કરે છે. પંચદેવની પૂજા થાય, સૂર્ય, ચંદ્ર અને શેષની પૂજા થાય. સાધુ અને આચાર્યની પૂજા થાય. ગાય, ગણપતિ અને ગરુડજીની પૂજા થાય, હનુમાનજી અને ધરતીમાતાની પૂજા થાય. શાસ્ત્રોની પૂજા થાય. પણ ઉપાસના એક ઈષ્ટદેવ પુરુષોત્તમનારાયણની જ થાય. આ કથા સમજવા જેવી છે. આદરભાવ આપજો, પણ આશરો એક પરમાત્માનો, મોક્ષની લગામ ભગવાનના હાથમાં છે. આત્યંતિક કલ્યાણ ભગવાન અને ભગવાનના સંતથીજ થાય છે.

એહ મોટા દેવ જગે જાણ રે, પણ કરી ન શકે કલ્યાણ રે; મોટા દેવ ખરા. માર્ગ દર્શન બતાવે પણ કલ્યાણ તો પ્રભુની ભક્તિ કરવાથીજ થાય છે.

**ત્યારે અન્ય દેવને ઉપાસે રે, કહો કલ્યાણ તે કેમ થાશે રે.**
**માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિના મળ્યા રે;**
**સાચી વાત તું માનજે સહિ રે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે.**
**જે જે કરે છે કલ્યાણ સારુ રે, પણ એ વિના કામ ઉધારુ રે;**
**શુદ્ધ મને જો પરોક્ષ સેવશે રે, તેનું કોઈ કાળે ફળ લેશે રે.**
**તે પણ જ્યારે પ્રગટ હશે હરિરે, એની ભક્તિ માનશે સાચી કરી રે;**
**તેદિ પામશે પદ નિર્વાણ રે, એ પણ સમજી લેજે સુજાણ રે.**
**પણ વિના પ્રભુને સંબંધે રે, નહિ કલ્યાણ આદ્ય અંત્ય મધ્ય રે;**
**મોટા દેવથી મુક્તિ ન થાય રે, ત્યારે મનુષ્યથી કેમ કહેવાય રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. સાચા સંત વિના અને ભગવાન વિનાનું કલ્યાણ ઉધારું છે. પરોક્ષને કદાચ સેવશે તો તેનું કોઈ કાળે ફળ લેશે. પ્રગટથી પામશે પદ નિર્વાણ, એ સમજી લેજે સુજાણ. મોટાદેવથી મુક્તિ ન થાય, મુક્તિ ભગવાન થકી જ થાય છે.

ગઢપુરમાં સ્વામિનારાયણ ભગવાન મંદિર બંધાવે છે. તેમાં અતિ આનંદથી સંતો અને હરિભક્તો તન, મન અને ધનથી સેવા કરે છે. દરેકને મનમાં ઈચ્છા છે કે શ્રીજી મહારાજ રાજી થાય તો અમારું કલ્યાણ થાય. શ્રીજી મહારાજે દરેક સંતો અને હરિભક્તોને આજ્ઞા કરેલી કે તમે ઘેલા નદીમાં સ્નાન કરવા જાવ ત્યારે એક પથ્થર ઉપાડીને લેતા આવજો, સ્વયં પૂર્ણપુરુષોત્તમ નારાયણ અનંત કોટી બ્રહ્માંડના ધણી પણ પોતાની સોનેરી પાઘ ઉપર પથ્થર ઉપાડીને લાવે અને પથ્થરને પાયામાં પધરાવે.

ભક્તજનોને સેવાનો મહિમા સમજાવવા માટે ભગવાન આવી મનુષ્ય લીલા કરતા હોય છે. શ્રીજી મહારાજે એક વખત ગઢપુરમાં સાદ પડાવ્યો કે આ ગઢપુરના મંદિરના પાયામાં એક શેરનો પથ્થરે નાખશે. તો તેની એક પેઢીનું અમે કલ્યાણ કરશું. આ સાદ એક મુસલમાન અહમદ નામના છોકરાએ સાંભળ્યો. મુમુક્ષુ જીવ હતો. તેને વિચાર આવ્યો. આ લાભ લીધા જેવો છે. સેવા કરવાની તક મળી છે તો તકને ઝડપી લેવી જોઈએ. બીજે દિવસે ઘેલા નદીમાં એક વજનદાર પથ્થર ઉપાડીને

દુકાનમાં લઈ જઈને વજન કરાવ્યો તો એકવીશ શેર વજન થયું.

તે પથ્થરો મંદિરમાં રાખ્યો. શ્રીજી મહારાજ એ વખતે અક્ષર ઓરડીથી બહાર પધાર્યા. અહમદે દોડીને પ્રભુના ચરણમાં માથું ઝુકાવ્યું. બે હાથ જોડીને બોલ્યો, પ્રભુ ! તમે કહ્યું છે કે એક શેરનો પથ્થર મંદિરના પાયામાં નાખશે તો એક પેઢીનું કલ્યાણ કરશું. હું આજે એકવીસ શેરનો પથ્થરો લાવ્યો છું. તો તમે અમારી કેટલી પેઢીનું કલ્યાણ કરશો ? શ્રીજીમહારાજ રાજીપો વ્યકત કરતાં અહમદના વાંસામાં હાથ ફેરવતાં બોલ્યા,

**અમે તમારી એકવીસ પેઢીનું કલ્યાણ કરશું...**

આવું સાંભળી અહમદના આનંદનો પાર ના રહ્યો. પ્રભુ અમુક ભક્તને કહે કે હું તમને આ દિવસે તેડવા આવીશ તો તે દિવસે આવે જ. બોલવું સાર્થક કરે જ, નિરર્થક જવા દેતા નથી. જેને જેને વચન દીધાં છે તે વચન સત્ય સિધ્ધ કર્યાં છે.

**મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું.**
**બિરૂદ એ બદલ નહિ, તે સર્વે જનને જાણવું;**

શ્રીજીમહારાજ કહે છે, જે મારો થઈને રહેશે તેને હું ચોક્કસ મારા ધામમાં તેડી જઈશ. આ કલિકાળમાં ભગવાન અનેક ભક્તજનને તેડવા પધાર્યા છે ને પધારે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**જેને અજ્ઞાને લીધા છે આવરી રે, મેલ્યા પંચ વિષયે વશ કરી રે;**
**કામ ક્રોધ ને લોભના ભર્યા રે, એથી કહો કોણ જન તર્યા રે.**
**પિંડ પોષવા સારુ પ્રપંચ રે, સજ્જ કરી રાખ્યા સર્વે સંચ રે;**
**જેણે કરી આ જીવ ઝલાય રે, એવા શિખી લીધા છે ઉપાય રે.**
**ભણ્યા શાસ્ત્ર એ સારવા અર્થ રે, ઘણું ડાહ્યા લેવા ગૌરી ગર્થ રે;**
**એને પામવા પ્રપંચતણ રે, બાંધ્યા મત પંથ જો ઘણા રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અજ્ઞાની આખી જિંદગી પંચ વિષયરૂપી માયામાં જીવન બરબાદ કરે છે. સ્વામીએ લખ્યું છે તેવું કોઈ સાધુએ લખ્યું નથી. મર્મની વાત જલદી સમજાય નહિ. પણ સ્વામીએ ચોખ્ખે ચોખ્ખું કહી દીધું છે.

**મોહનો ક્ષય થાય તોજ મોક્ષ થાય.**

જ્યાં સુધી મોહ જીતાણો નથી ત્યાં સુધી કોઈ પણ કાર્યમાં સફળતા પ્રાપ્ત

થતી નથી. મતલબ કે સંસારથી મન ન્યારું રાખવુ. પરિવારમાંથી માયા તોડીને ભગવાનમાં માયા રાખવી. જગતની માયા તરફ જે વહેણ છે તેને વળાંક દઈને ભગવાન તરફ વાળવાનું છે. વળાંક દેતાં આવડી જાય તો ભવસાગર તરી જાય અને મહાસુખીયો થઈ જાય. પુત્ર પરિવાર સાથે જેટલો સંબંધ રાખવો ઘટે તેટલો રાખવો પણ મોક્ષ બગડી જાય ત્યાં સુધી મધની જેમ ચોંટી જાવું નહિ.

સ્વામી કહે છે, ભણ્યા શાસ્ત્ર એ સારવા અર્થ, ઘણા ડાહ્યા લેવા ગૌરી ગર્થ; શાસ્ત્ર ભણ્યા, ગુરુ થયા ગૌરી એટલે સ્ત્રી અને અર્થ એટલે પૈસા. આ બે વસ્તુમાં રચેલા હોય, એવા મતપંથી કામી, ક્રોધી, લોભી વિગેરે દુર્ગુણોથી ભરેલા હોય તેનો સંગ કરવો નહિ અને મતપંથમાં જ્યાં ત્યાં આડા અવળાં ભળી જશો નહિ. નહિંતર હેરાન થાશો.

**એને પણ ઓળખી લેવા રે, હોય કૈંક ભજ્યા તજ્યા જેવા રે;**
**નોય સર્વે કલ્યાણકારી રે, વાત એ પણ જોવી વિચારી રે.**
**માટે મત પંથમાંહિ મળી રે, રખે જાતા જીયાં તિયાં ભળી રે;**
**નથી કોઈ કલ્યાણ કરનાર રે, પ્રભુ પ્રગટ વિના નિરધાર રે.**
**દેવ સેવામાં પણ રહ્યો સંશે રે, ત્યારે બીજે કલ્યાણ કેમ થશે રે;**
**જોગી જંગમ શેખ સંન્યાસીરે, દત્ત દિગંબર વનવાસી રે.**
**જટા શ્વેત પટા વાળકટા રે, કંથર ભરથર ને કાનફટારે;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઓળખી વિચારીને ચાલજો જ્યાં ત્યાં મતપંથમાં ભળી ન જશો. દેવ સેવામાં પણ રહ્યો સંશે રે, ત્યારે બીજે કલ્યાણ કેમ થશે રે. દેવની સેવાથી પુણ્ય મળે પણ કલ્યાણ ન થાય, દેવથી કલ્યાણ થતું નથી તો જોગી જંગમ, શેખ, સંન્યાસી, દત્ત, દિગંબર, વનવાસી, કંથર, કાનફટા. જંદા ખાખી, દશા, વિશા, વૈરાગી, ઉદાસ, ગોરખ, ગોદડ, કબીર, ગુરુ, ગોસાંઈ, દંડી, મુંડી, સુથરા, સાંઈ, ટુંટ, ઉંડા અઘોરીથી કલ્યાણ થશે ? નહિ થાય...

વાદી વેદાંતી મુસોરી એહ વિના બીજા બહુ ગુરુ તેમાં માન્યું છે કલ્યાણ ખરું તેને કોણ કરે આજ ખોટા, પણ દેવથી એ નહિ મોટા...

**કોણ સમજે આ વાતનો મર્મ રે, સૌ સત્ય માન્યો નિજધર્મ રે.**
**લૂંટી આંધળે બે'રે બજાર રે, તેનો કોયે ન કર્યો વિચાર રે;**

**જોજ્યો પ્રભુઘેરે તમ મોટું રે, થયા કલ્યાણકારી ગુરુ કોટું રે.**
**એહ ગુરુ ને ગુરુના શિષ્ય રે, તેહ ઉપર કરે હરિ રીસ રે;**
**કહે જુવો અજ્ઞાની જન રે, સહિ વાત સમઝ્યા છે મન રે.**
**જેને નથી ખબર કોય ખરી રે, થયા ગુરુ વરુ કહે હરિ રે;**
**વાત સર્વે માનજો સાચી રે, માટે રખે રહેતા એમાં રાચી રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેને ભગવાનની કાંઈ ખબર નથી, ધર્મ નિયમની ખબર નથી વેદ, વેદાંત, શાસ્ત્ર, પુરાણની ખબર નથી તેવા ગુરુજી થયા, પણ કેવા. વરુ જેવા, જનાવર જેવા. સ્વામી કહે છે, રખે એમાં લોભાઈ જાવ. ધ્યાન રાખજો. સ્વામી કહે છે. હું તમને સાચી વાત કહું છું.

સોરઠમાં ગણોદ ગામ ત્યાં હઠીભાઈ દરબાર રહેતા હતા. તે ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. હઠીભાઈના મિત્ર હતા જશાભાઈ ખવાસ. તે માર્ગીના પંથના હતા. હઠીભાઈએ કહ્યું, ''મિત્ર ચાલો આપણે ગઢપુર સમૈયામાં જઈએ. સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરીએ.'' બન્ને મિત્રો ગઢપુર આવ્યા. શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં. વર્તમાન ધરાવી કંઠી બાંધી. ધર્મ નિયમની રીત ભાત બધી શિખવાડી. પછી ઘરે આવ્યા. ૪-૫ મહીના નિયમ ધર્મનું બરાબર પાલન કર્યું. પછી માર્ગીપંથના બાવાએ જેમ તેમ અવળું સમજાવીને સત્સંગમાંથી ડગાવી નાખ્યા. તેથી પાપ કરવાનું ચાલુ કરી દીધું. હઠીભાઈને દુઃખ થાય પણ કરે શું ?

આઠ વરસ પછી બીમાર થયા. જશાભાઈને જમદૂતો લેવા આવ્યા. બરાબર જેવા ફટકા મારે, જશાભાઈ બાવાને યાદ કરે પણ કોણ છોડાવે ? એમ કરતા ગઢપુરનો સમૈયો યાદ આવી ગયો અને તરત બોલાઈ ગયું. હે સ્વામિનારાયણ મને બચાવો. જમદૂતો મને મારે છે. તરત ગોપાળાનંદ સ્વામી હાજર થયા. સંતોને જોયા ને જમદૂતો નમસ્કાર કરીને ભાગ્યા.

સંતો ખાટલા પાસે આવ્યા, જશાભાઈએ રડતાં રડતાં પ્રણામ કર્યાં. સ્વામી તમે મને મરતાં બચાવ્યો. જમનો માર ખમાતો નહોતો. ગોપાળાનંદ સ્વામીએ માથા ઉપર હાથ મૂકીને કહ્યું, ''રડો નહિ, જ્યાં સંતનો હાથ માથા ઉપર આવ્યો કે હૃદયમાં શાંતિ થઈ ગઈ. જશાભાઈએ કહ્યું, ''હવે મને ભગવાનના ધામમાં લઈ જાવ.''

સ્વામીએ કહ્યું, અક્ષરધામ એમ ન મળે. મોહ, મમતા તજવા જોઈશે.

**અહંમમત્વાદિકની ગ્રંથો નીકળી જાય ત્યારે અક્ષરધામમાં જવાય.**

સ્વામીએ કહ્યું, હવે તમે દશ વરસ આ દુનિયામાં રહેશો. દશ વરસમાં પરલોકની કમાણી કરી લેજો. દાન, પુન્ય, ભજન, ભક્તિ, પૂજાપાઠ, કથા, કીર્તન, સત્સંગ સમૈયા. પેટ ભરીને દિવસ ને રાત કર્યા કરજો. શ્રીજી મહારાજની મૂર્તિને અંતરમાં ધારી રાખજો. ઢીલા ન થાશો. વાવણી અને તાવણીમાં બરાબર ખબરદાર રહેવું પડે, વાવણી વખતે મુહૂર્તની વાટ જુવે તો વરસ કોરું જાય અને ઘી તાવવા મૂક્યું હોય અને ગાફેલ રહે તો ઘી કળી જાય (બગડી જાય) સતત સાવધાની રાખવી પડે. તેમ સતત સાવધાની રાખીને ભજન ભક્તિ કરે તો જ મોક્ષ થાય.

દશ વરસ પછી શ્રીજી મહારાજ સંતો સાથે જશાભાઈને તેડવા આવ્યા. વિમાનમાં બેઠા. વિમાન સિધ્ધિઓના લોકમાંથી પસાર કર્યું. જશાભાઈ એક નજરે સિધ્ધિયુંને જુવે છે. ભગવાનને ભૂલી ગયા. ભગવાને વિમાન ઊભું રાખ્યું. જશાભાઈ સિધ્ધિયુંને જોતાજ રહ્યા ને ભગવાને વિમાન ચાલતું કરી દીધું.

પછી જશાભાઈ ચારે બાજુ જુવે છે. વિમાન ક્યાં ગયું. હવે શું કરું. પસ્તાવાનો પાર નથી. હાથમાં આવેલા ભગવાન છટકી ગયા. ખૂબ રડે છે. ગોપાળાનંદ સ્વામી યાદ આવી ગયા. તેના યોગે ભગવાન દર્શન દઈને ધામમાં તેડી ગયા. ગોપાળાનંદ સ્વામી જેવા સંતોમાં નિષ્ઠા અને ભાવના રહેશે તો ગમે તેવાં બંધન આડાં આવ્યાં હશે તો સંતો છોડાવીને ભગવાનના ચરણમાં પહોંચાડશે.

**જે જે કહેવાનું હતું તે કહ્યું રે, નથી કેડે કહેવા કાંઈ રહ્યું રે;**
**સત્ય માની મુમુક્ષુ મને રે, સુણી જાળવી રાખે જતને રે.**
**ભવમાં છે ભૂલવણી ભારે રે, માટે કહ્યું તને વારેવારે રે;**
**જે જે પૂછ્યા હતા તે પ્રશ્ન રે, તે તે કહ્યા મેં જીજ્ઞાસુ જન રે.**
**જે કોઈ સાંભળી સમજશે સમુંરે, તેને ટળશે વિકટ વસમું રે;**
**કહ્યું જે જે પૂછ્યું તે તે કથી રે, જે મેં કહ્યું તેમાં જૂઠું નથી રે.**
**સાચી વાત છે શાસ્ત્ર પુરાણે રે, સમજી લખ્યું છે સંત શિયાણે રે;**
**સુણી અનઘ પામશે આનંદરે, નિશ્ચે કહે એમ નિષ્કુળાનંદ રે.**

ગુરુ કહે છે, બેટા તેં જે જે પ્રશ્નો પૂછ્યા છે તેની મેં તને શાસ્ત્ર પુરાણને આધારે સત્ય બાબત સમજાવી છે. આ ભવમાં ભૂલવણી ઘણી છે. રાજા જનક રાજ્ય

કરતા, સોનાના સિંહાસનમાં બેસતા, અનેકને ન્યાય નીતિ આપતા. પણ મનથી નહિ. મન તો સદાય ભગવાન પુરુષોત્તમમાં જ રમતું, પુત્ર, પરિવાર, ધન, માલ, વહાલા નહોતા એટલા ભગવાન વહાલા હતા. બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**વહાલા લાગો છો વિશ્વાધારરે સગપણ તમ સાથે,**
**મેંતો સર્વે મેલ્યો સંસાર રે સગપણ તમ સાથે.**
**મારે માથે ધણી છો તમે એક રે સગપણ તમ સાથે,**
**મારી અખંડ નીભાવજો ટેક રે સગપણ તમ સાથે.**
**મેંતો દેહ ધર્યો છે તમ કાજ રે સગપણ તમ સાથે,**
**તમને જોઈ મોહી છું વ્રજરાજ રે સગપણ તમ સાથે.**

જેને ભગવાન વહાલા લાગે તેને જગતના લોચા સાંભળવા ગમે નહિ, જેને ભગવાન વહાલા લાગે તેને પાપીની સોબત ગમે નહિ. જેવું તેવું ખોટું બોલવું ગમે નહિ. જ્યાં ત્યાં રખડવું ગમે નહિ. ટી.વી.માં જે તે વિકારી વિલાસી ચિત્ર જોવાં ગમે નહિ. જગતના તુચ્છ, ગંધ, સૂંઘવા ગમે નહિ. બધી વૃત્તિ સમેટીને ભગવાનના સ્વરૂપમાં રાખે. આ લોકના ભોગસુખમાં કયાંય બંધાય નહિ. જેને જે વસ્તુ વહાલી હોય તેને તે જ વસ્તુ જાગૃત. સ્વપ્નામાં. દેખાયા કરે છે. પ્રભુ વહાલા હોય તો પ્રભુ દેખાય અને પુત્રપરિવાર વહાલા હોય તો પુત્રપરિવાર દેખાય. જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ.

**ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે ષોડશો નિર્ણય: ॥૧૬॥**

-------------------------

## નિર્ણય – ૧૭

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પિતાના પણ પરમપિતા પરમેશ્વર છે. તેને રાજી રાખવા હોય, તો તેમને આપેલી જે આજ્ઞાઓ છે તે પ્રમાણે આપણે વર્તવું જોઈએ. નાની મોટી આજ્ઞાનું પાલન કરવું તેમાંજ શ્રીજી મહારાજનો રાજીપો છે.

દોહા :-

**મુમુક્ષુ કહે મન માહીં રે, નથી રહી કસર કંઈ;**
**સંશય સર્વે શમી ગયો, સુંણી વચન તમારાં સુખદાઈ.**

**વચને વચને મેં વિચાર્યું, તેમાં જોયું તમારું મેં તાન;**
**હરિ હરિજન વણમળે, નો'ય નિર્ભય જન નિદાન.**
**પ્રભુ પ્રગટનું નથી પૂછતો, પૂછું છું પ્રભુના મળેલ;**
**એક રહ્યા વહાલાના વચનમાં, એક વચનમાંથી ટળેલ.**
**એ બેઉંનાં વચન બરોબરી, કે અધિક ન્યૂન છે એહ;**
**મુમુક્ષુને કેમ માનવું, એહ મટાડીયે સંદેહ.**

જીજ્ઞાસુ શિષ્ય ગુરુજી આગળ નવો સવાલ ઊભો કરે છે. ઉત્તર તમે બરાબર આપ્યા. તેમાં કાંઈ શંકા નથી. પ્રગટ પ્રભુનું નથી પૂછતો, પૂછું છું પ્રભુના મળેલ. એક રહ્યા વહાલાના વચનમાં એક વચનમાંથી ટળેલ. એક પ્રભુના વચનમાં રહે છે. બીજો વચનથી બહાર છે. એનું કલ્યાણ બરોબર થાય કે અધિક ન્યૂન થાય. !!

ચોપાઈ :-

**મો'રે બેઉ હતા હરિદાસરે, રહેતા પ્રગટ પ્રભુને પાસ રે;**
**બેઉ સરખા માનતા વચન રે, રહેતા આજ્ઞામાં રાત દન રે.**
**તેમાં એક હતો આત્મજ્ઞાની રે, બીજો ઊંડો અતિ અભિમાની રે;**
**આત્મજ્ઞાની ને માન ન આવે રે, દેહમાની માને સુખ પાવે રે.**
**તે તો માન મળે કે ન મળે રે, ત્યારે અંતરમાં રહ્યો બળે રે;**
**ઘણું ધુંધવતો રહે ધોખે રે, પછી પ્રભુજીથી પડ્યો નોખે રે.**
**બીજે જઈ બાંધે બીજો મત રે, કહે સત્સંગને તે અસત્ય રે;**
**જેજે શિખ્યો તો સંતની સાથ રે, તે તે હથિયાર આવ્યાં હાથ રે.**

નિષ્કુળાનંદ સ્વામી સૂક્ષ્મ બાબત સમજાવે છે. બેય હતા હરિદાસ, રહેતા પ્રભુની પાસ. બે માં શું ફરક હતો ? એક હતો આત્મજ્ઞાની અને બીજો હતો દેહાભિમાની. બેના રસ્તા અલગ છે.

૧) આત્મજ્ઞાનીને માન ન આવે - દેહાભિમાનીને માન મીઠું લાગે.
૨) આત્મજ્ઞાનીને એક પણ મનમાં ભૂંડો ઘાટ ન થાય તેમ રહે.
દેહાભિમાનીને દિવસ ને રાત વિષયનુંજ ચિંતવન થયા કરે.
૩) આત્મજ્ઞાનીને ભગવાન જોવા ગમે.
દેહાભિમાનીને જગતના ફેલફિતુર જોવા ગમે.

૪) આત્મજ્ઞાનીને પ્રભુ અને પ્રભુના સંતોને રાજી કર્યાનું તાન છે.

દેહાભિમાનીને દેહ ઈંદ્રિયો કુટુંબ પરિવારને પૈસાવાળાને રાજી કર્યાનું તાન છે.

૫) આત્મજ્ઞાનીને જગતના ઘાટ સંકલ્પ થાય તો અકળામણ થાય.

દેહાભિમાનીને જગતના ઘાટ થાય તો મજા આવે.

દેહાભિમાની પ્રભુજીથી પડ્યો નોખો. માનરૂપી દોષથી જુદો પડી જાય છે. મોટા સંત (વડીલ) કાંઈક કહે તો તેને બહુ વસમું લાગી જાય. કેટલું સહન કરવું. આના કરતાં ઘર બેઠાં ભજન કરશું. રાત દિવસ કેટલા દબાઈને રહીએ. સત્સંગમાં રહે પણ પછી બીજો મત બાંધે છે. માનરૂપી દોષે ભલભલાને હચમચાવી નાખ્યા છે. માન નામના દોષથી અનેક સંતો અને ભક્તજનો નોખા પડી ગયા છે. શામળીયા ચૈતન્યાનંદ સ્વામી સાંઠ સાધુના ગુરુ હતા. શ્રીજી મહારાજે માનરૂપી અંકુરને દૂર કરવા કહ્યું કે, આ સભામાં આવે છે. આંગળીનો નિર્દેશ કરીને બતાવતાં કહ્યું. તે મૂર્તિમાન  માન છે. આવું સાંભળી ચૈતન્યાનંદને બહુ દુઃખ થયું. હું સાઠ સિત્તેર સાધુનો ગુરુ છતાં મારી કાંઈ ગણત્રી નહિ. ભરી સભામાં આવું બોલાય.

જાહેર સભામાં મને માનની મૂર્તિ ઠરાવ્યો. પૂજા લઈને ચાલતા થઈ ગયા. મુકતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી જેવા મોટા સંત મનાવવા ગયા. ખૂબ સમજાવ્યા, છતાં સમજાયું નહિ. સ્વામી, પ્રભુ તો આપણા પિતા છે. આપણે એમના બાળક છીએ. બાળકને માન સન્માન કેવું, માટે પાછા વળો. આવો સત્સંગનો યોગ પ્રગટ પુરુષોત્મનાં દર્શન મળશે નહિ. ચૈતન્યાનંદ સ્વામીએ કહ્યું, ''સત્સંગમાં, ભરી સભામાં મને ભોંઠો પાડ્યો છે. હવે મને રહેવાની ઈચ્છા નથી. રહીને શું કરું ?'' કરગરા થઈ નિરાશ થઈને ચાલતા થઈ ગયા.

તેમના સાઠ શિષ્યોને થયું, ચાલો આપણે પણ ગુરુ સાથે ચાલ્યા જઈએ. ત્યારે ગુરુજીએ કહ્યું, તમને કલ્યાણ જોઈતું હોય તો પાછા વળી જાવ. મને તો માનભાઈ લઈ જાય છે. સાઠ શિષ્યો પાછા આવ્યા. શિષ્યો ચતુર અને ડાહ્યા હતા તેથી સમજી ગયા. આપણા ગુરુજીએ ચોખ્ખી વાત કરી છે. આપણને ગુરુ કહે તેમ કરવું. શ્રીજી મહારાજ પાસે રહ્યા તો સુખી થયા. ચૈતન્યાનંદ સ્વામી કરતાં આપણા બધામાં માન ઘણું છે. રગે રગમાં માન છલકે છે તેથી :-

**પ્રભુને પ્રાર્થના કરીએ કે, માનરૂપી દોષથી અમને બચાવી લેજો..**

માનને કારણે નોખા પડી બીજો પંથ બાંધે. ત્યારે બીજા કોઈ માણસો પૂછે.

તમે નોખા કેમ પડી ગયા ? ત્યારે કહે છે જે સત્સંગમાં અસત્ય ચાલતું હતું તેથી જુદા પડી ગયા. હવે સ્વતંત્ર છીએ. જલસા કરીએ છીએ. જલસાતો કેવા કરતા હશે. ભગવાન જાણે પણ વાત કરે વડાઈની.

**કરે વાત વડાઈની ઘણી રે, તેમાં જણાવે મોટપ પોતાતણી રે;**
**બહુ વાત કરે છે બનાવી રે, રુડી લાવન લલિત લાવી રે.**
**બોલે મુખથી મીઠાં વચન રે, કરે જનનાં મન રંજન રે;**
**બહુ દેખાડે નિશ્ચયનું જોર રે, પણ હોય પ્રભુજીના ચોર રે.**
**વર્તતા હોય વચન વિરોધે રે, એવા થકા બહુ જીવ બોધે રે;**
**તેહ જીવ તરે કે ન તરે રે, કહેજો સમજાવી સંશયને હરે રે.**
**હોય હરિના મળેલ ખરા રે, પણ વચન ન માને જરા રે;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, લાવણ્યતાથી મનરંજન વાતું કરે, દેખાડે નિશ્ચયનું જોર પણ હોય, પ્રભુજીના ચોર. હોય હરિના મળેલ ખરા, પણ વચન ન માને જરા. મહાન થાવું હોય તો ભગવાનના વચનને પકડી રાખો. ગ.મ.૩૫ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ધર્મનો ત્યાગ કરીને જે ભગવાનને પામવા ઈચ્છે છે. ભવસાગર તરવાને ઈચ્છે છે તે માથે પાણો લઈને સમુદ્ર તરવાને ઈચ્છા રાખે એવો જાણવો..

**વરતે પોતે વચનથી બહાર રે, તેની ખોટ ન માને લગાર રે.**
**થયો પ્રભુથી પોતે વિમુખ રે, માન્યુ પામ્યો પુરણ હવે સુખરે;**
**કહે છે બીજાઓને કોરે તેડી રે, હું તો નિસર્યો છઉં ભાંગી બેડી રે.**
**એવી ફરી ગઈ હોય બુધ્ધિ રે, તે તો કયાંથી કરે વાત સુધી રે;**
**ઉંધી વાતે રાખ્યા જીવ સંધીરે, રહ્યા અભાગી એમાં વળુંધી રે.**
**એનું કલ્યાણ થાય કે ન થાય રે, કહેજો સમજાવી સંશય જાય રે;**
**કહ્યું કલ્યાણ હરિ હરિદાસે રે, માટે મેં પૂછ્યું તમારે પાસે રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે જેની બુધ્ધિ ફરી જાય તેને સવળી બુધ્ધિ આવતી નથી. વિમુખ-વિમુખ પાસે વાત કરે. મને પ્રલોભન બતાવતા, ધર્મ નિયમમાં જકડી રાખ્યો હતો. સંતની સેવા કરીએ તો મોક્ષ થાય. ઉપવાસ કરીએ તો યજ્ઞનું પુન્ય થાય વગેરેમાં મને રૂંધી રાખ્યો હતો. છતાં હું સત્સંગ મૂકીને નીકળી ગયો. આવી રીતે

માયામાં મોહિતનું કલ્યાણ થાય કે ન થાય તે કહો ? ગુરુજીએ કહ્યું, તેનું કલ્યાણ થાય નહિ. કલ્યાણ તો આજ્ઞામાં વર્તવાથી જ થાય છે.

**શૂરવીરતા રાખીને સત્સગ કરવો, પણ ઢીલા પોચા થવું નહિ.**

મોક્ષ માર્ગનું પહેલું પગથીયું છે. પ્રભુના વચન પ્રમાણે વર્તવું...

**એવું સાંભળી બોલ્યા મુક્ત રે, સુણ જીજ્ઞાસુ તેની વિગત રે;**
**જે જે કહ્યાં હરિયે વચન રે, તેમાં રહે જીયાં લગી જન રે.**
**તિયાંલગી તારે જીવ બહુ રે, પામે હરિના ધામને સહુ રે;**
**જ્યારે નિસરે વચનથી બહાર રે, ત્યારે પોતે ન તરે ન તારે રે.**
**જેમ જળ બહાર થયું ઝાજ રે, થઈએ તર્યા તારવાની નાજ રે;**
**શક્કો તજીને ચાલે સીપાઈ રે, તેનો ન ચાલે હુકમ કાંઈ રે.**
**છડી પડી મૂકીને છડીદાર રે, કરે હજ્ત તો ખાય માર રે;**

ગુરુ કહે છે, હે શિષ્ય, વહાણ પાણીમાં હોય તો તરે, પણ પાણીથી બહાર રેતીમાં આવે તો તરે નહિ. ખૂંચી જાય.. સિપાઈનો હુકમ કયાં સુધી ચાલે. સિક્કો હોય ત્યાં સુધી. છડીદારનો હુકમ કયાં સુધી ચાલે, હાથમાં છડી હોય ત્યાં સુધી, પોલીસ સરકારી ડ્રેસ પહેરી લાકડી લઈને ફરતા હોય તો તેનું આપણે માનવું પડે. સરકારી ડ્રેસ પહેર્યો ન હોય તો તેનું કોઈ માને નહિ. તેમ સંત હોય કે ભક્ત હોય તેના હાથમાં કલ્યાણની બાજી કયાં સુધી, જ્યાં સુધી શ્રીજી મહારાજની બાંધેલી મર્યાદામાં રહે છે ત્યાં સુધી. ભગવાનની બાંધેલી મર્યાદાથી બહાર પડ્યો તો તેના થકી કલ્યાણ થતું નથી. આ વાત સ્પષ્ટ છે તે સમજી રાખજો.

**કોટ બહાર નિસરે શાહુકાર રે, બહુ લૂંટાય કુટાય બહારરે.**
**તેમ સંત વચન જો ત્યાગે રે, તેને કાળ માયાનું લારું લાગે રે;**
**બીજાને તો કયાં થકી તારે રે, પડ્યું પોતાનું પણ ઉધારે રે.**
**ખાધી ખોટ મોટી થયો ખુવાર રે, કરે છે બીજાને ભાગદાર રે;**
**હોય મૂરખ તે માને એનું રે, નથી ઠોર ઠેકાણું જ જેનું રે.**
**એવાનો તો સંગ તજી દેવો રે, એનો ઉપદેશ પણ ન લેવો રે;**
**નથી મુખ એનું જોયા જેવું રે, દર્શ સ્પર્શ એનું તજી દેવું રે.**

**એની વાત જાણો લાળવ્યાળ રે, જેવી હડકાયા શ્વાનની લાળ રે;**

કોટ બહાર નિસરે શાહુકાર, બહુ લૂંટાય, કૂટાય બહાર રે. સંત વચન ત્યાગે તેને કાળ, માયાનું લારું લાગે. સિપાઈ જો સરકારની હદ મૂકીને હુકમ ચલાવવા જાય તો માર ખાય. વચન છોડીને જો કલ્યાણની વાત કરવા જાય તો સ્થાન ભ્રષ્ટ થાય. ( તે બીજાને કયાંથી તારે) પડ્યું પોતાનું પણ ઉધારે. આપણું કલ્યાણ ભગવાન સ્વામિનારાયણની આજ્ઞામાં વર્તવાથી જ છે.

**આજ્ઞા લોપે છે તો, મુસીબત શરૂ થાય છે.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ''અમે જેમ કહીએ છીએ તેમ નહિ કરો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જશે. ભૂત કે બ્રહ્મ રાક્ષસના દેહ આવશે અને હેરાન થશો અને જો ભક્તિ કરી હશે તો તેનું ફળ ગમે ત્યારે ઊગી નીકળશે. આ પ્રમાણે રહેશો તો મુક્ત થઈને ભગવાનના ધામમાં જશો.''

**એને પ્રસંગે પામિયે દુઃખ રે, કરે વિમુખ મળી વિમુખ રે.**
**એની વાતને ઓળખી લેવી રે, ન માનવી સાચા સંત જેવી રે;**
**વચન એનાં છે વિષસમાન રે, તેને કેદિ દેવા નહિ કાન રે.**
**કાંઈ કાયર થઈ રહે કોરે રે, બોલે પોતાનું પોતે ન જોરે રે;**
**કહે સંતની મોટપ ઘણી રે, પોતે કહે ખોટ પોતા તણી રે.**
**એવો હોય કોઈ હરિજન રે, તેનાં સાધારણિક વચન રે;**
**એને સુણે નહિ સાર અસાર રે, વચન વિમુખનાં દુઃખ દેનાર રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જે ભગવાનની આજ્ઞામાં નથી. તેવા વિમુખનું મોઢું જોયા જેવું નથી. વિમુખની વાત કેવી છે. હડકાયા શ્વાનની લાળ જેવી છે. હડકાયા કૂતરાની જેને લાળ અડે તેને હડકવા હાલે. મતલબ પોતે વિમુખ છે. બીજાને વિમુખ કરશે. ભગવાન કહે છે. વિમુખનાં વચન છે તે ઝેર સમાન છે. તે કોઈ દિવસ સાંભળવા નહિ. ઝેર નુકશાન કરે તેમ વિમુખની સંગત નુકસાની કરશે..

**માટે સાચા સંતનાં જે વેણ રે, સહુ જનને છે સુખદેણ રે;**
**જે જે ઉચ્ચાર એના મુખનો રે, તે તો દેનાર સૌને સુખનો રે.**
**મન કર્મને વચને કરી રે, એહ વાત માની લેજો ખરી રે;**
**કહ્યું કલ્યાણ નિર્ણય કથી રે, ખરી વાત છે એ ખોટી નથી રે.**

**શુદ્ધ મુમુક્ષુ શોધશે સાર રે, ફરી અંતરે ઊંડો વિચાર રે;**
**ગાફલને તો નહિ પડે ગમ રે, નિરક્ષીર સમજ્શે સમ રે.**
**તેને ઉપર નથી આ વાત રે, સમજુ સમઝ્યો સાક્ષાત રે;**
**સમુ સમઝતાં પામશો પાર રે, કહે નિષ્કુળાનંદ નિરધાર રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ વાતને ડાહ્યો હશે તે સમજશે, ગાફલને કાંઈ ખબર નહિ પડે. ગાફલ તો નીર અને ક્ષીરને સરખુ સમજશે. પાણી અને દૂધ બેયને સરખુ સમજશે. શુદ્ધ મુમુક્ષુ હશે તે સાર શોધશે. અંતરે કરી ઊંડો વિચાર કે મારે આ દેહે શું કરવું જોઈએ ? સમું સમજતાં પામશે પાર. કહે નિષ્કુળાનંદ નિરધાર.

**ઈતિશ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્ત મુમુક્ષુ સંવાદે સપ્તદશો નિર્ણય: ।। ૧૭ ।।**

---

# નિર્ણય – ૧૮

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનને શરણે જે જીવ આવે છે તેને પ્રભુ સંસૃતિથી મુકત કરે છે. શ્રીહરિને શરણે કોણ આવે ? જે સંસારથી ઉદાસ થઈ જાય તે. જેને જગતના પંચવિષયના સુખ તુચ્છ થઈ જાય, તે શ્રીહરિને શરણે આવે. જેને ભગવાન વહાલા લાગે અને જગતના ભોગ વહાલા ન લાગે તે પ્રભુને શરણે આવે. આ જગતની અંદર માણસો વિષયો અને વાસનાની પાછળ જિંદગી ખલાસ કરી નાખે છે.

## પરમાત્મા સંસાર સાગરના તારક છે.

માયામાં ખૂંચેલાની વાત નથી, માયાથી બચવાવાળીની વાત છે. પ્રભુના શરણ વિના કોઈ દેવ પણ સંસૃતિથી તરી શકતા નથી, તો સામાન્ય જીવની કયાં વાત કરવી. ભગવાનને આ પૃથ્વી ઉપર પધારવાનું એજ પ્રયોજન છે કે ભવસાગરમાં ડૂબકાં ખાતા જીવાત્માઓને તારવા.

**પદ રાગ ધોળ**

**સાચે સાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું રે**

**ખરાખરું કહેશું ખોળી, શીદ કરીએ વાત મોળી રે .... સાચે...**
**કહું કલ્યાણની માંઈ, કસર રાખશોમાં કાંઈ રે .... સાચે...**
**જાણો જેની તેની વાતે, નથી કલ્યાણ કોઈ ભાતે રે .... સાચે...**

**સાચા મળ્યા વિના સાચું, થાવા કલ્યાણનું કાચું રે .... સાચે...**
**ખોટા સંગે દિન ખોયે, જેમ રણમાંહિ રોયે રે .... સાચે...**
**થયા કપટીના વેચાણ, ભાગ્યું મહા દરિયે વહાણ રે .... સાચે...**
**જાણી જોઈ ઝેર ખાયે, તેમાં સુખી કયાંથી થાયે રે .... સાચે...**
**એમ પાપીને ઉપદેશે, પાપ પેટમાંઈ પેસે રે .... સાચે...**

સત્તર નિર્ણયનો સાર નિષ્કુળાનંદ સ્વામી છેલ્લા ધોળમાં લખે છે. ભગવાનની આજ્ઞામાં રહેલા જે સંતો છે તેનો સમાગમ કરવાથી કલ્યાણ થાય છે. સ્વામી ભગવાન સ્વામિનારાયણનું બળ લઈને આપણને સાચે સાચું કહે છે. સત્ય સિધ્ધાંતની વાત તમને કહું છું. મોળી વાત શું કામ કરીએ. ?

કલ્યાણમાં કાચું ન રાખજો. ભગવાનનો ટેકો રાખજો. બીજાનો ટેકો કાચો. ભગવાનનો ટેકો સાચો. જાણો જેની તેની વાતે, નથી કલ્યાણ કોઈ ભાતે. જેની તેની વાતમાં કલ્યાણ નથી. સાચા મળ્યા વિના સાચું થાવા કલ્યાણનું કાચું રે, સાચે સાચું કહેશું. હરિ રાખે તેમ રહેશું. સાચા થાશું તો કલ્યાણ થશે. ખોટું આચરણ કરશો તો ખોટું થશે.

થયા કપટીના વેચાણ. ભાંગ્યું મહા દરિયે વહાણ. સારા માણસના વેચાણ થાય તો કાંઈ ફાયદો થાય, કપટીના વેચાણ થાય તો સત્સંગ માર્ગેથી પાડી નાખે. નબળા માણસોનો સંગ છોડી દો. જાણી જોઈને ઝેર ખાય તો જીવનો જાય. કુસંગનો સંગ ઝેર જેવો છે.

**જાણો ધંતુરાને બીજે, ખાઈ સુખ શાનું લીજે રે .... સાચે...**
**તેમ ખોટા ગુરુ કરતાં, પાર ન આવે ભવ ફરતા રે .... સાચે...**

ધંતુરાના બીજા ખાય તે વહેલો મોડો મરવાનો છે તેમ ખોટા ગુરુને સેવવાથી ભવના ફેરા નહિ ટળે, ફેરા ચડી જશે..

**લાડુ મસાણને મધ્ય, નો'ય એલચીની ગંધ રે .... સાચે...**
**વો'રી વીંછી વરુ વ્યાળા, કોઈ નો'ય જો સુખાળા રે .... સાચે...**
**એવા પાપીને પરહરીયે, સંગ સ્વપ્ને ન કરીયે રે.... સાચે...**
**ખાંતે વિખફળ ખાવે, તેને સુખ શાનું આવે રે .... સાચે...**
**ચાલે ચોરને સંગાથે, માર ખાવાનો છે માથે રે.... સાચે...**

નિષ્કુળાનંદ સ્વામી દ્દષ્ટાંત આપે છે. સ્મશાનલાડુમાં એલચીની સુગંધ ન

હોય. તેમ પાપી માણસના સંગથી કોઈ સત્સંગની સુગંધ નહિ મળે, ચોરની સાથે ચાલે તેને માર ખાવાનો વારો આવે.

**એવા પ્રભુના જ ચોર, તેને મેલો ડાબી કોર રે .... સાચે...**
**કોટે બાંધી કાળા પાણા, કોઈ ન તર્યા શિયાણા રે ... સાચે...**
**દૂધ ખરસાણીની ખીરે, ખાધે સુખ શું શરીરે રે .... સાચે...**
**એવા નઠારાને સંગે, આવે દુઃખ અતિ અંગે રે .... સાચે...**

નઠારાનો સંગ દુઃખકારી છે. સજ્જનનો સંગ સુખકારી છે. પ્રભુના જે ચોર, તેને મેલો ડાબી કોર. જે શ્વાસોશ્વાસની રીધમ ચલાવનાર પરમ પિતા પરમેશ્વર છે. તેની આજ્ઞામાં રહેતા નથી તે પ્રભુના ચોર છે. જે પ્રભુની પૂજા, પાઠ, દેવ, દર્શન, નિયમ ધર્મનું પાલન કરતા નથી તે પ્રભુના ચોર છે. એવા આ જગતમાં ઘણા ચોર રખડે છે. ધણી વગરના ઢોર ખીલે આવે નહિ, જ્યાં ત્યાં રખડે ને માર ખાય.

**ગણો ગધેડાની ગાય, ધોયે ધફોયે ન થાય રે .... સાચે...**
**નપુંસક નર ને પરણી, નારી નહિ પામે અઘરણી રે .... સાચે...**
**તેમ ખોટા ગુરુ કરી, કેમ જશે ભવ તરી રે .... સાચે...**
**ભવજળ તરવા કાજ, સાચા સંતનો સમાજ રે .... સાચે...**

ગધેડાને ઘસી ઘસીને નવરાવો. તોય ગાયની જેમ પૂજાય નહિ. ગધેડો ગધેડો જ રહેવાનો છે. તેને ગાય જેવા પવિત્ર સંતનો સંગ લાગતો નથી. નપુંસક નરને પરણી, નારી નહિ પામે અઘરણી. નપુંસક નરને નારી પરણે તો તેના થકી બાળકરૂપી ફળની પ્રાપ્તિ થતી નથી. સાચા સંતનું શરણું લેવાથી જ ભવજળ તરાય છે. દેવાનંદ સ્વામી સંતનો મહિમા ગૌરવથી ગાય છે. આપણે પણ ગાઈએ.

**અતિ મોટા પુરુષને આશર રે, તારા ટળશે ત્રીવિધીના તાપ.**
**અંતકાળે સગું નહિ કોઈનું રે...**

માટે સેવે તું સાચા સંતને રે, બળે પૂર્વ જનમના પાપ. અંતકાળે સગું નહિ.

સંત શબ્દ બહુ મહાન છે. સંત ગમે તે કપડાંમાં હોય એને વસ્ત્ર સંન્યાસની કોઈ જરૂર નથી. હૃદય ભક્તિથી રંગાઈ જવું જોઈએ.

એક રાજાનો પુત્ર ગુરુના આશ્રમમાં ભણવા ગયો. ગુરુ પ્રાચીન રીત અનુસાર ક્ષત્રિય ધર્મ પ્રમાણે ધર્નુવિદ્યાનું સારું જ્ઞાન આપ્યું. પછી ધર્મશાસ્ત્ર અને નીતિ શાસ્ત્રનું જ્ઞાન આપ્યું. દયા ભાવ રાખી પુત્રવત પ્રજાનું પાલન કરે છે તેનું રાજ્ય ટકે છે.

રાજાનો ધર્મ છે બહુ વિચાર કરીને દંડ આપવો. વિચાર્યા વિના મન ફાવે તેમ ગુન્હેગારને શિક્ષા કરવી નહિ. પ્રભાતમાં બે કલાક, રાત્રે બે કલાક, ભગવદ્ સ્મરણ કરવું.. ચાર કલાક ભગવાનને યાદ કરે છે તેનું ભગવાન ચોવીસ કલાક રક્ષણ કરે છે વિગેરે ખૂબ ઉપદેશ આપ્યો.

ચૌદ વરસ ગુરુના આશ્રમમાં સારો અભ્યાસ કર્યો. અભ્યાસ પુરો થયો ત્યારે રાજા સોના જડીત રથ લઈને કુંવરને તેડવા આવ્યા. સાથે મંત્રી, તંત્રી, દીવાન વગેરે ગ્રામજનો પણ આવ્યા છે. આશ્રમમાં યોગ્યતા પ્રમાણે સૌ બેઠા છે. રાજાએ ગુરુના ચરણમાં ચૌદ સોનામહોરો અર્પણ કરી. રાજીપો વ્યકત કર્યો ત્યારે ગુરુએ કહ્યું, આવી કિંમતી ભેટને અમે શું કરીએ. અમે સ્ત્રી ધનના ત્યાગી છીએ. ગરીબને વિતરણ કરી દેજો.

આવું સાંભળીને રાજાને ગુણભાવ આવ્યો. આ નિષ્કંચન સંત ભેટ લેતા નથી. પછી રાજકુંવર ભારપૂર્વક સંતને પગે લાગ્યા ત્યારે ગુરુજીએ છાતી સાથે દાબી હેતથી માથા ઉપર હાથ મૂકી આશીર્વાદ આપ્યા. પછી વિદાય વખતે રાજકુંવર રથ ઉપર બેસવા જાય છે ત્યારે હાથ પકડીને ગુરુજીએ રાજકુંવરને બે સોટી મારી, કુંવરને વસમું લાગ્યું પણ કાંઈ બોલ્યા નહિ.

રાજાથી આ જોવાયું નહિ, ચિડાઈને બોલ્યો. ગુન્હા વિના કુમારને કેમ સોટી મારી ? ત્યારે ગુરુજીએ કહ્યું, આજે તે ઘરે જાય છે. થોડા દિવસ પછી તે રાજ્યના માલિક થશે. લોક ઉપર હુકમ ચલાવશે ત્યારે ?

**ભવિષ્યમાં યાદ રહેશે કે માર કેવી વસમી છે..**

તેથી પ્રજાને વધુ પડતી શિક્ષા નહિ કરે. તેથી મારનો અનુભવ કરાવ્યો. આવું સાંભળી રાજા રાજી થયા. રાજકુમારને સન્માનપૂર્વક રાજ્યદરબારમાં લાવ્યા. ગાદીએ બેસાડ્યા. સવારે મંગળ પ્રભાતે બે કલાક સુધી દરરોજ ભગવદ્ સ્મરણ કરે. આ વાતની ગુરુજીને ખબર પડી તેથી રાજીપો વધી ગયો કે પ્રભુ સંબંધી સંસ્કાર જાળવી રાખ્યા છે. આવા ગુરુ મળે તો ભવસાગર તરે. ખોટાનો સંગ થાય તો બુડાવે. પાપી ગુરુના સંગથી અધોગતિ થાય છે પણ ઉર્ધ્વગતિ થતી નથી. માટે ઓળખી લેવા, જ્યાં ત્યાં ઝલાઈ ન રહેવું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**ચોખી ચોળાફળી જાણી, ખાયે નહિ ખરસાણી રે .... સાચે...**
**ગાય મહિષી વરોળ્યે, કયાંથી વલોણું વલોવે રે .... સાચે...**

**એવા ગુરુ જ્ઞાનહીણા, તે તો કાળના ચવિણા રે .... સાચે...**
**જળ જાહ્નવીનું જાણી, પિયે નહિ મઉપાણી રે .... સાચે...**
**આંબ જાણી આક ફળ, ખાધું પડી નહિ કળ રે .... સાચે...**
**તેમ પાપી ગુરુ મળ્યે, સુખ શાંતિ કયાંથી વળે રે .... સાચે...**
**અધ ગુરુના એ એંધાણ, તમે સાંભળજો સુજાણ રે .... સાચે...**
**હોય દલમાં દગાઈ, માને મોટી મનમાંઈ રે .... સાચે...**
**ધર્મ નિમ ભક્તિ હીણ, જાણે છૈયે પ્રવીણ રે .... સાચે...**

નિષ્કુળાનંદ સ્વામી કુસંગથી બચવાની વાત કરે છે. આકડાના ડેડાને કેશર કેરી જાણીને ખાય તેને સુખ, શાંતિ કયાંથી થાય. ધર્મ નિયમનું કાંઈ ઠેકાણું ન હોય, દિલ દગાથી ભર્યું હોય એવા ગુરુ જ્ઞાન હીણા તે તો કાળના ચવીણા છે.

## મોક્ષ માર્ગના ખરા ભોમીયા સાચા સંત છે.

સંતો અલૌકિક સુખ આપનારા છે. સાચા સંતોના યોગથી અનેક પામર જીવ માયાથી મુકત થઈ જાય છે. સંતો સંસાર સાગરની દીવાદાંડી છે અનેક જીવને સાચો રાહ બતાવે છે. કુટિલતા ને કૂડ કપટભર્યું હોય, અંતરમાં વિષય સુખની ઝાળું બળતી હોય, ભીતરમાં ભડકા ભર્યા હોય એવાને ભરોસે રહેશે તેને દુઃખ થશે. માટે વિચારવું ઊંડું એને મળે થશે ભૂંડું.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, કુષ્ટ ગુરુ કેવા છે. નાગ, વાઘ, બલાખારી, કાગ બાજ, બલાઈ જેવા છે. તે કોઈની ભલાઈ નહિ કરે..

**નાગ વાઘ બલાખારી, તે તો કેના હિતકારી રે .... સાચે...**
**કાગ બાજને બલાઈ, તેથી ન થાય ભલાઈ રે .... સાચે...**
**એમ દુષ્ટ ગુરુ દુઃખદાઈ, માની લેજો મનમાંઈ રે .... સાચે...**
**એવા ગુરુ સંત જગે, માંડી છે ઠગાઈ રે .... સાચે...**
**લઈ શિષ્યનું સરવસ, કરી લીધા પોતાને વશ રે .... સાચે...**
**બહુ દિલમાંઈ દગા, તેતો ન હોય કેના સગારે .... સાચે...**
**એને અજાણ્યે આશરે, તેનું ભારે ભૂંડુ કરે રે .... સાચે...**
**માટે કરવો સાચો સંગ, જેથી રહી જાય રંગ રે .... સાચે...**
**સાચા હરિ ગુરુ કહિયે, જેથી પરમપદ લહિયે રે .... સાચે...**

બકાલી જેવા ગુરુનો સંગ તજીને કરવો સાચાનો સંગ. જેથી રહી જાય રંગ,

સાચા હરિ ગુરુ કહિએ, જેથી પરમપદ લહિયે. શ્રેષ્ઠ સર્વથી સર્વોત્તમ ગુરુના પણ ગુરુ એક શ્રીહરિ છે. એને આશરે રહે છે તે પરમપદને પામે છે. કૈવલ્ય પ્રાપ્તિના દાતા બીજાને નથી કહેવાતા.

મંદિર મૂર્તિ માટે છે. સ્કૂલ વિદ્યાર્થી માટે છે. દવાખાનાં દર્દી માટે છે. એજ રીતે મનુષ્ય દેહ પ્રભુ પ્રાપ્તિ કે અનાદિ મુક્તની સ્થિતિ કરવા માટે છે. ભગવાનને ભૂલી માત્ર શરીરની સજાવટ અને ભોગ-વિલાસમાં જીવન પુરું કરનાર માનવીઓ મૂર્ખ છે.

સ્વામી અનેક દષ્ટાંતો આપીને સમજાવે છે. સર્પ સુંવાળો છે એમ જાણીને સોડમાં સુવડાય નહિ. કરડી ખાશે, જીવનો જાશે. હીરાકણી ખવાય નહિ, ખાય તો મરી જાય. તેમ આ જગતની અંદર સર્પ જેવા ક્રોધીલા, ઝેરીલા, ધુતારા, ભડવા, બગડેલા ઘણા બાવા ફરતા હોય છે. જેવા તેવા ઢોંગી ધુતારામાં ફસાઈ જશો નહિ. એવા સો માટલિયા થાય પણ શેઠ ન કહેવાય. ત્યારે શેઠના શેઠ કોણ છે ? જેની હુંડી ચાલે નવખંડમાંય. તે શેઠ જેવા કોઈ શેઠ નથી...

**માટે સાચા શેઠ હરિ, પળમાં મૂકે સુખી કરી રે .... સાચે...**
**અલૌકિક સુખ લોકે, જન ભોગવે વિલોકેરે .... સાચે...**
**છતી દેહે પામે ધામ, વળી થાય પૂરણકામ રે. .... સાચે...**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ભકતજન હોય તેને પોતાનું જે મન છે તેને પરમેશ્વરના ચરણારવિંદને વિષે દઢ કરીને રાખવું. જેમ વજની પૃથ્વી હોય, તેમાં વજની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઉખડે નહિ, તેમ ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને દઢ રાખવું અને એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે છે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતે દેહે ભગવાનના ધામને પામી રહ્યો છે.

## છતે દેહે પામે ધામ, વળી થાય પૂરણકામ.

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મને પૂજીયે ત્યો ભક્તિમાં સફળતા મળે. જેમ નાહી ધોઈ સ્વચ્છ થઈને પૂજામાં બેસીએ છીએ, તેમ આત્માને પણ નાહી ધોઈને સ્વચ્છ કરીને પૂજા કરવી.

## આત્માનું સ્નાન બ્રહ્મવિચાર છે.

આત્મજ્ઞાન સિવાય માત્ર બહારની ગમે તેટલી ચોખ્ખાઈ રાખે તો પણ સાર્થક

થતું નથી. સાચી સ્વચ્છતા આત્મવિચાર છે. આચાર વિચાર રાખવા એ સારી વાત છે, પણ આત્મવિચાર કરવો તેથી હૃદયની શુદ્ધિ થાય છે.

સવિકલ્પ અને નિર્વિકલ્પ મુક્તિના બે ભેદો છે. તેમાં નિર્વિકલ્પ એજ બ્રહ્મભાવના છે.

**રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે, હરિજન હોય તે હરિને ભજે રે;**
**વ્રત એકાદશીનું કેદી નવ તજે રે... હરિ...**

દેહમાં અહંભાવ ભર્યો હોય ત્યાં સુધી બ્રહ્મરૂપ થવાતું નથી..

**એવી રીત હોય જિયાં, જાણો પ્રભુ પોતે તિયાં રે .... સાચે...**
**કથા આ છે કલ્યાણકારી, સહુ લેજો હૈયે ધારી રે .... સાચે...**
**એમ સમજે ટળશે ફંદ, નિશ્ચે કહે નિષ્કુળાનંદ રે .... સાચે...**

છેલ્લે નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપે છે. આ કથા કલ્યાણકારી છે. સહુ લેજો હૈયે ધારી. આ કથા હૈયામાં ધારી રાખજો. સમજી રાખશો તો જન્મોજન્મ જે ફંદ છે તે ટળી જશે, એ નક્કી વાત છે. આ કથાને હૃદયમાં ધારશો તો તમારું રૂડુ થશે.

કલ્યાણ નિર્ણય શ્રવણથી, દર્શનથી, પૂજનથી, પાપનો નાશ થાય છે. કલ્યાણ નિર્ણય શ્રવણ કરવાથી સદ્‌ગતિ મળે છે. કથા મનુષ્યના જીવનને સુધારે છે અને જીવનમાં ક્રાંતિ લાવે છે.

કલ્યાણ નિર્ણયની કથા પ્રભુ સમીપે પહોંચવાની નીસરણી છે. પ્રભુ સમીપે કેમ પહોંચાશે તે કલ્યાણ નિર્ણય શીખવાડશે. આ ગ્રંથ વાંચવાથી, સાંભળવાથી ઘણા જીવને સમાસ થશે અને અભયદાન દેવાનું સદાવ્રત ચાલશે..

આ ગ્રંથ જન્મ મરણરૂપ રોગ ટાળવામાં સંજીવની ઔષધ સમાન છે. સાથો સાથ પ્રભુ સુધી પહોંચવાનો સરળ માર્ગ સુંદર રીતે વર્ણવ્યો છે. સરળ ભાષામાં રજુ કર્યો છે.

આ મહાન કલ્યાણનિર્ણય ગ્રંથ કર્તા નિષ્કુળાનંદ સ્વામી તથા સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં કોટી કોટી વંદન....

**ઈતિશ્રી નિષ્કુળાનંદ મુનિ વિરચિતે કલ્યાણનિર્ણય મધ્યે મુકત મુમુક્ષુ સંવાદે અષ્ટાદશો નિર્ણય: ।। ૧૮ ।।**

- - - - - - - - - - - - - - - - - -

**।। કલ્યાણનિર્ણય: સમાપ્ત : ।।**

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

# યમદંડ અમૃતધારા

પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં નિષ્કુળાનંદ સ્વામી પ્રાર્થના કરે છે. ‘‘ હે પ્રભુ ! અમારા ઉપર દયા કરજો. મંગળકાર્યમાં સાથે રહેજો, આપણા સનાતન ધર્મમાં પ્રથમ મંગળકાર્યમાં મંગળાચરણ કરવાની પ્રણાલિકા છે. શરુઆતમાં સ્વામી મંગળાચરણ કરે છે.

સોરઠા :- **મંગળરૂપ અનૂપ, સમરતાં સદ્ય સુખ મળે,**
**સો સહજાનંદ સુખરૂપ, જે ભજતાં ભવ દુઃખ ટળે.**
**કરવા માંગળિક કાજ, જન મનમાં જે ઈચ્છા કરે,**
**તે સમરે શ્રી મહારાજ, તો વિઘ્ન તેનાં તર્ત હરે.**
**એવા શ્રી ઘનશ્યામ, નામે જેને નિર્વિઘ્ન થઈએ,**
**વળી સરે સઘળાં કામ, તેને તજી બીજું શીદ ચહિયે.**
**સર્વે સુખના સદન, દુઃખહરણ હરિ દીન બંધુ**

તે પ્રભુ થઈ પ્રસન્ન, સહાય કરજો સદા સુખસિંધુ. નિષ્કુળાનંદ સ્વામી પ્રાર્થના કરે છે, ભગવાન તમે કેવા છો ! અનુપ છો એટલે ઉપમા આપી શકાય નહિ તેવા છો. ભગવાન જેવા એક ભગવાન જ છે. તમારા જેવા બીજા કોઈ છે જ નહિ. ભગવાન જેવી કોઈને ઉપમા અપાય નહિ. કોઈ સારી વસ્તુ જોઈએ તો આપણે કહીએ કે આ વસ્તુ આના જેવી છે, પાણીથી છલકતું મોટું સરોવર જોઈએ તો આપણે એમ કહીએ કે દરિયા જેવું વિશાળ સરોવર છે, પણ દરિયાને જોઈને શું કહેશો ?

સાગરને ઉપમા આપી શકાય નહિ, સાગર જેવો એક સાગર જ છે. તેમ ભગવાન જેવા એક ભગવાન જ છે.

સમરતાં સદ્ય સુખ મળે. ભગવાનને સંભાળવાથી સુખ મળે અને ભજન કરે તેનાં ભવદુઃખ ટળે. એટલે જન્મ મરણનું દુઃખ ટળે છે. સ્વામી કહે છે, પ્રભુ તમે સર્વે સુખના ધામમાં છો અને દુઃખ હરણ છો. એક જગ્યાએથી તમામ સુખ મળતું હોય તો બીજી જગ્યાએ શા માટે દોડધામ કરવી પડે ? માનવને દોડધામ કરવાની મજા આવે છે ? બહુ દોડો નહિ, થાકી જશો. એક પરમાત્માનું શરણું લઈ લ્યો. સ્વામી કહે છે, ''વિચાર્યા વિના જ્યાં ત્યાં માથાં મારવાં નહિ.''

વાછરડું ગાયના પગમાં માથા મારે તો દૂધ મળે નહિ, પણ આંચળને મોઢામાં લઈને ચૂસે તો દૂધ મળે. તેમ મહિમા સહિત ધર્મમાં રહીને ભકિત કરે, સત્સંગ સમૈયામાં લાભ લે, પૂજા પાઠ કરે, કથા કીર્તન કરે, સર્વમાંથી ગુણ ગ્રહણ કરે તે દૂધ પીધું કહેવાય અને સત્સંગની નિંદા કરે તે લોહી પીધા સમાન કહેવાય.

શ્રીજી મહારાજે નિષ્કુળાનંદ સ્વામીના હૃદયમાં રહીને આ ગ્રંથની રચના કરી છે. **દોહા** -

**પ્રથમ પ્રભુને પ્રણમી, કરું કથા ઉચ્ચાર,**
**યમદંડની જે વારતા, કહું મતિ અનુસાર.**

સ્વામી કહે છે, પ્રભુને પ્રણામ કરીને કથાનો ઉચ્ચાર કરું છું. યમદંડની જે વાત છે. તે મારી મતિ અનુસાર તમને કહીશ. સ્વામીનું કેટલું નિર્માનીપણું છે..... મારી મતિ પ્રમાણે કથા કહીશ. આપણને બે અક્ષર આવડી જાય. બે વાત, બે કીર્તન આવડી જાય તો ફુલાઈ જઈએ, હું કાંઈક છું ખરો.

There should be no pride in life.

જીવનમાં અભિમાન આવવું જોઈએ નહિ.

રાગ સામેરી- **મંગળમૂર્તિ મહા પ્રભુ, બહુનામી બદ્રીકાઈશ**
**ભકિત ધર્મ સુત ભાવશું, રહ્યા હૃદયમાં હંમેશ**
**સુખ સાગર સૌના પતિ, અતિ દયાસિંધુ દયાલ**
**પૂરણકામ સુખધામ સદા, નિજ ભક્તવત્સલ પ્રતિપાળ**

સ્વામી ભગવાનનું વર્ણન કરે છે. બહુનામી બદ્રીકા ઈશ બહુનામી

અનંતનામના નામી.... પ્રભુ અનેક નથી, પ્રભુનાં નામ અનેક છે પ્રભુનાં રૂપ અનેક છે પ્રભુની લીલા અનેક છે પણ પ્રભુ અનેક નથી, ભગવાન તો સ્વરૂપે કરીને એકજ છે. તેહ પ્રભુ પ્રગટ્યા દ્વિજકુળ ધર્મને ઘેર નામ ઘનશ્યામ સુંદર, પૂર્વથી પશ્ચિમ દેશ, અનેક જીવ ઉધ્ધાર્યા આપી અમળ ઉપદેશ. પ્રભુ ગુણના સાગર છે અને પૂર્ણકામ છે. ધર્મ ભકિતને ઘેર પ્રગટ થયા, પ્રભુનું મંગળકારી જન્મ સ્થાન છપૈયાને યાદ કરીએ, ગોમતી ગાય બંધાતી તે ગમાણ, સામે નારાયણ સરોવર મીન સાગર... ભકિતમાતાએ લાડલું નામ રાખ્યું ઘનશ્યામ.

છપૈયામાં ખૂબ લીલા કરી પછી પધાર્યા પશ્ચિમ દેશ, અનેક જીવને ઉપદેશ આપી ભવના બંધનથી મુકત કર્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે..

**એહ દુઃખ જેને ઉપરે, તે સુખી નહિ નિરધાર,**
**અલ્પ સુખને આશરી, નથી કરતા કોઈ વિચાર.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''વેદની ઋચાઓ જેને શોધે છે, જંગલના યોગી તપ કરી થાકી જાય, રાફડા થઈ જાય, છતાં ભગવાન મળતા નથી. તે ભગવાન મને મળ્યા છે.''

આપણને ભગવાનને મળવાની ભકિત કરવાની ભૂખ લાગવી જોઈએ. ભૂખ લાગે તો બે દિવસનો સૂકો રોટલો પણ ભાવી જાય. ભૂખ ન લાગી હોય તો મેવા, મિષ્ટાનના થાળ ભર્યા હોય તો પણ ભાવે નહિ. ભગવાનનો મહિમા સમજાઈ જાય તો જીવનું કામ થઈ જાય. સ્વામી કહે છે, મેં તો જેવા છે તેવા સ્વામિનારાયણ ભગવાનને જાણ્યા છે, માનવ દેહે નિષ્કુળાનંદ સ્વામી શ્રીજી મહારાજ સાથે ત્રીસ વરસ સુધી રહ્યા છે. સ્વામી કહે છે, જન્મ મરણને યમયાતના મોટાં દુઃખ છે, છતાં વિચારતા કેમ નથી ?

## બુધ્ધિ ઘણી છે, પણ ઊંધી છે.

મોટા મોટા સંતોમાં ખોટ કાઢે એવો છે, પણ પોતે પોતાને જોતો નથી, કે મારે કયાં જવું છે ? માનવીનો અવળો સ્વભાવ છે, ઘડીક ભગવાનને સંભાળે ઘડીક જગતની માયાને સંભાળે, ભગવાનને મૂકીને કામ, ક્રોધ, મોહ, મમતાના ઘાટ સંકલ્પ કરે, કથા મૂકીને આખી દુનિયાનો ગંદવાડો જેમાં હોય તેવાં છાપાં વાંચે, ને ન જોવા જેવાં ચિત્રો ટી.વી.માં જુએ. પછી વાસના કેમ ટળે ? પછી સંતોને કહે છે કે માળા ફેરવીએ છીએ તોય મન સ્થિર થતું નથી. કયાંથી મન સ્થિર થાય ? એવા ભકતને

વચનામૃતમાં શ્રીજી મહારાજે મીનડીયા ભગત કહ્યા છે. ભગવાનનો યથાર્થ એકાંતિક ભકત હોય તેને તો ભગવાન સિવાય બીજું કોઈ પદાર્થ વહાલું હોય નહિ, આપણને એવા મીનડીયા ભકત થાવું નથી પણ ખરેખરા ભકત થાવું છે, પણ જન્મ એળે ખોવો નથી. બદ્રીનાથજી સ્વામી ગાય છે.

**તેં તો જન્મ એળે ખોયો ભવપંથમાં રે લોલ,**
**સગા સુત માં તું મોહ્યો ભવપંથમાં રે લોલ;**
**નાત જાતમાં થયો મોટો (ભવ.) ખરી રહેણીમાં તું ખોટો..... ભવ.**
**હવે માન કહ્યું મારું(ભવ.) કર જીવનું તું સારું .... ભવ.**
**દાસ કહે બદ્રીનાથ..(ભવ.) સહાય કરે દીનોનાથ... ભવ.**

નાત જાતમાં મોટો થયો પણ રહેણી કહેણીમાં સાવ ખોટો. સ્વામી કહે છે. બીજી વાત સાંભળી બધા રાજી થાય છે, પણ જન્મ મરણ જમપુરીની વાત કોઈ કાને ન સુણી વાત.... બીજા સાંભળે કે ન સાંભળે પણ જેને ભગવાનના અક્ષરધામમાં જાવું હોય, તેને આ વાત બરાબર ધ્યાનપૂર્વક જરુર સાંભળવી અને વાંચવી અને જીવનમાં ઉતારવી.

## ગરુડપુરાણની કથા એજ યમદંડ કથા

શ્રીજી મહારાજે નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું, ''ગરુડજીએ મને એક વખત યમદંડની વાત પૂછી હતી, તે મેં વિસ્તારથી સંભળાવી હતી. એને યુગો વીતી ગયા. હવે તમે તે યમદંડની વાતને તાજી કરીને ગ્રંથ બનાવો. જેથી લોકો પાપથી ડરીને ચાલે. પાપ એટલે શું ? ભગવાનની આજ્ઞાને તોડવી તેનું નામ પાપ, ખોટા વિચાર કરવા, કોઈની નિંદા કરવી તે પાપ. હિંસા કરવી તે પાપ વિગેરે અનેક પ્રકારનાં પાપ થાય.

**એમ શ્રી મુખેથી મેં સાંભળી, વાણી ઉર કર્યો વિચાર,**
**જેમ કહ્યું તેમ કરવું, ફેર પાડવો નહિ લગાર.**
**એહ હરિઆજ્ઞા ઉર ધરી, કહું કષ્ટ જીવનાં જેહ,**
**નરનારી નિજ પાપથી, સહે છે દુઃખ જે દેહ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મને ભગવાને કહ્યું છે, તેમાં લગાર પણ ફેર પાડયા સિવાય યમપુરીની વાત કરવી છે. તે એકાગ્રતાથી સાંભળજે. વચનામૃતમાં શ્રીજી મહારાજ વારંવાર કહે છે, સુરત દઈને કથા સાંભળશો તો સમજાશે નહિતર

નહિ સમજાય, યમદૂતો પાપ તપાસીને પછી તે પ્રમાણે દુષ્કર દંડ દે છે, પણ ઠીક લાગે તેમ દંડ દેતા નથી. આ સમયે, આ ઠેકાણે તેં ઊંધા ધંધા કર્યા છે... એ બધું બરાબર નકકી કરાવીને પછી ધોકાવારી કરશે.

**જેવી વિકટ વાટ છે, જેવા છે જમદૂત ઘોર,**
**કહું સંયમિની શહેરના, દુઃખ પામે પ્રભુના ચોર.**

જમપુરીમાં સુખો લવલેશ નથી. સ્વામી બે રસ્તા બતાવે છે.. સુખી થાવું હોય તો જુદો રસ્તો છે, ને દુઃખી થાવું હોય તો જુદો રસ્તો છે, ચડવું કે પડવું એ આપના હાથમાં છે.

એક સંત સત્સંગ પ્રચારાર્થે શિષ્ય મંડળ લઈને ફરતા હતા, અનેકને ભગવદ્ આશ્રય કરાવતા, ત્યાં રસ્તામાં ગાયો ચારતો એક ગોવાળ મળ્યો. સંતે કરુણા કરી કહ્યું, ‘‘ ભાઈ તમારું જીવન ઢોર ચારવામાંજ વ્યતીત કરો છો ! પણ જો વિદ્યા ભણી તેનો જીવનમાં અમલ કરો તો તમારું જીવન ધન્ય બની જાય.

ત્યારે ગોવાળીયાએ સરસ જવાબ આપ્યો, સાધુરામ હું ભણવા ગયો નથી, પણ સત્સંગમાં દરરોજ જાઉં છું, મહાપુરુષોના આશીર્વાદથી મારા જીવનમાં મેં છ સરળ મુદ્દાઓ અંતરમાં ધારી રાખ્યા છે, તેથી મને અંતરમાં કાયમ શાંતિ અને આનંદ રહે છે. તેથી નિરાંતે હરિ સ્મરણ થાય છે. સંતે કહ્યું, તે છ બાબત મને સંભળાવો.

ગોવાળીયાએ કહ્યું :- પહેલી બાબત એ છે કે, હક્કનું ખાવું, પણ હરામનું ખાવું નહિ, તેથી હકકનું ખૂટતું નથી, ને હરામનું ખાવાની મને જરુર પડતી નથી, હકકના પૈસાથી આનંદથી ભજન કરું છું.

બીજી બાબત એ છે કે :- હંમેશાં સત્ય બોલવું પણ અસત્ય બોલવું નહિ. હિતકારી ભાષા બોલવી પણ કોઈને દુઃખ લાગે તેવું બોલવું નહિ.

ત્રીજી બાબત એ છે કે :- પોતાના દોષ જોવા પણ બીજાના દોષ જોવા નહિ. ભૂલ થાય તો તરત સુધારી લેવી.

ચોથી બાબત એ છે કે :- કુસંગીનો સંગ કરવો નહિ, તેથી સદાય તેમનાથી દૂર રહેવું જેથી વ્યસનથી મુકત રહેવાય.

પાંચમી બાબત એ છે કે :-કોઈ પાસે હાથ લાંબો કરવો નહિ, કાંઈ પણ માંગવું નહિ, પુરુષાર્થ કરતા રહેવું.

છઠ્ઠી બાબત એ છે કે :- સંત સમાગમ કરવામાં, ભજન ભકિત કરવામાં જરાય આળસ રાખવી નહિ, ખરા ખંતથી પ્રભુ સ્મરણ કરવું.

આવું સાંભળી સાધુરામ ખૂબ રાજી થયા. ગોવાળીયાને બાથમાં લઈને ભેટી શાબાશી આપતાં કહ્યું, 'ધન્ય છે તમારા ભણતરને તમે કહો છો હું ભણ્યો નથી, પણ સાચી હકીકતમાં તમે તમામ શાસ્ત્રોનો સાર તમારા જીવનમાં અપનાવ્યો છે.

**ભણ્યા કરતાં ગણ્યો વધી જાય છે.**

તમે ચાર શાસ્ત્રનો સાર ભણી ચૂકયા છો. કોઈ પણ છોકરો પોતાના બાપનું અપમાન કરે છે, ત્યારે તેના બાપને બહુજ માઠું લાગે છે, તેમ આપણે પાપ કરીએ છીએ ત્યારે ભગવાનને બહુ દુઃખ લાગે છે. પાપ એ બૂરી વસ્તુ છે. સિંહનું બચ્ચું જયારે નાનું હોય ત્યારે તેને વશ કરી શકાય છે, પણ મોટું થયા પછી કાબુમાં રહેતું નથી, તેમ પાપને શરૂઆતથીજ અટકાવવું જોઈએ, વ્યસનરૂપ થઈ ગયા પછી જલદી છૂટી શકાતું નથી.

**તે તો પ્રત્યક્ષ પ્રભુને પામિયે, કાં તો તેના મળેલ જન મળે,**
**જન્મ મરણનું દુઃખ જીવને, તેહ વારે તર્ત ટળે.**

ભગવાન પ્રત્યક્ષ મળે, કાં તો ભગવાનના મળેલા સંતો મળે અને જો તેની આજ્ઞા અનુસારે ચાલે તો કલ્યાણ થાય છે.

**મનુષ્યકાળ અપાર મોટા, વળી કળી ન શકે કોય,**
**મહા સમર્થ થઈ મનુષ્ય જેવા, શ્રી હરિ વરતે સોય.**

ભગવાન મનુષ્યાકારે આ પૃથ્વીમાં વિચરતા હોય ત્યારે ઓળખવા બહુ મુશ્કેલ છે. માણસ જેવાજ હોય અને માણસની જેમ જ બધું કરતા હોય. ભલભલા ભગવાનને ઓળખવામાં ભૂલા પડી ગયા છે.

રામાવતારમાં પાર્વતીજી ભગવાનને ઓળખવામાં ભૂલાં પડ્યાં, કૃષ્ણાવતારે બ્રહ્માજી ભૂલા પડ્યા અને સ્વામિનારાયણ ભગવાનના અવતારમાં તો કેટલાય ભૂલા પડ્યા છે, જેમ તેમ ગોથાં ખાઈ ગયા છે. ભગવાનને કોઈ કળી શકે નહિ.

વનવિચરણ કરતા કરતા નીલકંઠવર્ણી ગામ બુધેજ ખોડાભાઈને ઘરે પધાર્યા ત્યાં ખોડાભાઈનાં મા તીર્થવાસીને જુવારનું સદાવ્રત આપતાં હતાં. ભગવાનને જુવાર આપી. ભગવાને કહ્યું, તૈયાર ભોજન હોય તો આપો, જુવારને શું કરીએ? લોટ

બનાવી અગ્નિ લગાવી રોટલા બનાવવા પડે, તેનાં કરતાં તૈયાર ભોજન આપો તો બહુ સારું. માજીએ કહ્યું, '' તૈયાર ભોજન નહિ મળે, સવારથી સાંજ સુધી તમારા જેવા કેટલાય આવે છે. કેટલાને તૈયાર ભોજન આપીએ.

પ્રભુએ કહ્યું, '' કેટલાય આવે. એવા અમે નથી ! અરે તમારાથી ઊંચા, જાડા, જટાવાળા, ને ચીપીયાવાળા ઘણા આવે છે. વર્ણીરાજે મર્મમાં કહ્યું, '' માજી. અમારા જેવા યોગી કોઈ દિવસ આવ્યા નથી ને આવશે પણ નહિ. માટે તૈયાર ભોજન આપો. ડોશીમા બોલ્યાં. તૈયાર ભોજન નહિ મળે. ચાલ્યા જાવ. ભગવાને એક મુઠ્ઠી જુવાર લઈને ચાલતા થઈ ગયા. પાછળ કંકુનાં પગલાં થયાં. થોડીવાર પછી ખોડાભાઈ આવ્યા, કંકુનાં પગલાં નીરખીને જોયાં તો સોળ ચિહ્ન દેખાયાં. મા આંહી કોણ આવ્યા હતા ? મા એ કહ્યું, એક બાળાયોગી આવ્યા હતા.

ખોડાભાઈએ કહ્યું, ''મા. એ બાળાયોગી પોતે સાક્ષાત્ ભગવાન હતા. દીકરા તને કેમ ખબર પડી કે તે ભગવાન હતા. મા જુવો આ કંકુનાં પગલાંમાં સોળ ચિહ્ન દેખાય છે. તમે તેને જમવા આપ્યું કે નહિ.'' કાંઈ નથી આપ્યું, તૈયાર ભોજન માટે ઘણી માંગણી કરી પણ મેં મૂરખીએ કાંઈ નથી આપ્યું. ખોડાભાઈ કહ્યું, ''હાથમાં આવેલા રત્નને તમે ઓળખી શકયાં નહિ, પછી ખોડાભાઈ ઘોડા ઉપર બેસીને ભગવાનને શોધવા ગયા. ભાગોળે માણસો બેઠા હતા તેમને પૂછ્યું ''તમે બાળાયોગીને જોયા ?'' હા હા જોયા છે, બે દાણા જુવારના મુખમાં મૂકયા અને બાકીની જુવાર કબુતરને નાખી. જમતાં સાથે કબુતરને સમાધિ થઈ ગઈ.

દોડતે ઘોડે ખોડાભાઈ આગળ વધ્યા. વટેમાર્ગુને પૂછ્યું ''તમે બાળાયોગી. જોયા ? હા હા હમણાંજ અહીંથી પસાર થયા. હવે તે કઈ બાજુ ગયા ? પૃથ્વીથી એક વેંત ઊંચા પવન વેગે બાણમાંથી તીર છૂટે તેમ દોડતા જાય છે. તમે તેને પુગી નહિ શકો !

ખોડાભાઈ નિરાશ થઈને ઘરે આવ્યા, ભગવાન સાક્ષાત્ મારે ઘેર આવ્યા અને હું દર્શન વિના રહી ગયો. ખૂબ અફસોસ કરે છે. ત્યારે ભગવાને દિવ્ય સ્વરૂપે દર્શન આપીને કહ્યું, ''તમે ચિંતા ન કરો. ધીરજ રાખીને અમારું ભજન કરજો. તમારા ઘરે અમે ચોકકસ પધારશું. ભગવાન જલદી ઓળખાતા નથી.

ત્રણ ને ઓળખવા બહુજ જબરું કામ છે. એક આત્માને ઓળખવો બીજું પરમાત્માને ઓળખવા અને ત્રીજા સાચા સંતોને ઓળખવા તે ભારે કઠણ કામ છે.

દેખાવામાં આપણા જેવાજ તે સામાન્ય માણસ જેવા લાગતા હોય, પણ ધ્યાન રાખજો આધ્યાત્મિક સ્થિતિ એની ખૂબ ઊંચી હોય છે, ભગવાન આ લોકમાં પધારે છે ત્યારે સામાન્ય મનુષ્યની જેમ વર્તતા હોય છે, પણ ભગવાનની સામર્થી અપાર છે, એની કળાને કોઈ કળી શકે નહિ. અનંત બ્રહ્માંડ જેના રોમમાં ઉડે છે અણુંને ઠામ, કોણ લિયે તેના પારને, મન વાણી પામે છે વિરામ.

શેષનારાયણ સહસ્ર (હજાર) જીભે હરિના ગુણ ગાય છે.

**દુર્લભ તે સુલભ થઈ અગમ તે સુગમ સ્વરૂપ,**
**અગોચર તે ગોચર થઈ કરે જીવને કૃપા અનુપ...**

પ્રભુ દયાળુ છે.

**વળી વિશેષ દયા કરી, વચનની બાંધે છે પાજ,**
**મંદ વૈરાગ્યે ત્યાગે માનવી, તારવા તેહને કાજ.**
**વચન માને જેમહારાજનું, નિશ્ચય કરી નરનાર,**
**તે જાય હરિના ધામમાં, પામે તે સુખ અપાર.**

ભગવાન આ ભૂમિ ઉપર શા માટે પધારે છે ? મંદવૈરાગ્યવાળાને તારવા માટે પ્રભુ પધારે છે. કેવા ભકતને ભગવાન અક્ષરધામમાં લઈ જાય છે ? વચન માને જે મહારાજનું, નિશ્ચય કરી નરનાર, તે જાય હરિના ધામમાં, પામે સુખ અપાર... એ ધામ કેવું છે ? સુખ - સુખ અતિ, નહિ દુઃખનો લવ લેશ, જે ધામમાં જાણજો નહિ કાળ માયાનો કલેશ.

**સુર શશિ સિંધુ શેષ જે, સુણી વચનને એકવાર,**
**સદાય રહે મન ડરતા, નવ પાડે ફેર લગાર.**

નિષ્કુળાનંદ કહે છે, ‘‘સૂર્ય, ચંદ્ર, સાગર વિગેરે દેવને ભગવાને એક વાર જે આજ્ઞા કરેલી છે તે કાર્ય સતત કરતા જ રહે છે. આપણને હજાર વખત ભગવાન શિક્ષાપત્રી દ્વારા કહે છે, છતાં પણ વચનમાં વર્તવામાં ઢીલા થઈ જઈએ છીએ.

ભગવાનની બીકથી કાળ થરથર કંપે છે, ઈંદ્રરાજા અમરસદા વર્તે છે. વચનમાંઈ, સમર્થ જાણી શ્રી હરિ, ફેર પડવા ન દિયે કાંઈ, મંદ ન જાણે એ મર્મને, લોપે છે વચન લબાડ.

ગઢપુરથી શ્રીજી મહારાજ સંત મંડળ સાથે વડતાલ ઉત્સવ કરવા માટે પધારે

છે. રસ્તામાં કારીયાણી આવ્યું. ત્યાં મોટા રામદાસભાઈ સખત બીમાર થઈ ગયા, ચાલી શકાય તેમ નથી. હવે શું કરવું ? શ્રીજીમહારાજે સભામાં કહ્યું, ''રામદાસભાઈની સેવામાં એક સાધુને રહેવું જોઈશે!! ... કોણ રહેશે ?.. કોઈ બોલ્યા નહિ... ધીરેથી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ''મહારાજ હું સેવા કરીશ.''

શ્રીજી મહારાજે પોતે જે પુષ્પનો હાર પહેર્યો હતો તે રાજી થઈને ગુણાતીતાનંદ સ્વામીને પહેરાવીને, રાજીપો વ્યકત કર્યો. સ્વામી તમને આશીર્વાદ આપીએ છીએ તમારી નિરાવરણ દ્દષ્ટિ થશે.. અમે જે જે સ્થાનમાં લીલા કરશું તે બધું તમને જયાં હશો ત્યાં પ્રત્યક્ષ દર્શન થશે. ગુણાતીતાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો.

**પ્રભુનું વચન ઝીલી લીધું, મોક્ષનું કાર્ય સિધ્ધ કીધું.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ઉકાખાચરની પેઠે જેને સેવા કરવાનું વ્યસન પડે તેની મલિન વાસનાનો નાશ થઈ જાય. સ્વામિનારાયણ ભગવાને આપણને ઉપદેશ દેવા માટે લોજમાં જાતે સેવા કરેલી છે. સ્વયં પરમાત્મા યાત્રિકો માટે રોટલા બનાવે, એઠાં પતરાવળાં ઉપાડે, રસોડો સાફ કરે, ગામમાં ભિક્ષા માગવા જાય, છાણ લેવા જાય, અનાજ સાફ કરે, વાસણ માંજે, ચોક વાળે, ખૂબ સેવા કરેલ છે. ભગવાનનો રાજીપો છે. તે

**મૃત્યુ લોકમાં છે તો પણ ભગવાનના ધામમાં જ છે.**

કેમ જે સંતની સેવા કરે છે, ને ભગવાનના ગમતામાં છે તે ભગવાનને સમીપે જઈને નિવાસ કરશે. ભગવાન અને સંતોનો રાજીપો નથી, ભગવાનના ભકત ઉપર ઈર્ષા છે, તે જરુર ધામમાંથી પણ હેઠો પડશે. માટે જેમ ભગવાન અને સંતો રાજી થાય તેમ કરવું.

**પ્રભુ વિમુખ જે પાપિયો, નવ માને નાથ વચન,**
**તેહ જાય જમપુરીએ, કહું રીત સુણો સહુ જન.**

મોટાની આજ્ઞા લોપવામાં દુઃખ પણ મોટું હોય છે, અલ્પબુધ્ધિ તે પણ ઊંધી, સુધી વાત સમજે નહિ, ઊંધી બુધ્ધિવાળાને સીધી, સવળી વાત પણ સમજાતી નથી. જેની ઊંધી બુધ્ધી છે તેવા પાપી માણસ એમ કહે છે ભગવાને મારો દાટ વાળી નાખ્યો. ઘરમાં બીમારી આવે કે કોઈનું મૃત્યુ થઈ જાય તો ભગવાન ઉપર દોષ નાખે. વાત સમજી રાખજો ભગવાન કોઈનું બગાડતા જ નથી. ભગવાન સૌના હિતકારી છે. સારા સારા ભકતજન પણ આવું બોલતા હોય છે. ભગવાને મને દુઃખી

કરી નાખ્યો. ભગવાન કોઈને હેરાન કરતા જ નથી, છતાં ઊંધી બુધ્ધિવાળા ભગવાનનો દોષ કાઢે છે. આ આપણી મોટી ભૂલ છે. ટાળવી જોઈશે. આવું બોલતા હશો, ત્યારે ભગવાનને કેવું લાગતું હશે. વિચાર કરો.

આપણે કોઈનું કાંઈ બગાડ્યું ન હોય અને છતાં તમને કહે છે તે મારું બગાડ્યું. તેં મને હેરાન કર્યો. ત્યારે તમને કેવું માઠું લાગે છે, તો ભગવાનને ? બોલો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. આપણી અવળાઈ સામું ભગવાન જોતા નથી. અતિ અકોણો લજામણો... લાજ વિનાનો ઘર વગોવે છે. જેનું આપેલું જીવન જીવે છે, જે શ્વાસોશ્વાસની રીધમ ચલાવે છે, ખાધેલા અન્નને પચાવે છે, તેનું તે પાપી માણસ વગોણું કરે છે, લુણ હરામી ભગવાનનો ઉપકાર ભૂલી ગયો.

ભગવાને મદદ કરી છે તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામી બતાવે છે.

**જોને ઘણું દુઃખ ગર્ભવાસનું, ત્યાં કરી હરિયે એની સહાય,**
**પળ પળની પીડા હરી, તેનો પાડ ન માન્યો કાંય.**
**ઉદરમાં દુઃખ અતિ ઘણું,કહેતાં તેનો ન આવે પાર,**
**વેદનામાં વ્યાકુળ થઈ, કરતો પ્રભુને પોકાર.**

ગર્ભવાસમાં પળપળની પીડા હરી, કરી પ્રભુએ સહાય. ગર્ભવાસમાં કોણ ખવડાવતું હતું. ભગવાન ખવડાવે છે. ગર્ભવાસના દુઃખનું વર્ણન કરીએ તો તેનો પાર આવે તેમ નથી. અતિ દુઃખીયો હતો પીડા પામ્યો ત્યાં બહુ પેર, એહ દુઃખમાંથી કાઢીયો, હરિ કરી મોટી મહેર, પ્રભુએ દયા કરીને મહાદુઃખમાંથી છોડાવ્યો. કેદખાનામાંથી કોઈ આપણને છૂટા કરે તો આપણે જિંદગીભર તેનો આભાર માનીએ છીએ, કે મને આણે દુઃખમાં મદદ કરી છે. ભગવાને જીવાત્માને ગર્ભવાસ રૂપી જેલમાંથી છૂટા કર્યા છે તો તેનો આભાર માનવો જોઈએ. પણ જીવાત્મા ઉપકાર ભૂલી જાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**દુઃખ દુઃખ દુઃખ જીયાં, નહિ સુખનો લવલેશ**
**માસ નવ સુધી જીવને, હેરાન ગતિ હંમેશ**
**તે કહ્યું કપિલજીએ માતને, ગર્ભવાસનું દુઃખ દ્વંદ**
**તે સંભળાવું સહુને, એમ કહે નિષ્કુળાનંદ.**

ગર્ભવાસમાં જીવાત્માને બહુ દુઃખી સ્થિતિ હોય છે. કપિલભગવાને માતા

દેવહુતીને જે વાત કરેલી છે તેજ વાત સ્વામી નિષ્કુળાનંજી કરે છે.

**પૂર્વછાયો :- જેરીતે આ જીવને, વીતે છે વસમીવાર,**
**ગહન ગતિ ગર્ભવાસની, તે કહું કરી વિસ્તાર.**
**મોટા મુનિએ મળી કર્યો, સર્વે નરકનો નિરધાર,**
**તેથી અધિક દુઃખ ઉદરે, જેનો કહેતાં તે નાવે પાર.**

ગર્ભમાં કેવું દુઃખ હોય છે. સાંભળો ! ગર્ભમાં ઊંધે માથે લટકે છે. આપણા બે પગ ઝાલીને ઊંચા કરીને લટકાવીને રાખે તો કેવી હાલત થાય. માથું નીચું ને પગ ઊંચા . ફકત બે કલાક લટકાવી રાખે તો પણ દુઃખ ખમાય નહિ. બે કલાકમાં થાકી જવાય. તો નવ નવ મહિના ઊંધે માથે લટકે ત્યારે જીવાત્મા કેવો દુઃખી થતો હશે. જરા વિચાર કરજો.

તપે જઠરા તાપ અપાર, બળે દેહને કરે પોકાર. દાઝે દેહ અતિ અકળાય, કોમળ તને તે કેમ સહેવાય. ઊંધે માથે લટકી રહેવું તે જેમ તેમ સહન કરી લેવાય પણ બાજુમાં જઠરાગ્નિનો ભઠ્ઠો બળે છે. તે તાપ સહન કરવાનો હોય. આપણે બેઠા હોઈએ ચારે બાજુ અગ્નિ કરે તો કેટલીવાર વચમાં બેસી શકાય. ચામડી મંડે બળવા... એટલે ઊઠીને એક બાજુ થઈ જઈએ. પેટમાં જીવ કયાં એક બાજુ થાય. પછી કાચી કોમળ કાયા. બીચારો જીવ બહુ તરફડે છે.

**ગર્ભવાસના દુઃખથી ડરે, તે પ્રભુને શરણે પડે.**

આજથી નકકી કરો, મારે નરકના ખાડામાં હવે જવું નથી. આ જીવ અનેક વખત સંસારનાં સુખ ભોગવ્યાં છે. આ જીવ અનેક વખત ઈંદ્રરાજા થઈ આવ્યો છે. ચક્રવર્તી રાજા થઈને રાજપાટનાં અનેક પ્રકારનાં સુખ ભોગવ્યાં છે. ખૂબ જલસા કર્યા છે, અનેકવાર સ્ત્રીના દેહ ધરી ધરીને સંસારનાં સુખ ભોગવ્યાં છે, અનેક વાર પુરુષના દેહ ધરી ધરીને વિષય સુખ ભોગવ્યાં છે. બ્રહ્માનંદ સ્વામી ગાય છે. ભકિત કર્યા સિવાય મુકિત નથી માટે નારાયણનું નામ જપી લો.

**નારાયણ નામ લેને તું પ્રાણી રે,**
**બદ્રીનાથ પ્રગટ જગ જાણી... નારાયણ.**
**નરદેહ દીધો તુને નાથે રે, હોય ધન વાવર તારે હાથે રે.**
**પડ્યું રહેશે નાવે કોડી સાથે... નારાયણ.**

**ગર્ભવાસે રક્ષા કીધી તારી રે, લીધો જઠરા અગ્નિથી ઉગારી રે.**
**તેને કેમ બેઠો તું વિસારી... નારાયણ.**

બાર પટોળીના સુથાર આલાભાઈ સારા ભકત હતા. ધર્મ નિયમમાં દઢતાવાળા, વ્યવહાર કુશળ અને સેવાભાવી સારા હતા. સત્સંગની સેવા તન, મન અને ધનથી ઉત્સાહપૂર્વક કરે, ગમે તેવું શરીરને કષ્ટ પડે છતાં સેવામાં પાછી પાની કરતા નહિ, ઘરના પરિવારમાં સૌ સંસ્કારી હતા. આલાભાઈ બીમાર થયા. પત્ની અને સગાસંબંધી પુત્ર પરિવાર ખૂબ ભાવથી સેવા કરે, ખાટલે બેસીને પગ દાબે, પાણી માગે તો દૂધ આપે. સેવા કરતા જોઈને આલા ભગત ખૂબ રાજી થાય. મારાં પત્ની કેવાં ગુણીયલ છે, પુત્ર કેવો ડાહ્યો કહ્યાગરો. જેમ કહું તેમ કરે. માંદાઈ વધતી ગઈ સાથોસાથ મમતા પણ વધતી ગઈ.

શ્રીજી મહારાજ વિમાન લઈને તેડવા આવ્યા, ''ચાલો આલાભગત અમે તેડવા આવ્યા છીએ. આલા ભગતમાં અધ્યાત્મિક બળમાં ખામી હતી. કથા વાર્તા સાંભળવા જતા પણ બરાબર ભકિતનો રંગ જામેલો નહિ હરહંમેશ પોતાના પરિવારમાં મોહ ઘણો રહેતો. આલા ભગતે કહ્યું હમણાં ધામમાં આવવાની ઈચ્છા થતી નથી ! કેમ નથી થતી ? આ લોક કરતાં અક્ષરધામમાં અનંત ઘણું સુખ છે. કોઈ પ્રકારનું દુઃખ નથી. સદાય સુખ અને આનંદ છે. આ નાશવંત શરીરમાં કેટલા દિવસ મમતા રાખશો. ચાલો તૈયાર થઈ જાવ'' મહારાજ ! ઘરના સંબંધી સેવા બહુ સારી કરે છે. શ્રીજી મહારાજે કહ્યું

**ધામમાં નથી આવવું તો શું ગામમાં આંટા મારવા છે ?**

આલા ભકતે કહ્યું, ''બધી વાત સાચી, પણ ધામમાં નહિ ચાલું. શ્રીજી મહારાજ વિમાન પાછું લઈ ગયા. વિચાર કરો. સાક્ષાત્ ભગવાન કહે છે ચાલો અમારી સાથે. છતાં જીવની અવળાઈ કેટલી ! ના પાડી દીધી. થોડા સમય પછી પાછા શ્રીજી મહારાજ પધાર્યા, દરવાજો ખટખટાવ્યો. આલા ભગતે ઘરની બારીમાંથી જોયું તો શ્રીજી મહારાજ રથ લઈને તેડવા પધાર્યા છે. આલાએ એના દીકરાને કહ્યું, ''શ્રીજી મહારાજને કહી દે કે મારા બાપુજી ઘરમાં નથી. વળી શ્રીજી મહારાજ પાછા ગયા.

શ્રીજી મહારાજે વિચાર્યું કે આલા ભગતને માયાનો રોગ લાગુ પડ્યો છે. રોગથી મુકત કરવો પડશે, જીવ માયામાંથી છૂટતો નથી. કાંઈક કરવું પડશે. તેથી સખત બીમારી મૂકી. પેટમાં ચૂંક ઉપડી કાંઈ જમાય નહિ. ભયંકર પીડામાં પીડાય

છે. દુઃખ સહન થતું નથી ઘણી દવા કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ. બીમારી વધતી ગઈ. ભગવાનને પુકારે છે. મહારાજ મને ધામમાં તેડી જાવ. ખૂબ પસ્તાવો થાય છે. ભગવાન તેડવા આવ્યા તો પણ હું ગયો નહિ. ખૂબ રડે છે. આંસુ ધ્વારા મોહ મમતા નીકળી ગઈ. સાચી સમજણ આવી.

અખંડ પ્રભુને યાદ કરે છે. નિર્વાસનિક થયા પછે શ્રીજી મહારાજ આલા ભકતને વિમાનમાં બેસાડી અક્ષરધામમાં તેડી ગયા. આ લોકમાં ચાકરી કરનારાં સારા હોય તો જીવને આ લોકની વાસના ટળતી નથી. પૂર્વજન્મના સગાં સંબંધી અજ્ઞાને કરીને વીસર્યાં છે, આ જન્મનાં સંબધીને જ્ઞાને કરીને વીસારી દેવાં, શ્રીજી મહારાજને પ્રાર્થના કરીએ કે અમને મોહ મમતાથી બચાવી લેજો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઉદરમાં પીવાને શું મળે. ?

**પરુ પાચ ને રૂધિર પીવું, મળ મૂત્ર મધ્યે તે રહેવું;**
**ઉનું ટાઢું કોયલું ફસાયું, જેજે અન્ન જનનીએ ખાયું;**
**તેને સ્પર્શે પીડાય છે તન, એહ દુઃખે દુઃખી રાત દન.**
**ખારું ખાટું કડવું બળેલ, સડ્યું બગડ્યું અન્ન ઉતરેલ;**
**એવું જમે જનની જેવાર, લાગે ગર્ભને અંગે અંગાર.**

આપણને ઠીક લાગે ત્યારે ઠંડા પાણી શરબત દૂધ પી લઈએ છીએ, નવ મહિના સુધી બાળકને પરુ, પાચ અને રૂધિર પીવા મળે છે. મા તીખું ખાય, માને મજા આવે પણ તે રસ બાળકના પેટમાં જાય ત્યારે જોરદાર પીડા થાય છે, ઠંડા પાણી પીવે ત્યારે બાળક ધ્રુજી ઊઠે છે, ગરમા ગરમ ઉકાળેલું દૂધ કે પ્રવાહી વસ્તુ પીવે ત્યારે બાળક પગ પછાડે છે.. જનેતા માવડીએ થોડીક દયા ઊંધે માથે લટકતા જીવ ઉપર રાખવી.

**કોઈક ખાય છે લસણ ડુંગળી, ન ખાવાનું ખાય છે વળી,**
**તેનો રસ પડે તનપર, તેણે સુખ નથી પલભર..**

ડુંગળી, લસણ, હીંગ વિગેરે તામસી પદાર્થ મા જમે છે ત્યારે બાળક તરફડે છે. ગર્ભવતી બહેનોને બહુ ધ્યાન રાખવી, ભગવાનને જે વસ્તુ નથી ગમતી, તે આપણને બહુ ગમે છે. એ મોટી ઉપાધિ છે.

**રમે ભમે માતા લડથડે, ઘણું દુઃખ તે ગર્ભને નડે,**
**અતિ અશુચિનું જેઆગાર, જીવ પડીયો તેહ મોઝાર;**

**મહા દુર્ગંધ મધ્યે ઘર રહેવા, ઘડી એક નહિ સુખ લેવા.**
**ધાતુ સપ્તનો ભર્યો ભંડાર, રાત દિવસ કરે આહાર;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સપ્તધાતુનો ભર્યોભંડાર, રાત દિવસ કરે આહાર, જીવ જંતુ તિયાં વસે જોઈ, ડસે દેહને પીવે છે લોઈ. નાના નાના કરમિયા બાળકના શરીરને ડંસ મારે છે, તેને દુઃખે નાસવાને જાય છે નાસી ભાગીને કિયાં જવાય. ભાગવા જાય પણ જાય કયાં ચારે બાજુ પાકી બાઉન્ડરી છે. વાઘરોણ ઊંધે માથે લટકતી ચીસો પાડે  અને પવન આવે ત્યારે તરફડીયાં ખાય તેમ બાળક મા ના ઉદરમાં તરફડીયાં ખાય છે. ચીચુડામાં બેસે પછી ઝપાટાબંધ ચીચુડાને ફરાવે પછી ઉતરી જાય તો પણ ચકકર ફર્યા જ કરે. કે જાણે ચીચુડામાં જ ફરું છું. તેમ બાળકને પણ ફેર ચડી જાય છે. આવી મૂંઝવણમાં નવ મહિના રહેવાનું હોય છે. રાત દિવસની કાંઈ ગમ પડે નહિ. અંધારામાં રહેવાનું હોય. થોડીકવાર લાઈટ બંધ થઈ જાય ત્યારે આપણને કેટલી મૂંઝવણ થાય જુગ જેવડી પળ જાય છે. હવા ઉજાસ કાંઈ નહિ. કયારેક ગાડીના ધુંમાડા થાય ત્યારે અકળાઈને આડા અવડા ભાગી જઈએ. મા ના પેટમાં દોડીને જાય કયાં ! ત્રાહી ત્રાહી કરે પોકાર, સ્વામી કરજો મારી સાર, આ દુઃખથી જો અળગો થાઉં, તો હેતે ગુણ તમામ ગાંઉ. આવા કઠિન દુઃખથી મુકત થાવું હોય તો ભલા થઈને ભગવાનની ધર્મ સહિત ભકિત કરો. દેવાનંદ સ્વામી કહે છે. સાચા સંતમાં વિશ્વાસ રાખી ભજન કરી લ્યો.

**ભજી લે ભગવાનને સાચા સંતને મળીને,**
**વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળીને.**
**ઓળખી લે અવિનાશી, રહેજે જ્ઞાનમાં ગળીને,**
**રીઝશે રંગરેલ વહાલો, અઢળક ઢળીને... ભજી.....**

આપણા નંદ પંકિતના સંતોએ શ્રીજી સ્મરણ કરીને પોતાનો બ્રહ્મ સંબંધ ટકાવી રાખ્યો. સતત ભગવાનના ગુણ ગાવા, ગાતાં ગાતાં આપણા હૃદયમાં ભગવાન વસી જશે અને જગતના અન્ય સંબંધો મનમાંથી ખસી જશે, શ્રીજી મહારાજ ગ.મ. ૫૫ મા વચનામૃતમાં કહે છે, ભગવાનના જે એકાંતિક ભકત હોય તેનું મન ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, વાણી ભગવાનના યશને જ ગાય, હાથ ભગવાન અને ભગવાનના ભકતની સેવા પરિચર્યાજ કરે, કાન અખંડ ભગવાનના યશને જ સાંભળે.

ભગવાનનું ભજન સારી રીતે થઈ શકે, તેવી તમામ સગવડયુકત આ દેહરૂપી વાડી આપણને આપી છે, સંતો વારંવાર કહે છે. છતાં જગતના મોહ મમતામાં જીવાત્માને જે કરવાનું છે, તે ભૂલી જાય છે, અને બીજું ઘણું થાય છે. જીવાત્મા ઉદરમાં પ્રાર્થના કરે છે. પ્રભુ હું તમારે શરણે છું, મારી રક્ષા કરો. આ ભયંકર દુઃખમાંથી બચાવો.

**સર્વે રીતે તમારે શરણ, રહું હરિ દુઃખના હરણ;**
**શ્રવણે સુણું તમારી કથા, બીજું ન બોલું મુખથી વૃથા.**
**નયણે નિરખું તમારું રૂપ, ત્વચાએ તમને ભેટું ભૂપ;**
**કરે કરું તમારી જ સેવ, રદયે સ્મરું શ્રીહરિ દેવ.**
**રસનાએ રાખું તમારું નામ, શ્વાસ ઉચ્છવાસ સંભારું શ્યામ;**
**ચરણે શરણે તમારે હું આવું, નખશિખ અંગ એમ વર્તાવું.**

જીવ પોકાર કરે છે, ''હે પ્રભુ'' મને મદદ કરો. બધી રીતે તમારે શરણે છું. ભગવાને કહ્યું, બધી રીતે મારી આજ્ઞાનું પાલન કરીશ ? હા... હા.... બધુંજ કરીશ, કાનથી કથા સાંભળીશ, મુખથી તમારા ગુણ ગાઈશ, નેણથી તમારાં દર્શન કરીશ. મનથી તમારું સ્મરણ કરીશ, મારું મસ્તક તમારા ચરણમાં ધરી રાખીશ. નખશિખ તમારો થઈને રહીશ પણ મને આ ગર્ભવાસ રૂપી જેલમાંથી જલદી છૂટો કરો.

**કોલ બોલ કરું હું કરાર, બહુ નામી કાઢો મને બહાર;**
**એમ થયું ઉદરમાં જ્ઞાન, તે જ્ઞાનના દેનારા ભગવાન.**
**જીવે કરી અરદાસ, પ્રભુ છોડાવો ગર્ભવાસ....**

ભગવાન અતિ દયાળુ છે, પાપ ઘણાં કર્યાં છે, ગુન્હાનો પાર નથી. છતાં દયા કરીને આર્તવાનની લીધી સંભાળ. જીવના ગુન્હા ભગવાન ભૂલી જાય છે. મા જેમ બાળકના ગુન્હા ભૂલી જાય છે, તેમ ભગવાન જીવાત્માના ગુન્હા ભૂલી જાય છે.

ભગવાનને ન ગમે એવું આપણે આપણી જિંદગીમાં કેટલું કર્યું છે. તેનું લીસ્ટ કરી જોજો. હૈયે હાથ મૂકી હૃદયને પૂછો. પહેલાં પાપ તો તપાસો ! પછી કલ્યાણની વાત !! દુકાનમાં, કોન્ટ્રાકટમાં, ઓફિસમાં, વાડીમાં શું શું ધંધા કર્યા છે ! એ તો તપાસો !! સ્વામિનારાયણ ભગવાન એ ધંધા શું નહિ જાણતા હોય ! વિચાર કરો ! કૂડ કપટ કરીને કેટલાને છેતર્યા છે ?? કેટલી ચોરી કરી છે ? વાડીમાં કેટલી

દવા છાંટી નિર્દોષ સુક્ષ્મ જંતુને માર્યા છે. સિમેન્ટમાં દગો કરીને કેટલા પૈસા ભેગા કર્યા છે. સરવાળો કરો ! આજ સુધી ગાળો કેટલી બોલ્યા છો ? કેટલા ભૂંડા સંકલ્પ કર્યા છે ?

**જિંદગીમાં કેટલી ખરાબ દષ્ટિ કરી છે કરો એનો ટોટલ.**

ભગવાન વિના કેટલા ઘાટ સંકલ્પ કર્યા છે? ભગવાનને મોઢું દેખાડવા જેવું નથી એટલાં પાપ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**પ્રસુતિના વાયુને પ્રેરી, ટાળી પીડા ગર્ભવાસ કેરી;**
**કર્યો હુકમને ખોલ્યું દ્વાર, આપી આજ્ઞા ઉઘાડ્યું બાર.**
**જન્મ સમયે કરી હરિએ જતન, સીધુ સમું રાખ્યું એનું તન;**
**અતિ કષ્ટમાં કરી એની સહાય, જેકષ્ટ મુખથી કહ્યું નવ જાય.**

જન્મનું દુઃખ અતિ કઠણ છે, બાળકનો જન્મ થતો હોય ત્યારે મા ને પીડા થતી હોય, તેના કરતાં જન્મ લેનારાને વધારે પીડા થાય છે.

જન્મ દુઃખં જરા દુઃખં જન્મ દુઃખં પુનઃ પુનઃ ।
મૃત્યકાલે મહદ્ દુઃખં તસ્માત્ જાગૃહિ જાગૃહિ ।।

માનવ મનમાં વિચારે કે હું દાન પુન્ય કરું છું, તો મને ભગવાન સારા કુળમાં જન્મ આપશે, મોટો શેઠ થઈશ, ને મોટો રાજા થઈશ, પણ તને રાણીના પેટમાં આવવું પડશે, ને શેઠાણીના પેટમાં આવવું પડશે. તેનો વિચાર કર્યો છે ?? બે પગવાળી મા મળે તો પણ ભૂંડી દશા છે ને ચાર પગવાળી મા મળે તો પણ ભૂંડી દશા છે.

**મનુષ્ય જન્મ અનંત જન્મનો આરંભ પણ છે ને મનુષ્ય જન્મ અનંત જન્મનો અંત પણ છે**

જીવન જીવતાં ન આવડે તો વળી પાછા એવાં ખરાબ કર્મો કરે કે પાછું ભવાટવીમાં ભટકવું પડે, દુઃખ આપીને પ્રભુ જીવન શુધ્ધ કરે છે, ને સુખ આપીને જીવન ઉત્સાહી કરે છે, એ પ્રભુની કૃપા છે.

શ્રીજી મહારાજ સુરતમાં પધાર્યા, સભામાં વિરાજમાન થયા, સામે સંતમંડળ અને સત્સંગી બેઠા છે, શ્રીજી મહારાજના મુખમાંથી નીકળતા અમૃતરસનું પાન કરે છે, ત્યાં બ્રહ્મજ્ઞાનીઓ સભામાં બેસવા આવ્યા, શ્રીજી મહારાજે મીઠો આવકાર આપ્યો. પછી શ્રીજી મહારાજે વાત કરી, ‘‘હે સંતો ! માટલીમાં મંકોડો પૂર્યો હોય તો

તે ચારે કોરે ભટકયા કરે. પણ ઠરવાનું ઠામ કયાંય હોય નહિ, જો માટલીમાં એક સાકરનો ગાંગડો નાખો તો મંકોડો સાકરના ગાંગડા પાસે સ્થિર થઈ જાય. તેમ સત્સંગરૂપી માંટલી છે, અને તેમાં જીવ રૂપ મંકોડા છે, તે ચારે કોર જન્મ મરણના ફેરામાં ભટકયા જ કરે છે પણ સાકરરૂપી ભગવાનના ચરણારવિંદમાં ચોંટે તો જન્મમરણના ફેરા ટળી જાય.

પ્રભુના એક એક અંગમાં આંખ અને મનને સ્થિર કરીને પ્રભુનાં શ્રી અંગને સારી પેઠે નિરખવા તો જ ભકિતમાં આનંદ આવશે.

## લોકો ભકિત કરે છે, પણ પાપ છોડતા નથી તેથી આનંદ આવતો નથી.

ભકિત કરે છે પણ એક બીજાની નિંદા બહુ કરે છે, તેથી આનંદ આવતો નથી. ખોટું બોલે છે. ન ખાવાનું ખાય છે, તેથી આનંદ આવતો નથી. મન સુધરશે તોજ ભકિતમાં આનંદ આવશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**કનક તણો જેમ તાણે તાર, તેથી વસમો લેવો અવતાર;**
**જેમ પીલે ચિચુમાં શેરડી, તેથી કઠણ ઘણી એહ ઘડી.**
**જેમ ભીડે સંકોચે કપાસ, એથી તજવો કઠણ ગર્ભવાસ;**

શરીરમાં બાર વાયુ રહ્યા છે. ભગવાને પ્રસુતિના વાયુને આજ્ઞા કરી ત્યારે તે વાયુ ભગવાનની શક્તિથી બાળકને ગર્ભવાસમાંથી મુકત કરે છે. આજ્ઞા ન કરે તો કાંઈ ન થાય. વાયુને આજ્ઞા નથી કરતા ત્યારે ઓપરેશન કરીને બાળકને બહાર કાઢે છે. કનક તણો જેમ તાણે તાર, તેથી વસમો લેવો અવતાર. સોનાના તારને જ્યારે પાતળો કરવો હોય ત્યારે સોનું તપાવીને નાની એવી જગ્યામાંથી એને ખેંચે છે. તેમ માના ઉદરમાંથી બહાર આવતાં એવી દશા થાય છે.

જેમ પીલે ચિચુડામાં શેરડી, તેથી કઠણ ઘણી એહ ઘડી, શેરડીનો સાંઠો જેમ બે રાઉન્ડ વચ્ચે પીલાય તેવી રીતે ભીંસાતો ચંપાતો બહાર આવે છે. કપાસમાંથી કપાસિયાને છૂટા કરે તેમ જોરે તાણીને બાળકને બહાર કાઢે છે.

શ્વાસોશ્વાસે ભરાણી છે છાતી, પામ્યો પીડા કઈ નથી જાતી, મુર્છિત થઈ ગયો. મળ મૂત્રને લોહીથી ખરડાયેલો બહાર આવ્યો કે ગર્ભવાસનું દુઃખ હતું તે ભૂલાઈ ગયું. ઉંઆ. ઉંઆ. તમે ત્યાં અને હું અહિંયાં મને ને તમને કાંઈ લેવા દેવા નથી.

**જેમ ભૂલ્યો ગોવિંદના ગુણ, તેમ સારી શિખામણ આપે કોણ ?**

તમે કોઈ દિવસ તમારા બાળકને કહ્યું કે તું તારી મા ના પેટમાં બહુ દુઃખી હતો. ભગવાને તને હેમખેમ છોડાવ્યો છે. ઊંધે માથે લટકતો હતો. તને જંતુઓ ચટકા ભરતાં, ત્યારે તું તરફડતો, આવી દુઃખની વાત બાળક પાસે કયારેક કરજો, શેરડીનો ચિચુડો કયારેક જુઓ ત્યારે યાદ કરજો, આવી રીતે આપણો પીલાતાં પીલાતાં જન્મ થયો છે.

## ભૂલેલાને સાવધાન કરો !

જયાં બાળક જન્મ લે છે તે બધા સ્વાર્થીલા હોય છે.

**જીયાં એણે લીધો અવતાર, તે તો સ્વાર્થી સહુ નર નાર;**
**પુત્ર આવ્યો જાણી પામ્યા આનંદ, હર્ષ વધાઈ કરે કુળવૃંદ.**
**વાજે વધાઈ આનંદે ભારી, મોટી મહેર કુળદેવે કરી;**

અમારે ઘરે દીકરો આવ્યો. આનંદ આનંદ થઈ ગયો. કુળદેવે દીકરો દીધો, ઘણા દિવસથી વાટ જોતાં હતાં, હવે વંશ વધારનારો કુળદીપક આવી ગયો. ચારે બાજુ વધાઈ સાથે મીઠાઈ વહેંચે.

**માતા કહે મને પાળશે, પિતા કહે ચિંતા ટાળશે;**
**ભાઈ કહે થઈ બીજી બાંય, કહે કુટુંબી કરશે સહાય.**
**બેન કહે કરશે કંચવો, ફૂઈ કરે મનોરથ નવો;**

મા રાજી થાય, હવે મને પાળશે, કમાઈને દેશે, ઘઢપણમાં મારી ચાકરી કરશે. બીચારી મા ને ખબર નથી કે ચાકરી કરશે કે ન બોલવાનું બોલીને હૈયુ બાળશે. વૃધ્ધ માવિત્રો. દીકરાઓને બહુ ઓછાં ગમે. એની બોલી ન ગમે. માવિત્રો કાંઈક દુઃખની વાત દીકરા પાસે કરે તો છક્કી દઈને વાતને ઉડાડી દે. પણ ધ્યાન રાખજો, તમારો વટ ભગવાન ઉતારી દેશે. બાપ કહે ચિંતા મારી ટાળશે.

ભાઈ કહે હું એકલો હતો હવે જોડ થઈ, ભેગા રમશું જમશું ને ભણશું. બહેન અને ફૂઈ વિચાર કરે કે બહુ સારું થયું. અમને પસલી દેનારો આવી ગયો. નિષ્કુળાનંદ સ્વામી જોરદાર ચેતવણી આપતાં કહે છે, આપ સ્વાર્થ બાંધી એમ આશ, જેમ રચ્યો પારધિએ પાશ. પારાધિ જેમ માછલાંને પકડી લે તેમ આને સ્વાર્થે પકડી લીધો. જલદી મોટો થાય ને આપણને કામ આવે. એમ કરતાં વર્ષ થયાં પંચ, રમવા

કારણ આપ્યો સંચ. જાતજાતનાં રમકડાં લઈ દીધાં.

**અનેકવિધિ શિખવી અન્ય, ન શિખવ્યું હરિનું ભજન;**
**જેણે કરી ભૂલે ભગવાન, એવું સમજાવ્યું સર્વે જ્ઞાન.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. મા-બાપ, દાદા-દાદી વિગેરે સંબંધીએ રમતની જાતજાતની અનંત કળા શીખવાડી, પણ પાંચ વરસનો બાળક થયો, છતાં ભગવાનનું નામ શીખવ્યું નહિ. ભગવાન ભૂલાઈ જાય એવું બધું શીખવાડે. ટી.વી. સામે બેસાડી દે. રીમોટ વાપરતાં શીખવાડે, ડાઉન-ફુલ-ઓન-ઓફ- આવું બધું શીખવાડે પણ ભગવાનનું નામ શીખવાડે નહિ.

**મા બાપની બેદરકારીથી, બાળક અવળેમાર્ગે ચાલ્યું જાય છે.**

તમારા બાળકને તારવો છે કે બોળવો છે ?? જન્મ મરણના ફેરામાં ડૂબાડવો છે કે અક્ષરધામમાં પહોંચાડવો છે ? તે આજથી નક્કી કરો ! સુખી કરવો હોય તો કીર્તન શીખવાડો. જમો થાળ જીવન જાઉં વારી, શીખવાડો. આરતિ શીખવાડો. બે ત્રણ લીટી બોલાવો. કેવળ દુનિયાનું ડહાપણ શીખવાડવાથી શું વળશે !! ભગવાન ભૂલે એવું શું શું શીખવાડ્યું તે બાબત સ્વામી વર્ણવે છે. સાંભળો.

**કુડ કપટને ઘણી ઘાતો, તેની કહી સમજાવી વાતો;**
**છળ છેતર દગા દયાહીણ, એમાં કર્યો પૂરો પરવીણ.**
**પેચ પાખંડ પરધન લેવું, અનેક રીત શીખવ્યું એવું;**
**ચોરી હિંસા કરવી હંમેશ, આપ્યો સહુએ એવો ઉપદેશ.**
**તીર્થ વ્રત સાચા સાધુનો સંગ, તે સહુમાંથી કર્યો મન ભંગ;**
**દાન પુણ્ય કરીયે નહિ કેદી, મળે ધન તો લૈયે માથું છેદી.**

સ્વામી કહે છે, છેતરપીંડી કરવામાં પાવરધો કરી દીધો, પાપી માવતર શું શીખવાડે !! દાન પુણ્ય કરીયે નહિ કેદી, રૂપિયા મળતા હોય તો લઈએ માથું છેદી. ઊંધે રવાડે ચડાવી દીધો, બાળકનું જીવન મા-બાપના જીવન ચારિત્ર પર આધારીત હોય છે. બાળકનું હૃદય કોરી પાટી જેવું હોય, જેવું શીખવાડો તેવું શીખે.

એક માણસ કમાવાનો કૂડો હતો. છાની છાની ચોરી કરે, માર કૂટ કરીને પૈસા લાવી કુટુંબનું પોષણ કરે, સાવ નિર્દય પ્રકૃતિનો, એક દિવસ એના બાર વરસના દીકરાને ચોરી કરવા લઈ ગયો, સરસ કેશર આંબાનો બગીચો હતો, છોકરાને

આંબાના વૃક્ષ ઉપર ચડાવી દીધો અને કહ્યું, ''કેરી તોડી તોડીને નીચે નાખજે, પછી આપણે ઘરે લઈ જઈ રસ કાઢીને જમશું, છોકરો બીચારો નાનું બાળક એને ખબર નથી કે આને ચોરી કહેવાય. તેથી કેરીઓ તોડી તોડીને નીચે ફેંકે છે.

વાડીનો માલિક આવ્યો જોરદાર હાક મારી, અલ્યા નાની ઉંમરમાં ચોરી કરતાં શીખી ગયો ? ચાલ તારા બાપ પાસે. ત્યારે નિર્દોષ છોકરો બોલ્યો, કાકા મારા બાપુજી ઘરે નથી, પણ બીજા આંબાના ઝાડ ઉપર કેરી ભેગી કરે છે, મને મારા બાપુજીએ આંબા ઉપર ચડાવ્યો છે.'' માલિકે કહ્યું ''હત્ તારું ભલું થાય !'' જેવો બાપ તેવો બેટો, એમ કરી બીજા આંબા ઉપર નજર કરી તો છોકરાનો બાપ છૂપાઈને બેઠો છે. માલિક પાસે લાકડી હતી. એવી જોરથી ફેંકી. ચોરના માથામાં વાગી. ચક્કર ખાઈને પડ્યો હેઠો. આવું જોઈ છોકરો મંડ્યો રડવા. વાડીના માલિકે છોકરાને ધીરેથી નીચે ઉતાર્યો. વિચાર કરો! આવા પાપી મા બાપ પાસેથી શું સંસ્કાર મળે ! પોતે મરે ને બીજાને મારે. ઊંધે રવાડે ચડાવી દે.

**થયો મોટો દિયે બહુ ડોટું, ક્ષણ ક્ષણમાં હસે રૂએ ખોટું;**
**કુદે ફાંદે ભરે મોટી ફાળ, ખિવે ખિવરાવે બીજાનાં બાળ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. ખોટું ખોટું રૂવેને મોટા મોટા ટેપલા મારે. આવું જોઈ એની મા રાજી થાય. લાભ વિના કરે લવારી. કોઈ વાતમાં માલ ન હોય, તોય લવલવ કર્યા કરે. એના મા-બાપ આવું જોઈ ખુશ થાય. વિના સ્વાર્થે વસાવે વેર, મારે ઝીણા જીવ નહિ મહેર. આલ્ય આલ્ય કરે છે અનર્થ, એમ જાય છે જન્મ વ્યર્થ. નાના જંતુને દેખે કે તરત મારી નાખે. આવું જોઈ એની મા રાજી મારો દીકરો ડરપોક નથી, હોશિયાર છે. પણ એમ ન કહે કે જંતુને મરાય નહિ.

## મા રાખે ધ્યાન તો, સંતાન બને મહાન

સંસ્કારી મા હોય તો નાનપણથી ખોટી ટેવથી પાછા વાળીને ધર્મને માર્ગે ચલાવે. મા-બાપને બરોબર ટકોર રાખવી. પાંચ વરસ સુધી બાળક પાપ કરે છે, તે પાપ એના મા-બાપને લાગે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે..

**એમ કરતાં આવે યૌવન, ત્યારે પ્રિય લાગે પ્રમદા ને ધન;**
**એ વિના બીજુંવહાલું નહિ કાંઈ, રાત દિવસ રાચ્યો એહ માંઈ;**
**એને અર્થે અનરથ કરે, ઉંધું અવળું કરતાં નવ ડરે;**

**મન રહે દામ વામે મોઈ, એમ બેસે આવરદાને ખોઈ;**

યુવાની અવસ્થામાં બે વસ્તુ બહુ ગમે. ધન અને સ્ત્રી, તેના માટે રાત દિવસ ઊંધું અવળું કર્યા કરે. ધન જડ માયા છે, અને સ્ત્રી ચૈતન્ય માયા છે. સંસારના બધા વેગો યૌવન અવસ્થામાં વિશેષ હોય છે.

**બાળપણું નિર્દોષ અવસ્થા છે.**
**યુવાની છલકદાર અવસ્થા છે.**
**વૃધ્ધપણું થાકેલી અવસ્થા છે.**

યૌવનમાં આહાર વધારે હોય, વિચાર વધારે હોય, તેથી ક્રોધનો વેગ વધી જાય છે. સદ્‌વિચાર અને સંત સમાગમ રાખે તો યુવાનીમાં બધા વેગ કાબુમાં રહે છે.

**કાન્તા કનક સૂત્રેણ વેષ્ટિતં સકલં જગત્ ।**
**તાસુ તેષુ વિરક્તો યો દ્વિભુજઃ પરમેશ્વરઃ ।।**

ધન અને સ્ત્રીમાં આખું જગત બંધાયેલું છે. ધન સ્ત્રીમાં મોહી, એમાં બેસે આવરદાને ખોઈ, જુવાની એવી છલકદાર છે કે જો ધ્યાન ન રાખે તો ન કરવાનું કરી બેસે છે.

**નરતને ન કરવા જેવું, પ્રાણી પાપ કરે નિત્ય એવું;**
**પામી જોબન કરે છે એહ, કહે નિષ્કુળાનંદ કહું તેહ.**

શિષ્ટાચારની રીતિ છે. કે પરસ્ત્રીને માતા, બહેન અને દીકરી સમાન માનવા જોઈએ, કયારે પણ કુભાવ જાગવો જોઈએ નહિ. બ્રહ્માએ ભૂલ કરી, પોતાની દીકરીનું રૂપ નીરખીને જોયું તેથી મતિ બગડી ગઈ, એક વાતનું ધ્યાન રાખજો.

**પાપ પહેલું આંખ દ્વારા પ્રવેશ કરે છે.**

પછી તેનું મનમાં મનન થાય, પછી સંકલ્પ વિકલ્પનો કદોળો ઊઠે, તેથી ગતાગમની કાંઈ ખબર રહેતી નથી, માટે આંખને કાબુમાં રાખવી, તાકી તાકીને કોઈનું રૂપ જોવું નહિ, જો જોવું જ હોય તો નીરખી નીરખીને ભગવાનનું સ્વરૂપ નીરખો. નેણામાં રાખવા જેવા એક ભગવાન છે.

**પૂર્વછાયો :- જોબનમાં જે જે કર્યું, તેની કહું હવે વાત;**
**દામ વામને કારણે, ઘણી ઘણી શીખ્યો ઘાત.**
**પ્રીત બાંધી પત્ની સંગે, અને અંગે કરે અધર્મ;**

**સાચી સંતની શિખ ન માને, અને કરે તે ખોટાં કર્મ.**

સ્વામી કહે છે, પત્ની સાથે પ્રીત બાંધી અને સાચા સંતની શીખ મનાણી નહિ. સંસાર ખરાબ નથી. પત્ની સાથે પ્રીત હોય તે સ્વભાવિક બાબત છે. પણ જો સાચા સંતની શિખામણ હૈયે ધારી હોત તો નરકથી બચી જાત. પણ એક બાજુ ઢળી ગયો. સંતોથી વિખૂટો પડી ગયો. મા-બાપને અને ભગવાનને ભૂલી ગયો તે મુશકેલી ઊભી થઈ. પૈસા કમાવા એ પાપ નથી, પણ ભગવાનને ભૂલી જવા એ પાપ છે, કુડકપટ અને અન્યાય કરવો એ પાપ છે, માટે વિવેકપૂર્વક વ્યવહાર કરવો.

**ચોપાઈ :-**

**કરે કર્મ અતિ ઘણાં ખોટાં, જેણે થાશે તે બંધન મોટાં;**
**ચોરે ધનને હરે છે નારી, થયો મદ્ય માંસનો આહારી.**
**મારે જીવ આવે નહિ મેર, બાંધી અધર્મ ધજા તે ઘેર;**
**બોલે ખોટું ને નાખે છે આળ, નિરબળ કંગાલનો કાળ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ખોટા કર્મ કરશો તો બંધન મોટાં થશે. તેની સજા મોટી થાશે, પારકું ધન ચોરે, પારકી સ્ત્રીનું અપહરણ કરે, માંસાહાર કરે, જીવ જંતુને મારી નાખે. ખોટું બોલે, સાચું કામ થતું હોય ત્યાં બગાડ કરે. તેવા પાપીને ભારે ભયંકર સજા ભોગવવી પડશે.

## મરણ છે તે, હિસાબ દેવાનો દિવસ છે

એક ખેડૂત પોતાના ગામમાં રહેતો હતો, પણ બરાબર ધંધો ચાલે નહિ, વ્યવહારમાં ખેંચ પડે ત્યારે છોકરાં પણ ભૂખ્યા રહી જાય. હવે શું કરવું ? તેથી બીજે ગામ જવા રવાનો થયો. બહુ દૂર નીકળી ગયો. રસ્તામાં એક બ્રહ્મદેવ મળ્યા. તેણે કહ્યું, ''તમે કેટલે સુધી જાઓ છો ?'' ખેડૂતે કહ્યું, હીસાબપુર ગામે જવું છે.

બ્રહ્મદેવે કહ્યું, તે ગામની તમને ખબર છે ? તે ગામમાં જેટલાં માણસો છે તે બધા વીસ વરસના થાય છે. મોટા થતાં નથી ખેડૂતે વિચાર કર્યો, તો તે ગામમાં જવાય નહિ. ચાલતા ચાલતાં એક સત્સંગી હરિભકત મળ્યા તેને પૂછ્યું, ત્યારે તેણે સરસ જવાબ આપ્યો, અમારા ગામમાં મંદિર છે. ત્યાં બધા ભકતો ભજન ભકિત કરે, સંત સમાગમ કથા કીર્તન કરે, બધા હરિભકતો મંદિરમાં પોતપોતાની એક નોટબુક રાખે, તેમાં ભજન ભકિતનો હિસાબ લખે, આ તારીખનાં મેં બે કલાક

ભજન કર્યું. એમ દરરોજ સરવાળો લખે. પછી જ્યારે વૃધ્ધ થાય ત્યારે હિસાબ કરે, બધી કલાક ભેગી કરે તો માંડ ૨૦ વરસ જેટલું ભજન સ્મરણ સંત સમાગમ થયું હોય. તેથી સાચી હકીકતમાં વીસ વરસ જીવ્યા કહેવાય.

બાકી ભગવદ્‌સ્મરણ વગર જીવ્યા હોય તે નકામા ગણાય. ખેડૂત આવું સાંભળી બહુ રાજી થયો, પવિત્ર ગામમાં રહેવા ગયો. જેમ બને તેમ ભજન ભકિત વધારે થાય, તેવી કાળજી રાખીને સત્સંગ કરે છે.

આ કથા સમજણ માગી લે એવી છે. કેટલું જીવ્યા એનું કંઈ મહત્વ નથી, પણ કેવું જીવ્યા તે મહાન બાબત છે, માયાના વાવાઝોડામાંથી નીકળી જવાય તો જિંદગી લેખે લાગે.

**સહુથી સરસ થવાનું છે સઈ, તેને અર્થે કરે પાપ કંઈ;**
**રાત દિવસ ઘડે બહુ ઘાટ, મનસૂબો મોટું થાવા માટ.**
**ઈચ્છે વસ્ત્ર આભૂષણ અંગે, રાચી રહ્યો તન સુખ રંગે;**

સ્વામી કહે છે, જગતમાં મોટું થાવા રાત દિવસ ઘાટ ઘડ્યા કરે છે. સારાં વસ્ત્ર પહેરી મૂછનો મરોડ બતાવે. હું શ્રીમંતનો દીકરો છું. ચોરે જઈને બેસે કે બધા મને જુવે, હું કેવો છું !. સાવ નવરો બજારમાં આંટો મારે પણ મંદિરમાં દસ મિનિટ બેસીને પાંચ માળા ફેરવે નહિ. ચાલે જોબનમાં મદમાતો, દેખી ધન કુટુંબ ફુલાતો ફુલાઈને ફરે. પણ તારી ભૂંડાઈ તારાં પાપ કેવાં છે તે બધાને ખબર છે. હલકો કયાં જઈને બેસે. બાઈઓની અવરજવર ઘણી હોય ત્યાં જઈને બેસે. લાજ વિના નાખે નજરું પરનારી પર, પાપીને નહિ પ્રભુનો ડર.

## નાખે નજરૂં પરનારી પર, પાપીને નહિ પ્રભુનો ડર

હલકટ પાપી યુવાન સ્ત્રીને જોયા કરે, પારકી નારી સામે વિકારભાવે નજર કરે છે, તેની પાપીને ખબર નથી, કે એનું પરિણામ કેવું ભોગવવું પડશે. ભગવાનની બીક હોય તો આવા ઊંધા ધંધા કોઈ દિવસ કરે નહિ. બહારવટીયા જોગીદાસ ખુમાણ એક વખત ગઢપુર શ્રીજી મહારાજનાં દર્શન કરવા આવ્યા. પગે લાગી બે હાથ જોડીને સભામાં બેઠા. ત્યારે શ્રીજી મહારાજે અમીદષ્ટિ કરતાં પૂછ્યું ! જોગીદાસ ! તમારાથી પરસ્ત્રી સામે તાકીને જોવાઈ જાય તો તમે આંખમાં મીઠું ભરો છો, એવું અમે સાંભળ્યું છે. તે વાત સાચી ?

હા, મહારાજ તે વાત સાચી છે, શ્રીજી મહારાજે કહ્યું, ‘નેત્રને કઠણ શિક્ષા શા માટે કરો છો ? જોગીદાસે કહ્યું, હે મહારાજ મારી જનેતાએ મારું નામ જોગીદાસ રાખ્યું છે. આપણા સંતોનો એટલે જોગીઓનો દાસ છું. જોગી મારા ગુરુ સ્થાને છે. મારાથી જો પરસ્ત્રી જોવાય કે મનમાં બુરો ઘાટ સંકલ્પ થાય તો મારું જોગીદાસ નામ લાજે, મને કાળી ટીલી બેસે તેથી સાવધાની રાખું છું. છતાં કયારેક અજાણે પરસ્ત્રી સામે તીક્ષ્ણ દષ્ટિ થાય તો મનમાં બળતરા થાય. તેથી મારા નેત્રને પાપની સજા કરવા હું આંખમાં મીઠું ભરું છું. આંખમાં રહેલો વિકાર અશ્રુ દ્વારા વહી જાય ત્યારે મારા અંતરમાં શાંતિ થાય છે.

શ્રીજી મહારાજે કહ્યું, સંતો ! ભકતો ! સાંભળ્યું ને ? આ જોગીદાસને પોતાના નામની, જોગીઓના દાસપણાની કેટલી ખુમારી છે. હું જોગીઓનો (સંતોનો) દાસ, મારાથી આવું અનિષ્ટ કર્મ થાય નહિ. જોગીદાસ જેવું થઈ ન શકે પણ દષ્ટિને નિયમમાં રાખી શકાય.

### જેણે દષ્ટિ સુધારી છે તેની સૃષ્ટિ દિવ્ય બને છે.

બ્રહ્માનંદ સ્વામી કહે છે, બહાર જગતનું રૂપ બહુ સારું નથી. જગતના નાથનું રૂપ દિવ્ય છે. ભગવાનનું રૂપ જોઈને દષ્ટિ નિયમમાં કરો.

**રંગીલા તારા રૂપને મેં જોયું રે, લટકાળા નંદના લાલ મનડું મોહ્યું રે;**
**ફરાળું છોગું ફૂલનું મેં જોયું રે, ચટકાળી તારી ચાલ મનડું મોહ્યું રે.**
**કરમાં એક ફુલ ગુલાબનું મેં જોયું રે, હેરે છે હેત સહિત મનડું મોહ્યું રે;**
**કાજુ ચિહ્ન કપોળમાં મેં જોયું રે, બ્રહ્માનંદ કહે ઘેરે ગીત મનડું મોહ્યું રે.**

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, એકાંતિક ભકતો સાથે અમારે બેઠા ઉઠ્યાની સુવાણ થાય છે, નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**સુંઘે કાખ શીખ્યો સનકારા, થાય વિકળ દેખી પરદારા;**
**કામી હરામી શું હેત રાખે, ભૂલ્યે નામ હરિનું નવ ભાખે.**

હરાયા કૂતરાની જેમ ખોટાં કામ કરવા દોટું કાઢે, મરડે ઠરડમાં રહે મલકાતો, ઘણું જોબનને મદ માતો, રાત દિવસ રહે રડવડતો, દામ વામ અર્થે અથડાતો, હરાયું ઢોર (ધણી વિનાનું) ખેતરમાંથી લીલો ચરો ખાઈ લે, પછી ઠીક લાગે ત્યાં સૂઈ જાય. પછી ખેતરનો ધણી આવે ત્યારે બરાબર જેવા ધોકા લગાવે, તેમ ન ધણીયાતા માણસો ઘણા રખડતા હોય છે, પૂજા પાઠ, દેવ દર્શન, ભજન કીર્તન, દાન પુન્ય, સત્સંગ

સમૈયા, જપ, તપ કાંઈ પણ સત્કર્મ કરે નહિ, એકાદશીનું ફરાળ કરે નહિ કંઠમાં કંઠી પહેરે નહિ, એવા ન ધણીયાતા ઢોરને જમદૂતો બરાબર ધોકાવે છે, નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સમર્થ ધણી સહજાનંદનું શરણું લેજો નહિતર દુઃખી થશો.

**ધન્ય ધન્ય મારા સમર્થ ધણી રે..**

**હોકા ભાંગ્ય ગાંજાને અફીણ, થયો બંધાણી બુધ્ધિનો હીણ;**

નાટક સીનેમા જોવામાં હેત છે, પણ ભગવાન અને ભકત સાથે હેત નથી. ચોરી અવેરીમાં ચોંટ્યું ચિત. રખડું માણસ સંતો ભકતો સાથે રહી શકે નહિ. સારા માણસ એને ગમે નહિ, ફાટી નજરે ફરતો ફરે પગ પાપ મારગમાં ભરે. એને બગડવાની બીક નથી, છતાં પણ મનમાં એમ માને છે કે, હું બહુ મોટો છું, ચતુર છું. બળી તારી ચતુરાઈ, કાંઈક વિવેક રાખ. આબરુના શા માટે કાંકરા કરો છો.

**નિત્ય પાપ કરે નર નવા, રાચ્યો આપને સુખ પોખવા;**
**એમ કરતાં મળી છે નારી, ત્યારે સર્વેને મેલ્યાં વિસારી.**
**કેનાં મા બાપ ભગિની ભાઈ, નહિ સુંદરી સમ સુખદાઈ;**
**કેનો કાકો મામો માશી ફોઈ, થયાં વેરી નારી મુખ જોઈ.**

નારી મળી એટલે સગાં, સંબંધી બધાં ભૂલાઈ ગયાં, માત-પિતા, ભાઈ બહેન જે પ્રેમભાવ હતો, તે પ્રેમભાવનો પ્રવાહ બધે પત્ની તરફ વળી ગયો, કાકા, કાકી, મામા, ફોઈ વિગેરે સંબંધી વધી પડ્યાં, રાત દિવસ ચિત્તમાં નારીનું ધ્યાન કરે છે, વિચાર કરો, જીવ શું કરવા આવ્યો છે ને શું કરે છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સંસાર સાગર કીચડમાંથી બહાર નીકળવું છે કે જન્મમરણના ચક્કરમાં ફરવું છે ? જો ચોરાસીના ચક્કરમાં ફરવું ન હોય, તો સ્વપ્ન જેવો સંસાર જાણીને મહેમાનની જેમ ઘરમાં રહેવું. ધન, ધામ, કુટુંબ, પરિવાર, ગામ, ગરાસ એ બધું જ્યાં જન્મ થશે ત્યાં મળશે, પણ માનવ દેહ મળેલો તે ગયો તો પાછો મળવાનો નથી.

## રાત દિવસ માયાની વાતું કરશો તો હૃદયમાં માયા ભરાશે

શ્રીજી મહારાજ કહે છે વચનામૃતમાં સોનું, ધન અને સ્ત્રી એ બંધનકારી છે. તે બે પદાર્થનું બંધન કયારે જાય. તો પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ જાણે, બ્રહ્મરૂપ થઈ

પરબ્રહ્મને ભજે તેને સ્ત્રી અને ધન બંધન કરે નહિ બીજાને જરૂર બંધન કરે છે.

**નરનારી કરે એમ ક્રિયા, જેમ કર્કે કાગ થયા ભેળા;**
**કરે ભોજ મલકાય મળી, જેમ વિષ્ટા ગિંગાને તે મળી.**

જેને સંસારના ભોગ વિલાસમાં ખૂબ આસકિત છે તેવ માણસને નિષ્કુળાનંદ સ્વામી શું કહે છે ! સાંભળો. મરેલા ઢોર પાસે જેમ કાગડા અને ગીધ ભેળા થાય. વાસનિક નારીને મરેલ કહી છે ને પુરુષને કાગ અને ગીધ જેવા કહે છે. કરે મોજ મલકાય મળી, જેમ વિષ્ટા ગિંગાને મળી. ગિંગા જેવા પાપી કામી પુરુષ વિષ્ટારૂપી સ્ત્રીમાં ચોંટ્યો છે. ગિંગાને વિષ્ટા બહુ વ્હાલી હોય, બહાર કાઢીએ તો એને ગમે નહિ.

સ્વામી કહે છે :- રાત દિવસ રામા રંગે રાચ્યો, જેમ માદળે મહિષો માચ્યો. ચોમાસામાં જેમ પાડો ગાંડો થાય તેમ ગાંડો થયો છે. વેદ વિધિના ધર્મ મૂકીને ફાવે તેમ જગતના માયિક વિષય ભોગવે છે. અરે મૂર્ખ કાંઈક તો મર્યાદા રાખ. પત્નીની બહુ બરદાસ રાખે. પત્ની બોલાવે તો હાથ જોડી હાજી... હાજી... કરતો દોડે, મોઢું હસ્તું દેખે તો રાજી થાય.

**રાજી દેખે રમણીનું મુખ, ત્યારે વરતે શાંતિ ને સુખ;**

વળી વાત કરે, તારું મોઢું ભારે હતું, તેથી મને ગમતું નહોતું. હવે હસ્તાં દીઠાં તેથી મને શાંતિ થઈ, માયાનો કીડો માયામાં સુખ માને છે. મૂર્તિમંત માયામાં બંધાઈ જાય તો જન્મ મરણના ચક્કર ચાલુ થાય, એને અર્થે કરે કર્મ, તેમાં ન જુવે ધર્મ અધર્મ, આપ સ્વાર્થ સરે લગાર, તેમાં પરને પીડે અપાર, પાપ કરતાં જરાય વિચાર કર્યો નહિ, એમ ગયો જોબન હારી.

**એમ કરતાં અર્ભકાં આવ્યાં, મંદ મૂરખને મન ભાવ્યાં;**
**બાંધી બાળ સંગે નર પ્રીતિ, એહ કારણે કરે અનીતિ.**
**લાગે પ્રાણ થકી અતિ પ્યારા, નર ન મેલે નિમિષ ન્યારા;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ઘરે બાળકનો જન્મ થયો તેથી રાજી થઈ ગયા. બાળકમાં પ્રીત બાંધી, પોષણ કરવા માટે ખૂબ અનીતિ કરે, એક ક્ષણ પણ બાળકને દૂર મૂકતો નથી. બોલે તોતડું તેની સાથે ને તેડીને ચડાવે માથે, છાતીમાં ભીડે, પોતે પણ બાળકની જેમ તોતડું બોલે, લાલીયો માંદો થાય તો ભુવાને પૂછવા જાય. અમારો લાલીયો એની મા ને ધાવતો નથી.

ભૂવો કહે વળગી છે ભૂતડી, મંત્રેલા ચોખા દઉં છું, તો તું રાંધીને ખપ્પરમાં લઈને ઉભો ઉભો ખાજે. સ્વામી કહે છે :-

**માની મૂરખે સાબિત કીધું, મેલી થાળીને ઠીકરું લીધું;**

ઠીબમાં ખાય... થાળી મેલી ઠીકરું લીધું તોય રાજી થાય, મારો દીકરો સાજો થાય તો જલદી મોટો થાય, પળે પળે કરે પ્રતિપાળ, ન મલે નજર થકી ન્યારા લાગે પ્રાણ થકી અતિ પ્યારા. બાળકની સંભાળ જરૂર રાખવી જોઈએ. પણ ભગવાન ભૂલાઈ જાય, અને બાળકમાં ગુંચવાઈ જવાય તેવું કરવું નહિ, આ તો નિર્વાસનિક થવાની કથા છે.

**અર્ધ ઘડી જો અળગાં જાય, કરે કલ્પના બહુ મનમાંય;**
**નાના બાળને બહુ વિઘન, તેની કરવી જોઈએ જતન.**
**એમ નરનારી કરે વાત, થયો મોટો માંડ્યો ઉતપાત;**
**ફોડે ગોળા ને ભાંગે છે ઘડા, સામો મારે છાતીમાં દડા;**

સ્વામી કહે છે, જરાક બાળક બહાર નીકળી જાય તો ગોતાગોત કરે મોટો થયો, દડો રમે, ઓચિંતો દડો છાતીમાં વાગે તો પણ બાપ રાજી થાય. મારો લાલીયો દડો રમવામાં બહુ હોશિયાર છે હો. મા બાપ સામે બાળક ગાળ બોલે. તો પણ મા-બાપ રાજી થાય. પણ જરાય ઠપકો આપી વાળે નહિ. ગાળો બોલે, મૂછ તાણે, અનીતિ કરે, વ્યસનમાં ફસાઈ જાય, છતાં પણ બાળકનો જરાય અભાવ આવતો નથી, એમ રાત દિ કરે સંતાપ, તોય રાખે હેત માઈ બાપ.

પુત્ર કલત્રાદિમાં ગુંદાના ઠળીયાની જેમ ચોંટી જાય, ગુંદાના ઠળીયાને હાથમાં રાખો તો હાથમાં ચોંટી જાય ને દિવાલ ઉપર રાખો તો ત્યાં ચોંટી જાય.

જેને કલ્યાણનો ખપ હોય, મહા અલૌકિક સુખને પામવું હોય, આ લોક અને પરલોકમાં સુખી થવું હોય તેને સંસારમાં બહુ મોહ અને મમતા રાખવી નહિ.

**એવાં થયાં પાંચ છો છોકરાં, વીત્યા જનમનાં વેરી તે ખરાં;**
**પાળી પોષીને તે પરણાવે, એમ કરતાં બુઢાપણ આવે.**
**બુઢાપણમાં બગડી વાત, થયા નેણ વેણ ક્ષીણ ગાત;**
**ખશી ડગળીને થયો ડુલ, તોય ન મેલે મનથી ફુલ.**
**જાણે મારું કહ્યું માને સહુ, એવો દલમાં ડોડ છે બહુ;**

**ન માને ઘર પરના રતિ, તોય હરિ ન ભજે કુમતિ.**

પરણાવ્યો, પાંચ છ છોકરાંનો બાપ થયો. યુવાનીમાં પાપ કરતો કરતો માનવીની વૃધ્ધાવસ્થા આવી ગઈ. હવે ઘરનાં કોઈ માનતાં નથી. થાકેલી અવસ્થા થઈ શરીર થાકયું પણ જીભ થાકતી નથી. લવલવ કર્યા કરે છે. આખી જિંદગી માયામાં ખૂંચી ગયો. હવે પાછલી જિંદગીમાં હરિભજન કરી લઉં, આવું થતું નથી.

શંકરાચાર્યજી મહારાજને એક વૃધ્ધબાપા મળ્યા, કેડથી બેવડા વળી ગયા છે, હાથમાં લાકડી, મોઢું ગોખલા જેવું, હોઠ લબડી પડે છે, માથાનું છાપરું ધોળું થઈ ગયું, ચામડીમાં કરચલીયો પડી ગઈ છે, શંકરાચાર્યજીએ કહ્યું, ‘‘બાપા ? હાય વોય છોડો ને પ્રભુ ભજો, જીવનું ભાતું કાંઈક બાંધી લ્યો.’’

બાપાએ કહ્યું, ‘‘અમારા સંસારીનું તમને ખબર ન પડે, મારાં છોકરાં રમતિયાળ છે. ખેતીવાડીમાં બરાબર ધ્યાન રાખતા નથી, તેથી મારે સંભાળ રાખવી પડે છે, તેમાં ભગવાન કયાંથી સાંભળે, એક ખેતર છે ને બીજું ખરીદવાનું છે, એક મકાન છે ને બીજું બાંધવાનું છે, એટલે બેસી રહે ચાલે નહિ, માણસને ઝંઝટ વધારતાંજ આવડે છે, શંકરાચાર્યજી તરત બોલ્યા.’’

**અંગં ગલિતં પલિતં મુંડં, દશનવિહીનં જાતં તુંડમ્ ।**
**વૃધ્ધો યાતિ ગૃહિત્વા દંડં, તદપિ ન મુંચતિ આશાપિંડમ્ ॥**
**ભજ ગોવિંદં ભજ ગોવિંદં, ગોવિંદં ભજ મૂઢ મતે....**

ધુમાડાથી અગ્નિ દબાઈ જાય છે, જેમ બહુ મેશ ચડવાથી દર્પણ દબાઈ જાય છે, એજ રીતે માણસનું તમામ જ્ઞાન, તમામ સમજણ જગતની માયાથી ઢંકાઈ જાય છે.

**સર્વે અંગ શિથિલ થયાં, કરવા જેવાં તો કોઈ ન રહ્યાં;**
**ત્યારે વાધી લવરી બોલતાં, લવલવ કરે છે બોલતાં;**
**આ જો અમોઘ સરખું છૈયું, તે તો મારું માને નહિ કૈયું;**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘ યુવાનીમાં પાપ કરતો કરતો પ્રાણી વૃધ્ધવસ્થાને પામ્યો, છતાં એમ થાય કે આ ઘરના બધાં મારું માને તો થાય, આખી જિંદગી માયામાં ખૂંચી ગયો, હવે પાછલી ઉંમરમાં ભગવાન ભજી મારા જીવનું કલ્યાણ કરી લઉં આવું થતું નથી.

વૃધ્ધાવસ્થામાં આંખ ઝાંખી થઈ, તેજ ઘટી ગયું, કાને ઓછું સંભળાય પણ

જીભનું તેજ ઘટે નહિ, પરંતુ લાંબી થઈ ગઈ, જો ઘટી જાય તો સુખી થાય, બુઢ્ઢો પોત્રાને શીખવાડે, ભીખારીને દાણા દેજો નહિ. એ બધા ધુતારા છે.

**એક દાન દે ને બીજો વારે, તેને નાખો જમને દ્વારે**

પુણ્ય કરવામાં આડો પડે, સલાહ ઊંધી દે છે, ગરીબને દાણા ન દેજો, વાછરડાને સમારો તો બળદ સારો થાય, ખેતીવાડીમાં કામ આવે, ખેતરમાં ઉંદર પાક ખાઈ જાય છે. જો બિલાડી પાળો તો ઉંદરને પૂરા કરી નાખે. દીકરા કહે, બાપા ! તમે ઘરની ચિંતા ન કરો. મંદિરમાં જાવ. નિરાંતે માળા ફેરવજો. અમે અમારું કરી લેશું. તો પણ બાપા મંદિરે જાય નહિ, અભાગી જીવને સાચી વાત સમજાતી નથી, ભગવાનના માર્ગમાં આળસુ અને સાંસારિક કાર્યમાં તત્પર. બધી ખબર છે કે આ બધું મારા સાથે કાંઈ નહિ ચાલે, દાન પુણ્ય, ભજન ભકિત જીવ સાથે જાશે, સમજે છે, છતાં પણ કાંઈ કરે નહિ. કેટલી હદે જીવની અવળાઈ છે, બુઢ્ઢો ખાટલામાં સૂતો, ત્યાં મંડ્યા માંકડ ને ચાંચડ ચટકા ભરવા.

**ખાટ ગોદડે ચાંચડ ખાય, મારો માંકડ તો સુખ થાય.**

છોકરાને કહ્યું, ચાંચડ માંકડને મારો તો સુખ થાય, છોકરાએ કહ્યું, જંતુ મારીએ તો પાપ લાગે. દાદાએ કહ્યું, પાપ છે જ નહિ મારી નાખો, લપ મટે. આવો મૂર્ખ નાના છોકરા પાસે પાપ કરાવે આખી જિંદગી પોતે ઊંધા ધંધા કર્યા છે. તે છોકરા પાસે કરાવે છે, પણ વિચાર નથી થાતો કે મારી શી ગતિ થાશે.

**જન્મ ધરી કર્યું પોતે જેહ, પાપી આપે શીખામણ એહ;**
**નિત્ય શિખવે પાપની વાત, આપે કરે કરાવે ઘાત.**
**એમ ખોઈ ખુની અવતાર, જાવા તૈયાર થયો જમદ્વાર;**
**જે જે લીધું એણે ભાતું, તેતો મુખે કહ્યું નથી જાતું.**
**એવા પાપી સુખ ક્યાંથી લહે, સત્ય નિષ્કુળાનંદ એમ કહે;**

બળવાન વ્યકિતજ ભગવાનના માર્ગ ઉપર ચાલી શકે છે. હરિને હૈયામાં અખંડ રાખવા, ભોજન સરસ બનાવ્યું હોય, પણ અંદર ઘી ન હોય તો... શીરો ખાણ જેવો લાગે, તેમ પ્રભુમાં પ્રેમ વગરનો સત્સંગ લુખો ને સુકો છે.

**પૂર્વછાયો :- પ્રભુ વિમુખ જે પાપિયો, પામે પરલોકમાં દુ:ખ;**
**કૃતધ્ની જે કુબુધ્ધિ, તેને કયાંયે ન હોય સુખ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વિમુખને સુખ શાંતિ મળવાની નથી, પરલોકમાં પીડા પામશે, આ લોકે દુઃખ અપાર, સુખ શાંતિ કયાંથી લહે, એવા પાપના કરનાર. યાત્રા કરવા જાવ, ત્યારે ડબામાં જે ભાતું ભર્યું હોય તે જમવા મળે, સુખડી લીધી હોય તો સુખડી મળે, અને કાંટા કાંકરાને ધૂળ ભરી હોય તો તે મળે. પુણ્યનું ભાતું બાંધજો.

## વાહનમાં બ્રેક જોઈએ તેમ જીભમાં પણ બ્રેક જોઈએ.

વાસણ ખખડવાથી ખબર પડે છે કે તૂટેલું છે કે આખું છે, તેમ માણસ બોલવાથી ખબર પડે કે મૂર્ખ છે કે ડાહ્યો છે.

એક દરજીનું મૃત્યું થયું. એમનો આત્મા ધર્મરાજા પાસે હાજર થયો. ધર્મરાજાએ ખાતું તપાસી કહ્યું, પુણ્ય સારા કર્યાં છે. ગરીબોને જમાડ્યા છે. પણ ભજન ભકિત વિગેરે સત્સંગ કર્યો નથી. તેથી સ્વર્ગલોકમાં જાવા મળશે. પુણ્ય સાધારણ છે અને પાપ વિશેષ છે. તમે તમારી જનેતા માવડીને કડવા વચન બોલીને ખૂબ રડાવ્યાં છે. રીબાવ્યાં છે. સર્પની જેમ ફુંફાડા માર્યા છે. માલ મિલ્કત લઈ લીધેલ છે. પણ મા-બાપને પૈસા આપ્યા નથી. માતૃદોષ છે. તો પહેલાં પાપ ભોગવશો ? કે પુણ્ય ભોગવશો ?

ધ્યાન રાખો કડવા શબ્દો બોલવાથી મીઠાશ ઉડી જાય છે. મડદાને લાંબો સમય સુધી રાખવાથી ઘર ગંધાઈ ઊઠે છે. તેમ હૃદયમાં સંતો અને માતા પિતા પ્રત્યે દ્વેષ રાખવાથી જીવન ગંધાઈ ઉઠે છે. સર્પની જેમ ફુંફાડા માર્યા છે, તેથી સર્પનો દેહ મળશે.

## મા બાપને પજવતો ગયો, બીજે જન્મે સર્પ થયો.

દરજીએ કહ્યુ, ''પહેલું પાપ ભોગવી લઉં, પછી નિરાંતે પુણ્ય ભોગવીશ.'' તેને સર્પનો દેહ મળ્યો, સર્પ કૂવાની આજુબાજુ ફરે છે ત્યાં એક ગર્ભવતી બહેન પાણી ભરવા આવ્યા, અજાણતાં સર્પની પૂંછડી ઉપર પગ આવ્યો, સર્પે ડંસ માર્યો. તેથી તે બહેનનું તરત મૃત્યુ થઈ ગયું, સ્ત્રી હત્યા અને બાળ હત્યાનું પાપ લાગ્યું, પાપ ભોગવતો હતો તેમાં પાછો પાપનો વધારો કર્યો, સમય જતાં સર્પનું મૃત્યુ થયું.

ધર્મરાજાએ કહ્યું, ''પાપીનાં પુણ્ય હતાં પણ બે હત્યા કરી છે, તેથી પુણ્ય બળીને ભસ્મ થઈ ગયાં છે, તેથી તેને નર્કમાં નાખો. તરત જમદૂતો જમપુરીમાં લઈ ગયા, આવી રીતે માણસ પાપ કરી પુણ્યને ખતમ કરી નાખે છે, જમદૂતોએ ખૂબ

માર માર્યો, પાપી કૃતઘ્ની મા-બાપને ફાવે તેમ રીબાવ્યાં છે. એમ કહી ધગધગતા દેવતા મોઢામાં નાખીને માર મારે છે. કીડી જેવા જીવને દુભવવો નહિ, અભિમાન રાખીને જેને તેને દુઃભવતો ફરે તો ગર્વગંજન ભગવાન ખમી શકે નહિ અભિમાનીના અભિમાનને સારી પેઠે નાશ કરે છે. માટે વાણી સત્ય-મધુર અને પ્રિય બોલવી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**હેતુ જેને જાણતો, રાખતો અતિ ઘણું હેત;**
**તે જ લાગ્યા તિરસ્કારવા, કહે પરો રહે પાપી પ્રેત.**

માન ઘટ્યું ને મમતા વધી. માન ઘટી જાય તેની પીડા બહુ મોટી હોય, સૌને સ્વમાન વહાલું હોય, ઘરના બધા તિરસ્કાર કરે છે, વૃધ્ધ માવિત્ર ગમતાં નથી, સગા દીકરાને માવિત્રોને ધક્કો દેતાં વાર નથી લાગતી, ભગવાન કહે છે, દીકરા ! એ જ તારી મા છે. બચપણમાં એક ક્ષણ પણ મા થી દૂર નહો રહેતો, સાડીમાં છુપાતો, હવે શું થયું ? શા માટે પાપનું  પોટલું બાંધે છે ?

પ્રાણથી વહાલા રાખ્યા હતાં તે તિરસ્કાર કરે છે. જા જા પરો રહે પ્રેત, તું હવે લવ લવ ન કર; અમે અમારું ઉકેલશું, તમારી જીભ ઝાલી રાખો. બોલવાનું વધી જાય છે.

**લવ લવ કરતાં લાજ ન આવે, કહી કહીને શું કહિયેજી;**
**બોલતાં બંધ ન બેસે ત્યારે, જીહ્વા ઝાલીને રહિયેજી.**
**ઊનું ટાઢું હાજર હશે, એવું અન્ન આણી દેશુંજી;**
**ટંક ટાણાની ટેવ નહિ રહે, જ્યારે નવરાં થાશુંજી.**
**તું જેવા નકામા નથી, અમારે છે કામજી;**

તારા જેવા નકામા નથી, અમને ઘણું કામ હોય, જયારે નવરાં થાશું ત્યારે ખાવા દેશું. માટે છાનો માનો બેસીજા, વૃધ્ધ વડીલને તુંકારો કરે ત્યારે વડીલનું હૈયું ભેદાઈ જાય. દીકરા કહે ''બાપા ! તમે પાગલ થઈ ગયા છો !'' સમજ્યા વિના શા માટે લવરી કરે છે લાંબી, તારાં કર્યાં તું ભોગવ.

**તારાં કર્યાં નડિયાં તુંને, દે માં કેને દોષજી,**
**ભાવે કરીને ભોગવ હવે, મેલી મન અફસોસજી.**
**ખાધા ટાણે ખાંચ્યો કાઢી, ખારું મોળું કહેતોજી;**
**એ તો દિન વીતી ગયા આગે, પળમાં રિસાઈ રહેતોજી.**

સ્વામી કહે, સગાં સંબંધી સ્વાર્થનાં સગાં છે, અરે બુઢ્ઢા બહારથી નથી દેખતો, પણ અંતરની આંખ શું ફૂટી ગઈ છે, તારાં કર્મ તને નડીયાં. કોઈને દોષ દેજે નહિ, ખાવા ટાણે રસોઈમાં ખાંચો કાઢી અમારી ભૂલ કાઢતો, ખારું છે, મોળું છે, એ પહેલાંના દિવસ ગયા. રીસ ચડતી ત્યારે તું અમને હેરાન કરતો. જેને પ્રાણ જેવા વહાલા રાખ્યા હતા, રમાડ્યા, જમાડ્યા, ભણાવ્યા, પરણાવ્યા, ધન-માલ, ગરાસ આપી સુખી કર્યો તે આવું બોલતો જોઈને બાપાના માથામાં ચટકો ચડી ગયો. આ હા.... હા... વૃધ્ધ અવસ્થામાં આવા મારા હાલ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મનુષ્યનું જીવન વૃક્ષના પાંદડા ઉપર રહેલા પાણીના બુંદ જેવું છે, પાણીનું બુંદ જ્યાં સુધી પાંદડા ઉપર હોય ત્યાં સુધી હીરા મોતી જેમ ચળકાટ કરે, પણ પવનની લહેર આવે એટલે નીચે માટીના ઢેફાં ઉપર પડે, પછી એ બુંદ ગોત્યું હાથમાં આવે નહિ તેમ આ શરીરમાં જ્યાં સુધી જીવ છે, ત્યાં સુધી માયાવી સુખ સારું લાગે છે, ઝગમગું લાગે છે, પણ ધ્યાન રાખો જીવ નીકળી જતાં બધો ચળકાટ જતો રહેશે. છતાં પણ માનવી પંચવિષયના સુખ માટે ફાંફાં મારે છે, એ બધી લપ મૂકીને, આસક્તિઓ તજીને પ્રભુના ચરણ કમળ સેવી લ્યો.

**યમદંડની કથાનું મનન કરવાથી મનના મેલ ધોવાય છે.**

**એવાં વચન શ્રવણે સુણતાં ચિત્તમાં લાગ્યો ચટકો**
**લઈ કર લાઠી ચૌટે ચાલ્યો બાંધી ફાટી પટકો.**

સ્વામી કહે છે, ''મુંઝાતો રડવડતી લાકડીને ટેકે ગામના ચોરામાં જઈને બેઠો.'' કે મને કોઈક મનાવા આવશે.

**પહોર બપોર ત્યાં બેસી રહ્યો, પણ કેણે ન પુછી પેરજી;**
**લાગી ભૂખને પ્યાસે પીડયો, અણ તેડ્યો આવ્યો ઘેરજી.**
**ઓશિયાળો આંગણિયે ઊભો, ટાંપાં ટૈયાં કરવાજી;**
**કાલાવાલા ક્રોડ કરે, પણ ઘરમાં ન દિયે ગરવાજી.**

બપોર પછી ચાર વાગ્યા છતાં, કોઈ મનાવા આવ્યું નહિ, ભૂખ્યો તરસ્યો અણ તેડ્યો ઘરે આવ્યો, આંગણામાં ઊભો ટાંપાં ટૈયાં કરે પણ કોઈ દરવાજો ખુલતાં નથી, કાલાવાલા કરે પણ ઘરમાં ન દીયે ગરવા. જેમ ભીખારી ઓશીયાળો થઈને ઊભો હોય, તેમ ભૂખ્યો ઊભો છે, છોરાં છૈયાં છણકા કરે. બાપા... રીસાઈને જતા રહ્યા હતા. પાછા કેમ આવ્યા ? બીજા તો ઠીક સામું કદાચ ન જુવે. પણ પોતાની

જાયા એટલે પત્ની પણ સામું જોતી નથી. નાનાં છોકરાં છેડ કરે છે.

પછી પોતાનાં પત્નીએ છોકરાને કહ્યું, ''જા તારા દાદાને રોટલો દઈ આવ. આદર વિનાનું આપ્યું ખાવા. અન્ન ઉતરેલી. સાંજની ખીચડી વધી હતી તે આપી. લે... ખા... ખીચડી કેવી હતી. માંખી મચ્છર માંહે પડ્યાંતાં વણ ઢાંકેલ, શ્વાનની પેઠે સ્વાદ મૂકી ખાધું, દીધું જેવું અન્નજી. કૂતરાની જેમ અધ્ધરથી ખાવા દીધું. બુઢ્ઢો ભૂખ્યો હતો તે નીચું મોઢું કરી રોટલો ખાઈ ગયો.

**વૃધ્ધ અવસ્થામાં કૂતરાના જેવી દશા થાય છે,**
**છતાં વૈરાગ્ય થતો નથી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવો દુઃખી થાય છે, છતાં ભગવાન ભજવાના મનમાં વિચાર થતા નથી. વખત જતાં આવા દિવસો આવવાના છે. માટે સમજી જા... હાલ થાય છતાં વૈરાગ્ય થતો નથી, એ નવાઈની વાત છે, મારા દીકરા, મારી પત્ની કરી કરીને ગાંડો થયો છે, દેવાનંદ સ્વામી ચેતવણી આપતાં ગાય છે.

**સગું તારું કોણ સાચું રે, સંસારીયામાં. સગું....**
**કૂડુ કૂડુ હેત કીધું, તેને સાચું માની લીધું....**
**અંતકાળે દુઃખ દીધું રે. સંસારીયામાં. સગું..**

સ્વામી કહે છે, સગું તારું કોણ છે ? તું કહે છે, આ બધાં મારાં છે. જો તારાં સગાં હોય તો વૃધ્ધાવસ્થામાં આવા હાલ શું કામ કરે છે ? તમે કહેશો કે મારા નથી, એમ કેમ માનીએ, એ બધા મારી સાથે હેત ભાવ રાખે છે, પણ ધ્યાન રાખજો. સાચું હેત નથી, કૂડુ કૂડુ હેત કીધું, તેને સાચું માની લીધું, અંતકાળે દુઃખ દીધું.

**વિષયને તેં વહાલા કીધા, પ્યાલા તેં ઝેરના પીધા;**
**ગોવિંદને વિસારી દીધા રે.... સંસારીયા....**

પ્રેમ ભગવાન સાથે કરવાનો હોય, તેના બદલે ઊંધુ કર્યું, પ્રેમ સાંસારિક પરિવાર સાથે કર્યા. તેમાં તેં ગોવિંદને (પ્રભુ) વિસારી દીધા પુત્ર પરિવાર બધાને યાદ રાખ્યા. ને જેને યાદ કરવાના છે, તેને વિસારી દીધા,

**અંતરબળે ભોગ ન મળે, મને કલ્પના થાયજી;**
**ઈચ્છ્યું ન આવે મુખે ન ભાવે, ખાટે સૂતો ખાયજી.**

જીવાત્માને અંતરમાં બળતરા થાય. ખાટલે સૂતો સૂતો ખાય પણ સંસારની મમતા જાતી નથી. એક વણિક હતા. પુત્ર પરિવાર અને માલ મિલકતમાં મમતા

બહુ, કોઈ દિવસ દાન પુણ્ય કરે નહિ, ઘરની નજીક મંદિરનું બાંધકામ ચાલતું હતું. સંતોએ કહ્યું, તમને ભગવાને ખૂબ પૈસા આપ્યા છે તો મંદિરમાં સેવા કરો. વણિકે અભિમાનથી કહ્યું, મને મંદિરમાં ઈન્ટરેસ્ટ નથી, રસ નથી. હું ભગવાનને માનતો નથી. આવું સાંભળી ભગવાને વિચાર કર્યો, તું મને માનતો નથી પણ હું તારો વટ ઉતારનાર બેઠો છું, જાઈશ કયાં ?

સમય જતાં વણિક ખૂબ બીમાર થયો, ઘરના સંબંધી તેના ખાટલાને ફરતા ઊભા છે. વાણિયાની નજર. ગૌશાળામાં ગઈ. તો વાછરડો સાવરણી ચાવતો હતો. તેથી હાથના ઈશારાથી ત્રૂટક ત્રૂટક શબ્દે કહ્યું. વા.. સા... વા.... સા... જિંદગીભર જે કર્યું હોય તે યાદ આવે ને. ભગવાન યાદ કર્યા હોય તો ભગવાન યાદ આવે. જીવનભર માયાનીજ વાતું કરી છે. દીકરાઓને થયું. બાપાને વારસામાં કાંઈક પૈસા ટકા આપણને આપવા હશે, પણ બોલી શકાતું નથી. તેથી ડોકટરને બોલાવ્યો. ઈન્જેકશન આપ્યું કે તુરંત બાપા બોલ્યા. ધ્યાન રાખો. વાછરડો સાવરણી ખાઈ જાય છે. કાંઈ કાળજી રાખતા નથી. વા...સા.... બોલતાં બોલતા મૃત્યુ થઈ ગયું.

**જીવન દીપ ઓલાઈ ગયો. વાસના રાખવાથી ભૂત થયો**

અંતે યા મતિઃ સા ગતિઃ, વાસના રહેવાથી ભૂત થયો. વિચાર કરો !! ભૂત યોનીમાં શું સુખ હોય!! વાસના જ પુનર્જન્મનું કારણ બને છે. વાસના ટાળવાનો ઉપાય, શ્રીજી મહારાજ વચનામૃતમાં સમજાવે છે.

એક આત્મનિષ્ઠાની દઢતા જોઈએ.

બીજું પંચવિષયનું તુચ્છપણું જાણવું જોઈએ.

ત્રીજું ભગવાનનું માહાત્મ્ય જાણવું જોઈએ, કેવી રીતે મહિમા સમજવો ? ભગવાન વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે. એવા ભગવાન મળ્યા છે, તેને મૂકીને તુચ્છ વિષયમાં હું શું પ્રીતિ રાખું. આવો મહિમા સમજાય તો વાસના નિવૃત્ત થઈ જાય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

વૃધ્ધાવસ્થાને લીધે ઈંદ્રિયો કંટ્રોલમાં નથી, મળ, મૂત્ર ખાટલામાં થાય છે, તેથી દુર્ગંધ આવે, સગાં જમવાનું આપવા આવે પણ દૂરથી રોટલો આપીને ચાલ્યાં જાય, વૃધ્ધાવસ્થામાં કેવી દશા થાય છે, તેનું વર્ણન સ્વામી કરે છે, પડખું ફેરવી શકાતું નથી. સાવ પરાધીન થઈ ગયા.

**પાસું ન ફરે પ્યાસે મરે, કોઈ ન લિયે સારજી;**

**લોક સગામાં લજ્જા ખોવા, પાપી કરે પોકારજી.**
**જોજ્યો રે મારી આ સમામાં, કોઈ ન કરે સેવાજી;**
**તરસ્યો ભૂખ્યો હું તપું છું, ન આવે ખબર લેવાજી.**
**સહુ મળી સમજાવી રહોને, કરે ચાકરી મારીજી;**

સગાં સંબંધી કુશળતા પૂછવા જાય, ત્યારે તેની પાસે રાવ રેડે. મારી કોઈ સેવા કરતાં નથી, વાંસામાં મને ચાંદાં પડી ગયાં છે, પુરું જમવા આપતાં નથી, મારા દીકરાને કોઈક સમજોવો ! મારી સેવા કરે, તમે નહિ સમજાવો તો હું કુવામાં પડીને મરી જઈશ, તો તમારી લાજ જશે. એમ કહીને ઊંચે સાદે, બોલ્યો બરકી બહુ, નરનારી નાના મોટાં, આવ્યા સુણી સહુ. ઊંચે સાદે રડે છે, સગાં સંબંધી આવ્યા. અને ધમકી દીધી, પાપી !! કોણ સેવા નથી કરતું, ખાવા પીવા આપીએ છીએ છતાં વગોણાં કરો છો.

દાટ્યો રહેને દુર્મતિ ડોસા, લાગે છે કડવો ઝેરજી, લાજ્યું ઘર લાખેણું અમારું, કર્યા સહુને હેરાણજી, લાખનું ઘર કાખનું કરે છે, તારા જેવા બુઢ્ઢા હતા તે બધા મરી ગયા, ને તારો અંત આવતો નથી.

જેનો ખપ ઈયાં નથી તેનો ત્યાં નથીજી, માગ્યા મોત મહા પાપીને કહોને આવે કયાંથીજી, અહીંયાં આડા આવે તે ત્યાં પણ આડા આવે, બીજો દીકરો બોલ્યો. રાત દિવસ સેવા કરીએ છીએ તોય વંઠેલ, તારી પાસે અમારી કાંઈ કદર નથી. સાચી હકીકતમાં સેવા કરે નહિ, ને ઉપરથી ગોદા ભરાવે. કેવું દુઃખ છે વૃધ્ધાવસ્થામાં વિચારજો.

સંસાર બંધનકારી નથી, પણ સંસારમાં વધુ પડતી આસકિત રાખવી તે બંધનકારી છે, પર્વતભાઈ, દાદાખાચર, જનકરાજા, અંબરીષ રાજા વિગેરે ભકતજનો સંસારમાંજ હતા, પણ પાણીમાં કમળ રહે પણ કમળને પાણી અડે નહિ. તેમ જળકમળવત રહ્યા. તો સંસારનું પાણી એને ડૂબાડી શકયું નહિ.

એમ સમજવું કે આ મારો કાંઈ પહેલો જ જન્મ નથી, પૂર્વે ચોરાશી લાખ જન્મ જતાં મારે મા-બાપ સ્ત્રી છોકરાં થયાં હતાં તેવાંજ આ દેહનાં પણ છે, પૂર્વનાં સંબંધીની જેમ અત્યારે મમતા નથી તેમ આ દેહનાં સગાંની પણ મમતા ન રાખવી. પ્રગટ ભગવાન અને સંતમાં પોતાના જીવને જોડી દેવો.

ઘરનાં બધા ભેગાં થઈને કહે છે, મરજે મરજે મૂરખ. એમ કહીને ચાલ્યા ગયા ,પણ ભૂખનું કાંઈ પુછતાં નથી, કે બાપા ભૂખ લાગી છે !! કાંઈ જમવા જોઈએ છે. કાંઈ પૂછ્યું નહિ, ધમકાવી, રીબાવીને ચાલ્યાં ગયાં, રાડું પાડ્યા કરશે. પુરંતુ અનાજ જમવા નથી મળતું. પાણી પીવા નથી મળતું, તેથી પેટમાં બળતરા થાય છે, આધિ, ઉપાધીને વ્યાધિ વધી ગઈ, બાળ, જોબન, વૃધ્ધાવસ્થામાં સહુ કોઈ પીડાય છે, શરીરમાં અનેક જાતના રોગ થાય છે, તેની બાબત નિષ્કુળાનંદ સ્વામી વર્ણવે છે.

**નખ વેઢો ને નયું પાકયું, ઝામરો ને ઝામરીજી;**
**સાતપડો ને સોજા ચઢિયા, તેની પીડા ખરીજી;**
**રાફો રીંગણી ને રતવા, પત્યે પગ ખવાણાજી;**
**કીડીયારાં પડિયાં ધારાં, ઝાંઝ રૂવે ઝલાણાંજી;**

નખ વેઢો, ઝામરો, સાતપડો, કીડીયારાનો રોગ, કાળો કોઢ, સંઘરણી વાયુ, તણખીયોવા, બાંબલાઈ, મુંઝારો, નળમળ પડી પેચુટી, ચાલી પેટમાં ચૂંક, આંતરગાંઠને ચડીયા ગોળો, ગળે ન ઉતરે થૂંક, ઉધરસ આવે. જીભ જલાઈ જાય, ક્ષય રોગ, કંઠમાળ, આફરી, એક દંડો શ્વાસ ઉપડે, દમ ચડે, રકતપિત્ત, તાવ, એકાંતરીયો, ટાઢો, ઊનો, રોગનો કોઈ પાર નથી. રૂંવાડે રૂંવાડે દુઃખ ભર્યાં છે.

એવા એવા દુઃખ અનંત પડિયા કાયા કેડે, બાળ જોબન વૃધ્ધપણામાં પૂરણ પાપે પીડેજી, કાયા કંપવા લાગી, નાક નમી ગયું, આંખ ઊંડી ઉતરી ગઈ, શ્વાસ ભરાવાથી હૈયું હાલક ડોલક થાયજી, શ્વાસ ન માયે સુખ ન થાયે, કંઠે ચડિયું જાળુજી. અન્ન પાણી પીવા નથી મળતું ભૂખે ઝાળું ઉઠે છે,

**એ આદિ અનંત વ્યાધિમાં, પાપી બહુ પીડાયજી;**
**કહે નિષ્કુળાનંદ નિશ્ચય, જમ વિના જીવ ન જાયજી.**

સુખ સર્વે સ્વપ્નાં તુલ્ય થયાં, દુઃખના દરીયા ઊલટ્યાજી, પાપી પર હવે શું થશે, જે શ્રીહરિ નવ રટ્યાજી

## આ સંસાર સ્વપ્ના જેવો છે.

આ સંસારમાં આપણે ખાઈએ, પીએ, સુખી, દુઃખી થઈએ છીએ, એ સર્વે ઉઘાડી આંખનું સ્વપ્ન છે. સદાયને માટે આંખ બંધ થઈ જશે, તે મીંચાયેલી આંખનું સ્વપ્ન છે, આ લોકના ધન, માલ, મિલકત, મા-બાપ, સગાં સંબંધી કોઈ પણ રહેતું

નથી, એક દિવસ સ્વપ્ન સમાન થઈ જશે, કાંઈ સાથે નહિ ચાલે, દયાનંદ સ્વામી ચેતવણી આપતાં ગાય છે.

**સ્વપ્નું સમજો રે આ સંસારને, દુઃખ દરીઓ વિશાળજી;**
**પડ્યા પાછા નવ નીસરે, કોટિ વાર ગળે કાળજી..... સ્વપ્નું....**
**સગા સંબંધી સહુ મળી, મોટો કીધો આપી માનજી;**
**વેગે ચડ્યો વ્યવહારમાં, ભૂલ્યો ભક્તિનું ભાનજી.....સ્વપ્નું....**
**ખાન પાન સુખ સેજમાં, રહેતો હૈયે હુલાસજી;**
**દયાનંદ કહે હરિ ન ભજ્યા, થયો નરકે નિવાસજી.....સ્વપ્નું....**

આજકાલ માનવીની દશા જંગલના તરસ્યાં હરણીયા જેવી છે. જંગલમાં હરણાને ઝાંઝવાના નીર દેખાય ત્યારે તે તરફ દોડે પણ હકીકતમાં પાણી હોતું નથી, અંતે થાકીને મરી જાય છે, કઠણાઈ એ છે કે ભગવાન મળ્યા સાચા બ્રહ્મનિષ્ઠ સંતોનો યોગ મળ્યો. ભુજ જેવું મોટું ધામ મળ્યું. છતાં, માનવી પંચવિષયના તુચ્છ સુખ માટે ફાંફાં મારે છે.

**પુર્વછાયો - શું થાશે હવે સાંભળો, જે આવ્યાં દુ:ખ અનેક;**
**અતિ વેદના વીંછીતણી, રોમ રોમ માંય વિશેષ.**
**ત્યારે જાણ થયું જમરાજને, કિંકર મેલ્યા કોટ;**
**એહ પાપીને પીડતાં, લઈ આવજો ચડિ ચોટ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, '' શું થાશે હવે સાંભળો જે આવ્યાં દુઃખ અનેક, એક એક રોમમાં વીંછીની વેદના થાય છે, ધર્મરાજાએ કિંકરોને કહ્યું, ''જાવ પાપી જીવને લઈ આવો !!'' **ચોપાઈ:-**

**આપી આગન્યા થયું નગારું, હુવો હુકમ ઊઠ્યા હજારું;**
**સંગ લઈ નેજા ને નિશાણ, જમરૂપે દીસે છે જોરાણ.**

ધર્મરાજાએ જોરથી નગારું વગાડ્યું, નગારું થાય એટલે બધા જમ ભેગા થાય. પલટણ ઉપડી, જમદૂતો કેવા છે ? અતિ કાળા ને બોલે ક્રૂર, નેણાં દીસે ઉગમતો સૂર, અતિ વિકરાળ ભયાનક ભુંડા, લોચન દીસે છે અતિ ઊંડા, ગુફા જેવી નાસિકા ને કપાટ જેવડા કાન, બે ફુટ જેવડા લાંબા દાંત કૂતરા જેવાં, મોટાં બે બાજું શીંગડાં, ભાલા જેવા ને બચકા ભરાવી ચીરી નાખે, ખાલી હાથે નથી આવતા, હથિયાર

લઈને આવે છે, લોઢાના ધોકા, ચીપીયા, બાણ, કાળપાશ, હાથ પગમાં બાંધીને ખેંચવા માટે ખંભે હળ લીધાં છે.

**મોટા ભાલા હાથમાં મૂસળ, પેખી પાપી ન માને કુશળ;**
**આરા પનારા હાથે હથોડા, મારે માથામાં લોઢાના જોડા.**

મારે માથામાં લોઢાના જોડા. સરખો નહિ, ચાલે તો જોડા ઠકા કરાવશે. ધર્મરાજાએ જમદૂત માટે વાહનની સગવડ આપેલી છે, પગે નથી આવતા. વાહને ચડીને આવે છે, કોઈ ઊંટ ઉપર બેસીને આવે, કોઈ ગધેડા ઉપર કોઈ પાડા ઉપર રીંછ, ભુંડ વિગેરે જાનવર ઉપર બેસીને આવે છે.

જમદૂતના નામ કેવાં છે :- સાંભળો !! કાળિયો, દફળિયો, અકાળિયો, લટપટિયો, ઝટપટિયો, બળબળતો, કળકળતો, ગળગળતો, હડહડતો, ભડભડતો, મરડિયો, ઠરડિયો, કાંણિયો, તાણિયો, રાડિયો, દંતિયો, ત્રાંશિયો, કાંસિયો, અધર્મિયો, કુકર્મિયો, ઝેરીયો, રોળીયો, ડોળીયા વિગેરે. ચૌદ કરોડ જમદૂત છે.

**ચાલ્યા કિંકર સરવે સજી, જેમ મેઘ આવે ઘોર ગરજી;**
**ધાયા કિંકર કુટુંબ લઈ, જેમ ઊલટે સમુદ્ર સઈ.**

ચૌદ કરોડ જમ છે. તેમાં એક પણ દયાવાન નથી. બધા નિર્દય છે, વરસાદ ઓંચિતાનો જોરદાર કડાકા સાથે ગર્જના કરે તેમ ભારે હો... હો... હોકારો કરતા આવે, અને પાપીને ઘેરી લીધો, શરીરમાંથી જલદી કાઢો અંદરના દ્વાર બંધ કરીને માર મારી, પણ નવિનતા એ છે, કે આવું બધું પાપી જીવાત્માને દેખાય બીજા માણસોને દેખાતું નથી.

પાપી જીવાત્મા મરણ પથારીએ પડ્યો છે, ત્યારે તેનાં સગાં નજીક આવ્યાં. દીકરો કાનમાં કહે છે, દીકરા પૈસાના ભૂખ્યા હોય, તેથી કહે છે બાપા. કાંઈક પૈસા ટકા સોનું, ચાંદી, જે કાંઈ સંઘર્યું હોય તે બતાવી જજો. બેન્કના કાગળીયા કયાં રાખ્યા છે ? પણ જવાબ કોણ આપે ? જમદૂત કાનદ્વારમાં બેસી ગયો છે, તેથી કાંઈ સંભળાતું નથી, જમદૂતો બહુ માર મારે છે, તેથી આંખમાં જીવ નીકળવાની તૈયારી કરી ત્યાં જમદૂત બેસી ગયો. નીકળાતું નથી, મુખદ્વાર નીકળવાની તૈયારી કરી તો જમદૂત જીભ ઉપર બેસી ગયા. ત્યાંથી પણ જીવ નીકળી શકતો નથી.

કીધા બંધ હશે એમ દ્વાર પછી, દિયે છે દંડ અપાર, દશ દરવાજા બંધ કર્યા,

પછી અંદર જઈને બરાબર જેવો ધોકાવે છે. ગોદો ભરાવે છે. વિચાર કરો આ દુઃખ કેમ સહન થતું હશે. જેવું ઘરાક તેવા જમ આવે છે. તેની વાત સ્વામી લખે છે.

**કેનેક હોય બે કેનેક ચાર, કેનેક અષ્ટ કેનેક હજાર;**
**અતિ પાપી હોય પાપવંત, તેને આવે તેડવા અનંત.**
**દિયે દંડ નાવે દિલ દયા, પામે દુઃખ ન જાય મુખ કહ્યા;**
**તોય ન કર્યો એમ વિચાર, જેમેં ખોયો એળે અવતાર.**

બહુ મોટો પાપી હોય તો તેને હજાર જમ તેડવા આવે. વિચાર ન કર્યો કે મેં મનુષ્ય જન્મ એળે ખોઈ નાખ્યો, દાન પુણ્ય, ભજન ભક્તિ, સત્સંગ કાંઈ કર્યું નહિ. આવો વિચાર પાપી જીવાત્માને આવતો નથી. બાજી હાથમાં છે, તો શા માટે તમારા આત્માનો ઉધ્ધાર કરતા નથી ?

## જીવ વિનાનો દેહ નકામો, પ્રભુ પ્રેમ વિના બધું નકામું

પ્રેમ તો સર્વના હૃદયમાં છે, પરંતુ તેનો ઉપયોગ કયાં કરવો તે વિચારવા જેવી વાત છે, એક વણિક હતો, કુડ કપટ કરી ખૂબ પૈસા ભેગા કર્યા ઘીનો વેપારી હતો, ભેળસેળ કરીને ઘી વેચે. ગરીબને હેરાન કરતો. પાપ છાપરે ચડીને પોકારે છે. અન્યાય કરીને દ્રવ્ય ભેગું કરશો તો ન્યાયથી મેળવેલું દ્રવ્ય તેને પણ ઉપાડી જશે, સરકારની ચેકીંગ દુકાનમાં ચાલુ થઈ, તેથી વણિકે પોતાના બે નોકરને કહ્યું, આજ રાત્રીએ તમે દુકાનના પાછળના દરવાજેથી ઘીના ડબા લઈ જાવ, અને આપણા ખેતરમાં ખાડા કરીને દાટી આવો.

આખી રાત્રી વાણિયાને ઊંઘ આવતી નથી, હૈયામાં કપટ રમે છે. મારા માલનું શું થશે. તારું શું થાશે તે તો વિચાર. પછી બીજી વાત. આ બાજું શું થયું, નોકર ઘીના ડબ્બા ખેતરમાં લઈ ગયા અને ખાડો ખોદી ડબાને ધરતીમાં દાટવાને બદલે, ખાડામાં ઘી ઢોળીને ઠાલા ડબા જમીનમાં દાટી દીધા. ઉપર માટી વાળી દીધી. સરકારી માણસોએ દુકાન ચેક કરી તો કાંઈ હાથમાં આવ્યું નહિ, બે દિવસ પછી શેઠે નોકરને કહ્યું, જમીનમાં ઘી ના ડબ્બા દાટ્યા છે, તે લઈને દુકાનમાં રાખી દો. ત્યારે નોકરે કહ્યું, ઘી તો ખાડામાં ઢોળી નાખ્યું છે. કહેતા હો તો ઠાલા ડબ્બા લઈ આવીએ.

વાણીયાનું મગજ છટક્યું અરે મૂર્ખા. ડબા દાટવાનું મે કહ્યું હતું, પણ ઘી ઢોળવાનું કયાં કહ્યું હતું !!! લાખો રૂપિયાનો માલ તમે બગાડી નાખ્યો, થપ્પાટ મારી

નોકરને કાઢી મૂકયો. શેઠને પસ્તાવાનો પાર ન રહ્યો !!

**કપટથી મેળવેલું અંતે, ધૂળનું ધૂળમાં જ જાય છે.**

આ તો દૃષ્ટાંત છે, પણ એનો સિધ્ધાંત સમજવા જેવો છે, એજ રીતે ભગવાને આપણને પ્રભુમાં પ્રેમ કરવાનું કહ્યું છે, પરંતુ આપણે નોકરની જેમ તેનો ઉપયોગ અવળી રીતે કરીએ છીએ, શેઠને એક ટીપું ઘી મળ્યું નહિ, તેમ આપણે પણ પુત્ર પરિવાર સંબંધીમાં પ્રેમરૂપી ઘી ઢોળી નાખીએ છીએ, તેમાંથી કાંઈ પણ મળવાનું નથી, પ્રેમ કરવા લાયક તો પરમાત્મા છે. સગાં સંબંધી સાથે ઉપર ઉપર પ્રેમ રાખવો, પણ અંતરનો પ્રેમ ભગવાન સાથે રાખવો. પણ મૂર્ખ નોકરની જેમ ધૂળમાં પ્રેમરૂપી ઘી ઢોળી નાખવું નહિ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે પાપી જીવાત્મા પસ્તાય છે.

**મૂકી ન્યાયને કીધો અન્યાય, પીડ્યાં રાંકને વાંક વિનાય;**
**સાચા સદ્ગુરુ સંત ન સેવ્યા, સેવ્યા તે નિસર્યા મુજ જેવા.**
**જેના પંચવિષય હર્યા પ્રાણ, ધન ત્રિયા તણા જે વેચાણ;**

ગુરુ કર્યા તે નીકળ્યા એના જેવા પાપી, ગુરુ કરવામાં ધ્યાન રાખવું પડે, કેવા ગુરુ કર્યા !! માયામાં બાંધેલા હતા, સ્ત્રી ધનમાં અને વ્યસનમાં રચ્યા પચ્યા હતા. તેને ગુરુ કર્યા. બાંધેલો બાંધેલાને કેમ છોડશે ?

આપણને થાંભલા સાથે બાંધી દે. પછી કોઈ કહે તમારે ઘરે જાવ. તો શું જઈ શકાશે ? નહિ જઈ શકાય ! કોઈકને કહેવું પડે કે બંધન છોડો તો જવાય. તેમ પંચ વિષયમાં માયાનું બંધન રહેલું છે, તો ભગવાન તરફ કેમ જવાશે? વૈરાગ્યરૂપી શસ્ત્રથી બંધન છૂટશે. ત્યારે થશે, ફલાણા પાસે પૈસા માગું છું. એ સંકલ્પ પાછો વાળશો ત્યાં જમવાના ઘાટ થશે. તે પાછા વાળશો. ત્યાં બાળક યાદ આવશે. તે બધા ઘાટ સંકલ્પને કાપી ભગવાનનું ધ્યાન કરવામાં દિલ લગાડશો. ત્યાં કોઈક સાથે બોલવાનું, સાંભળવાનું મન થશે. માયા અને મમતાથી આત્મા છૂટો થાય તો ભગવાનના મહા અલૌકિક સુખમાં ઝૂલતો થઈ જાય. સ્વામી ગોપાળાનંદ, મુકતાનંદ, નિષ્કુળાનંદ જેવા પરમ જ્ઞાન ગુરુનું શરણું લેવું જોઈએ. પોતે તરે ને બીજાને તારે એવા સંતો મોક્ષમાર્ગના ભોમિયા છે.

**સમજીને શરણું રે લેને સાચા સંતનું રે,**
**જાય તારા અનંત જન્મનો રોગ રે;**

**દુર્લભ મનુષ્ય રે જન્મ ભરતખંડમાં રે,**
**વારે વારે એવો નહિ, આવે જોગ રે... સમજીને....**

ખોટા ગુરુના ખાસડાં ખાઈ, ચાલ્યો જીવ જમપુરી માંઈ. પાપી જીવાત્મા રડતાં રડતાં બોલે છે. અરરર... ખોટા ગુરુ કોઈ સહાય કરવા આવ્યા નહિ.

**સાચી વાત છે શાસ્ત્ર પુરાણે, ખોટી નહિ થાય અંતને ટાણે.**

સ્વામી કહે છે, હું તમને સાચી વાત કહું છું. અંતકાળે તમને સાવ સાચી દેખાશે. ઘણા ઉધ્ધત માણસો આ વાતને ખોટી માને છે. જમપુરી છે જ નહિ. માણસને બીવડાવા માટે બોલે છે. બાકી કાંઈ નથી.

શોભારામ અને પીતાંબર બે સગા ભાઈ હતા. એકજ માતા પિતા થકી જન્મ થયો હોય, પણ બધા ભાઈ સરખા ન હોય. શોભારામ ફાવે તેમ બોલ્યા કરે. પીતાંબર નિત્ય સંત સભામાં જાય, તો એનાથી ઝઘડો કરે. સાધુ પાસે શું કરવા જાય છે ? સાધુ શું તને નોકરી શોધી આપશે ? ખેતરમાં ખેતી કરે તો બે પૈસા મળે તો ખરા ! સાધુ તને પૈસા નહિ આપે. મોટો ભગતડો થઈ ટીલાં ટપકાં કાઢીને રખડે ! મૂકી દે એ બધું ધતિંગ છે. સત્સંગની ખૂબ નિંદા કરે. નિંદા એની દાઢે ચઢી ગઈ.

એક દિવસ શોભારામને સંતો મળ્યા અને વાત કરી કે, સત્સંગની નિંદા કરવી તે મહા પાપ છે. નિંદા નર્કમાં નાખે છે. જમપુરીની સજા બહુ આકરી છે માટે સમજી જા. ને ભલાઈમાં ભાગ રાખ. શોભારામે કહ્યું, ''દીઠી તમારી જમપુરી. એ બધું કાંઈ છે જ નહિ. તમે ધતિંગ ઊભું કર્યું છે. માણસોને ખોટા બીવડાવો છો.'' સંતોએ શોભારામ સામે દૃષ્ટિ કરી અને મૂકી દીધો યમપુરીમાં. ત્યાં બરાબર જેવો યમદૂતોએ પકડ્યો, અરે !!! પાપી તું સંતોની નિંદા કરે છે ? સંતોએ તારું શું બગાડ્યું છે ? એમ કહીને ધડાક દઈને પાંચ દશ ધોકા માર્યા. ઓલ્યો રાડો પાડે, મૂકી દો. હવે નિંદા નહિ કરું. યમદૂતો કહે છે, ''મૂકી કેમ દઈએ ? બારાબર લાગમાં આવ્યો છે.'' એમ કહી ગોદા ભરાવે છે.

**જમનો માર ખમાતો નથી.**

બરાબર જેવો માર્યો, શરીરના સાંધા નરમ કરી નાખ્યા, શરીરમાં કાળી કળતર થાય. પછી દેહમાં આવ્યો. તરત સંતોના ચરણમાં દંડવત પ્રણામ કર્યા. સ્વામીજી ! હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી હાડકાં કળશે. મને એમ હતું કે આ બધું ખોટું છે. હવે નક્કી થયું કે, આ જગતની અંદર જે ગુન્હો કરે છે તેને સરકાર પકડીને

મારે છે. તેમ ભગવાનની સરકાર પણ છે. અહીં તો લાંચ રૂશ્વતથી છૂટી શકાય પણ કુદરતની કોર્ટમાં લાંચ રૂશ્વતથી નહિ છૂટાય. ત્યાં અદલ ન્યાય છે.

સ્વામીજી ! હવે હું કયારે કોઈની નિંદા નહિ કરું. મને નિયમ ધર્મની રીતભાત શીખવાડો. ત્યારે સંતોએ વર્તમાન ધરાવી કંઠી બંધાવી પૂજા આપી અને સત્સંગની તમામ રીતભાત શીખવાડી સત્સંગી કર્યો. યમદૂતોના મારથી બચવાનો એકજ ઉપાય છે. ભગવાનની આજ્ઞાનું પાલન કરો. ભગવાનની ભક્તિ કરો. હાલતાં ચાલતાં પ્રભુના નામનો જપ કરો.

**કહ્યું બાળ યુવા વૃધ્ધ આદે, પણ રહેશોમાં એવે વાયદે;**
**નથી મરણતણો નિરધાર, બાળ જોબન મરે અપાર.**
**સહુ પડ્યા છે કાળને પાશ, ત્યારે વૃધ્ધનો શિયો વિશ્વાસ;**

ઘણા એવું બોલે છે કે, અમે હજુ નાનકડા છીએ. મોટા થાશું ત્યારે ભગવાન ભજશું. મોટા થાશો કે અત્યારેજ કાળ ઝડપ મારશે તેની કોઈને ખબર નથી. માટે વૃધ્ધપણાના વાયદામાં રહી ન જતાં બાળપણથી જ ભક્તિ શરૂ કરી દો. આજ કાલમાં જવું છે ઊઠી, ઈયાં રહ્યાની વાત છે જુઠી, એક જન્મે ને એક મરે છે, એમ અહોનિશ કાળ ફરે છે, નથી રહેતું કોઈ નિરધાર, ચાલ્યો જાય છે સહુ સંસાર. ચાર દિવસના મહેમાન છીએ. હરિની આજ્ઞામાં વર્તવાનું શુરાતન લાવી પ્રભુ સ્મરણ કરો.

**જયાં કાયમ રહેવું છે, ત્યાંની તૈયારી કરજો.**

આ દુનિયા મૂકીને એક દિવસ નીકળી જવાનું છે. કાયમ રહેવાનું નથી. જમની ફોજ જોવી ન હોય તો ચેતી જાવ. મોટાનું વેર માથે છે મોટું. હરિ ન ભજે ન થાય ખોટું, સમગ્ર બ્રહ્માંડના રાજાધિરાજ ભગવાન છે. તેની આજ્ઞામાં રહીએ, તો કોઈ દિવસ દુઃખી થવાનો વારો આવે નહિ. સ્વામી કહે છે, હાથે કરીને શું કામ દુઃખી થાવ છો ?

**જેણે કરી જાય જમ સાથે, એવું ન કરીએ નિજ હાથે;**
**જેણે કરી મટે જમ ફંદ, કરિયે એવું કહે નિષ્કુળાનંદ.**

યમદંડનો એકજ સિધ્ધાંત છે. પ્રભુને પકડો. બીજી માથાકૂટ બધી મૂકી દો. સર્વપ્રકારે શ્રીહરિમાં જોડાઈ જવું. વિષયથી વિરકત રહેવું અને શ્રી હરિવરમાં હેતુ કરવું તે સારામાં સારી વાત છે.

પૂર્વછાયો :- **પછી પાપી જીવને, ઘરે રહ્યા હતા ઘટમાંય;**
**કાયામાંથી કાઢવા, કર્યો યમકિંકરે ઉપાય.**
**સહુ કિંકર થઈ સાબદા, વીટી વળ્યા તે વાર;**
**ક્રોધ કરી કઠણ અતિ, દિયે મૂઢ મતિ ને માર.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''પાપ કરીને જીવ જ્યારે પરલોકમાં જાય છે. ત્યારે તેની કેવી દશા થાય છે.'' ! તે સાંભળો ! જમદૂતો તેને તેના શરીરમાંથી પરાણે કાઢે છે. જન્મ ધરીને જે જે પાપ કર્યા છે. તે સંભારી સંભારીને માર મારે છે.

ધન્યાસરી :- **બાળ જોબનમાં જેજેકર્યાં તાં, વૃધ્ધપણામાં વળીજી;**
**કર્યાં કરાવ્યાં પાપ જે પોતે, તે આવ્યાં છે મળીજી.**
**સારી ઉંમરમાં સુખને અર્થે, કર્મ વિકર્મ જે કીધુંજી;**
**સર્વ મળીને અઘ તે આવ્યું, અંતે દુઃખ જ દીધુંજી.**

કુળ કુટુંબને માટે જે પાપ કર્યાં હોય તે પાપ એકલાને ભોગવવાં પડે છે. ખાઈ પીને જલસા બધા કરશે, પણ પાપમાં કોઈ ભાગીદાર થાશે નહિ. વિચારીને કર્મ કરજો. પાપમાં પાંતિ કેણે ન લીધી, જે કર્યાંતાં નિજ હાથેજી હૈયાના ફૂટેલા માનવીઓ જેમ ફાવે તેમ પાપ કરે છે ને ધર્મના રસ્તે ચાલતા નથી.

ઘોડો બરાબર ન ચાલે તો એનો માલીક સોટીયુંના ઘા મારે, તેમ દેવાનંદ સ્વામીએ ચાબખા માર્યા છે. એમના કીર્તનમાં ભારદાર પાવર છે. ઢીલી વાતથી આપણે સજાગ થઈએ એવા નથી. પેટનો ખાડો ભરવા માટે માનવ બહુ પાપ કરે છે. મૂર્ખાએ બધી જગ્યાએ હેત કર્યું એક હરિ સાથે હેત કર્યું નહિ.

**હૈયાના ફૂટયા હરિ સંગ હેત ન કીધું;**
**લાખ ચોરાશી કેરું લગડું, માથે તાણી લીધું રે..... હૈયાના.....**
**પેટને અર્થે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું;**
**ચાર દિવસના જીવતર સારું, મન માયામાં મોયું રે....હૈયાના....**
**જન્મ મરણ દુઃખ ગર્ભવાસનું, તે નવ શકીયો ટાળી;**
**માતપિતા યુવતી સુત સંગે, વીસર્યા વનમાળી રે.... હૈયાના......**

ધન, માલ મળ્યા. કહ્યાગરાં પત્ની મળ્યાં. એના લાલન પાલનમાં ભગવાન ભૂલાઈ ગયા. તમે સંસારી છો. બધા સાથે હળીમળીને રહેવું જોઈએ પણ ખરું હેત

કરવા યોગ્ય તો ભગવાન છે. દાદાખાચર, પર્વતભાઈ, જનકરાજા, નરસિંહ મહેતા સંસારમાં હતા પણ ભગવાનને ભૂલ્યા નથી.

**કેવો સરસ મોકો મળ્યો, છતાં મૂર્ખાએ ચાન્સ ગુમાવ્યો.**

અજ્ઞાન અને આળસ દૂર હટાવ અને ભગવાન ભજવા લાગી જા, નહિંતર હમણાંજ તારું જીવન પુરું થઈ જશે. પાણી ઉપર પરપોટો થયો હોય તેને ફૂટતાં વાર લાગતી નથી. તેમ આ દેહને પડતાં વાર લાગશે નહિ.

**ભુંડે હાલે ભોંયે સુવાર્યો, તોય ન કર્યો વિચારજી;**
**ત્યાર પછી જે પાછળ હતાં, જમનાં જૂથ અપારજી.**
**સર્વે આવી અંગે વળગ્યાં, કહેતાં ન આવે પારજી.**

જમદૂતોએ પાપી જીવને ઘેરી લીધો. આજે ખૂની હાથમાં આવ્યો છે. ખૂબ માર્યો ત્યારે પાપી જીવાત્મા આકુળ વ્યાકુળ થઈને આમ તેમ અંગમાં દોડે છે પણ બહાર નીકળાતું નથી. ઘણે વાઘે વાનર ઘેર્યો કરે જેમ કિલકાર. ઘણા બધા વાઘની વચ્ચે એક વાંદરો હોય, તો તેની કેવી દશા થાય. એવી દશા પાપીની થાય છે. હાહાકાર કરે હિલોળો પાપી કરે પોકાર, આખી દુનિયાનું દુઃખ આવી પડ્યું.

**દુઃખનો દરિયો સભર ભરિયો, પડિયો તેમાં પ્રાણીજી;**
**પેટ ભરી જે પાપ કર્યાંતાં, જમદુઃખ જુઠાં જાણીજી.**
**તે તો સર્વે સાચું થયું, ગયું સુખ સમૂળુજી;**
**હાં હાં કરતાં જન્મ હાર્યો, આવ્યું દુઃખ અણ તોળ્યુંજી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. પેટ ભરી પાપ કર્યાં છે તે હવે ભોગવ.

એક સોની હતો. સોનામાં ચાંદી-કાંસુ વિગેરે ધાતુ ભેળવીને ખૂબ કપટ કરતો. લાખો રૂપિયા ભેગા કર્યા. બંગલા બનાવ્યા, જલસા કરે, વિશ્વાસઘાત કરીને ગરીબોને છેતર્યા. સમય જતાં તેનું મૃત્યું થયું. એને આત્માને ધર્મરાજા પાસે હાજર કર્યો. ધર્મરાજાએ ખાતું તપાસીને કહ્યું, તમે સોનામાં ભેળસેળ કરી ખૂબ નાણાં પચાવ્યાં છે. પાપ ઘણું છે ને પુણ્ય ફકત એક ઘડીનું છે. અજાણતામાં તરસી ગાયને એક વખત પાણી પાયું છે. બાકી કોઈ તારા હાથે પુણ્ય કર્યું નથી.

**પહેલું પુણ્ય ભોગવીશ કે પાપ ભોગવીશ ?**

પાપ કરીને સંપત્તિ બહુ ભેગી કરવી નહિ. દીકરાઓને વગર મહેનતે જલસા

થઈ જશે. ઉદ્યમ જરૂર કરવો પણ ઉદ્યમની પાછળ આંધળી દોટ દેવી નહિ. ઉત્સવ સમૈયા હોય એમાં ભાગ લેવો અને આર્થિક સેવા કરવી. મને સમય નથી, વાડીએ, દુકાને અને કારખાને જવું પડશે. માંદા પડો ત્યારે દુકાને કોણ જશે ? શરીર સ્વસ્થ હોય ત્યારે ભજન ભક્તિ કરી લેવી. સોનીએ કહ્યું, પહેલું પુણ્ય ભોગવીશ. મને એક ઘડી કોઈ જ્ઞાની સંત મહાત્માજી પાસે મોકલો.''

ધર્મરાજાએ તેને મહાત્માજી પાસે મોકલ્યો. મહાત્માજી ઊંચે સાદે પ્રભુની ધુન્ય કરે છે. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ... સ્વામિનારાયણ.... સોની તેની પાસે બેસીને ધુન્ય બોલવા લાગી ગયો. ત્રણ કલાક સુધી પ્રભુનું નામ સ્મરણ કર્યું.

**જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે;**
**તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો જમ નાસી જાય.**
**શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુકિત લેશે.**

યમદૂતો સોનીના આત્માને લેવા આવ્યા, ત્યારે મહાત્માજી બોલ્યાં, તમે હવે આ જીવને નહિ લઈ શકો. યમદૂતે કહ્યું, આ સોની મહાપાપી છે. અનેકને દગો દઈને છેતર્યો છે. તેને અમે લઈ જઈશું. બરાબર જેવી સજા કરશું. મહાત્માજીએ કહ્યું, એક ઘડી તેણે પ્રભુનું નામ સ્મરણ કર્યું છે. સત્સંગ કર્યો છે. તેથી પાપ બળીને ભસ્મ થઈ ગયાં છે. તેથી તેને જમપુરીની સજા ન હોય. જાવ પાછા!! તુલસીદાસજીએ કહ્યું છે.

**એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ;**
**તુલસી સંગત સંતકી, કટે કોટી અપરાધ.**

આ છે સત્સંગનો પ્રતાપ, નર્કથી બચી ગયો. પ્રભુનો ભકત થયો. સોનીનો આત્મા ખૂબ પસ્તાય છે. મારા બધાં વરસો પાણીમાં ગયાં. સાચા દિલથી મેં ભગવદ્ સ્મરણ કર્યું નહિ, ભગવાને સરસ જીભ આપી હતી પણ મેં ભગવાનના ગુણ ગાયા નહિ, મોહ મમતામાં જીવન ગુમાવી નાખ્યું. ખૂબ પસ્તાય છે. ત્યારે મહાત્માજીએ કહ્યું, જાગ્યા ત્યાંથી સવાર જાણી ભગવાનનું ભજન કરવા લાગી જાવ. સાચી હકીકતમાં ભગવાનનું ભજન બાળપણથી જ શરુ કરવું જોઈએ. સંતના શબ્દો અંતરમાં ઉતરી ગયા. મહાત્માજીની સાથે ભજન ભકિત કરી જીવન સાર્થક કર્યું. શિરને સાટે સત્સંગ કરવો એ જ માનવ જન્મની સાર્થકતા છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. :-

**જમને દૂતે ઝાલ્યો ગળે, તેણે ડચકાં ભરેજી;**
**મહેર ન આવે મારે ઘણું કાઢો કાઢો કરેજી.**

જમનાદૂતે બરાબર ઝકડીને ગળું દબાવ્યું. ડચકાં ભરે, બધા માર્ગ રોકીને મુદગળના માર મારે છે. પાંચે જંજિરા સાંકળ સારી, મારી લીધો સાથે, મુષો જેમ માર્જરે ઝાલ્યો, મછલી ઝાલી બકેજી, બિલાડો જેમ ઉંદરને ઝાલે તેમ જમદૂતે પાપીને સાંકળ બાંધીને પકડ્યો. બગલો જેમ માછલાને ઝાલે, બાજ જેમ તેતરને પકડે તેમ પાપીને પકડ્યો, કાયામાંથી જીવ કાઢતી વેળા જમદૂતો બહુ દુઃખ દે છે.

**પુઠ્ય દ્વારથી કાઢ્યો પછી, અંગથી અળગો કીધોજી;**
**જીવ કાયાને થયો જુવારો, મારી મોરે લીધોજી.**

પુંઠ દ્વારથી જીવને બહાર કાઢ્યો, દડાને ધોકા મારી છોકરા રમે તેવી રીતે ધોકા મારી મારીને પાપીનું પાણી કાઢી નાખે છે.

એક મુહૂર્તમાં યમલોકમાં પહોંચાડી દીધો. ત્યાં જઈને પાપ પુન્યનું લીસ્ટ બતાવ્યું. જો આ તારાં પાપ. દ્વાદશ દિન સુધી પાપી થયો પ્રેત, બાર દિવસ સુધી જીવાત્મા સુક્ષ્મ શરીર ધારીને એના ઘરમાં રહે છે, બાર દિવસ ઘરમાં રહી જુવે છે કે મારાં સગાં મારી પાછળ શું કરે છે. દાન, પુણ્ય કરે છે કે કેવળ રડ્યા જ કરે છે.

પોતાના શરીરને અગ્નિમાં બાળતાં જોયું. અરર.... મારા વ્હાલા શરીરને આ બધા ભેળા થઈને બાળી દે છે. ખૂબ પસ્તાવો થાય છે પણ કરે શું !!! સગાં સંબંધી સ્વાર્થ સંભારીને રડે છે, કુટુંબ મળી કુતાહુલ કીધો, રહે નહિ છાના રોતાજી. ઘરની પત્ની રડતાં રડતાં શું કહે છે !! સાંભળો!!

**ઘરની નારી ઘર સંભારી, રુવે આઠું જામજી;**
**ગોલાની પેઠે આ ઘરનું, કોણ કરશે કામજી.**

પત્ની રડે છે કે નોકર સારો હતો. હું જેમ કહેતી તેમ કરતો. નોકરની જેમ ઘરનું કામ કરતા. તે હવે કોણ કરશે ? એ બધું ઠીક પણ ઓઢવા પહેરવાનું ઉતર્યું. નવી સાડી પહેરવા નહિ મળે. લટ-ત્રડ—ત્રોણિ કંકણ ફોડી આજ વિખંડીજી, દાગીના ઉતર્યા મારા, હું સોહાગણ રાંડીજી. કવિ ગાય છે. વરને કન્યાનું જોડલું, ભાંગશે તે વહેલું મોડું.

માયામાં શું મોહી રહ્યો રે... મૂરખ મનવા..
દેહ તારો વૃધ્ધ થયો રે.... મૂરખ મનવા..
વરને કન્યાનું જોડલું, ભાંગશે તે વહેલું મોડું..
દેહનું આયુષ્ય થોડું રે, મુરખ મનવા..... માયા....

રહી ભૂખ અંતરમાં મોટી ભોગ તણી તે ભારી, જગત સંબંધી વિષય ભોગની ભૂખ અંતરમાં રહી ગઇ.

**કામ વાસનાએ ભલ ભલાને હેરાન કર્યા છે.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે ગમે તેવો ધીરજવાન પુરુષ હોય અને રૂપવાન સ્ત્રી સભામાં આવે ત્યારે એની વૃત્તિ એના રૂપમાં તણાયા વિના રહે નહિ. ઈલેકટ્રીક વાયરના બે છેડા ભેગા કરોતો ભડકો જ થાય. છેડા નોખા હોય તો લાઈટ વ્યવસ્થિત રહે. સ્ત્રી પુરુષનો યોગ ભેગો થાય તો ભડકો થયા વિના રહે નહિ, માટે આ બાબતની સાવધાની રાખવી. એનો યોગ થાવા ન દે તો ઉગરે. નહિંતર ઉગરે નહિ, માટે આ સિધ્ધાંતને સમજી રાખવો.

**ઘેર ઘેરથી ઘેરે વળીને, મળી મંડળી બાંધીજી;**
**ગાણા સરખું રોણું રૂવે, સર્વે રાગ જ સાંધીજી.**
**એક નારી કહે છે એને, જમના તેડા નોયજી;**
**બીજી કહે છે મ બોલ બાઈ, હોયે હોયે હોયેજી.**

ખૂબ ઊંચે સાદે રડે છે. તે સાંભળી તેની સાહેલીયું ભેગી થઈ ગઈ. એક નારી રોતાં રોતાં કહે છે એને જમનાં તેડાં નોયજી. બીજી કહે છે એ પાપી હતો. તેથી તેને જમનાં તેડાં હોય હોયજી, સ્વામી કહે છે, ઠાલો આવ્યો ને ભૂલી ગયો વાયોને વગુતોજી, જો જો રે કમાણી કીધી, જમને ગાડે જુતોજી. ખાલી હાથે સૌ જન્મે છે ને ખાલી હાથે સૌ જાય છે.

**ગયો ત્યારે ભૂલી ગયો, કાંઈ ભાતું ન લઈ ગયો.**

બામણ ગામના નારૂજી નામના ગરાસીયા ભકત હતા. વ્યવહાર સારો હતો. શ્રીજી મહારાજ સાથે ગામડાઓમાં ફરે, સાધુ સંતો સાથે જમે, ઉત્સવ સમૈયામાં જાય, પૂજા પાઠ કરે, પણ સ્વભાવમાં બહુ લોભીયો. સ્વામિનારાયણ ભગવાનને સંતોને કે ગરીબ વિગેરેને કોઈ દિવસ જમાડે નહિ. મહેલ મોટા ને મન સાંકળું. પોતે

બધી જગ્યાએ જમવા જાય. પણ કોઈ દિવસ એમ ન કહે કે, ‘‘હે મહારાજ, સંતો સહિત અમારે ઘેર જમવા પધારો.’’ કેવળ સંગ્રહ કરે. સત્સંગ સભામાં જાય ત્યારે સંતો વાત કરતા હોય કે જીવનું ભાતું બાંધજો. ધનને ધર્મને અર્થે વાપરીને પોતાના જીવનને સાર્થક કરી લેજો. કર્મ સંસ્કારે સૌ ભેળાં થાય અને કર્મ સંસ્કાર પૂરા થાય ત્યારે સૌ સૌને રસ્તે ચાલતાં થઈ જાય. બાંધી મુઠીએ સૌ આવ્યા છીએ ને ખુલ્લી મુઠીએ સૌ જવાના છીએ. ઉપદેશ સાંભળે પણ અંતરમાં ઉતારે નહિ.

સમય જતાં નારૂજીની આયુષ્ય પુરી થઈ ગઈ. શ્રીજી મહારાજ વિમાન લઈને અક્ષરધામમાં તેડી ગયા. ત્યાં જમવા માટે પંકિત થઈ. ઝીણાભાઈ અને દાદાખાચર વચ્ચે નારૂજી જમવા બેઠા. સ્વયં શ્રીજી મહારાજ પંકિતમાં પીરસે છે. નારૂજીનું પાત્ર ખાલી રાખી શ્રીજી મહારાજ આગળ પીરસતા જાય છે. નારૂજીએ બૂમ પાડી. મહાપ્રભુ ! મારું પાત્ર ખાલી છે, જમવાનું આપો. !!! શ્રીજી મહારાજે કહ્યું, ‘‘તમોએ કોઈ સાધુ-સંત, ગરીબ કે બ્રાહ્મણને જમાડ્યા નથી. અન્નદાન કર્યું નથી. તેથી જમવા નહિ મળે. હાથે એ સાથે. વાવ્યું હોય તો લણો. તમારી પાસે ખૂબ સંપત્તિ હતી, છતાં લોભને કારણે તમે કોઈ પરોપકાર કર્યો નથી. રસોઈ આપી નથી.’’

આવું સાંભળીને નારૂજીને પસ્તાવો થયો. હવે શું કરું ? ભર્યા ભંડાર મારા ત્યાંજ રહી ગયા. આંખમાં આંસુ આવી ગયાં. ભગવાને કહ્યું, ‘‘રડો નહિ, જલ્દી તમારા દેહમાં જાવ. હજુ તમારા મૃત શરીરની નનામી બંધાય છે.’’ સંબંધીઓ નનામી બાંધે છે, ત્યાં દેહ સળવળ્યો. બેઠા થઈ ગયા. સંબંધી બોલ્યાં, જીવ કપાળે ચડી ગયો હતો. તે પાછો આવ્યો. નારૂજીએ સવિસ્તર વાત કહી સમજાવી કે શ્રીજી મહારાજ મને ધામમાં લઈ ગયા હતા પણ મેં દાન પુણ્ય કાંઈ કર્યું નથી તેથી પાછો આવ્યો છું.

પછી શ્રીજી મહારાજના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજને તથા સંતોને પોતાના ઘરે તેડાવ્યા. જમાડ્યા અને ખૂબ ભારે વસ્ત્ર, આભૂષણો અર્પણ કરી પૂજા કરી. છૂટા હાથે બ્રાહ્મણોને દાન આપ્યું. સમય જતાં શ્રી સ્વામિનારાયણ ભગવાન નારૂજીને અક્ષરધામમાં તેડી ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**બાર દિવસ એ બેઠા જોયું, જે જે કીધું કેડેજી;**
**લાળ મવારે થૂંક બળખે, મુખ ભરાણું સેડેજી.**

**ઘર ચૌટા મસાણ માંહી, દિન દ્વાદશ રહ્યોજી;**
**તર્ત તિંયાથી દન તેરમેં, જમની સાથે ગયોજી.**

શરીરમાંથી છૂટ્યા પછીની વાત છે. ઘરનાં નળીયાં માથે બેઠાં બેઠાં આ બધું જોયું. ઘડીકમાં સ્મશાનમાં આંટો મારે. ઝાંપે આંટા મારે કયારેક નળીયે બેસે, બાર દિવસ સુધી સુક્ષ્મદેહે આ બધું જુએ. આપણે બધા કથા, કીર્તન- ધુન્ય કરીએ તે મરી ગયેલાને સંભળાવીએ છીએ. જો કથામાં રૂચીવાળો જીવાત્મા હોય તો કથા સાંભળે અને કથામાં રૂચિવાળો ન હોય તો જયાં ત્યાં આંટા મારે.

**દેહ છતાં ન સાંભળે, તે મરી ને શું સાંભળશે.**

એના મનમાં તો માયા ને મમતા જ રમતી હોય. આ મારું મકાન, ગામ ગરાસ, ધન માલ, પુત્ર પરિવાર એ બધું રહી ગયું ને હું એકલો થઈ ગયો. મારી સાથે કોઈ નથી. બહુ પસ્તાય છે. કાયર રૂદન કરે કુબુધ્ધિ કોઈ ન સુણે કાનેજી, સગાં સંબંધી સૌનાં ટળિયો, પડિયો જમને પાનેજી. કિંકર કરે પડિયો પાપી, કરે કોણ સહાય નિષ્કુળાનંદ નાથ ભજ્યા વિના, નહિ અવર ઉપાય.

પૂર્વછાયો :- ઉપાય નથી આ જીવને, પ્રભુ ભજ્યા વિના કોઈ પેર;

**જન્મ મરણનું જોખમ માથેથી મટે નહિ જમ વેર.**

જન્મ મરણના ફેરાથી મુકત થવું હોય તો ભાવવિભોર થઈ હરિ સ્મરણ કરવું. બ્રહ્મ રસનું પાન કરશો તો ચિત્તમાંથી માયા અને વાસના નાશ થશે. તેથી બહારના વિષયો અને વિક્ષેપો તેને નડશે નહિ.

**ઘડિયે ઘડી ઘટે આવરદા, આયુષ્ય ઓછું થાય;**
**એહ દુઃખને મટાડવા, કરવો સહુને ઉપાય.**

આપણે આ જગતમાં કે વ્યવહારમાં લાંબા થવા નથી આવ્યા પણ આપણે જગતમાંથી ટૂંકા થઈ ભગવાનમાં જોડાવા આવ્યા છીએ. બહારવૃત્તિવાળાને જગતમાં જોડાવું ગમે છે. અંતરવૃત્તિવાળાને ભગવાનમાં જોડાવું ગમે છે. મોટર ગાડી, બાગ-બગીચા, વસ્ત્ર આભૂષણ - ધનસંપત્તિ વિગેરે જેની પાસે હોય તે ભાગ્યશાળી નથી એ તો આલોકની નાશવંત સંપત્તિ છે.

**ખરો ભાગ્યશાળી તો તે છે, જેને પ્રભુમાં પ્રેમ છે તે.**

માટે ગાફલતા મેલીને, શ્રીહરિને સમરવા મુખ, ભગવાન ભજ્યા વિના

છૂટકો નથી. એ વાત આજ સમજો કે હજાર જન્મ બાદ સમજો પણ હરિભજન તો કરવું જ પડશે. હરિ સ્મરણ નહિ કરો તો. !! જાવું જોઈશે જમપુરીએ જીવ જાણી લેજો જરૂર, નિમિષ નિમિષે નિકટ આવે દેખી લેજો નથી એહ દૂર. મૃત્યુની નજીક નજીક આપણે જઈ રહ્યાં છીએ.

પૂર્વછાયો :- આવું સાંભળી શ્રવણે, રખે ઉર વિચારતા એમ;

**જીવ વસ્તુએ જડે નહિ, તો દુઃખ ભોગવશે કેમ.**
**વળી કોઈ કહેશો જીવ ઝીણો, વ્યોમથી અતિ વિશેષ;**
**અછેદ્ય અભેદ્ય અખંડ એહ, બળે સડે સૂકે નહિ લેશ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જીવ કોઈના હાથમાં નથી આવતો, દેખાતો નથી, તો કઈ રીતે માર ખાશે ? જીવ છેદાતો નથી, ભેદાતો નથી, સૂકાતો નથી, અજર, અમર ને અખંડ છે. બધી વાત સાચી છે પણ જીવ શરીરમાં હોય ત્યારે માર ખાય છે.

મૂર્ખનો મત કેવો છે ? એ એમ કહે છે, જીવ છે તે બ્રહ્મ છે. એને કોઈ દોષ અડતો નથી. જપ, તપ, યોગ, યજ્ઞ, દાન, પુણ્ય કાંઈ કરવાની જરૂર નથી. શૂન્ય સુમનની સમજ સારુ અતિ આગ્રહ કોણ કરે. શશશૃંગની શીબીકાયે બેઠે ન બેઠે શું સરે ?? જેવાં જેનાં કર્મ છે તેવાં ફળ તે ભોગવે છે. જેવાં પાપ કર્યા હોય તેવા જન્મ લેવા પડે છે. જો ભગવાનની આજ્ઞા પાળીએ નહિ તો ગધેડા, ઊંટ અને કૂતરાના દેહ આવશે અને અણતોલ્યો ભાર ઉપાડવો પડશે. જો ધીમો ચાલશે તો ધોકાથી બરાબર પીટશે ને પેટ પૂરતું ખાવા પણ નહિ મળે. સ્વામી કહે છે, હાથે કરીને શા માટે દુઃખી થાય છે.?

**સુખ તજીને દુઃખ લેવું, એવું અજ્ઞાની પણ ઈચ્છે નહિ;**
**એ પણ વાત અસત્ય છે, જીવ સત્ય છે માનો સહી.**

સુખ જોઈએ છે, કોઈને દુઃખ જોઈતું નથી, પણ સુખનું સાધન શું છે. તે વિચારવું જોઈએ ને !!! ગમે તેટલા સંસારના ભોગ ભોગવશો તો પણ ભૂખ જશે નહિ. ભોગનો ત્યાગ કરવાથી સુખી થવાય છે. કેવળ વૈરાગ્યથી સુખી નહિ થઈ શકાય. વૈરાગ્યની સાથે ભક્તિનો સહારો જોઈશે.

## વૈરાગ્ય માયાથી છૂટા પાડે છે

## અને ભકિત છે તે ભગવાનમાં જોડે છે.

સર્વ શાસ્ત્રનો સાર માત્ર એટલો જ છે, ભગવાનના સ્વરૂપમાં જોડાવું નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેમ નર આકાશમાં અતિ ઊંચો કરે પ્રવેશ, તેને આકાર અવનિ તણા નજરે ન આવે લેશ, પણ અવની પર એ છે ખરા, નથી અસત્ય આકાર એક, બહુ ઊંચો આકાશમાં કોઈ ચડી જાય તો તેને પૃથ્વી પર કાંઈ દેખાય નહિ, પણ રચના છે તે સત્ય છે. તેમ જીવ, ઈશ્વર અને માયા સત્ય છે. જીવનાં ત્રણ શરીર છે. સ્થૂળ, સુક્ષ્મ અને કારણ. ત્રણ અવસ્થા છે. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ તેમાં રહીને હરખ, શોકને તે ભોગવે છે. વાસનાએ યુકત એ જીવ જન્મમરણ સુખ દુઃખમાં રહે સંસૃતિમાંય સદૈવ.

વાસનિક જીવાત્મા જન્મ મરણના ચક્કરમાં સદાય ભટકયા કરે છે. એક જ્ઞાની મહાત્માજી હતા. તેઓ આશ્રમ બાંધીને રહેતા હતા. તેમના સાથે આઠ દસ શિષ્યનું મંડળ હતું. તેમને હરહમેશાં ઉપદેશ આપે કે જેમ અન્ન શરીરનો ખોરાક છે તેમ ભગવાનની પૂજા કરવી, ધ્યાન કરવું, ભગવાનના નામનો જપ કરવો તે આત્માનો ખોરાક છે. વહેલી પ્રભાતમાં વાતાવરણ શાંત હોય ત્યારે નિરાંતે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરવું.

ભગવાનનું ધ્યાન કરવાથી મન સ્વચ્છ રહે છે. સ્નાન કરવાથી શરીર સ્વચ્છ રહે છે. આપણે અનંતકોટી બ્રહ્માંડના રાજાના આશ્રિત છીએ. સર્વોપરી સત્સંગ મળ્યો છે. કથા કીર્તનરૂપી વૈભવ મળ્યો છે તો કોઈ પદાર્થમાં મમતા કે આસકિત રાખવી નહિ. મહાત્માજી તુંબડાથી પાણી પીવે. તુંબડાને જરાય છેટું મૂકે નહિ સાથે જ રાખે. તુંબડાનું નામ રાખ્યું ગંગાજળીયું. વારંવાર શિષ્યને કહે, કહાં ગયા મેરા ગંગા જળીયા, રાત દિવસ તુંબડાને યાદ કરે.

## ભગવાન ભુલાઈ ગયા ને, તુંબડામાં ચિત ચોંટી ગયું.

જડભરતજીની જેમ હરિ સ્મરણ કરવાને બદલે હરણનું સ્મરણ ચાલુ થયું, તો બીજા જન્મે હરણ થયા. મહાત્માજીનો અંતકાળ આવ્યો. બોલી બંધ થઈ ગઈ. તુંબડામાં વાસના રહી ગઈ. અંતે યા મતિઃ સા ગતિઃ, તુંબડામાં ભૂત થઈને રહ્યા. વિચાર કરો ! વાસનાએ ભલભલાને ઉથલાવી નાખ્યા છે.

વાસના ટાળવાનો ઉપાય શ્રીજી મહારાજે વચનામૃતમાં સરસ સમજાવ્યો છે. નેત્ર અને શ્રોત્રની વૃત્તિ જયારે ભગવાનને મૂકી અન્યમાં તણાય ત્યારે તેને ઉપદેશ

દેવો કે, હે મૂર્ખ તું ભગવાનની મૂર્તિ વિના અન્યરૂપને જુવે છે તેમાં તને શું પ્રાપ્ત થશે ? નકામાં વલખાં મારીને પરમેશ્વરને શા વાસ્તે મેલી દે છે ? જો અલ્પ વિષયમાં વાસના રાખીશ તો યમપુરીમાં માર ખાતાં અંત નહિ આવે. બુધ્ધિ ભ્રષ્ટ થઈ જશે. આવી રીતે શ્રોત્ર અને નેત્રને ઉપદેશ દેવો.

રાજય એ બંધનકારી જેવું છે. તુંબડું બંધનકારી એવું રહે રસાસ્વાદની વાસનાય તો કીડા રસનાજ થાય. માટે નિસ્વાદી થાવું નરનારી, ભવિષ્યનું દુઃખ દિલે વિચારી ત્યાગીઓને પણ સાવધાન રહેવાની ખાસ જરૂર છે. નહિંતર આ મહાત્માની જેમ ભૂત થવું પડે.

**સ્વપ્નમાં જે જાય આવે, મૂરતિમાન શરીર;**
**સુખ દુઃખને તે ભોગવે, મને માનજો મહાધીર.**

આપણે સૂતાં હોઈએ, સ્વપ્નું આવે, તેમાં બધી આકૃતિ મૂરતિમાન દેખાય. સુખી-દુઃખી થઈએ. સ્વામી કહે છે, લુહાર એરણ વચ્ચે, ગરમ અગ્નિમાં લોઢું રાખીને ઘણથી ટીપે છે તેમ પાપી જીવ લોહ ઘડાય છે તેમ તે માર ખાય છે. અનેક તન આવ્યાં ગયાં વળી જશે અને આવશે. અનેક આ જીવે કેટલીયવાર દેવતા થઈને દેવલોકનાં સુખ ભોગવ્યાં છે. કેટલીયવાર ચક્વર્તી રાજા થઈ અનંત સુખ ભોગવ્યાં છે. આપણે અનેક જન્મમાં ઘણા સંસારના ખાનપાન ને રાજપાટ ભોગવ્યાં છે. હવે આ એક જન્મ ભગવાન અર્થે ભજન ભક્તિમાં વિતાવીશું તો શું ખામી આવશે ? ઊંડાણમાં વિચાર કરો. હજુ કેટલાં સંસારમાં નાશવંત સુખ ભોગવવાં છે. હજુ ધરાયા નથી.

દેહી નહિ દેહ વિના, એમ સમજી લેજો વિવેક, જીવ દેહ વિના રહી શકતો નથી, જેમ વરસે સર્પ કાંચળી ઉતારે તેમ જીવાત્મા અનેક દેહ ધારણ કરે છે.

**આ તન તજ્તે અંગુષ્ઠમાત્ર, થાય ત્રણ તત્વનું તન;**
**આકાશ વાયુ ને અગનિ, તેનું રૂપ બંધાય છે જન.**

સમજવા જેવી બાબત છે. આ શરીરમાંથી જીવ નીકળે છે પછી તેનું ત્રણ તત્વનું શરીર બંધાય છે. અત્યારે આપણું શરીર પાંચ તત્વોનું છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. મર્યા પછી ત્રણ તત્વથી દેહ બંધાય છે. આકાશ, વાયુ અને અગ્નિથી દેહ બંધાય છે ( અંગુષ્ઠ જેટલો) દશ દિવસ થાય પછી એક મુડા હાથનું થાય તન, દશ દિવસ સુધી ભૂખ તરસ લાગતો નથી.

દિન અગીયારમે ષટ ઉર્મિ વ્યાપે શરીર, પછી ભૂખ લાગે છે. જીવાત્માની

મૃત્યુ પાછળ સગાં સંબંધી શ્રાધ્ધ કરે અને પીપળે પાણી રેડે તે પાણી પીવા મળે છે. બાર દિવસ સુધી રહીને ચાલે તેરમે દિન અચીર. પછી સગાં સંબંધી સર્વે મેલીને ચાલ્યો એકીલો આપ. એકલો પરલોકને માર્ગે ચાલતો થઈ ગયો.. દુનિયાના સંબંધ પૂરા થયા.

**સંગ ન ચાલી સંપત્તિ, ચાલ્યાં ભેળાં પુણ્યને પાપ.**

સંપતિ ભેગી નહિ ચાલે, બે વસ્તુ સાથે ચાલશે (પુન્ય અને પાપ) મોટા મોટા મરી ગયાને છોટા મન છલકાય કે, આપણને હજુ મરવાની વાર છે. ઝાડમાં ત્રણ પ્રકારનાં પાંદડાં હોય. કોઈક સૂકેલાં હોય, કોઈ લીલાં છમ હોય, કોઈ સાવ કુંપણ કાઢેલાં હોય. સૂકેલાં ખરી પડે. તેમ જગતના જીવ એવા માયામાં ડૂબ્યા છે કે એક દિવસ મરી જાવું છે. તે તેને યાદ આવતું નથી.

**જયાં કાયમ રહેવું છે, ત્યાંની તૈયારી કરતા નથી;**
**જયાં કાયમ રહેવું નથી, ત્યાં સાતમાળની હવેલી બાંધે છે.**

દશ-પંદર કે વીસ લાખના બંગલામાં કેટલા દિવસ રહેશો ? તે કાંઈ નકકી છે ? કાંઈ નથી ઓંચિતી ટીકીટ આવશે. દેહરૂપી બંગલો ખાલી કરો !!! નીકળવું ગમશે નહિ, પણ પરાણે નીકળવું પડશેજ. એક શ્રીમંતે બંગલો બનાવ્યો. વાસ્તુ પૂજન કરવા સંતો પધાર્યા. સંતોએ પૂછ્યું, ભગત પૂજા કરો છો ? સ્વામીજી પૂજા નથી કરતો. મંદિરે દર્શન કરવા જાવ છો ? દર્શન કરવા નથી જતો. પ્રભાતમાં નાહી ધોઈને શિક્ષાપત્રી ને વચનામૃત વાંચો છો ? સ્વામીજી હું શિક્ષાપત્રી નથી વાંચતો પણ સવારમાં છાપું વાંચું છું. સંતોએ કહ્યું, ''ધૂળ પડી તમારા પંદર લાખના બંગલામાં અને ધૂળ પડી તમારા જીવનમાં. ૨૪ કલાકમાં ચાર માળા ફેરવતા નથી, દર્શન કરવા જતા નથી. ગામમાં આંટા મારો છો.''

**આદર્યું તે અધવચ રહ્યું, થયું વચમાં વિવાહનું બારમું;**
**મનસૂબો મનમાં રહ્યો, થયું ચાલવાનું કારમું.**

આદર્યું અધવચ્ચે રહ્યું, થયું વિવાહનું બારમું. રસકસ લીધું હતું વિવાહ માટે ને ઓચિંતું મૃત્યુ થયું તે રસકસ બારમે દિવસે શીરો કરીને સૌને જમાડ્યાં. સ્વામી દષ્ટાંત આપે છે, એક યુવાન પરણવા માટે જાય છે. સાજન-માજન ભેગાં થયાં છે. ઢોલ ઢબૂકે છે. શરણાઈના સૂર વાગે છે, નારી મંગળ ગીત થાય છે, વરરાજા બળદ ગાડે ચડવા ગયો ત્યાં બળદે જોરથી લાત મારી. છાતીમાં લાત વાગી વરરાજા ચક્કર

ખાઈને પડ્યો હેઠો. ત્યાંજ તેના પ્રાણ પંખેરું નીકળી ગયું. જાનમાં જાતો હતો. તે જાનનો ગયો. આદર્યું અધવચ્ચે રહ્યું. થયું વિવાહનું બારમું, ઓચિંતું મૃત્યુ થઈ ગયું.

**મોહને મારવાનો, વાસનાને વિદારવાનો**
**આત્માને ઉગારવાનો આ ગ્રંથ છે.**

કોણ કયારે આ દુનિયા છોડીને જાય તેનું કાંઈ નક્કી નથી. નાશવંત દુનિયામાં, નાશવંત સુખમાં ફુલાવું નહિ. જ્ઞાનરૂપી તલવારથી આસક્તિના દોરડાને કાપ્યા વિના જન્મ - મરણના ફેરા ટળવાના નથી.

ઠાલે હાથે ને ભૂંડે હાલે પાપી જીવાત્મા જમપુરીને મારગે થયો ચાલતો. અણ તોળ્યાં દુઃખ આવિયાં. કહી કહી કહીયે કયાં લગે. જમપુરીનો રસ્તો કેટલો લાંબો છે. તેની વાત નિષ્કુળાનંદ સ્વામી કરે છે, આ મનુષ્ય લોકથી છ્યાસી હજાર ત્રણસો જોજન જમપુરી દૂર છે.

**તિયાં જાવાનું થયું જીવને, ભેળું ભલું ભૂંડુ ભાતું લહિ;**
**ખાવા લીધી સંગે ખરચી, જેમાં સુખનો લવ લેશ નહિ.**
**વાટ વસમી વિકટ વળી, જિયાં ઓળખાણ નહિ આપણી;**
**પ્યાસ ભૂખનું કોણ પૂછે, દિયે માર બહુ સહુ ઘણી.**

વસમી વાટ તેમાં આપણે સૌ અજાણ્યા છીએ. કોઈ ઓળખાણ નથી ત્યાં જવાનું છે. સગા સંબંધીને ઘણાંને ઓળખ્યા, પણ જ્યાં સુધી ભગવાનને નથી ઓળખ્યા ત્યાં સુધી બધું અધુરું છે. શ્રીજી મહારાજ સાથે એકાત્મભાવ કેળવવો કે સર્વસુખ આપનાર એક માત્ર ભગવાન છે. હરિ એ જ મારું જીવન છે. કેટલાક લોકો ઓછી મહેનતે સુખ સમૃધ્ધિ મેળવે છે. તેમને પૈસા માટે દોડાદોડ કરવી પડતી નથી ને ભાવિની ચિંતા નથી કારણ કે, તેઓએ પોતાનું જીવન પરમાત્માના ચરણમાં સમર્પિત કર્યું છે. પરમાત્મા સાથે એકાત્મભાવ કેળવેલો છે.

વચનામૃત ગ.મ.૧૦ શ્રીજી મહારાજ કહે છે, ભગવાન સંબંધી સુખ ઓળખાય તો જેટલું માયા થકી ઉત્પન્ન થયું છે તે સર્વે તુચ્છ જણાય છે. ભગવાનના અક્ષરધામમાં જે સુખ છે તેની આગળ માયિક સુખ છે તે નરક જેવું છે. અચળ સુખ તો અક્ષરધામમાં છે.

પાપી જીવાત્માએ જમપુરીને રસ્તો પગપાળા ચાલીને કાપવાનો હોય છે

અને પુણ્યશીલ જીવાત્માને ભગવાન ઘેરબેઠાં વિમાન લઈને તેડવા આવે છે.

**રથ વેલ વિમાન ને પાલખી રે, લાવશે વાહન વહાલો બહુ વિધ;**
**અચળ વાત છે એ નહિ ચળે રે, પ્રભુ મારો પધારશે**
**પ્રસિધ્ધ.... અવસરે અલબેલોજી આવશે રે....**

અક્ષરધામમાં જીવાત્મા જાય છે ત્યારે રસ્તામાં જે લોક આવે ત્યાંના મુકતો જીવાત્માનું સ્વાગત કરવા આવે છે. પુષ્પના હાર પહેરાવીને બહુમાન કરે છે અને પોતાના લોકના સુખો છે તે બતાવે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પાપી જીવાત્માને રસ્તામાં કોઈ પૂછતું નથી કે તને ભૂખ લાગી છે ? લે અમે જમવાનું આપીએ. આવું કોઈ પૂછતું નથી.

**એહ મારગમાં જે ગામ છે, તેના તે કહું હવે નામ;**
**સોળ પુર છે દંડના, અને બીજા તે અનેક ગામ.**
**પ્રથમ યમપુર નામ છે, પુર સૌરી બીજું જાણ;**
**વરિદ્રપુર ત્રીજું કહિયે, ગાંધર્વ ચોથું વખાણ.**

જમપુરીના મારગમાં સોળ પુર છે. બીજા તો અનેક ગામ છે. પાપી જીવાત્માને સોળ ગામમાં સજા થાય છે. બાર મહિના સુધી આ સોળ ગામમાં માર ખાશે. રસ્તામાં ખૂબ કૂટ ખાશે. પછી તે પાપીને ચોરાસી લાખના ચક્કરમાં નાખશે.

પ્રથમ ગામનું નામ યમપુર છે, બીજું સૌરી, વરિદ્રપુર, ગાંધર્વ, શૈલાગમપુર, ક્રૂરપુર, કૌંચપુર, વિચિત્રપુર, બાહવાપદપુર, દુઃખદપુર, નાનક્રંદ, સુતપ્ત, રૌદ્રપુર, પયોવર્ષણ શીતાઢ્યપુર અને બહુભીતિપુર આ સોળ ગામમાંથી જીવાત્માને પસાર થવાનું હોય છે. આ સોળ ગામમાં પાપી જીવ કેવી સજા ભોગવશે તેની વાત નિષ્કુળાનંદ સ્વામી વિસ્તારથી સમજાવશે. દરેક ગામમાં જુદી જુદી સજા છે એક પ્રકારની નથી.

**પાછો ન ફર્યો પાપ કરતાં, કર્યા અઘઅતિ અગણિત;**
**તે જીવ ચાલ્યો જમપુરીએ, ભૂખ પ્યાસે ભૂંડી રીત.**
**જમદૂતે જોરે ઝાલીને, નાખી કંઠમાં કાળ પાશ;**
**આયુધ ઉગામે મારવા, બહુ બહુ દેખાડે ત્રાસ.**

પાપી જીવાત્મા બરાબર ચાલતો નથી. તેથી જમદૂત જોરે ખેંચીને ચલાવે

છે. ધોકો ઉગામે. કેમ નથી ચાલતો !! ચાલતાં ચાલતાં પડી જાય, ત્યારે ઊંધે માથે જોરથી તાણે છે. ત્યારે પાપી પોકાર કરે છે, પણ ત્યાં કોણ સહાય કરે ? સંગાથે કોઈ નથી. ઊંધા ચિતા કર્મ કરીને મનુષ્ય દેહ ખોઈ બેઠો. જેહ અર્થે આ મનુષ્ય દેહ, તેહ કારજ કીધું નહિ; અવળાં આચરણ આચર્યાં, તેહ ફળ લેતાં ફજેતી થઈ. અલ્પ સુખને આશરી, કરી ઘણી ઘણી ઘાત; એવો પાપી પ્રાણીયો, તે ચાલીયો જમ સંગાથ.

એક રાજા હતો. પાપ કર્મને લીધે આખા શરીરમાં કોઢ નીકળ્યો. ખૂબજ બળતરા થાય. જમવાનું ભાવતું નથી. રાત્રે ઊંઘ આવતી નથી, ચેન પડતું નથી. ગરીબને દુભાવીને ખજાના ભર્યા પછી સુખ કયાંથી હોય ? પીડાનો પાર નથી ઘણી દવાઓ કરી પણ કાંઈ ફેર પડ્યો નહિ. રોગ વધી ગયો. કોઢમાંથી પરૂ ટપકે છે. પીડાથી ખૂબ રીબાય છે. હવે શું કરવું ? પસ્તાવાનો પાર નથી.

ત્યાં એક ઊંધી મતિનો વૈદ્ય આવ્યો અને તેણે ઉપાય બતાવ્યો કે એક યુવાન તંદુરસ્ત માણસને શોધી લાવો. અગ્નિનો મોટો ભઠ્ઠો કરી તેના ઉપર મોટું તેલનું તપેલું મૂકો. તે ભઠ્ઠા ઉપર એક નીસરણી બાંધી તેમાં યુવાનને લટકાવો તેથી ચામડી બળે તેમાંથી ગરમ લોહીના ટીપાં પડે તે ઝીલી લઈને તમારા કોઢ પર ચોપડો. તો સારું થઈ જશે. નિર્દય રાજાએ સેવકોને હુકમ કર્યો, જાવ !! પૈસા આપીને એક યુવાનને લઈ આવો.

નગરમાં ફરે છે ત્યાં એક વાણીયાના ચાર દીકરા હતો. ત્રણ દીકરા વેપાર કરી પૈસા કમાતા હતા પણ એક દીકરો પરમ ભગવદીય ભકત હતો. વેપારમાં બહુ ધ્યાન આપતો નહિ પણ ભજન ભકિત, પૂજા પાઠ, સત્સંગ બહુ કરે, અખંડ પ્રભુના જપ ચાલુ હોય. રાજાના સેવકોએ વાણીયાને વાત કરી, તમારો એક દીકરો વેચાતો આપો !!! તમે જેટલા કહેશો તેટલા પૈસા આપશું. મનગમતું નાણું લઈ ભકત હતો તે દીકરો આપી દીધો. આ કાંઈ કામ કરતો નથી લઈ જાવ.

દીકરો સમજી ગયો. દેહના મા-બાપે ધક્કો દઈ દીધો પણ પરમ પિતા પરમેશ્વર જરૂર રક્ષણ કરશે. મને એમનો અચળ આશરો છે. યુવાનને કહ્યું, ''તું આ નીસરણી પર લટકી જા, નીચે ધગધગતું તેલ ઉકળે છે.'' આ જોઈ છોકરો કંપી ગયો. હવે મારું શું થશે ? આકાશ સામે નજર કરી, ''હે પ્રભુ ! ઉપર આભ અને નીચે ધરતી છે. સાચો સગો તું છે. સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ.... નીસરણી પર ચડતાં પહેલાં પૃથ્વી માતાને નમસ્કાર કરી હાથેથી ત્રણ લીટા કર્યા. તેમાંથી બે

લીટા ભૂંસી નાખી એક લીટો રહેવો દીધો. હજારો આ માણસો આ તમાશો જોવા આવ્યાં છે. બધાને નવાઈ લાગી કે, આ કોઈજ જંત્રમંત્રવાળો છે આપણું મોત થાશે.

રાજાને વાત કરી. રાજા આવ્યો, પૂછ્યું, ‘‘લીટો કરીને ભૂંસે છે. આવું કરવાનું કારણ શું ? ત્યારે યુવાને સરસ જવાબ આપ્યો, ‘‘અન્નદાતા આ જગતની અંદર માણસના ત્રણ રક્ષકો છે. પહેલું રક્ષણ કરનાર માતા-પિતા છે, બીજો રક્ષણ કરનાર રાજા છે અને ત્રીજો રક્ષણ કરનાર પરમેશ્વર છે. મારા માબાપે દ્રવ્યલોભમાં મારો ત્યાગ કર્યો. તમે રક્ષણ કરવાને બદલે મને મારવાનો પ્રયાસ કરો છો. હવે તો સાચો રક્ષક એક ભગવાન છે. તેથી બે લીટા ભૂંસી નાખી એક લીટો રાખ્યો છે.

રાજા વિચાર કરે છે. આ છોકરો જ્ઞાની લાગે છે. ત્યાં આકાશવાણી થઈ. સબૂર ! જો મારા ભકતને દુઃખી કર્યો તો !!! અરે પાપી રાજન્ કર્યાં કર્મ ભોગવે છે ને નવા પાપ કરવા તૈયાર થયો. જો મારા ભકતને દુભાવીશ તો તારો સત્યનાશ થઈ જશે. ભયંકર રોગમાં સપડાઈશ. સુખી થાવું હોય તો એકજ રસ્તો છે તે યુવાન ભકતરાજ જો તારા શરીર પર પ્રભુનું નામ લેતાં લેતાં હાથ ફેરવશે તો તારી સમગ્ર પીડા મટી જશે, ચેતી જા.

**આજથી પ્રતિજ્ઞા લઈ લે કે કોઈને દુભાવીશ નહિ.**

યુવાન ભકતે રાજાના શરીર પર હાથ ફેરવ્યો કે પીડા મટી ગઈ અને રાજાને શાંતિ શાંતિ થઈ ગઈ. રાજાને સાચી સમજણ આવી તેથી નિત્ય સંતસમાગમ કરે અને કોઈને દુભવે નહિ, નિત્ય પ્રભુનું સ્મરણ કરે. સાવધાન થઈ ગયો તો જમપુરીથી બચી ગયો. રાજાએ છોકરાને સોનામહોરોની કિંમતી ભેટ અર્પણ કરી. છોકરાએ કહ્યું, ‘‘મને કોઈ ભેટની જરૂર નથી. તમે સાધુ સંત, ગરીબ, બ્રાહ્મણ અને ગાયોને અર્થે વાપરજો. હવે હું જંગલમાં જઈશ અને પ્રભુની ભક્તિ કરીશ. આ વાતની મા-બાપને ખબર પડી. મા-બાપે કહ્યું, ‘‘બેટા, ચાલ ઘરે તને પરણાવશું અને માલ મિલકત આપશું, રાજી રાખશું. દીકરાએ કહ્યું, ‘‘મારા સાચા સગા તો ભગવાન છે. તમે તો સ્વાર્થનાં સગાં છો. મનગમતાં નાણાં લઈ મને વેચી દીધો. હવે હું ઘરે આવવાનો નથી. જંગલમાં જઈશ ભક્તિ કરી તપ કરી મારા આત્માનું કલ્યાણ કરીશ.

**પૂરણ દુઃખમાં જે પડ્યો, જેનો કહેતાં ન આવે પાર;**
**નિષ્કુળાનંદ નિશ્ચય કહે, સત્ય માનજો નરનાર.**

ખરેખરા ભગવાનના ભકત છે તે માયારૂપી પાણીમાં કયારે પણ ડૂબી જતા

નથી. કમળ જળમાં રહે પણ જળથી અલિપ્ત રહે છે. તેવી રીતે અલિપ્ત રહી ભજન કરવું.

**પૂર્વછાયો – ઝંઝિર બંધે બાંધિયો, મારીને લીધલો મોર;**
**ડગલે ડગલે દુઃખ ઘણું, નહિ લેવા સુખ કોઈ ઠોર.**
**બસેંને સડતાળીશ જોજન, જમ ચલાવે છે નીત;**
**જેવાં જેનાં કર્મ છે તેવી તે દંડની રીત.**

પાપી જીવાત્માના પગમાં લોઢાની સાંકળ બાંધી બસો ને સડતાલીશ જોજન દરરોજ પગે ચલાવે છે. ખાવા પીવા કાંઈ નહિ મળે, દરરોજ આટલો પંથ કાપશે ત્યારે નરક લોક આવશે. વચ્ચમાં કયાંય વિસામો લેવા નહિ મળે. જમદૂત મર્મ સ્થળે સાંધામાં ઠક્કા કરે. મનગમતી માર મારે. તાળવે, કપાળે, કોણીએ, ગોઠણમાં ખૂબ માર મારે છે. કપાળે ધોકો મારે ત્યારે તમ્મર ચડી બેભાન થઈ પૃથ્વી પર પડી જાય છે.

વિચાર કરો. આપણને કોણીમાં જરાક વાગે તો ચીસ નીકળી જાય. આવી કઠણ માર કેમ ખમાશે !! ચાલતાં ખૂટલાઈ કરે તો ગોઠણમાં ધોકા મારે. પાપી જીવ તરફડિયા મારે, આડું અવળું ભાગી જવાનું કરે પણ જાય કયાં. પગમાં લોઢાની સાંકળ બાંધેલી છે. અનાથ છે, કોઈ ઉપરામણ લેવાવાળું નથી. જેમ નર વાનરને બળે ગળે બાંધે છે બંધ, તેમ જાય કયાં જીવ પાપી, બાંધીને હેરાન કરે છે, વજ્રજેવી કઠોર જમદૂતની વાણી છે. ચોપાઈ :-

**તેને સાથે ચાલિયો અનાથ રે, ઘણું ઘણું ઘસતો હાથ રે;**
**કરે ઓરતો જનમાં બહુ રે, મારો મારો કરે જમ સહુ રે.**
**પડે માથે મુદગર માર રે, કરે હાય હાય ત્યાં પોકારે રે;**
**દઈ દઈ પાપના એંધાણ રે, દિયે દુઃખ ઘણું જમરાણ રે.**

હાથ ઘસવા પડશે. ધ્યાન રાખજો, પાપી જીવાત્મા જમદૂતને કહે છે, ‘‘મને આવડી માર શા માટે મારો છો ? એવા મેં પાપ નથી કર્યાં’’ ત્યારે જમદૂતે લીસ્ટ બતાવ્યું. એંધાણ આપતાં કહ્યું, આ જગ્યાએ તેં આવું પાપ કર્યું છે. બધી બાબત વિસ્તારથી સંભળાવે છે. પાપીયા તને બધી ખબર હતી છતાં પાપ કરતાં વિચાર ન કર્યો !!! કે સજા ભોગવવા માટે.

**કુદરતની હાઈકોર્ટમાં જવું પડશે ને**

રતિ રતિના જવાબ દેવા પડશે.

**પડી રાત આવ્યું તિયાં ગામ, જાણે જીવ કરીશ આરામ;**
**ત્યાંતો આવે છે ગામના વાસી, ખાય માંસ રૂધિરના પ્યાસી.**

મારતા કૂટતા ચાલ્યા જાય છે. પાપી જીવને થયું રાત પડી છે, તેથી જરાક આરામ કરીશ ત્યાં તો ગામના પ્યાસી છરા, કટાર ને ધોકા લઈને આવ્યા. શરીરમાં ચારેબાજુથી બચકા ભરાવીને મંડ્યા ખાવા, તારી વાટ જોતાં હતાં અમે, ઘણાનું માંસ ખાધું પણ તારું માંસ બહુ સ્વાદિષ્ટ છે. એમ કહી કાપી કાપી ખાય, તેને દુઃખી કરે હાય હા... જમદૂત કહે છે, તારું માંસ સરસ છે, ખારું, ખાટું ,તીખું તમતમતું જમતો તું બહુ મન ગમતું.

વિચાર કરો... હમણાં આપણા આ શરીરને છરાથી કાપે તો કેવી વેદના થાય. એવી વેદના પાપીને થાય છે. જમદૂતો કહે છે. તેં શું આ વાતને નહોતી જાણી. તને ખબર નહોતી કે પાપ કરીશ તો હેરાન થઈશ. બધી ખબર હતી પણ જમપુરી જૂઠી છે. આવું જાણીને તેં કેટલાંક જાહેરમાં પાપ કર્યાં છે ને કેટલાંક છાનાં છાનાં પાપ કર્યાં છે તે પાપ યાદ આવતાં પાપી ખૂબ આક્રંદ કરતાં રડે છે.

**કહે છે મનુષ્ય દેહને પામી રે, મારી શુભ મતિ સર્વે વામી રે;**
**પાળ્યો નહિ મેં પવિત્ર ધર્મ રે, કર્યાં વિકળ થઈ વિકર્મ રે.**
**મૂરખાઈ મૂકી સદાચાર રે, મેં તો કાંઈ ન કર્યો વિચાર રે;**
**બહાર ભીતર અપવિત્ર રહ્યો રે, સત્ય પુરુષનો ગુણ ન ગ્રહ્યો રે.**

પાપી જીવાત્મા પસ્તાવો કરે છે. મને ભગવાને મનુષ્ય દેહ આપ્યો અને મેં કાંઈ સારું કર્મ કર્યું નહિ તેથી આવાં દુઃખ ભોગવવાનો વારો આવ્યો. ધર્મનું પાલન કર્યું નહિ ખોટા વિચાર કરીને બહાર અને ભીતર અપવિત્ર રહ્યો. સાચા સદ્‌ગુરુને સેવ્યા નહિ એમનું શરણું લીધું નહિ. બ્રહ્માનંદ સ્વામી કહે છે ડહાપણ મેલીને અમારી શિખામણ માનશો તો સુખી થાશો.

**માની લે શીખામણ રે, ડહાપણ તારું મેલીને રે, તન ધન જોબન સ્વપ્ન જાણ રે;**
**ચાર દિવસના રે જીવત કારણે રે, ભટકીશ પરવશ ચારે ખાણ રે.. માની..**
**મનમાં વિચારીરે જોને તું મુરખા રે, નથી આંહિ રહેવાનું નિદાન રે;**
**મહેલ બગીચા રે મંદિર માળિયા રે, મેલીને વસવું છે મેદાન રે..... માની..**

થોડા કાળ જીવવું અને પરલોક શા માટે બગાડો છો ! જીભથી કોઈ દિવસ ખોટું બોલવું નહિ. આપણે વાત વાતમાં ખોટું બોલીએ છીએ. અસત્ય બોલવામાં બહુ મોટું પાપ છે. જીભથી બહુ પાપ થાય છે અને જીભથી બહુ પુન્ય પણ થાય છે. જીભ પાસે જે કરાવશું તે કરશે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરાવશો તો તે જીભ કરશે. ના નહિ પાડે અને ગાળું બોલાવશો તો ગાળું બોલશે. કેવી રીતે ચાલવું, કેવી રીતે બોલવું, કેવી રીતે જમવું વિગેરે. આપણા હાથમાં છે.

## પારકું ધન આપણને બહુ મીઠું લાગે છે.

એક વૃધ્ધ ડોશીમા દાદા ખાચરના દરબારમાં કામકાજ કરતાં, કયારેક કયારેક ચોરી પણ કરી લે. અખંડ શ્રીજી મહારાજ તથા સંતોનાં દર્શન થાય છે. કથા સંભળાય છે છતાં સ્વભાવ સુધર્યો નહિ. સમજણ આવ્યા સિવાય સ્વભાવ સુધરતો નથી. એક વખત કોઈને ખબર પડે નહિ, તેમ ચારસો રૂપિયા લઈને ડોશીમા પોતાના ઘર તરફ ચાલતાં થઈ ગયાં. સીમાડા સુધી આવ્યાં પણ કાંઈ સૂઝ પડતી નથી. ચારે બાજુ દાદાનો દરબાર દેખાય છે. હવે કરવું શું ?? ખૂબ મૂંઝારો ચડ્યો. ફરી ફરીને ડોશીમા પાછા દરબારમાં પહોંચી આવ્યાં.

શ્રીજી મહારાજ સંતો ભકતોની સાથે વિરાજમાન છે. ડોશીમા સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરતાં માળા ફેરવવા બેસી ગયાં. શ્રીજી મહારાજે કહ્યું, ચોર પકડાઈ ગયો. આ ડોશીમાએ ચોરી કરી છે. દાદા ખાચર. તમે આ ડોશીમાને ચાર પાંચ કોરડા મારો એટલે ફરીથી ચોરી કરે નહિ. દાદાખાચરે સરસ જવાબ આપ્યો. ‘‘મહા પ્રભુ... ડોશીમા અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન સ્મરણ કરે છે. તેને મારાથી મરાય નહિ.’’

શ્રીજી મહારાજે કહ્યું, ‘‘શિક્ષા નહિ કરો તો ડોશીમા ફરીથી ચોરી કરશે. સજા તો થવી જ જોઈએ. ત્યારે દાદાખાચરે કહ્યું, ‘‘તુલસીદાસજીએ કહ્યું છે કે :-

**તુલસી જયાકે મુખનસે, ભૂલે નિકસે રામ;**
**તાકે પગકી પહેનીયા, મેરે તનકી ચામ.**

ભૂલે ચૂકે ભગવાનનું નામ લે તેને મારા તનના જોડા કરીને પહેરાવું તો પણ થોડા છે, તેમ હું પણ કહું છું કે ડોશીમાએ ફકત ચારસો રૂપિયા લીધા છે પણ કદાચ મારો દીકરો માર્યો હોય ને જો સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપ કરતાં હોય તો પણ મને મારવાનો સંકલ્પ થાય નહિ. મારો હાથ એને મારવા માટે ઊંચો થાય જ

નહિ. હું એને પગે લાગીશ. એમ કહી તે ડોશીમાને બે હાથ જોડી પ્રણામ કર્યા. ડોશીમા આવું જોઈ ભોંઠાં પડી ગયાં અને પ્રતિજ્ઞા લીધી કે હવેથી કોઈ દિવસ ચોરી નહિ કરું.

## નમ્રતાથી પતે તો, ઉગ્રતા લાવવી નહિ.

દાદાખાચરનું આવું નિર્માનીપણું જોઈને શ્રીજી મહારાજે કહ્યું, ખરેખર તમે દ્રૌપદીજીની સમાન ક્ષમાવાન છો. એમ કહી પોતે કંઠમાં જે પુષ્પનો હાર પહેર્યો હતો તે દાદાખાચરને પહેરાવી બાથમાં લઈ પ્રેમથી ભેટી રાજીપો વ્યકત કર્યો. આવી રીતે ભૂલને જતી કરવી તે ભારે કપરું કામ છે.

આપણા ઘરમાંથી કોઈક ચોરી કરી જાય ને ચોર પકડાઈ જાય તો આપણે શું કરીએ ?? લાકડી લઈને પાછળ દોડીએ પણ ક્ષમા ન આપીએ, પણ ધન્ય છે દાદાખાચરને અને ધન્ય છે એમની સમજણને ! સમજણમાંજ સુખ અને શાંતિ છે. નિયમને ઠેલીને પૈસા ભેગા કરવા નહિ, કરોડો કે લાખો રૂપિયાનો લાભ થતો હોય તો પણ ધર્મ નિયમનો ત્યાગ કરવો નહિ. ધર્મ સહિત ભક્તિ કરવી પણ નિયમને ઠેલીને ભક્તિ કરવી નહિ.

**અન્ન ધન જે આયુષ્ય મારું રે, ખોયું સત્યમાર્ગથી મેં બારું રે;**
**ભજ્યા નહિ ભાવે ભગવંત રે, સેવ્યા નહિ સાચા સદ્ગુરુ સંતરે.**

પાપી જીવ રડતાં રડતાં કહે છે. ભગવાને મને ઉત્તમ માનવદેહ આપ્યો. સત્સંગ થઈ શકે તેવું હતું છતાં અજ્ઞાન અને આળસમાં મેં કોઈ સત્કર્મ ન કર્યું. સાચા સંતને સેવ્યા નહિ. આવી એવી મુજને કુબુધ્ધિ, ભૂલ્યો જન્મથી મરણ સુધી. આજ કોણ કરે મારી સહાય, એમ કહી કરે હાય હાય. ત્યારે કિંકર કહે છે પ્રાણી, તેં આ વાટને શું નહોતી જાણી ? તને ખબર હતી કે એકલા આવ્યા છીએ અને એકલા જવાનું છે. સગાં કોઈ સાથે નહિ ચાલે.

**નહિ મળે ત્યાં ઉછી ઉધારું, નહિ કરે કોઈ દંડમાં વારું;**
**યાંતો કર્મ કર્યું જેણે જેવું, ભોગવવું પડે છે ત્યાં તેવું.**

જેનાં સારાં કર્મ છે તે આ ને આ દેહે સ્વર્ગલોક જેવું સુખ ભોગવે છે અને જેનાં કર્મ ખરાબ છે તે આ ને આ દેહે નર્ક જેવું દુઃખ ભોગવે છે. એક નિર્દય બ્રાહ્મણ હતો. યુવાનીના મદથી ફાવે તેમ કરતો. દેવ દર્શન કરવા જાય નહિ. પૂજા પાઠ કે

દાન-પુન્ય કાંઈ કરતો નહિ. ગામમાં આંટા મારે મંદિરના દરવાજાથી પસાર થાય પણ દર્શન કરવા ન જાય. રસ્તામાં ગાય બેઠી હોય તો જોરથી એવી લાત મારે કે ગાય ફફડીને ઊઠી જાય, કૂતરાને પથ્થર મારે. પોતાના ઘરના આંગણામાં (બજારમાં) ગાય બેસે તો લાકડીના ગોદા ભરાવીને ગાય માતાને પરાણે ઊઠાડે. આવું કામ કોણ કરે ? જે દયાહીન હોય તે. તમે નિરાંતે બેઠા હો અને કોઈક લાકડીના ગોદા ભરાવી ઊઠાડે તો !! તો તમારી સ્થિતિ કેવી થાય ? જોયા જેવી થાય હો. ભારે ઝઘડો થાય. પાપ કરી પાછો ખડખડાટ હસે. મનમાં થાય કે હું કેવું સારું કામ કરું છું.

એમ કરતાં કર્યાં કર્મ ભોગવવાનો વારો આવી ગયો. યુવાનીયો સ્કૂલે ભણવા જાય છે ત્યાં ઘોડો ભડકયો. પેલા પાપી યુવાનીયાને જોરથી લાત મારી તેથી ઓચિંતો પડ્યો અને બેય પગમાં ઈજા થઈ. ઘણી સારવાર કરી પણ પગ બરાબર થયા નહિ. કેડથી ધસી ધસીને ચાલે છે. પસ્તાવાનો પાર નથી પણ હવે શું થાય !! ભગવાન ઉપર દોષ નાખે કે, ‘‘હે ભગવાન તને જરાય દયા ન આવી. મારા બેય પગ લઈ લીધા !!’’ ભગવાને કહ્યું, ‘‘તને ગાયને મારતાં દયા ન આવી. હવે કર્યાં કર્મ ભોગવ. ને મર્યા પછી જમના દંડા ખાજે. વિચારીને પગલાં ભરવાં જોઈને. હાથે કરીને પાપી દુઃખ વેચાતું લે છે, પણ ધ્યાન નથી રાખતો.

જમદૂતો કહે છે :-જે જે ભેળું લાવ્યો છે તું ભાતું, તેનું વાંચી દેખાડીયે ખાતું. સારી જિંદગી તેં અન્યાય અને અસત્યજ કર્યું છે, સગા સંબંધીમાં હેત કર્યું પણ ભગવાનમાં હેત કર્યું નહિ, સગાં તારાં રહ્યાં છે તિયાંના તિયાં, કોણ સગું થાય તારૂં ઈયાં.

**સત્યપુરુષને સેવ્યા ન કદાપિ, માટે આ વાટે આવ્યો છે પાપી;**
**કરતો પાપ ન ડરતો લગાર, ચાલ્યો મન ગમતે ગમાર.**

જમદૂતો કહે છે, અભાગીયા, તને અમારી બીક ન લાગી. તેં અમને ગમાર જાણ્યા એમ કહી વળી દંડા મારે. સંત પુરુષને સેવ્યા નહિ. એની વાત કાને ધરી નહિ, પાપી ગમાર તેં મન ગમતાં પાપ કર્યાં છે એમ કહીને ખૂબ માર મારે છે.

**ભુજ જેવું મહાન ધામ મળ્યું, સાચા સંતો મળ્યા હવે ચેતી જજો.**

જમદૂત કહે છે.

**થયા ભૂખ્યાને તરસ્યા ભારે, આપ ખાવાને પીવા આ વારે;**

**તે તો જોઈશે અમારે જરૂર, લાગી ભૂખને જાવું છે દૂર.**
**આપ ખાવા નહિતર તુને ખાશું, મુકશું જ્યારે ધરાશું.**

પછી પાછળ જે શ્રાધ્ધ કર્યું હોય તેના ત્રણ ભાગ કરે. એક ભાગ જમદૂત લે છે. બીજો ભાગ પ્રેત લે છે અને ત્રીજો ભાગ પોતે જમે છે. શ્રાધ્ધ કરવું જ જોઈએ !! ઘણાં અણસમજુ માતા - પિતા પાછળ શ્રાધ્ધ કરતા નથી. તેના ઉપર માતા પિતાનું ઋણ રહી જાય છે. તેથી તેને માતૃદોષ અને પિતૃદોષ લાગે છે.

બાર દિવસ સુધી જીવાત્મા ઘરના મોભે રહ્યો. પછી ચાલતાં ચાલતાં અઢાર દિવસ થયા. એક મહિનો પૂરો થયો, રાત દિવસ ચાલવાનું જ હોય. વિસામાની વાત નહિ, મતિ મૂંઝાઈ ગઈ. વટ બધો ઊતરી ગયો. ચાલતાં ચાલતાં એક બિહામણુંપુર આવ્યું, ત્યાં પુષ્પભદ્રા નદી વહે છે ત્યાં એક વડનું વૃક્ષ જોયું. પાપી જીવને થયું આ છાંયામાં થોડીવાર વીસામો લઈશ. જ્યાં નજીક ગયો ત્યાં ભૂતનાં બાળકો બેઠાં હતાં. ચારે બાજુ ખાંઉં ખાંઉં. કરતાં વળગી પડ્યાં. તીર અને બરછીના ગોદા ભરાવે. આપણને અત્યારે તીરના ગોદા ભરાવે તો કેવું વસમું લાગે. આ વાત ધ્યાનમાં રાખજો.

**ભગવાનને માર્ગે નહિ ચાલે તો જમના ગોદા ખાવા પડશે.**

શ્રીજી મહારાજ વીસનગર પધાર્યા. લાલજી સૂબાની બહેન સત્સંગી હતાં. તેને ઘેર ઉતારો કર્યો. લાલજી સૂબાની બેનનો દીકરો હતો બળદેવ. શ્રીજી મહારાજે કહ્યું, ‘‘બળદેવ ! તારા મામાને સમાચાર આપ કે શ્રીજી મહારાજને મળવું છે. કાંતો એ મળવા આવે અને કહે તો અમે મળવા જઈએ.’’ બળદેવે કહ્યું, ‘‘હે મહારાજ, મારા મામા મળવા જેવા નથી. તમારા ઉપર એને ભારે દ્વેષ છે. ભારે અકોણો છે. તોફાન કરશે.’’

શ્રીજી મહારાજે કહ્યું, ‘‘અમે અકોણાને સીધો કરવા આવ્યા છીએ. તું સમાચાર આપવા જા.’’ બળદેવ દોડતો આવ્યો. મામા ! શ્રીજી મહારાજ અમારે ઘેર પધાર્યા છે. તમને મળવા માંગે છે. લાલજી સૂબાએ કહ્યું, બરાબર લાગ આવ્યો છે. હમણાંજ પકડી લઉં, સિપાહીને કહ્યું, જલદી જાવ સ્વામિનારાયણને પકડી લાવો !! બંદૂક તલવારની તૈયારી કરે છે ત્યાં તો ભગવાન સામેથી લાલજી સૂબાના બંગલામાં પહોંચી ગયા. એની ગાદીની બાજુમાં બેસી ગયા. ગંભીર અવાજે બોલ્યા. લાલજી ! ઓ લાલજી ! તમે સમજુ છો ! છતાં પ્રજાને દુઃખી કરો છો ! તે પાપે તમને નરકમાં

જવું પડશે. જમદૂતનો માર ખાવો પડશે. માટે પ્રજાને સુખી રાખો તો સારું.

સૂબો વટથી બોલ્યો, નરક છે જ નહિ, નર્ક તો સ્વામિનારાયણવાળાએ ઊભું કર્યું છે. હું તે વાતને માનતો નથી અને હોય તો બતાવો ? ભગવાને વિચાર કર્યો આ પાપીને ચમત્કાર બતાવવો પડશે. શ્રીજી મહારાજે ચપટી વજાડી સૂબાને તરત સમાધિ થઈ ગઈ. ચૌદ કરોડ જમ તૈયાર બેઠા હતા. જેવો આવ્યો કે બરાબર જેવો ધોકાવ્યો. સાંધા નરમ કરી નાખ્યા. લોઢાની લાકડીથી ગોદા ભરાવે. બોલ, જમ સાચા કે ખોટા ? જલદી બોલ. એમ કહી જમપુરીમાં ફેરવ્યો.

## ભગવાન પાસે કોઈનો ખોટો વટ રહેતો નથી.

જમદૂતે કહ્યું, ''છાનોમાનો પાછો જા, ને સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત થઈ જા. નહિંતર ચીરી નાખશું. સમાધિમાંથી પાછો આવ્યો અને સીધો નેતર થઈ ગયો. સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં દંડવત પ્રણામ કર્યા. આવ્યો હતો ભગવાનને પકડવા ને પોતે પકડાઈ ગયો. રાડો પાડે. પાહીમામ્ પાહીમામ્. માર ખાઈ ખાઈ ખોખરો થઈ ગયો. મને બચાવો ! તમારે શરણે આવ્યો છું. મારે જમપુરીમાં જાવું નથી. હવે અવળાઈ કોઈ દિવસ નહિ કરું. વટ બધો ઊતરી ગયો. ભગવાન પાસે કોઈનો ખોટો વટ રહેતો નથી.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રલયકાળના જેવો સૂરજ તપ્યો છે. તેમાં પાપી જીવને ચાલવાનું હોય છે. પ્રેત કહે છે, અમારો લાગ દે.

**લીધું માંસ પીધું છે રૂધિર, તેને દુ:ખે રૂવે છે અધીર;**
**પછી જાય છે જમપુરી માંય, લિયે લાગ ભાગ માગી ત્યાંય,**
**આપી લાગને નિસર્યો બહાર, ઉત્તર દ્વારથી દક્ષિણ દ્વાર;**

ઉત્તર દ્વારથી દક્ષિણ દ્વાર પાપી જીવાત્મા થર થર ધ્રૂજે છે. ઓરતો કરે છે અરેરે... આ દુ:ખનો ક્યારે અંત આવશે. નાનાં મોટાં બધાં માર મારે છે. જમદૂતના છોકરા કહે છે, ચાલો ચાલો ગોળનું ગાડું આવ્યું. દોડીને વીંટાઇ વળ્યાં, ઠીક લાગે તેમ ગોદા ભરાવે છે. જેમ ગોળની ભીલીમાં ગોદા ભરાવીને ગોળ કાઢે તેમ તીર ભરાવીને માંસ કાઢીને ખાય છે. ડગરાં કાઢે છે.

## જમદૂત રાજી થાય અને પાપી જીવ પસ્તાય.

જમ કહે છે :-

**આનું માંસ લાગે છે મીઠું, આવું બીજા કોઈનું નવ દીઠું;**
**એમ પામે છે દુ:ખ અપાર, કષ્ટ પામે પાપ કરનાર.**
**પામે દુ:ખ જાય નહિ સહ્યું, સત્ય નિષ્કુળાનંદે કહ્યું.**

પાપીને આવાં દુ:ખ ભોગવવાં પડે છે. માટે તમને સાચી વાત કહું છું કે આ કથા સાંભળીને ચેતી જજો. યમદંડની કથા મુકિતની અલૌકિક ચાવી છે.

**પૂર્વછાયો:- મારે કરી આવે મૃચ્છા, પડે પ્રાણી પૃથ્વી મોઝાર;**
**સંકટમાં સંબંધી સંભારી, પાપી કરે પોકાર.**

જમદૂતો બહુ મારે છે ત્યારે પાપી મૂર્છા ખાઈને પૃથ્વી ઉપર ઢળી પડ્યો. સંકટમાં સંબંધીને સંભારીને ખૂબ રડે છે. કિયાં ગયાં મારાં કુટુંબી, કિયાં ગઈ મૃગા નેણીનાર. મારી રાત દિવસ સંભાળ રાખતી એવી પ્રાણ પ્રિય મારી પત્ની મને આ કષ્ટમાંથી છોડાવવા કેમ આવતી નથી, મને દુ:ખમાંથી બચાવ, કિંયાં ગયા અન્ન ધન માલ. હે ભાઈ.. હે મારા વહાલા પુત્ર મને બચાવ. હું શ્રીમંત અન્ન, ધન, માલનો માલિક હતો અને આ સમયે મને ખાવા પણ મળતું નથી.

મારા આવા હાલ જોઈને કોઈને કેમ દયા નથી આવતી. ચારેબાજુ જુવે છે. મારાં સગાં કયાં ગયાં. કોઈ દેખાતું નથી ત્યારે ચોધારે આંસુએ ખૂબ રડે છે. કુટુંબ પરિવારને સુખી રાખવા હું રાત દિવસ જોયા વિના બળદની જેમ કમાણી કરતો. તે તો બધાં ત્યાંનાં ત્યાં જ રહી ગયાં અને મને આવું કઠિન દુ:ખ ભોગવવું પડે છે. એને અર્થે આયુષ્ય ખોઈ, જોઈ નહિ વિચારી વાત સંબંધીના સુખ કારણે, કર્યા કપટ દગા ઘાત.

## ચેતી જાવ !!! પાપમાં કોઈ ભાગ નહિ લે.

શ્રીજી મહારાજ ગ.પ્ર.પ્ર.૩૭ વચનામૃતમાં સાવધાન કરતાં કહે છે કે, આત્મારૂપે થઈને ભગવાનનું ભજન કરવું. પૂર્વે ચોર્યાસી લાખ જાતના દેહ ધર્યા છે તે મા-બાપ સગાં સંબંધીને અજ્ઞાને કરીને વિસાર્યા છે તેમ આ મનુષ્ય શરીરના સગાં સંબંધીને જ્ઞાને કરીને વિસારી દેવા પણ તેમાં મમતા રાખવી નહિ. પાપી જીવાત્મા સગાં સંબંધીને યાદ કરતાં રડે છે ત્યારે તેને જમ કિંકર શું કહે છે ? સાંભળો !!

ચોપાઈ :- તેને કિંકર કહે છે ભાઈ, એને સંભારે શું થાય આંઈ;
**કર્યા કર્મ તે ધર્મને ત્યાગી, મેલી સુખ દુ:ખ લીધું માગી.**

**આવ્યું સર્વે મળી તારે સાથે, જેજે કર્યું છે તે તારે હાથે;**
**તે તો વેઠવું પડશે આ વાટે, કોઈ ભોગવે નહિ કેને સાટે.**

કિંકર કહે છે, અરે પાપી !! રડતો બંધ થઈ જા. તારે સાટે કોઈ પાપ નહિ ભોગવે. કર્મ કરતાં વિચાર કરવો હતોને !

**હસી હસી કીધાં પાપ, રોઈ રોઈ ભોગવો તે આપ;**
**એમ કહીને આપે છે માર, તેણે પ્રાણી કરે છે પોકાર.**

પાપી જીવ ઊંચે સાદે રડે છે. દુઃખના દરિયા ઉમટી પડ્યા. મને સુખ શાંતિ કયાંથી મળે ! મેં ખૂબ પાપ કર્યા છે. હવે શું કરું. કયાં જાઉં, કોણ મને મદદ કરશે ? જમદૂત કહે છે, તું મદદ કરનાર ભગવાનને ભૂલી ગયો છે તેથી આવા તારા હાલ થાય છે.

મહિના પછી તે પાપી જીવને સૌરીપુરીમાં લઈ ગયા. ત્યાંના રાજાનું નામ સૌરી છે. એ રાજા ગમે તેવા રૂપ લઈ શકે છે. ભયંકર રાજાને જોતાં શરીરના બંધ છૂટી જાય છે. કહે લાગ અમારી તું આપી, પુરબહારમાં તું નિસર પાપી, લાગ લેશું દેશું ત્યારે જાવા, ખૂબ લેશું તું પાસેથી ખાવા, સગાંએ જે શ્રાધ્ધ કર્યું હોય તેમાંથી ત્રણ ભાગ કરે. લાગ આપીને પછી ત્યાંથી જમદૂતો પકડીને મારતા મારતા લઈ જાય છે. ત્રીજું વરિન્દ્રનગર આવ્યું. તે નગરમાં અસિપત્રવન છે. વાંકા આંકડીયા અણીદાર કાંટામાં નાખીને પગ બાંધીને ઢસડે છે. લોહીની ધારું નીકળે તેને ખાવા લોઢાના ચાંચવાળા પક્ષીઓ તોડીને ખાય છે. શરીર ચૂંથાઈ જાય ત્યારે જમદૂતો હાથ ફેરવે એટલે પાછો સાજો થઈ જાય એટલે પાછો ધોકાવે.

**એમ ભોગવે છે દુઃખ ભારી, પડી જાય છે પૃથ્વીએ હારી;**
**એમ હંમેશ થાય હેરાન, પેરે પેરે પિડે જમરાણ.**

વિચારવા જેવી કથા છે. આળ પંપાળમાં જ આયુષ્ય પુરું ન થઈ જાય એ ખ્યાલ રાખજો. ભજન ભક્તિ કાલે કરશું, પછી કરશું તો સંસારમાં મોહ વધશે ઘટશે નહિ. એક બ્રાહ્મણ હતો. ગામોગામ શ્રીમદ્ ભાગવતની કથા કરવા જાય. ખોટા વિચારો હૈયામાં ઉભરાયા કરે. હૃદયમાંથી કામવાસના જતી નથી. કથા સાંભળવા બાઈઓ આવે ત્યારે બ્રાહ્મણ તીક્ષ્ણ નજરથી જોયા કરે. બાઈઓને જોવામાં નજર અટકી જાય. વિચાર કરો જ્ઞાનગંગામાં આત્મા સ્નાન કરે છે. કથા વાંચે છે, ભજન

કીર્તન ગાય છે. છતાં સ્ત્રી સંબંધી વાસના હૃદયમાંથી જતી નથી.

## કામવાસના મોક્ષ માર્ગમાંથી પાડી નાખે છે.

મોટા મોટા દેવ, દાનવ, માનવ વિગેરે તપસ્વીને ધક્કા લગાડ્યા છે. કામાન્ધ થયેલો માનવી ભાન ભૂલીને પોતાના ધર્મ થકી પડી જાય છે અને આબરૂના કાંકરા થાય છે. એ માટે સાવધાન રહેવું. બ્રાહ્મણને વારંવાર વિચાર આવે કે હું વ્યભિચાર અને અધર્મ કરું છું, તે મહાપાપ છે. તેની સજા ભોગવવા નિશ્ચય મને યમપુરીમાં જવું પડશે. સમજે છે પણ ઈંદ્રિયોનો વેગ બહુજ બળવાન છે. પાપ તેને ઘસડીને લઈ જાય છે. ઈંદ્રિયો સાથે જ્યારે મન ભળે ત્યારે ગમે તેવો ડાહ્યો માણસ પણ સ્થિર રહી શકતો નથી.

એક મહિના સુધી તે ગામમાં ભાગવતની કથા વાંચી. દિવસે કથા વાંચે રાત્રે પાપી બ્રાહ્મણ સ્ત્રીને ઘરે જાય અને યમપુરીનું ભાતું બંધાય. બ્રાહ્મણ પોતાને ઘેર જવા રવાનો થયો ત્યારે ગામના લોકો ભટ્ટજીને ગામની ભાગોળ સુધી વળાવવા ગયા. અરસપરસ પ્રેમભાવથી મળ્યા.પછી પાછાં વળ્યાં. પણ બ્રાહ્મણના હેતવાળી જે સ્ત્રી હતી તે પાછી વળે નહિ. સાથે સાથે ચાલી જાય છે ત્યારે બ્રાહ્મણે કહ્યું, ‘‘તું તારે ઘરે જા. ત્યારે સ્ત્રી રડતાં રડતાં બોલી આપણે હવે કયારે ભેગાં થાશું !! ત્યારે બ્રાહ્મણે કહ્યું, નરકમાં ભેગા થાશું. આટલું કહેતાં બ્રાહ્મણ ચાલતો થઈ ગયો. સ્ત્રી પોતાને ઘરે ગઈ. સમય જતાં બ્રાહ્મણા દેહનું આયુષ્ય પુરું થયું. મરીને જમપુરીમાં ગયાં. સ્ત્રી પણ જમપુરીમાં ગઈ.

## ઊંચે પગથિયે ચડેલો આત્મા જમપુરીમાં ફેંકાઈ ગયો.

સ્વામી કહે છે, સાવધાન રહેજો. કામવાસનાએ ભલભલાને ઉથલાવી નાખ્યા છે. જો વાસના રહી જશે તો ભગવાન હાથ નહિ પકડે. એવા ગંદા જીવાત્માને ભગવાન અક્ષરધામમાં લઈ જતા નથી, ત્યાં તો ટકોરાબંધનું કામ છે.
નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**બીજે માસે આવે છે શહેર, જેના રાજા પ્રજાને નહિ મહેર;**
**સો સો શ્વાન સામટા લઈ સંગે, વળગાડે છે પ્રાણીને અંગે.**

બીજે મહિને એક નગર આવ્યું. તે નગરની પ્રજા નમેરી છે. હજારો કૂતરાને છૂટાં મૂકયાં. દોડીને પાપીના દેહને વળગ્યાં. ખૂબ ડાચાં ભરાવ્યાં. લોહી લુહાણ થઈ ગયો. જમદૂત કહે છે, કર્યું પાપ પેટ ભરી પુરું, કોઈ રીતે રાખ્યું નહિ અધુરું. એમ

કહી દીયે ફટકાર, વળી આપે છે બહુ બહુ માર. બે હાથ બાંધીને જમદૂતો પાપીને ખેંચતા જાય છે.

જમદૂત કહે છે, ‘‘અરે પાપી !! કાંઈ દાન, પુન્ય કર્યું છે ? સંત, બ્રાહ્મણ, ગરીબ કે અનાથને જમાડ્યા છે ? કે આંગણે આવેલ ભિક્ષુકને ધુતકારી તગડી મૂક્યા છે, ત્યારે પાપી જીવાત્મા કહે છે.’’ નથી આપ્યું મેં સંતને અન્ન, સારું ખાધું મે ખૂણે સંતાઈ. હવે કયાંથી મળે અન્ન આંઈ સારું. સારું ભોજન મેં ખૂણે સંતાઈને ખાધું છે, પણ કોઈને કાંઈ દીધું નથી. છળકપટ કરી પૈસા ભેગા કર્યા છે. ગરીબને માતાપિતાને ખૂબ કલ્પાવ્યા છે. કોઈનું ભલું થાય તો ભલું કરજો. કોઈની હાય લેશો નહિ...

**પાપનું મૂળ દુઃખ છે, પુણ્યનું મૂળ સુખ છે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જાણી જોઈને ભગવાનની આજ્ઞા શું કામ લોપો છો ? ખોટનો ધંધો શું કામ કરો છો ? આપણા હાથમાં વચનામૃત, શિક્ષાપત્રી, ભાગવતજી, સત્સંગિજીવન જેવાં શાસ્ત્રો છે. ભુજ જેવું મોટું ધામ મળ્યું છે. શ્રીજી મહારાજે બાથમાં લઈને પધરાવેલા નરનારાયણદેવ મળ્યા છે. બ્રહ્મનિષ્ઠ સંતો મળ્યા છે. આપણાં કેવાં મોટાં ભાગ્ય છે. પૂજાપાઠ કરીએ, સત્સંગ સમૈયા કરીએ. આ બધો સોનાનો શણગાર છે. આખા શરીરે સોનાનો શણગાર પહેર્યો હોય અને પછી મોઢા ઉપર કોલસા ઘસે તો મોઢું કેવું લજામણું લાગે ? સત્સંગ કરીએ અને પાપ ચાલુ રાખીએ તો તેને બેવડી સજા થાય છે.

**ચાલતાં ચાલતાં દિન રાત, પામે દુઃખ ન કહેવાય વાત;**
**સંગે કિંકર તે કાળા કેર, જેને નહિ દયા મન મહેર.**

જમદૂતને દયા આવતી નથી. માર ખાઈને પાપી જીવાત્મા બેશુધ્ધ થઈ જાય છે. પાપી જીવાત્મા કહે છે, ‘‘તમે હવે હદ કરો છો.’’ કેદી પાપ કર્યું મેં આવું, જેણે કરી નિત્ય માર ખાવું, તમે બધા ભેગા થઈને દિવસ ને રાત માર્યાજ કરો છો. મેં કેદી આવાં પાપ કર્યાં છે ત્યારે જમદૂત કહે છે ખોટી દલીલ ન કર !! પાંચ દેવતાઓ અમે ગુપ્ત રાખ્યા છે તે જીવ પ્રાણીમાત્રના પાપ પુન્યની નોંધ લખે છે. તારા પાપ પ્રમાણે અમે દંડ આપી શકતા નથી. ચૂપ થઈ જાય. તને દેખીને અમને રીસ ચઢે છે. એમ કહીને ઝાલ્યો છે ગળે, મારી કૂટીને કર્યો આગળે; એમ ચલાવે છે ચોંપે કરી, પડે લડથડે બહુ મારે કરી. ગળુ પકડી ધક્કા મારી આગળ ચાલતો કર્યો. લડથડતો જાય ને પસ્તાવો કરતો જાય, હવે હું શું કરું, ને કયાં જાઉં.

યમદંડની કથા ચેતવા જેવી છે. જમના દંડા ન ખાવા હોય તો ચેતી જાવ ને પ્રભુને રસ્તે ચડી જાવ. ધ્યાન દેજો. જે સંસારથી થાકી જાય. જન્મ મરણરૂપી દુઃખથી ત્રાસી જાય તેને પ્રભુ ચોક્કસ તારે છે. પ્રભુ પાત્ર કુપાત્ર કાંઈ જોતા નથી. મને ભજે તે મારો ! ગીધરાજ જટાયુએ કાંઈ નહોતું કર્યું પણ સીતાજીનો પક્ષ રાખ્યો તો ભગવાને તેને સંસૃતિથી છોડાવી દીધો. ગીધ પક્ષીને મુક્તિ આપી દીધી. જેતલપુરના જીવણ ભકતે બીજું નહોતું કર્યું પણ ભાવથી પ્રભુને મઠનો રોટલો જમાડ્યો, તો તેને મુક્તિ આપી દીધી. મુસલમાન બીબીએ કેવળ દાતણ આપ્યું તો તેને તારી દીધી. ભગવાન અનેકને તારવા આવ્યા છે. આપણને તરવાની તાલાવેલી હોવી જોઈએ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**એમ કરતાં અઢી માસ થાય, ત્યારે ગાંધર્વપુરમાં જાય;**
**તેના દરવાણીને લાગ દઈ, પછી જાય રાજા પાસે લઈ.**
**મન ગમતો દઈ રાજા દંડ, પછી કાપે છે પાપીનું પંડ;**

અઢી મહિના થયા ત્યારે ગાંધર્વપુરમાં લઈ આવ્યા. ત્યાંના રાજાએ મનગમતો માર મારી લાગો લઈને રવાનો કર્યો. માર ખાઈ ખાઈને થાકી ગયો છે તેથી ધીમે ધીમે પાપી જીવાત્મા ચાલે છે. ઘોડો ધીમે ચાલે તો માલિક તેને કોરડા મારી જલદી ચલાવે તેમ કોરડાનો માર ખાતો ખાતો પાપી શૈલાગમપુરમાં આવ્યો. ત્યાં જે થયું તે સાંભળો. તિયાં થાય છે પાણાની ઝડી, પડે પાપી ઉપર તડાતડી. પથ્થરનો વરસાદ થયો. તેણે ભાંગે છે હાડ મુંડ હૈયું, પામે દુઃખ તે ન જાય કૈયું. અંગોઅંગ ભાંગી ભૂકો થાય, કરે કોણ એ કષ્ટમાં સાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આ દુઃખમાંથી બચવાનો એક રસ્તો છે.

**આપ્યું હોય છત્ર ઘર છાંય, તો થાય એ દુઃખ માંહિ સહાય;**
**વળી કેડે શ્રાધ્ધ કીધું હોય, ખાઈ ચાલે છે મારગે સોય.**

કોઈને છત્ર દાનમાં આપ્યું હોય અથવા ગરીબને, બ્રાહ્મણને ઘર બાંધી દીધું હોય અથવા વૃક્ષારોપણ કર્યું હોય. આવું જો કાંઈ દાન, પુન્ય કર્યું હોય તો દુઃખમાં મદદ થાય. પણ પાપીએ આવું કાંઈ કર્યું નથી. કોઈ દાન, પુન્ય કરતા હોય તેને પણ આડો પડ્યો છે.

**પોતે દાન કર્યું નહિ, ને બીજાને કરવા દીધું નહિ.**

ઘણા અણસમજુ માણસો કહેતા હોય છે. મંદિરમાં ઘણા પૈસા પડ્યા છે તમે કાંઈ દેજો નહિ. બેન્કમાં ઘણા પૈસા પડ્યા છે તમારું ખાતું ન હોય, બેલેન્સ ન હોય ને લેવા જાઓ તો પૈસા નહિ મળે. તેમ ભગવાન તો લક્ષ્મીના પતિ છે. એમને કોઈ જાતની ખામી નથી. પણ ઘનશ્યામ મહારાજની બેન્કમાં દાન પુન્ય રૂપી બેલેન્સ જમા નહિ હોય તો તમે ભગવાન પાસે જાશો ત્યારે કાંઈ મળશે નહિ. ભગવાનને અર્થે પરોપકાર કરે છે. તેના ભંડાર કદી ખાલી થતા નથી.

લોભ શબ્દને ઉથલાવો તો શું થાય ? ભલો(ભલો થા) ભલાઈ કરી લે. પૈસાનો સદુપયોગ કરી લ્યો. આપણને એમ થાય છે કે, અમે ધર્મના ક્ષેત્રમાં વાપરીએ છીએ. સાચી હકીકતમાં વપરાતા નથી, પણ ધર્મના ક્ષેત્રમાં વવાય છે. વાવેલું ઊગશે એટલે અનંતઘણું કરીને ભગવાન આપી દેશે. ધરતીમાં બીજ વાવીએ તો ધરતીમાતા અનંતઘણું આપી દે છે તો ભગવાન કેમ ન આપે ? ભગવાન લહેરી છે.

ગામ બાબાપર વાંકીયાના વજેનાથ બ્રાહ્મણ હતા. પરમ એકાંતિક ભકત હતા. વ્યવહારમાં સુદામા જેવી ગરીબ સ્થિતિ હતી. અધ્યાત્મિક રીતે શ્રીમંત હતા. ધર્મ ભકિત, જ્ઞાન, વૈરાગ્ય, દયા, ક્ષમા આદિક સદ્‌ગુણરૂપી સાચું નાણું અખૂટ હતું. ઝાડને પાણી પાઈએ તો ઝાડ લીલુંછમ રહે છે. સત્સંગમાં પણ એવું જ છે. સત્સંગ નિયમિત કરીએ તો લીલો રહે અને ભક્તિનું પાણી ન પાઈએ, ભજન, ભક્તિ, પૂજા પાઠ, કથા, કીર્તન ન કરીએ તો સત્સંગ સૂકાઈ જાય.

જેમ રૂપિયાનો મહિમા સમજાયો છે તો કમાવાની મજા આવે છે તેમ કથાનો મહિમા સમજાય તો કથા સાંભળવાની મજા આવે, શાસ્ત્ર વાંચવાની મજા આવે. વજેનાથ ભકત એક વખત જુનાગઢ આવ્યા. ગોપાળાનંદ સ્વામીને પગે લાગીને બેઠા. સ્વામી અંતરજામી શક્તિથી જાણી ગયા કે વજેનાથ ભક્તની વ્યવહારિક સ્થિતિ નબળી છે. સ્વામીએ કહ્યું, ‘‘વાડીમાંથી ઉપજ થાય છે ધાન્યની, તેમાંથી ભગવાનનો ભાગ કાઢો છો ? ’’ સ્વામીજી ઘરમાં ખાવા પુરતું માંડ માંડ થાય છે તો ભાગ કયાંથી આપું.

સ્વામીએ કહ્યુ, ‘‘અમારું વચન માનશો તો સુખી થાશો. રાધારમણ દેવને દશમો ભાગ અર્પણ કરજો.’’ ભલે તમે જેમ કહેશો તેમ કરીશ. પછી ચોમાસામાં બાજરો વાવ્યો ૧૦ કળશી બાજરો થયો. એક કળશી ધર્માદો આપ્યો. સમય જતાં સ્વામીના વચનથી વજેનાથની વાડીમાં સારી ઉપજ થઈ, વજેનાથના આનંદનો પાર

ન રહ્યો. હેતથી હરિમાં હૈયું છલકાવા લાગ્યું. સંપત્તિ અને સુખ વધ્યું તેમ ભક્તિ અને સમજણ પણ વધતી ગઈ. સત્સંગ કરે અને બીજાને કરાવે ભગવાન કોઈનો ભાર રાખતા નથી.

આ એક જન્મમાં સંસારના સુખ ન મળે તો કાંઈ નહિ. કરોડો જન્મમાં આપણે માયાનાં સુખ ભોગવ્યાં છે. ઘણા મોજશોખ કર્યા છે. હવે આ એક છેલ્લો જન્મ હરિ માટે કુરબાન કરવામાં વાંધો શું છે ? ઘણા સાધારણ ભક્તો કહેતા હોય છે. હમણાં શું ભગવાન ભજવાની તાણ રાખવી. ઘરડા થાશું ત્યારે ભક્તિ કરશું, તે ગલત વિચાર છે. ઊંડાણમાંથી વિચાર કરો. હજુ કેટલાં સંસારનાં નાશવંત સુખ ભોગવવાં છે હજુ ધરાયા નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

**થાય ચોથો માસ પૂરો જ્યારે, ક્રુરપુરે પહોંચે પ્રાણી ત્યારે ;**
**ક્રુરપુરના કષ્ટ કઠણ, લિયે લોહી માંસ એક મણ.**

પાપી જીવાત્મા ક્રુરપુરમાં આવ્યો. એ ક્રુરપુરનાં કષ્ટ અતિ આકરાં છે. ત્યાંના રાજાએ કહ્યું, એક મણ માંસ લેશું પછી જવા દેશું. પાપીએ રડતાં રડતાં કહ્યું, ‘‘રસ્તામાં મારી મારીને માંસ અને લોહી બધું ખાઈ ગયા છે, હવે કાંઈ છે નહિ.’’ રાજાએ કહ્યું, ‘‘તો આ નગરમાં રહે અને એક મણ માંસ દઈશ પછી જ જવા દઈશ. આ કષ્ટમાંથી બચવું હોય તો એક રસ્તો છે. શ્રાધ્ધ વખતે સંત, બ્રાહ્મણ, ગાય કે ગરીબને જમાડ્યા હોય તો દુઃખમાં મદદ થાય. અન્નદાન શ્રેષ્ઠદાન છે. શ્રાધ્ધ વખતે અન્નદાન કર્યું હોય તો તેમાંથી ત્રણ ભાગ કરે છે. એક ભાગ જમદૂત લે છે. બીજો ભાગ પ્રેત લે છે. ત્રીજો ભાગ પોતે જમે છે. સ્વામી બ્રહ્માનંદજી ગાય છે.

**ધન્ય ધન્ય છપૈયાપુર ધામને જો, ઘણું વહાલું છે શ્રી ઘનશ્યામને જો. ધ.**
**તિયાં શ્રાધ્ધ સરાવી દે પીંડને જો, તેના પિતૃ પામે ગોવિંદને જો. ધ.**
**તિયાં સંતને જમાડી રાજી થાય છે જો, તેને પુન્ય હજાર ઘણું થાય છે જો. ધ.**

ભક્ત ભગવાનને ભૂલે નહિ, તો ભગવાન ભકતને ભૂલતા નથી. વાછરડાને કોઈ દુઃખી કરે તો ગાય એવી જોરથી ભાંભરે, ખીજાઈને મારવા દોડે તેમ ભકતને કોઈ દુઃખી કરે તો ભગવાન એવા દોડે. પ્રહ્લાદજીને એના બાપે દુઃખ દીધું તો પ્રભુ એવા ખીજાઈને દોડ્યા અને હિરણ્ય કશિપુને ચીરી નાખ્યો ને ભકતને બચાવી લીધો. ગાય અને વાછરડાને પરસ્પર ભાવ હોય વાછરડું એની મા ને જુએ તો દોડીને મા પાસે જાય તેમ ભગવાન અને ભકતને અરસપરસ હેત છે.

**ભગવાનને જમાડીને જમવું તે આપણી સંસ્કૃતિ છે.**
**એકલા એકલા જમવું તે આપણી પ્રકૃતિ છે.**
**ઝૂંટીને જમવું તે...... વિકૃતિ છે.**

લાગ આપી પાપી જીવાત્મા ક્રૌંચપુરમાં આવ્યો, તિયાં દંડ દિયે છે અપાર, જીયાં જાય તિંયા મારે માર, એવી વિપત્તિ છે એહ વાટે કહે નિષ્કુળાનંદ તે માટે. સાચી હકીકતમાં સંપત્તિ અને વિપત્તિની વ્યાખ્યા શું ? ભગવાનનું સ્મરણ તે સંપત્તિ અને ભગવાનનું વિસ્મરણ એ વિપત્તિ, તેમાં શ્રધ્ધાપૂર્વક લાભ લઈ શકે. જેની સમજણ નબળી છે તે હોંશે હોંશે કથા સાંભળી શકે નહિ. પરાણે કથામાં જાય, પરાણે પૂજા કરે. એ એની નબળાઈ છે. નબળા માણસને જગતની માયામાં બહુ મજા આવે. એને ભવસાગરનો રોગ થયો છે. તેથી સાચી વાત સમજાતી નથી.

દેહ ભલેને અલમસ્ત હોય તેથી શું ? સત્સંગ વિના જીવ બળીયો થાય નહિ. બળીયો થયા વિના ભજન, ભક્તિ, કથા, વાર્તામાં મન જોડાય નહિ. ભગવાનમાં મન જોડ્યા સિવાય મુકિત થાય નહિ. એક વાત નક્કી કરી રાખવી કે ગમે તેમ થાય મારે ભગવાન ભજી મારા આત્માને પ્રભુના ચરણમાં પહોંચાડવો છે. ગમે તેટલું સુખ-દુઃખ આવે છતાં અટકી જવું નથી. દેહં પાતયામિ વા અર્થં સાધયામિ. મારે પુરુષોત્તમ નારાયણને પામવા છે. આવી ખુમારી રાખવી.

પૂર્વછાયો :- **સુણે કથા સહુ શુભમતિ, જીવ નહિ નરને નાર;**
**જેજેવાં કર્તવ્ય કરે, તે ભોગવે આવે પાર.**
**એમ દુઃખ ભોગવતાં, સાડા પાંચ માસ થાય;**
**વિચિત્ર નામે પુર છે, તેમાં તે પ્રાણી જાય.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે :- ‘‘પાપ કરે તેને માટે સરખી સજા છે. નર હોય કે નારી હોય. દુઃખ ભોગવતાં સાડા પાંચ માસ થયા ત્યારે પાપી જીવાત્મા વિચિત્રનામના નગરમાં આવ્યો. જેવું નામ છે તે ગામનું કામ છે. જમદૂત કહે છે.’’

**મનુષ્ય દેહ પામી હરામી, તું ને નર ફટકાર;**

**દેવ ઈચ્છે જે દેહને, તે પામ્યો હતો તું ગમાર ... ધર્મ ઉથાપી ન્યાયને મૂકી પાપને માર્ગે ચાલ્યો. દુર્મતિ અંધ !! ઊંધાં કર્મ કેમ કર્યા ?? દુનિયામાં ડાહ્યો થઈને ફર્યો, સત્કર્મ કાંઈ ન કર્યું. તને ડહાપણ કરતાં બહુ આવડે છે. મોટા મોટા સંતોમાં**

**અને વડીલોમાં ખોટ કાઢે છે ! તમે મોટા કહેવાઓ છો પણ આટલી ખબર તમને નથી. પણ પોતાના મોક્ષ માટે કોઈ વિચાર કરતો નથી ! કે મારું અંતે શું થશે ?**

ખોટને ધંધે ચડી ગયા હોય એવા અણસમજુ માણસ આખો દિવસ ગામમાં ગપ્પાં મારીને અથવા ટી.વી. જોઈને દિવસ પસાર કરે. છાપાં વાંચીને દિવસ પસાર કરે. વિચાર કરજો તેમાં તમારું વળ્યું શું !! ગામને ઓટે બેસવાની મજા આવે. એટલે મંદિરમાં બેસવાની મઝા ન આવે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અક્કલ વિનાના તારા દિવસ બધા એળે જાય છે. ભગવાન ભજવાનો મોકો મળ્યો છે. તો શા માટે સમયનો બગાડ કરે છે. તારી એક એક પલ જાય છે લાખની, તું તો માળા રે જપી લે ઘનશ્યામની.

એક બ્રહ્મનિષ્ઠ મહાત્માજી હતા. તેના બે શિષ્ય યાત્રા કરીને આશ્રમ તરફ ગુરુજીને મળવા આવે છે. રસ્તામાં એક ભકત મળ્યા, ભક્તે શિષ્યને કહ્યું, ‘‘આપ કેટલે સુધી જાવ છો ?’’ શિષ્યો બોલ્યા, ‘‘ગુરુજીનાં દર્શન કરવા જઈ છીએ.’’ ભકતે કહ્યું, તમારા ગુરુજી દેહનો ત્યાગ કરી પરલોકમાં સીધાવી ગયા છે તો ત્યાં જઈને તમે શું કરશો ? શિષ્ય બોલ્યા, અમે ત્યાં જઈને તેમનો અગ્નિ સંસ્કાર કરશું. ભક્તે કહ્યું, અગ્નિ સંસ્કાર પણ થઈ ગયો છે. ત્યારે શિષ્ય બોલ્યા, અગ્નિ સંસ્કાર થઈ ગયા હશે તો ગુરુજીના (અસ્થિ) ફુલ ગંગાજીમાં પધરાવશું.

ભક્તે કહ્યું, ‘‘અસ્થિ પણ ગંગાજીમાં પધરાવી દીધાં છે. હવે તમે ત્યાં જઈને શું કરશો ? શિષ્યે કહ્યું, ત્યાં જઈને ભંડારો કરશું બ્રાહ્મણ અને સંતો ભક્તોને જમાડશું. ભક્તે કહ્યું, જમણવાર પણ થઈ ગયો છે. ત્યારે શિષ્યે કહ્યું, ગમે તેમ હોય તો પણ અમે ગુરુજીના નિવાસસ્થાનનાં દર્શન કરવા જઈશું. ભગવદ્ સ્મરણ કરતાં કરતાં શિષ્ય આશ્રમમાં આવ્યા તો ત્યાં ગુરુજી ધ્યાન મુદ્રામાં માળા ફેરવે છે. ગુરુજીનાં પ્રત્યક્ષ દર્શન થતાં શિષ્યો રાજી રાજી થઈ ગયાં. ગુરુજીનો ચરણ સ્પર્શ કરી બાજુમાં બેઠા. ગુરુજીએ પવિત્ર હસ્તકમળ શિષ્યના મસ્તકે પધરાવ્યો. શિષ્યના આનંદનો પાર ન રહ્યો.

રસ્તામાં ભક્ત મળ્યા ને જે વાત કરી હતી તે વાત વિસ્તારથી ગુરુજીને સંભળાવી ત્યારે ગુરુજી બોલ્યા, ‘‘તમને ભક્ત મળ્યા ને જે વાત કરી તે જરાય ખોટી નથી. સાવ સાચી છે. એક શાહુકાર મારી પાસે આવ્યો હતો. તેણે બધી જગતનીજ વાત કરી હું ભગવાનની વાત કરું તો સાંભળે નહિ. પોતાની વાત ચાલુજ રાખી. હું

કંટાળી ગયો પણ તે ગ્રામ્ય વાત કરતાં થાકયો નહિ. ૪ કલાક સુધી મારો કિમતી સમય બગાડ્યો. સંતોને જગતની ઉપાધિ ગમતી નથી પણ લોકો તેના પાસે જગત સંબંધી માયાનો કચરો ઠલાવે છે તે યોગ્ય નથી. એક કલાક સુધી મારાથી ભગવદ્ સ્મરણ થયું નહિ. તે મારું મરણ સમજી લ્યો, બીજી કલાકમાં પણ ભગવાનમાં મન બરાબર ન રહ્યું, તે મારો અગ્નિ સંસ્કાર થયો સમજી લ્યો. ત્રીજી કલાકમાં મને જરાક રોષ આવ્યો કે મારા ગંગાજી જેવા પવિત્ર મનમાં કચરો નાખે છે. મને ગમ્યું નહિ. તે ગંગાજીમાં ફુલ(અસ્થિ) તાર્યા બરાબર સમજી લ્યો. ચોથી કલાકમાં મને મુંઝારો થયો, એમ થયું કે આ માણસ આંહીથી ઊઠી જાય તો સારું. ગામનાં ગપ્પાં મારો સમય બગાડે છે. જો જાય તો ભજન શરૂ થાય. તેથી મારી પાછળ ભંડારો થયો સમજી લ્યો.

તે ગૃહસ્થ શાહુકાર આંહીંથી ગયો. પછી મેં મારા મનને પુનઃ પરમાત્મામાં પરોવ્યું ત્યારેજ હું જીવતો થયો. હવે મારો આ બીજો જન્મ થયો જાણી લેજો. તાત્પર્ય એ છે કે જેનું મન પરમ સત્ય પરમેશ્વરના સ્મરણથી હટી જાય છે તે જીવતાં છતાં મુઆ બરાબર છે. દેવાનંદ સ્વામી ગાય છે. :-

**જીવતો મર્યો, મૂરખ જીવતો મર્યો;**
**ભજયો નહિ ભગવાનને મૂરખ જીવતો મર્યો.**
**પેટને અર્થે પાપ કરતાં, દિલમાં ન ડર્યો;**
**પુણ્ય કર્યાનું પાડોશીને, ત્યાં આડો ફર્યો. ભજયો...**
**દુઃખ વેઠીને દામ કીધો, ખજાનો ભર્યો;**
**જમ જોરાવર લઈને ચાલ્યા, વાવરવા ન રહ્યો. ભજયો....**

પૂજા, પાઠ, માળા, મંત્ર, સત્સંગ, સમૈયા, દાન પુન્ય, ધર્મ, ભક્તિ વિગેરે સત્કર્મ કરતા નથી. નિર્દય થઈને કેવળ પાપ કરે છે. માતા પિતા ને દુઃખી કરે છે. રડાવે છે, સંતોની નિંદા કરે છે. તે જીવતાં છતાં મરેલા છે.

ચોપાઈ :- લઈ લાગ લોહી માંસ તણો, કરે છે અતિ હેરાન ઘણો;
**જીયાં તિયાંથી ઊઠે છે ખાવા, ખાઈ ધરાઈ પછી દીધો જાવા.**

લાગ લઈ ખાઈ ધરાઈને કાઢ્યો બહારે જેમ લુહાર લોઢાને ઘડે તેમ ઘણ મારી મારીને પાપી જીવને અધમૂઓ કરી નાખ્યો. મૂર્છા ખાઈ પડી જાય ત્યારે ઢોરને ઢસરડે તેમ ઢસરડીને જમદૂત ખેંચતા જાય છે. ચોર ને જેમ દોરડાની ચાબુકથી મારે

તેમ ખૂબ માર મારે છે.

છઠ્ઠે મહિને બહુવાપદપુર આવ્યું. ત્યાં વૈતરણી નદી વહે છે તે નદીમાં સ્વચ્છ ચોખ્ખું પાણી નથી પણ પરૂ પાચથી ભરેલ છે. સો જોજન લાંબી છે. તેમાં સર્પ વીછી આદિક ઝેરી જંતુ છે. સર્વે આહારી લોહીમાંસ તણા વળી ઉપર ઊડે માંસાહારી, લોહ ચાંચવાળા પંખી ભારી. પ્રલયકાળ જેવો તીખો સૂરજ તપી રહ્યો છે. હિંસક પક્ષી માથામાં ઠોલા ભરાવે છે. પગમાં ફોડલા પડી આવે છે. પાપી આક્રંદ કરતાં ખૂબ રડે છે. ભયભીત થઈ જાય. આમ તેમ ભાગવા જાય પણ જમદૂતના હાથમાંથી ભાગીને જાય કયાં !! જમદૂત કહે છે, ''પડ આ વૈતરણી નદીમાં.'' પાપી જીવાત્મા કહે છે, ''આ નદીમાં મારાથી નહિ પડાય. આમાં સર્પ ને વીછી, ઝેરીલાં જંતુ છે, મને ખાઈ જાય.'' જમદૂત કહે છે અરે પાપી.

**ત્યારે કહે છે ઉતારનાર, ગાય આપી હોય તો સંભાર;**
**આવે ગાય તો ઉતારે સુખે, નહિતો ઉતરીશ ઘણે દુઃખે.**

જિંદગીમાં કોઈ દિવસ ગાયનું દાન કર્યું છે ? પાપી જીવાત્માએ કહ્યું, ગાયનું દાન નથી કર્યું પણ કોઈ દિવસ ગાયને ઘાસ ચારો પણ નથી આપ્યો. જમદૂત કહે છે, જો ગાયનું દાન કર્યું હોત તો આ ટાણે ગાય પાર ઉતારવા આવત. જમદૂતે પાપીને દીધો ધક્કો, પડ્યો વૈતરણી નદીમાં, ડૂબકાં ખાય છે. બુડે મુંડ ને નિસરે બહાર, વળગે અંગમાં જંતુ અપાર.

**જીવનમાં ગાયનું દાન, અવશ્ય કરવું જોઈએ.**

એક ચોર રાત્રીએ રાજાના ખજાનામાંથી ચોરી કરીને જતો હતો. રસ્તામાં નદી આવી. તેમાં એવું બન્યું કે એક ગાય નદી કિનારે પાણી પીવા ગઈ હશે. ત્યાં ચીકણો કાદવ હોવાથી તે કાદવમાં ખૂંચી ગઈ તેથી ગાય બરાડા પાડે છે. ગાયના બરાડાના સાંભળી ચોરને દયા આવી. અને મહામહેનતે ગાયને કીચડમાંથી બહાર કાઢી અને સુરક્ષિત સ્થળે પહોંચાડી દીધી. પાણી પાયું, ઘાસચારો નીર્યો. ગાય બહુ રાજી થઈ. અંતરના આશીર્વાદ આપ્યા. મને કાદવમાંથી કાઢી છે. ભગવાન તને સંસારના કાદવમાંથી બચાવશે. તેં મને જીવતદાન દીધું છે. ભગવાન તને સંકટથી બચાવી જીવતદાન દેશે. તારું સદાય ભલું થાય.

ચોર ઘરે આવીને સૂતાં સૂતાં વિચાર કરે છે. આજ મેં બે કામ કર્યાં છે (એક ઘોર પાપ કર્યું છે ચોરીનું) બીજું મહાન પુણ્ય કર્યું છે ગૌરક્ષા. પુણ્ય કરવાથી સદ્‌વિચાર

ઉભરાયો. આજથી પ્રતિજ્ઞા લઉં છું કે જિંદગીભર ચોરી નહિ કરું. મહેનત કરીને જીવનનિર્વાહ કરીશ. ગાયોની ગરીબની અને સંતોની સેવા કરીશ. આવા પવિત્ર વિચાર કરતાં કરતાં રાત્રી પસાર થઈ ગઈ. સવાર થતાંજ ગુન્હો પકડાયો.

રાજાએ કહ્યું, ચોરને ફાંસીએ ચડાવી દો. ફાંસી ચડાવવાની તૈયારી કરે છે ત્યાં ગૌરક્ષાનું પુણ્ય મદદ કરવામાં આવી ગયું. દોડતો પોલીસ આવ્યો અને કહ્યું, અન્નદાતા આ માણસ ચોર નથી, પણ પુન્યશીલ માણસ છે. એને ફાંસીની સજા ન હોય. છોડી દો. ખજાનામાંથી કાંઈ પણ ચોરી થઈ નથી. બધો માલ સહી સલામત પડ્યો છે. તરત ફાંસી છોડી નાખી. આ છે પુણ્યનો પ્રતાપ. ચોરને ખ્યાલ આવ્યો કે મેં ગાયનો બચાવ કર્યો તો ગાયે મારો બચાવ કર્યો. સાવધાન થઈ ગયો. જીવનભર પ્રભુ ભક્તિ કરી સંતસમાગમ કરી અંતે ઉત્તમ ગતિને પામ્યો.

**સહિ દુઃખ ચાલે સાતમાસ, ત્યારે આવે દુઃખદ પુર પાસ;**
**તેનું દુઃખ જાયે નહિ કહ્યું, તે તો સર્વે એ પ્રાણીએ સહ્યું.**

સાતમાસ સુધી દુઃખ ભોગવતો પાપી જીવાત્મા આવ્યો છે. દુઃખદપુરમાં વાઘ, વરૂ, વ્યાળ વિગેરે જનાવર બાંધી રાખ્યા હતાં. તે છૂટાં કર્યાં. પાપીને તોડી ખાધો. ચારે બાજુથી ઘેરી વળ્યાં. દુઃખ ખમાતું નથી. કાળી ચીસો પાડે છે. બચાવો... બચાવો... કોણ બચાવે !!....

**સુખની લાલચ ત્યાગી, કર્યાં ભોગવ અભાગી.**

સુખની આશા છોડી દે, જેટલાં તારા શરીરમાં રૂંવાડા છે તેટલાં તારાં પાપ છે. કોઈ ગણતરી નથી. જમના દંડ ખાતા ખાતા આઠ માસ પછી નાનાક્રંદ નામનું નગર આવ્યું. પાપીના શરીરને કાપી કાપીને તેલમાં તળી તળીને ખાય છે. પાપીને માટે આ રસ્તો દુઃખરૂપ છે. સારાં કર્મ કરેલાં હોય તેને માટે આ રસ્તો સુખરૂપ છે. પુણ્યશીલ વ્યક્તિ આ રસ્તેથી સ્વર્ગલોકમાં જાય છે. નવ માસે નિરધાર પહોંચે સુતપ્ત શહેર મોઝાર, લોઢાનો સ્તંભ તપાવી રાખ્યો હતો. કિંકર કહે છે, પાપી ! આ લોઢાના તપેલા થાંભલાને હાથ પગ ને મોઢું અડાડ. પાપીએ કહ્યું, અડાડું તો બળી જાઉં. ધક્કો દઈને પરાણે થાંભલામાં ભટકાવ્યો. એમ સર્વે અંગો બાળે, પુણ્ય વિના શાંતિ કોણ વાળે. જમદૂત કહે છે :-

આ દુઃખથી બચવાનો એકજ ઉપાય છે. જો છત્રનુંદાન, વસ્ત્રનુંદાન, પગરખાનું દાન, પંખા અને ચંદરવાનું દાન વિગેરે દાન કર્યું હોય તો તેને સહાય કરે.

દાન કર્યું છે ? દાન કાંઈ નથી કર્યું પણ દગો બહુ કર્યો છે. ગરીબને દબાવી-રીબાવીને ધન ભેગું કર્યું છે. પુત્ર પરિવાર જલસા કરે છે ને હું રીબાઉં છું. અરે.. રે.. હવે હું શું કરું !! નિષ્કુળાનંદ સ્વામી કહે છે. આ જગતમાં માણસો દાન, પુણ્ય કરે છે તે કાંઈ ગાંડા નથી. યથાશક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ.

ગઢપુરમાં સમૈયો થવાનો હતો. શ્રીજી મહારાજનાં દર્શન કરવા બાઈઓ તથા ભાઈઓ કીર્તન ગાતાં ગાતાં પગપાળા ચાલ્યા જાય છે. આગળ જતાં એક ગામ આવ્યું. ગામના પટેલ કીર્તન સાંભળી સંઘ પાસે આવ્યા. પૂછ્યું, ''આપ આટલા આનંદથી કેટલે સુધી જાવ છો ? '' અમે ગઢપુર સમૈયામાં સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જઈએ છીએ. પટેલે કહ્યું, મારાં ભાગ્ય હશે ત્યારે પ્રત્યક્ષ દર્શન થશે. અત્યારે તમારી સાથે અવાય તેમ નથી. હું ગરીબ માણસ છું. બીજું શું આપું. હું દશ રૂપિયા આપું છું તે તમો ભગવાનના ચરણમાં મારા તરફથી ભેટ અર્પણ કરજો.

હરિભક્તો ગઢપુર આવ્યા. શ્રીજી મહારાજ લીલુડા લીંબડા નીચે ઢોલીયા ઉપર વિરાજમાન છે. સંતો ભક્તોની સભા ભરાઈને બેઠી છે. યાત્રાળુ ભક્તજનો પ્રભુને પગે લાગી દર્શન કરીને બેઠા. ત્યારે ભગવાને કહ્યું, પટેલે, મારા માટે દશ રૂપિયા ભેટ મોકલાવેલ છે. તે તમે ભૂલી ગયા લાગો છો !! યાદ કરાવી આપ્યું કે તરત દશ રૂપિયા પ્રભુના ચરણમાં અર્પણ કર્યાં. શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહ્યું,

## સમય આવશે ત્યારે વ્યાજ સહિત ઋણ ચૂકવવું પડશે.

શ્રધ્ધાથી આપેલા દાનનું ફળ બહુ મોટું હોય છે. શ્રધ્ધા વિનાનું આપેલું દાન નિષ્ફળ જાય છે. છ મહિના પછી પટેલના શરીરમાં કોઢ નીકળ્યો. ખૂબ કાળી બળતરા થાય છે. પીડા સહન થતી નથી. હવે હું શું કરું. દરિયામાં પડીને મરી જાઉં તો થાય ! નિરાશ થઈ ગયા. દુઃખ ખમાતું નથી. ગાડાવાળા ખેડૂતને કહ્યું, હું તને પાંચ રૂપિયા આપીશ તું મને સમુદ્ર કાંઠે ફરવા લઈ જા. ગાડામાં બેસી દરિયા કિનારે આવ્યા. પછી લાકડીના ટેકે ધીમે ધીમે દરિયા તરફ મરવા માટે જાય છે. પ્રભુ વૃધ્ધ બ્રાહ્મણના રૂપે મદદ કરવા આવી ગયા.

પટેલ બાપા, ''કેટલે સુધી જાવ છો ??'' મારા સગાં સંબંધીને મળવા જાઉં છું. બ્રાહ્મણના રૂપમાં ભગવાન બોલ્યાં. સગાંને મળવા જાઓ છો કે મરવા જાવ છો ?? પટેલે રડતાં રડતાં કહ્યું, દુઃખ સહન થતું નથી. તેથી દરિયામાં પડીને મરી જઈશ.

બ્રાહ્મણના રૂપમાં ભગવાન બોલ્યાં, આત્મઘાત એતો મહાપાપ છે. અમે આશીર્વાદ આપીએ છીએ ભગવાન તમારું સારું કરશે. ધીરજ રાખો. કોઢ મટી જાશે. નખમાં પણ રોગ નહિ રહે. લ્યો આ તમારા દશ હજાર રૂપિયા. પટેલે કહ્યું, મારા રૂપિયા કેવા !! ભગવાને કહ્યું, તમે યાદ કરો. સત્સંગીનો સંઘ ગઢપુર આવતો હતો ત્યારે તમે અમારા માટે દશ રૂપિયા મોકલાવ્યા હતા. હું કોઈનો ભાર રાખતો નથી.

**દુનિયામાં ભગવાન જેવો કોઈ ઉદાર નથી.**

પટેલે ભગવાન સામે નજર કરી તો શીતળ શાંત પ્રકાશમાં શ્રીજી મહારાજનાં દર્શન થયાં. જીવન ધન્ય બની ગયું. પછી પ્રભુ અદ્રશ્ય થઈ ગયા. પટેલ ઘરે આવ્યા. થોડા દિવસમાં આરામ થઈ ગયો. પછી પટેલ ભગવાનને મળવા ગઢપુર આવ્યા. દર્શન કરી નિયમ ધારણ કર્યો, સંત્સંગની રીતભાત સમજી સત્સંગી થયા. જિંદગીભર પ્રભુનું સ્મરણ કર્યું, આયુષ્યને અંતે શ્રીજી મહારાજ તે પટેલને અક્ષરધામમાં તેડી ગયા.

સુદામાના એક મુટ્ઠી પૌંવાને બદલે, સોનાના મહેલ બનાવી દીધા. ભગવાન મનોમન કહે છે મિત્ર ! તું ઘરે જા તો ખરો ખબર પડશે. મેં સમૃધ્ધિનો ધોધ તારા માટે મૂકી દીધો છે. નવસો તાંતણા ને બદલે નવસો નવાણું સાડી દ્રૌપદીજીને આપી દીધી. આવા ઉદાર છે અવિનાશી. પરંતુ પહેલાં આપણને ઉદાર થવાની જરૂર છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પાપી જીવાત્માએ કાંઈ દાન પુન્ય કર્યું નથી, તેથી તેને મુદ્દગરની માર મારતા મારતા રૌદ્રપુર નામના નગરમાં લઈ જાય છે.

**ત્યાંથી દશમે માસે જરૂર, આવે છે એ પ્રાણી રૌદ્રપુર;**
**તે તો અતિશય ભયંકર, આવી જાયે છે ત્યાંના રહેનાર.**

પાપી જીવને જમદૂતે ખૂબ માર્યો. ત્યાં તેને ગુરુ દેખાણા, જુઓ મારા ગુરુ આવી ગયા. હવે તમારી ખબર લેશે. આટલા દિવસ હું એકલો હતો. ગુરુ મને મદદ કરશે. ટેકામાં આવી ગયો. જમના મારથી મને મારા ગુરુ બચાવશે. રાજી થયો ત્યાં તો બચાવાને બદલે ગુરુ મંડ્યો શિષ્યને ડાચાં ભરાવા.

શિષ્ય કહે છે, ‘‘અરર.. મને ડાચાં કેમ ભરાવો છો ??? તારા જેવામાં હું ભરમાઈ ગયો. ત્યારે ગુરુ બોલ્યો. અસદ્ગુરુની એંધાણી તેં ન જાણી. સાચા ખોટાનું તને ભાન નહોતું. આખા દુનિયાના ફેલ અમારામાં હતા. આખા વિશ્વના રાખ્યાતા ફેલ, વળી વ્યભિચાર ને વટલેલ, કરતા ખોટા પ્રભુના આકાર, નિંદતા ધર્મ નિયમ

સદાચાર. પ્રભુના આકારનું ખંડન કરતા, ધર્મ નિયમની નિંદા કરતા, અમે પાપમાં ડૂબેલા તે તને કેમ તારીએ.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સમજી વિચારીને સંતનો સંગ કરજો, બગલા જેવા સ્વાર્થીલા હોય, પાપમાં પ્રવૃત્ત હોય. વાણીમાં વિવેક ન હોય, કામી ક્રોધી ને લોભી હોય, પોતે ભવસાગર તરી ન શકે તે બીજાને કેમ તારશે. પથ્થર સાથે પથ્થર બંધાય તો ડૂબે કે તરે ? તરત ડૂબી જાય...

**મોક્ષનું દ્વાર સાચા સંતો થકી જ ખુલ્લું થાય છે.**

સંતના સહારા સિવાય સાચી સમજણ આવતી નથી. સાચા સંતથીજ કલ્યાણ થાય છે. બાકી બીજા સંત દુનિયામાં ઘણા છે. સમજી વિચારીને સમાગમ કરવો.

**એમ વિતે માસ અગિયાર, આવે પ્રયોવૃષણ મોઝાર;**
**તિયાં જીવને આવતો જોઈ, થાય રાજી જમ સહુ કોઈ.**

પયોવૃષ્ણ નગરના જમદૂતો રાજી રાજી થઈ ગયા. સ્વાગત કર્યું ભલે આવ્યો તું ભાંગવા ભૂખ, તુને જોઈ ચળવળે છે મુખ. હમણાંજ તને ચાવી જાશું. ત્યારે બીજો જમ બોલ્યો, એમને એમ પાપીને ખવાય નહિ. ધોઈને નવડાવીને પછી ખાશું, તિયાં ટાઢા જળ હિમ સરખા, તેની વરસાવે છે માથે વરષા. હિમ જેવા ઠંડા પાણીની ધારા નીચે ઊભો રાખ્યો. મંડ્યો વાયબ્રેટરની જેમ ધ્રૂજવા. ખખડી ગયો. જમદૂતે કહ્યું, આ દુઃખમાંથી બચવાનો એક જ ઉપાય છે. કામળી, શાલ અથવા વસ્ત્રનું દાન કર્યુ છે ? પાપીએ કહ્યું, મે કાંઈ દાન પુન્ય કર્યું નથી. આંગણે આવેલા અતિથિનો ખૂબ અનાદર કર્યો છે. ફાવે તેવાં કડવાં વચન બોલીને બિચારા ગરીબનાં હૈયાં બાળ્યાં છે.

**દાન સુપાત્રને આપવું, કુપાત્રને આપેલું દાન દુષ્ટ પરિણામ લાવે છે.**

જમદૂત કહે છે, લોભીયા ! દાન પુણ્ય કરવામાં લોભ કર્યો પણ પ્રભુનું નામ લેવામાંય લોભ કર્યો, પ્રભુનું નામ લેવામાં ટકાનો ખર્ચ નહોતો છતાંય કાંઈ ન કર્યું. સત્સંગ સભામાં ન ગયો. રખડપટ્ટીમાં જિંદગી ગુમાવી દીધી. ભગવદ શરણું લીધા સિવાય સંસાર સાગર કેમ તરાશે ?

આપણા ધર્મગ્રંથો કહે છે, દીકરા લાયક થાય ત્યારે માતા-પિતાએ પ્રવૃત્તિ છોડીને નિવૃત્તિ લઈને ભજન ભક્તિ અને નિત્ય સત્સંગ કરવો જોઈએ.

**પછી ત્યાંથી ચલાવે છે મગે, માસ સાડા અગિયાર લગે;**

**દેખે છે દૂરથી શહેર સારું, પણ માંહી છે જમ હજારું.**

શહેર સારું દેખાય છે પણ માંહી હજારો જમદૂતો છે. ટોળું દેખાણું જોઈ રહ્યા છે જીવની વાટ, ખાવા માંસ પીવા લોહી માટ. પાપી જીવાત્મા હિંમત હારી ગયો. વળી આ મને મારશે. વાટ જોઈને બેઠા હતા જમ. ઉઠીને આવ્યા સામા, કહે છે અમે તારા કાકા મામા. તને ઊંધે રસ્તે ચડાવનાર અમે હતા. જમદુતે કહ્યું, ખાવા દે ભૂખ્યા છીએ. પછી મીઠું મરચું ચોપડીને માંસ ખાધું.

ત્યાંથી પાપી જીવાત્મા ચાલતો, માર ખાતો શીતાષ્ય નગરમાં આવ્યો. ઠંડીનો કોઈ પાર નથી, થર થર ધ્રૂજે છે. જમદૂત પૂછે છે ગાદલાં, ગોદડાં, પલંગ, ઓછાડ, ઓશીકાં વિગેરેનું તેં કાંઈ દાન કર્યું છે ? પાપી બોલ્યો કાંઈ પણ દાન કર્યું નથી પણ મેં પલંગ પર સૂઈને ખૂબ જલસાથી પાપ કર્યાં છે !! તારાં સગાં સંબંધીને સંભાળ. તારા મર્યા પછી કાંઈ દાન કર્યું છે ? તપાસ્યું તો પાછળ સગાં સંબંધીએ પણ ગોદડાં, ગાદલાં વિગેરેનું કાંઈ પણ દાન કર્યું નથી. નિષ્કુળાનંદ સ્વામી ભલામણ કરે છે.

**તેણે સુખ પામે એહ પ્રાણી, માટે દાન દેવું એવું જાણી**

હાથે એ સાથે... બાકી પાછળ આશા રાખશો નહિ કે મારા દીકરા દાન પુન્ય કરશે. દીકરા માલ મિલકત લેવા તૈયાર છે પણ દાન, પુન્ય કરવા તૈયાર નથી. વગર મહેનતે દીકરાને જલસા થઈ જશે. ગાદલાં, ગોદડાં, તકીયા, ઓશીકાં ઓછાડ વિગેરેના દાન જરૂર કરજો. સુપાત્ર વ્યક્તિને મંદિરમાં મંડળ ભરવા અને સાધુ સંતને વસ્ત્રદાન આપવું. સુપાત્ર બ્રાહ્મણને દાન આપવું.

બાર મહિના સુધી માર ખાતો કુટાતો પાપી ૧૯મા નગરમાં આવ્યો એ નગરનું નામ છે. બહુભીતિપુર. પાપી કહે છે. કેશુડાં ને કેશર જેવાં રાતાં રાતાં શેનાં ઝાડ છે ? જમદૂતે કહ્યું, એ ઝાડ નથી !! તારા જેવા પાપીને કાપે છે. તેના આકાશમાં લોહી ઊડે છે. તારા જેવા પાપીના પાપની તપાસ થાય છે. અરરર.. મારા આવા હાલ થાશે. શ્વાસની રીધમ વધી ગઈ. છાતી થડકે છે.

કોઈકને પોલીસ મારતો હોય અને આપણે બાજુમાં હોઈએ તો ફફડી જઈએ. છાતી થડકી જાય, જેને મારતા હશે તેની કેવી દશા થતી હશે. વિચારજો. કથા સાંભળીને ચેતી જજો ને પાપ કરતાં અટકી જજો. પાપી જીવાત્મા રડે છે.

**કહે કિયાં જાંઉ કેમ કરું, આ મારથી હું કેમ ઉગરું;**
**ન કર્યું દાન પુણ્ય સંત સેવા, સેવ્યા તે જમકિંકર જેવા.**

હવે હું શું કરું. મારથી ક્યારે ઉગરીશ, સાચા સંતોને સેવ્યા નહિ, સેવ્યા તે જમદૂત જેવા કસાઈ નીકળ્યા, નિષ્કુળાનંદ સ્વામી કહે છે. હું તમને કેટલું કહું, તારી આવરદા ઓછી થાય સમજ તો સારું છે. હરિ ભજન કરી લે સદાય સમજ તો સારું છે.

**પૂર્વછાયો :- સંકટ કહ્યા સોળે શહેરના, સંક્ષેપે કરી મેં મુખ;**
**પણ લખ્યાથી છે લાખ ઘણું, ભાઈ દંડતણું ત્યાં દુઃખ.**

સ્વામી કહે છે, મેં સોળ શહેરમાં જે જે સંકટ પાપી જીવાત્માને થાય છે તેની વાત કરી છે પણ લખ્યાથી લાખ ઘણું દુઃખ છે જમપુરીમાં. સાચા સદ્ગુરુને સેવ્યા હોત, ઉપદેશ અંતરમાં ઉતારીને તે પ્રમાણે જીવન ચલાવ્યું હોત તો આવા દુઃખ ભોગવવાં પડત નહિ, એક વરસ થયું ત્યારે પાપી જીવાત્મા સંયમિ શહેરમાં પહોંચ્યો.

જમપુરી કેવી છે !! તેની વાત સ્વામી કરે છે, જમપુરી સો જોજન લાંબી અને સો જોજન પહોળી છે. ચારે બાજુ સોનાની બાંઉડરી છે. ચાર દરવાજા છે. એક સોનાનો, બીજો રૂપાનો, ત્રીજો દ્વાર તાંબાનો અને ચોથો લોઢાનો દરવાજો છે, તિયાં જેનાં જેવાં કર્મ હોય, તેવે દ્વારે જીવ ત્યાં જાય, પુન્યશીલ જીવાત્મા સોનાના દરવાજેથી જાય છે. સોનાનો ઉત્તર દ્વાર દરવાજો છે. ત્યાંની શોભા સારી છે. રાજમાર્ગ – ચૌટા, શેરી ખૂબ શોભાયમાન છે. મોટા મહેલ ને હવેલીઓ છે. અનંત જાતના પુષ્પના સુગંધીમાન વૃક્ષ છે તે વૃક્ષ ઉપર બેસીને પક્ષીઓ કલરવ કરે છે, ધજા પતાકાથી સુશોભિત રસ્તાઓ છે. રાજદરબારના દરવાજા સ્ફટિક મણીથી શોભે છે. દરવાજે તોરણ બાંધ્યાં છે. બ્રહ્માજીના બાર પુત્રો શ્રવણ દેવતા ત્યાં બેઠા છે. પુણ્યવાન આ દરવાજેથી જાય છે. તેને ધર્મરાજા ભગવાન જેવા દેખાય છે. ક્રૂર નથી દેખાતા. પાપીને આ દરવાજેથી જાવા મળતું નથી. તે લોઢાને દરવાજેથી પસાર થાય છે. તે માર્ગ કેવો છે ? સાંભળો.

**ભર્યો લોહ ગોખરુએ મારગ, તેહ ઉપર મંડાવે પગ;**
**મોટા શ્વાન સર્પ સિંહ ઘણા, મળે સામા એવા બિયામણા.**

તે માર્ગ ગોખરુથી ભર્યો છે. આપણને ગોખરુનો કાંટો વાગે તો રાડ પડાવી દે. આ કાંટાતો લોઢાનાં છે. રસ્તા ઉપર પાથરેલા છે તેના ઉપર ખુલ્લે પગે ચાલવાનું હોય છે, ત્યાં મોટાં કૂતરાં, સર્પ અને સિંહ સામા આવે. સીંચાડા, કાગડા, ઘુવડ અનેક હિંસક પક્ષીઓ ભયંકર કોલાહલ કરે છે. અંદર રાજા બેઠા છે તેને મળવા જવાનું છે. લોઢાના દરવાજામાં લોઢાના ખીલા છે. તેમાં પાપી દેહને ફસાવીને ખેંચે

છે. તેણે કરીને અંગ ચીરાય છે. તેથી પાપી કરે હાય હાય, રાજાનું ભયંકર રૂપ જોઈને ત્રાસ પામી ગયો.

ધર્મરાજાનું રૂપ કેવું છે ? લોઢાનું શરીર, લોઢાના દાંત બહાર લબડે છે. મહાભયંકર શરીર, લાંબી દાઢી, દાંત કચકચાવીને રોષથી ખીજાઈને બેઠા છે ત્યાં જમદૂતો પાપી જીવાત્માને લાવ્યા. સૂર્ય પુત્ર ધર્મરાજાને જમદૂતોએ કહ્યું આવ્યા છીએ. ધર્મરાજાએ ચિત્રગુપ્તને બોલાવ્યા.

**કહો આ પ્રાણીના પુણ્ય પાપ, જોઈ ખાતું ને દિયો જ્વાબ;**
**ત્યારે પ્રધાન કહે છે સુણો રાય, એના પાપ કહ્યાં નવ જાય.**

આ જીવાત્માનું ખાતું કાઢો ! ખાતું જોઈને જવાબ આપો ? કેટલાં પુણ્ય છે ને કેટલાં પાપ છે ? પ્રધાન કહે, આ અતિ પાપી છે. પાપનો કોઈ પાર નથી છતાં સંક્ષેપથી કહું છું. સાંભળો ! આ પાપીએ વિષયી ગાન સાંભળ્યું છે. હરિ કથા કોઈ દિવસ સાંભળી નથી. રસિકપ્રિયા ને રસમંજરી સાંભળ્યું છે. વિકારભાવથી નારીનું રૂપ જોયું છે. પરનારીનો સ્પર્શ કર્યો છે. જીભથી કોઈ દિવસ હરિગુણ ગાયા નથી. જીભથી નારીના જશ ગાયા છે. પાપમાંજ પગલાં ભર્યાં છે. પુણ્યને માર્ગે એક પગલું પણ ભર્યું નથી.

પાપી જીવાત્મા ધર્મરાજાની સામે ઊભો છે. ધર્મરાજા ખીજાઈને કહે છે, અલ્યા પાપી કૃતઘ્ની તેં ખૂબ અન્યાય કર્યો છે. માલિક પુરુષોત્તમ નારાયણની આજ્ઞાને ઠોકરાવી છે.

**જેણે ઉદરમાં કરી સાર, આપ્યો મનુષ્યનો અવતાર;**
**માગે દેવ મનુષ્યનો દેહ, પામ્યો અભાગિયા તન તેહ.**
**ભરતખંડ જંબુદ્વીપ માંય, રહે પ્રગટ શ્રીહરિ જ્યાંય;**
**એવી ભૂમિમાં નરતન પામી, જ્યારે થયો તું લૂણ હરામી.**

લૂણ હરામી. ભગવાને તને આ ભરતખંડમાં માનવદેહ આપ્યો જે દેહને માટે દેવ પણ ભરતખંડમાં માનવ દેહની ઈચ્છા રાખે છે. અમારા શેષ પુણ્ય હોય તો ભારતમાં માનવ જન્મ દેજો એવો ઉત્તમ દેહ દીધો છતાં કોઈ દાન પુણ્ય ભજન, ભક્તિ કે ઉપકાર કાંઈ ન કર્યું કેવળ ઊંધા ધંધા કર્યા. ઘણા માણસોને માનવદેહની કીમત સમજાતી નથી. આખી જિંદગી પૈસા કમાવામાં અને કુટુંબ કબીલામાંજ ગુમાવી

દે છે. આળપંપાળમાંજ આયુષ્ય પુરું થઈ જાય છે. ખ્યાલ રાખજો, કાલ કરશું. પછી કરશું. કયાં મોડું થાય છે. આવી રીતે માયાની જંજાળમાં રહી જવાય નહિ. વિચારજો. હીરો હાથમાં આવ્યો છે એ હીરો ધૂળથી ધોવાય નહિ, ધૂળથી વધારે મેલો થાય.

બોલ્યા રાય કરી અતિ કોપ, પાપી કરી તેં આજ્ઞા લોપ; શેષ ગણેશ શશિ સુરજ, ઈશ અમરેશ વળી અજ. ધર્મ રાજા કહે છે શેષ ગણેશ શશિ આદિક તેત્રીસ કરોડ દેવતા છે તે ભગવાનની આજ્ઞા લોપતા નથી. તું શું એનાથી મોટો છે ? ઠીક લાગે તેમ પાપ કર્યાં છે. મારા સામે શું મોઢું લઈને ઊભો છે ? દળદળ આંસુ પડે છે. ખૂબ પસ્તાય છે. આપણે બધા સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. આવાં કઠિન દુઃખ જમપુરીનાં નહિ ભોગવવાં પડે, પણ જો ગાફલાઈ રાખશો તો ફસાઈ જશો. નાની મોટી આજ્ઞાનું યથાર્થ પાલન કરવુંજ જોઈએ. નાની મોટી આજ્ઞા છે વસાવીસની.

## કથા સાંભળી ચેતી જશો તો, પાપ કરતાં અટકી જાશો.

એક એકાંતિક ભક્ત હતા. શ્રીજી મહારાજના પગપાળા દર્શન કરવા વડતાલ જાય છે. રસ્તામાં એક ખેતર આવ્યું. ચોમાસાની ઋતુ છે. સરસ મજાની ચોળાફળી થયેલી. ભકતને થયુ, શ્રીજીનાં દર્શન કરવા જાઉં છું તો લાવ થોડીક ચોળાફળી લઈ જાઉં. બશેર જેટલી ચોળાફળી લઈ વડતાલ આવ્યા, ત્યાં સ્વામિનારાયણ ભગવાન ઢોલીયા ઉપર બિરાજમાન થયેલા છે. સંતો અને ભકતજનો શ્રી મુખમાંથી નીકળતું જ્ઞાનામૃતનું પાન કરે છે. ભગતે ભગવાનને પગે લાગીને ચોળાફળી અર્પણ કરી. ભગવાન અંતરજામી છે તે બધું જાણે છે તેથી બોલ્યા, ભકતરાજ તમારા ખેતરમાં સરસ ચોળાફળી થઈ છે. ભક્તે કહ્યું, મારા ખેતરમાં ચોળાફળી થઈ નથી, પણ રસ્તે ચાલતાં કોઈકના ખેતરમાં સરસ ચોળાફળી જોઈ તેથી લઈ આવ્યો છું.

શ્રીજી મહારાજે કહ્યું, ''ખેતરના માલિકની રજા લીધી છે કે રજા વગર લાવ્યા છો ?'' ભકત બોલ્યા, ''રજા વગર લાવ્યો છું, રજા નથી લીધી.'' ભગત ચોરી કરીને અમને શા માટે જમાડવા આવ્યા છો !! ચોરી કરવી તે મહા પાપ છે. જાવ જયાંથી લાવ્યા છો તે માલિકની માફી માગીને પાછી આપી આવો. ચોરી કરીને દાન કરાય નહિ. ભક્તે કહ્યું, મહારાજ મારી ભૂલ થઈ ગઈ છે. હવે કોઈ દિવસ આવી ભૂલ નહિ કરું. આપણે પણ આજથી પ્રતિજ્ઞા લઈએ કે કોઈ દિવસ ચોરી નહિ કરીએ.

ધર્મરાજા કહે છે :- નથી જોયા જેવું તારું મુખ, જાજા પરો પ્રભુના વિમુખ;

પાપી તારું મોઢું જોયા જેવું નથી. મારી નજર આગળથી આને જલદી હટાવી લ્યો. પાપીને લઈ જાવ બહાર ને તમારી જેટલી તાકાત હોય તેટલો માર મારો. ઘણા માણસો એટલાં બધાં પાપ કરે છે કે,

## ધર્મરાજાના ધોકાથી પણ ધોવાતા નથી.

મારતાં મારતાં હાથ થાકી જાય તો પછી હથિયાર ગરમ કરીને પછી ઠક્કા કરે છે. એંધાણ આપીને પછી મારે છે. તપેલા તેલમાં નાખી ખૂબ હેરાન કરે છે. દીવાલમાં લટકાવીને હાથની હથેળીમાં ખીલા ખોસીને ઘુંટીને ઘણ મારે અને આંખમાં ગજ ઘાલે લોઢાના. જમદૂત કહે છે, હરામી !! પારકી નારી સામે ખરાબ દૃષ્ટિ કરી છે. વાતની વાતમાં ખોટું બોલ્યો છે. એમ કહી સાણસીથી જીભ ખેંચે છે. વિકારી ફિલ્મી ગીત સાંભળ્યાં છે. લોઢું ગરમ કરીને ગરમાગરમ રસ કાનમાં રેડ્યો.

આપણા કાનમાં ગરમ ગરમ તેલ નાખે તો કેવું વસમું લાગે. આ તો ઉકાળેલું તેલ રેડે છે. વિચાર કરજો લોઢાનો ગરમ રસ કેમ ઝલાશે. પિકચરના એલફેલ ગીત સાંભળવાનું બંધ કરી દેજો નહિંતર ભયંકર સજા થશે. કુદરતની કોર્ટમાંથી કોઈ છટકી નહિ શકે !! અદલ ન્યાય છે.

## કંઠમાં કંઠી છે ને ધંધા કેવા કરો છો ?

માબાપના નામને શા માટે બદનામ કરો છો. વ્યભિચારથી બચો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. ''મારા દાખડા સામે જોજો. સમજી જાવ. તો તમારા માટે સારું છે.''

**કરે લોહ તણી નરનાર, તેનું તન તપાવે અપાર;**
**પછી કિંકર કહે વ્યભિચારો, ભરો બાથ શું મને વિચારો.**
**જેણે બાથ ભરી એક વાર, તેની ભરાવે વાર હજાર.**

બે લોઢાના પૂતળાને બરાબર લાલચોળ અગ્નિમાં તપાવ્યાં પછી પાપીને કહ્યું, આ પૂતળાંને બાથ ભરાવ. થાંભલામાંથી જવાળા નીકળે છે. નજીક કેમ જવાય. બાથ ભરાવતો નથી. જમદૂતે દોરડાથી બાંધી ખેંચીને ધગધગતા થાંભલા સાથે બાંધી દીધો અડખે પડખે અગ્નિ સળગે છે. એકના બદલામાં હજારવાર બાથ ભરાવે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવા ખોટા પાપના ધંધા કરતા હોવ તો બંધ કરી દેજો.

આ યમદંડની કથા વારંવાર તમે વાંચજો ને તમારા દીકરા, દીકરી અને

પરિવારને પ્રેમથી સમજાવજો એ તમારી ફરજ છે, પાસે બેસીને શાસ્ત્ર વંચાવો.

**પાપથી અટકાવો ને સત્ય મારગે ચડાવો.**

તમારા સંતાન પાપ કરશે તેનું અડધું પાપ માબાપને લાગશે. કાયદા વિરુધ્ધ વિષયભોગ કરવો નહિં. ખોટી માયાના પ્રવાહથી બચો. જીવન અને કુટુંબ પરિવારમાં શ્રી હરિની આજ્ઞા-ઉપાસનાની દ્રઢતા દિવસે દિવસે વધતી રહે જ્ઞાનરૂપી દીપક પ્રગટે તો સદ્‌ગુણ ખીલી ઊઠે. નિષ્કુળાનંદ સ્વામીએ આપણા હિતને માટે આ યમદંડ લખ્યો છે. પાપ તપાસી તે પ્રમાણે પાપીને દંડ દેશે.

**ત્યાંતો તપાસી તપાસી પાપ, કરશે જમનાદૂત સંતાપ;**
**રતિ રતિ તણું લેખુ લેશે, તે પ્રમાણે તેવો દંડ દેશે.**

રતિ રતિના જવાબ દેવા પડશે. મરણ એ મરણ નથી પણ હિસાબ દેવાનો દિવસ છે. જીંદગીના ચોપડા ચોખ્ખા રાખજો. જમદૂત કહે છે, અમે તને મારી મારીને થાકી ગયા પણ તું થાકતો નથી. જન્મ મરણના થાકને ઉતારવો હોય તો નિશદિન સાંભળો અને વાંચો.

ભગવાનની કથા છે તે થાકને ઉતારે છે. જન્મ અને મરણ તેનો થાક ચડ્યો છે. તે ભગવદ્ કથા સાંભળવાથી ઉતરશે. ભગવાન હૃદયરૂપી મંદિરમાં કાનદ્વારા પધારે છે. પાવનકારી પરમાત્માનાં લીલા ચરિત્રનું જે શ્રવણ કરે છે તેનું હૃદયરૂપી મંદિર પવિત્ર થાય છે. દેહનો ખોરાક અન્ન છે. આત્માનો ખોરાક કથા અને કીર્તન, ધ્યાન, સ્મરણ છે.

ભગવાનને શું ગમે છે ? સાંભળો. પ્રભુ કહે છે, અમારી બાલ્યાવસ્થા હતી ત્યારે અમને દેવ મંદિર હોય ત્યાં દર્શને જવું, કથાવાર્તા સાંભળવી, સાધુનો સમાગમ કરવો, ભગવાનનું ધ્યાન કરવું, તીર્થ કરવા જવું. આ પાંચ નિયમ ગમતાં. આવી રીતે કથાનો મહિમા દેખાડવા બાલ્યવસ્થાનો સ્વભાવ કહ્યો. જમદૂત કહે છે, ''થોડે મારે દુઃખ બહુ થાય, એવો ગોતી કાઢિયો ઉપાય,'' ત્યારે જૂનો જમ બોલ્યો, મારીએ ઓછું અને વાગે ઘણું એવો ઉપાય બતાવું. તાળું લલાટે તાડન કરો, મુખ આંખમાં મરચાં ભરો ને સાંધામાં મારો ઘણ. વિચાર કરજો. જરાક મરચાંવાળો હાથ આંખને અડી જાય તોય બળતરા ખમાય નહિ. તો આવાં આવાં દુઃખ કેમ ખમાશે. ચેત નર ચેત દેવાનંદ સ્વામી ઉપદેશ આપતાં ગાય છે.

**ચેતી લે ચિતમાં વિચારી ચાલજે ડરી, દેવાનંદના નાથ ભજો, પ્રેમમાં ભરી.**

**મનુષ્યનો અવતાર મોંઘો નહિ મળે ફરી,**
**નિર્લજ તું નવરો ન રહ્યો ઘર ધંધા કરી.**
**માયા માયા કરતો મૂરખ ન બેઠો ઠરી... મનુષ્યનો.....**

રેલવે પાટાનું ફીટીંગ બહુ મજબૂત હોય છતાં પાટાનો સાંધો ઢીલો ન પડી જાય તે વારંવાર તપાસતાં રહેવું પડે. જો એકાદ નટબોલ્ટ ઢીલો થઈ જાય તો ડબ્બા બધા ઊથલી પડે. રેલવે તંત્રવાળાને સજાગ કાયમ રહેવું પડે અને આપણને પણ સજાગ રહેવું પડે. એકાદ નટબોલ્ટ ઢીલો ન થઈ જાય, પાપ તમને ખેંચી જાય નહિ તેનું ધ્યાન રાખજો નહિંતર મોક્ષ બગડી જશે.

જમદૂતો કહે છે, પાપી અનેક ગરીબ માણસને દબાવીને પૈસા ભેગા કર્યા છે. મનગમતો ધંધો કરાવી. તેને પૂરો પગાર આપ્યો નથી. એમ કહી જોરથી ગળામાં ભીંસ દીધી. ગળું દબાવ્યું. પાપી જીવ બરાડા પાડે છે. બચાવો... બચાવો.. પણ ત્યાં કોણ બચાવે.. ધ્યાન રાખજો કોઈની મહેનતનો પૈસો ઘરમાં રહી જાય નહિ. બીજાના ગળાં દબાવશો તો તમારાં ગળાં દબાવશે જમદૂત. જાણી જોઈને શા માટે દુઃખી થવાનો ધંધો કરો છો !!

ગ.પ્ર.૭૨ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે.

ગરીબને દુઃખવે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહિ. ગરીબને દુઃખવે તો બ્રહ્મહત્યા જેટલું પાપ લાગે છે. કોઈને માથે જૂઠું કલંક દે છે તો પણ બ્રહ્મહત્યા જેટલું પાપ લાગે છે. સાચું કલંક હોય તો એકાંતે સમજાવીને રૂડું થાય તેમ કરવું પણ ફજેત કરવો નહિ.

જૂનો જમ કહે છે, ઘુંટી, ઘુંટીને વાઢો. નખને સાણસીથી ખેંચો. માથાના વાળને ખેંચીને મૂળથી કાઢો. પાપી મંડ્યો ઊછળવા. થોડી માર ને સજા અપરંપાર.

**મસ્તાન બની વટથી પાપ કરતો**
**તે જમદૂતે વટ ઉતારી દીધો.**

નિષ્કુળાનંદ સ્વામી વારંવાર ભલામણ કરે છે કે વિચારીને ચાલજો. સહુ સારું પોતાનું કરજો, સુણી જમનાદંડથી ડરજો. ખરું છે એ ખોટું નહિ થાય પછી વિચારશો મનમાંય

**કહે નિષ્કુળાનંદ શું કથી, પ્રભુ ભજ્યા વિના સુખ નથી.**

હરિના ભજન વિના સુખ, શાંતિ નથી. આત્માને વિશ્રાંતિ પામવાનું સ્થાન

પરમાત્મા છે. આધિ વ્યાધિથી ઘેરાયેલો માનવી જો ભાવથી હરિ સ્મરણ અને હરિધ્યાન કરે તો, મનમાં હરિનો પ્રવેશ થઈ જાય છે. પછી દેહભાન ભૂલાઈ જાય, ભૂખ તરસ ભૂલાઈ જાય. સગાં સંબંધી ભૂલાઈ જાય. ત્યારે પૂર્ણ શાંતિ થાય છે અને પરમ સુખિયા થાય છે. ખરું એજ કરવાનું છે. **પૂર્વછાયો :-**

**પછી પ્રાણી પોકારીને, કહે સુણો ધર્મનિદાન;**
**અધર્મ આવો કાં કરો, કાં રે કોયે ન સાંભળો કાન.**
**જે દિનથી તન મેં ત્યાગિયું, તે દિથી મારો જમાર;**
**અંગો અંગ ભાંગી ગયાં, તોય હજી ન આવ્યો પાર.**

પાપીજીવ ધર્મરાજાને કહે છે, ''તમે અધર્મ કેમ કરો છો ? મારી વાર્તા સાંભળતા નથી. હું મર્યો તેને બાર મહિના થયા, માર જ ખાવું છું. તમે ધર્મરાજા કહેવાઓ છો ને મારા જેવા કંગાલ પર દયા કેમ રાખતા નથી. તમે ધર્મરાજા છો. મારા ગુન્હા માફ કરો. કાંઈક મદદ કરો.''

ધર્મરાજા બોલ્યા, તું કહેતો હતો કે જમપુરી છે જ નહિ, એતો ખોટી બનાવટ છે. બોલ, જમપુરી ખોટી છે કે સાચી ?? પાપી એ કહ્યું, છે તો સાચી. અરે.. પાપી તારા જેવા પાપીને દંડ દેવા અમે ખડે પગે ઊભા છીએ. તને સંત અને શાસ્ત્રનાં વચન માનવાં જોઈતાં હતાં ને ! તારો દોષ તને દેખાતો નથી ને બીજાને ગુન્હેગાર બનાવે છે અમે તારી આંટીમાં ન આવીએ. ધર્મરાજાએ કહ્યું, ''જમદૂતો ! આ પાપી બહુ બકવાસ કરે છે એને જલદી નર્કના કુંડમાં નાખો.''

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. આ યમદંડની વાત હું એકલો નથી કહેતો. આ વાત શ્રીમદ્‌ભાગવતના પંચમ સ્કંધમાં શ્રી શુકદેવજીએ રાજા પરિક્ષિતને પણ કહેલી છે. પાપથી પાછું વળવુંજ પડશે. નહિંતર મહાદુઃખ થશે. જીવનમાં ભગવાન ભૂલાઈ જાય નહિ, તેની સાવધાની રાખવી, મારે કયાં જવું છે ! ખબર હોવી જોઈએ ને !! ખબર વગર જશો કયાં ? ખાલી ચક્કરજ મારવા છે ? આ લોકમાં આપણને માનવદેહરૂપી ગાડી મળી છે. કયાં જવું તેનું કંઈ નક્કી કર્યું ? મર્યા પછી જવું કયાં ? સ્વામી કહે છે નક્કી કરજો જગદીશ પાસે જવું છે કે જમપુરીમાં જવું છે !! નક્કી તો કરવું જોઈએને.

**જગત જાશે જન્મપુરીએ, અને ભકત જાશે બ્રહ્મમહોલ.**

અઠ્યાવીસ નરકના કુંડ છે. તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભિપાક, કાળસૂત્ર, અસિપત્રવન, દુઃખદવ, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન સંદશ, તપ્તસૂર્મિ, વજ્રકંટક, શાલ્મલી, વૈતરણી, પુયોદ, પ્રાણરોધ, વૈશાસન, લાલભક્ષ, સારમેયાદન, અવિચિ, અયઃપાન વિગેરે ભયંકર કુંડ છે. પહેલો નરકનો કુંડ છે. તામિસ્ર એ નરકમાં કોણ પડે ?

**પરધન પરદારા પાપી, હરે પરના વળી બાળ;**
**એહ પાપે જીવને, નાખે તામિસ્રમાં તતકાળ.**

પારકાનું ધન હર્યું હોય, પરદારા હરી હોય અને પારકાનાં બાળ હર્યાં હોય તે પાપીને જમદૂતો તામિસ્ર નામના નરકમાં નાખે છે. એ નરકમાં કુંડ કેવો છે ? બહુ ઊંડો છે. તેમાં અંધારું છે. તેમાં પાપીને ગળું ઝાલી ધક્કો મારી તેમાં નાખે છે. ખાવા પીવાનું કાંઈ નહિ. ઉપરથી ધોક્કા મારે. ત્યારે કારમી ચીસો પાડે છે. અરરર... કયાં જાઉં ને શું કરું ? મને કાંઈક ખાવા દો.. બહુ દુઃખી છું. પરદારામાં સંતાનનો ભાવ રાખવો જોઈએ.

એક શ્રીમંતની પત્નીના અંગમાં સૌન્દર્ય નીતરતું હતું. અપ્સરા જેવી રૂપાળી અને યુવાન હતી. તેનું મન એક યુવાન યોગીમાં સદાય ખેંચાતું હતું. કામવાસના તીવ્ર બનતી ગઈ પણ યોગી તો નેત્ર બંધ કરી ભગવાનમાં મસ્ત બનીને ધ્યાનમાં બેઠા છે. તેને કેમ પોતાનામાં આકર્ષણ થાય તેવું કરવું. એક વખત એકાંતમાં તે સ્ત્રી યોગીના આશ્રમમાં આવી. યોગીને પગે લાગીને બોલી યોગીરાજ, ‘‘મને એક વાત કરવી છે !!’’ યોગીએ કહ્યું, કહો ખુશીથી-આપની શી ઈચ્છા છે ?? યોગીરાજ મને તમારા જેવા જ એક પ્રભાવશાળી સુંદર પુત્રની ઈચ્છા છે. ચાલો આશ્રમની અંદર. અત્યારે કોઈ આશ્રમમાં નથી. વરસોની મારી ઈચ્છાને આજ પૂર્ણ કરો.

યોગીએ કહ્યું, એક કલાક પછી જવાબ આપીશ. યોગીરાજ સમજી ગયા કે સ્ત્રીરૂપી મૂર્તિમંત માયા ભક્તિમાં વિઘ્ન કરવા આવી છે. તેથી સતત ભગવાનને હૃદયમાં ધારીને ધ્યાન કર્યું પછી બોલ્યા, મારા જેવો પુત્ર તમને થાય કે ન થાય તમને પ્રભાવશાળી મારા જેવા પુત્રની જરૂર છે ને. તો હું તમને બે હાથ જોડીને કહું છું કે, હે માતાજી.

**આજથી હું તમારો પુત્ર અને તમે મારી મા.**

મારી વંદના સ્વીકારો અને શાંતિથી ઘરે જાવ, એમાં જ તમારું શ્રેય સમાયેલું

છે. યોગીરાજનાં દર્શનથી અને પવિત્ર વાણીથી કામવિકાર શાંત થઈ ગયો. આ છે સાચા સંતનો પ્રતાપ. તે જ દિવસથી તે સ્ત્રી યોગીરાજને પુત્રભાવથી જોવા લાગી. કામવિકાર સદાને માટે જતો રહ્યો. કામભાવ દૂર કરવાનો સર્વોત્તમ ઉપાય છે કે પુરુષને સ્ત્રીમાં માતૃભાવ રાખવો અને સ્ત્રીઓએ પુરુષ માત્રમાં સંતાનભાવ રાખવો.

**પછી કંઈક કલ્પે કાઢિયો, એહ નરકથી બહાર;**
**પાપ તપાસીને પાપીનાં, નાખે અંધતામિસ્ર મોઝાર.**

પાપી જીવાત્મા ઘણા કલ્પ સુધી નરકકુંડમાં ડૂબકાં ખાય, પણ જીવ જાય નહિ, બીજા નંબરનો કુંડ તેનું નામ છે અંધતામિસ્ર. કેવાં પાપ કરે તો અંધતામિસ્ર કુંડમાં પડે ? છળ, દગા ને કપટ કરી ભોળા માણસોને છેતરીને તેની સ્ત્રી અને ધન લઈ લીધું હોય તે અંધતામિસ્ર નામના નરકમાં પડે છે. પાપી માણસ પુરું આયુષ્ય ભોગવી શકતો નથી.

એક વેપારી વાણિયો હતો. જોખવામાં હંમેશાં દગો કરે. દગો કોઈનો સગો થતો નથી. આ દુનિયામાં કોઈને કાયમ રહેવાનું નથી. એક દિવસ આ દુનિયાને છોડી પરલોકમાં સર્વેને જવાનુંજ છે. બધી ખબર છે. છતાં બીજાને છેતરવામાં પાછા હટતા નથી. આયુષ્યને અંતે વાણિયાને જમદૂતો પકડીને યમપુરીમાં લઈ ગયા. ખૂબ માર્યો, સાંધા બધા નરમ કરી નાખ્યા. રાડો પાડે. બચાવો.... બચાવો.... પણ ત્યાં કોણ બચાવે !! જમપુરીની સજા ભોગવવીજ પડે છે. તે વાણીયાનો આત્મા બીજે જન્મે બળદ થયો. જ્યાં સુધી બરાબર ભાર ખેંચતો ત્યાં સુધી માલીકે રાખ્યો પછી જંગલમાં કાઢી મૂકયો. ખાવા પીવાનું કાંઈ મળે નહિ. વાંસામાં ચાંદા પડ્યા, પરૂપાચ ખદબદે તેમાં કાગડાઓ ટોચા મારે. દુઃખનો કોઈ પાર નથી. પગ પછાડે. ધરતીમાં આળોટે આવી રીતે દુઃખ ભોગવતો રીબાઈ રીબાઈને મરી જાય.

બાવીસ વરસ સુધી વેપારમાં દગો કર્યો તેથી બાવીસ વખત બળદના જન્મ લેવા પડ્યા. વિચાર કરો!! ઊંચે કુળે માનવ જન્મ મળ્યોને હાથે કરીને જનાવર થયો.

**સારા કામમાં મદદરૂપ બનજો પણ**
**પથ્થરરૂપ બનશો નહિ.**

તે કુંડમાં ઝેરી જંતુ ભર્યા છે તે બચકા ભરાવી તોડી ખાય છે. ઝાડને થડથી કાપે ત્યારે ધબ દઈને પડી જાય તેમ પાપી જીવાત્મા ધબ દઈને પડી જાય. વળી ઊભો

થાય. ભાગાભાગ કરે પણ ભાગીને જાય કયાં ? બોલી શકતો નથી. દરરોજ નવો નવો માર ખાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પાપી જીવાત્મા હજારો વરસ સુધી અંધતામીસ્ત્રમાં દુઃખ ભોગવ્યા પછી ત્રીજા રૌરવનામના કુંડમાં નાખ્યો.

## કેવાં પાપ કરે તો રૌરવકુંડમાં પડવું પડે છે ??

**અધર્મે ઈયાં ધન મેળવી, પોષ્યું નિજકુળ નિજદેહ;**
**આપ સ્વારથ સારુ મારી, જાત્ય જંતુની જેહ.**
**પછી નિજકુળ નિજદેહને, તજી જાયે જમપુરે જંત;**
**તેહ પડે રૌરવમાં, જેમાં દુઃખનો નહિ અંત.**

અન્યાય, અનીતિ, અધર્મથી ધન મેળવ્યું હોય, ગરીબને રીબાવ્યા હોય, નિર્દોષ જીવ જંતુને માર્યા હોય, તે રૌરવ નામના કુંડમાં પડે છે. ત્યાં કેવાં દુઃખ ભોગવે છે તે સાંભળો !!! વિકટ વ્યાળે ભર્યો ભયાનક તેમાં જમદૂતે કરી જોર, નાખ્યો પરાણે એ નરકમાં ભૂખે દુઃખે પાડે બકોર. તે કુંડમાં લાખો કાળા નાગ ભર્યા છે. જમદૂતે કહ્યું, આ કુંડમાં ઠેકડો માર... ના રે ના. કાળાનાગ મને કરડી ખાય !! જમદૂતે કહ્યું, કાળાં કર્મ શા માટે કર્યાં ? એમ કહીને જોરથી દીધો ધક્કો. પડ્યો કુંડમાં.

વિચાર કરો !! એક કાળો નાગ દેખાઈ જાય તો ડરીને દૂર ભાગી જઈએ. આ તો હજારો કાળાનાગ વચ્ચે પડ્યો. બકોરા પાડે છે.. જુગ જેવડી એક પળ જાય છે. જે જે જીવજંતુને માર્યા છે તે જીવ તેને કરડી ખાય છે. મહાદુઃખ ભોગવ્યા પછી ચોથો કુંડ મહારૌરવમાં નાખ્યો.

## કેવાં પાપ કરે તો મહારૌરવ કુંડમાં પડે છે ?...

પશુઓને મારી માંસ ખાધું હોય તે મહારૌરવનામના કુંડમાં પડે છે. જીવજંતુને મારનારો, માંસ વેચનારો, માંસ ખાનારો બધાને આ સજા ભોગવવી પડે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે સ્વામિનારાયણ ભગવાને હિંસામાંથી બચાવી લીધા. આહાર વિહાર પવિત્ર કરાવ્યા. યજ્ઞમાં જીવતાજીવની હિંસા થતી, નરબલી હોમાતા, જીવોને મારીને યજ્ઞમાં માંસ હોમાતું તે પાપથી મુકત થઈને શ્રીજી મહારાજે વૈદિક માર્ગ શુધ્ધ કર્યો. બ્રાહ્મણો વેદના અવડા અર્થ કરી પશુને માંસ હોમતા તે પાપ બંધ કરાવ્યું અને વૈદિક માર્ગને પ્રકાશિત કર્યો !! ભગવાન બુધ્ધજીએ પણ હિંસા ન કરવાનો જ ઉપદેશ

આપ્યો છે. વૈદિક ધર્મમાં જેટલો અધર્મ પેસી ગયો હતો તે સ્વામિનારાયણ ભગવાને નાશ કર્યો અને હિંસા થતી અટકાવી.

કર્મ પ્રમાણે સુખ દુઃખ આવે છે. આ જગતની અંદર જે દુઃખી છે, રીબાય છે, લુલા, લંગડા, રોગી, બહેરા, આંધળા તેઓએ પૂર્વજન્મમાં પાપ કરેલાં છે તેથી દુઃખી છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવી વાત સાંભળીને પ્રભુના ભક્તો હોય તેમણે પ્રભુની આજ્ઞા લોપવી નહિ. આજ્ઞા લોપીને પૈસા ભેગા કરવા નહિ, નહિંતર બળદના જેવી દશા થશે. રાજા હોય કે રંક તેને સજા સરખીજ થાય છે.

**એમ દુઃખને ભોગવી, જ્યારે નિસરે નરકથી બહાર;**
**પાપી પડે કુંભીપાકમાં, જીયાં દુઃખનો નહિ પાર.**

ઘણા કાળ પછી પાપીએ ભયંકર સજા ભોગવી પછી તેને કુંભીપાક નામના નર્કમાં નાખે છે. કેવા પાપ કરે તો કુંભીપાકમાં પડવું પડે છે.. જીવતાં પશુને રાંધીને ખાધાં હોય તેવા પાપી કુંભીપાકમાં પડે છે.

પૂર્વછાયો :- હરિજનદ્રોહી વિપ્રવિરોધી, ગુરુદેવનો ગુન્હેગાર;
**એવો જે અભાગિયો, તે પડ્યો નરક મોઝાર.**
**જે જેવાં કર્મ કરે, ભાઈ તેને જ તેવો દંડ;**
**પછી પાપ તપાસિ નાખિયો, કાળસૂત્ર નરકને કુંડ.**

**કેવા પાપ કરે તો કાળસૂત્રનામના કુંડમાં પડે !!..**

હરિભક્તોની નિંદા કરે, બ્રાહ્મણથી વિરુધ્ધાઈ કરે. ગુરુની અવગણના કરે, વેદદ્રોહી, ગુરુદ્રોહી, માતૃદ્રોહી, કાળસૂત્રનામના કુંડમાં પડે છે.

**ભક્તિ ઓછી થાય તો વાંધો નહિ, દ્રોહથી બચો.**

નિંદા નર્કમાં નાખે છે, દ્રોહ જેવું બીજાનું કોઈ પાપ નથી. બીજા પાપનાં પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહેલાં છે પણ જે દ્રોહી છે તેનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહ્યું નથી. તે વજ્રલેપ થાય છે.

ગૌહત્યા કરી હોય, બાલ હત્યા કરી હોય, સ્ત્રી હત્યા કરી હોય, બ્રહ્મહત્યા કરી હોય વિગેરે મહાપાપ કર્યાં હોય તે કદાચ પ્રાયશ્ચિત કરવાથી પાપથી મુકત થાય પણ સંત, બ્રાહ્મણ, ગુરુ, માતા-પિતા અને ભગવાનના અવતારનો દ્રોહ કરે તેની પ્રાયશ્ચિતથી પણ શુધ્ધિ થતી નથી તે અસુર થઈ જાય છે.

શ્રીજી મહારાજના આજ્ઞાંકિત પરમ એકાંતિક ભક્ત ગઢપુરના દાદાખાચર હતા. તેનો એક ચાકર હતો નામ હતું બુઢો ધાંધલ. મહાપ્રપંચી હતો. જેનો રોટલો ખાય તેનું જ વાંકુ બોલે. ગઢપુરના જીવાખાચર દાદાખાચરના કાકા થાય પણ અંદર પેટે સ્વાભાવિક દાદાખાચર સાથે દ્વેષ રાખતા. બે દ્વેષીલા ભેગા થયા. દાદાખાચરના અવગુણ ગાયા જ કરે. આ વાત શ્રીજી મહારાજ અંતર્યામી શક્તિથી જાણી ગયા.

શ્રીજી મહારાજે દાદાખાચરને કહ્યું, ''બુઢા ધાંધલને નોકરીમાં રાખવા જેવો નથી. ફૂટેલ હૈયાનો ચાડી ચુગલી કરી ઝઘડા કરાવે તેવો છે. રજા આપી દો.'' પગાર આપી રજા આપી દીધી. જીવાખાચરે બુઢા ધાંધલને કહ્યું, તું ચિંતા શું કામ કરે છે ? મારી પાસે ચાકર તરીકે રહીજા. હવે ભેગા થઈ ખૂબ નિંદા કરે છે. બુઢો જીવાખાચરની ડેલીમાં ખાટલા ઉપર બેઠો બેઠો હોકો પીએ અને કોઈ ગઢપુરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા આવે તેને પોતાની પાસે બેસાડે. દાદાખાચરના દરબારમાં જવા જેવું નથી કોઈ જાશો નહિ. અવળે રસ્તે ચડાવી દે.

ભગવાન સાથે રહે છે, પ્રભુનાં દર્શન થાય છે, કથા, કીર્તન રૂપી જ્ઞાનગંગામાં આત્મા હરહંમેશ સ્નાન કરે છે, પણ પથ્થર હૃદયને કાંઈ ભક્તિની ભીનાશ લાગી નહિ. જીવાખાચરની ડેલીમાં બેઠો બેઠો બધાને પોતા પાસે બોલાવે, તમે દાદાખાચરના દરબારમાં જાશો તો જાદુ કરી તમને વશ કરી લેશે. એ ભગવાન નથી, પણ પાખંડી છે. બાબરીયો ભૂત સાધ્યો છે. ઈંદ્રજાળનો ગુટકો બતાવી લોકોને મોહિત કરે છે. દાદાખાચર આદિ કાઠી દરબારને વશ કરી લીધા છે. દાદાખાચરની નજરમાં સ્વામિ-નારાયણ જ દેખાય છે. તમે જાશો નહિ. અનેકને ઘરબાર વગરના કરી સાધુ કર્યા છે. અવળું સવળું ભરાવી પાછા વાળી દે. દ્રોહ કરવાથી બુઢાની બુધ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ.

જીવાખાચરના દરબારમાંથી ચોરી કરી, જીવાખાચરે નોકરીમાંથી રજા આપી દીધી. હવે ભીખારી થઈ ભટકે છે, મગજ છટકી ગયો. દિવસ ને રાત બકવાસ કર્યા કરે, ભયંકર રોગમાં રીબાતો રીબાતો ભૂંડે હાલે મૃત્યુ પામ્યો. શ્રીજી મહારાજે કહ્યું,

**અમારા હાથની સો મણ સાકરની પ્રસાદી ખાધી છતાંય આસુરી બુધ્ધિ ગઈ નહિ.**

કોઈને ઉતારી પાડવા તે ઉધ્ધતાઈ અને આસુરી વૃત્તિ છે. તેવા દ્રોહીનો મોક્ષ માર્ગનો દરવાજો બંધ થઈ જાય છે. નાના મોટા જે ભજે હરિને મન, કર્મ અને વચને પ્રીત કરીને તેને પોતાના કરતાં જાણે સારા રે એવા સંત તે હરિને પ્યારા, પ્રભુને

ભજતા હોય એવા નાના મોટા સર્વેને પોતાના થકી સારા જાણે, અભાવ અવગુણ લેનારાની દુર્ગતિ થાય છે.

એક બકરી મારી નાખી હોય, એના શરીરમાં જેટલાં રૂવાંડાં હોય એટલા હજાર વરસ સુધી કાળસૂત્ર નર્કમાં સજા ભોગવે છે. પાપી કહે છે, મારા ઉપર કાંઈક દયા રાખો. મારો ખમાતો નથી. જમદૂતે કહ્યું, તારા જેવા પાપી ઉપર દયા રખાય નહિ. બિચારા નિર્દોષ પશુ પક્ષીને તેં ખૂબ માર્યાં છે. સજા ભોગવી પછી અસિપત્ર નામના વનમાં લાવ્યા છે. અસિપત્રવન કેવું છે ? ત્યાં તાડનાં ઝાડ છે તેનાં પાંદડાં તલવારની ધાર જેવાં છે.

## કેવાં પાપ કરે તો અસિપત્ર વનમાં જાય ?....

વેદમાં ચાર વર્ણના ધર્મો કહ્યા છે. દ્વિજ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રના. કુળધર્મને લોપે, પાખંડ માર્ગમાં પગ ભરે, અશુભ આહાર કરે, દેહને વટલાવે તેને અસિપત્રવન નામના નર્કમાં નાખે છે. માટે પવિત્ર આહાર કરવો, ભગવાનને જમાડ્યા વિના જમાય નહિ, જયાં ત્યાં જમાય નહિ, અસિપત્રવનમાં દોડાવે છે તેથી અંગ ચીરાઈ જાય છે. ધારવાળા પાંદડાથી અંગ છોલાઈ જાય છે. આ કથા ગંભીરતાથી સાંભળજો. વિચારીને પગલાં ભરજો. આવો ઉજળો સંપ્રદાય, સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા, ચેતવણી આપતા સંતો મળ્યા, સત્શાસ્ત્રો મળ્યાં. કાંઈ અધૂરું નથી રાખ્યું છતાં.

**જયાં ત્યાં શા માટે માથાં ભટકાવે છો. !!**

**દિયે સંત વિપ્ર શિર દંડ, લૂંટે ઘર ગામ શહેર ખંડ;**
**વણવાંકે કરે અનરથ, પછી નૃપને નૃપના ભૃત્ય.**
**પડે સૂકરમુખ તે ઘડી, પીલે જેમ ચીંચુમાં શેલડી;**

## કેવા પાપ કરે તો સૂકરમુખ નામના નર્કમાં જાય ?

સૂકરમુખ નામનો આઠમો કુંડ છે. ત્યાં પાપી જીવાત્માને લઈ જાય છે. (ન્યાયને અન્યાય ઠેરાવે) અન્યાયને ન્યાય ઠેરાવે વગર વાંકે દુઃખી કરે, તે સૂકરમુખ નર્કમાં જાય છે. રાજા વગર વાંકે સંતને, બ્રાહ્મણને વિગેરે રૈયતને દંડ આપી ઘરબાર લૂંટી લે, ખોટો અનર્થ કરે, રાજા, દિવાન, નેતા, મંત્રી, તંત્રી કે પોલીસ રાજયસત્તાના અધિકારી વગર વાંકે પ્રજાજનોને દુઃખી કરી દંડ કરે છે તે પાપે કરીને ચીચુંડામાં શેરડી પીલાય તેમ તેને પીલે છે. ગાયના હક્કનું પચાવી જાય, ગરીબના હક્કનું

ખાઈ જાય, ભાઈ, ભાઈના ભાગમાં આવતા ગરાસ પચાવી જાય. નાના ભાઈને કાંઈ ન આપે. તેવા પાપી સૂકરમુખ નર્કમાં પડે છે.

નાના માણસને તરત સજા ફટકારી દે અને મોટાને કાંઈ નહિ, આવું જો સત્તાધારી કરે છે તો નર્કમાં પડે છે.

**જેટલી મોટી પદવી તેને સાવધાની પણ મોટી રાખવી પડે..**

ગાડીનો ડ્રાઈવર ઊંઘી જાય તો શું થાય ? ગાડી ઊથલી પડે, ઝાડનું મૂળીયું સડી જાય પછી તે ઝાડ લીલું રહે નહિ સૂકાઈ જાય. મુળીયું સડવું ન જોઈએ. રાજકારણીય સત્તા હોય કે ધર્મની સત્તા હોય, બહુ સાવધાન રહેવું જોઈએ. રૈયતને સાવધાની રાખવી જોઈએ, તેમ રાજાએ પણ સાવધાની રાખવી જોઈએ. પ્રજાને દુઃખી કરીને ધન ભેગું કરે છે તે સૂકરમુખ નામના કુંડમાં પડે છે.

કેવાં પાપ કરે તો અંધકુપનામના કુંડમાં જાય છે.

**ચાંચડ માંકડ જૂજુવા જેહ, બગાઈ માંખી કીડી આદિ ઉંદર તેહ;**
**પશુ પંખી વ્યાળાદિક વળી, એવાં માર્યાં જંત બહુ મળી.**

ચાંચડ, માંકડ, બગાઈ, માખી, કીડી, મકોડી આદિ જંતુને માર્યાં હોય, તે અંધકૂપ નામના કુંડમાં પડે છે. માંકડ, મચ્છર એવા સુક્ષ્મ જીવની હિંસા જાણીને કયારેય કરવી નહિ. ( દવા નાખીને જંતુને મારી નાખે છે.) અજાણતાં પાપ થઈ જાય. જેમ કે તમે ચાલ્યા જતા હો. તમારા પગ નીચે કીડી, મકોડા કચડાઈ જાય તમને ખબર નથી. સુક્ષ્મ જીવની હિંસા થઈ ગઈ તો સુક્ષ્મ દોષ લાગે છે. એ દોષ ભક્તિ, ભજન, વ્રત અને તપ એના પુણ્ય બળથી ધોવાઈ જાય, પણ જાણીને હિંસા કરે તો જરૂર પાપ લાગે છે.

આપણને જીવ વહાલો છે તેમ સૌને જીવ વહાલો હોય છે જે જંતુ માર્યાં હોય તેનો બદલો લેવા તે જંતુ પાપી જીવાત્માને ફોલી ખાય છે. તેથી શ્વાસ પણ પૂરો લેવાતો નથી. ચોધારા આંસુએ ખૂબ રડે છે. બીજાને રડાવે તો પોતાને રડવાનો વારો આવશે, ધ્યાન રાખજો. કર્યાં કર્મ ભોગવવાંજ પડશે. પાપી પોકાર કરે છે. ''હે મારા ભાઈ ! મને દુઃખમાંથી બચાવ. ત્યાં ભાઈ કોઈ નહિ હોય. સગાં સંબંધી આંહી રહી જાય. ત્યાં તો પુન્ય કર્યું હોય તો સહાય કરે.

**યમદંડથી ડરજો ને, પુણ્યની કમાણી કરજો.**

દશમો કૃમિભોજન નામનો કુંડ છે.

**કેવાં પાપ કરે તો કૃમિ ભોજન કુંડમાં પડે છે ?....**

**જેણે ખાધું નહિ વેચી અન્ન, વળી ન કર્યા પંચ જગન;**
**ન આપ્યું અતિથિને અન્ન કાંઈ, ખાધું એકલા ખૂણે સંતાઈ.**
**એ પાપે નાખે જમ પરાણે, કૃમિ ભોજન નરકની ખાણે.**

ખૂણે બેસી એકલો ખાય, તેના ડોકમાં કંઠમાળ થાય, એકલા એકલા બજારમાં ખાઈ આવે, ઘરે છોકરાં છૈયાં વાટ જુએ. પત્ની કહે, જમી લ્યો ! મને આજે ભૂખ નથી લાગી !! ''ભલા માણસ બજારમાં પેટ ભરીને ભજીયાં ને ઢોકરી ખાઈ આવ્યો છે. પછી શું ધૂળ ખાય !! ઘરમાં જે બનાવ્યું હોય તે બધા ભેળા મળીને સાથે બેસીને જમવાનું હોય. પણ એકલા એકલા જમવું નહિ, ઘરે કોઈ અતિથિ આવે, મહેમાન આવે તો તેનું સ્વાગત અને મીઠો આવકાર આપવો. દુઃખની વાત કરે તો સાંભળજો. ઘણાં માણસો એવા નિર્દય હૃદયના હોય છે કે દુઃખની વાત કોઈ કરે તો સીધા એમ કહી દે. મને તારી વાત નથી સાંભળવી. અતિથિ, અભ્યાગત, સાધુ, સંત, બ્રાહ્મણ કે માતાપિતાનું સ્વાગત કર્યું નહિ, મીઠો આવકારો આપ્યો નહિ તેવા વિવેકહીન, નિર્દય પાપી જીવાત્મા હજાર જોજનવાળા કૃમિ ભોજનના કુંડમાં પડે છે. તે નર્કમાં હજારો ઝીણા કીડા છે. (કૃમિઓ છે) માર મારીને તે કીડા પાપીને ખવડાવે છે. મૂર્ખા ખા આ કીડા.

પાપ કરતો તું પ્રાણી, જમદંડને જૂઠા જાણી; તે તો સાચાં થયાં પુણ્ય પાપ, હવે સુખે ભોગવ્ય તું આપ. રાત દિવસ રોતાં રોતાં કાઢવા પડશે. નિષ્કુળાનંદ સ્વામી હવે સંદશ નામના નરકની વાત કરે છે.

**સંદશનામના નરકમાં કોણ પડે છે ?**

**જેણે આ લોકે વિપ્રના ધન, ચોર્યા સુવર્ણાદિક રતન;**
**વળી વણપડ્યે આપતકાળ, ચોરે હેમ બીજાનું ચંડાળ.**

જેણે બ્રાહ્મણના ધનની ચોરી કરી હોય, સોનું ચોર્યું હોય તે સંદશ નામના નર્કમાં પડે છે.

**જેનું તેનું લેવું ઝડીઝોટી, ખરો તસ્કર નજર ખોટી;**
**પાપી પોતાના સુખને કાજ, કરે દગા બહુ દગાબાજ.**

**તેને નાખે છે સંદશ નરકે, જેના દંડ દુઃખે પ્રાણી થરકે.**

ઝડીઝોટીને જેનું તેનું દગો કરીને વસ્તુ ચોરી લે છે. સોનાની ચોરી કરે છે. તેને તપાવેલી લોઢાની સાણસીથી છાતીમાંથી ચામડીને ખેંચી ખેંચીને તોડે છે. શરીરમાં જેટલી રગ છે (નસો છે) તે તાણી તાણીને કાઢે છે. જેમ સોનાના તારને ખેંચતો હતો તેમ જમદૂત તે પાપીની નસને ખેંચે છે. ચોરી કરે છે તેને આવાં દુઃખ ભોગવવાં પડે છે. ધ્યાન દેજો.

## પડી વસ્તુ કોઈની લેવાય નહિ, તો ચોરી કેમ કરાય !!

લોયા ગામના પૂંજા ભકત જાતના કોળી હતા પણ આચાર વિચારમાં બ્રાહ્મણ જેવા હતા. સ્થિતિ બહુ ગરીબ હતી. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યરૂપી સંપત્તિથી શ્રીમંતના પણ શ્રીમંત છે. પણ આ લોકની સંપત્તિ નથી. એક વખત દુષ્કાળ પડ્યો. વરસાદ થયો નહિ તેથી વ્યવહારમાં ખેંચ પડે છે. હવે શું કરવું ? માથા ઉપર પોટલાં ઉપાડી બીજે ગામ જાય છે ત્યાં એવું બન્યું કે એક શેઠીયાના છોકરાની જાન જતી હતી. પરણવા જાય છે. વરરાજાના પગનું સોનાનું સાંકળુ રસ્તામાં પડી ગયું હતું. રસ્તે પુંજાભગત અને એમનાં પત્ની ચાલ્યાં જાય છે. પૂંજા ભગતે સોનાનું સાંકળુ જોયું. પણ ઉપાડ્યું નહિ.

આપણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. પારકી વસ્તુ લેવાય નહિ. પાપ લાગે. મારું મન મક્કમ છે ! પણ મારી પત્ની સાંકળું ઉપાડી લેશે તો. તેથી સાંકળા ઉપર પગે કરીને ધૂળ વાળી દીધી. આગળ જતાં બે દંપતી વૃક્ષને છાંયે વિશ્રાંતિ લીધી. પત્નીએ પૂછ્યું ''પતિદેવ, તમે સોનાના સાંકળા ઉપર ધૂળ શા માટે વાળી ?'' પુંજાભગત બોલ્યા, મને એમ કે ગરીબાઈને લીધે તારું મન ચલાયમાન થશે ને સાંકળું લઈ લેશે તો પાપ લાગશે. શ્રીજી મહારાજની આજ્ઞા લોપાશે. તેથી ધૂળ વાળી લીધી.

પત્નીએ સરસ જવાબ આપ્યો, પતિદેવ ! હું સત્સંગી થઈ છું ત્યારથી એવો દ્રઢ નિશ્ચય કર્યો છે કે પ્રાણ જાય તો ભલે જાય પરંતુ ભગવાનની આજ્ઞા ન લોપાય, પારકી વસ્તુ હાથમાં લેવાય જ નહિ.

## હું પારકી વસ્તુને ધૂળજ દેખું છું.

**પરધન પથ્થર જાણીયે, પરસ્ત્રી માત સમાન;**
**ઈતને સે હરિ ના મીલે, તો તુલસીદાસ જમાન.**

તુલસીદાસજી કહે છે, પરધનને પથ્થર સમાન જાણે. પરસ્ત્રીને માત સમાન માને. તો અવશ્ય તેનું કલ્યાણ થશે. થશે ને થશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. પુંજા ભગતનાં પત્ની કહે છે, ''હું પારકી વસ્તુને ધૂળ જ દેખું છું. તો ધૂળ ઉપર ધૂળ વાળવાનો કોઈ અર્થ રહેતો નથી.'' વિચાર કરો. માણસ જાતથી શ્રેષ્ઠ નથી પણ શુભ સંસ્કારથી શ્રેષ્ઠ છે. પ્રેમાનંદ સ્વામી ગાય છે.

**બાઈઓ દેખીને ભાઈઓ છેટેરા ચાલે**
**પડી વસ્તુ કોઈની હાથે ન ઝાલે રાજ....**
**અક્ષરના વાસી વહાલો આવ્યા અવની પર....**

પછી વરરાજાને ખબર પડી કે મારું સોનાનું સાંકળું ઉતરી ગયું છે. બે ઘોડેસવારોને મોકલ્યા. જાવ તપાસ કરો. રસ્તે ચાલ્યા આવતા પુંજા ભગત સામે મળ્યા ''પૂછ્યું ! તમે સોનાનું સાંકળું રસ્તામાં જોયું'' હા... હા... બે ખેતરવાર જાશો. ત્યાં અડધું પડધું ધૂળથી ઢંકાયેલું સાંકળું દેખાશે. ત્યાં ઘોડા દોડાવતા ગયા. તો સાંકળું મળી ગયું. ઘોડેસ્વારો રાજી થયા કે કેવા ઈમાનદાર ને ખાનદાની માણસો છે !! સાંકળું દીઠું છતાંય લીધું નહિ. પુંજા ભગતને પૂછ્યું. તમે કોણ છો ? કયાંથી આવો છો ? ને કોના આશ્રિત છો ? અમે જાતના કોળી છીએ. ગરીબાઈને લીધે બીજે ગામ બે પૈસા કમાવા માટે જઈએ છીએ. અમે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ.

પછી શ્રીજી મહારાજના ઐશ્વર્ય, મહિમાની, સત્સંગીના નિયમ ધર્મની વાત સંભળાવી. આવું સાંભળી ઘોડેસવારોને ગુણ આવ્યો. જાનૈયાને વરરાજાને બધાને ગુણ ભાવ આવ્યો તેથી તેઓ પણ સત્સંગી થઈ ગયા.

સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય.

સ્વામી વારંવાર કહે છે. ભલા માણસો આ વાતને ખોટી માનશો નહિ, સર્વે ઋષિ મુનિનો એ મત, તે તો કેદિ ન થાય અસત. મોટા મોટા ગયા એમ કથી, ખરાખરી છે ખોટી એ નથી. સ્વામી કહે છે, હું એક જ આ વાત નથી કરતો. બધા ઋષિઓ આવીજ વાત કરે છે. ખોટી નહિ થાય. અગ્યાર નર્કના દુઃખ ભોગવી લીધા પછી પાપી તપ્તસૂર્મી નામના નર્કમાં પડ્યો.

**કેવાં પાપ કરે તો તપ્તસૂર્મી નર્કમાં જાય ...**
**જે પાપે એ નરકમાં પડે, કર્યાં કર્મ તે કેમ ન નડે;**

**કામ વશ થઈને કુકર્મી, કરે અનર્થ નર અધર્મી.**

આ લોકે અગમ્ય એવી દાર, પાપી તે શું કરે વ્યભિચાર; અથવા અગમ્ય એવો પુરુષ, કરે નારી સંગ કામવશ. તેહ પુરુષને તેહ નાર, પામે નરકમાં દુઃખ અપાર. નિષ્કુળાનંદ સ્વામીનો એક જ ધ્યેય છે.

**પાપથી અટકી જાવ, અને સત્સંગને માર્ગે ચડી જાવ.**

લોઢાની પૂતળીને તપાવીને એક વાર બાથ ભરાવી હોય તેને હજાર વાર બાથ ભરાવે છે. વ્યભિચારીને આવી ભયંકર સજા થાય છે. વ્યભિચારી જન્મોજન્મ આંધળો થાય છે. વિકારભાવથી પરસ્ત્રી સામે ખરાબ દૃષ્ટિ કરી હોય તે પણ જન્મો જન્મ આંધળો થાય છે. પહેલું પાપ આંખ દ્વારાએ અંદર આવે છે. આંખને પવિત્ર રાખો, આંખથી ખોટાં કર્મ કરે છે તેને બીજે જન્મે ભગવાન આંખ આપતા નથી. આંખ્ય વિના દુઃખી આંધળો, નીર વિના જેમ મીન; પાણી વિના માછલું તરફડે તેમ આંખ્યું વિના આંધળો તરફડે છે.

**વળી જે જન ચિંતવે નારી, વિષય સુખે ન મેલે વિસારી;**
**તે નર ક્ષયરોગમાં ખવાય, એવું ચિંતવ્યાનું ફળ થાય.**

પારકી નારીને જોઈ ખોટા વિચાર કરે તેને જન્મોજન્મ ક્ષયરોગ થાય છે. પારકા પુરુષને જોઈ સ્ત્રી ખોટા વિચાર કરે તો તેને પણ ક્ષયરોગ થાય છે. જેને આપણે ટી.બી. કહીએ છીએ. પારકી નારીનો વિકાર, કામવશ થઈને સ્પર્શ કરે છે તો તે જન્મોજન્મ કોઢિયો થાય છે. સ્ત્રી હોય અને પારકા પુરુષનો કામભાવે સ્પર્શ કરે છે, તો જન્મોજન્મ કોઢથી પીડાય છે.

**ભેળાં લીધાં છે પૂરણભાતાં, તે તો ખૂટશે નહિ ખાતાં ખાતાં;**
**કરી આવ્યો છે પુરી કમાણી, જમપુરીનું દુઃખ જૂઠું જાણી.**

કેવળ પાપનું ભાતું ભેગું લઈ આવ્યો છે. પુણ્ય તો કાંઈ કર્યું નથી. કહે નિષ્કુળાનંદ એ કથી, સત્ય માનજો આ વાત જૂઠી નથી.

**પૂર્વછાયો :- વજ્રકંટક શાલ્મલી, નામે નરક નિદાન;**
**જેહ પાપે પાપી પડે, કહું સૌ સુણો દઈ કાન.**

**કેવાં પાપ કરે તો વજ્રકંટક નામના નર્કમાં પડે !!**

પરસ્ત્રી સાથે અને પશુ સાથે કામાતુર થઈને વિષયસુખ ભોગવ્યું હોય તે

વજ્રકંટક નામના નર્કમાં પડે છે. જમદૂત કહે છે. મૂરખ.. તારી જાતની નારી સાથે તેં ખોટા કામ કર્યા, પણ પશુ જાતને વટલાવી. જમદૂત તેને ખૂબ માર મારે છે. વજ્રકંટક નર્કમાં શાલ્મલીના ઝાડ છે. તેમાં ભાલા જેવા કાંટા છે, પાપી જીવાત્માને ઝાડ ઉપર ફેંકીને પછી જોરથી ખેંચે છે. રોડાતો છોલાતો નીચે આવે છે. પાછો ઝાડ ઉપર ઘા કરે. વારંવાર આવી આકરી સજા તે પાપીને થાય છે. બોરડીના ઝાડ ઉપર આપણને ઘા કરે પછી ખેંચે તો કેવું દુઃખ થાય, લોહીની ધાર છૂટે, દુઃખાવાનો કોઈ પાર ન હોય. આ તો ભાલા જેવા કાંટા છે. ભાલાના ઘા ન ખાવા હોય તો ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તો અને ધર્મ સહિત ભક્તિ કરો.

ચોપાઈ :- આ લોકે નૃપ નૃપના જન રે, સતકુળમાં થયા ઉત્પન્ન રે;

**પણ ધર્મ મર્યાદાને ભાંગીરે, વર્તે અધર્મે નર અભાગી રે.**

## કેવાં પાપ કરે તે વૈતરણી નદીમાં પડે છે.

આ લોકમાં રાજા અથવા સારા કુળમાં જન્મેલા માનવીઓ ધર્મ મર્યાદાને ભાંગે છે. તે અભાગી જીવ વૈતરણી નદીમાં પડે છે. તે નદી મળ, મૂત્ર ને પંચ કેશ, નખ, મેદ અને અસ્થિથી ભરેલી છે. તે પાપીને નરકમાં જીવ, જંતુ તોડીને ખાય છે. રાજા રાજાના પદાતિરે, પામે પાપે દુઃખ દિન રાત્રિરે; જેણે જેવાં કર્યાં હોય પાપ, તેવા પ્રાણી પામે સંતાપ. મરાતો કુટાતો આવ્યો છે.

## પુયોદ નામના નર્કમાં કોણ પડે ?

શૌચાચાર જેણે છોડી દીધા હોય, એટલે બાહ્ય પવિત્રતા અને આભ્યંતર પવિત્રતા છોડી દીધી હોય, તે પુયોદ નર્કમાં પડે છે. મનની શુધ્ધિ, શરીરની શુધ્ધિ, વિચારોની શુધ્ધિ અને ધનની શુધ્ધિ જેની રહી નથી તે પુયોદ નર્કમાં જાય છે. વેશ્યા નારીનો જે ધણી થાય તે પુયોદ નર્કમાં જાય, વેશ્યા પૈસા કમાવા માટે અંગ વેંચીને બેઠી હોય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે તમે સાવધાન રહેજો.

**નારી દેખીને વિકળ થાશો તો જમપુરીમાં જાશો.**

**પુરુષને દેખીને નારી વિકળ થાશે તો તે પણ જમપુરીમાં જાશે.**

સજ્જનનું ભૂષણ બહુ બકવાદ ન કરવો તે.

જ્ઞાનનું ભૂષણ શાંતિ છે, સત્સંગીનું ભૂષણ વિનય છે,

ધનનું ભૂષણ પાત્રદાન છે, તપનું ભૂષણ અક્રોધ છે,

ધર્મનું ભૂષણ　　નિષ્કપટપણું રાખવું તે છે.
પણ બ્રહ્મચર્ય છે તે ભૂષણનું પણ ભૂષણોત્તમ છે.

બ્રહ્મચર્ય સત્સંગ નાવનું ખરું સુકાન છે. માટે દરેક નાના, મોટા, ગૃહસ્થ સ્ત્રી, પુરુષ, બાલ, બાલિકાઓ સાધક અને સાધુએ પોતપોતાના નિયમ પ્રમાણે બ્રહ્મચર્યનું પાલન કરવું. વૈરાગ્યવાનથી ઈંદ્રિયો જીતાય છે, તે કરતાં નિયમવાળાથી વિશેષ કરીને જીતાય છે. ઈંદ્રિયોને સંયમમાં રાખીએ તો મોક્ષ મળે અને છૂટી મૂકીએ તો નરકમાં પડે.　નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**તિયાં રંગીલાપણું નહિ રહે રે, સત્ય ધર્મવાળા સહુ કહે રે;**
**મરડ ઠરડ મટાડશે મારી રે, કરજો કર્મ વિચારી નરનારીરે.**

તારું રંગીલાપણું ત્યાં નહિ રહે, જમદૂતો તારો વટ બધો ઉતારી દેશે. કરડાઈ ને મરડાઈ બધી ઉડી જાશે, માટે વિચારીને કર્મ કરજો. હવે પ્રાણરોધ નામના નર્કની વાત સ્વામી કરે છે. બ્રાહ્મણ થઈને મૃગલા આદિક પશુને મારી હિંસા કરે છે તે પ્રાણરોધ નર્કમાં પડે છે. પાડે કાળી રાડ્ય તે કુકર્મી, જે કાંઈ પાપ કર્યાતાં અધર્મી.

અઢારમા નર્કના કુંડનું નામ છે લાલાભક્ષ, કેવાં પાપ કરે તે લાલા નર્કમાં કષ્ટ ભોગવે છે !! પોતાના વર્ણની નારી સાથે વ્યભિચાર કરે તે અપાર દુઃખ ભોગવે છે. ત્યાં મોટી નદી વીર્યથી ભરેલી છે, માથામાં ધોકા મારીને પાપીને વીર્ય પાય છે, વીર્ય પાય ત્યારે શું થાય ?

**આવે ઉબકા અતિ ઓકારી, તોય પીવરાવી મારી મારી;**
**દિયે દંડ એમ દિન રાત, પામે પીડા પ્રાણી બહુ ભાત.**

શરબતનું પાણી નથી, આતો વીર્ય છે, નથી ભાવતું ત્યારે મારી મારીને પરાણે પાય છે. જરાય છૂટો મૂકતા નથી (કેદીની જેમ) કામી સત્સંગમાં છે તો પણ અર્ધો વિમુખ છે. શ્રીજી મહારાજને નિષ્કામપણું બહુ વહાલું છે.

એક વખત લોયા ગામના સુરાખાચર કોઈ કામ પ્રસંગ હશે તેથી જસદણમાં વાજસુરખાચરને ઘરે આવ્યા. ત્યાંના રાજાએ સુરાખાચરને એક ઓરડીમાં ઉતારો આપ્યો. વાજસુરખાચરને સુરાખાચરની પરીક્ષા લેવાની ઈચ્છા થઈ. સ્વામિનારાયણ ભગવાનના ભક્ત છે. તે સ્ત્રીમાં લોભાય છે કે નહિ ? તેનું પારખું લઈએ.

એક નિર્લજ સ્ત્રીને કહ્યું, ‘‘હું તને મન માગ્યા પૈસા આપીશ. તું સુરાખાચરને

ધર્મથી ભ્રષ્ટ કરવા જા.'' રાત્રિના બાર વાગે નિર્લજ સ્ત્રી સુરાખાચરના ઉતારે આવી. દરવાજાની સાંકળ ખખડાવી. દરબાર દરવાજો ખોલો. સુરાખાચર બોલ્યા, ''કોણ છો ?'' સ્ત્રીએ કહ્યું,મારો દીકરો બહુ બીમાર છે અને રૂમમાં દવા છે તે લેવા આવી છું. જલ્દી દરવાજો ખોલો !! સુરાખાચરે જલ્દીથી દરવાજો ખોલ્યો તો તે સ્ત્રી લટકા કરતા હાવભાવ કરતી કટાક્ષ નેત્રથી જુવે છે. સુરાખાચરને મોહ પમાડવા ખૂબ દાખડો કર્યા પણ સુરાખાચરે તે સ્ત્રી સામે નજર પણ કરી નહિ.

ગમે તેમ કરીને આજે સુરાખાચરને ધર્મભ્રષ્ટ કરવા જ છે. વસ્ત્ર બધાં ઉતારી નગ્ન ઊભી. જ્યાં સુરાખાચરનો હાથ પકડવા જાય. ત્યાં સુરાખાચર સાવધાન થઈ ગયા. તરત તે સ્ત્રીનો ચોટલો પકડી લીધો. તરવાર ઉગામી કહ્યું, આવું પાપનું કામ તને કોણે શીખવ્યું છે ? સાચું બોલ ! નહિંતર તરવારથી મારી નાખીશ. ધ્રૂજતાં ધ્રૂજતાં બોલી. મને આ ગામના દરબારે મોકલી છે, તેથી આવી છું. મને જીવતી જવા દો. ફરીથી આવું કામ બીજી વાર નહિ કરું. સ્ત્રીને છોડી દીધી પછી ત્યાંથી સુરાખાચર ગઢપુર આવ્યા. શ્રીજી મહારાજ ગઢપુરમાં લીલુડા લીંબડા નીચે સંતો ભક્તો મધ્યે વિરાજમાન થયેલા છે. વાત કરી અમારા એક ઉત્તમ ભક્ત અમને મળવા માટે આવે છે.

## એકાંતમાં સ્ત્રીનો જોગ થયો છતાં પણ સ્ત્રીમાં લોભાણા નહિ

ત્યારે હરિભક્તો વિચાર કરે છે કે એવા ઉત્તમ ભક્ત કોણ હશે ? ત્યાં ઘોડીથી ઉતરીને સુરાખાચર શ્રીજી મહારાજનાં દર્શન કરવા આવ્યા અને દંડવત કરી પગે લાગીને બેઠા. શ્રીજી મહારાજ પોતાનો હસ્તકમળ સુરાખાચરના માથા ઉપર મૂકીને રાજીપો વ્યકત કરતાં બોલ્યા, ''ધન્ય છે ધન્ય છે, સુરાખાચરની સમજણને. એકાંતમાં સ્ત્રીનો જોગ થયો છતાં પણ સ્ત્રીમાં લલચાણા નહિ.''

**આવા ખરેખરા ભક્ત થવાની જરૂર છે.**

ઓગણીસ નંબરના કુંડનું નામ છે સારમેયાદન

**વળી આપ પાપે પાપી જનરે, પડે છે તે સારમેયાદન રે;**
**સારમેયાદનનું જે દુઃખ રે, તે તો કહ્યું જાય નહિ મુખરે.**
**જેહ પાપે પડે એહ માંઈ રે, તેહ સાંભળજો કહું ભાઈ રે;**
**કરે ચોરી મૂકે વાળી આગ્ય રે, બાળે ગામપુર વન જાગ્ય રે.**

## કેવાં પાપ કરે તે સારમેયાદન નર્કમાં પડે છે.

પોતે આત્મઘાત કરી બળીને મરી જાય, ચોરી કરે, કાઈનાં ઘર બાળે, ગામ બાળી નાખે, વન બાળે, વેર ભાવથી કોઈ માણસને બાળી નાખે. એવાં પાપ કરનાર પાપી સારમેયાદન નર્કમાં જાય છે. રંક હોય કે રાજા હોય સર્વેને માટે એકજ ન્યાય છે. આ નરકમાં હડકયાં સાતસો વીસ કૂતરાં છે. તે કેવાં છે વજ્ર સરીખી છે તેની દાઢી, તોડે તન પાડે તેણે રાડ્યો, ભાલા જેવા દાઢવાળા કૂતરા પાપી જીવને પકડવા દોડે છે. બરાબર જેવો ઘેરીને બચકા ભરાવીને તોડી તોડીને તેના શરીરને ખાય છે. ડગરાં કાઢે છે.

એક કૂતરું આપણી પાછળ દોડે તો આપણે ફફડી જઈએ. ભલા થઈને ભૂંડાઈ કરતા નહિ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**આજથી પ્રતિજ્ઞા લ્યો, ઊંધાં કર્મ અમે નહિ કરીએ.**

ભગવાનના વચનમાં રહેવામાં માલ છે. જીવાત્મા પુરુષોત્તમ નારાયણની સાથે પરણવા માટે આ લોકમાં આવ્યો છે. બરાબર સત્સંગરૂપી અમૂલ્ય લાભ મળ્યો છે. પરણવાનો અવસર મળ્યો છે, શિરોમણિ સત્સંગ મળ્યો છે છતાં ભગવાન સાથે સંબંધ નથી રાખતો, પ્રભુની આજ્ઞાનું પાલન નથી કરતો તે સાચી હકીકતમાં મરેલો છે. પરણવા જતાં કુસંગ લાગી ગયો, સાચી વાતના કહેનારા તે તે એને લાગ્યા નહિ સારા, વખાણ કરે તો સૌને મઝા આવે પણ જો ટકોર થાય તો મઝા ઊડી જાય, અસુરી જીવાત્માને હિતની વાત પણ ગમતી નથી.

**વળી પાપનો કરી તપાસ રે, નાખે અવિચી નરકમાં તાસ રે;**
**અવિચી દુઃખ છે અલેખે રે, તે તો ભોગવશે રાઈ રેખે રે.**

## કેવા પાપ કરે તે અવિચી નામના નર્કમાં પડે છે !..

જે જુઠી સાખ્ય ભરે. પોતાના સ્વાર્થ સાધવા ખોટું બોલી મનગમતાં નાણાં લઈ લે, લાંચ લઈ જલસા કરે તે નરકમાં પડે. કોઈની ખોટી સાખ્ય ભરવી નહિ, ખોટો પક્ષ રાખવો નહિ, એ નરકમાં હજાર જોજન ઊંચો પર્વત છે. ઊંચા પગ નીચું શીશ, એમ નાખે કિંકર કરી રીસ; જમદૂતો પગ ઝાલીને પર્વત ઉપરથી જોરથી ફેંકે છે. નીચે પડતાં તલ તલ જેવા કટકા થઈ જાય તોય પાપી મરતો નથી. જમદૂત હાથ ફેરવે એટલે હોય તેવો થઈ જાય. અસત્યના બોલનાર પામે દુઃખ અપરમપાર.

## એકવીસમું નર્ક આવ્યું તેનું નામ છે અયઃપાન.
## કેવા પાપ કરે તે અયપાન નામના નરકમાં પડે છે !!

સોમવલિ એટલે દારૂ. દારૂનું પાન કરે તે અયપાન નરકમાં પડે. એક ઘૂંટડો દારૂ પીવે તો દશ હજાર વરસ સુધી નરક્માં સજા ભોગવે છે. તો સીસાને સીસા દારૂના પીતા હશે તેની કેવી દશા થતી હશે વિચારજો. દારૂ મિશ્રિત દવા પણ ખાવી નહિ, દારૂ પીનાર કોઈ કાળે નરકથી મુકત થતો નથી, તેને કેવી સજા જમદૂત કરે છે, સાંભળો !!

**તેની જમદૂત છાતી દબાવી રે, પાય લોહ રસ તેને લાવી રે;**
**તેહ દુઃખે કરે હાય હાય રે, ભૂખ પ્યાસે કરી પ્રાણ જાય રે.**

જેટલો દારૂ પીધો હોય તેટલો લોઢાનો રસ સખત ગરમ કરીને છાતી દબાવી મોઢામાં રેડે છે. ત્યારે બરાડા પાડે. આ દુઃખ ખમાતું નથી. કોઈ બચાવો. કોઈ બચાવો પગ પછાડે છે. અજાણતાં સહેજ ગરમ દૂધ પીવાઈ જાય તો જીભ બળી ઊઠે. લોઢાનો ગરમા ગરમ રસ કેમ પીવાશે ? વિચારજો દારૂ પીતા હોય તેણે સાવધાન થવાની જરૂર છે.

## ખોટા ધંધા કરો છો, માણસ છો કે રાક્ષસ છો ?
## કેવાં પાપ કરે તે ક્ષારકદર્મ નામના નર્કમાં પડે ?

જાતિનું અભિમાન હોય, તપનું અભિમાન, મારા જેવો કોઈ તપસ્વી નહિ. વિદ્યાનું અભિમાન મારા જેવો કોઈ ભણેલ ને હોશિયાર નહિ, હું ચતુર ને હોશિયાર છું. ધનનું અભિમાન, હું પૈસાદાર !! મને કોઈની પરવા નથી, પાણીની જેમ પૈસા વાપરું છું તોય ખૂટતા નથી. રૂપનું અભિમાન, સત્તાનું અભિમાન, હું આગેવાન છું, મને કોઈ કહેનાર નથી ફાવે તેમ કરીને અનેકને વિના અપરાધે હેરાન કરે. નિર્દોષ ગરીબને કલ્પાવે-રડાવે-વાણીનો ઠા ન હોય તેવા અહંકારી માણસ ક્ષારકદર્મ નરકમાં પડે છે. સહુથી જાણે પોતાનો સરસ, બીજાને તો જાણે છે નરસ; હું શ્રેષ્ઠ છું, હું મોટો અગ્રણીય છું. આગેવાન છું, મને પૂછીને બધા કામ કરે, મારો વટ ને વર્ચસ્વ પડે, આવા અભિમાનમાં ફુલાતો ફરે તે ક્ષારકદર્મ નામના નરકમાં પડે.

આપણા પાસે જે છે તે બધું ભગવાનનું જ આપેલું છે. છતાં ખોટું અભિમાન કરીએ છીએ. એક ભિખારી હતો. એનાં લગ્ન કરવાનાં હતાં તેથી પડોશી પાસેથી

સોનાના સરસ દાગીના અને સારાં કિંમતી વસ્ત્રો લઈ આવ્યો. તે પહેરીને વટથી પરણવા ગયો. મનમાં ઠાલો ઠાલો ફુલાય કે મેં કેવા શેઠીયા જેવા દાગીના પહેર્યા છે. રહેવા દે, ખોટી મૂર્ખાઈ ન કર, તારી પાસે જે કિંમતી વસ્તુ છે તે તારી નથી પાડોશીની છે.

તેમ આપણે પણ નાહકના ફુલાયા કરીએ છીએ. હું કેવો મોટો પણ એ મોટાઈ તારી નથી. એ પાડોશીરૂપ પરમાત્મા પાસેથી ઉધારી લીધેલી છે એની મરજી થશે ત્યારે લઈ લેશે.

## અભિમાન સદ્‌ગુણોનું ભક્ષણ કરી જાય છે.

ખોટું અભિમાન રાખી બીજાને પીડા કરે છે. સાચા સંત સાથે વેર રાખે છે, ખોટામાં હેત કરે એહ પાપે પડે નરકમાંય, ન મળે ઉપાય એનો હવે કાંય સમજુ માણસ સત્ય વાતનો તરત સ્વીકાર કરશે, અણસમજુને ઊંધું લાગશે.

**વાત હેતની છે રાખો હૈયે રે, વારે વારે કેટલુંક કહિયે રે;**
**કહે નિષ્કુળાનંદ કેટલું રે, આવું સુણી ચેતો તો છે ભલું રે.**

ચેતવા જેવી કથા છે, સવારે ઊઠીને નાહી ધોઈને જમી લેવું તે શું માનવજીવન છે !! પૂજા, પાઠ, દેવ-દર્શન, કથા, કીર્તન કાંઈ ન કરે ને કેવળ પેટ ભરવા માટે જ જીવે છે. એવી રીતે કૂતરાં આદિક પશુ પક્ષી પણ પોતાનું પેટ ભરે છે. એ કોઈ મહત્ત્વકી બાત નહિ હૈ, મહત્ત્વકી બાત તો યહી હૈ જો પરમેશ્વર પરમાત્મા કી આજ્ઞા કે અનુસાર જિંદગી ચલાવે કે. ભજન ભક્તિ કરે, ચિડિયા ભી અપને બચ્ચોંકો દાના ખિલાતી હૈ ઉસસે કયા ? કેવળ રોટલા માટેનું ભણતર હોય તો શું કામનું. ભણતર ભગવાનને અર્થે કામમાં આવવું જોઈએ. **પૂર્વછાયો :-**

**વળી અભાગી જીવને, સૂઝે જ અવળાં કામ;**
**અધ મગમાં ચાલતાં, ક્યાંથી સુખને વિશ્રામ.**
**ડોડાં ભૂંડા ખાધાં ખરાં, ધાંખે કરી ધતુરાતણાં;**
**ચડ્યો કેફ તેનો ચિત્તને, કહો કાંઈ રહે મણા ?.**

અભાગી જીવને સવળું સૂઝતું નથી. સુખ જોઈએ છીએ ને સુખનું સાધન કરવું નથી. કેમ મેળ પડે. વિશ્વાસઘાત કરી પશુને કે માણસને મારે છે. છેતરીને બીજા દ્વારા મરાવે છે તે રક્ષોગણ ભોજન નામના નરકમાં જાય છે ત્યાંથી પાપી જીવાત્મા

દંદશૂક નામના નરકમાં જાય છે.

### કેવાં પાપ કરે તો દંદશૂક નરકમાં પડે છે.

**વળી આ લોકે નર જે તીખા રે, સ્વભાવ છે સર્પના સરિખા રે;**
**જેને તેને દિયે બહુ દુઃખ રે, જેથી ન હોય કોઈને સુખ રે.**

જેને સર્પ જેવો તીખો ઝેરીલો સ્વભાવ હોય, જેને તેને જેમ ફાવે તેમ હેરાન કરી કાળજાં બાળતો હોય, બીજાને રડાવીને રાજી થતો હોય, પોતાની ફરજને ચૂકી જતો હોય એવો દયાહીન માણસ દંદશૂક નરકમાં પડે છે.

માણસની મધુર મીઠી વાણી એ જ ખરું ભૂષણ છે. વાણી ઉપરથી માણસની પરીક્ષા થાય છે. જીભમાં લક્ષ્મી છે અને જીભમાં ઝેર છે. મિત્ર અને શત્રુ જીભથીજ થાય છે. બંધન અને મરણ પણ જીભમાં જ રહ્યું છે. શબ્દ દેખાવામાં પકડાતો નથી પણ તેના ઘા તીક્ષ્ણ તલવારના ઘા કરતાં પણ વધારે આકરા લાગે છે. શસ્ત્રના ઘા પાટા પીંડી કરવાથી રૂઝાય છે પણ શબ્દના ઘા જલદી રૂઝાતા નથી. નિત્ય તાજા ને તાજા રહે છે. અતિ ક્રોધી માણસ દંદશૂક નર્કમાં પડે છે ત્યાં ક્રોધે ભરેલા સર્પ તેને ડંસ દે છે પાપી જીવાત્મા રીબાતો કલ્પાંત કરતો અવટરોધ નામના નરકમાં પડ્યો.

### કેવાં પાપ કરે તો અવટરોધ નરકમાં પડે છે.

અંધારી ગુફામાં, કોઠલામાં, ખાડામાં, ઘરમાં જીવ જંતુ હોય તેને અગ્નિ મૂકી બાળી નાખે અથવા ઝેરી દવા નાખી નિર્દોષ જંતુને મારી નાખે, પાપથી જરાય ડરતો નથી તે અવટરોધ નર્કમાં પડે છે.

નથી ડરતો નર અભાગી, દુઃખ લિયે છે મુખથી માગી, પોતાને હાથે દુઃખ ઊભું કરે છે.

**આવે આંગણે અતિથિ રાજ રે, અભ્યાગત અન્ન જળ કાજે રે;**
**તેશું ક્રોધ કરી તતકાળ રે, કરે કરડી દૃષ્ટિ કરાળ રે.**

આંગણે અતિથિ માગવા આવ્યો હોય તેના ઉપર ક્રોધ કરીને તગેડી મૂકે. કમાવાના કૂડા. ભીખ માંગતાં લજાતો નથી. આહીં શું તારો બાપ મૂકી ગયો છે ? કાંઈ નહિ મળે. નીકળી જા, ફાવે તેવું બોલીને ગરીબને સતાવે તે અવટરોધ નરકમાં પડે.

એક ગામમાં સારા હરિભકત દરજી રહેતા હતા. સ્વભાવ પ્રકૃતિ અતિ ગરમ હતી. તામસી સ્વભાવને કારણે પોતે દુઃખી થાય અને બીજાને પણ દુઃખી કરે,

ઘરનાં માણસો ફફડતાંજ હોય. એક વખત તેના દીકરાનાં લગ્ન થવાનાં હતાં તેની પત્નીએ ડરતાં ડરતાં કહ્યું, ''પુત્રવધુને સોનાના દાગીનાં દેવાં પડશે ! તો આપણે શું કરશું'' આવું સાંભળી તરત તે ભાઈનું મગજ ગરમ થઈ ગયું. બાજુમાં કાતર પડી હતી તે જોરથી પત્ની સામે ઘા કરી. પત્નીના કપાળમાં લોહીની ધાર થઈ લાખો રૂપિયાનો આસામી હતો પણ લોભિયા સ્વભાવને લીધે અનર્થ થયો.

પછી પાટા પીંડી કરી દવા લગાવી. દીકરાનાં લગ્ન કર્યાં પણ પત્નીની મગજ શકિત ઓછી થઈ ગઈ. તેથી ગાંડા માફક કરે. જમાતું નથી. બહુ રિબાય છે. એમના માવિત્ર પોતાની દીકરીને ઘરે તેડી ગયા. થોડા દિવસ પછી દરજી પોતાની પત્નીને તેડવા ગયો. ચાલ આપણા ઘરે. પત્નીએ રડતાં રડતાં કહ્યું, ''હવે હું તમારે ઘરે નહિ આવું. રિબાઈ રિબાઈને અહીં મારા પિયરમાં પ્રાણ છોડી દઈશ પણ તમારે ઘરે નહિ આવું.'' છ મહિના પછી તે બાઈનું મૃત્યુ થઈ ગયું.

દરજીને પસ્તાવાનો પાર નથી, હવે હું શું કરું ! સંત પાસે આવી રડતાં રડતાં બધી વાત કરી. સ્વામીજી મને પ્રાયશ્ચિત આપો ! ત્યારે સંતે કહ્યું, ''એનું પ્રાયશ્ચિત અમે ન આપીએ. એ પાપની સજા તો યમરાજા યમપુરીમાં આપશે.'' વિચાર કરો ! ક્રોધ કરવાથી કેવું ખરાબ પરિણામ આવે છે.

## જગતમાં કેમ જીવવું, તે બરાબર શીખવું જોઈએને !!

કાંઈ પણ નુકશાન થઈ જાય તો વાતને જતી કરી દેવી, પકડી ન રાખવી. ફરીથી નુકશાન ન જાય. ભૂલ થાય નહિ તેવી કાળજી રાખવી. આ યમદંડશાસ્ત્રનો સારાંશ છે. શાંત સ્વભાવ રાખવો. પસ્તાવો કરતાં દરજી ગાંડો થઈ ગયો અને રિબાઈ રિબાઈને જમપુરીમાં ધકેલાઈ ગયો. (ક્રોધ તો કસાઈ જેવો છે.)

## આંગણે આવેલા અભ્યાગતનો અનાદર કરવો નહિ.

**અન્ન જળ જાય ન આપે, સામું ક્રોધ કરીને સંતાપે;**
**પછી જ્યારે પામે પાપી મૃત્યુ, પડે નરકે નામ પર્યાવ્રત.**

કોઈની પાસે હાથ લંબાવવો એ તો મરવા જેવી ઘટના છે પણ શું કરે ! બિચારાની સ્થિતિ ગરીબ છે તેથી માગવા આવે છે, ભિક્ષુક આપણને બોધ દેવા આવે છે કે આગલા જન્મમાં અમે કોઈને કાંઈ પણ આપ્યું નથી તેથી અમારે માંગવાનો વારો આવ્યો છે ને જો તમે અમારી માફક કોઈને કાંઈ દાન, પુન્ય નહિ કરો તો,

તમારે પણ ઘેર ઘેર માગવાનો ને રખડીને પેટ ભરવાનો વારો આવશે ને હેરાન થાશો, માટે આંગણે આવેલાને આદરથી અન્નજળ આપવું.

દુઃખિયારાના દિલમાં ઘા વાગે એવાં કડવાં વચન શું કામ બોલો છો ? ગરીબને કરડી આંખ કરીને બીવરાવે છે તેને કેવી સજા થાય છે સાંભળો. વજસરીખાં ચાંચવાળાં ગીધ પક્ષી કંક બટ જેવા રીસાળા, ઝાલી બળે મારી ચાંચો પાંખો, કાઢી લીએ છે પાપીની આંખ્યો. ડોળા કાઢી લિયે દિયે માર, તેણે ચાલે છે રૂધિરની ધાર; ગીધ, કાગડા વિગેરે પક્ષીઓ પાપી જીવાત્માની આંખમાં ટોચા ભરાવી આંખ બહાર કાઢી લે છે. લોહીની ધાર થાય. પાપી પોકાર કરે છે મૂકી દો. મૂકી દો. હવે એવાં પાપ નહિ કરું, કોઈને આંખ કાઢી નહિ દબાવું. એમ દંડ દિયે અપાર, સજા ભોગવે છે પાપ કરનાર.

વિચાર કરજો !! આંખમાં જરાક કચરો પડે તો કેવો ખૂંચે. કાગડા ને ગીધ આંખમાં ટોચા ભરાવશે ત્યારે કેવી દશા થતી હશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મરી તો સર્વેને જવું છે પણ મરવાની વાસ્તવિકતા કોઈ સમજતું નથી. જેનો ઘડીનો નિરધાર નથી તેને માટે રાત દિવસ મથે છે અને જ્યાં ગયા પછી ફેરવણી નથી તેવા પ્રભુને પામવા કોઈ દાખડો કરતા નથી, આ જ અજ્ઞાન છે. જીવની અવળાઈનો કોઈ પાર નથી. ભગવાને સુંદર મનુષ્યદેહ આપ્યો છે તેની તે મૂર્ખને કાંઈ કદર નથી.

**સારું સારું નરતન પામી રે, કર્યાં પાપ રાખી નહિ ખામી રે;**
**આવ્યા સમૂહ તેના સામરા રે, જેમ આવે ધન ચડી ઘટારે.**
**વળી આ લોકે કરી અનર્થ રે, બહુ પાપે મેળવ્યું ગર્થ રે;**

ગરીબને દબાવી, કલ્પાવી પૈસા ભેગા કરી બંગલા બનાવે, ગાડીમાં ફરે, રાજી થાય કે હું કેવો હોશિયાર છું. અભિમાન કરે, કેવો મોટો પૈસાદાર છું. મોટરગાડી લઈને ફરું છું ને બંગલામાં જલસા કરું છું. રહેવા દે.. રહેવા દે.. તારો વટ ઉતારનાર ભગવાન હાજર ઊભા છે. આવો અહંકારી જીવાત્મા સૂચિમુખ નામના અઠ્યાવીસમા નરકમાં પડે છે, ત્યાં કેવો દુઃખી થાય છે તે સાંભળો, જમદૂત દરજીની પેઠે એનું તન બહુ કાંટે ચીરી ચામડી સૌ સીવે છે. મુઆ સરખો થઈ જીવે છે.

**પેટની ભૂખ માણસને લાચાર બનાવે છે,**
**પૈસાની ભૂખ માણસને ક્રૂર બનાવે છે...**

દરજી કપડાને સીવે તેમ જમદૂતો પાપી જીવાત્માના દેહને સોઈ દોરા લઈને સીવે છે, એક સીવે ને બીજો સીવેલું ચીરી નાખે ત્યારે પાપી બરાડા પાડે છે.. બચાવો... બચાવો... દુઃખ ખમાતું નથી.. પણ ત્યાં કોણ બચાવે ? નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જેવા પાપ તેવી સજા.. તે વિશે મેં અઠ્યાવીસ નર્કકુંડની બાબત તમને વિસ્તારથી સમજાવી છે. બાકી તો બીજા હજારો નર્કના કુંડ છે.

**પાપી જીવને પીડવા કાજ્રે, ધર્મરાયને રાખ્યા છે મહારાજ રે;**
**જેણે જેવી કરી છે કમાણી રે, તેને ભોગવાવે તેવી જાણી રે.**

પાપીનો સંગ નડે છે, તેણે કરી નરકમાં પડે છે, ખોટી દિશાના દેખાડનાર છે આ જગમાંઈ અપાર, તેના સંગને નથી તજતાં, શુધ્ધ થઈ નથી હરિ ભજતા નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ધ્યાન રાખજો, આ જગમાં ખોટા રસ્તે ચડાવનાર ઘણા છે. કપટી માણસથી દૂર રહેજો, સાચાનો સંગ કરી હરિ ભજન કરજો. ભગવાનને મળવાની અને ભક્તિ કરવાની ભૂખ લાગવી જોઈએ. ભૂખ લાગે તો ત્રણ દિવસનો સૂકો રોટલો પણ ભાવી જાય અને ભૂખ ન લાગી હોય તો મેવા મિષ્ટાનના થાળ ભર્યા હોય તો પણ ભાવે નહિ ભગવાનનો મહિમા સમજાઈ જાય તો જીવનું કામ થઈ જાય.. તો તે દિવ્યગતિને પામી જાય છે.

**કેટલાક નરકથી નીસરે રે, કેટલાક નરકમાં ગરે રે;**
**એમ કૈંક સ્વર્ગથી પડે છે રે, કૈંક સ્વર્ગાદિક લોકે ચડે છે રે.**

સ્વામી કહે છે અનેક જીવાત્માઓ નર્કમાં પડે છે ને નીસરે છે. સ્વર્ગ લોકમાં જાય છે ને સ્વર્ગથી પડે છે. આવી રીતે ચોરાશીમાં ભટકયાં કરે છે. ભગવાનની આજ્ઞા અને ઉપાસના સિવાય ભટકણ ટળવાની નથી. આ લોકનું ધન હોય બંગલાને ગાડી હોય, નોકર ચાકર બધુંજ હોય પણ જો એના જીવનમાં ધર્મ અને ભક્તિ નથી તો એ દરિદ્ર છે. સંત, બ્રાહ્મણ પ્રત્યે આદર નથી, માતા-પિતાની સેવા નથી, પૂજાપાઠ નથી, વડીલો પ્રત્યે આદર કે પૂજનીયભાવ નથી તો તે દરિદ્ર છે અને રાંક છે.

**સાચો ધનવાન તો તે છે જેની પાસે બ્રહ્મજ્ઞાન છે.**

યમદૂતના મારથી બચવું હોય તો ભગવાનની આજ્ઞાનું પાલન કરી ભક્તિ કરો. હાલતાં ચાલતાં પ્રભુના નામનો જપ કરવો. ભગવાન યમદૂતના પાસથી છોડાવનારા છે. સાચા સંતનો સંગ કરીને, ભજો ભાવે કરીને હરિને. જો ઈચ્છો એ

ટાળવા દુઃખ, રહો શ્રી હરિને સન્મુખ. સંતનું શરણું લઈને જન્મ સફળ કરી લેજો. નવી સત્સંગની જાગૃતિ થાય એવું કાંઈક કરજો જેથી ભગવાન ભજવાનું જીવમાં બળ આવે, નિષ્કુળાનંદ સ્વામી સંતનો મહિમા ગાય છે.

ગંગાજી પાપીઓના પાપને હરે છે, ચંદ્ર તાપને હરે છે, કલ્પવૃક્ષ દીનતાને હરે છે પરંતુ સંતનો સમાગમ પાપ, તાપ અને દીનતા એ ત્રણેને હરે છે. કામદૂધા ગાય અને કલ્પતરુ જેને આંગણે હોય તેના સર્વે સંકલ્પ સિધ્ધ થાય,પારસમણિ લોઢાનું સોનું કરે. ચિંતામણી તમે જે ચિંતવો તે આપે છતાં પણ સંતની સાથે સરખાવાય નહિ, સંતો એના કરતાં પણ ઘણા મહાન છે. મોક્ષનું દ્વાર સંતો થકી જ ખુલ્લું થાય છે.

**મોરે મોટા મોટા જો વિચારે રે, થયા ભક્ત પ્રભુજીના ભારીરે;**
**રાજસાજસુખ ને સંપત્તિ રે, તજી ભજ્યા પ્રભુ પ્રાણપતિ રે.**
**તે તો એ દુઃખ ટાળવા કાજરે, મેલ્યો સર્વે સુખનો સમાજરે.**

મોટા મોટા ભક્ત થઈ ગયા તે રાજ, સાજ, સુખ, સંપત્તિ તજીને ભગવાન ભજયા છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે તમે પણ ભગવાન ભજવાની તાણ રાખજો. પહેલાં કોઈ પણ ખોટાં કર્મ થઈ ગયાં હોય તો આજથી તે કર્મ છોડીને સત્કર્મ કરી લેજો. સ્વામીના શબ્દો જીવનમાં ઉતારજો અને દાખડા સામે જોજો વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ભગવાનના ભજનના સુખ આગળ ચૌદ લોકના રાજયનું સુખ છે તે નરક તુલ્ય કહ્યું છે. માટે સહુને જોવું તપાસીરે, નથી આગળ ખેલને હાંશી રે; કહે નિષ્કુળાનંદ નિરધાર રે, કરવો સહુને એનો વિચાર રે. આગળ ખેલને હાંશી નથી. આ વાતને વિચારજો, ભગવાનનો રસ્તો પકડી લેશે તો મહા સુખ મળે તેમ છે. ભગવાનના ભક્તને ખટકો રાખવો પણ કયાંય બંધાવું નહિ.

પૂર્વછાયો :- હવે સુણો સહુ શુભ મતિ, કહું કથા સુંદર સાર;

**પ્રગટ પ્રભુ ભજ્યાં વિના, પામે પ્રાણી દુઃખ અપાર.**
**સહે દુઃખ સોળે શહેરના, ભોગવે નરક અગણિત;**
**પછી ચાલે ચોરાશીએ, સુણો સહુ કહું તેની રીત.**

ભગવાનનું શરણું લીધા વિના રાજા, રંક, જોગી, યતિ, સતી, તપસ્વી વિગેરે તમામ જીવ પ્રાણી માત્ર આધિ-વ્યાધિ ને ઉપાધિમાં હેરાન થાય છે. એક એક યોનિમાં એકવીશ લાખ જન્મ ધરવા પડે છે. શુભાશુભ કર્મ અનુસાર, પામે જીવ બહુ

અવતાર; અંડજ ખાણ્યના જે અવતાર, તેનો કહેતાં તે ન આવે પાર. સુખ થોડું ને દુઃખ અત્યંત, એવાં ધરવાં તન અનંત. દેવાનંદ સ્વામી ચેતવણી આપતાં કીર્તન ગાય છે.

**લાખ ચોરાશી ચાર ખાણમાં, જન્મ ઘણેરા લીધાજી;**
**માત પિતા ને ભાઈ દીકરા, સગા સંબંધી કીધાજી.**
**તે તો તારે અંત વખતમાં, કોઈ કામ ન આવ્યુંજી;**
**કોડી બદલે ગાફલ પ્રાણી, રામ રતન ગુમાવ્યુંજી.**

આપણે ચોરાશી લાખ ખાણમાં અનંત અવતાર લઈ આવ્યા છીએ. મચ્છ, કચ્છ, કરચલા, કાતરણી, કીડી, મકોળી, માખી વિગેરે જળ જંતુઓ દેહમાં સુખનો કયાંય અંશ નથી. એમ સુખ દુઃખ સહેતાં અપાર, જાય જન્મ લાખ અગિયાર; એક એક યોનિમાં અગીયાર લાખ વખત જન્મ ધરીને અપાર દુઃખ ભોગવે છે. વળી કર્મ અનુસારે એહ, પ્રાણી પામે છે પંખીના દેહ; સહે ત્રણ કાળમાં દુઃખ, પળએક પામે નહિ સુખ.

**ચાર ખાણ છે :- અંડજ, ઉદ્‌ભીજ્જ, સ્વેદજ, જરાયુજ**

અંડજ :- ઈંડામાંથી થતાં પક્ષીઓ.
ઉદ્‌ભીજ્જ :- એટલે બીજમાંથી અંકુર થતાં વૃક્ષ વેલી આદિ વનસ્પતિઓ.
સ્વેદજ :- એટલે પરસેવામાંથી થતાં માંકડ, ચાંચડ, મચ્છર વિગેરે જંતુઓ.
જરાયુજ :- એટલે ઓરમાંથી થતા માનવ અને પ્રાણીઓ.

એક-એક ખાણમાં એકવીસ લાખ અવતાર લેવા પડે છે. અંડજમાં એકવીસ લાખ, ઉદ્‌ભીજ્જમાં એકવીસ લાખ, સ્વદેજમાં એકવીસ લાખ અને જરાયુજમાં એકવીસ લાખ. આવી રીતે લાખ ચોર્યાસીની ખાણમાં આપણે અનંત વખત જન્મ લઈ આવ્યા છીએ.

**પહેલા નંબરની ખાણ-** અંડજ છે. ઈંડામાંથી થતા પક્ષીઓ તેમાં શું સુખ હોય ! પારધી જીવતાં મારી નાખે વિગેરે ખૂબ દુઃખ હોય છે. રાંધીને ખાઈ જાય. અપાર દુઃખ છે.

**બીજા નંબરની ખાણ :-** ઉદ્‌ભીજ્જ જાતિ છે. ઝાડની યોનિમાં કુહાડાના ઘા સહન કરવાની હોય, દુષ્કાળ પડે ત્યારે પાણી વિના સુકાય, આપણને જેમ પાણી પીવા જોઈએ છીએ તેમ વૃક્ષ વેલીને પણ દરરોજ પાણી જોઈએ, પણ પાણી કોણ પાય ! એ

બધાં કર્મના ફળ ભોગવે છે. વૃક્ષવેલાના સ્થાવર દેહ કહેવાય, હાલી ચાલી શકે નહિ. મોટાં મોટાં વૃક્ષો વર્ષોથી ત્યાંનાં ત્યાંજ ઊભાં છે. બિચારાં શું કરે ? કયાંય ફરવા જવાય નહિ. આપણા જેવોજ એમાં જીવ છે ,પણ એક ઠેકાણે બંધાઈ ગયો છે. વિચાર કરો એમાં કેટલું દુઃખ છે.

**ત્રીજાનંબરની ખાણ :-** સ્વેદજ જાતિ છે. સ્વેદજ એટલે પરસેવામાંથી જેની ઉત્પત્તિ થાય છે તે. તેને સ્વેદજ જાતિ કહેવાય. માંકડ, ચાંચડ, ગિંગોડી, ઈતરડી, કંથાવા, મોલો, મચ્છર, ધનેડા. એ બધા મર્યા પછી નરકે જાય એવું નથી. જીવતાં નરક જેવું દુઃખ ભોગવે છે. ઈતરડી ગાયના અઉમા બેઠી હોય પણ દૂધ પીવા ન મળે. લોહી મળે એવા એકવીસ લાખ જાતના દેહ સ્વેદજમાં આવે છે.

**ચોથા નંબરની ખાણ :-** જરાયુજ જાતિ છે. જરાયુજ એટલે ઓરમાંથી થતાં પ્રાણીઓ, માનવ અને પશુઓ (જરથી વીંટાયેલા જન્મે તે) સ્વામી કહે છે, જરાયુજમાં કેવાં દુઃખ છે તે સાંભળો !!...

**પડે પરવશને પર હાથ, બળે ગળે બાંધી ઘાલે નાથ;**
**જોડે છોડે વાળે તેમ વળે, મગાવે લગાવે પાંય સઘળે.**
**આપે ખાવા પીવાને તો ખાય, નહિતો બાંધ્યો બાંધ્યો તે સૂકાય;**

જનાવરનો માલિક ઝાડ સાથે બાંધીને પશુને ગોદા ભરાવીને જોરાઈએ નાકમાં નાથ ઘાલે. બિચારાં જનાવર પગ પછાડે, રાડો પાડે પણ કરે શું !! પરવશ પરને હાથ પડ્યો છે. આપણને નાકમાં કોઈ ગોદો ભરાવે તો કેવો ભયંકર દુઃખાવો થાય. ચીસ નીકળી જાય. સ્વામી સાવધાન કરતા કહે છે.

**નાકમાં નાથ ન નખાવવી હોય તો, નાથને ભજવા લાગી જાવ.**

બિચારાને ખીલે બંધાવું પડે, ભૂખ્યા તરસ્યા સુકાય છે. આપણને ઠીક લાગે ત્યારે જમી લઈએ છીએ. જનાવરને ઠીક લાગે ત્યારે ખાવા પીવા ન મળે, કોઈ ખાવાનું નાખે તો ખાય, નહિતર ભૂખ્યો તરસ્યો સુકાય. રાશ ઝાલીને આડો અવળો ખેંચે. ત્યારે બિચારો પગ પછાડે. પણ કરે શું !! કાંઈ બોલાય નહિ. કાદવ કીચડમાં બાંધેલા હોય. ચાંદા પડી આવે. માંખ જનારના દેહમાં અપાર દુઃખ છે. જનાવરને જુઓ, ત્યારે ભગવાનને યાદ કરજો. જો હું ભગવાનની આજ્ઞાનું પાલન નહિ કરું, ભગવદ્ સ્મરણ નહિ કરું તો આવા પશુના જેવા દેહ આવશે. જીવને જાગૃત કરજો.

સત્તરલાખ વખત પશુ થાવું પડે, ગાયનો દેહ આવે. વળી મરે પછી ભેંસનો

દેહ આવે. આયુષ્ય પુરી થાય પછી બકરી, ઘેટાં, ઊંટ, ભુંડ, બળદ વિગેરે એક પછી એક દેહ લેતો જાય ને મરતો જાય. એવા સત્તરલાખ વાર દેહ ધરતો જાય ને મરતો જાય. વિચાર કરજો પાપની સજા કેવી ભયંકર છે. ચેતવા જેવી કથા છે. મનુષ્ય દેહ મળવા છતાં જેણે કથા ન સાંભળી તે બીજે જન્મે બહેરા થાય છે. ભગવાને આપણને કાન કથા સાંભળવા માટે આપ્યા છે. તેનો ઉપયોગ કેવળ લૌકિક વાત સાંભળવામાં જ કર્યો તે બહેરા થાય છે. અજ્ઞાની માણસોની આખી જિંદગી કથા સાંભળ્યા સિવાય પસાર થઈ જાય છે. ગામમાં આંટા મારે પણ કથામાં ન બેસે.

યમદંડની કથા અદ્‌ભૂત કથા છે. સમજાઈ જાય તો જીવનું કામ થઈ જાય.

**પછી કર્મ અનુસારે એહ, પામે ચૌદ લાખ મનુષ્યનો દેહ;**
**તેમાં પણ અષ્ટ પ્રકાર, સુણો સહુ કહું નિરધાર.**
**કપિ નોળ ખિસકોલાં કહિયે, રીંછને જળ માણસા લહિયે.**

મનુષ્ય જાતિમાં ગણાતા પ્રાણીની નોંધ સ્વામી કરે છે. વાંદરો, નોળીયું, ખિસકોલી, રીંછ, જળમાણસા, એકલટંગા, ધુડમુખા આ બધા મનુષ્ય જાતિમાં ગણાય. અને આઠમું મનુષ્યતન. તેમાં પણ છે બહુ પ્રકાર, સર્વે સરખા નહિ અવતાર; ભાઉ, ભીલ, કસાઈ, કલાર, પારાધિ ફાંશિયા, મચ્છીમાર. મહામ્લેચ્છ નીચના જે દેહ, અતિ પાપમય તન તેહ; તેમાં ન થાય મોક્ષનું જતન, પાપીના ઘરે મનુષ્યદેહ મળે તેમાં મોક્ષનું કાર્ય થાય નહિ. તેથી પાછા ચોરાશી ચાર ખાણમાં જીવ ભટકતો થઈ જાય.

ઉત્તમકુળમાં જન્મ મળે પણ કુસંગીનો સંગ થઈ જાય તો પણ ચોરાશી ખાણમાં ભટકતો થઈ જાય. સાપ, વીંછી કે સિંહને પકડવાનું કોઈ દિવસ મન થાય છે ?? નથી થતું. ઈલેકટ્રિકના ખુલ્લા વાયરને પકડવાનું મન થાય છે ?? નથી થતું. શા માટે મન નથી થતું ? એમાં મનુષ્યને મોત દેખાય છે, તેથી પકડવાનું મન થતું નથી. તેમાં પાપ કરવાથી ભયંકર દુઃખ થાય છે, તેનું ભાન હોય તો પાપનો ધંધો બંધ કરી દે અને કુસંગથી દૂર રહે.

**હોય સવળાં તો સરે કામ, પ્રાણી પામે શ્રીહરિનું ધામ;**
**એહ સવળાં તે સત્સંગ, એહ અવળાં તે કહિયે કુસંગ.**

સત્સંગે કરીને સરે કાજ, કુસંગે કરી નરક સમાજ; શ્રીજી મહારાજ

વચનામૃતમાં કહે છે, અતિ સાચે ભાવે સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જાય છે. જેમ સંજવારી કાઢવાથી ઘર સાફ થાય છે તેમ સત્સંગ કરવાથી મન પર જે મોહ, માયા અને વેરઝેરની ધૂળ ચડી ગઈ હોય તે સાફ થાય છે.

**તુલસીદાસજી રામાયણમાં સત્સંગનો મહિમા ગાય છે :-**

**શઠ સુધરહિ સતસંગતિ પાઈ, પારસ પરસિ કુધાતુ સુહાઈ;**
**બડે ભાગ્ય પાઈય સતસંગા, બિનહી પ્રયાસ હોઈ ભવગંગા.**

સત્સંગ કરવાથી શઠ (ખરાબ) વ્યકિતઓ પણ સુધરી જાય છે. જેમ પારસમણિના સ્પર્શથી લોખંડ સોનું બની જાય છે, તેમ સત્સંગ કરવાથી પાપી પુનિત બની જાય છે. નારદજીના સંગથી પાપી વાલિયો લૂંટારો પુનિત બની ગયો.

## સત્સંગ વગરનું જીવન નકામું છે.

એક મહાત્માજી ગંગા કિનારે હંમેશાં ભજન કીર્તન કરે. તેમાં સમયનું ભાન રહે નહિ અનેક ભકતજનો ભજન સાંભળવા આવે, એકાદશીની રાત્રિએ બાર વાગ્યા સુધી ભજન કીર્તન ગાય પણ થાકે નહિ. એવી એમની જોરદાર શ્રધ્ધા હતી. એક વખત ત્યાંથી બે ચોર પસાર થયા. ને ભજન મંડળીમાં બેસી ગયા. કીર્તન પૂરા થયાં ત્યારે સર્વે ભકતજનો પોતાના ઘરે ગયા. બે ચોર બેઠા છે. મહાત્માજીને ધમકી આપી, ‘‘તારી પાસે જે હોય તે અમને આપી દે. નહિતર મારી નાખશું. (છરી બતાવી) ગળામાં શું પહેર્યું છે ? આપી દે.’’

મહાત્માજીએ કહ્યું, ‘‘કંઠમાં તુલસીની કંઠી છે અને ફળફૂલનો પ્રસાદ છે. લ્યો આ પ્રસાદ જમો. ડાકુએ પ્રસાદ ખાધો અને બુધ્ધિ બદલાઈ ગઈ. રોફ કરતા હતા તે સહેજ નરમ થઈ ગયા. ડાકુ બોલ્યા, ‘‘પ્રસાદ આપ્યો પણ પૈસા કેટલા છે તે આપી દે નહીંતર મેળ નહિ પડે. !! મહાત્માજી બોલ્યા, ‘‘રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુ:ખદાયક જાણું; ભજન કીર્તન ગાઈને પ્રભુને રાજી કરવા એ સાચું નાણું છે, બાકી મારી પાસે પૈસા નથી તમને સાચું નાણું જોઈએ તો આપું મારા સામે બેસો. મહાત્માજીએ ભજન શરુ કર્યું.

**જાના હે નર જાના હૈ, ઘર છોડી એકીલા જાના હૈ;**
**મેડી મંદિર છોડ ચલોગે, એક દિન ભોંય બિછાના હૈ ... ઘર...**

સાચા હૃદયમાંથી નીકળેલા શબ્દો ડાકુના હૃદયને સ્પર્શી ગયા. અંતરનું

અજ્ઞાન દૂર થયું, સાચી સમજણ આવી તેથી બસો રૂપિયા મહાત્માજીના ચરણમાં ભેટ મૂકી. મહાત્માજીએ કહ્યું, ''આ ધૂળને હું શું કરું. ચોર બોલ્યા આ ધૂળ નથી, પણ પૈસા છે. લઈ લ્યો. તમને કામ આવશે.'' ત્યારે સંતે કહ્યું, ''અનેકને રિબાવી, કલ્પાવી, લૂંટફાટ કરી પૈસા લાવ્યા છો તેને હું શું કરું !!'' જો દક્ષિણા આપવી હોય તો હું માંગું તે મને આપો !! ભલે માંગો. ! જે કહેશો તે આપશું, સંતે કહ્યું, ''આજથી પ્રતિજ્ઞા લ્યો કે અમે કોઈ દિવસ પાપ નહિ કરીએ, ચોરી નહિ કરીએ. દરરોજ સત્સંગ કરવા અહીં આવશું, આવો નિયમ લ્યો એ મારી દક્ષિણા.'' સંત દર્શનથી જીવન પરિવર્તન થયું. લૂંટ છોડીને નિત્ય સત્સંગ કરે ને બીજાને કરાવે. મહાત્માજીના શિષ્ય થયા અને સારીએ જિંદગી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરીને ભજન ભક્તિ કરી જીવન સાર્થક કર્યું.. આ છે સત્સંગનો પ્રતાપ, ભરાડીમાંથી ભગત બનાવે છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**કુસંગ તો કરશો માં કોઈ, જમપુરીના દુઃખને જોઈ;**
**કુસંગના ડરથી ડરવું, તો મટે જનમવું ને મરવું.**

જન્મ મરણના ફેરાથી મુકત થવું હોય તો નિત્ય સત્સંગ કરવો, ને કુસંગથી ડરતા રહેવું, સાગર પાર કરવા જેમ નૌકાની જરૂર પડે છે તેમ સંસાર સાગર તરવા માટે સંતની જરૂર પડે, જેમ ચિંતામણીમાંથી તમામ સંપત્તિ મળે, તેમ સંતો છે અને સત્સંગ છે તે ચિંતામણી જેવા છે. સત્સંગની છાયા નીચે આપણે બેઠા છીએ. જેવું ચિંતવશું તેવું મળશે.

**ભગવાન સાથે હેત થાય તો, જન્મ સુધરી જાય.**

સ્વામી કહે છે, તજી કુસંગ સત્સંગ કરીયે, તો ફરી ભવમાં ફેરા નવ ફરીયે; કહીએ વારે વારે શું કેટલું, કરવું સહુને પોતાનું ભલું. આત્માનું ભલું કરવું તે આપના હાથની વાત છે, તમારે નક્કી કરવાનું છે કે મારે કેમ કરવું,

**સહુ જને આ કથા સાંભળવી, કરવો સત્સંગ સર્વેને મળી;**
**કહે નિષ્કુળાનંદ નિરધાર, કહ્યું સર્વે વાતનું આ સાર.**

નિષ્કુળાનંદ સ્વામી ભલામણ કરે છે, વારે વારે તમને કેટલું કહું, જેને પોતાના જીવનું ભલું કરવું હોય, ભવમાં ફેરા ન ફરવા હોય તો સહુ જનને આ કથા અવશ્ય વાંચી મનન કરીને જીવનમાં ઉતારવી, સંસારનું સંપૂર્ણ વિસ્મરણ અને પરમાત્માનું સતત સ્મરણ એજ મુક્તિ છે. પ્રભુ સ્મરણનો અદ્‌ભૂત પ્રતાપ છે.

પૂર્વછાયો :- **વિવિધ ભાતે વર્ણવી, કહ્યાં કષ્ટ જીવનાં જેહ;**
**તેહ સાંભળતાં શ્રવણે, સહુના તે કંપે દેહ.**
**અલ્પ આયુષ્યમાં એવડી, પીડા પામે છે પ્રાણી અપાર;**
**એહ દુઃખની આગળે, સુખ સ્વપ્ના જેવો સંસાર.**

મનુષ્ય દેહને મુકતાં, દુઃખ તરતાં છે તૈયાર; પુન્યશીલ જીવાત્મા ધારે તો અનંત જન્મનો અંત લાવી અક્ષરધામમાં પહોંચી જાય છે, અને ધારે તો અનંત જન્મના ફેરા ચડાવી પણ દે છે. સ્વામી કહે છે, હે અભાગી જીવાત્મા ! આટલું બધું તને હું સમજાવું છું, છતાં તું કેમ સમજતો નથી. ભગવાન ઉપરાઉપરી નોટીસ મોકલે છે. નોટીસ આવ્યા પછી સમજી જવું જોઈએ ને !

**પહેલી નોટિસ:-** **વાળ કાળાં મટી ધોળાં થાય છે. મૂર્ખા ! હવે કાળાં કામ કરવાનાં મૂકી ધોળાં કામ કર. પાપ મૂકી દે અને પુન્ય કરી લે.**

**બીજી નોટિસઃ-** **કમર દુઃખવા લાગે. હવે ચેતી જા. કમર કસીને ભજન ભક્તિ કરી. આત્માનું શ્રેય કરી લે.**

**ત્રીજી નોટિસઃ-** **દાંત રજા લઈ જાય, દાંત કહેતા જાય, હવે તારા ખાઈ-પીને જલસા કરવાના દિવસ નથી પણ ભગવાન પાસે જવાના દિવસ છે.ચેતી જા.**

**ચોથી નોટિસઃ-** **કાનપુરમાં હડતાલ પડે, કથામાં કાનની વૃત્તિ ન તણાય, પણ ગામની નવા જૂની વાત સાંભળવામાં કાનની વૃત્તિ તણાય, આવી જીવની અવડાઈ છે. ચેતી જા.. હવે ભગવદ કથામાં ધ્યાન લગાવ.**

**પાંચમી નોટીસઃ-** **પગમાં પંચર પડી જાય, વીલ ઘસાઈ જાય, મજાગરા નરમ થઈ જાય, કેડ વાંકી વળી જાય,આંખમાં ઉજાસ ઘટી જાય, છતાં આશ્ચર્યની વાત એ છે કે મોહ મમતામાંથી જીવાત્મા છૂટો થતો નથી. માથે મોતનાં નગારાં વાગે છે. ચેતી જા.. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-**

**માથે નગારાં મોતનાં, વાજે છે બહુ વિધ;**
**પળે પળે રીત પલટે, પેખી જુઓને પ્રસિધ્ધ.**
**બાળ જુવાપણું બે ગયાં, વૃધ્ધપણું વણસતું જાય;**
**આજકાલમાં ઊઠી ચાલવું, સહુ વિચારો મનમાંય.**

મોટા મોટા મરી ગયા, રાવણ જેવા જોર કરતા હતા તે હતા ન હતા થઈ

ગયા. મોત વિનાના મરી ગયા. પાપી જીવાત્મા પોતાનું આયુષ્ય પૂરું ભોગવી શકતો નથી, તો આપણે કયા હિસાબમાં ? દેવાનંદ સ્વામી ગાય છે, ''મોતનાં નગારાં વાગે છે. જાગી જા અને પ્રભુ ભક્તિમાં લાગી જા.

**તારા માથે નગારાં વાગે મોતનાં રે,**
**નથી એક ઘડીનો નિરધાર, તોય જાણ્યા નહિ જગદીશને રે..**
**મોટા મેલીને રાજ મરી ગયા રે,**
**જોને જાતાં ન લાગે વાર... તોય જાણ્યા નહિ જગદીશને રે..**
**તારું જોબન ગયું જખ મારતું રે,**
**માથે કાળા મટી ગયા કેશ... તોય જાણ્યા નહિ જગદીશને રે..**
**અંતકાળે લેવાને જમ આવીયારે,**
**તેનો ભાળી ભયંકર વેશ... તોય જાણ્યા નહિ જગદીશને રે..**

બાળપણું રમત-ગમતમાં ગયું. આ દુનિયા છોડીને એક દિવસ ચોક્કસ જવું છે એ બધાને ખબર છે. યાંથી અચાનક ચાલતાં, સઈ વસ્તુ આવશે સાથ; વણ સમજે વિપત્તિની, શીદ ભરી રહ્યા છો બાથ. જન્મ મરણનો મોટો ત્રાસ છે તે સત્સંગ વિના ટળશે નહિ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, કુસંગ કેને કહેવાય તે સમજાવું છું જેથી તમે કુસંગતથી બચી શકો.

ચોપાઈ :- **મોટો કુસંગ તે નિજદેહ, જેમાં જીવે બાંધ્યો છે સનેહ;**
**એહ અર્થે કરતાં અનર્થ, જીવ ખુવે છે જનમ વ્યર્થ.**
**કુડ કપટ દગા ને ઘાત, થાય દેહ સારુ સર્વે પાત.**

મોટામાં મોટો કુસંગ, મોટો કુસંગ તે નિજદેહ, જેમાં જીવે બાંધ્યો છે સનેહ ઊંધાં ચતાં પાપ જે થાય છે તે બધા દેહ માટે થાય છે. દેહને લાડ લડાવવા અને સુખી રાખવા માટે અનેક પાપ થાય છે. કૂડકપટ દગા ને ઘાત થાય. દેહ સારુ સર્વે વાત, દેહને અર્થે પાપ કરે છે, તેણે કરીને જીવાત્મા જમપુરીમાં જાય છે. દેહને અર્થે અનર્થ કરે છે, ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, ન બોલવાનું બોલે, ન જોવા જેવું હોય તે જુએ, ન જાવાનું હોય ત્યાં જાય.

**દેહ માંહિ સુખ માન્યા, કરે પાપ કૈ પ્રગટ છાનાં;**

પોતાના પિંડના સુખ સારુ, કરે પાપ હજારે હજારુ. તેહ સારુ તજવો સનેહ, જાણી કુસંગરૂપ આ દેહ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

## દેહમાંથી આસકિત તજીને ભગવાન ભજો

જીવાત્મા સદાય સુખી થવાની અંતરમાં અભિલાષા છે. સુખી થવા માટે દોડી દોડીને હાંફી જાય છે. જીવ તાળવે ચોંટી જાય છે પણ જોઈએ તેવી સુખની પ્રાપ્તિ થતી નથી. આ નાશવંત સંસારનું ચક્ર એવું છે કે જેમાં દુઃખ તો વણમાગે આવવાનુંજ છે. દુઃખને બોલાવવું પડતું નથી છતાં અણધાર્યું આવી જાય છે. દુઃખને ટાળવું હોય તો અડગપણે સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનું અવશ્ય પાલન કરવું; તો દુઃખ નજીક આવતું નથી. ખટકો રાખી શ્રધ્ધાપૂર્વક નિયમ ધર્મનું પાલન કરવું પણ ગાફલાઈ રાખવી નહિ.

ગામ બાબાપર વાંકીયાના મહાન ધર્મનિષ્ઠ મોકાખાચર શ્રીજી મહારાજના એકાંતિક ભકતરાજ હતા. એમનો નિયમ હતો કે દરરોજ ભગવાનને હૃદયમાં ધારી પાંચસો માળા ફેરવવી. જરૂર બોલવા જેવું હોય તો પણ પચીસ માળા ફેરવીને પછીજ બોલે. આપણા ધર્મ ગ્રંથોમાં કહ્યું છે કે, જેટલાં આપણા ઉંમરનાં વર્ષ થયા હોય તેટલી માળા અવશ્ય ફેરવવી જોઈએ. મોકાચારના ભાયાતો હંમેશાં મોકાખાચર પર દ્વેષ રાખતા. બોટાદના સાહેબને કહ્યું, મોકાખાચરે અમારી જમીન દબાવી છે. અમે કહીયે છીએ તો પણ અમારી ધરતી પાછી આપતા નથી. અમારી જમીન પાછી અપાવો.

લાંકસાહેબે કહ્યું, ‘‘વાત કરી જોશું !’’ એક વખત મોકાખાચર કોઈક કામ પ્રસંગે બોટાદ આવ્યા ત્યારે લાંક સાહેબે વાત કરી કે રાવ આવે છે કે, મોકાખાચરે ધરતી દબાવી છે !! બીજાની ધરતી શા માટે દબાવો છો ?. જો બીજાના ગરાસ ઉપર જુલમ કરશો તો ભારે દંડ થશે. માટે ચેતી જાવ. અને એમની ધરતી પાછી આપી દો. ત્યારે મોકાખાચરે બે હાથ જોડીને કહ્યું, ‘‘સાહેબ હું વાત કરીશ કે મેં ધરતી નથી દબાવી તો તમને મનાશે નહિ..આપશ્રી ગામ વાંકીયે પધારો અને રૂબરૂ તપાસ કરી જુઓ પછી તમે જેમ કહેશો તેમ કરીશ.’’

બીજે દિવસે ભાયાતો. લાંક સાહેબ અને મોકાખાચર પોતપોતાની ઘોડી લઈને વાંકીયે ગામ રવાના થયા. રસ્તે ચાલ્યા જાય છે ત્યાં એવું બન્યું કે ઊંડો વાંકો ચૂંકો રસ્તો આવ્યો. તેમાં ઓંચિતું કોઈ જનાવર નીકળ્યું. મોકાખાચરની ઘોડી ભડકી અને મોકાખાચર સહિત ઘોડી પડી કુવામાં. લાંક સાહેબે આ જોયું. તરત ઘોડીથી નીચે ઊતરી કૂવામાં નજર કરી તો મોકાખાચર ઘોડી ઉપર બેઠા બેઠા માળા ફેરવે છે.

લાંક સાહેબ બોલ્યા, ''મોકાખાચર તમને વાગ્યું નથી ને ? મોકાખાચરનો નિયમ હતો કે પચ્ચીસ માળા થાય પછી બોલવું તેથી કાંઈ બોલ્યા નહિ, સાહેબે સિપાઈને કહ્યું, મોકાખાચર અને ઘોડીને બહાર કાઢો. સિપાઈએ મહામહેનતે ઘોડી અને મોકાખાચરને બહાર કાઢયા. લાંક સાહેબે પૂછ્યું. મોકાખાચર તમને વાગ્યુ નથી ને? ના સાહેબ બહુ વાગ્યુ નથી થોડીક છોલ થઈ છે તે મટી જશે. ચિંતા જેવું નથી.

લાંક સાહેબે કહ્યું, ''તમે કૂવામાં હતા ત્યારે મેં પૂછ્યું તો જવાબ કેમ ન આપ્યો ?'' મોકાખાચરે બે હાથ જોડીને નમ્રતાપૂર્વક કહ્યું, ''સાહેબ મને માફ કરજો. મારો નિયમ છે કે પચ્ચીસ માળા ફેરવી પછી બોલવું.'' નિયમનો ભંગ ન થાય તેથી પચ્ચીસ માળા પૂરી થઈ પછી મેં તમને જવાબ આપ્યો. આવું સાંભળી લાંકસાહેબને મોકાખાચર પ્રત્યે ખૂબ ગુણ ભાવ આવ્યો. તમે કોના આશ્રિત છો ? હું સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું. મારો નિયમ છે કે દરરોજ પાંચસો માળા ફેરવવી. આવું સાંભળી ઓર ભાવ વધી ગયો અને નકકી થઈ ગયું કે આવા ભક્ત.!

## શ્રેષ્ઠ ભકત કોઈ દિવસ ખોટું કાર્ય કરે નહિ.

કોઈની જમીન પચાવે નહિ, વાંકીયા ગામની સીમમાં ખેતરમાં તપાસ કરી દસ્તાવેજ જોયાં તો સરકારના કાયદા પ્રમાણેજ તેઓ વાવેતર કરતા હતા. વાત સાવ ખોટી ઠરી તેથી સાથે આવેલા ભાયાતોને લાંકસાહેબે ઠપકો આપ્યો કે મોકાખાચરે એક વેંત જેટલી પણ તમારી જમીન દબાવી નથી ને તમે શા માટે તેમને હેરાન કરી તકરાર કરો છો.? તમે જેટલા છો તે સર્વે પચ્ચાસ-પચ્ચાસ રૂપિયા દંડ આપી દો અને ફરીથી જો તકરાર કરશો તો એક એક વ્યકિત પાસેથી રૂ.૫૦૦ પાંચસો રૂપિયા લઈશું.

## અંતે સત્યનો જય થાય છે.

મોકાખાચરનું માળા ફેરવવાનો ચોક્કસ નિયમ હતો તો શ્રીજી મહારાજે સંકટમાંથી ઉગારી લીધા. આપણે પણ આવી રીતે દ્રઢતાપૂર્વક નિયમ ધર્મનું પાલન કરી ભજન ભક્તિ કરશું તો આપણી પણ ભગવાન જરૂર રક્ષા કરશે અને દેહના અંતે અક્ષરધામમાં તેડી જશે. જીવનમાં નિયમ અવશ્ય રાખવો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે

**એવું પાપ નથી જગમાંય, જે કોઈ શરીર સારુ ન થાય;**
**જ્યારે પિંડ સુખ સામું પેખે, ત્યારે દોષ માત્રને ન દેખે.**

**પરત્રિય પરધન લેવું, તન સુખ સારુ કરે એવું;**
**દેહ સાથે સનેહ છે જેને, નહિ ધર્મ નિયમ લાજ તેને.**

દેહ લઈને આ બધું કુટણું છે. દેહદર્શીને લાજ શરમ હોતી નથી. દેહના સુખ સારુ, કરે પાપ હજારેહજારું; જેણે કરી જમપુર જવાય, તેનો ન કરે વિચાર કાંય. દેહ માન્યે માને ભાઈ બાપ, દેહ માન્યે માને પર આપ; દેહ માન્યે માને ભગિની ભ્રાત, દેહ માન્યે માને નાત જાત. અહંતા, મમતા, ઈર્ષા, અદેખાઈ, માન, મોટાઈ આ બધું દેહને લઈને થાય છે. સ્વામી કહે છે, દેહમાંથી આસક્તિ તજીને અભિમાન મૂકીને દેહથી મુકત થઈ બ્રહ્મરૂપ બનીને ભગવાનનું ભજન કરવું. તે તો અતિ ભારે કામ છે.

**ભજો બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે,**

દેહથી પર થઈ જાય, આત્મારૂપે થઈ જાય તેને માન-અપમાન કાંઈ નડે નહિ, બ્રહ્માકાર થઈ પરબ્રહ્મમાં મસ્ત થઈ જાય. તેને કાંઈ નડતું નથી. આવી સ્થિતિ કેળવે તે મહાસુખિયા થાય છે.

**તેહ વિના કુસંગ છે અન્ય, કહું તે પણ સાંભળો જન;**
**કુસંગ તો ક્રવ્યાદની પેર, સદા વાવરે પ્રભુ શું વેર.**

ભગવાન અને ભગવાનના અવતારની નિંદા કરનારા છે તે પણ કુસંગ છે. ભગવાનનો આશ્રય મજબૂત રાખવો. શ્રીજી મહારાજની મૂર્તિ એજ આપણી સાચી મૂડી છે. શ્રીજી મહારાજને જતન કરીને હૈયામાં ધારી રાખવા. જેમ વજ્રની પૃથ્વી હોય અને વજ્રની ખીલી હોય તે કોઈ રીતે ઉખડે નહિ, તેમ શ્રીજી મહારાજમાંથી આપણું મન ઉખડે નહિ.

જુગો જુગ જીવનો ઉધ્ધાર કરવા ભગવાન અવતાર ધરે છે. આવા ભગવાનને મૂકીને બીજા દેવ, કાળીભૈરવ, ભૂત, વીર, પીર વિગેરેને ભજવા લાગી જાય છે. તે કુસંગ છે. નિર્દોષ પશુને મારીને બલિદાન આપે છે. એવા પાપીથી દૂર રહેવું કાળભૈરવ, વીર, પીરને માનનારા તો કુસંગ છે પણ એમાં પ્રતીતિ આવે તે પણ કુસંગ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે. જયાં ત્યાં માથાં ભટકાવજો નહિ.

સર્વોપરી ભગવાન મળ્યા છે તેનો પૂરેપૂરો આશરો રાખવો. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન સદાય પ્રગટ પ્રગટ અને પ્રગટ જ છે. શ્રીજી મહારાજે

સ્વયંમુખે કહ્યું છે કે, મારા હાથે પધરાવેલી મૂર્તિઓમાં હું અખંડ નિવાસ કરીને રહીશ. એમાં રહીને ભક્તજનોના મનોરથ પૂરા કરીશ. પ્રગટ ભાવ રાખીને જો સેવક સેવા કરે તો ભગવાન તેમાં રહીને પ્રગટપણે બધી સેવા સ્વીકારે છે.

**જેણે મનુષ્યદેહ આપી, તેનો પાડ માને નહિ પાપી**

ભગવાને આપણને આવો કીમતી માનવદેહ આપ્યો છે તેનો પાડ માનવો જોઈએ. ખાધેલા અનાજને કોણ પચાવે છે ? ભગવાન પચાવે છે.
શ્વાસોશ્વાસની રિધમ કોણ ચલાવે છે ? ભગવાન ચલાવે છે.
પવનરૂપી વીંઝણો કોણ ચલાવે છે ? ભગવાન ચલાવે છે.
ઋતુ અનુસાર ફળ, ફૂલ અને અનાજ કોણ પકવે છે ? ભગવાન પકાવે છે.
જન્મતા પહેલાં માતાની છાતી દૂધથી કોણ ભરી દે છે ? ભગવાન ભરી દે છે.
સરસ મઝાની તેજસ્વી બુધ્ધિ કોણ આપે છે ? ભગવાન આપે છે.
ડગલે ને પગલે રક્ષા કોણ કરે છે ? ભગવાન રક્ષા કરે છે.
ભગવાનના ઉપકારને હરહંમેશ યાદ કરશો તો આશ્રય મજબૂત થશે.

**કોઈ કર્મ કરી પ્રધાન, માને મોક્ષે જાવાનું હેવાન;**
**કર્મે કરી સર્વે થાય છે, એમ કર્મના ગુણ ગાય છે.**
**પરમેશ્વરનો બેઠા પાડી કાળ, નાસ્તિક એવો નર છે ચંડાળ;**
**એનો સંગ તે કુસંગ કહેવાય, તેને સંગે જમપુર જવાય.**

નિષ્કુળાનંદ સ્વામીની વાત જરાય ઢીલી હોય નહિ. આરપાર નીકળી જાય તેવી વાત કરે છે. કર્મ પ્રમાણે બધું થાય છે. દુનિયામાં ભગવાન છે જ નહિ કેવળ કર્મને પ્રધાનપણું માને પણ કર્તા હર્તા ભગવાનને માને નહિ. તે પણ કુસંગ છે. નાસ્તિકપણું તજી આસ્તિકપણું રાખવું.

**નાસ્તિકનો સંગ કરશો તો સીધા જમપુરીમાં જાશો.**

ઈષ્ટદેવ પ્રત્યે ચોખ્ખી ઉપાસના રાખવી, ખુમારી રાખજો, નરનારાયણ દેવના થઈને રહેજો, એમનો આશ્રય મૂકી જ્યાં ત્યાં ડગવાનું નહિ.

**મેલી શરણ શ્રી કૃષ્ણતણું, કરે મન જેમ માને આપણું;**
**એક બ્રહ્મ કહી ભ્રમાવે લોક, કહે કર્મ ધર્મ સર્વે ફોક.**

સુંદર મજાનું દૂધ હોય તેમાં એલચી, સાકર ને મસાલો નાખીને ઊકાળ્યું

હોય. સરસ સુગંધ આવતી હોય પણ જરાક સર્પની લાળ પડી જાય તો દૂધ ઝેર થઈ જાય છે. કુસંગનો સંગ સર્પની લાળ જેવો છે માટે એની સોબત કરવી નહિ. કુસંગથી બચો, હજારો જન્મના પાપ નડે ત્યારે કુસંગમાં હેત થાય.

**કળિમાંય છે કુસંગ ઘણું, સુણો જન આચરણ તેહ તણું;**
**સત્ય શાસ્ત્ર મર્યાદાને મેલી, મન માને વરતે છે ફેલી.**

નિજ ધર્મને ત્યાગી પેટ ભરવા પાખંડ કરતા હોય એવા અભાગી નર- નિજ માતા સુતા સંગ, કરે ભગિની સાથે વ્રત ભંગ; એવા પાપીનો સંગ કરવો નહિ. એવા પાપીનો સંગ કરવાથી ચોર્યાસીની ખાણમાં જીવ ભટકે છે. ફરશે ભરશે ચારે ખાણ, ધરશે સ્થાવર જંગમ તન જાણ; તે હું સારુ તે જોવું તપાસી, નથી આગળ ખેલને હાંશી. દેહપાલક ઈન્દ્રિઓના દાસ, તેનો રાખવો નહિ વિશ્વાસ; એને સંગે ખોડ્ય નવ ખાયે, સાચા સંત હોય તિયાં જાયે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે દેહના થઈને રહે તે પણ કુસંગ છે. સાચા સંત હોય ત્યાં જવું, તેનો સમાગમ કરવો પણ પશુની પેઠે ન રહેવું બંધાઈ, પશુની માફક કુસંગમાં બંધાઈ ન જશો.

એક ગૃહસ્થ બાવો હતો. બીડી, હોકો ને ચલમ પીવે. ધર્મનું કાંઈ ઠેકાણું નહિ. ગામની સ્ત્રીઓ પૂનમે પૂનમે તે બાવાને પગે લાગવા જાય. બાવાના ખોળામાં માથું રાખે. બાવો સ્ત્રીના માથા પર હાથ મૂકે પછી પાંચ પચ્ચીસ રૂપિયા દક્ષિણા આપે. વાડીમાં ધાન્ય થાય તે પણ થોડુંઝાઝું બાવાને આપે. બાવાજી અમારા ગુરુ આવું એને મનમાં મનાઈ ગયું. બાવો જલસા કરે વગર મહેનતે ગુજરાન ચાલે. હજારો સ્ત્રીઓ બાવાને મળવા જાય, પછી એક સાચા સંતે સમજાવ્યું કે એવા પાપી બાવાજીથી તમારું કલ્યાણ નહિ થાય. પારકા પુરુષના ખોળામાં માથું નમાવાય નહિ, દોષ લાગે. તમે પવિત્ર ઉજળો સંપ્રદાય સ્વામિનારાણ ભગવાનનો છે. સ્ત્રી પુરુષનો જરાય ભેળીસાળો નથી. અલગ મંદિર છે. ત્યાં આવી સત્સંગ કરો.

ત્યારે સ્ત્રીઓ બોલ્યાં કે, મંદિરે દર્શન કરવા કયારેક આવશું પણ બાવાજી અમારા ગુરુ છે તે બદલશું નહિ, ગુરુ બદલાવાય નહિ પાપ લાગે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, આવી રીતે પશુની જેમ જ્યાં ત્યાં બંધાઈ જશો નહિ, સમજણ આવી જાય પછી રૂઢી બદલવી જોઈએ અને સત્યમાર્ગ પકડી લેવો જોઈએ.

**માત તાત ભગિની જેભાઈ, સુત દારા કુળ સગા સાઈ;**
**હરિ ભજતા પાડે જેભંગ, તે તો કહિયે સર્વે કુસંગ.**

સગી જનેતા મા હોય, ભાઈ હોય, બહેન હોય, ગુરુ હોય કે મિત્ર હોય એ હરિ ભજતાં જો વારે. ભગવાન ભજવામાં ભંગ પાડે. તો તેને શત્રુ જાણી તજી દેવાં. ત્યાગ કરવો. પ્રહ્લાદજીએ પિતાને તજી દીધો. ભરતજીએ માતા કૈકેયીને મા કહેવાનું બંધ કરી દીધું. મારા ભગવાનથી વિમુખ પાડે એ મા નહિ, ભક્ત વિભીષણે ભાઈ રાવણનો ત્યાગ કરી દીધો. પ્રભુના દ્રોહીનો વિશ્વાસ કરવો નહિ.

પૃથ્વીપતિ હોય - પ્રધાન હોય કે પટેલ હોય અને જો કુસંગથી ભરેલ હોય, ડારો દઈ દબાવતા હોય અને જો કુસંગથી ભરેલ હોય, હરિભજનમાં વિઘ્ન નાખે તો તેને આસુરી જાણી ત્યાગ કરી દેવો, પણ સત્સંગ તજવો નહિ. આવો તો ઘણો કુસંગ છે દુનિયામાં પણ લખાણો થોડો ને રહી ગયો ઘણો.

**માટે સચેત રહેવું સદાય, નહિ તો પહોંચાડે જમપુરીમાંય;**
**હરિ ભક્તિમાં પડાવે ભંગ, કહે નિષ્કુળાનંદ એ કુસંગ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે - સાવધાન રહેજો. હરિ ભકિતમાં ભંગ કરાવે તે મોટો કુસંગ છે. માયા ગમે તેટલી ભેળી કરી હશે પણ તે જ્યાં હશે ત્યાંજ રહેશે. પોતાના કુટુંબ પરિવાર ગમે તેટલા વહાલા હશે પણ તે પોતાના ફળીયા સુધી અને સ્મશાન સુધી આવશે. દેહ ગમે તેટલો પંપાળીને તાજોમાજો રાખ્યો હશે પણ તેને એક દિવસ બળીને ખાખ કરી નાખશે. ભજન, ભક્તિ, દાન, પુન્ય કર્યા હશે તે સાથે ચાલશે. **પૂર્વછાયો :-**

**સદમતિ સહુ સાંભળો, મેં કહ્યું કુસંગનું રૂપ;**
**અસત્ય નથી એમાં અણુ, છે તેમજ તે તદરૂપ.**
**વિષ વ્યાળ વેરી થકી, કહો સુખ પામે કુણ;**
**અનેક જુગ વીત્યા વીતશે, તોય તેમાં તેના ગુણ.**
**તેમ કૃતઘ્ની નરથી, પામે દુઃખ અપાર;**
**તેનું આશ્ચર્ય નહિ કશું, નિશ્ચય જાણો નિરધાર.**

સર્પ અને વાઘ સાથે ને સાથે રહે તે જરૂર આજ કાલમાં મરવાનો છે. દુઃખી કરનાર અને માર ખવડાવનાર કુસંગ છે. કુસંગથી બચો. સત્સંગથી મટી જાય છે મહા-

દુઃખ, કહું રૂપ હવે તેહનું; જેથી જીવને થાય છે સુખ. સત્સંગનો અપાર મહિમા છે.

**ચોપાઈ :- સુણો હવે નરનાર, કહું સત્સંગનું રૂપ સાર;**
**અતિ મહિમા જેનો છે અપાર, કહેતાં કોઈ પામે નહિ પાર.**

પ્રભુના ગુણ શેષ મહેશ ને સરસ્વતી અને ગણપતિ વિગેરે દેવો ગાય છે. સ્વયં શ્રીહરિ શ્રીમુખે કરી, ગાય સંતના જશ શ્રીહરિ; શોધી જોતાં સંતની સમાન, નથી ત્રિલોકે વસ્તુ નિદાન. આ દુનિયામાં સાચા સંત સમાન કોઈ વસ્તુ નથી. કલ્પતરુ, કામધેનુ જેહ, શુધ્ધ પારસ ચિંતામણી તેહ. પારસમણિ લોઢાનું સોની કરી દે છે. કોઈ માણસને પારસમણિનો સ્પર્શ કરાવશું તો તે માણસને સોનું કરી શકશે ? નહિ કરી શકે. પારસમણિ માણસને અડાડીએ તો ભક્ત ન થાય પણ સંત એવા છે કે એનો સ્પર્શ કરે તો ભરાડીમાંથી ભક્ત થાય.

એક કલ્યાણ ભક્ત હતા. સાધારણ સ્વભાવ તેજ હતો, વાત વાતમાં ગરમ થઈ જાય. પૂજા, પાઠ કરે, સત્સંગ સભામાં જાય પણ સ્વભાવમાં કાંઈ ફેર થયો નહિ. ખેતીવાડીમાં બરાબર ધ્યાન આપે નહિ તેથી તેમની માએ કહ્યું, ''દીકરા તું મોટો થયો. લગ્ન કરવાનો સમય નજીક આવે છે તો ધંધામાં ધ્યાન રાખે તો બહુ સારું થાય. તારા બાપુજી તને પાંચ વરસનો મૂકીને ગુજરી ગયા છે, મેં દુઃખ વેઠીને તને ભણાવ્યો છે. આવી ભલામણ માએ કરી ત્યાં દીકરો એકદમ ગુસ્સે થઈ ગયો. જોરથી માને ધક્કો માર્યો. માથું દિવાલમાં ભટકાયું અને સગી જનેતા માવડીનું મૃત્યુ થઈ ગયું.

## નમ્રતાથી પતે તો, ઉગ્રતા લાવવી નહિ.

આખું ગામ કલ્યાણ પર ખીજાય. માતૃહત્યારા ધિક્કાર છે તને ! પાપી સગી માવડીને મારતાં તારું કાળજું કપાઈ ન પડ્યું.? જે માવડીના ખોળામાં બેસીને સ્તનપાન કર્યું. તેને ધકકો દઈ મારી નાખી. પાપી. તારા હાથનું ખવાય નહિ. ને તારું મોઢું જોવાય નહિ. નીકળી જા ગામથી બહાર. બધા માણસો તિરસ્કાર કરે. ગામ છોડી જંગલમાં જતો રહ્યો. જંગલમાં સંતાઈને રહે. કોઈ પસાર થાય તો મારી કૂટીને માલ લૂંટી લે. ભ્રષ્ટાચારી થઈ ગયો. જંગલમાં રખડે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં સમૈયો કરવાના છે. બે સંતો સમૈયાનાં દર્શન કરવા જાય છે. આ ઘાટા જંગલમાંથી પસાર થયા, તેમાં એક સાધુ ઓચિંતા બીમાર થઈ ગયા. ચાલી શકે તેવી સ્થિતિ નથી. રાત્રિનો સમય થયો. હવે

શું કરવું ! વૃક્ષ નીચે સંતો બેઠા બેઠા સતત સ્વામિનારાયણ ભગવાનને યાદ કરે છે. સાધુને જોયા ને લૂંટારો નજીક ગયો. સંતનાં દર્શન થતાં પવિત્ર વિચાર જાગૃત થયો. પગે લાગીને બેઠો. સાધુરામ ! તમે કેટલે સુધી જાવ છો ? સંતોએ કહ્યું, અમે વડતાલ સમૈયાના દર્શન કરવા જઈએ છીએ. લૂંટારાએ કહ્યું, ‘‘અહીંથી વડતાલ સાત ગાઉ દૂર છે તો કઈ રીતે ત્યાં પહોંચશો ?

અહીં રાત રહેવાય તેમ નથી, હિંસક જનાવર ફરે છે તે તમને મારી નાખશે. સંતોએ કહ્યું, ‘‘શ્રીજી મહારાજની મરજી હશે તેમ થશે. ડાકુ પોતાની બાબત સંભળાવે છે. સ્વામીજી મારાથી મોટું પાપ થઈ ગયું છે. સગી જનેતાને મારી નાખી છે તેથી સમાજમાં મોઢું બતાવાય તેમ નથી. જંગલમાં રખડું છું ને દિવસ પસાર કરું છું. પસ્તાવાનો પાર નથી. આટલું બોલતાં ડાકુ રડી પડ્યો. ધીરજ આપતાં સંતોએ કહ્યું, રડો નહિ ! ભવિષ્યનો વિચાર કરવો જોઈએ કે હું ખીજાઈને કાંઈ અનર્થ કરીશ તો ખરાબ અસર થશે અને પરિણામ સારું નહિ આવે.

ભગવાન તમારું સારું કરશે. તમે પણ અમારી સાથે વડતાલ ચાલો. ડાકુએ બીમાર સંતને પોતાના ખભા ઉપર બેસાડ્યા અને પગપાળા ચાલતા વડતાલ આવ્યા. શ્રીજી મહારાજ સંતોની સભામાં વિરાજમાન છે ત્યાં આવીને બીમાર સંતને ધીરેથી હેઠા ઉતાર્યા. શ્રીજી મહારાજને પગે લાગી ચરણમાં વંદન કર્યા. પ્રભુએ કરુણાદષ્ટિ કરી. ઓહો ! મારા સંતને ખભે બેસાડી અહીં લાવ્યા. તરત સમાધિ થઈ ગઈ. સમાધિમાં અક્ષરધામનાં દર્શન થયાં. પાપ બળીને ભસ્મ થઈ ગયાં અને હૃદયમાં પરમાત્માનો દિવ્ય ભક્તિનો પ્રકાશ પથરાઈ ગયો. છતે દેહે અક્ષરધામના જેવું સુખ ભોગવે છે. અનન્યભાવથી પરમાત્મામાં જોડાઈ ગયા. સિંહની હાક વાગેને શિયાળીયા નાસી જાય, કલ્યાણભાઈએ બાકીની જિંદગી પ્રભુ ભજનમાં વિતાવી અંતે ઉત્તમ ગતિને પામ્યા.

**પરમાત્માની ભક્તિનો નાદ જાગે, તો પાપ ભાગે.**

આ છે સંતનો પ્રતાપ... કલ્પતરુની છાયામાં જઈએ તો ભૂખ મટી જાય, પણ જન્મમરણના ફેરા મટે નહિ. કલ્પતરુ-કામધેનુ, પારસમણિ, ચિંતામણિ વગેરે કોઈ એવી ચીજ નથી કે સંતોની સાથે સરખાવીએ, સંતો એથી પણ મહાન છે. નિષ્કુળાનંદ સ્વામી સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતના ગુણ ગાય છે કે સંત સહુના સુખકારી છે.

**એવા સંત સહુના સુખકારી, જેના હૃદયમાં રહ્યા મુરારી;**
**શુભ ગુણના સદન સંત, તેનો મહિમા મોટો છે અત્યંત.**
**પરમારથી પુણ્ય પવિત્ર, નહિ શત્રુતા સહુના મિત્ર.**

સંત સદાય સહન કરે છે. સંતો ધર્મના પ્રચાર માટે દેશોદેશમાં ફરવા ગયા ત્યાં રૂઢિચુસ્તોએ ખૂબજ જુલમ કર્યો, તે ત્રાસને સંતોએ સહન કર્યા છે ત્યારે ધર્મના પાયા મજબૂત થયા છે. ધોમધખતા જેઠ મહિનામાં એક ખેડૂત ખેતર ખેડતો હતો. એક હાથમાં બળદની રાશ છે ને બીજા હાથમાં બળદને હાંકવાની લાકડી છે. તે ખેતરમાં સંતો પધાર્યા. ખેડૂત બાપા ! જય સ્વામિનારાયણ શું કરો છો ? ઠીક છો ને પ્રેમભાવથી બોલાવ્યા પણ બાપા કાંઈ બોલ્યા નહિ, સામે પણ જોયું નહિ એને થયું કે બાવા તો રખડતારામ છે. એને શું કામ હોય. ધંધો કરવો ન પડે. મારે તો ધંધો ભલો. હળ ચાલુ રાખ્યું, તેની સાથે સાથે સંતો માટીના ઢેફામાં ફરતામાં ઉપદેશ શરુ કર્યો.

ખેડૂતબાપા ! આ જગતમાં સંસારની પ્રવૃત્તિ સદાય ચાલુજ રહેશે. ખેતી કરવી તે સારું કામ છે. પુણ્યનું કામ છે તેમ ભગવાનનું નામ સ્મરણ કરશો તો જીવનું જરૂર કલ્યાણ થશે. આ સંસાર સ્વપ્ના જેવો ક્ષણિક છે એક દિવસ આ દુનિયાને છોડીને પરલોકમાં જવાનું છે, માટે જેમ દેહ સારું કમાણી કરો છો તેમ પરલોકની કમાણી ધર્મ નિયમનું પાલન કરી ભક્તિ કરશો તે સાથે ચાલશે. આવો સુંદર ઉપદેશ ખેડૂતને ગમ્યો નહિ. અલ્યા બાવલા ચાલતો થા અહીંથી. પાછળ લવરી કરે છે. ફટકારીશ લાકડી, સંતે શાંતિથી કહ્યું, બાપા ! ખેતરમાં હળ હાંકતા હાંકતા ભગવાનનું નામ લેશો તો તમારું જીવન પવિત્ર થશે અને તમારી મહેનત ફળશે.

ખેડૂતના મગજની કમાન છટકી, બળદને હાંકવાની હાથમાં લાકડી હતી તે સટાક દઈને સંતના માથા ઉપર મારી, લોહીની ધાર થઈ, ચક્કર આવી ગયા. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલતાં ત્યાંજ બેસી ગયા સાથે જે શિષ્ય હતા તેમણે રૂ સળગાવી ઘા ઉપર દાબ્યું. થોડવાર પછી થોડીક રાહત થઈ. સાંજ પડી, ત્યારે સંતે કહ્યું, ચાલો ચોરામાં જઈએ ત્યાં માણસો બેઠા હશે ત્યાં ઉપદેશ આપી સત્ય માર્ગ બતાવીએ. શિષ્યે કહ્યું, ત્યાં માર ખાવા જવું નથી. કુસંગી લોકો મારવા દોડશે. જુલમ અને ત્રાસનો કોઈ પાર નથી. ત્યાં નથી જવું. દૂર જંગલમાં જતા રહીએ. ત્યાં સુખેથી ભજન સ્મરણ કરશું.

ગુરુએ સરસ જવાબ આપ્યો. બેટા ! આપણને જે જ્ઞાનનો પ્રકાશ મળ્યો છે તે બીજાને આપવાનો છો. અજ્ઞાની માણસોનાં અંધારાં દૂર કરવાં છે. બધા લોકો સરખા ન હોય. સમય જતાં જે ખેડૂતે સંતને માર્યું હતું તે અપરાધથી તેની બુધ્ધિ બગડી, ગામના લોકો સાથે અણબનાવ થયો તેથી કુસંપ અને કલેશ વધી ગયો. કુટુંબનું ખેદાન મેદાન થઈ ગયું. ભયંકર રોગ થયો. હવે પસ્તાવો થાય છે કે મેં સંતને લાકડી મારી છે ત્યારથી હું દુઃખી છું.

## ડરના હો તો પાપસે ડરીએ, ભાગના હો તો દુર્જન સે ભાગીએ

બે વરસ પછી સંતો તેજ ગામમાં સત્સંગ કરવા પધાર્યા. ખેડૂત દોડતો આવી સંતના ચરણમાં મસ્તક ઝુકાવ્યું. બાપજી મારા જેવા પાપી પર દયા કરો. મેં તમને વગર અપરાધે લાકડી મારી હતી. એમ કહી ધ્રુસકે ધ્રુસકે રડે છે. લાકડી મારી છે ત્યારથી હું રિબાઉં છું. બહુ દુઃખી છું. મારા હૃદયમાં છાતીમાં બળતરા થાય છે. જમવાનું ભાવતું નથી. રાત્રે નીંદર આવતી નથી. શાંતિ થતી નથી. સંતો ખૂબ દયાળુ હોય છે. સંતે કહ્યું, ચિંતા ન કરો. આશીર્વાદ આપીએ છીએ. ભગવાન તમારું સારું કરશે એમ કહી તે ખેડૂત પર પાણીનો છંટકાવ કર્યો, વર્તમાન ધરાવી નિયમ ધર્મની રીતભાત શીખવાડી પૂજા આપી અને કહ્યું પ્રેમભાવથી પૂજા કરજો. નવરાશ મળે ત્યારે વડતાલ આવજો.

ધન્ય છે સ્વામિનારાયણ ભગવાનના સંતોને કે ધીરજ, સંયમ જાળવી રાખીને મારનારની સામે હાથ ઉપાડ્યો નથી પણ મારનારનું ભલું કર્યું છે. સંતના આશીર્વાદથી શરીરમાં જે રોગ હતો તે મટી ગયો અને ભગવાન સ્વામિનારાયણના પરમ એકાંતિક ભક્ત થયા.

**કહિયે દિલના દયાળુ એને, ક્ષમા કરવાનો સ્વભાવ જેને;**
**સર્વે જીવના છે હિતકારી, શીત ઉષ્ણ સહે દુઃખ ભારી.**
**કેના ગુણમાં અવગુણ ગોતે, શાંત સ્વભાવ વાળા છે પોતે;**
**નથી શત્રુ જેને જગમાંય, વળી વર્તે છે વણ ઈર્ષાય.**

નિષ્કુળાનંદ સ્વામી સાચા પરમ એકાંતિક બ્રહ્મનિષ્ઠ સંતના ગુણ ગાય છે. સંતો દિલના દયાળુ છે, ક્ષમા કરવાનો સ્વભાવ છે, સર્વજીવનું હિત કરનારા છે, ગુણમાં કોઈ અવગુણ ગોતતા નથી, શાંત સ્વભાવ છે તેનો આ જગતમાં કોઈ શત્રુ

નથી. તે અજાતશત્રુ છે. મત્સર નથી, માને રહિત વર્તે છે, મીઠી મધુરી વાણી બોલે છે તેથી સર્વેને ગમી જાય છે. કામ, ક્રોધ, લોભ, મોહને જીતી લીધા છે. અહંગ્રંથીને ટાળી નાખી છે. સ્વધર્મમાં દઢ રહ્યા છે.

ઈંદ્રિયોને દમતા રહે છે. સુખ-દુઃખમાં હર્ષ શોક પામતા નથી. ધર્મને અનુસરીને વર્તે છે. ચપળપણું ટળી ગયું છે. ચંચળતાઈ નથી. બોધ આપવામાં અતિ ચતુર છે. અજ્ઞાનના અંધારાને ટાળનારા છે. સદાય આત્મારૂપે વર્તે છે. ભગવાનમાં દ્રઢ નિષ્ઠા છે. કોઈથી ડરતા નથી કેવળ પાપથી ડરે છે. કોઈ પદાર્થની અપેક્ષા નથી. સત્યાસત્યના વિવેકે યુકત છે. સદાય વર્તે છે શ્રધ્ધા સહિત, અતિ ઉદાર સ્વભાવ છે. કોઈ પ્રકારનું જીવનમાં ખોટું વ્યસન નથી પણ એક શ્રેષ્ઠ વ્યસન છે. સત્શાસ્ત્ર વાંચવાનું અને સાંભળવાનું. તપ કરવામાં રૂચિવાળા છે. કોઈ દિવસ પાપ કરતા નથી. ગ્રામ્ય વાર્તા કરતા નથી ને સાંભળતા પણ નથી. પંચવિષયની આસક્તિ ટળી ગઈ છે.

આસ્તિક મતિવાળા છે. છાની વાત કોઈની હોય તો છતી કરતા નથી. આહાર અને નિદ્રાને જીતેલી હોય છે. સદાય સંતોષી રહે છે. પોતાના ધર્મમાં બુધ્ધિ ઠરાવી રાખે છે. હિંસા રહિત વૃત્તિ છે. કોઈ પ્રકારની તૃષ્ણા નથી. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરે છે. પ્રાણ વાયુને જીતેલ છે. પ્રભુમાં ખૂબ પ્રીતિ છે. શ્રીહરિના ચરણકમળમાં દ્રઢ આશ્રય છે.

**શ્રીહરિના જે ચરણકમળ, તેનો દઢ આશ્રય અચળ;**
**શ્રી કૃષ્ણની ભક્તિ પરાયણ, સદા રહે છે દિવસ રયણ.**

અતિ હર્ષ વડે કથા સાંભળે, અવતાર ચરિત્રનું કીર્તન કરે છે. પ્રભુનું ધ્યાન કરવાનું સદાય તાન છે. હરિભક્તિ વિના વ્યર્થકાળ નિર્ગમન કરતા નથી. નિત્ય નારાયણને ભજે છે. અન્ય વાસના સર્વે તજે છે. :- એવા લક્ષણેયુકત જે સંત, સંત પુરુષ કહેવા મહંત; એહ આદિ શુભ ગુણ જેહ, હોય સાચા સંતમાંહિ તેહ. એવા સદ્ગુણે જે સંપન્ન, તેને કહીએ સાચા સંત જન; સાચા સંતો જ્યાં હોય ત્યાં પ્રગટ ભગવાન હોય છે. હરિની આજ્ઞામાં રહે હંમેશ, નથી પિંડ બ્રહ્માંડમાં પ્રીત.

પર્વતપ્રાય ભક્તિ કરે છે. કૃષ્ણ ચરણમાં માન્યુ ચિત્ત. બીજે રહી નહિ જેની પ્રીત, ભગવાનના સુખમાં મગ્ન રહે છે. અનુભવમાં આવેલું અમલમાં રહીને બોલે છે. સંસારી સુખ સ્વપ્ન સમાન જાણે છે. પ્રભુની ભક્તિમાં મસ્ત રહે છે. સાચા સંતો જેને મળે છે, તેનાં સર્વે કાજ સરે છે. સુખી થવું હોય તેને નિત્ય સંત સમાગમ કરવો.

સત્સંગ કરવાથી શું થાય ? જમ ત્રાસ ટળે છે. કરે સંત સમાગમ જ્યારે, જીવ નિર્ભય થાય છે ત્યારે; સમજી વિચારીને સમાગમ કરે છે તો જન્મ મરણથી તરે છે.

**કહે નિષ્કુળાનંદ એમ સત્ય, કહી સંતસંગની વિગત્ય;**
**સુખી થાવા જીવને એ ઠામ, તેહ વિના નથી વિશ્રામ.**

સત્સંગીને કેવો નિશ્ચય રાખવો !! વચનામૃત ગ.પ્ર. ૨૧ શ્રીજી મહારાજ કહે છે, આપણી અક્ષરરૂપ જે મુકત તેમની ભક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હાજર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું માયિક સુખ તેને ઈચ્છવું નથી ને કોઈ ઠેકાણે લોભાવું નથી એવો દ્રઢ નિશ્ચય રાખીને નિરંતર ભક્તિ કરવી. પૂર્વછાયો :-

**કુસંગ ને સતસંગનું, કહ્યું રૂડી રીતે રૂપ;**
**જન હવે સાંભળો, કહું એક વાત અનૂપ.**
**જે સુણી આ જીવને, ઉઘડે અંતરની આંખ;**
**સતસંગ સમજી કરે, તેજે કુસંગ કરવા ધાંખ.**
**જેમ સર્વે સંત તણી, એક રહેણી ને એક રીત;**
**તેહ હરિની હોય નહિ, કહુ તેહ સુણો દઈ ચિત.**

સત્સંગની અને કુસંગની રીતભાત જુદી હોય છે. સંતની રહેણી અને કરણી એક હોય છે તેમ ભગવાનની રહેણી કરણી એક હોય નહિ. જીવના કલ્યાણ કારણે જૂજવી જાતનાં તન, જીયાં જેવું કામ પડે તેવા થાય ભગવાન. ચોપાઈ :-

**હવે સાંભળો સહુ સુજાણ રે, કહું વાત શાસ્ત્ર પ્રમાણ;**
**જેથી પ્રભુપણું પ્રિછાય રે, પ્રભુ પ્રકટમાં સંશય ન થાય રે.**

પ્રભુ અનંત અવતાર ધરે છે. જેવાં કાર્ય કરવાની જરૂર પડે તેવાં રૂપ ધરીને તે કાર્ય કરે છે. મત્સ્ય કચ્છ પાણીમાં વિચર્યા રે, વરાહ નૃસિંહ વનમાં ફર્યા રે; વામન પરશુરામવર્ણી, રામ કૃષ્ણની અલૌકિકર્ણી. બુધ્ધ ભગવાન બોધના દાતાર, કલ્કી ભૂમિહરણ ભાર, ક્રિયા એક એકની ન મળે, એમ લખ્યું પુરાણ સઘળે.

ભગવાન ભૂમિ ઉપર કયારે પ્રગટ થાય છે ? અધર્મ વધી જાય છે ત્યારે. સંત ભક્ત તપસ્વી ત્યાગી રે, પીડે રંક ઋષિને અભાગીરે; તેને દેખી ન શકે દયાળ, આવે એને અર્થે તતકાળ.

**ધર્મ રક્ષણ કરવાને કાજ્રે, જુગો જુગ પ્રગટે મહારાજ રે;**
**તેમાં હરિજનનાં દુ:ખ હરે રે, જેવું ઘટે તેવું તન ધરે રે.**

ધર્મનું રક્ષણ કરવા ભગવાન જુગો જુગમાં પ્રગટ થાય છે. ગમે તે ભાવે ભગવાનમાં જોડાઈ જાવ. ગોપીઓએ કામભાવે ભગવાનને ભજ્યા, તો તે ભવસાગર તરી ગઇ. ભયભાવે ભજ્યા કંસ ભૂપાળ, ક્રોધભાવે ભજ્યા શિશુપાળ, વેરભાવે શિશુપાળે ભગવાનનું સ્મરણ કર્યું તો દયાળુ પ્રભુએ તેનું કલ્યાણ કર્યું. વસુદેવ અને દેવકીજીએ સ્નેહભાવે ભગવાનનું સ્મરણ કર્યું તો ભગવાન તેને ઘેર પુત્ર થઈને પધાર્યા. બકાસુર, અઘાસુર, ભુમાસુર, ભસ્માસુર વિગેરે અસુરોએ દુષ્ટભાવે ભગવાનને સતત યાદ કર્યા તો તેનું પણ ભગવાને કલ્યાણ કર્યું. કલ્યાણ થયું પણ અસુર નામ મટતું નથી.

પાંડવોએ ભગવાન પ્રત્યે સખાભાવે ભક્તિ કરી, ઉધ્ધવજી દાસભાવે ભક્તિ કરી ભગવાનને પામી ગયા. ગમે તે ભાવે ભગવાનને યાદ કર્યા, ભગવાનનો સ્પર્શ થવાથી તે સૌનું કલ્યાણ થયું છે. પ્રગટ પ્રભુના સ્પર્શથી કરોડો જીવાત્માનું કલ્યાણ થાય છે. વેરભાવે કલ્યાણ મેળવવું એના કરતાં ભક્તિ કરીને કલ્યાણ મેળવવું તે ઉત્તમ માર્ગ છે.

**કૃપાસિંધુ જે કૃષ્ણ મુરારિ રે, તે તો અવતારના અવતારી રે;**
**જે જે અવતાર કહ્યા મેં કથી રે, તે તો સર્વે શ્રી કૃષ્ણમાંયથી રે.**

સર્વ અવતારના અવતારી, કૃપા સિંધુ શ્રીકૃષ્ણ મુરારી. તેજ ભક્તિ ધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે. સૌને અભયદાન આપવા માટે પધાર્યા છે, આપણને પ્રગટ ભગવાન મળ્યા છે તે મોટાં ભાગ્યની વાત છે.

## ભગવાન સાથે જેનો સંબંધ થાય, તે જમદંડથી મૂકાય

ટળે સર્વે સંકટ ત્યારે, મળે સંત કે શ્રીહરિ જ્યારે. આ જગતમાં બે જ વસ્તુ સુખકારી છે. એક સાચા સંત અને ભગવાન તે સુખકારી છે. જેને સુખી થવું હોય, ભવાટવીમાં ભટકવું ન હોય તેને એકજ ઠેકાણેથી અખંડ અવિનાશી અલૌકિક સુખ મળશે. એક જ ઠેકાણું પકડો.

શ્રીજી મહારાજ ગ.અં.૩૯ વચનામૃતમાં કહે છે, આગળ નારદજી, હનુમાનજી, પ્રહ્લાદજી મોટા ભક્ત થયા છે. તેમણે ભગવાન પાસે એજ માગ્યું છે કે,

અહંમમત્વરૂપી માયા થકી રક્ષા કરજો અને તમારે વિષે પ્રીતિ થજો, આવા ઉત્તમ ભક્તોએ માયાને ટાળજો એવું માગ્યું છે અને આપણે માયા માગીએ છીએ. પૈસા દેજો, પુત્ર અને પુત્રી દેજો, માલ મિલકત ને બંગલા દેજો. ફરવા ગાડી દેજો, ખૂબ મિલકત પડી હોય છતાં માણસ ધરાતો નથી.

મોટા સંતો કહે છે, માયા તમારી પાસે લઈ લ્યો અને આપણે કહીએ છીએ કે તમારી જેટલી માયા હોય તે અમને દઈ દો. જલસા કરવા છે. હનુમાનજી, નારદજી, પ્રહ્લાદજી એવા પરમ ભક્તને માયામાં ખૂંચવું નથી, માયા ગમતી નથી, આપણને માયામાં બહુ મજા આવે છે. આટલો ફર્ક છે ઉત્તમ ભક્તમાં અને કનિષ્ટ ભક્તમાં.

**એહ સર્વ સુખનું છે ધામ રે, સુખદાયી શ્રી ઘનશ્યામ રે;**
**જન ઈચ્છે સુખી થાવા જેહ રે, અચળ એક ઠેકાણું છે એહ રે.**

ઘનશ્યામ મહારાજ સુખના ધામ છે. જેહ સમે જેનું હોય રાજ રે, તેહ સમે સરે તેથી કાજ રે. જેનું જે વખતે રાજ હોય, તેનાથી તેહ સમે કાજ થાય, ભગવાને શ્રીરામ અવતારમાં અનેક જીવાત્માનાં કલ્યાણ કર્યાં. તેજ ભગવાન જ્યારે કૃષ્ણ અવતાર ધારણ કર્યો ત્યારે અનેકનાં કલ્યાણ કર્યાં છે. અને જ્યારે તેજ ભગવાન સ્વામિનારાયણ રૂપે આવ્યા ત્યારે તેમણે અનેકનાં કલ્યાણ કર્યાં છે. સ્વામી આપણને હિંમત આપે છે.

**છેલ્લો જન્મ છે આ જાણી લેજો,**
**એમ જાણી આનંદમાં રહેજો.**

આનંદથી ભક્તિ કરજો, જ્યારે તનનો અંત આવશે. ત્યારે નિશ્ચય આવે છે તેડવા નાથ, નિજ સંત સખા લઈ સાથ. સંતોને સાથે લઈને તેડવા આવશે ને અક્ષરધામમાં તેડી જાશે. અશ્વ રથ વેલ વિમાન, ગજ ગરુડ ગાડિયો નિદાન; આવે એક બે ત્રણ દિન આગે, દઈ દર્શનને દુઃખ ભાગે. સાચા નિર્વાસનિક ભક્તને બે ત્રણ દિવસ પહેલાં આવીને ભગવાન કહી જાશે. ઓચિંતા નહિ આવે. પહેલી ચેતવણી આપશે... તૈયાર રહેજો...

રાજપુર ગામમાં કર્ણભાઈ પરમ એકાંતિક ભક્ત હતા. ગામમાં મંદિર હતું નહિ. બધા ભક્તોની ઈચ્છી હતી કે આપણા ગામમાં મંદિર થાય તો બહુ સારું, સાથે બેસીને ભજન ભક્તિ કરીએ. કર્ણભાઈ ગામ પટેલ હતા. સર્વે ગ્રામ્યજનોએ વાત કરે કે, કર્ણભાઈ ગામમાં મંદિર બનાવીએ તો સત્સંગનો સારો સમાસ થાય.

કર્ણભાઈએ કહ્યું, ''ધીરેથી કરશું, કયાં મોડું થાય છે.?'' એમ કરતાં સાત વરસ વીતી ગયાં, પણ મંદિર બનાવ્યું નહિ. તમે મકાન બનાવો ત્યારે કેવી ઉતાવળ કરો છો ! જલદી મકાન બની જાય તો જલ્દી રહેવા જઈએ.

ભગવાન સ્વામિનારાયણે કર્ણભાઈને દર્શન આપીને કહ્યું, ''આજથી બાર મહિના પછી અમે તમને તેડવા આવશું, માટે મંદિર કરવાનું છે તે જલદી પુરું કરી લેજો.'' મંદિરનું બાંધકામ શરુ થયું. કોઈ પથ્થર લાવે, કોઈ ઈંટો લાવે, કોઈ માટી લાવે, કોઈ પાણી ભરી લાવે, ઝાઝા હાથ રળિયામણા છે. છ મહિનામાં મંદિર તૈયાર થઈ ગયું. માણસ ધારે તો શું ન થાય ? સંતોએ મૂર્તિપ્રતિષ્ઠા કરી આરતી ઉતારી. પછી સભામાં ભક્તજનોને ભલામણ કરી કે આજથી સૌ હરિભક્તો નિયમ લેજો કે દરરોજ આ મંદિરમાં દર્શન કરવા આવવું, કથા, કીર્તન, નિયમ ચેષ્ટાનું નિયમ રાખજો, ઉત્સવ સમૈયા કરવાથી મંદિર શોભે છે. ઉત્સવ સમૈયા કરજો અને આ મૂર્તિમાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ બિરાજે છે. એ ભાવથી દર્શન કરશો તો તમારી શુભ ઈચ્છાઓ ભગવાન પુરી કરશે.

અગિયાર મહિના પછી શ્રીજી મહારાજે કર્ણભાઈને દર્શન આપી કહ્યું, ભગત... તૈયાર રહેજો એક મહિના પછી અમે તમને અક્ષરધામમાં તેડી જઈશું. ભક્તે કહ્યું, તૈયાર છું મહારાજ, પછી ધામમાં જવાનો એક દિવસ બાકી રહ્યો ત્યારે કર્ણભાઈએ પોતાનાં પત્નીને વાત કરી કે આવતીકાલે શ્રીજી મહારાજ મને ધામમાં તેડવા માટે પધારવાના છે, ત્યારે તેમનાં પત્નીએ કહ્યું, મને તમારાથી પહેલાં શ્રીજી મહારાજ ધામમાં તેડી જાય એવું કરોને ! મને ધામમાં જવાનો ખૂબ આનંદ થાય છે.

**આપણા માટે નર્ક નથી, આપણા માટે અક્ષરધામ છે.**

કર્ણભાઈનાં પત્ની પલાંઠીવાળીને ભગવાનને હૃદયમાં ધારી સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામનો મહામંત્રનો જાપ શરુ કર્યા. ત્યાં ભગવાન તેમના આત્માને અક્ષરધામમાં લઈ ગયા. સંસારની માયામાં ખૂબ આસક્તિ હોય એવા ભક્તને સંતો એમ કહે છે કાલે તમને ધામમાં જવાનું છે, તો તે રાજી થાય કે વલોપત કરે. ભય પેસી જાય.. આ..હા...હા... મારા સગાં સંબંધી મૂકીને મને એકલાને જાવું પડશે ! પણ ધ્યાન રાખજો. મોતથી કોણ ડરે ? જેના ખાતામાં ગડબડાટ હોય, પાપ કર્યા હોય તેને બીક હોય મારું શું થશે ! પણ જેના જીવનનું ખાતું ચોખ્ખું છે તેને બિલકુલ ડર હોય નહિ, તે રાજી થાય. આત્મા અને પરમાત્માનું મિલન થશે. અક્ષરધામમાં

મુકતોનાં દર્શન થાશે. આનંદ થાય, ધામમાં જવા જેવું કર્યું હોય તો રાજી થાયને !! ખોટા, ઊંધા ધંધા કરીને અન્યાય અનીતિ કરી હોય તે શું ધૂળ રાજી થાય.?

બીજે દિવસે શ્રીજીમહારાજ પુષ્પક વિમાન લઈને અનેક મુકતો સાથે લઈને પધાર્યા. આકાશમાં તેજ તેજ છવાઈ ગયું. ''ચાલો ભક્તરાજ, તમે અમારું મંદિર બનાવ્યું છે. તમારો શુભ સંકલ્પ પૂરો થયો, મંદિરમાં સદાય સત્સંગનો પ્રવાહ ચાલુ રહેશે. ત્યાં કર્ણભાઈનો નાનો પુત્ર મંડ્યો રડવા, બાપુજી તમે ધામમાં જાશો તો હું એકલો થઈ જઈશ. મને તમારી સાથે લઈ ચાલો. પ્રભુ એ દીકરાના આત્માને પણ વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઈ ગયા.

**તે ધામ ગોલોક કહેવાય રે, જેને મોટા મોટા મનને ચહાય રે;**
**તેહ મધ્યે કરી રહો વાસ રે, જીયાં કાળ માયાનો નહિ ત્રાસ રે.**

અક્ષરધામ કેવું છે ? ત્યાં કાળ, માયાનો ત્રાસ નથી. કલિયુગનો પ્રવેશ નથી. દિવ્ય અલૌકિક સુખ છે. સર્વે ધામ તણા જેહ ધામી, તે આવ્યા છે સહજાનંદ સ્વામી; આવી શક્કો બેસાર્યા નવલ, અતિ અનુપમ જે અવલ. સર્વજીવ તણા સુખ કાજ, રૂડી રીત ચલાવી મહારાજ; આ વખતે વારો એવો આવ્યો છે કે વાત જવા દો. અલૌકિક લ્હાવો લેવાનો છે.

**જયાં ત્યાં માથાં ભટકાવશો તો કોણ આવશે તેડવા ?**

જમપુરીનાં દુઃખ તો પ્રભુ વિમુખ માટે છે. પ્રભુને છોડી બીજી જગ્યાએ જાશે તો જમપુરીનો માર ખાશે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સુખ અને દુઃખ મેં બરાબર રીતે તમને સમજાવ્યું છે. કાંઈ બાકી નથી રાખ્યું. મને જે પ્રમાણે શ્રીજી મહારાજે કહ્યું, છે તે પ્રમાણે મેં પાંતિયા પાડીને તમને મારી બુધ્ધિ અનુસારે સમજાવ્યું છે. સ્વામીએ આપણા ઉપર ભારે ઉપકાર કરેલ છે. સ્વામી કહે છે, તમારું ભલું થાય, તમે દુઃખથી બચી શકો. તે માટે આ ગ્રંથ મેં લખ્યો છે.

**આ જે જમદંડ ગ્રંથ ગાશે રે, સુણી જમદંડથી મુકાશે રે;**

આ ગ્રંથનું જે શ્રવણ કરશે, અને ભગવાને જેમ કહ્યું છે તેમ કરશે તો તેનું રૂડું થાશે, જમદંડ ગ્રંથ ગાશે સુણી જમદંડથી મૂકાશે. આ ગ્રંથ પાપી સાંભળશે તો ડરશે, પુણ્યશીલ સાંભળશે તો ખુમારી વધશે કે મારું ભગવાનને ઘરે ખાતું ચોખ્ખું છે. મને ભગવાન ચોક્કસ તેડવા પધારશે. મને કોઈ ચિંતા નથી. આ ગ્રંથ અદ્‌ભુત છે.

## વરસો વરસ વાંચશો તો જીવનમાં સુધારો થાશે

વરસો વરસ આ ગરુડપુરાણરૂપી યમદંડની કથા વાંચશો તો ખ્યાલ આવશે કે હું આટલું ખોટું કરું છું, ખોટાં કર્મ કરતાં અટકી જવાશે અને સાચો માર્ગ પકડી લેવાશે.

**દેશે સાંભળી વિપ્રને દાન રે, અન્ન ધન વસ્ત્રાદિ સન્માન રે;**
**તે તો સુખી થાશે નરનાર રે, વળી સહેજે તરશે સંસાર રે.**

સન્માન સહિત સંતોને, બ્રાહ્મણોને ગરીબને અને ગાયોને અન્નધન વસ્ત્રાદિક આપશે તે સુખી થાશે. નરનાર, વળી સહજે તરશે સંસાર, નિષ્કુળાનંદ સ્વામી કહે છે. મને જેવી ભગવાને આજ્ઞા કહેલ છે તે પ્રમાણે મેં મારી મતિ પ્રમાણે લખ્યું છે.

**કહે નિષ્કુળાનંદ વિચારી રે, સહુ જન લેજો હૈયે ધારી રે;**

સ્વામી કહે છે, મને સ્વામિનારાયણ ભગવાને જેવું સમજાવ્યું છે એવું મેં લખ્યું છે. તેમાં ઓછું અધિક જે કાંઈ કહ્યું છે, તે હૈયે ધારીને શાસ્ત્ર પ્રમાણે વર્તશે, કહ્યું છે તેમ કરશે તો મહાસુખને પામશે. આવા આશીર્વાદ સ્વામી આપે છે.

પૂર્વછાયો :- જુજવી રીતે જીવને, કહ્યાં જમપુરીનાં દુઃખ;

**હરિજન મગન રહેજો, એ તો ભોગવશે વિમુખ.**

પાપી જાશે જમપુરીએ, અને ભક્ત જાશે બ્રહ્મમહોલ; સમર્થના શરણ વિના, કુશળ કયાં થકી હોય. આપ બળે નવ ઊગરે, જેમ સિંધુ તરવો સોય; સમુદ્ર પાર કરવા માટે નૌકાની જરૂર પડે છે તેમ સંસાર સાગર પાર કરવા માટે પ્રભુનું શરણું લેવું પડે છે. જન્મ મરણના ચક્કરથી જે ડરતા નથી તેને મૂર્ખ, મંદમતિ, અતિ ગાફેલ કહીયે ગમાર, ડાહ્યો કે ચતુર ગમે તેટલો ભણેલ હોય પણ હરિમાં હેત નથી તેની કોઈ કીમત નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**જમ આવે જેને તેડવા, કહું તેના તનની રીત;**
**અચેત મરે અસાધ્યમાં, જેને પ્રભુમાં નહિ પ્રીત.**

ચોપાઈ :-

**જેને આવે લેવા જમરાણ રે, તેનાં ઓળખાવું હું એંધાણ રે;**
**જમ જોરે કાઢે એનો પ્રાણિ રે, સર્વે નાડી અનાડીની તાણિ રે.**

જેને જમ લેવા આવે એનાં એંધાણ સ્વામી આપે છે. એનું થાય સજજડ

શરીર, લોહ લાકડ સરખું અચીર સૂકા લાકડા જેવું એનું શરીર અકકડ કડક થઈ જાય છે. હાથ-પગ જેમ હોય તેમ રહી જાય. આંખ્ય અને મુખ ફાટ્યું રહી જાય. બીડે તોય બીડાય નહિ, મળ, મુત્રથી શરીર બગડી જાય, વલખા મારે, હાથ પછાડે. હાય હાય મારા પુત્રને પરિવાર અને પત્નીનું શુ થાશે. આળપંપાળ કરતાં કરતાં પ્રાણ નીકળી જાય તે જમપુરીમાં જાય.

જમના હાથમાંથી છટકી જાય તે ભૂતપ્રેત થાય, નરક કરતાં પણ ભૂતપ્રેતની યોનિમાં વધારે દુઃખ છે. તેને નદી, કૂવા કે તળાવમાં પાણી પીવા મળતું નથી ત્યાં વરુણદેવની ચોકી હોય છે. કેવું પાણી પીવા મળે છે ! સાંભળો પિયે ગુદા ધોયાનું પાણી, અતિશય અશુધ્ધ જાણી; એમ હરિ વિમુખને દુઃખ, જીયાં જાય તિયાં નહિ સુખ, ભીલ કસાઈ કલાર પારાધિ ફાંસિયા મચ્છીમાર વિગેરે મહાપાપ કરનાર સદા રહે નરકમાંય, કોઈ કાળે ન નિસરે બહાર, જેણે પાપ કર્યાં અપાર.

મહાપાપી જીવાત્મા ગર્ભથી કયારે પણ જીવતો બહાર આવતો નથી. ગર્ભમાંથી સ્ત્રવી જાય છે, કાંતો કાઢે ઉદરથી કાપી, ન આવે ગર્ભથી જીવતો પાપી, જન્મોજન્મ આવાં દુઃખો ભોગવે છે. આ જગતની જેલમાંથી બહાર નીકળવું હોય તો લાંચ રૂશ્વતથી કદાચ છૂટકો થઈ જાય.

## કુદરતની અદાલતમાં એક સરખો ન્યાય છે.
## લાંચ રૂશ્વત નથી.

કર્યાં કર્મ ભોગવે છૂટકો.. શ્રીજી મહારાજ કહે છે, અમે જેમ કહીએ છીએ તેમ નહિ કરો તો તમારે ને અમારે ઘણું છેટું થઈ જશે, ભૂત કે બ્રહ્મરાક્ષસનો દેહ આવશે, તો હેરાન થાશો અને જો ભક્તિ કરી હશે તો તેનું ફળ ગમે ત્યારે ઊગી નીકળશે. આ પ્રમાણે રહેશો તો મુકત થઈને ધામમાં જાશો.

**કોઈ પઢે સર્વે પુરાણ રે, કહાવે સર્વે લોકમાં સુજાણ રે;**
**કરી વાતો ડોલાવે બ્રહ્માંડરે, પણ ટળે નહિ જમદંડ રે.**
**કોઈ કરે જ્ઞાન ને જાગ રે, આપે સર્વે અમરને ભાગ રે;**
**હોમે નરપશુ પંડ રે, પણ ટળે નહિ જમદંડ રે.**
**કોઈ પર્વત પરથી પડે રે, જ્યારે એવે વેગે મન ચડે રે;**
**મળે સુત વિત રાજ્ય રંક રે, પણ ટળે નહિ જમદંડ રે.**

અઢાર પુરાણ ભણ્યો હોય, લોકમાં પ્રસિધ્ધ હોય, વાત કરે ત્યારે જગત ડોલે પણ હરિમાં હેત નથી તો જમદંડ ટળતો નથી. જગન કરે, પર્વત પરથી પડે, ચારધામની યાત્રા પગપાળા કરે, જળમાં સમાધિ લે, વ્રત ઉપવાસ કરે, હિમાલયમાં હાડ ગાળે, ચારે બાજુ અગ્નિ કરી વચ્ચમાં બેસે, અષ્ટાંગયોગ સાધે, આત્મારૂપે આરાધે પણ જો હરિમાં હેત ભાવ કે ભક્તિ અચળ શ્રધ્ધા નથી તો જમદંડ ટળતો નથી. ચાર વેદ, વ્યાકરણ ને વેદાંત ભણ્યો હોય, કોઈ કવિ થઈ કાવ્ય જોડે, કોઈ કરે જ્ઞાન ગપોડે; જાણું ભેદી જાશે આ બ્રહ્માંડ, પણ ટળે નહિ જમદંડ. કાશીમાં જઈ કરવત મૂકાવે કે મારું કલ્યાણ થાશે. કલ્યાણ થાશે નહિ. પણ જમપુરીમાં જાશે. કોઈ પતિ પાછળ સતી થાય, આખી જિંદગી અન્ન ખાય નહિ, શીત ઉષ્ણ સહન કરે પણ ટળે નહિ જમદંડ. ધર્મ સહિત ભક્તિ કર્યા સિવાય મુક્તિ થતી નથી.

સર્વસ્વ દાન કરે તો જગતમાં કીર્તિ વધે પણ જમદંડ ટળે નહિ. યમદંડથી મુકત થવાનો એક જ ઉપાય છે. અનંતકોટી, બ્રહ્માંડના નાથ શ્રી પુરુષોત્તમ નારાયણની નાની મોટી આજ્ઞાનું પાલન કરી સત્સંગ કરવો અને બીજાને સત્સંગ કરાવવો.

## ભગવાને યમપુરી શા માટે બનાવી છે.

છોકરું કાદવ કીચડમાં, ધૂળમાં ગંદુ થઈ ગયું હોય તો જનેતા માવડી પાણીથી ને સાબુથી ઘસીને નવડાવે, બાળક રાડું પાડે, મા મને મૂકી દે, તોફાન કરે, ઠેકડા મારે છટકવા તાણ ખેંચ કરે. પણ મા.. ટપલી મારીને રોતા બાળકને નવડાવીને ચોખ્ખો ચટ કરે. તેમ મા ના પણ મા, પિતાના પણ પિતા પરમેશ્વર છે. જીવ જ્યારે દોષ કરીને પાપ કરીને આવે છે ત્યારે એને નરકરૂપી ભઠ્ઠીમાં મોકલી એને ચોખ્ખો ચટ કરે છે. પછી અધ્યાત્મિક જ્ઞાન આપી ભક્તિ તરફ વાળે છે. ભગવાન પ્રાણીમાત્રના સુહૃદ છે.

**એમ કહે છે સર્વે પુરાણ રે, સુણી સમજી લેજો સુજાણ રે;**
**નથી મુખની વાતમેં લખી રે, નો'ય કલ્યાણ પ્રભુજી પખીરે.**

આપ બળે સિંધુ તરાય નહિ, સૂર્ય વિના અંધારું જાય નહિ, મનમુખી ઉપર ભગવાન રાજી થાય નહિ, એમ સો વાતની એક વાત છે, ભગવાન વિના કલ્યાણ થાય નહિ. જીવનમાં ભગવાનનો સહારો જરૂર જોઈશે જ. પ્રગટ પ્રભુનું શરણ, ત્યારે ટળે જન્મ ને મરણ. બાપના હૃદયમાં બૈરૂ છે, તો છોકરો મોટો થાય ત્યારે બૈરું પરણાવી દે. સંતના હૃદયમાં ભગવાન છે, જો સંતના યોગમાં આવે તો તેના જીવને

ભગવાનમાં જોડી દે. સાચા સંતો એમ માગે છે કે અમને સાચા સંતોમાં મમત્વ થજો, આ સંતો મારા છે. તમને તમારા કુટુંબ પરિવારમાં કેમ મારા છે એમ મનાયું છે તેમ આ સંત મારા છે. એવી મમતા જાગવી જોઈએ. જેના હ્રદયમાં અખંડ ભગવાન વસી રહ્યા હોય એવા સંત સાથે સુહ્રદભાવ રાખશો તો સહેજે સંસાર તરી જશો. કાચા પાકા માલની અને કચરાની અક્ષરધામમાં જરૂર નથી.

તમે સોનાને અને રૂપિયાને સાચવો છો પણ જૂનાં કપડાંના ગાભાને નથી સાચવતા. આપણે કીમતી વસ્તુને સાચવીએ છીએ તેમ પરિપકવ નિષ્ઠાર્થી ભક્તની જરૂર છે. જેટલી ઊચ્ચ કક્ષાનો દાસ ભક્ત તેટલી ઊંચી પદવી મળે છે. ભગવાનની નજીક રહેવા મળે છે.

**આદ્યે અંતે મધ્યે એહ વાત રે, સહુ સમઝી લ્યો સાક્ષાત રે;**
**પ્રભુ વિના છે પાંપળા રે, તજો તેને જાણીને ટાંપળાં રે.**

કરો પ્રગટ પ્રભુ સાથે પ્રીતિ, તો જાશો જગમાંહિ જીતિ; નથી કઠણ વાત એ કાંઈ, સહુ સમજો એવી સુખદાઈ. સાચું શું છે ને ખોટું શું છે. તે વાતને બરાબર સમજીને ચાલવું જોઈએ. ખોટા માર્ગે ચડી જાશો તો હેરાન થાશો, નથી આવતી જો અર્થ, ઠાલો જન્મ ખુવે છે વ્યર્થ; વણ સમજે વેઠે છે દુઃખ, જે છે હરિ થકી વિમુખ. મટી વિમુખ સન્મુખ થાઓ. જાણી જોઈને કાં જમપુરી જાવ.. અચળ આશરો રાખીને પોતે પોતાનું કરવું કાજ, સમરવા શ્રી ઘનશ્યામ મહારાજ.

**તેહ વિના ન હોય ભવપાર રે, કહે નિષ્કુળાનંદ નિરધાર રે.**

સત્સંગનો રસ્તો ન લીધો હોય તો સત્ય માર્ગ આજથી ગ્રહણ કરી લ્યો. ભગવાનના માર્ગમાં ત્રણ વસ્તુની જરૂર છે. ભગવાનમાં પ્રીતિ જોઈએ. ભગવાનમાં વિશ્વાસ જોઈએ અને ત્રીજી બાબત ભગવાનમાં શ્રધ્ધા જોઈએ, જેની શ્રધ્ધા બળવાન હોય ને હમણાં તરત સત્સંગી થયો હોય તો પણ અતિશય સરસ થઈ જાય છે.

**પદ રાગ ધોળ**

**પામ્યા પામ્યા રે ભવજળ પાર ... શ્રી હરિ સંત મળી;**
**વામ્યા વામ્યા રે દુઃખ અપાર....શ્રી હરિ સંત મળી.**
**નામ્યા નામ્યા રે શિશુ પ્રભુ પાય...શ્રી હરિ સંત મળી;**
**જામ્યા જામ્યા રે સુખ ઉરમાંય...શ્રી હરિ સંત મળી.**

**સર્યા સર્યા રે સર્વે કાજ...શ્રી હરિ સંત મળી;**
**ભર્યા ભર્યા રે અભરે આજ...શ્રી હરિ સંત મળી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, અમે ભવજળ પાર પામી ગયા તેનું મુખ્ય કારણ શું છે ? અમને બે વસ્તુ મળી ગઈ. શ્રીહરિ અને સાચા સંત. એ બે અલૌકિક દિવ્ય મળવાથી શું ફાયદા થાય છે તે તમને કહું છું. જે પ્રભુનું શરણું લે છે તેનાં દુઃખ સર્વે વામી જાય છે અને ઉરમાં સુખ જામી જાય છે.

પ્રભુ પ્રગટ મળતાં અમારાં સર્વે કાર્ય સરી ગયાં, ભવસાગરનો ભય ટળી ગયો, પદ નિવારણ મળી ગયું, કીધો જન્મ સફળ, પીધો રસ લખેણી લાજ રહી ગઈ, ફોગટના ફેરા ટળી ગયા ને સત્સંગમાં ભાવ ભક્તિ વધતી ગઈ તેથી અંતરમાં આનંદ વર્તે છે. કોઈનો અભાવ આવ્યો નહિ એ મોટી કમાણી થઈ. મોહ મમતા ટળી ગઈ તેથી સર્વે સંતાપ હરાઈ ગયા. ભગવાનને કર્તાહર્તા જાણવા. આપણે બેઠા છીએ જો ભગવાનની ઈચ્છા હશે તો ઊભા થઈ શકશું, ઈચ્છા નહિ હોય તો ઊભા નહિ થઈ શકાય. આપણું દેહરૂપી ગાડું ભગવાન ચલાવે છે.

**માયાને ટાળી ભગવાનમાં પ્રીતિ કરવી તે સર્વે શાસ્ત્રનો સિધ્ધાંત છે.**

પગમાં ચાલવાની હિંમત કોણ આપે છે ? ભગવાન આપે છે. આંખમાં જોવાની શક્તિ કોણ આપે છે ? ભગવાન આપે છે. ખાધેલા અનાજને કોણ પચાવે છે ? ભગવાન પચાવે છે. બોલવાની શક્તિ કોણ આપે છે ? ભગવાન આપે છે. આ જગતના કર્તા ભગવાન છે, પણ હર્તા આવે ત્યારે આપણે હેરાન થઈ જઈએ છીએ. બે વસ્તુ સમજવી પડે કર્તા અને હર્તા. ઘરે કોઈ સંતાન ન હોય અને ભગવાન દીકરો આપે તો રાજી થઈએ. ભગવાને મને દીકરો દીધો. પાંચ પચ્ચીસ વરસનો થાય પછી દીકરો લઈ લે ત્યારે રડવા લાગી જઈએ. શું કામ ? સમજવાની જરૂર હતી. રડવાની જરૂર નહોતી, પણ આપણી અજ્ઞાનતા છે. તેથી રડીએ છીએ. દીકરો દીધો ત્યારે રાજી અને લીધો ત્યારે નારાજ થઈએ છીએ. આ વાત સમજાઈ જાય તો ભગવાન મળી જાય. આ મમતા નહિ ટળે ત્યાં સુધી ભગવાન નહિ મળે.

**કર્યો કર્યો રે સર્વેનો ત્યાગ ...શ્રી હરિ સંત મળી;**
**ઠર્યો ઠર્યો રે ઉર વૈરાગ્ય...શ્રી હરિ સંત મળી.**
**જોયું જોયું રે જગમાં જરૂર...શ્રી હરિ સંત મળી;**

**ખોટું ખોટું રે દુઃખડું દૂર...શ્રી હરિ સંત મળી.**
**મોહ્યું મોહ્યું રે મન જોઈ નાથ...શ્રી હરિ સંત મળી;**
**પ્રોયું પ્રોયું રે ચિત્ત એહ સાથ...શ્રી હરિ સંત મળી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે શ્રીહરિ અને સંતો મળ્યા તેના યોગમાં રહ્યા તેથી સર્વે અંતઃશત્રુનો ત્યાગ થયો અને ઉરમાં વૈરાગ્ય વસી ગયો. સત્સંગ કરવાથી જન્મમરણનું દુઃખ દૂર થયું. ભગવાન સાથે અમારું મન મોઈ ગયું તેથી પ્રભુ ચરણમાં ચિત્ત પુરવાઈ ગયું. ભગવાન ચિત્તમાં વસી જાય તો માયા દૂર ખસી જાય. પ્રભુના મુખનું અમૃતપાન કરી અપાર સુખ લીધું છે. સત્સંગનો રંગ લાગી ગયો તેથી સંસારનો ભય ભાગી ગયો છે. અને જીતનો ડંકો વાગી ગયો.

**વાગ્યો વાગ્યો રે જીતનો ડંક...શ્રી હરિ સંત મળી;**
**ત્યાગો ત્યાગો રે જુઠી જગ શંક...શ્રી હરિ સંત મળી.**
**લીધી લીધી રે શ્યામળે મારી સાર...શ્રી હરિ સંત મળી;**
**કીધી કીધી રે વાલે મારે વા'ર...શ્રી હરિ સંત મળી.**

આ સમે શ્યામે મારી સાર લીધી છે. તેથી આનંદ છે કે ડંકો વગાડતા અક્ષરધામમાં જાશું. રૂપિયાનું બળ અને સત્તાનું બળ હોય તો દુનિયામાં ડંકો વાગે અને આત્મનિષ્ઠા અને ભગવાનના મહાત્મ્યનું બળ હોય તો અક્ષરધામમાં ડંકો વાગે. કયાં ડંકો દેવો છે ? તમારા હાથની વાત છે. દુનિયામાં ડંકો દેવા માટે રાત દિવસ આપણે મહેનત કરીએ છીએ. પૈસા મળી જાય ને સત્તા મળી જાય પણ ધ્યાન રાખજો દુનિયામાં ઘણાય જન્મ લીધા છે.

**હવે તો અક્ષરધામમાં ડંકા દેતા જાવું છે.**

કોઈ સત્તાના ભૂખ્યા છે. કોઈક પૈસાના ભૂખ્યા છે, કોઈ માન મોટાઈના ભૂખ્યા છે. કોઈ સ્ત્રી ધનના ભૂખ્યા છે. આવી રીતે ભૂખની આશાથી આખી દુનિયા દોડે છે. બહુ દોડવામાં માલ નથી. ધ્યાન રાખજો ઉથલી પડશો...

**દીધી દીધી રે મોજ અનુપ...શ્રી હરિ સંત મળી;**
**સીધી સીધી રે વાત સુખરૂપ...શ્રી હરિ સંત મળી.**
**મળી મળી રે મહાસુખ મોજ...શ્રી હરિ સંત મળી;**
**દળી દળી રે જમદૂત ફોજ...શ્રી હરિ સંત મળી.**

સ્વામી મોજમાં આવી ગયા છે. સીધી વાત સુખરૂપ છે. તે વાત સમજી ગયા તેથી પ્રભુની ભક્તિની મહા મોજ મળી ગઈ તેથી જમદૂત ફોજ ટળી ગઈ. શ્રીહરિ ને સંત મળ્યા તેથી જન્મ મરણરૂપી ભવસાગરનો ત્રાસ હતો તે ટળી ગયો. અને કોઈ જાતની આશા રહી નથી. તમામ આશા બળી ગઈ છે. એક ભગવાનની આશા છે. ગર્ભવાસનો ત્રાસ ટળી ગયો. ભગવાન અને સંત મળ્યા તેથી આજ હૃદયમાં આનંદ આનંદ છવાઈ ગયો છે.

**સહે સહે રે કોણ દુઃખ દ્વંદ્વ...શ્રી હરિ સંત મળી;**
**કહે કહે રે નિષ્કુળાનંદ...શ્રી હરિ સંત મળી.**

નિષ્કુળાનંદ સ્વામીએ આપણા માટે ખૂબ મહેનત કરી છે. શ્રીજીમહારાજની પ્રેરણાથી પોતાના અંતઃકરણમાંથી યમદંડનો ધોધ વહેતો મૂક્યો છે. તેમના અંતરનો હાર્દ જેટલો લખાય તેટલો લખ્યો છે. સ્વામીના શબ્દો જોરદાર છે. તમને જો અંતરમાં સ્વામીના શબ્દો લાગી ગયા હોય તો. યમપુરીનો ડર લાગ્યો હોય તો સત્ય ધર્મનો માર્ગ પકડી લેજો. ભગવાન રાજી થાય તેવા પ્રયાસ કરજો.

**જીવનમાં નાની મોટી કાંઈ ભૂલ થઈ જતી હોય છે તેનો સુધારો કરી લેજો.**

છેલ્લે સ્વામી એ સોરઠો લખ્યો છે.

**અગિયારસો ચૌ અગિયાર, ચરણ ગણી ચોક્સ કર્યાં;**
**યમદંડનો વિસ્તાર, કહ્યો એટલામાંયે કથી.**

અગ્યારસોને અગ્યાર ચરણ છે. સ્વામીએ ખૂબ વિસ્તાર કરી આપણને ભલામણ કરેલી છે. આ કથા અંતરમાં ધારી ભગવાનને રાજી કરવાનું તાન રાખજો.

આ ગ્રંથ સાદી અને સરળ ભાષામાં છે. સાધારણ માનવી આ કથા વાંચશે કે સાંભળશે તો તેને પાપનો પસ્તાવો થશે. અરર... મેં કાંઈ સત્કર્મ કર્યું નહિ, પસ્તાવા દ્વારા પણ પાપ ધોવાશે.

આ સંપ્રદાયને નિષ્કુળાનંદ સ્વામીરૂપી હીરો એવો પ્રાપ્ત થયો છે કે, સત્સંગમાં સદાય પ્રકાશ કરતો રહેશે. એ મણિથી આપણે ભાગ્યશાળી બન્યા છીએ. એમનાં રચેલાં શાસ્ત્રોની કથા આપણને વાંચવા અને સાંભળવા મળે છે. નિષ્કુળાનંદ સ્વામીને પ્રાર્થના કરીએ કે તમે અમારી સાથે રહેજો અને લખેલી ભાષા અમારી બુધ્ધિ પહોંચી

શકે તેમ નથી. તમારી લખેલી વાણીને અમે સ્વીકાર કરીએ અને તે પ્રમાણે વર્તી શકીએ એવી સદ્‌બુધ્ધિ આપજો. નિષ્કુળાનંદ સ્વામીની સમજણ કયાં. અને અમારા જેવા અલ્પ જીવાત્માની સમજણ કયાં....

નિષ્કુળાનંદ સ્વામીએ શાસ્ત્રોનો વારસો આ સત્સંગ સમાજને આપ્યો છે. તેની સુમન સુવાસ કાયમ માટે સત્સંગમાં મહેકતી રહેશે. નિષ્કુળાનંદ સ્વામીને કોટી કોટી વંદન...

**॥ ઈતિ શ્રી નિષ્કુળાનંદ મુનિવિરચિતો યમદંડ: સમાપ્ત: ॥**

# ॥ ઇતિ યમદંડ: અમૃતધારા સમાપ્ત: ॥

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વૃત્તિવિવાહ અમૃતધારા

**૫૬ ધોળ :- લાગું પાયે પરબ્રહ્મને, સોયે સદ્‌ગુરુ શ્યામ;**
**સંત વિષે શ્રીહરિ, એક રૂપ ને ત્રય નામ.**
**મંગળ ઈચ્છે જો મનમાં, તો સોંપે શરણે શિશ;**
**અખંડ સુખને પામવા, ગાઉં ગુણ હરિના હંમેશ.**

ભાવ હોય તો પ્રભુના ચરણમાં તરત મસ્તક ઝૂકી જાય. તે પરબ્રહ્મ કેવા છે ? સંત વિષે શ્રીહરિ, એક રૂપને ત્રય નામ છે. રામાનંદ સ્વામીએ સત્સંગની ધર્મધુરા સ્વામિનારાયણ ભગવાનને સોંપી એટલે સૌ સત્સંગીને એમ થાય કે આ સદ્‌ગુરુ છે. ગુરુનું સ્થાન લીધું છે. ગુરુનો વારસો લીધો છે. સંત વેશે હતા શ્રીજી મહારાજ. બ્રહ્મચારીની દીક્ષા લીધી છે. સંત વિષે શ્રીહરિ એક રૂપ છે. મંગળ ઈચ્છે મનમાં તો સોંપે ચરણે શિશ. પ્રભુના ચરણમાં સમર્પિત થઈ જાવ. સમર્પિત ભક્તની કથા સાંભળો.

સ્વામિનારાયણ ભગવાન કહે છે, સમજુ હોય તેને વઢીને કહીએ તો એ ગુણ લે ને મૂર્ખ હોય તેને હિતની વાત કહે તો મૂંઝાઈ જાય. મુળજી બ્રહ્મચારીને રતનજી મૂંઝાતા નથી તો અમારે એમની સાથે બહુ બને છે. સ્વામિનારાયણ ભગવાન મુકુંદ-બ્રહ્મચારીને ઘણી વખત વઢતા. એક વખત મુકુંદ બ્રહ્મચારી પોતાના પગમાં પહેરવાના જોડામાં તેલ ચોપડતા હતા, ત્યાં એક સેવાભાવી હરિભક્ત આવ્યા અને કહ્યું, ‘‘બ્રહ્મચારીજી, તમે જોડામાં તેલ ચોપડો એ બરાબર નહિ, તમે શ્રીજી મહારાજના હજુરી સેવક છો. લાવો હું તમારા જોડામાં તેલ ચોપડી દઉં.’’ બ્રહ્મચારીએ

કહ્યું, હું ચોપડી લઈશ. લાવો લાવો હું ચોપડી દઉં. પરાણે ચોપડવા લાગી ગયા. ત્યાંથી શ્રીજીમહારાજ પસાર થયા, બ્રહ્મચારીજી, આ શું કરો છો ? મોટાહરિભક્ત પાસે તમારા જોડા ચોપડાવો છો ??'' મહારાજ ! મેં ઘણી ના પાડી પણ પરાણે સેવા લઈ લીધી છે. હું શું કરું !!

શ્રીજી મહારાજ કડક થઈ બોલ્યા. આજથી તમારે જોડા પહેરવા નહિ. ખુલ્લા પગે ફરવું. ભલે મહારાજ ! જેવી તમારી આજ્ઞા. ટાઢ, તડકામાં કાંટા કાંકરામાં ખુલ્લા પગે શ્રીજીમહારાજ સાથે ફરે છે. જરાય મૂંઝાય નહિ. હસ્તે મુખે આજ્ઞા સ્વીકારી લીધી. કાંઈ દલીલ કરી નહિ કે, પૂછો હરિભક્તને મેં ઘણી ના પડી છતાં જોરાઈએ લઈ લીધા. એમાં મારો શો વાંક.

## બ્રહ્મચારી પહેલી પરીક્ષામાં પાસ થયા.

હવે બીજો પ્રસંગ સાંભળો.

એક દિવસ શ્રીજી મહારાજ મુકુંદ બ્રહ્મચારીના આસને પધાર્યા. ત્યાં બ્રહ્મચારી ગોળ, ઘીની સાથે ભાખરી જમતા હતા. શ્રીજી મહારાજે કહ્યું, ''બ્રહ્મચારીજી, તમે સ્વાદીયા થઈ ગયા છો. આજથી તમારે ઘી, ગોળ જમવા નહિ.'' ભલે મહારાજ તમારી જેવી આજ્ઞા, ભાખરીનું બટકું ને પાણીનો ઘૂંટડો એ રીતે જમી લઈશ. પણ જરાય ખીજાયા કે મૂંઝાયા નહિ. હસતે મુખે આજ્ઞા સ્વીકારી લીધી. બીજી પરીક્ષામાં પાસ થયા.

હવે ત્રીજો પ્રસંગ સાંભળો ! એક વખત શ્રીજી મહારાજ માણકી ઘોડી ઉપર બિરાજમાન થવાની તૈયારી કરતા હતા. દોડીને મુકુંદ બ્રહ્મચારીજી આવ્યા ''મહાપ્રભુ, ઓચિંતા કઈ બાજુ પધારો છો ?'' શ્રીજી મહારાજે કહ્યું, ''તમારે શું કામ છે ? અમે ગમે ત્યાં જઈએ એમાં તમારે પૂછવાનું હોય નહિ. તમે અમારી કયાં સરખી રીતે સેવા કરો છો ? ફાવે તેમ વર્તો છો. તમે આ ગઢપુર છોડીને ચાલ્યા જાવ. અમને તમારી કોઈ જરૂર નથી.'' સારું મહારાજ જેવી તમારી આજ્ઞા. જરાય મૂંઝાયા નહિ, અભાવ લીધો નહિ. પ્રભુને પગે લાગીને પૂજા લઈને તરત ચાલતા થઈ ગયા...

ફરતા ફરતા ડભાણ આવ્યા. ત્યાં હરિભક્તોએ આગ્રહ કરીને રાખ્યા. વૈશાખ મહિનો આવ્યો ત્યારે ભક્તજનોએ કહ્યું, ''સરસ મઝાની કેસર કેરી છે પણ ગઢપુર શ્રીજી મહારાજ માટે કોણ લઈ જાય ?'' બ્રહ્મચારીજીએ કહ્યું, ''હું લઈ જઈશ.'' દોઢ મણ કેરીનો ટોપલો ભરીને ખુલ્લા પગે જેઠ મહિનાના તાપમાં ચાલતા ચાલતા

ગઢપુર આવ્યા. પ્રભુની આગળ કેરીનો ટોપલો મૂકી દંડવત કરતાં જય સ્વામિનારાયણ કર્યા. શ્રીજી મહારાજ અવળું જોઈ ગયા. જય સ્વામિનારાયણ પણ લીધા નહિ, કયાંથી આવો છો ?? કેમ છો ? ભલે આવ્યા. કાંઈ પૂછ્યું નહિ...

દાદાખાચરના દરબાર નજીક એક વૃધ્ધ માજી રહેતાં હતાં. આગ્રહ કરી બ્રહ્મચારીને પોતાના ઘરે જમવા લઈ ગયાં. કાચું સીધું આપ્યું. લોટ, દાળ, ચોખા, ઘી, ગોળ વિગેરે બ્રહ્મચારીજીએ કેવળ ભાખરી બનાવી ભગવાનને જમાડી જમવા બેઠા. ડોશીમાએ કહ્યું, ''ભાખરી સાથે ઘી, ગોળ જમોને !! લુખું ને કોરું શા માટે જમો છો ?'' બ્રહ્મચારીજીએ કહ્યું, ''મને શ્રીજી મહારાજે ઘી, ગોળ જમવાની અને પગમાં જોડા પહેરવાની મનાઈ કરી છે.'' માજીને બહુ દુઃખ થયું. તરત શ્રીજી મહારાજ પાસે આવ્યાં. હાથ જોડીને બોલ્યાં. '' બ્રહ્મચારીજી ડભાણથી કેરીનો ટોપલો લાવ્યા. છતાં કેમ બોલાવ્યા નહિ ? સામું જોયું નહિ. જોડા પહેરવા દેતા નથી. અને ઘી, ગોળ, ખાવા દેતા નથી. દયાળુ છો ને આમ કેમ કરો છો ?''

વૃધ્ધ માજીની કાલીઘેલી વાણી સાંભળી શ્રીજી મહારાજ મંદમંદ હસે છે..

**વૃધ્ધ માવિત્ર વઢે ત્યારે હસવું પણ ખીજાવું નહિ...**

વૃધ્ધ માવિત્રને વઢવાનો થોડોક અધિકાર છે..

શ્રીજી મહારાજે કહ્યું, ''બ્રહ્મચારીજી કેરીનો રસ કાઢી આપો. અમે રસ રોટલી જમીએ. બ્રહ્મચારી રાજી રાજી થઈ ગયા, મને સેવા મળી.'' શ્રીજી મહારાજે સભામાં વાત કરી કે બ્રહ્મચારીજીને અમે વગર વાંકે વઢ્યા છતાં અમારો અભાવ આવ્યો નહિ. ભરી સભામાં પ્રશંસા કરતા પ્રભુ બોલ્યા છે. મૂળજી બ્રહ્મચારી અને રતનજી કયારેય મૂંઝાતા નથી તેથી અમને એમના હાથની કરેલી સેવા બહુ ગમે છે. શ્રધ્ધા સહિત સેવા કરે એ અમને બહુ ગમે છે.

**બ્રહ્મચારી ત્રીજી પરીક્ષામાં પાસ થયા.**

(સેવામાં શ્રધ્ધા જોઈએ) આ વેઠ કયાં મને વળગાડી એમ થવું જોઈએ નહિ. પરમાત્મા પ્રેમી ભક્તને જ પોતાના સ્વરૂપનું દર્શન કરાવે છે..

God shows his form ko khe real lovable devokee.

અખંડ સુખને પામવા ગાઉં ગુણ હરિના હંમેશ. અખંડ હરિના ગુણગાન ગાય છે તો તે અખંડ સુખને પામે છે. અખંડ સુખ એવું છે કે કયારેય ખંડન થાય નહિ. સાચા સુખમાં અને કાચા સુખમાં ઘણો ફરક છે. આ જગતનું સુખ કાચું છે.

કાચી નોકરી મળી જાય તો ચિંતા રહે છે કે છૂટો કરી દેશે તો ! પણ પાકી ગર્વમેન્ટની સરકારી નોકરી મળી જાય તો.. !..

### પાકી નોકરી મળી જાય તો જિંદગીભરની ચિંતા ટળી જાય

પાછલી વૃધ્ધાવસ્થામાં પણ પેન્શન મળે. કાચી નોકરી ટેમ્પરરી હોય. કાચા સુખમાં મઝા હોતી નથી. ગ.મ.૧ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, માયિક જે વિષય સંબંધી સુખ છે તે સર્વે નાશવંત છે અને ભગવાન સંબંધી સુખ છે તે અખંડ અને અવિનાશી છે.

સાચું સુખ કયાં છે ?.. માનવીને તેની ખબર નથી. કોઈ દીકરાથી સુખ માને છે. કોઈ સંપત્તિમાં સુખ માને છે. કોઈ સારું ભોજન જમવા મળે તો તેમાં સુખ માને છે. દીકરાથી સુખ મળતું હોય તો આ જગતમાં ઘરોઘર દીકરા છે, છતાં પણ દુ:ખી દેખાય છે. ગ.પ્ર. ૨૦ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, અનેકવાર સ્ત્રીના દેહ ધરી ધરીને સંસારનાં સુખ ભોગવ્યાં છે. અનેકવાર પુરુષના દેહ ધરી ધરીને વિષય સુખ ભોગવ્યાં છે. આ જીવ તમામ દેશોમાં ફરી આવ્યો. જન્મ મરણના ચક્કરમાં રખડ્યા કરે છે. જ્યાં સુધી ખરેખરી ભગવાનની ભક્તિ નહિ કરે ત્યાં સુધી ચોરાશી લાખ જાતના ફેરામાં રખડશે...

**વિવાહ તે નામે વધામણું, માંહિ વર કન્યાની વાત;**
**વૃત્તિ તે નામ વનિતા, વર શ્રીહરિ સાક્ષાત.**
**વરે વર્યાની ઈચ્છા કરી, સોંપ્યું શ્રીફળ બ્રહદ વૈરાગ્ય;**
**ઓઢી છે અવલ ઘાટડી, મારા સ્વામી તણો જે સુવાગ.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. મારે વધામણું ગાવું છે. તેમાં વર-કન્યાની વાત કરવી છે. વનિતારૂપે વૃત્તિ છે અને વર તે શ્રીહરિ સાક્ષાત. જીવ અને ઈશ્વરના મિલનની વાત સ્વામી કરે છે.

### કન્યાને જોઈએ તેવો વર મળી જાય તો આનંદ આનંદ થઈ જાય.

ભક્તને ભગવાન મળી જાય તો આનંદ આનંદ થઈ જાય. સદાય સુખના સાગર ભગવાન છે. એને પામીને પછી કાંઈ બાકી રહેતું નથી. પૂર્ણકામ થઈ જાય છે. ભગવાનનો આનંદ બહુ શ્રેષ્ઠ છે. આનંદનો અખુટ સમુદ્ર ભરેલો છે. તેમાંથી એક ટીપા જેટલો આનંદ આ દુનિયામાં આવેલો છે. એ આનંદનું પાન કરીને મુક્તો

આનંદ મુગ્ધ બને છે. જે માણસને મોટા રાજદરબારમાં જવાની રજા હોય તેને કેટલો બધો આનંદ હોય છે. ત્યારે અનંતકોટી રાજાધિરાજ પરમાત્માની હજુરમાં રહેતા ભક્તજનોને કેટલો આનંદ હોય વિચાર કરો. એને કોઈ વાતની કમી રહેતી નથી.

કન્યાને વર ગમી જાય પણ વરને કન્યા ગમવી જોઈએને. !! નાળિયેર અને ચૂંદડીનો જો વરરાજા સ્વીકાર કરી લે તો કન્યા સમજી જાય કે હવે સગપણનો સાંધો થઈ ગયો છે. ચૂંદડી અને નાળિયેર સ્વીકારાય ત્યારે તે કન્યા સોહાગણ થાય છે. ધણી ધારણ કર્યો છે. ઓઢી અવલ ઘાટડી મારા સ્વામી તણો સોહાગ. ભગવાન સાથે સગપણ કરવું હોય ચૂંદડી પહેરવી હોય તો જીવનમાં વૈરાગ્ય જોઈશે..

વૈરાગ્ય છે તે ગોરનું કામ કરે છે. મુમુક્ષુનો હાથ જગતના માલિક પુરુષોત્તમ નારાયણના હાથમાં સોંપે છે. આત્મારૂપી સુંદરી પરમાત્મારૂપી વરને વરે છે, ત્યારે મહા સુખને પામે છે...

**ભગવાનને વરવામાં આનંદ છે તેવો બીજી સ્ત્રી કે પુરુષને વરવામાં આનંદ નથી.**

ભગવાનનો રંગ લાગી જાય તો જીવનું કામ થઈ જાય..

**સ્વાગણ થઈ છે સુંદરી, પામી અખંડ એવાતણ;**
**આવો સખી સર્વે મળી, ગાઈએ ગોવિંદજીના ગુણ.**
**ધન્ય ધન્ય જન્મ માહરો, થયું સગપણ શ્યામને સાથ;**
**ઈચ્છા તે વર મુજને મળ્યા, નિષ્કુળાનંદના નાથ.**

વૃત્તિરૂપી કન્યા સાહેલીયોને કહે છે, ઘણા સમયથી હું મારા પ્રિયતમને શોધતી હતી. પરમાત્મા મને મળી ગયા છે. જે પ્રેમભાવથી પ્રભુનું ભજન કરે છે, તેને શ્રીજી મહારાજ કુશાગ્ર બુધ્ધિવાળા કહ્યા છે. જગતમાં વ્યવહારમાં સાવધાન થઈને મંડ્યો હોય તે જાડી બુધ્ધિવાળો છે. નાથ ભક્તને કુશાગ્ર બુધ્ધિવાળા કહ્યા અને રાજાના દીવાનને જાડી બુધ્ધિવાળા કહ્યા છે. ભગવામાં જોડાયો નથી એવા માણસમાં બુધ્ધિ નથી અને ભાવ પણ નથી, તો શાંતિ કયાંથી !! શાંતિ નથી તો સુખ કયાંથી ? શાશ્વત સુખ જોઈતું હોય તો ભગવાન સાથે જોડાઈ જાઓ.

**ઈચ્છ્યા અલબેલો વર મળિયા રે,**
**ભય તો ભવસાગરના ટળિયા રે;**

**અતિ એક અમૂલ્ય ઘાટડી રે,**
**તે તો અમને અલબેલે જો ઓઢાડીરે.**

જેને અલબેલો વર મળિયા તેના ભવસાગરના ફેરા ટળી ગયા છે.

## ભગવાન સાથે જોડાણ થાય, તો ભવના ફેરા ટળી જાય

દુનિયાના તમામ સ્થાનકો કે પદાર્થોને પામો પણ પ્રભુને ન પામ્યા તો અન્ય પામેલું ધૂળ સમાન છે, માટે પ્રથમ ભગવાનને ઓળખો, પ્રભુ સાથે સંબંધ બાંધો, પરમેશ્વરને જાણે નહિ, પૂજા-પાઠ સત્સંગ સમૈયા કાંઈ પણ કરે નહિ તો બીજું બધું જાણેલું પાણીમાં ગયું.

વૈરાગ્યરૂપી (ઘાટડી) ચૂંદડી અતિ અમૂલ્ય છે તે ચૂંદડી અબળા વિના નવ ઓઢાય. સમજવા જેવી કથા છે. ભગવાન સાથે પરણવું હોય તો સ્ત્રી થવું પડશે. નમ્રતાપૂર્વક અહંકાર તજીને દાસપણે ભક્તિ કરવાની છે. પ્રભુ મારા સ્વામી છે. મારા ધણી છે. હું એનો દાસ છું. વેચાણ છું.

## ધણીયાતા થાવ... જંગલી ઢોરની જેમ રખડો નહિ...

શ્રીજી મહારાજે સ્પષ્ટીકરણ કર્યું છે. ધણીયાતું ઢોર ખીલે આવે પણ હરાયું ઢોર ખીલે આવે નહિ. કેવળ માયામાં રચ્યા પચ્યા હોય. પૂજા, પાઠ કરે નહિ, ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, જ્યાં ત્યાં રખડે. દેવ દર્શન કરવા જાય નહિ. સંત-બ્રાહ્મણનો દ્રોહ કરે. મા-બાપને રડાવે તે રખડું જંગલી ઢોર છે. તમારા અંતરાત્માને પૂછો. હું કેવો છું ! શું કરું છું. શું જવાબ આવે છે ?

**ઘાટડી તો ઘણી મુડી કહેવાય રે,**
**તે તો અબળા વિના નવ ઓઢાયરે;**
**ઘાટડી તો શુકદેવે શોભાડી રે, ઓઢી ઋષભદેવે દેખાડી રે.**

વૈરાગ્યરૂપી ચૂંદડી કોણે શોભાવી છે ? તેમાં સૌ પ્રથમ નિષ્કુળાનંદ સ્વામી શુકદેવજીને યાદ કરે છે. શુકદેવજી બાર વરસ માના ઉદરમાં રહ્યા, પિતા વ્યાસજીએ કહ્યું, ''હે પુત્ર! જન્મ ધારણ કરો'' શુકદેવજીએ કહ્યું, ''ઉદરથી બહાર આવું તો મને માયા પકડી લે તો ? હું હેરાન થઈ જાઉં. નવી મા ગોતવી પડે. એના મળ, મૂત્રવાળા ઉદરમાં રહેવું પડે. જઠરાગ્નિથી શેકાવું પડે. મને જગત સંબંધી માયાની બહુ બીક લાગે છે.'' સમજવા જેવી કથા છે. શુકદેવજીને માયાની બીક લાગે છે ને આપણને માયામાં મઝા આવે છે. માયાની વાતો કરશો તો હૃદયમાં માયા ભરાશે ને

ભગવાનની વાતો કરશો તો હૃદયમાં ભગવાન ભરાશે.

માતાના ઉદરમાં બેઠા બેઠા શુકદેવજી વાતો કરે છે. પિતા અને પુત્ર બેય સમર્થ છે. ગાયના શીંગડા ઉપર રાઈનો દાણો રાખો એટલીવાર માયાને કબજે રાખો. એટલા સમયમાં હું જન્મ લઈ લઉં. શુકદેવજીએ જન્મ લીધો. જન્મ લેતાની સાથે જંગલમાં રવાના થઈ ગયા. પિતાએ કહ્યું, હે શુક! ઊભો રહે ઊભો રહે, પણ શુકદેવજી દોડતાજ જાય છે. વ્યાસજી પાછળ રહી ગયા. હવે મારા શબ્દો પણ નહિ સાંભળી શકે, વ્યાસજી વૃક્ષમાં રહીને પુત્રને જે વાત કહેવી હતી તે કહી સંભળાવી.

વ્યાસજીએ કહ્યું, ‘‘જાવ ભલે પણ ગુરુ કરો તો રાજા જનકને ગુરુ કરજો.’’ શુકદેવજીએ જનક રાજાને પ્રાર્થના કરી કહ્યું, ‘‘હું તમારી પાસે શિષ્ય થવા માટે આવ્યો છું.’’ રાજા જનકે કહ્યું, ગુરુ કરવા હોય તો ગુરુ દક્ષિણા માટે કાંઈક લાવવું પડશે. તો તમે કાંઈ સાથે લાવ્યા છો ? કાંઈ નથી લાવ્યો. જન્મતાની સાથે જંગલમાં ફરતો ફરતો તમારી પાસે આવ્યો છું. ગુરુ દક્ષિણા આપવી હોય તો આ દુનિયામાં નકામી વસ્તુ હોય તે મારા માટે લઈ આવો.

શુકદેવજી રસ્તામાં ચાલ્યા જાય છે. પથ્થર જોયો, આ નકામો છે. ઉપાડવા જાય ત્યાં પથ્થરમાંથી અવાજ આવ્યો. હું નકામો નથી, કામનો છું. મકાન બાંધકામમાં ઉપયોગી છું. આગળ લાકડું પડ્યું હતું. તે ઉપાડવા જાય છે તો કાષ્ટમાંથી અવાજ આવ્યો કે હું નકામો નથી. હું ઉપયોગી છું, મારામાંથી બારી, બારણાં, ખુરશી વિગેરે ફર્નીચર બને છે. રોટલા પકાવી આપું છું. શુકદેવજી આશ્ચર્ય પામી ગયા. લાકડાં બોલે, પથ્થર બોલે આ બધું છે શું !!

આગળ ગયા તો ગાય-બળદે ભેંશોનું છાણ પડ્યું હતું. આ પશુની વિષ્ટા સાવ નકામી છે. ઉપાડવા જાય તો તેમાંથી અવાજ આવ્યો. અમે નકામા નથી. અમારું ખાતર થાય છે. અમો મોલનું પોષણ કરીએ છીએ. વિચાર કરે છે તો નકામું શું હશે ? માણસની વિષ્ટા ઉપાડવા જાય છે. તો અવાજ આવ્યો અમે નકામા નથી. અમારું ખાતર થાય છે, તો નકામું શું છે ? મને મહેરબાની કરીને બતાવો. નકામું કાંઈ નથી પણ તમારું શરીર છે તે નકામું છે. સરસ મજાના સોના ચાંદીની થાળીમાં મને રાખતા. દાળ, ભાત,રોટલી,સાટા,જલેબી,પેંડા, બરફી વિગેરે ભોજન પણ તારા જેવા શરીરમાં મને આઠ કલાકનો યોગ થયો તો મારા હાલ મળી ગયા. મારી દશા બગાડી નાખી.

શુકદેવજી દોડતા આવ્યા અને જનકરાજાના ચરણમાં શિર ઝુકાવ્યું, ગુરુદેવ નકામીમાં નકામી વસ્તુએ મારો દેહ છે એ તમારા ચરણમાં દક્ષિણા તરીકે સમર્પિત કરું છું. પરમહંસ માત્રના ગુરુ શુકદેવજી છે.

**મરવાથી કલ્યાણ થતું નથી, પ્રભુને વરવાથી કલ્યાણ થાય છે.**

નિષ્કુળાનંદ સ્વામી શુકદેવજીને એટલે યાદ કર્યા છે કે તે પાત્ર અતિ શ્રેષ્ઠ છે. આવા સત્પાત્રને યાદ કરો. પ્રથમ વૈરાગ્યરૂપી ચૂંદડી શુકદેવજીએ શોભાવી છે. વૈરાગ્યરૂપી ચૂંદડી ઓઢવી અને શોભાડવી તેમાં ઘણો ફરક છે. લગ્ન કરવાં અને લગ્ન નિભાવવાં. ભેખ લેવો અને ભેખ શોભાવવો. એમાં આકાશ અને પાતાળનો ફરક છે. સંત થાવું સહેલું છે પણ સંતત્વનાં લક્ષણો આવવાં અતિ કઠણ છે.

**ઘાટડી તો શુકદેવે શોભાડી રે ઓઢીને ઋષભદેવે દેખાડી રે**

ઋષભદેવજી મહા ત્યાગી હતા. રાજા ભરતના પિતા હતા. એમના સો પુત્ર હતા. દુનિયામાં કોઈ બાપના સો દીકરા છે ?? એવો કોઈ હશે ?? સો પુત્રમાંથી નવ દીકરાને ઉપદેશ આપીને વૈરાગી કર્યા. બાપ પોતાના દીકરાને વૈરાગ્યની વાત કરી સાધુ કરે એવા કોઈ મળશે ? જલદી મળે નહિ. ઋષભદેવજીએ પોતાના પુત્રને ઉપદેશ આપે છે કે, ‘‘આ સંસાર ઊંડા કૂવા જેવો છે. તેમાં કાંઈ સાર નથી, દુઃખનો પાર નથી. તેમાં અનેક માણસો હલવાઈ ગયા છે. મહાસુખિયા થવું હોય તો પ્રભુનું ભજન કરી તમામ જીવાત્માનું કલ્યાણ કરો. આવી રીતે ધર્મને માર્ગે ચડાવી સાધુ કર્યા. ધન્ય છે આવા હિંમતવાળા પિતાજીને. દીકરાને સાચો માર્ગ બતાવ્યો. તેમનું નામ રાખવામાં આવ્યું નવ યોગેશ્વર...

વૈરાગ્યવાન પાત્રને નિષ્કુળાનંદ સ્વામી યાદ કરે છે. બીજી ઘટના સાંભળો. ઋષભદેવનું વિશાળ રાજ્ય હતું, પણ જ્યારે સમય આવ્યો ત્યારે રાજ્યપાટ, ધન, સંપત્તિ, તમામ રાજ્યની જવાબદારી પુત્રને સોંપી દીધી. તણખલાની જેમ ત્યાગ કરી દીધો. સત્તા જલદી બીજાને સોંપાય નહિ, વૃધ્ધ થઈ જાય, લાકડીના ટેકા વિના ઊઠાય નહિ, પરાધીન થઈ જાય. ચાર પાંચ ઊંકાટા કરે ત્યારે ઊભું થવાય તો પણ સત્તા મૂકાતી નથી. ચાલીસ પચ્ચાસ વરસ સુધી સ્વાગતના હાર પહેર્યા અને બીજાને સત્તા સોંપવી તે જલદી થાય નહિ. વાહ.. વાહ.. થતી હોય છતાં તણખલાની જેમ રાજ્યપાટ, કુટુંબ કબીલાને તજીને વનમાં જાય, એવા પાત્રના શાસ્ત્રમાં નામ લખાયા છે.

નવ દીકરાને સાધુ કર્યા અને એકયાસી દીકરાને કર્મકાંડી બનાવ્યા. નવ

દીકરાને ભરતખંડનું રાજ્ય સોંપી ભરતને કહ્યું, ''તમે આ બધાની સંભાળ રાખજો, હું હવે વનમાં જઈ તપ કરી ભજન કરી મારા આત્માની મુક્તિ કરીશ.'' ઋષભદેવજી રાજ્ય છોડી વનમાં ગયા છે. આપણાથી નાનું સરખું ઘર છોડાતું નથી. ઘર છોડાય નહિ તો કાંઈ વાંધો નહિ. ઘરમાં રહેલી મમતાને ધીરે ધીરે ઓછી કરતા જવું અને પ્રભુમાં પ્રેમ વધારવો. વ્યવહારનું કાર્ય ઉપર ઉપરથી કરો અને ભક્તિ ભજન અંતરના ભાવથી કરો. પણ નવાઈની વાત છે. સંસારની મમતા ને મોહ ઓછો થતો નથી. તે આપણી અજ્ઞાનતા છે.

**ઘાટડી તો ઓઢી છે પ્રહલ્લાદે રે,**
**ઓઢી બીજે અનેક જન આદે રે**
**ઘાટડી તો ઓઢી છે ગોપીચંદ રે,**
**ઘાટડી તો ઓઢી છે શાહ બાજંદે રે**

બાળ ભક્ત પ્રહ્લાદજીએ પણ વૈરાગ્યની ચૂંદડી શોભાવી છે. પ્રહ્લાદજી મહા ત્યાગી હતા. કોઈ જગ્યાએ એને રાગ નહોતો. અસુર પિતાએ કહ્યું, ''તને રાજ્ય આપું તું ભગવાનનું નામ લેવાનું છોડી દે.'' રાજ્યની લાલચે ભગવાનનું નામ છોડ્યું નહિ. આપણને કોઈ કહે તમને રાજ્ય સોંપી દઉં, ભગવાનનું નામ મૂકી દે. માલ મિલકત પૈસા મળતા હોય તો તરત ભગવાનને મૂકી દે અને ધર્મને પણ એક બાજુ મૂકી દે. એ નરી અજ્ઞાનતા છે.

**ધર્મને એક બાજુ મૂકી, ધન ભેગું કરે છે એ નરી અજ્ઞાનતા છે.**

એક શ્રીમંત નગરશેઠ વણિક હતા, નામ હતું ફૂલચંદ શેઠ. લોભવૃત્તિ બહુ. ઓછા ભાવે માલ ખરીદી લે અને સારાં નાંણા આવે ત્યારે વેચે. બનાવટી ઘી ભેળવીને ઘીનો વેપાર કરે. એક વખત તેના ગામમાં બે સાધુ આવ્યા. પ્રતિષ્ઠિત નામના સાંભળી ફુલચંદશેઠને ઘરે આવ્યા. શેઠનાં પત્ની ભવિષ્યાબેન ભગવદીય ભક્ત હતાં. સંતોને મીઠો આવકાર આપી જમાડ્યા અને કહ્યું, ''થોડા દિવસ રોકાઈ જાવ અને મારા પતિને સન્માર્ગે વાળો, એણે અનીતિનું ધન ખૂબ ભેગું કર્યું છે. લોકોને બનાવટી ઘી આપી લાખો રૂપિયા ભેગા કર્યા છે, પણ એક રૂપિયાનું દાન કરતા નથી. ઈશ્વરનું નામ લેતા નથી. પૂજા-પાઠ કરતા નથી. નજીકમાં મંદિર છે, છતાં દર્શન કરવા જતા નથી.''

## મારા પતિનો ભવ સુધારો ને, સાચો રસ્તો બતાવો..

દુકાનેથી શેઠ ઘરે આવ્યા. સંતોએ ખૂબ ઉપદેશ આપ્યો પછી કહ્યું, શિક્ષાપત્રીના દરરોજ પાંચ શ્લોક વાંચજો અને પ્રભાતમાં પાંચ માળા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ જપ કરતાં ફેરવજો. ધનના મદથી અંધ થયેલા શેઠે શિક્ષાપત્રી અને માળા ફેંકી દીધી. એમાં શું વાંચવાનું હોય. તમારા જેવા રખડતારામ વાંચે. એમાં શ્રીમંતનું કામ નથી. દરરોજ મોડી રાત સુધી પૈસાનો હિસાબ કરે પછી સૂઈ જાય પણ પ્રભુના નામની માળા ફેરવે નહિ.

સમય જતાં પત્નીનું મૃત્યુ થઈ ગયું. હવે કોઈ રોકનાર કે ટોકનાર રહ્યા નહિ તેથી ખૂબ ઉધ્ધત બની ગયો. નોકર ચાકરને ખૂબ ધમકાવે. કયારેક મારી પણ લે. પાપ છાપરે ચડીને પોકારે છે. રાત્રે એના ઘરે ચોર આવ્યા. શેઠને ખાટલા સાથે બાંધી દીધો. પછી જેટલા પૈસા અને દાગીના હતા તે ઉપાડી ગયા. ઘણી તપાસ કરી પણ પતો લાગ્યો નહિ. ખાવાના સાંસા પડ્યા. ગામમાં લારી લઈને દાળીયા ને મમરા વેચવા જાય. પેટ પૂરતું ખાવા મળતું નથી. પસ્તાવાનો પાર નથી. કર્યા કર્મ ભોગવે છે. હૃદય બોલી ઊઠતું કે મેં ગરીબને દુઃખી કરીને કપટથી પૈસા ભેગા કર્યા છે. તે પાપ ભોગવું છું. મારી પત્ની સમજાવતી પણ હું સમજ્યો નહિ અને સંતોની વાત હૈયે ધારી નહિ.

## દેખને કી ઈચ્છા હો તો મૈં કૈસા હૂં યે દેખીએ

પાંચ વરસ પછી તે શેઠને ભયંકર કોલેરાનો રોગ થયો. રીબાઈ રીબાઈને મરી ગયો. દેશકાળ રૂડો હોય છતાં પૂર્વના પાપથી બુધ્ધિ મલીન થઈ જાય છે તેને સવળું સૂઝતું નથી ને ન કરવાનું કામ કરે છે તેથી અંતે નરકમાં પડે છે.

## ઘાટડી ઓઢી છે ગોપીચંદે, ઘાટડી ઓઢી છે શાહબાજેદે;

નિષ્કુળાનંદ સ્વામી ગોપીચંદની મા મેનાવતીને યાદ કરતાં કહે છે. આવી પવિત્ર સમજુ માતા ઝાઝા દિવસ જીવો, જેણે પોતાના પુત્રને વૈરાગ્ય પ્રેર્યો.

**જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી;**
**ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી. જનુની...**

કોઈને વૈરાગ્ય ચડાવવો, ભગવાનની ચૂંદડી પહેરાવવી, જગતથી નિર્વાસનિક કરી ભગવાન સાથે પરણાવવું તે કાંઈ સામાન્ય વાત નથી. જબરું કામ છે. ભારે કામ છે. બાકી લાલચ આપી લાડવા ખવડાવી પંપોળીને સાધુ કરવા સહેલું

કામ છે. ગોપીચંદ રાજાની બારસો રાણી હતી. એ નારી ખૂબ પોતાના પતિને લાડ લડાવતી હતી. એક દિવસ બધી રાણી ભેળી મળીને પ્રિય પતિદેવને ફુલ, તેલ અને સુગંધી પદાર્થથી સ્નાન કરાવે છે. તેલ અને પાણીથી શરીરની માલીશ કરે છે. ત્યાં ઉપરથી ગરમ પાણીનાં બિંદુ શરીર ઉપર પડ્યાં, ઊચું જોયું તો જનેતા રડે છે, સ્નાન પડતું મૂકી તરત કોરાં વસ્ત્ર પહેરી મા પાસે આવ્યા.

મા તમે કેમ રડો છો ? દીકરા, તારા શરીરને જોતાં મને તારા પિતાજી યાદ આવી ગયા. તારા જેવીજ કંચન જેવી કોમળ સુંદર કાયા હતી. તે ભળભળતી અગ્નિમાં હોમાઈ ગઈ. દેવાનંદ સ્વામી કીર્તન ગાય છે.

**આવું તારું ધન રે જોબન ધૂળ થાશે, કંચન જેવી કાયા તે રાખમાં રોડાશે;**
**દયા ધર્મ ને ભક્તિ વિના, તારું સઘળું દ્રવ્ય લૂંટાશે... આવું....**
**દેવાનંદ કહે હરિ ભજ્યા વિના, જમ છોટા મોટાને લઈ જશે.. આવું....**

બેટા જે જગતમાં જન્મે છે, તેનું મૃત્યુ નિશ્ચિત છે. જન્મ મરણથી મુક્ત થવું હોય તો હરિનું સ્મરણ કરો. આપણે બધા કિંમતી વસ્તુ ફેંકીને નકામી નજીવી વસ્તુને પકડી રાખીએ છીએ. મોહ, માયા, મારું-તારું, આળસ, અજ્ઞાન આદિ નજીવી વસ્તુને પકડી બેઠા છીએ. માલ મિલકત, પુત્ર પરિવારનો ત્યાગ. મોહ માયાનો ત્યાગ કરવો સહેલું કામ નથી. આવા અદ્‌ભુત પાત્રને નિષ્કુળાનંદ સ્વામી યાદ કરે છે.

રાજા ભતૃહરિએ રાજ્યપાટ અને ૧૬૦૦ નારીનો ત્યાગ કરી વનમાં તપ કરી ભગવાનને પ્રસન્ન કર્યા છે, વિચાર કરો. સંસારી માણસોને એક પત્નીમાંથી આસક્તિ છૂટતી નથી. મરી જાય તો બીજી કરી આવે પૂર્વના રાજાઓ નારીનો ત્યાગ કરી વનમાં ભજન સ્મરણ કરી ઉત્તમ ગતિને પામ્યા છે. રાજપાટનો ત્યાગ કરે પણ પછી જો અજ્ઞાનતા રહી જાય તો ઝઘડા કરે. વાડી, ગાડી, લાડી આ બધું મૂકયું પણ નજીવી વસ્તુને પકડી રાખીએ એ પણ ખોટું છે.

## માયા ભલભલાને આંટીમાં લે છે.

ઘાટડી તો ઓઢી છે શાહબાજંદે. બાજંદ મોટો રાજા હતો. અસવારીમાં સોનાની અંબાડીમાં હાથી ઉપર બેસીને નગરયાત્રા કરવા જાય છે. રસ્તા વચ્ચે ઊંટ મરેલું પડ્યું હતું. તેથી અસવારી અટકી ગઈ, રાજાએ કહ્યું, ‘‘અસવારી જલદી આગળ ચલાવો, કેમ અટકી ગઈ ?’’ માણસોએ કહ્યું, ‘‘રાજન્ ! રસ્તામાં ઊંટ મરી ગયો છે.’’ રાજા દોડીને જોવા આવ્યો. ઊંટનું શરીર બરાબર છે. છતાં કેમ કહો છો

કે મરી ગયો છે. નોકરે કહ્યું, ''શરીરમાંથી જીવ નીકળી ગયો છે. તેને મરેલું કહેવાય.''

રાજાને નવાઈ લાગી. આ રીતે બધાને મરવું પડશે. હા.. મરણ નક્કી છે. મૃત્યુથી બચવાનો કોઈ ઉપાય ખરો ! હા ઉપાય છે. ખુદાની બંદગી કરે તો મૃત્યુથી બચી જાય જન્મ મરણના ફેરા ટળી જાય. આટલું સાંભળી તરત વૈરાગ્ય આવી ગયો. વનમાં ચાલતા થઈ ગયા. વિચાર કરો. આપણે અનેકના નજર સામે મૃત્યુ દેખીએ છીએ છતાં વૈરાગ્ય થતો નથી. નવાઈની વાત છે કે વૈરાગ્યરૂપી સદ્‌ગુણો આવવા મહા કઠીન છે.

**ઘાટડીતો ભરથરિને ઘણી ભાવી રે, ઘાટડીતો કદરજે શોભાવી રે;**
**કંઈકતો વણ ઓઢચે ફરે ફૂલ્યા રે, નિષ્કુળાનંદ કહે તેતો ભૂલ્યા રે.**

કદરજને(વૈરાગ્યવાનને) આ લોકની સંપત્તિ દુઃખરૂપ લાગે છે અને પ્રભુની મૂર્તિ સુખરૂપ લાગે છે. આત્માને સારામાં સારું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખ જોઈતું હોય તેને સર્વપ્રકારે શ્રીહરિમાં જોડાઈ જવું. વૈરાગ્યવાન ભગવાનને અખંડ હૃદયમાં ધારી રાખે છે. નિમિષ પણ ન્યારા મુકતા નથી. પ્રેમાનંદ સ્વામી અંતરના આનંદ સાથે ગાય છે.

**મોહન મૂરતિ તારી રે,... હો વહાલી લાગે છે.**
**નિમિષ ન મેલું ન્યારી..... હો વહાલી લાગે છે...**

સુંદર વર અતિ શોભો છો સારા, ઉરપર હાર હજારી રે. હો વહાલી લાગે છે.
પાંપણ ઉપર શોભી રહી છે પાઘડી અતિ સારી રે.. હો વહાલી લાગે છે.
છેલ છબીલા તારાં છોગલાં જોઈને, મોહી પાડોશણ મારી રે. હો વહાલી લાગે છે.
પ્રેમસખી કહે નાથજી તમને, રાખું હૃદયમાં ધારી રે.. હો વહાલી લાગે છે.

પ્રભુ પ્રેમ વગરનું જીવન નિરર્થક છે. તમારી પાસે કાંઈ પણ ન હોય પણ પ્રભુ પ્રેમથી અંતર ભરેલું હશે તો આત્માને શાંતિ રહેશે. ભગવાનને વિષે અતિશય પ્રીતિ એ ઘણી મોટી વાત છે.

**શોભે છે સારી શ્યામ સલુણા વરની ચુંદડી રે,**
**ચુંદડી રંગે દીસે છે રૂપાળી રે .... શોભે છે....**
**ચુંદડી રંગે તે મોહ્યા મોટા મુનિ રે,**
**દેખી અંક અલૌકિક અનુપ રે .... શોભે છે....**

નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યરૂપી ચૂંદડીની ખૂબ પ્રશંસા કરે છે. ભવ બ્રહ્માને ભાવિ ઘણું ચૂંદડી સરાયે સૂર નર ભૂપ.

**ચુંદડી નયણાં ભરીને નિરખી નારદે રે,**
**સનકાદિકે કર્યો સતકાર રે..શોભે છે...**

સંતમાં નારદજી શ્રેષ્ઠ પાત્ર છે. દક્ષપ્રજાપતિના દશ હજાર વીસ વીસ વરસના યુવાન દીકરાઓને ઉપદેશ આપી સાધુ કર્યા. માયાથી બચાવી લીધા. નારદજીની નજર ફરતી જ હોય.. કોઈ ગુણીયલ દેખાય તો ઉપદેશ આપી ભગવાનની ભગવી ચૂંદડી પહેરાવી, ભક્તિના રંગ ચડાવી દે. દક્ષે કહ્યું, નારદજી ! મારા દીકરાને શું કામ સાધુ કર્યા ? અમે દીકરા કેમ મોટા કરીએ છીએ તેની તમને ખબર પડે ? તૈયાર માલને વાળી લીધો.

પછી દક્ષ પ્રજાપતિએ હજાર પુત્રોને પ્રગટ કર્યા. દીકરા મોટા થયા પિતાએ કહ્યું, ''લગ્ન કરો, દીકરાઓ બોલ્યા, પહેલી અમે તપશ્ચર્યા કરશું. પછી લગ્નની વાત.'' દક્ષે કહ્યું, ધ્યાન રાખજો, નારદજી સાધુ થાવાની વાત કરે તો માનજો નહિ. દીકરાઓ નારાયણસરોવરના કિનારે આવ્યા. તપ શરૂ કર્યું ત્યાં નારદજી પહોંચી આવ્યા. ઉપદેશ આપતાં કહ્યું,

**નાશવંત આ દેહ વડેથી અવિનાશી ફળ લેવુંજી,**
**પત્રવાલામાં જમી કરીને બહાર ફેંકી દેવુંજી.**

આત્માનો ઉધ્ધાર કરવા માટે ભગવાને આપણને મનુષ્ય જન્મ આપ્યો છે. આ જગતના નાશવંત સુખમાં આનંદ નથી. આનંદ પ્રભુ ભજવામાં છે. આ સંસારમાં પરણે છે તે પણ પસ્તાય છે અને વાંઢો પણ પસ્તાય છે.

**વિશ્વના તમામ સુખ પ્રભુના ચરણમાં છે.**

લક્ષ્મીજી સદાય ભગવાનના ચરણમાં બેસીને સેવા કરે છે. નારદજીના યોગમાં જે આવે તેને વૈરાગ્ય ચડાવી દે. હજાર દીકરા સાધુ થઈ ગયા. તેથી દક્ષ પ્રજાપતિ ખીજાઈ ગયા. જાવ શાપ આપું છું. ગોદોહન માત્ર કયાંય સ્થિર નહિ રહી શકો. નારદજી ખુશ થયા. કાંઈ વાંધો નહિ ઘણી જગ્યાએ ફરશું ને ઘણા સાધુ કરશું.

**ચુંદડી વલ્લભ ઘણી છે વ્યાસને રે,**
**વાલમિકે વખાણી વારમવાર રે ..... શોભે છે...**
**ચુંદડી શેષ વખાણે શારદા રે,**
**નવ પામે તે પોતાનો પાર રે. શોભે છે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે. વૈરાગ્યરૂપી ચૂંદડી વ્યાસજીએ, વાલ્મિક ઋષિએ

ખૂબ શોભાડેલી છે. આપણા નંદ પંક્તિના સંતો ચૂંદડી પહેરીને શોભાના શિરોમણી સંત થયા છે. સત્સંગ શોભે તેવું વર્તન કરવું.

## કુછ કરને કા દિલ કરે તો, સબકા ભલા કીજીએ..

બ્રહ્માનંદ સ્વામી જૂનાગઢનું મંદિર બંધાવે છે. તે વખતે મંદિરની ત્રણ ભેંસો દૂઝતી હતી, પણ છાશ પૂરી થતી નહિ તેથી બ્રહ્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીની સાથે આવેલા જોરા ભક્તને કહ્યું, ''જોરા ભગત, છાશ પૂરી થતી નથી, કડીયા કામ કરે છે તો ગિરનારની તળેટીમાં તપાસ કરો. મંદિરને શોભાડે એવી રૂષ્ટ પુષ્ટ સારી ગાય જોઈએ છે.'' જોરા ભગત કહે, ભલે અને બે પાર્ષદોને લઈને આવ્યા ભરવાડના નેહડામાં. એક ગાય નજરે ચડી, બહુ સારી છે. ''આ ગાય જોઈએ છે, કેટલા પૈસા લેશો ? પૈસા તો ઠીક પણ આ ગાય તમને પૈસા દેતાં પણ નહી દઈએ.'' કેમ ? આ ગાયથી અમારી ઝોક શોભે છે, ઝોકને શોભાવે એવી આ ગાય છે. અમારું ધણ આ એક ગાયથી શોભે એવી દેખાવડી અને દૂધાળી છે. બીજી ગાય જોઈએ તો લઈ જાવ, પણ આ નહિ મળે. ત્યાં એક ભરવાડે કહ્યું, ''આ સ્વામિનારાયણના ભક્ત છે એને ખાસ જરૂર છે. પાછા જાય તો લોકમાં ખોટું દેખાય માટે આપી દો.'' પછી રકમ નક્કી કરી ગાય આપી. ગાય લઈને જોરા ભગત રવાના થયા ત્યાં જેની ગાય હતી એ ભરવાડણ પાણીની હેલ ભરીને સામે આવી. પોતાની ગાય ઓળખી ગઈ . ''ભાઈ આ ગાય અમારી છે. તમે કયાં લઈ જાવ છો ?'' અમે મંદિરે લઇ જઈએ છીએ. ભલે લઈ જાવ પણ અત્યારે પાછી વાળો. અમારે ઘેર લઈ ચાલો.

ગાયને ઠાલે હાથે દેવાય નહિ. અમે ઘણુંય દૂધ પીધું છે. એની પૂજા કરું પછી લઈ જજો. ગાયને ઘરે લઈ આવ્યા. ભરવાડણે કંકુ ચોખાથી ગાયની પૂજા કરી, ફૂલનો હાર પહેરાવી ખાણ ખાવા દીધું, કપડું ઓઢાડી પગે લાગીને કહ્યું, ''હે ગાય માતા તમે એવાં ડાહ્યાં થજો. કોઈને શીંગડું કે પાટું મારશો નહિ. જયારે દોહવા બેસે ત્યારે દોહવા દેજો પણ લાત મારશો નહિ.''

## મારી ઝોકને લજાવશો નહિ, ઠંડો સ્વભાવ રાખજો..

જેથી અમારી ઝોકના વખાણ થાય. સારી ગાય હોય તો બધા એમ કહે કે ગાય બહુ મજાની છે, તેથી અમારું સારું લાગે તો ડાહ્યા થઈને ઝોક શોભાવતા રહેજો. પગે લાગીને શીખામણ દીધી. પાંચ રૂપિયા ભેટ મૂકીને રાજીપે રજા દીધી, હવે લઈ જાવ. હે ગાય માતા તમે ભાગ્યશાળી છો તમારું દૂધ ભગવાન જમશે. આટલું કહી માફી માગી.

ગાય લઈને જોરા ભગત આવ્યા મંદિરમાં. ચોકમાં ગાય ઊભી રાખી. સ્વામી બહુ રાજી થયા. પછી બનેલી બાબત બધી સમજાવી. સ્વામીએ કહ્યું, સંતો, પાર્ષદો અને ભક્તજનો તમે બધા આપણી સ્વામિનારાયણની ઝોકને શોભાવજો...

**સોના જેવા સત્સંગમાં, લોઢાની ખીલી શોભે નહિ..**

યથાર્થ ધર્મનું પાલન કરજો પણ કયારેય સંપ્રદાયને લાંછન લાગે એવું કામ કરશો નહિ. આપણે સ્વામિનારાયણ ભગવાનની ઝોકના છીએ. ધર્મ ભ્રષ્ટ થઈને લજાવજો નહિ. સહુ સહુના ધર્મ નિયમનું દ્રઢતાપૂર્વક પાલન કરજો..

**ચુંદડી અંતર પ્રીતે જે ઓઢશે રે,**
**તેને સ્વપ્ને નહિ ગમે રે સંસાર રે. શોભે.**
**ચુંદડી સારી સોયામણી રે,**
**કર્યાં અનેક જનનાં જો કાજ રે. શોભે છે.**

ચૂંદડી અંતર પ્રીત જે ઓઢશે તેને સ્વપ્ને નહિ ગમે સંસાર. અંતરમાંથી વિવેકજન્ય વૈરાગ્ય ઉત્પન્ન થાય તેને સંસાર સ્વપ્ના જેવો લાગે છે. વૈરાગ્ય વિના ભગવાનની ચૂંદડી ઓઢે છે તો તે ઉધઈ ખાઈ ગયેલા મકાન જેવા હોય. ઉપરથી મકાન બરાબર સરસ લાગે પણ પાયા ખવાઈ ગયા હોય, ધર્મ-ભક્તિ-જ્ઞાન કે વૈરાગ્યરૂપી સદ્‌ગુણ એના જીવનમાં હોય નહિ. કેવળ ભગવાં કપડાં પહેરી ફરે. વર્તન કે વિવેક બિલકુલ હોય નહિ. ઉધઈ ચડેલા મકાનની દિવાલમાં જરાક ગોદો મારો તો તરત કાંણુ થઈ જાય. વૈરાગ્યહીનને સાચા સંતો કાંઈ દોષ ટાળવાની વાત કરે તો. તરત સંતોનો અવગુણ આવી જાય.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, શૂરવીરતા રાખવી. દાસના દાસ થઈને રહેવું. ગમે તેવી સમ વિષમ પરિસ્થિતિ ઊભી થાય છતાં ધર્મમાંથી ડગવું નહિ. મળ્યા નિષ્કુળાનંદના નાથજી, દયા કરીને આપી અમને આજ; શોભે છે સારી શ્યામ સલુણાવરની ચૂંદડી. સ્વામી કહે છે મને સ્વામિનારાયણ ભગવાન મળ્યા ને વૈરાગ્યની ચૂંદડી ઓઢાડી દીધી મારું કામ થઈ ગયું..

કન્યા લગ્ન મોકલાવે છે. પહેલું લગ્ન નક્કી થાય પછી લગ્ન લખાય, પછી લગ્ન મોકલાવાય. સ્વામી સરસ કવિત્વમાં વર્ણન કરે છે.

**ધન્ય ધન્ય દિન રળિયામણો, ધન્ય અવસર આજ રે;**
**લગન લાડીલી મોકલે, વે'લા આવો મહારાજ રે.**

**વહાલાજી વિલંબ ન કિજીએ, દિજે દરશન દાન રે;**
**ભુધર તમને ભેટતાં, વળે અમારા વાન રે.**

ધન્ય દિન રળિયામણો, ધન્ય અવસર આજ; નિષ્કુળાનંદ સ્વામી જે આનંદ અનુભવી રહ્યા છે. તે આનંદ આપણને આપે છે. આપણું જીવન સત્સંગ સમાજમાં શોભે એવું રાખવું જોઈએ. કન્યા લગ્નમાં પોતાના વિચારો લખે છે. જેમ બને તેમ વહેલા આવો, ભૂધર તમને ભેટતાં વળે અમારા વાન. દર્શન આપો મહારાજ. આત્મા પરમાત્માને મળવા તલપે છે પણ માયા પરમાત્મા પાસે જવા દેતી નથી. મન તમને મળવા ઈચ્છે છે. શ્રવણ ઈચ્છે છે સુણવા વહાલા મુખની વાત, નયણ તમને જોવા ઈચ્છે છે, શ્રવણ તમારી કથા સાંભળવા ઈચ્છે. એકાએક ઈંદ્રિયને ભગવાનમાં જોડી દેવી. ભગવાનને વિષે વૃત્તિ જોડાઈ જાય તો તે ભક્તને કોઈ જાતની કસર રહેતી નથી.

**સર્વે અંગ સ્વામી તમને, સ્પરશી પાવન કરું રે;**
**પિયુજી વે'લેરા પધારજો, આવો અંકજ ભરું રે.**
**અવગુણ મારા અનેક છે, રખે તે સામું જોતા રે;**
**અધમ ઉધ્ધારણ બિરુદ છે, રખે તે તમે ખોતા રે.**

''હે પિયુજી તમે વહેલા આવો, બાથમાં ભરીને તમને મળવાની મને ઉમંગ છે.'' મહારાજ, એક વાતની ચોખવટ કરું છું. દિલની વાત કરું છું પ્રભુ અવગુણ મારા અનેક છે, રખે તે તમે જોતા રે, આપણે બહુજ લુચ્ચા છીએ, પાપને ઢાંકીએ છીએ ને પુણ્યને પ્રગટ કરીને છીએ. આપણે અવગુણથી ભર્યા છીએ.

ગોપાળાનંદ સ્વામી સંતો સાથે સત્સંગ પ્રચારાર્થે જઈ રહ્યા છે, ત્યાં એક બ્રાહ્મણનો યુવાન દીકરો મદથી ચાલ્યો આવતો હતો. સંતોને જોયાને મશ્કરી કરવાનું મન થયું, સંતો ઉપર ધૂળ કચરો ને કાદવ ફેંકયો. સંતો સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા ચાલતા થઈ ગયા. કાંઈ બોલ્યા નહિ, યુવાને ખડખડાટ હસતાં હસતાં કહ્યું, અલ્યા બાવલા, બકબક શું કરો છો ? હવે ખબર પડશે. એમ કહી જોરથી પથ્થર ફેંકયો. ગોપાળાનંદ સ્વામીના પગમાં વાગ્યો. સ્વામી બેભાન થઈ પડી ગયા. લોહીની ધાર છૂટી. સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતાં બેસી ગયા. પછી જ્યારે ભાન આવ્યું ત્યારે ધીરે ધીરે ઊઠ્યા. પાછું વળીને જોયું, કે યુવાનીયો ફટાક દઈને ધરતી ઉપર પડ્યો. પેટમાં સખત પીડા ઉપડી. પગ ઘસે છે પીડા ખમાતી નથી. ઊંચે સાદે ખૂબ રડે છે.

ત્યાંથી એક મહાત્માજી પસાર થયા. બે હાથ જોડીને કરગરતાં યુવાન બોલ્યો, ''બાપજી આ દુઃખમાંથી બચાવો.'' મહાત્માજીએ કહ્યું, ''તમે કોઈ મહાન સંતનો અપરાધ કર્યો છે. જેનો અપરાધ કર્યો છે તેની પાસે માફી માગો તો સારું થાય.'' યુવાને કહ્યું, ''મેં સ્વામિનારાયણના નિર્દોષ સાધુ ઉપર કાદવ કીચડ ફેંકી દુઃખી કર્યા છે.'' સંતે કહ્યું તયારે કર્યા કર્મ ભોગવો..

## સત્યવાદીને સંતાપતાં આવે દુઃખ અતોલ

સંબંધીને ખબર પડી કે મારો દીકરો રસ્તામાં આળોટે છે તેથી દોડતા આવ્યા ગોપાળાનંદ સ્વામી પાસે. સ્વામી તમે દયાળુ છો. અમારા દીકરાને દુઃખમાંથી મુકત કરો. સ્વામીએ કહ્યું, ''જેણે અપરાધ કર્યો છે તે માફી માગે તો પાપનું નિવારણ થાય.'' પછી સગાં સંબંધી દીકરાને ગોદડીમાં સુવાડીને ગોપાળાનંદ સ્વામી પાસે લઈ આવ્યા. યુવાને માફી માગતાં કહ્યું, ''સ્વામીજી હું મહાપાપી છું, તમારો અપરાધી છું. મારા પાપનું શું વર્ણન કરું. મને માફ કરો, એમ કહી ધ્રુસકે ધ્રુસકે રડે છે. ફરીથી આવી ભૂલ નહિ કરું.''

ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ''ભગવાનને યાદ કરજો. પ્રભુ સારું કરશે.'' આટલું કહી સ્વામી રવાના થઈ ગયા. સંબંધીઓ યુવાનને ઘરે લઈ આવ્યા. થોડા દિવસ પછી યુવાન રીબાઈ રીબાઈને મૃત્યુ પામ્યો. માફી માગી હતી તેથી જમપુરીમાં સજા ભોગવવી ન પડી, પણ નીચ જ્ઞાતિમાં જન્મ લેવો પડ્યો.

## સંતનો અપરાધ કરતો ગયો, બીજે જન્મે ભંગી થયો.

ભંગીને ઘરે જન્મ મળ્યો. સાવ ગરીબ સ્થિતિ. રહેવા માટે ઘર નહિ ને જમવા માટે અન્ન નહિ. ઘરોઘર ભીખ માગે છતાં પેટ પૂરતું ખાવા મળતું નથી. આવા દશ જન્મ ભંગીના લેવા પડ્યા. સંતના અપરાધીને આવું પરિણામ આવે છે. સંત અપરાધથી બચજો.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહેતે હૈ. ભગવાન ઓર ભગવાનકા સંતકો કુરાજી કરતે હૈં. યદ્યપિ સ્વર્ગમેં જાને યોગ્ય કર્મ કિયા હો તો ભી ઉસકા નાશ હો જાય. ઓર નરકમેં ગિરના પડે. પરંતુ સંતકો રાજી કરતે હૈ તો કર્મ મેં નરકમેં જાનેકા પ્રારબ્ધ હો તો ઉસકે અશુભ કર્મ નાશ હો જાતે હૈ. ઔર પરમપદકો પા જાવે.

**બિરુદ સામું જોઈ શામળા, કરજો અમારા કાજ રે;**
**શું કહીને સંભળાવીએ, સર્વે જાણો મહારાજ રે.**

**થોડે લખ્યે ઘણું જાણજો, દયા કરજો દયાળુ રે;**
**જેમ જાણો તેમ જાણજો, છૈયે તમારા પાળુ રે.**

વૃત્તિરૂપી કન્યા નમ્ર બની હાથ જોડી કહે છે, ''હે પ્રભુ ! તમે અધમ ઉધ્ધારણ છો. પાપીનો ઉધ્ધાર કરો છો. તે તમારું બિરૂદ છે. કયારેય બદલશે નહિ, થોડે લખે ઝાઝુ જાણજો અમે છીએ તમારા પાળુ, છોડતાં છેક છૂટો નહિ તે કેમ છાંડો મહારાજ. ગમે તેમ તોય અમે તમારા દાસ છીએ. તમે અમારા સ્વામી છો. અમારા ગુન્હા સામે જોશો નહિ.'' હે પ્રભુ ! અમે તમને ભેગા રાખશું ને તમે અમને ભેગા રાખજો.'' પરિપકવ નિશ્ચય છે તેને માયા દુઃખ કેવા સમર્થ થતી નથી.

સાધુ સત્સંગ કરાવવા જાય ત્યારે કોઈક મુમુક્ષુ આત્મા હાથમાં આવી જાય. જૂનાગઢના ગોકળ ભક્તને સંતનો યોગ થયો. ધર્મની રીતભાત શીખી વર્તમાન ધરાવી, શરણે લીધો, કંઠી બાંધી તિલક ચાંદલો કરી પૂજા લઈ ઘરે ગયા. ગોકળ ભક્તની માએ કહ્યું, '' આ શું કર્યું ? તારું માથું ફરી ગયું લાગે છે. મા ! માથું નથી ફર્યું પણ ફરેલું માથું સરખું થયું છે.

**મને સાચું જ્ઞાન આપનારા ગુરુ મળી ગયા છે.**

તારા કંઠમાં શું છે ? કોની કંઠી પહેરી છે ? સ્વામિનારાયણ ભગવાનની કંઠી છે. મા ને ગમ્યું નહિ. અલ્યા ભગતડા કંઠી કાઢી નાખ. ને ચાંદલો ભૂંસી નાખ. આવું તુત ન ખપે, મા સાંભળી લ્યો

**દેહમાંથી પ્રાણ જાય તો પણ કંઠી ન કઢાય**
**એતો શિરને સાટે છે.**

કંઠી નહિ કઢાય. મા ને થયું. ગોકળીયો મારું માનશે નહિ. તેથી એક ગોસાંઈ પંથનો બાવો હતો તેની પાસે તેને લઈ ગયા. બાવાએ કહ્યું, ''એક બાપ મૂકીને બીજો બાપ ન કરાય.'' ગોકળ ભક્તે કહ્યું, ''ભગવાન એકજ છે. મેં ભગવાન બદલાવ્યા નથી. ફકત ગુરુ બદલાવ્યા છે. બાવાએ કહ્યું, ''હું શું ખોટો હતો ? મને મૂકી દીધો.'' હા, તમે ખોટા છો. વ્યસનથી ભરપૂર છો. તમારામાં ધર્મનો છાંટો નથી. હવે સાચા સંત મૂકી ખોટામાં નહિ ફસાઉ. અલ્યા મને સામો થાય છે ? થપાટ મારી. ગોકળ ભગતને મારી કૂટીને રૂમમાં પૂરી દીધા. તારી મા એ છૂટ દીધી છે. મારી કૂટીને કંઠી કઢાવી નાખો.

વીસ વરસના યુવાન ગોકળને રૂમમાં પૂરી દીધા. ભૂખ્યો થશે એટલે પાંસરો

થઈ કંઠી કાઢી નાખશે. પંદર દિવસ સુધી કાંઈ પણ જમવાનું આપ્યું નહિ. ભૂખ્યા તરસ્યા ગોકળ ભકત ભગવાનને હૃદયમાં ધારીને ભજન કરે છે. કીર્તન ગાય છે.

**નાથ ન મેલું વેગળા જીરે, હરિવર આવ્યા છો હાથ રે. નાથ...**
**તાપ ટાળો અંતરના જીરે, ભેટો મને ભરી બાથ રે. નાથ...**

હૈયું ભરાઈ આવ્યું છે, હે પ્રભુ તમને જરાય વેગડા નહિ મૂકું અંતરમાં રાખીશ. અંતરના તાપ ટાળો. મહારાજ ! દુઃખ ખમાતુ નથી. ભેટો મને ભરી બાથ. જલદી પધારો. જલદી પધારો. મને તમારી સાથે રાખો.

**વહાલા ભૂમાનંદના જીરે, રાખો અમને સંગાથ રે. નાથ...**

જૂનાગઢના સંતોએ બીજા હરિભક્તને પૂછ્યું, '' પેલા ગોકળ ભક્ત દરરોજ દર્શન કરવા આવતા હતા તે હવે કેમ દેખાતા નથી. તપાસ કરી તો ખબર પડી કે ગોસાંઈ બાવાએ ગોકળને રૂમમાં પૂરી દીધા છે. રાજા પાસે ફરિયાદ કરી. વગર વાંકે અમારા ભક્તને બાવાએ પૂર્યા છે. છૂટા કરો ! રાજાએ માણસો મોકલ્યા. ગોકળ ભકતને છૂટા કર્યા. મા એ કહ્યું, ડુંગળીવાળી રોટલી ખા. બીજું નહિ મળે મરી જઈશ. ખાઈ લે ૧૫ ઉપવાસ થયા પણ રોટલી જમ્યા નહિ. ત્યાં ભગવાન મદદમાં આવી ગયા. રૂમમાં પ્રકાશ છવાઈ ગયો. ખાટલામાં ડોશીમા સૂતાં હતાં ત્યાં આવી બે સોટી ફટકારી ડોશી ઝબકી ગયાં. ભગવાને જમપુરીમાં મૂકી દીધાં. જમનાદૂતોએ મારીમારીને હાડકાં ખખડાવી નાખ્યાં. બરાબર ધોકા લગાવ્યા. પ્રભુના ભક્તને હેરાન કરે છે.

જમપુરીની માર ખાધી તો પણ ડોશીએ અવળાઈ મૂકી નહિ. ગોકળ ભકત સંતો ભક્તોને અને શ્રીજી મહારાજને પોતાને ઘરે જમવા બોલાવ્યા. મા! ચાલો આપણે ઘરે ભગવાન પધાર્યા છે, દર્શન કરો. ડોશીએ કહ્યું, ''મારે સ્વામિનારાયણનું મોઢું જોવું નથી.'' ઘરમાં પેસી ગઈ. સંતો ભોજન જમી મુખવાસ લઈ જવા માટે તૈયાર થયા, ત્યારે ડોશીને વિચાર થયો. સ્વામિનારાયણ ભગવાન કેવા હશે ! દરવાજાની તીરાડમાંથી જોયું. ઓહો ! આવા રૂપાળા ભગવાન. શ્રીજી મહારાજે પાછુ વળીને જોઈને કહ્યું, કાં ડોશીમા. કેમ છો ? મીઠી વાણી સાંભળતાં ભગવાનનું સ્વરૂપ ચિત્તમાં ચોટી ગયું. હૃદય પવિત્ર થયું તેથી પાકાં સત્સંગી થઈ ગયાં.

**છોડતાં છેક છૂટી નહિ, તે કેમ છાંડો મહારાજરે;**
**નિષ્કુળાનંદના નાથજી, બાંય ગ્રહ્યાની લાજરે.**

ભગવાન દયાળુ છે. સુખી કરવા માગે છે, પણ જીવની અવડાઈનો પાર નથી. માયાની માર ન ખાવી હોય તો પ્રભુ સાથે લગ્ન કરો.

**માયાથી તરવાનો અને હરિવર વરવાનો આ ગ્રંથ છે.**

નિષ્કુળાનંદ સ્વામી આધ્યાત્મિક માર્ગમાં અટકયા હોય ત્યાંથી આગળ વધવાનો સર્વોત્તમ માર્ગ બતાવે છે. જેમ સૂર્યોદય થતાં કમળ ખીલે છે, તેમ ભગવાનમાં પ્રેમ થતાં અનેક સદ્‌ગુણોરૂપી પુષ્પો ખીલે છે.

**શુદ્ધ વિચારથી સાબધા થાઓરે, ચાલી ચાલીને ચિદકાશમાં જાઓ રે;**
**જીયાં રે વસે છે જદુપતિ નાથ રે, કહેજો જઈ વિનતિ જોડી બેહુ હાથ રે.**
**વહેલા પધારે હો વિશ્વાધાર રે, વાટ કોઈ જુવે છે વિરહવતી નાર રે;**

નિષ્કુળાનંદ સ્વામી મુદાની વાત કરે છે. સદ્ વિચારથી સાબદા થાઓ. ચાલી ચાલીને ચિદાકાશમાં જાઓ. સદ્ વિચારરૂપી વૃત્તિ ચિદાકાશમાં પહોંચે છે. એટલે અક્ષરધામમાં પહોંચે છે. ગ.મ. ૨૨ વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, શૂરવીર ભક્ત હોય તેને પિંડ બ્રહ્માંડ સંબંધી કોઈ જાતનો ઘાટ ન થાય.

**જેનો આત્મા બળીયો હોય**
**તેને કોઈ દિવસ ખરાબ વિચાર આવે નહિ.**

તિયાં વસે છે જદુપતિ નાથ, કહેજો વિનંતી જોડી બેઉ હાથ; વહેલા પધારે હો વિશ્વાધાર, વાટ જુવે છે વિરહવતી નાર. વિરહવતી નાર આપની રાહ જુવે છે. શબરીબાઈ ભગવાનની રાહ જોતાં હતાં. કયારે રામ આવે ને મારાં બોર જમે. જીવુબા શ્રીજી મહારાજની રાહ જોતાં હતા કે ભગવાન આવે તો મારું દૂધ પીવે. ભગવાનના ભક્તનું હૃદય ભગવાનને મળવા તલપતું હોય છે.

સાચા ભક્તો ભગવાનથી પળવાર દૂર રહી શકતા નથી. સર્વ ક્રિયામાં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરો. સ્મરણ કરતાં નિંદ્રા આવે છે, તે નિંદ્રા સમાધિ જેવી છે. પ્રભાતે જાગો ત્યારે પરમાત્માને યાદ કરો, ફરવા જાઓ ત્યારે પ્રભુને યાદ કરો. તો ભગવાન માનશે કે તે મારી પરિક્રમા ફરે છે. વાતો કરતાં ભગવાનને યાદ રાખીને બોલશો તો ભગવાન માનશે મારી સ્તુતિ કરે છે. વ્યવહાર અને ભક્તિ બે જુદા નથી. વ્યવહાર પ્રભુનું અનુસંધાન રાખીને કરે તો વ્યવહાર પણ ભક્તિ બને છે. કલાક બે કલાક ભક્તિ કરો અને આખો દિવસ ભગવાનને ભૂલી જાઓ. પ્રભુને યાદ ન કરો તો ભક્તિ ન કહેવાય. શ્રીજી મહારાજ કહે ભગવાનના

સ્વરૂપનો મહિમા જાણે છે, તેને જ ભગવાન અખંડ ચિંતવન થાય છે.

**સર્વે સખાને તે તેડજ્યો સાથ રે,**
**ઓપે આંગણીયું અમારું હો નાથ રે.**

હે પ્રભુ તમે એકલા ન આવજો. સાથે સખા, સંતો અને ભક્તોને લાવજો. અમારું આંગણું સખાથી શોભશે. મોટી જાન લઈને આવજો.

**સત્સંગ છે તે જીવન ઘડતરની પ્રયોગશાળા છે.**

પાપની ખીલી મોક્ષમાર્ગમાં આડી આવી ન જાય ખ્યાલ રાખજો..

મુંબઈમાં એક મોટી મીલ હતી. પંદરસો એચ.પી.નું એન્જીન હતું. એના ચક્કરમાં એક નાની ખીલી આડી આવી ગઈ તેથી આખું એન્જીન અટકી ગયું. બધા સ્પેરપાર્ટ બંધ થઈ ગયા. કામ બંધ થઈ ગયું. હવે શું કરવું. ઈજનેરને ચિંતા થઈ. શેઠીયાની આંખ મંડી ફરવા, નોકર બેઠા કેમ પોસાય, મેનેજર મંડ્યો ઈજનેરને ધમકાવવા. ખ્યાલ નથી રાખતો ? પગાર શું મફત થાય છે ? તારી પાછળ અમારે કેટલી નુકશાની વેઠવી પડે. જલદી મશીનને રીપેર કર.

ઈજનેરે ખૂબ કોશિશ કરી પણ એન્જીન ચાલું થતું નથી, પછી મોટા ઈજનેરને બોલાવ્યો. નાનકડી ખીલી આડી હતી, કાઢી કે એન્જીન ઝપાટા બંધ ચાલુ થઈ ગયું. નાનકડી ખીલી મોટા મશીનને અટકાવી દીધું. ધ્યાન રાખજો, જીવ ભગવાનને મળવા તલપી રહ્યો છે, પણ નાની ખીલી આડી આવી જાય છે. ખીલીને મોટા ઈજનેર કાઢી તો મશીન ચાલુ થઈ ગયું, તેમ પાપની ખીલી કાઢનાર સાચા શ્રેષ્ઠ જ્ઞાની સંતો છે. યાદ રાખજો. મોક્ષ મેળવવાનું કામ પણ નાનું સુનું નથી, એમાં જરાક ભૂલ થશે તો કીંમતી જિંદગી વૃથા થઈ જશે.

પૂતળી ફઈએ આખી જિંદગી ધર્મનાં કાર્ય કર્યાં, ભજન ભક્તિ કરી પણ એક નાનો સોનાનો પાસો પચાવી પાડ્યો તો શું દશા થઈ ? નરકમાં પડવું પડ્યું. દુઃખી દુઃખી થઈ ગયાં. ભરતજીને સ્નેહની ખીલી આડી આવી તો શું દશા થઈ ? માનવમાંથી પશુ (મૃગલું) થવું પડ્યું. ત્રિશંકુ રાજાએ ગુરુનો દ્રોહ કર્યો તો તેની શું દશા થઈ ? આજ સુધી અધવચ્ચે લટકે છે. ભક્ત સુદામા બે મુઠી ચણા ખાધા તો તેની શું દશા થઈ ? દરિદ્રતા આવી ખૂબ દુઃખી થયા માટે ખ્યાલ રાખજો. પાપની ખીલી મોક્ષ માર્ગમાં આડી ન આવી જાય.

**પાપની ખીલી આડી આવશે તો મોક્ષમાર્ગ અટકી જશે.**

કદાચ પાપ થઈ ગયાં હોય તો પાપ પોકારી દેજો, સદ્‌ગુરુ તમને રસ્તો બતાવશે. શ્રીજી મહારાજ અને સંતો ભક્તોનો સંબંધ અમૃત સમાન છે. સાચા સંતોમાં આત્મબુધ્ધિ કરવી. વઢે, ટોકે, સ્વભાવને મરડે છતાં અભાવ આવે નહિ તો સાચી આત્મીયતા કહેવાય.

**મારા કુટુંબી બો'ળા છે બહુ રે,**
**હાંશી જો કરવા આવશે સહુ રે;**
**તે તો તમ થકી પામશે હાર રે,**
**લવલવ કરતાં રહેશે નરનાર રે.**

વૃત્તિરૂપી કન્યા કહે છે, ''હે પ્રભુ મારા કુટુંબી ઘણા છે કામ, ક્રોધ, લોભ, મોહ, આશા, તૃષ્ણા, અદેખાઈ, અહંકાર વિગેરે દુર્ગણો બહુ છે. તે ભજન કરવામાં હાંસી કરશે, વિઘ્ન કરશે. જેમ ફુવારામાંથી પાણી છૂટે તેમ અંતઃકરણમાંથી સંકલ્પ વિકલ્પ છૂટે છે, લવલવ કરતાં રહેશે, નરનાર તે તો તમ થકી પામશે હાર. પ્રભુ સ્મરણ કરવાથી અંતરશત્રુ જીતાય છે. જો ખબરદાર થઈને ભજન ભક્તિ કરે તો આને આ દેહે સર્વે કસર ટળી જાય છે.

**એક અમે તમે અંકજ ભરશું રે, મનના મનોરથ પૂરા કરશું રે;**
**સુખનો સમાજ સંગે લાવજ્યો રે,**
**નિષ્કુળાનંદના સ્વામી આવજ્યો રે.**

વૃત્તિરૂપી કન્યા કહે છે, ''હે પ્રભુ, હું તમને અંક ભરીને મળી મારા મનોરથ પૂરા કરશે, તમે આવો ત્યારે સુખનો સમાજ સંગે લાવજો, હે પ્રભુ ! અમારા હ્દયને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, શીલ, સંતોષ, દયા, ક્ષમા, વિનય, વિવેક વિગેરે સદગુણોથી ભરી દો.'' બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં વૃત્તિ લગાડી દેવાથી કરોડો જન્મનું કામ આ જન્મે પૂરૂં થઈ જાય છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે અમારે તો ભગવાનની કથા વાર્તા કે કીર્તન, ભજન, ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતીજ નથી, ને તમારે સર્વેને એવી રીતે વર્તવું.

**જઈ કહી વિનતિ વિચારે રે, સુંણી સર્વે સુંદર વર તે વારે રે;**
**કીધું છે કાંઈ જાદવકુળમાં જાણે રે, વાજેછે અનહદ નાદ નિશાણ રે.**

કહી વિનંતી વિચાર, સુણી સુંદરવર તે વાર. જાદવકુળને જાણ થઈ

અક્ષરધામના મુકતો તૈયાર થઈ ગયા. આત્મા પરમાત્મા સાથે પરણવા જાય છે, વાજે અનહદ નાદ નિશાન, ઢોલ ઢબૂકવા લાગ્યા. શરણાઈના સૂર વહે છે અને નારીઓ મંગળ ગીત ગાય છે. ભગવાન વરરાજા છે. ભગવાને કહ્યું,

**જાન લઈને જાવું છે ને, જીત કરીને આવવું છે.**

વટ રાખવો છે, ઢીલા નથી થાવું. જેમનો ભગવાન ભજવામાં મેરુ સમાન નિશ્ચય છે તે દુઃખમાં ડગી જાય નહિ, મેરુ પર્વત કયાંય ડગે પણ સાચા ભક્તજનોના મન કયારેય ડગતા નથી. લડવૈયા જેમ સામે પગલે શત્રુ સાથે લડે અને પોતાના દેશની આઝાદી ઈચ્છે તેમ સાચા સંતો અંતઃશત્રુ સાથે લડે અને પોતાના આત્માને પરમાત્માના અક્ષરધામમાં પહોંચાડે. આત્માની આઝાદી ઈચ્છે.

જૂનાગઢમાં પાંચીબા સ્વામિનારાયણ ભગવાનનાં એકાંતિક ભક્ત હતાં. તેમના પુત્રનું નામ રૂપશંકર હતું. રૂપશંકરના લગ્ન કર્યા. થોડા સમય પછી જીવ ખસી ગયો, ગાંડાની જેમ કરે, બેભાન થઈ ગયો. ત્યારે રૂપશંકરની પત્નીએ કહ્યું, ‘‘ભુવા પાસે દોરા ધાગા કરાવીએ તો સારું થઈ જશે.’’ પાંચીબાએ કહ્યું, ‘‘કર્તા હર્તા સ્વામિનારાયણ ભગવાન છે. એની ઈચ્છા હશે તેમ થશે. દોરા ધાગા કરાવાય નહિ. ભગવાનના નામની કંઠી પહેરી છે તે રક્ષા કરશે.’’ સ્ત્રીએ હઠ લીધી ઘણું સમજાવ્યું પણ પુત્રવધૂ સમજયાં નહિ. તમે ભુવા પાસે નહિ ચાલો તો હું મારા માવતરે ગામ વેરાવળ લઈ જઈશ. મારા પતિને ત્યાં મને જેમ ફાવશે તેમ કરીશ. ગાડુ ભાડે રાખી. ગાડામાં ગોદડું પાથરીને રૂપશંકરને બેસાડ્યો, ગાડું ચાલતું થયું.

શ્રીજી મહારાજ મુકુંદબ્રહ્મચારીને સાથે લઈને મદદ કરવા પહોંચી આવ્યા. ગાડાની પાછળ પાછળ ચાલ્યા આવે છે. બે દિવસ સુધી ગાડાની સાથે ચાલતા જોઈને હઠીલી સ્ત્રીએ પૂછ્યું. ‘‘તમે કોણ છો ? હું સ્વામિનારાયણ છું અને આ અમારા સેવક છે. અમારી વાંસે શા માટે પડ્યા છો ? રૂપશંકરની રક્ષા કરવા આવ્યા છીએ. રક્ષા કરવાનું કારણ શું ? તમારા સાસુ પાંચીબા અમારા સંતોને અનેકવાર જમાડ્યા છે. વસ્ત્ર ઓઢાડ્યાં છે. ખૂબ ભાવથી સેવા કરી છે. એ પુણ્યના પ્રતાપથી રક્ષા કરવા આવ્યા છીએ. હઠીલી બાઈ રોફથી બોલી.

**અમે ગામ મૂકયું પણ હે સ્વામિનારાયણ,**
**તમે અમારો કેડો ન મૂકયો.**

આવી રીતે વાત કરતા કરતાં ગામ વેરાવળ નજીક નદી છે ત્યાં આવ્યા.

શ્રીજી મહારાજે વરદ હસ્ત ઊંચો કરી કહ્યું, ‘‘રૂપશંકર તમો જરાય ચિંતા ન કરજો અમે તમારી સાથે જ છીએ. તમારી મગજ શક્તિ બહુ સરસ રહેશે. નખમાં પણ રોગ નહિ રહે. તમારો નિશ્ચય જોઈ અમે રાજી થયા છીએ. આટલું કહેતા પ્રભુ અદશ્ય થઈ ગયા.’’ રૂપશંકર સાવ સાજા થઈ ગયા. હઠીલી સ્ત્રીને પ્રભુ પર શ્રધ્ધા બેસી ગઈ. કાંઈ દવા ન કરી છતાં રૂપશંકરની બિમારી જતી રહી. આ છે ભગવાન ભજવાનો પ્રતાપ. જીવમાં જાગૃતિ આવી ગઈ. જાગતાને ભગવાન મળે છે, માયાની ઊંઘમાં સૂતેલાને ભગવાન મળતા નથી. મહાન થવું હોય તો ભગવાનના વચનને પકડી રાખો.

**કોઈ જો મ આવશો કાયર કાચા રે,**
**દુ:ખીયા દુર્બળ વળજ્યો પાછા. રે;**
**બુઢાને બાળક રહેજ્યો બેસી રે, દુર્મતિ દેખીને કરશે હાંસી રે.**
**જન બીજા અનેક મળીને જોશે રે, દુરમતિ વણ વાંકે વગોશે રે;**

ભગવાને કહ્યું, ‘‘કાયર કાચા અને દુર્બળનું જાનમાં કામ નથી. શૂરવીરનું કામ છે. ભક્તિનો માર્ગ છે શૂરાનો. નહિ કાયરનું કામ જોને. સર્વશાસ્ત્રનો સાર માત્ર એટલોજ છે. ભગવાનના સ્વરૂપમાં જોડાવું. પાણી માછલાનું જીવન પ્રાણ છે. તેને બહાર કાઢો તો તરફડી તરફડીને મરી જાય, તેમ ભગવાન છે તે સાચી હકીકતમાં જીવન પ્રાણ છે. ભગવાનમાં વૃત્તિ ન રહે ત્યારે માછલાની માફક તરફડે. જરાય ગમે જ નહિ, ગમે તેવો વૈભવ આપો છતાં પણ મન કયાંય ચોંટે જ નહિ, એનું જીવન જગતથી ન્યારું હોય છે.

એક શ્રીમંત શેઠ કથા સાંભળવા આવ્યા, કથામાં બેઠા, કથા પૂરી થઈ ત્યારે કીર્તન બોલીને સ્વામિનારાયણ મહામંત્રની ધુન્ય ચાલુ કરી અડધો કલાક ધુન્ય ચાલુ રહી, ત્યારે શ્રીમંતને થયું કયારના એનું એજ બોલ્યા કરે છે. સ્વામિનારાયણ સ્વામિ-નારાયણ. આ છ અક્ષરમાં શું છે ? વારંવાર બોલવાથી શું ફાયદો થાય. પાછા મુક્તાજ નથી. બૂમો પાડ્યા જ કરે છે. સંતને ખબર પડી ગઈ. આ શેઠીયાને પ્રભુ નામ બોલવું ગમતું નથી. હોઠ ભીંસીને બેઠો છે. ચારે બાજુ જોયા કરે છે. સંતો તેની આંખ ઉપરથી પારખી ગયા, આંખ ઉપરથી માણસની પરીક્ષા થઈ જાય. પારખતાં આવડે તો.

પછી બીજે દિવસે શ્રીમંત શેઠ કથામાં બેઠા ત્યારે સંતે કહ્યું, ‘‘મૂર્ખા આડુંઅવળું શું જોયા કરે છે.’’ આ શબ્દ સાંભળતાં શેઠના ક્રોધનો પાર ન રહ્યો. તરત ઘરે જતો રહ્યો. બીજે દિવસે આવ્યો, ભર સભામાં હાથ લાંબો કરી કહ્યું,‘‘હું

બુધ્ધિશાળી શ્રીમંત શેઠ છું. મને મૂર્ખ શા માટે કહ્યું.'' સંતે કહ્યું, ''બે અક્ષરમાં તમને શું થઈ ગયું ?'' અરે તમે મારો મગજ છટકાવી દીધો, બે શબ્દ મારા રગેરગમાં પેસી ગયા છે. મારી ઊંઘ ઊડી ગઈ, જમવાનું હરામ થઈ ગયું. ત્યારે સંતે સરસ જવાબ આપ્યો. શેઠજી જરાય મૂંઝાશો નહિ, પ્રભુ નામમાં અલૌકિક શક્તિ છે. જો સ્વામિનારાયણ શબ્દ રગરગમાં પેસી જાય તો પાપ માત્ર ઊડી જાય અને હૃદયમાં શાંતિ છવાઈ જાય. પ્રભાવશાળી મંત્ર છે સ્વામિનારાયણ.

## વિદ્વાન સંતો સંપ્રદાયની શોભા છે..

શ્રીમંતની આંખ ઉઘડી ગઈ, નવી જાગૃતિ આવી. વાત સાચી છે. જપ શરુ કરી દીધા, ભગવાન રાજી થાય તેવાં કાર્ય કરે તે સાચો બુધ્ધિશાળી છે, ચતુર અને ડાહ્યો છે. મન, કર્મ અને વચનથી શ્રીહરિની શરણાગતિ સ્વીકારીને ભગવાનનાં નામ સંકીર્તન કરવાં. આવો અવસર વારંવર નહિ મળે. ભાવથી સહજાનંદ સ્વામીને ભજો. પોતાની કાવ્ય શક્તિની ભક્તિ રજુ કરતાં ગાય છે. મુકતાનંદ સ્વામી.

**સહજાનંદ સ્વામિ રે ભજ્દઢ ભાવ કરી,**
**આવો અવસર દુર્લભ રે નાવે તારે ફરી ફરી... સહજાનંદ૦**
**મારું કહ્યું સત્ય માને રે, જાવું છે જરૂર મરી;**
**કર પુણ્ય પરમાર્થ રે સંપત રહેશે ધરી... સહજાનંદ૦**
**એવું સમજી વિચારી રે, પાણી પહેલી પાળ કરો;**
**વહાલો મુકતાનંદનો રે ભજી ભવ કષ્ટ હરો... સહજાનંદ૦**

મુકતાનંદ સ્વામી કહે છે, સમજી વિચારી રે પાણી પહેલી પાળ કરો. બાળપણથીજ ભક્તિ શરુ કરી દો. જેને ભગવાનને રાજી કરવા હોય. એને સવારે વહેલા ઊઠી જવું જોઈએ. વહેલા ઊઠવાથી ઘણા ફાયદા થાય છે. નિરાંતે માનસી પૂજા થાય, નિરાંતે ગુરુમંત્રની માળા ફેરવાય, શાંતિથી પ્રદક્ષિણા અને દંડવત થાય, મંગળા આરતીનાં દર્શન થાય. શાંતિથી પૂજા પાઠ અને કથા સંભળાય, વિશ્વની વિસ્મૃતિ સાથે વિશ્વપતિ પુરુષોત્તમ નારાયણની સ્મૃતિ પ્રકટાવી જોઈએ. આનંદથી પ્રભુ નામ જપતા રહો.

**આપણ સહુ આનંદમાંહિ રહેજ્યો રે,**
**વચન તે કોઈને કટુ મ કહેજ્યો રે;**

**આવજો અજીત સર્વે અંગે રે, નિષ્કુળાનંદના સ્વામિને સંગે રે.**

આ લૌકિક વિવાહની વાત નથી, ભગવાન સાથે પ્રેમ લગની લગાડવાની વાત છે. સહુ આનંદમાં રહેજો, વચન કોઈને કટુ ન કહેજો. ભગવાન સાથે પરણવું હોય તેને પોતાના જીવનમાં શાંતિ રાખવી અને વાણીને કાબૂમાં રાખવી. ઝાઝુ બોલવામાં માલ નથી.

## બોલને કી ઈચછા હો તો, મિષ્ટ ભાષા બોલીએ

શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે, જીવને ધામમાં પહોંચાડતાં અમને આવડે છે, હવે અમે વધુ નહિ કહીએ, ને જો બોલીએ તો બોલતાં બોલતાં વધુ બોલાઈ જાય. સ્વામી કહે છે સમજી વિચારીને બોલવું.

**સુણી સજ્જ થયો વૈરાગ્ય, જેને તન મન ધનનો છે ત્યાગ;**
**આવ્યો સંતોષ મહા શૂરવીર, જેથી ધરે મુનિવર ધીર.**
**આવ્યો શીલ મહા જો સુભટ, જેથી પળાય કામનો કોટ;**
**સજ્જ થઈ ક્ષમા અડીખંભ, જેથી ક્રોધ ન કરે આરંભ.**

સુણી સજજ થયો વૈરાગ્ય તન, મન અને ધનનો છે ત્યાગ. વૈરાગ્યવાન ભગવાનને વરવા માટે તૈયાર થઈ ગયા, જેને પ્રભુ સાથે પરણવું છે તેના જીવનમાં વૈરાગ્ય જોઈશે. સંતોષ જોઈશે અને શૂરવીરતા જોઈશે, શીલવ્રત જોઈશે. (શીલવ્રત એટલે બ્રહ્મચર્ય વ્રત) બ્રહ્મચર્ય સર્વ વ્રતમાં ઉત્તમ વ્રત છે.

## શ્રીજી મહારાજ બ્રહ્મચર્યનો પાયો રોપવા આવ્યા છે.

બ્રહ્મચર્ય રાખવાથી ઘણા ફાયદા થાય છે. બ્રહ્મચર્ય પાલન કરવાથી શરીર નિરોગી રહે છે. સ્મરણ શક્તિ વધે છે. સ્વભાવ આનંદિત અને ઉત્સાહી બને છે. પ્રભુને બ્રહ્મચર્ય વ્રત બહુ વહાલું છે. શુકાનંદ સ્વામી પાસે ખંભાતથી એક મુમુક્ષુ હરિભક્ત સંત સમાગમ કરવા આવ્યા. સંસારના બંધનમાંથી છૂટવાની ઈચ્છા રાખનારને મુમુક્ષુ કહેવાય. સ્વામીએ અનાસકતનો બોધ આપતા કહ્યું, ‘‘જે પાણી ડુબાડે છે, તે પાણી તારે છે, જે અગ્નિ દઝાડે છે, તે અગ્નિ ઠંડી ઉડાડે છે, એનો ઉપયોગ કરતાં આવડવો જોઈએ. માયાની ચિકાશ બહુ ચીકણી છે. વચ્ચે જો ભગવાન-ની ભાવ ભક્તિની ચિકાશ આવી જાય તો આપણને માયાની ચિકાશ નડે નહિ.

શુકાનંદ સ્વામીએ કહ્યું, ‘‘છેલ્લા શ્વાસ સુધી વ્યવહારનું ગાડું ખેંચ્યા કરવું

તે મૂર્ખની બુધ્ધિ છે. વૃધ્ધ થાય છતાં સંસારની આસક્તિ ટળતી નથી.'' ઉપદેશ સાંભળી તે ભક્તને ત્યાગી થવાની ઈચ્છા થઈ શુકાનંદજીને કહ્યું, ''મને સાધુ કરો'' સ્વામીએ કહ્યું, ''બે વરસ શ્વેત કપડામાં રહી ભજન ભક્તિ કરો. પછી સાધુ કરશું'' બે વરસ પછી સ્વામીએ મુમુક્ષુ ભક્તને કહ્યું, ''કાલે તમને ભાગવતી દીક્ષા આપી સાધુ કરવા છે'' મુમુક્ષુએ કહ્યું, ''સ્વામી મંદિરમાં બેઠો છું પણ સ્વપ્નામાં મને દરરોજ મારી પત્ની દેખાય છે, ને ઘરે જાઉં ત્યારે સ્વપ્નામાં મને તમે દેખાવ છો. તો હવું હું શું કરું ! તમે કહો તેમ કરું''

શુકાનંદ સ્વામીએ કહ્યું, ''જ્ઞાનામૃતમાં દરરોજ આત્મા સ્નાન કરે છે. બ્રહ્મજ્ઞાનની વાત થાય છે, છતાં કારણ શરીરમા ઊંડે ઊંડે તમને તમારી પત્નીમાં મોહ છે તેથી સ્વપ્નામાં પત્ની દેખાય છે. તે ઠીક નહિ તમે ઘરે જાવ. ત્યાં રહીને સાધુ યાદ આવે તે ઠીક છે, પણ અહીં તમને પત્ની યાદ આવે તે ઠીક નહિ.

## નિર્વાસનિક થવાય ત્યારે સાધુ ભેળા રહેવાય..

મોટા સંતો પાસે રહો છો છતાં જીવની વાસના ટળતી નથી, તો વાસના ટાળ્યાનું કયાં સ્થાન મળશે ? વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે. અમૃતથી માણસ દુઃખી થાય તેને કેનાથી સુખી કરવો ? હાથી ગંગાજળમાં ડૂબ્યો હોય તો પણ તેને ઠંડક ન મળે તો પછી એને શેનાથી ઠંડક વાળવી ? ગ્રામ્યવાર્તા જેને સાંભળવી બહુ ગમે તેને જલદી હરિમાં હેત થાય નહિ. પરમ એકાંતિક ભક્તને જગતની વાત ગમતી નથી. કદાચ કોઈ જગતની વાત કરે તો ધ્યાન દઈને સાંભળતા નથી.

## સજજ થઈ ક્ષમા અડીખમ, જેથી ક્રોધ ન કરે આરંભ;

ભગવાનને રાજી કરવા હોય તેને ક્ષમા આપતાં શીખવું. ક્ષમા એટલે શું ? જતુ કરી દેવું. એને ક્ષમા કહેવાય. ગમે તેટલા આપણા ગુન્હા કર્યા હોય, અભાવ લીધો હોય છતાં તેને માફી આપી દેવી તેને કહેવાય ક્ષમા, કોઈનો વાંક હોય તો ક્ષમા આપતાં શીખજો. વાતને પકડી ન રાખજો. આપણા સંપ્રદાયનો પાયો સહનશીલતા ઉપર જ રચાયેલો છે. આ કથા અંતરમાં ઉતારવા જેવી છે. વાતની વાતમાં ગરમ થાવું નહિ.

## યજ્ઞવાન કરતાં ક્ષમાવાન ઉત્તમ છે.
## દુઃખનો નાશ કરવામાં ક્ષમા છે તે ખડગ છે.

પંજાબના રણજીતસિંહ રાજા હતા. એના રાજયમાં પ્રજા સુખી, સમૃધ્ધ,

ન્યાયપ્રિય અને ઉદ્યમશીલ હતી. રણજીતસિંહ સત્યવાદી અને દયાવાન અને ઉદાર દિલના હતા. અવારનવાર લોક અને રાજ મુલાકાતે જતા અને લોકોના દુઃખ દારિદ્રને ટાળતા.

એક દિવસ મહારાજા તેમના સાથીદાર સાથે અશ્વ લઈને નગર જોવા નીકળ્યા, દૂર દૂર નીકળી ગયા. જંગલમાં એક વૃધ્ધ ૮૦ વરસના માજી બળતણ લેવા આવ્યાં હતાં. ભારી બાંધી તૈયાર કરી, પછી એક વૃક્ષ પર સુંદર જાયફળ જોયાં તેથી પાકેલું ફળ જાણીને જોરથી પથ્થરો ફળ ઉપર ફેંકયો. પણ બન્યું જુદું. પથ્થર ફળને લાગવાને બદલે ઘોડા ઉપર બેઠેલા રાજાના કપાળમાં વાગ્યો. રાજા ચોંકી ગયા. અરે અચાનક પથ્થર કયાંથી આવ્યો, લોહીની ધાર થઈ, સેવકોએ જલદી પાટો બાંધી દીધો.

સેવકો પથ્થર ફેંકનારને પકડવા દોડ્યા. વૃધ્ધ માજીને ખબર પડી ગઈ કે, ભારે ભૂલ થઈ. પથ્થર રાજાને વાગી ગયો છે. હવે મને જીવતી રહેવા નહિ દે. તેથી ધીરે ધીરે લથડતે પગલે રાજા પાસે આવ્યાં. બે હાથ જોડી માફી માગતાં કહ્યું, ‘‘મારી ભૂલ થઈ છે. અન્નદાતા મને માફ કરો. અજાણતાં વાગી ગયું છે. છતાં જે સજા કરશો તે મને મંજૂર છે. અન્નદાતા આપની જેવી ઈચ્છા. આટલું કહેતા ધ્રુસ્કો મૂકી રડી પડ્યાં.

મહારાજ શાંતિથી બોલ્યા, માજી ચિંતા ન કરો. મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે પણ માજી તમે સુખેથી ઘરે જાવ. રાજા રણજીતસિંહ રાજ્ય દરબારમાં આવ્યા અને સેવકોને કહ્યું, ‘‘વૃધ્ધ માજીને પાંચ સોનામહોર આપી આવો અને ઝૂંપડીને બદલે પાકું નાનું સરખું મકાન બંધાવી આપો અને અન્ન, વસ્ત્ર પણ પહોંચતું કરી દો.’’ રાજ્યના કાર્યકર્તા આવું સાંભળી સ્તબ્ધ થઈ ગયા.

## રાજાએ પથ્થર મારનારને ઈનામ આપ્યું.

ધન્ય હો રાજન તમારી સહનશીલતાને. રાજાએ સરસ જવાબ આપ્યો. વૃક્ષને પથ્થર મારે તો વૃક્ષ ફળ આપે છે, તો મારે પણ કાંઈક ઈનામ આપવું જોઈએને. આ વાતની સૌરભ તમામ રાજ્યમાં ખબર પડી ગઈ. પ્રજાજનો રાજાને ખૂબ નવાજવા લાગ્યા. અને સારો પ્રભાવ આખી દુનિયામાં વિસ્તરી ગયો, રાજા રણજીતસિંહ સત્તાવાન, શક્તિવાન હોવા છતાં નમ્રતાપૂર્વક ભૂલને જતી કરી. આવા હતા આપણા હિંદુસ્તાનના પ્રતાપી રાજા.

રાજા બોલ્યા, નાનું બાળક જેમ રમત કરતાં કરતાં બાપને ગાલમાં ને માથામાં

મારે તો મા-બાપ બાળકને બદલો લેવા મારતાં નથી, તો મારાથી વૃધ્ધ માજીને કેમ દંડ કરાય. હું નગરીનો બાપ છું. પ્રજાજનો મારાં સંતાન છે. ક્ષમા કરવાવાળા તો ભગવાન છે. જે આપણી બધાની ભૂલને હંમેશા માફ કરે છે.

**દયા દિસે છે દલની દયાળ, સર્વે જીવતણી પ્રતિપાળ;**
**ભક્તિ અદીનતા ધરી ધીર, માંહી જ્ઞાન વિજ્ઞાન ગંભીર.**
**સમદષ્ટિ સદા સુખકારી, એક આત્મા રહે ભાવ ધારી;**
**શુભ ગુણ વિવેક વિચાર, એવાં કહેતાં તે ન આવે પાર.**

વરરાજા કેવા છે ? દિસે છે દિલના દયાળ, સર્વે જીવતણા પ્રતિપાળ, નવ પ્રકારની ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક અને સદ્‌વિચાર એવા અનંત સદ્‌ગુણો જીવનમાં હોય તો પ્રભુ સાથે સગપણ થાય. સદ્‌ગુણો છે તે જાનૈયા છે ને વૃત્તિરૂપી કન્યા છે તેને ભગવાન સાથે જોડવાની છે. ભગવાનથી લગની લગાડવાની છે. બ્રહ્માનંદ સ્વામી ગાય છે. અંતરમાં એક ટેક ધારણ કરીને હું મન, કર્મ, વચને ભગવાન સ્વામિનારાયણને વરી ચૂકયો છું.

**લાગી મારે નટવરથી લગની, મર્યાદ મેલી જગની રે... લાગી...**
**એક ટેક અંતર ધારી, સગાં કુટુંબ સહુ વિસારી;**
**મન કર્મ વરીયા મોરારિ.... લાગી...**
**કર્યું મેં તો તન મન કુરબાણી, હરિ વિના ન વંદુ અન્ય વાણી;**
**કાનકુંવરથી અટકાણી રે,.... લાગી...**

ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું અખંડ ભજન-સ્મરણ કરીને આત્માને પરમાત્મા સાથે જોડી દેવું. જે ભક્તની ભગવાન સાથે અચળ ટેક છે તેને સંસારના નાશવંત નર્ક જેવા ભોગ ચૂંથવા ગમતા નથી.

**એક એક થકી છે અનુપ, સર્વે સંતને છે સુખરૂપ;**
**સર્વે મળીને શોભે છે જાન, માંહિ વરદિશે કોડીલો કાન.**

સદ્‌ગુણથી શોભે છે જાન, વર દિસે કોડીલો કાન, પછી આવ્યા છે પુરને પાસ, દેખી દુર્મતિ પામ્યા છે ત્રાસ. સદ્‌ગુણો આપણા જીવમાં આવે ત્યારે દુર્ગુણો ત્રાસી જાય છે. સદ્‌ગુણોમાં અપાર જોર છે ને સામર્થ્ય છે. સદ્‌બુધ્ધિ આવે ત્યારે કુબુધ્ધિ નાસી જાય છે. હરિએ આવી કર્યો છે મુકામ. સર્વે ટાળ્યા અવિદ્યાના ઠામ. દોષ બધા નીકળી ગયા.

**હાર્યો અહંકાર થઈ છે હાર, ત્યારે વરે સજ્યા શણગાર;**
**વર સુંદરવર વનમાળી, કહે નિષ્કુળાનંદ નિહાળી.**

હાર્યો અહંકાર થઈ છે હાર, ત્યારે વરે સજ્યા શણગાર. હૃદયમાં અહંકાર હોય ત્યાં સુધી ભગવાન હૃદયરૂપી ઓરડામાં આવતા નથી. અહંકારને કાઢો, દેહાભિમાન છોડવું પડશે.

**વર નિરગુણ રે, થયા સગુણરૂપ, ઓપે છે અનુપ,**
**ભૂપો શિર ભૂપ, જોઈ જનરૂપ, કે નીરખે નાથને રે.**
**વર દિસે છે દિલના દયાળ, દીનપ્રતિપાળ, ભૂપના ભૂપાળ,**
**કાળ શિર કાળ, સુખદાયી સાથમેં રે.**

વરરાજા કેવા છે ? દિલના દયાળુ છે. ભૂપના ભૂપ છે. રાજાધિરાજ છે, અનંતકોટી બ્રહ્માંડના રાજા છે. હે પ્રભુ તમે દીન હીનનું પોષણ કરનારા છો. કાળના પણ કાળ છો. સદાય સુખદાયી છો. સર્વના નિયંતા છો. વૃત્તિરૂપી કન્યા ભગવાનને પરણવા જાય છે, ત્યારે ભગવાને કેવા શણગાર ધારણ કર્યા છે, તેનું નિષ્કુળાનંદ સ્વામી વર્ણન કરે છે.

**વરે પહેર્યા છે સુંદર સુરવાળ, ઝગે જામા ચાળ,**
**કંઠે મોતીમાળ, દિસે છે વિશાળ, કે ભલેરા ભાવની રે;**
**વરે પહેર્યો છે, જામો જરકસી, કમર લઈ કસી,**
**મુખે રહ્યા હસી, જનમન વસી, કે મૂરતિ માવની રે.**

ભગવાને જગમગતો સોનેરી તારનો સુંદર સુરવાળ પહેર્યો છે. કંઠમાં મોતીની માળા, વિશાળ ભાલમાં સુંદર તિલક, જરકસી જામો, હસતું મુખારવિંદ. જોયા જેવી જાન છે. કાને કુંડળ માથે મુગટ, કોટી કામદેવને લજ્જા પમાડે એવું ભગવાનનું રૂપ છે. સરસ મજાના લાલ ઘોડા ઉપર ભગવાન અસવાર થયા છે. પ્રભુની જાનમાં સાધુ સંતો પરમહંસો અને સાંખ્યયોગી ભક્તજનો જોડાયા છે. જાન કેવી શોભે છે.

શરદપૂર્ણિમાની રાત હોય, સોળે કળાએ ચંદ્ર આકાશમાં ખીલ્યો હોય અડખે પડખે તારાઓ ચમકતા હોય તેમ સંતના સમુદાયના મધ્યમાં ચાલતા આવતા ચંદ્રમાની સમાન ભગવાન શોભે છે. આવો સુંદર ભગવાનનો વરઘોડો નીકળ્યો છે. પ્રેમાનંદ સ્વામી ગાય છે.. ચાલો આપણે પણ ગાઈએ.

**વરઘોડો વાલાજીનો નિસર્યો, શોભા મુખે કહી નવજાય રે.**
**ત્રાંબાની નોબતું ગડગડે**
**શોભે સુંદરવર સુરજસરખા, ઘોડલાની ઘુમર માંય રે.**
**ત્રાંબાની નોબતું ગડ.**
**શણગાર્યા હાથીને ઘોડા પાલખી,**
**રથ માફા તે રતન જડાવ રે... ત્રાંબા...**
**શોભે જાનૈયા રૂડા જગદીશના,**
**હીરા માણેક મોતિડે ગરકાવ રે... ત્રાંબા...**
**શોભા જોઈ સુંદર ઘનશ્યામની, પ્રેમાનંદ બલહારી જાય રે...**
**ત્રાંબા...**

સખાઓ ભગવાન ઉપર ચામર ઢોળે છે, ભગવાને કંઠમાં સુંદર પુષ્પની માળાઓ પહેરી છે. તે પર ભમર કરે ગુંજાવ. કરમાં પોંચી, બાંયે બાજુબંધ શિરપર સોનેરી પાઘ. પાઘમાં કલંગી. ચરણમાં સોનાનાં ઝાંઝર નખથી શિખા શોભા કહી ન જાય. ભગવાનને જોતાં અંતરમાં ઠંડક વળી જાય છે. દાડમબીજ જેવી તેજસ્વી દંતાવલી જોઈ અનેક ભક્તજનની મનોવૃત્તિ સ્થિર થઈ જાય છે.

## ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ઉતારો

ગામ માંગરોળમાં વાવની બાજુમાં શ્રીજી મહારાજ બિરાજમાન છે. સામે સંતો અને ભક્તજનો જ્ઞાનામૃતનું પાન કરે છે. ભાગોળેથી પસાર થાય પણ વાવ પાસેથી કોઈ પસાર થાય નહિ. તેથી બજાર સૂની લાગે છે. શ્રીજી મહારાજે ગોવર્ધનભાઈને પૂછ્યું, ''અહીંથી કોઈ આવ જાવ કેમ નથી કરતા ?'' ત્યારે ગોર્વધનભાઈએ કહ્યું, ''તમારાં જેને દર્શન થાય તેના ચિત્તમાં તમારી મૂર્તિ ચોંટી જાય છે. તેથી બધા ડરે છે. કોઈ માણસ આંખ આડા હાથ દે છે. કોઈક માણસ માથા ઉપર પછેડો ઓઢી લે છે. કોઈક અવળુ જોઈને ચાલે છે.

શ્રીજી મહારાજે કહ્યું, ''તો બીજુ પ્રકરણ શરુ કરીએ. કોઈ અમને જોતા નથી તો હવે એમ કરીએ. અમારી ચાખડીયું છે તેમાં સરસ મઝાની ઘુઘરી છે. એનો અવાજ સંભળાશે. તેની વૃત્તિ અમારા સ્વરૂપમાં ચોંટી જાશે. એક ખેડૂત માંગરોળમાં વાણિયાની દુકાને માલ ખરીદવા આવ્યો. વણિકે કહ્યું, ''માલ લઈ જલદી જતા

રહો. સ્વામિનારાયણ જાદુગર છે. જો ચાખડીનો અવાજ સાંભળશો તો તમે ભાન વિનાના થઈ જશો.'' આવી વાત કરે છે. ત્યાં વાજાં વાગ્યાનો અવાજ સંભળાયો. વણિક અને પટેલ દુકાનમાં સંતાઈ ગયા. કાનમાં આંગળી દઈને દુકાન બંધ કરી બેસી ગયા.

શ્રીજી મહારાજ સંતો સહિત ત્યાંથી પસાર થયા. પટેલને થયું. સ્વામિનારાયણ ભગવાન કેવા હશે. પાછળથી જોઈ લઉં. દુકાન ખોલી જોયું. ત્યાં શ્રીજી મહારાજે પણ પાછા વળીને જોયું. બેયની નજર એક થઈ. ઓહો ! આવા રૂપાળા સ્વામિનારાયણ. ભગવાનનાં દર્શન થયાં. મૂર્તિ અંતરમાં ચોંટી ગઈ. અખંડ નજર આગળ ભગવાન દેખાય છે. સ્વપ્નમાં પણ ભગવાન દેખાય છે. મૂંઝાઈ ગયો. હવે મારું શું થશે. ભુવાને બોલાવ્યો.''મને સ્વામિનારાયણ વળગ્યા છે. તે કાઢી દો.'' ભુવાએ કહ્યું, ''સ્વામિનારાયણ આગળ મારું કાંઈ નહિ ચાલે. એક ઉપાય છે. જો તમે ડુંગળી, લસણ, હીંગ વિગેરે તામસી પદાર્થ ખાશો તો સ્વામિનારાયણ દેખાતા બંધ થઈ જશે.'' ડુંગળી, લસણ ખાવાનું શરૂ કર્યું તેથી ભગવાન દેખાતા બંધ થઈ ગયા. પટેલ રાજી થયો, હવે મઝા આવશે.

સમય જતાં શ્રીજી મહારાજે વડતાલમાં ઉત્સવ કર્યો ત્યારે તે પટેલ મિત્રની સાથે વડતાલમાં આવ્યો. શ્રીજી મહારાજનાં દર્શન કર્યો. પ્રસાદ જમ્યા કે બુધ્ધિ પવિત્ર થઈ ગઈ. પ્રભુને હાથ જોડીને કહ્યું, ''મહારાજ મને વર્તમાન ધરાવો.'' પ્રભુએ વર્તમાન ધરાવીને કહ્યું, ''નીતિ નિયમનું પાલન કરજો ને ધર્મમાં રહી ભક્તિ કરશો તો ખૂબ સુખીયા થશો.'' પટેલ સત્સંગી થયા. માનસી પૂજા કરવા બેસે ત્યારે વૃત્તિ આડી અવળી ફેલાઈ જાય પણ ભગવાનનાં દર્શન થાય નહિ. ખૂબ પસ્તાવો થાય છે. હવે હું શું કરું. ભગવાન દેખાતા નથી.

## સાચી વાત સમજાઈ જાય તો અંતરનાં તાળાં ઊઘડી જાય

ખેડૂતે શ્રીજી મહારાજને પ્રાર્થના કરી, ''મહારાજ પહેલાં મને તમારા અખંડ ત્રણે અવસ્થામાં દર્શન થતાં તેવાં દર્શન થાય તેવી દયા કરો.'' શ્રીજી મહારાજે કહ્યું, ''અમારાં દર્શન થતાં ત્યારે તમે ડુંગળી, લસણ આદિક તામસી પદાર્થ ખાઈને અમને જોરાઈએ કાઢ્યા. હવે અમારી મૂર્તિ તમને નહિ દેખાય, પણ અખંડ ભજન કરશો તો તમને અંતકાળે અમે તેડવા આવશું. અને અક્ષરધામમાં તેડી જઈશું.''

**નિષ્કુળાનંદના સ્વામીને જોઈ મન રહ્યુ મોઈ,**

**હૈયે સુખ હોઈ ભવદુઃખ ખોઈ કે પામ્યા આનંદને રે.**

જેનું મન ભગવાનમાં મોહી જાય તેનાં ભવદુઃખ ખોવાઈ જાય છે અને અંતરમાં આનંદ છવાઈ જાય છે. ગામને પાદરે જાન આવી. કન્યા પક્ષને ખબર પડી કે પ્રભુજીની જાન આવી ગઈ છે, વૃત્તિરૂપી કન્યાનો આજે આનંદ સમાતો નથી. હું કેવી ભાગ્યશાળી છું કે મને પુરુષોત્તમનારાયણ સામે ચાલીને પરણવા આવ્યા છે.

**હથેવાળો હરિસંગાથે મેં કીધો, ભૂમાનંદ કહે જન્મ સુફળ કરી લીધો.**

શરણાઈના સૂર છૂટે છે, ઢોલ ઢબુકવા લાગ્યા, નારીઓ મંગળ ગીત ગાય છે. મધુર વાતાવરણ છે. દરેકના અંતરમાં આજે આનંદ સમાતો નથી.

**સુંદરવર તોરણે પધાર્યા રે, જનમન નવલા નેહ વધાર્યા રે;**
**વાજીંત્ર વાજે છે બહુવિધ રે, પિયુ મારો પધારિયા પ્રસિધ્ધ રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સુંદરવર તોરણે પધાર્યા, નવલા નેહ વધાર્યા. કન્યાપક્ષના માણસો સામૈયાં લઈને ઝાંપે આવ્યા, આપણી વૃત્તિરૂપી દીકરીને વરવા આવે છે. તે વરરાજા કેવા હશે ? વાજીંત્ર વાજે છે બહુ વિધ. પિયુ મારો પધારિયા પ્રસિધ્ધ.

**પોંખણું લઈને આવે પનોતિ રે,**
**વર પોંખી વળી વધાવે છે મોતી રે;**
**સાંપટિયા સુખ દુઃખના ભાંગ્યા રે,**
**પિંડલિયા તે પાપ પુન્યના ત્યાગારે.**

પોંખણું લઈને આવી પનોતિ, વરને વધાવે છે લઈ મોતી, સાંપટીયાં લઈને સાસુ જમાઈને વધાવે છે. સાથે ચાર વસ્તુ લાવે છે. સાંબેલું ધોસરું, ત્રાક અને રવૈયો. ભારતીય સંસ્કૃતિની ક્રિયાઓ પાછળ કારણ સમાયેલાં છે. વૈદિક કર્મ અર્થવાદી કર્મ છે. વચ્ચે ફાટક જેમ લાકડું આડું રાખ્યું હોય. તે લાકડામાં ચકલાં બાંધેલા હોય છે. જોસરું સાડીમાં સંતાડીને ફેરવે. આ સંસાર પંખીડાના મેળા જેવો છે. લેણદેણ પૂરા થાય કે પંખીડાની જેમ સૌ પોતપોતાને રસ્તે ચાલતા થઈ જશે.

સાસુ મનોમન કહે છે, ‘‘જમાઈરાજ અમારી દીકરી સાથે પરણવું સહેલું નથી. બદળની જેમ સંસાર વ્યવહારનું ધોસરું ખેંચવું પડશે. બળદની જેમ કમાવું પડશે, ન્યાય નીતિથી ધન સંપાદન કરી, ધર્મનું પાલન કરવું જોઈશે, કમાયેલા ધનમાંથી

દશમો ભાગ ભગવાનને અર્પણ કરવો જોઈશે.''

## ભુજ ધામ સર્વ પાપો હરનારું તીર્થધામ છે.

શ્રીજી મહારાજ કહે છે, ''નરનારાયણ દેવના સ્વરૂપમાં અને અમારામાં રંચમાત્ર ફેર નથી, નરનારાયણ દેવની જે ભક્તજન સેવા કરશે, યોગદાન કરશે, ધર્માદો અર્પણ કરશે તે સેવા નરનારાયણ દેવમાં રહીને અમે સ્વીકાર કરશું અને તે ભક્તજનને અમે અમારા અક્ષરધામમાં તેડી જઈશું.''

એક વૃધ્ધ ડોશીમા હતાં. ઘાસનો ભારો લઈને જતાં હતાં. રસ્તામાં ગાડાવાળો ચાલ્યો જતો હતો, તેને દયા આવી તેથી કહ્યું, ''માજી આ ગાડામાં બેસી જાવ.'' માજી ગાડામાં બેઠાં અને ઘાસની ભારી માથા ઉપર રાખી. ત્યારે ગાડાવાળા પટેલે કહ્યું, ''માજી ઘાસની ભારી માથા ઉપર શું કામ રાખી છે. ગાડામાં મૂકી દો. નાહકનો ભાર રાખો છો.'' માજીએ કહ્યું, ''બળદને કેટલો બધો ભાર લાગે. માટે માથા ઉપર ભારી રાખી છે. બળદને એટલો વજન ઓછો.'' વિચાર કરો.

આપણે બધા વૃધ્ધ માજીની જેમ કરીએ છીએ. સત્સંગરૂપી ગાડામાં બેઠા છીએ, પ્રભુમાં વિશ્વાસ રાખીને વ્યવહારનું જીવનનું પોટલું ભગવાન ઉપર મૂકી દો. એ બધું સંભાળશે. પુરુષાર્થ કરતા રહો પણ સફળતા પ્રભુ આપશે. પ્રભુજીના ચરણમાં જીવન સમર્પિત કરી દો.

## નકામો માથા ઉપર ભાર રાખીને ફરો નહિ..

હું ઘરનો કારભાર ચલાવું છું એવો અહંકાર મૂકી દો. પછી સાસુ, જમાઈના સામે ઊભા રહીને ત્રાક ફેરવે છે. પુરી તેલમાં તરતી હોય તેને કાઢવી હોય તો ત્રાકથી કાઢતા. ઝારા હવે આવ્યા છે. સુખ દુ:ખ આવશે ત્રાકની જેમ વિંધાઈ જવું પડશે. ધીરજ રાખજો, ધીરજ વિના કોઈ પણ કાર્ય થતું નથી. ધીરજ ન રાખો તો મુશ્કેલી ઊભી થાય છે. ધીરજ રાખવાથી મનમાં શાંતિ રહેશે, ધીરજ રાખવાથી મોટા સંકટને સરલતાથી પાર કરી સુખ શાંતિ અનુભવી શકાય છે. ધીરજ ઢાલનું કામ કરે છે.

પછી સાસુ, જમાઈની સામે ઊભા રહીને સાંબેલું ફેરવે છે. પહેલાના વખતમાં ચોખા ખાંડવા પડતા. હવે ચોખા તૈયાર મળે છે. ચોખાને ખાંડતાં ફોતરાં જુદાં થાય. ચોખા જેવું ઉજળું જીવન જીવશો તો સુખી થશો. ફોતરાં ઉડાડી દઈએ તેમ કોઈ અપમાન કરે, અપશબ્દ બોલે. કોઈ પણ દુ:ખ આવે ત્યારે વચનરૂપી ફોતરાં ઉડાડી

દેવાં, કડવા વચન અંતરમાં ઉતારવાં નહિ. રાગ, દ્વેષને ચોખ્ખું ઉજળું જીવન જીવવું.

પછી સાસુ જમાઈ સામે ઊભાં રહીને રવૈયો ફેરવે છે. રવૈયાથી છાશ વલોવાય છે. સરસ મજાનું દહીં દોણીમાં ભર્યું હોય, રવૈયો નાખીને વલોવે ત્યારે દહીં મટીને છાશ થઈ જાય. તેમ સંસારમાં વલોવાવું પડશે. સહન કરવું પડશે. સંસાર સમુદ્ર જેવો છે. અડચણરૂપી તરંગો દરરોજ આવશે. એક અડચણ દૂર થાય, ત્યારે બીજી અડચણ ઊભી થશે. અડચણ આવે છે ને જાય છે. આ જગતમાં આવ્યા છીએ, તે દુ:ખ સહન કરવા માટેજ આવ્યા છીએ,પાપ લઈનેજ આવ્યા છીએ, જીવનમાં કોઈ પણ અડચણ ન રહે તેવી ઈચ્છા રાખવીજ નહિ.

## ગમે તેવી અડચણ આવે, પણ ભક્તિ છોડશો નહિ.

ગમે તેવી અડચણમાં આપણે ભોજન છોડતા નથી, ભોજન કરવુંજ પડે છે, તેમ ભક્તિ પણ કરવાની જ હોય છે.

પછી સાસુ, જમાઈનું બળ કેવું છે તેની પરીક્ષા માટે બે ઠીકરાંના સંપુટીયા રાખે છે. તેને વરરાજા પગની પેની મારી ભાંગી નાખે. ત્યારે સાસુ સમજી જાય છે કે જમાઈ બળવાન છે. ઢીલા પોચા નથી, દીકરીનું બરાબર રીતે પાલન પોષણ કરશે. પછી કંકુનાં મુઠીયાં ચારે દિશામાં ઉડાડે. આશીર્વાદ આપે કે તમારી ચારે દિશામાં ભગવાન રક્ષા કરશે, ને ચારે દિશામાં તમારી યશકીર્તિ ફેલાય. આ લૌકિક લગ્નની વાત નથી. પરમાત્મા સાથે પરણવાની વાત છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''જેના રોમરોમમાં સ્વામિનારાયણ ભગવાનની મસ્તી ચડી જાય, તેના જીવાત્માનું કામ થઈ જાય છે. બ્રહ્મના આનંદમાં મસ્ત રહેનારા બ્રહ્માનંદ સ્વામી મુમુક્ષુઓને મુક્તિનો રાહ ચિંધતાં બળપૂર્વક કીર્તન ગાય છે.

**રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું. રે સગપણ.**
**રે સૌ સાથે પ્રીતિ ટાળી, રે ભાગ્યું મન મિથ્યા ભાળી;**
**છે વરવા જેવા એક વનમાળી રે...સગપણ..**
**રે સ્થિર નહિ આવરદા થોડી, રે તુચ્છ જાણી આશા તોડી;**
**મેં જગના જીવન સાથે જોડી રે... સગપણ...**

સ્વામી કહે છે, વરવા જેવા તો એક વનમાળી છે. આ જગતનો સંબંધ ખોટો, તુચ્છ ને ક્ષણભંગુર છે. ભગવાનનો સંબંધ શાશ્વત અને સત્ય છે. કથા કીર્તનમાં આનંદ આવે, રાસ રમવામાં આનંદ આવે, પૂજા-પાઠ, સત્સંગ, સમૈયામાં આનંદ

આવે અને જગતની તમામ ક્રિયામાં સૂગ આવે. એનું મન ભગવાન સિવાય ક્યાંય ચોંટે નહિ. તેને અક્ષરધામના સુખનો અનુભવ દેહ છતાં અહીંજ મળે છે.

**અંતર પટ પરૂ લઈ લીધું રે, દયા કરી દયાળે દર્શન દીધું રે;**
**પછી પિયુ પ્રેમે પધાર્યા છે પાટે રે, મહાસુખ મુજને આપવા માટે રે**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘પુરુષોત્તમનારાયણ માંડવે પધાર્યા. અંતરપટ પરૂ લઈ લીધું, દયા કરી દયાળુએ દર્શન દીધું. અંતરનું આવરણ હટી ગયું. મોહ, માયાની આસક્તિ ટળી ગઈ.

**જેને પ્રભુનો સાથ છે, તેને સદા લીલાલહેર છે.**

કથા, કીર્તન, ધ્યાન, ભજનમાં જેનું ચિત્ત પરોવાય નહિ, તેને રોગી જાણવો. કથા, કીર્તનમાં રૂચી નથી તો સત્સંગનું મૂળ જામતું નથી. આજનો અવસર ધન્ય છે.

**ધન્ય ધન્ય અવસર આવ્યો છે આજ રે,**
**મે’ર ઘણી કરી પધાર્યા મહારાજ રે;**
**અમ ઉપર આજ અઢળ હરિ ઢળિયા રે,**
**નિષ્કુળાનંદનો સ્વામીજી મળિયા રે.**

અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વોપરી શ્રીજી મહારાજની પ્રાપ્તિ થઈ છે. આજ અઢળક ઢળ્યા છે. પોતાના આશ્રિતોના દુઃખ માગી લઈ પરમ સુખીયા કર્યા છે. હવે તો શ્રીહરિની મૂર્તિ સુખે સુખીયા થઈ જવાય તેવો સતત દાખડો કરવો. મહા સુખીયા કર્યા છે.

**પ્રસન્ન ચિત્તવાળાની બુધ્ધિ જલદી સ્થિર થાય છે.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ‘‘પરમેશ્વરના ભક્ત હોય તેને જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી કઠણ છે અને જગતના જીવને પરમેશ્વરમાં વૃતિ રાખવી કઠણ છે. આપણા હ્રદયના ઊંડાણમાંથી તપાસ કરો. આપણે જગતના જીવ છીએ કે મોક્ષભાગી જીવ છીએ. સતત પૈસાનું, પરિવારનું સ્મરણ થતું હોય તો જગતના જીવ. અને સતત પરમેશ્વરનું સ્મરણ થતું હોય તો મોક્ષભાગી જીવ.

**તપાસ કરો ! અંતરમાંથી શું જવાબ આવે છે.**

જ્યાં સુધી મન સંસારમાં ભટકતું હશે ત્યાં સુધી જીભથી ભલે ભગવાનનું નામ લેવાતું હશે, પણ અંતરમાં ભગવાનનો પ્રવેશ થવાનો નથી, અંતરથી નામ

જપ કરવાથી મન પવિત્ર થાય છે.

**માયેરે બેઠા છે દેવ મોરાર રે, સુંદરીએ સજ્યા છે શણગાર રે;**
**પહેર્યા છે આનંદના અણવટ રે, અજીત અડગ ને અમટ રે.**
**ઝાંઝર પ્રેમના નેમના કા'વે રે, ઉતરી ઉર હરિ એક ભાવે રે;**
**માળા માદળિયાં સાંકળી હાર રે, શમ દમ આદિ વિવેક વિચાર રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સુંદરવર માયરે પધાર્યા, વૃત્તિરૂપી કન્યાનો અતિ દિવ્ય શણગાર છે. પ્રભુને વરવા માટે આનંદમાં વસ્ત્ર પહેર્યો છે. પ્રભુ સાથે પરણવું હોય તો જીવનમાં પહેલો આનંદ જોઈશે. પહેર્યા આનંદના અણવટ. અડગ ને અમટ, ભગવાન આનંદ સ્વરૂપ છે.

જેના હૃદયમાં કામ ક્રોધના પથ્થર, ઈર્ષા, અદેખાઈના પથ્થર, અભિમાનના પથ્થર આડા હોય તો હૃદયમાં આનંદ આવી શકે નહિ. કૂવો ખોદે પણ જ્યાંથી પાણીનું વહેણ આવતું હોય ત્યાં પથ્થર આડો હોય તો પાણી આવી શકે નહિ. કથા સાંભળવામાં મજા આવે નહિ, કીર્તન ઝીલે નહિ, ઉદાસ બેઠો હોય તો સમજવું કે પથ્થર આડો આવી ગયો છે.

મહાપુરુષદાસજી સંતો સાથે ગામ સાંકળી પધાર્યા, ગામમાં મંદિર નહોતું, તેથી સ્વામીને થયું મંદિર હોય તો બધા સાથે મળીને સત્સંગ કરે, ઘણા લોકો કહે છે, મંદિરમાં શા માટે આટલો બધો ખર્ચ કરો છો ? એની શું જરૂર છે ? એના બદલામાં હોસ્પીટલો અને વિદ્યા ભણવાની શાળાઓ બાંધો તો સારું.

હોસ્પીટલ ભાંગેલું હાડકું સાંધવામાં મદદરૂપ બનશે. અને ભાંગેલા હૃદયને બેઠું કરવા માટે મંદિર જોઈશે, મંદિર મનના રોગનું નિવારણ કરે છે. મંદિરથી આત્માનું આરોગ્ય સચવાય છે. આપણા ઋષિમુનિઓ કહે છે જે ગામમાં મંદિર ન હોય ત્યાં રહેવું પણ નહિ.

**મંદિરનો આત્મા પ્રભુની મૂર્તિ છે,**
**તેના પ્રાણ વર્તનશીલ સંતો છે.**

ગામના હરિભક્તોએ ફાળો કર્યો, ત્રણસો રૂપિયા થયા, તે વખતે મોંઘવારી અત્યારના જેવી નહોતી, ખાતમુહૂર્ત કરી મંદિરનું બાંધકામ ચાલુ કર્યું. જેનાથી જે સેવા થાય તેવી સેવા કરે, કોઈ પથ્થર લાવે, કોઈ રેતી લાવે, કોઈ પાણી લાવે. છતાં પૈસા ઘટ્યા. હવે શું કરવું ? ઉકા પટેલને સ્વામીનો યોગ થયો તેથી સત્સંગી થયા.

ઉકા પટેલનો સ્વભાવ આનંદિત હતો. પોતે આનંદમાં રહે ને બીજાને આનંદમાં રાખે. સ્વામીને પગે લાગીને બેઠા, સ્વામીએ કહ્યું, ''ભગત મંદિર કરવા માટે પૈસા જોઈએ છે. પાંચસો રૂપિયા ઘટે છે ?તો તમે આપશો ?'' સ્વામી ! રૂપિયા કયાંથી લાવું. સ્વામીએ કહ્યું, ''તમારા ઘરમાં કોઠી છે તેના નીચે માટલું દાટેલું છે, તે કાઢી લાવો.'' ઉકા પટેલ દોડતાં ઘરે ગયા. કોઠી ખેસવી માટલું કાઢી તેને પછેડીમાં બાંધીને મંદિરે લઈ આવ્યા.

લ્યો સ્વામીજી ૫૦૦ રૂપિયા મંદિરનું કામ ચાલુ રાખો, બીજા જોઈતા હોય તો વિના સંકોચે કહેજો, બીજા ૨૦૦ રૂપિયાનો આપો કૂવો કરાવવો છે, પાણીની ખાસ જરૂર છે. તરત ૨૦૦ રૂપિયા ગણી દીધા. સ્વામીજી હજુ જોઈતા હોય તો કહેજો. આવો લાભ વારંવાર નહિ મળે, અમે કમાઈ લઈશું. સ્વામીએ કહ્યું,''મંદિર માટે વાસણ અને સંતો માટે ગોદડાં જોઈએ છે, તેના માટે ૩૦૦ રૂપિયા આપો.'' તરત પૈસા ગણી આપ્યા. સ્વામીએ રાજીપો વ્યકત કરતાં કહ્યું, ''તમે સફેદ કપડામાં સંત જેવા છો. શ્રધ્ધાળુ ભકત છો. સામેથી પૈસા આપો છો.'' ઉકા પટેલ ! માંગો આપને હું શું આપું ? ત્યારે ઉકા પટેલ હાથ જોડી બોલ્યા ગુરુદેવ જો રાજી થયા હો તો મને એક વચન આપો.

**તમે માળા ફેરવો છો તેમાં મારો અરધો ભાગ**

સ્વામીએ કહ્યું, ''તથાસ્તુ ! તમારા માગ્યા પ્રમાણે તમને પુન્ય મળશે. મંદિર બનાવી મૂર્તિ પ્રતિષ્ઠા કરી સેવા પૂજાની પ્રવૃત્તિ શરૂ કરી, મુકતરાજ ઉકા પટેલ જેવા ગુણ કેળવવા બહુ અઘરું કામ છે. પ્રભુને પ્રાર્થના કરીએ કે દયા કરીને ઉકા પટેલ જેવા ગુણ આપણામાં આવે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, સુંદરીએ શમ, દમ આદિ વિવેકનાં ઘરેણાં પહેર્યાં છે અને અખંડ અવિનાશીના નામનો ચૂડો (કંકણ) પહેર્યો છે.

**પહેર્યો છે અખંડ વરનો ચૂડો રે, સુંદરી સુંદર વર પામી રૂડો રે;**
**નાકે તે પેર્યાં નિર્મળાં મોતી રે,**
**સજ્જ થઈ પિયુને મળવા પનોતી રે.**

સુંદરીને સુંદર રૂડો વર મળી ગયો. પ્રેમ અને નિમયના પગમાં ઝાંઝર પહેર્યાં છે. જેના જીવનમાં નિયમ ધર્મની દ્રઢતા છે તે ભગવાનને વરી શકે છે. નિયમ ધર્મની દ્રઢતા હોય એવી નારી નારાયણને વરી શકે છે. શમ, દમ અને વિવેકરૂપી સદ્‌ગુણના

ઘરેણાં પહેર્યાં છે. નાકે પહેર્યા નિર્મળ મોતી. નાકમાં લાજરૂપી નથ પહેરી છે, લાજ શરમ રાખવી પણ ઉધ્ધત થવું નહિ, લાજ તો વૈરાગ્યનું કામ કરે છે. જેને લોકલાજ આડી ન આવે તેને વર્ણ બહાર જાણવા, મર્યાદાનો ભંગ કરવો નહિ.

શુકાનંદ સ્વામીના શિષ્ય વામનપ્રસાદદાસજીનો એક નિયમ હતો. સવારમાં પૂજા,પાઠ કરીને સૌ સંતોને પગે લાગે. સંતોને પગે લાગી પછી શ્રીજી મહારાજના સેવક રતનજી બાપુને પગે લાગ્યા. ત્યારે રતનજી બાપુએ કહ્યું, સ્વામી બેસો ! એક શિખામણની વાત કહેવી છે. યુવાનિયા અગર બીજાને ખભે હાથ મેલીને કયારેય ચાલવું નહિ, ને કોઈને પણ પોતાના ખભે હાથ મેલવા દેવો નહિ, કારણ કે, આ બધું ત્યાગીને માટે દુષિત છે. મશ્કરી કરવી નહિ ખૂબ સાવધાની રાખવી.

## સત્સંગનો પાયો મર્યાદા છે.

શ્રીજી મહારાજના નિયમોનું અખંડ પાલન કરવું, મર્યાદા વૈરાગ્યનું કામ કરે છે. પોતપોતાની મર્યાદામાં રહેવું એટલે પોતાના ધર્મ પ્રમાણે વર્તવું. કયારે પણ કુત્સિત શબ્દો બોલવા નહિ, અસત્ય-કડવું વેણ બોલી કોઈના હૈયાને બાળવું નહિ. મર્યાદામાં રહી પ્રભુનું ભજન કરવું ને બીજાને કરાવવું. સ્થિર વૃત્તિ રાખવી.

**બની છે સુંદર સરખી જોડી રે, બાંધી છે ગાંઠ્ય ન છૂટે છોડી રે;**
**વર કંઠે આરોપી વરમાળ રે, પ્રભુ અમે દીન તમે પ્રતિપાળ રે;**

બની સુંદર સરખી જોડી. બાંધી ગાંઠ ન છૂટે છોડી, ભક્ત અને ભગવાનની સુંદર જોડી બની છે. બ્રહ્માનંદ સ્વામી ગાય છે. મારી અને ભગવાનની સુંદર જોડી બની છે.

**જોડ બની રે મારી જોડ બની હેલી,**
**શામળીયા સંગાથે મારી જોડ બની;**
**હું વહાલાને વહાલો મારે હૈડાનો હાર,**
**છોગાળા સંગાથે નિત્ય નવલો વિહાર... જોડ...**
**પ્રીત કરે તેથી ક્ષણ રહે પરો,**
**બ્રહ્માનંદ સ્વામી વહાલો ચતુર ખરો.... જોડ.**

ભાવ સહિત ભક્તિ કરે તેથી પ્રભુ એક ક્ષણ દૂર રહેતા નથી, જેમ કીકી વિનાના આંખ સરસ હોય પણ તેનાથી જોઈ શકાતું નથી. તેમ અહંકારી માણસ કયારેય પરમાત્માને જોઈ શકતો નથી.

વરે કંઠે આરોપી વરમાળ, અમે દીન તમે પ્રતિપાળ. વૃત્તિરૂપી કન્યાએ પ્રભુના કંઠમાં વરમાળા પહેરાવી, ‘‘હે પ્રભુ અમે દીન છીએ તમે પ્રતિપાળ છો, નિર્માનીરૂપી વરમાળા છે. ભગવાનના ચરણમાં અખંડ વાસ કરવો હોય તેને નમ્રતા રાખવી. પતિવ્રતા નારી પતિ પાસે નમ્રતાજ રાખે છે.

**તન મન સોપ્યું છે હરિ તમને રે,**
**તમ સંગ શોભા આવી છે અમને રે;**
**ત્યારે હરિએ હેતે કરી સાયો હાથ રે,**
**સખી તારે થશે જો સનાથ રે.**

તન, મન, ધન તમારા ચરણમાં અર્પણ કરું છું, ‘‘હે નાથ તમારા થકી અમારી શોભા છે. ત્યારે હરિએ હેતે કરી સાયો હાથ, ત્યારે સખી થઈ છે સનાથ. સદ્‌ગુણ હશે, નમ્રતા હશે તો ભગવાન હાથ ઝાલશે, ભગવાન આપણો હાથ કયારે પકડે ? સત્વગુણથી ભરપુર આપણું અંતઃકરણ હોય ત્યારે ભગવાન આપણો હાથ પકડે. મન મલિન હોય, ખોટા વિચાર ઉભરાતા હોય, અહંકાર છલકાતો હોય તો ભગવાન હાથ પકડે નહિ, જગત સંબંધી વાસના હૃદયમાં રમતી હોય તો ભગવાન હાથ પકડે નહિ, નિઃશંક નિર્ભય થઈ સર્વે હસ્ત મેળાપ થયો.

**વાંઢા કેટલા દિવસ રખડશો પ્રભુ સાથે લગ્ન કરો.**

ઉંમર મોટી થઈ જાય પછી જલદી લગ્ન થાય નહિ. આ જીવન ભગવાનને ચરણે સમર્પિત કરવાનું છે, વાંઢા કેટલા જન્મ સુધી રખડશો. લૌકિક લગ્ન કરવાથી બેડો પાર નહિ થાય, બંધન થશે. પણ અલૌકિક પુરુષોત્તમ નારાયણ સાથે લગ્ન થશે ત્યારે ભવાટવીના બંધનથી મુક્ત થવાશે. વાંઢા નથી રહેવું. પ્રભુને વરવાનું તાન રાખજો, ફરીવાર આ ભવાટવીમાં ફરવું નથી પણ સાચા સેવક બનવું છે. સોના જેવી તક આવી છે પ્રભુ ભજન વિના ગુમાવી નાખશો નહિ.

**ચોરી સ્તંભ રચ્યા તિયાં ચાર રે, રહે વ્રતમાને નર નાર રે;**
**પિયુ સ્પરશી પ્રદક્ષિણા રે, તે તો ભવમાં તે ફેરા ન ફરે રે;**

માંડવો કેવો છે તેની બાબત નિષ્કુળાનંદ સ્વામી વર્ણવે છે. વર્તમાનરૂપી ચોરીના સ્તંભ રોપાયા છે. પ્રદક્ષિણા ફરે છે તેના ભવસાગરના ફેરા ટળી જાય છે. લૌકિક લગ્ન કરી કરીને જીવાત્મા થાકી ગયો છે. લૌકિક લગ્ન કાચાં છે. આ જગતની

અંદર કોઈનાં લગ્ન કાયમ રહ્યાં નથી, સમજવા જેવી વૃત્તિ વિવાહની કથા છે. કોઈને વકીલ બનવું હોય, ડોકટર બનવું હોય તો તે શીખવું જોઈએ. ભગવાન સાથે પરણવું હોય તો ધર્મ સહિત ભક્તિ કરતાં શીખવું જોઈએ.

ભગવાન બધા જીવાત્મા સાથે લગ્ન કરતા નથી, સદ્‌ગુણી હોય તેને ભગવાન વરે છે. લૌકિક બાબત પણ એવીજ છે, સદ્‌ગુણ પહેલાં જુએ, છોકરી કેવી છે ! સારી છે, ભણેલી, રૂપાળી ને વિવેકી છે. સત્સંગી છે. આવું બધું જુએ પછી સગપણ કરે. તેમ ભગવાન પણ જુએ છે. સદ્‌ગુણ પહેલાં જોઈશે. તો ભગવાન સાથે લગ્ન થશે. પરંતુ ગમે તેની સાથે ભગવાન પરણતા નથી. વરતા નથી, હાથ સોંપતા નથી.

## આ ગ્રંથમાં તાકાત છે, પ્રભુ સાથે સગપણ થઈ જાય..

મયારામ ભટ્ટ યુવાન હતા અને તેમનાં પત્ની ધામમાં ગયાં, તેમને સંસારમાં આસક્તિ નહોતી, પણ સગાં સંબંધી ખૂબ તાણ કરે. તમે ફરીથી પરણો. મયારામજીએ કહ્યું, ‘‘મારે ફરીથી માયામાં ફસાવું નથી, ભગવાને જે કર્યું છે તે બરાબર છે. આ જગતની અંદર એક મોટી ઉપાધિ છે, લગ્ન ન કરવાં હોય તો પણ પરાણે કરાવે અને સાધુ થવા જતા હોય તો પાછા વાળે, મયારામજીએ કહ્યું, તમારું નહિ માનું મારા ગુરુજીને પૂછીશ પછી વિચારીશ, ગુરુ કહેશે તેમ કરીશ. રામાનંદ સ્વામી પાસે આવ્યા, ભક્તજનો ભાવપૂર્વક કથા સાંભળે છે. મયારામ ગુરુને પગે લાગી કથામાં બેઠા, વચ્ચે બોલાય નહિ. રામાનંદ સ્વામી મયારામના દિલની વાત જાણી ગયા, વાત ફેરવીને કહ્યું, ‘‘અમારા અંતરનો અભિપ્રાય તમને કહું છું, અમારી વિચારધારા બહુ આકરી છે. લગ્નના ત્રણ ફેરા ફર્યા હોય, અને પછી અમને પૂછે કે, સ્વામી હું હવે શું કરું તો અમે એમ કહીએ. ચોથો ફેરો ફરતો નહિ, ફસાઈ જાઈશ.

મયારામજી સમજી ગયા કે સ્વામીને મારા મનની વાત પૂછાય જ નહિ. સારીયે જીંદગી પ્રભુ ભજન કરીને શ્રીજી મહારાજને રાજી કર્યા. અદ્‌ભુત પાત્ર છે. આપણા સત્સંગમાં.

## ભગવાન સાથે ફેરા ફરે છે,
## તેને ભવના ફેરા ટળી જાય છે.

લોકો થોડી ભક્તિ કરે છે, એમને ભક્તિનો આનંદ આવતો નથી, તેથી ભક્તિ છોડી દે છે, ભક્તિમાં આનંદ આવે તો ભક્તિ છોડે નહિ, ભક્તિ કરે છે પણ પાપ છોડતા નથી, વ્યવહાર શુધ્ધ નથી, જેનો વ્યવહાર અતિ શુધ્ધ છે. તેને જ ભક્તિમાં

આનંદ આવે છે, સાચા સંતોનો પ્રત્યેક વ્યવહાર ભક્તિમય હોય છે,

**ધન્ય સખી સુંદરવર પરણે રે, તન મન સોંપી હરિ શરણે રે;**
**કામ ક્રોધ જ્વ તલ બાળ્યા રે, સંશય શોક સર્વે તિયાં ટાળ્યા રે.**

સુંદરી આજે ધન્ય ભાગ્ય બની છે, સખી સુંદરવર પરણે, તન મન સોંપી હરિ ચરણે, ધર્મ અર્થ કામ અને મોક્ષના ચાર ફેરા શરૂ થયા, બ્રહ્મદેવ વૈદિક મંત્ર બોલે છે, ઝળહળતા અગ્નિકુંડમાં અગ્નિ પ્રકટાવી હવન થાય છે. કામ, ક્રોધના જવ, તલ હોમ્યા છે. તેનો અર્થ ભગવાનને પામવા હોય મહાસુખિયા થવું હોય તેને કામ અને ક્રોધને જીતવું, આ બે અંતરશુત્રને હવનમાં હોમી દેવા. કામ, ક્રોધ બે શત્રુ હૃદયમાંથી નીકળી જાય, ત્યારે પ્રભુ સાથે લગ્ન થાય, કામ અને ક્રોધ જીવનમાં હોય તેનો કોઈ દિવસ મોક્ષ થાય નહિ.

**ક્રોધ કરનાર હો તો અપને અવગુણ પર ક્રોધ કીજીએ.**

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ક્રોધયુકત પ્રકૃતિ એ દુષ્ટનો ધર્મ છે, શાંત સ્વભાવયુકત રહેવું એ સાધુનો ધર્મ છે.

એક શ્રીમંત વાણીયો હતો, નામ હતું હુકમચંદ. તેની સ્ત્રી અને એક નાનો પુત્ર એમ ત્રણનું કુટુંબ હતું. વાણીયાનો તીખા મરચાં જેવો સ્વભાવ હતો, કાયમ ક્રોધ ઉભરાતો જ હોય, સર્પ જેવો ખારો. ઘરમાં આવે તો એના પત્ની ફફડે, કોઈ બોલાવી ન શકે. કૂતરાં પણ બીવે, ખબર પડે કે હુકમચંદ વાણીયો આવે છે તો તરત ઊઠીને ભાગી જાય. એક વખત હુકમચંદ નામું લખતો હતો. સો રૂપિયાની નોટ બાજુમાં પડી હતી, તેનો ૪ વરસનો દીકરો રમતાં રમતાં સો રૂપિયાની નોટના કટકા કરી નાખ્યા. નોટના કટકા જોયા ને વાણીયાનું મગજ છટકયું. બાળકને ખૂબ માર્યો. થોડીવાર પછી બાળક તરફડીને મૃત્યુ પામ્યો. ક્રોધ તો કસાઈ છે.

હુકમચંદનાં પત્નીએ ઘરની અગાશી પરથી આ દશ્ય જોયું, બાળકનું મૃત્યુ થતાં જોઈ જનેતાને ખૂબ દુઃખ થયું, આખી જિંદગી એના પડ્યા બોલ ઝીલું છું, જેમ કહે તેમ કરું છું અને મારા નિર્દોષ બાળકની આ દશા ? આવી ખોપરીના સાથે મારે જિંદગી કેમ વિતાવવી ? અરર !!! મારો સંસાર ઝેર કરી દીધો. દીકરા વિના જીવીને શું કરવું ? કલ્પાંત કરતી કરતી ઘરની અગાશી ઉપરથી પડી અને બાળકની સાથે મરણ પામી. વાણિયાને થયું હવે શું કરું ? સરકાર મને ઝંપવા નહિ દે, જેલમાં પૂરીને ખૂબ મારશે, પસ્તાવાનો પાર નથી. વિચારમાં ને વિચારમાં ગાંડો થઈ ગયો. રિબાઈ

રિબાઈને મરી ગયો.

**ઊંચે કૂળે જન્મ મળ્યો, હાથે કરીને નરકે પડયો..**

જમનાદૂતો પકડીને યમપુરીમાં લઈ ગયા, ખૂબ માર્યો, સાંધા બધા નરમ કરી નાખ્યા. રાડો પાડે બચાવો ! કોઈ બચાવો! પણ કોણ બચાવે ? જમપુરીની સજા ભોગવવી જ પડે છે, પછી તેને કૂતરાનો જન્મ મળ્યો. પણ જન્મ થતાંજ મૃત્યુ થઈ જાય એવા દશ હજાર વરસ સુધી ઊંધે માથે માતાના ગર્ભવાસમાં લટકવું પડ્યું. વિચાર કરો. ક્રોધ કરવાથી કેવું પરિણામ આવે છે. જોઈ વિચારીને પગલાં ભરજો.

**પિયુ પરણીને પાવન થયા રે, સુખ મુખે ન જાય કહ્યાં રે;**
**હરિ હાથે જમ્યા જે કંસાર રે, તેને સ્વપ્ને ન ગમે સંસાર રે.**

પિયુ પરણીને પાવન બનાય છે, એ સુખ મુખથી કહ્યાં જાય તેવું નથી, ભગવાન પાસે મહાસુખના સમુદ્ર ભર્યા છે, તેમાંથી એક છાંટો આ દુનિયામાં નાખ્યો છે, એ છાંટામાં આખી દુનિયા મઝા કરે છે, પશુ, પક્ષી, પ્રાણીમાત્ર એક છાંટામાં આટલી મઝા કરે છે, ભગવાન પાસે આનંદનો સાગર ભર્યો છે, પરમાત્માના દિવ્ય અલૌકિક સુખનું વર્ણન થઈ શકે તેમ નથી.

**હરિ હાથે જમે જે કંસાર, તેને સ્વપ્ને ન ગમે સંસાર.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ભગવાનના હાથે જેને કંસાર જમવા મળ્યો તેને સંસાર સ્વપ્ના જેવો લાગે છે, શ્રીજી મહારાજ મશાલનું દષ્ટાંત આપતાં કહે છે, મશાલ બળતી હોય નજીક જાય ત્યારે પ્રકાશ વધારે મળે છે, તેમ ભગવાનની નજીક નજીક જાશું તેમ તેમ વધારે સુખનો અનુભવ થશે. ફેરા ફરીને આજ ઉતર્યાં, સર્વે કાજ અમારાં સર્યાં, પ્રેમ નેમને ભક્તિ ભાવે, સખી ચાર મળીને વધાવે, ભગવાન સાથે ફેરા ફરવા જેવા છે. પ્રભુને વરવા હોય તેને ચાર વસ્તુ જીવનમાં જોઈશે.

પોતાના ઈષ્ટદેવ પ્રત્યે પ્રેમ, નિયમ, ભક્તિ અને ભાવ આ ચાર સદ્‌ગુણો જોઈશે. વર વધાવી વારણે જાય, નાથ નિરખતાં તૃપ્ત ન થાય. નાથ નિરખીને લોભ્યાં છે નેણ, મુખ જોઈ મન થયા મેણ, વરને વધાવી લીધા વારણા લીધા, નિરખતાં તૃપ્ત ન થાય, નિરખવા જેવા એક ભગવાન છે. આનંદની ભૂમિકામાં ભક્તિનો રોપો ઊગે છે, વાલપ આવે છે હૈયે, જાણું અંગે આલિંગન લઈએ, પૂરો મનોરથ મારા, ખંગવાળુ ખોયલા દનના.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે ઘણા જન્મથી ફરતો ફરતો જીવાત્મા તમારે શરણે

આવ્યો છે, ભક્તિતો પુણ્યશીલ માણસો જ કરી શકે છે. સો જન્મનાં પુન્ય હોય ત્યારે પતિવ્રતા નારી મળે છે, આ તો આ લોકની વાત થઈ, પણ ભગવાનને પતિ કરવા હોય તો કેટલું પુન્ય જોઈએ.?

**સખી પૂરણ પુણ્યે હું પામી વર નિષ્કુળાનંદનો સ્વામી**

પરણતી વખતે છેડાછેડી બાંધે પછી લગ્નવિધિ પૂરો થાય,

**છબીલા વાલા છોડો દેવાધિદેવ દોરડો રે,**
**દિસે દોરડીયે દશ ગાંઠ રે..... ટેક.**
**ગાંઠ અનેક જન્મની આવરી રે,**
**તેને લાગશે લગારેક વાર રે.... છબીલા.**

નિષ્કુળાનંદ સ્વામી આધ્યાત્મિક કથા કહે છે, ખૂબ ધ્યાનપૂર્વક સમજવું જોઈશે. દોરડામાં દશ ગાંઠ વાળેલી છે. દશ ગાંઠ એટલે ઈંદ્રિયો અને દેહરૂપી દોરડું. એક જન્મની ગાંઠ નથી અનેક જન્મની ગાંઠ છે. ઉતાવળ ન કરતા. છોડવામાં થોડીકવાર લાગશે. તેને લાગશે લગારેક વાર રે છબીલા. પાંચ કર્મ ઈંદ્રિયો અને પાંચ જ્ઞાન ઈંદ્રિયો આ દશ ઈંદ્રિયો છે. તેમાં ગાંઠ વળી ગઈ છે. તે છૂટશે કેમ ? સ્વામી ઈંદ્રિયો જીતવાની વાત કરે છે. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે જેની ઈંદ્રિયો ચંચળ હોય તેની ચંચળતા કેમ ટળે ? ઈંદ્રિયો કંટ્રોલમાં કેમ કરવી ?

## ચક્ષુ ઈંદ્રિયની ચંચળતા કેમ ટળે ?

આડું અવળું જોયા સિવાય નાસિકાએ દષ્ટિ રાખી પ્રભુનું ધ્યાન કરે તો ચક્ષુ ઈંદ્રિય જીતાય. રસ્તામાં ચાલવું ત્યારે સીધી નજર રાખવી. જ્યાં ત્યાં ચક્કર વક્કર જોવું નહિ, આંખ દ્વારે પાપ અંદર આવે છે. નેત્રને નિયમમાં રાખો.

## નાસિકાને જીતવી હોય તો કેમ કરવું ?

કોઈ ગંધાતુ હોય ત્યારે વિચારવું કે મારો દેહ ઉપરથી સારો છે પણ અંદર રૂધિર માંસ ને હાડકાં છે. મળ-મૂત્ર ને આંતરડાં છે. ભગવાનને ચડેલા પુષ્પની સુગંધ લેવી.

## કર્ણેદ્રિય જીતવી હોય તો શું કરવું ?

રમુજ કે ભવાયા જોવા નહિ, ટી.વી. સામે બેસી જાય, સ્ત્રીઓ નાચતી હોય એવાં ગંદાં ચિત્ર સત્સંગીથી જોવાય નહિ. ભવાયા જોવામાં મઝા આવે કથા સાંભળવામાં નિદ્રા આવે તો શું કરવું ? ઊભા થવું અને નિદ્રા અને આળસને ટાળવી.

કથા સાંભળવામાં હેત અને શ્રધ્ધા રાખે તો કાન જીતાય.

ટાઢ તડકો સહન કરે તો ત્વચા જીતાય, ગોદડી ઓશીકે મૂકી રાખવી. સારી પેઠે ટાઢ વાય ત્યારે ઓઢવી. હાથ ચંચળ હોય તો હાથમાં માળા રાખીને શ્વાસોશ્વાસ ભગવાનનું નામ લઈને માળા ફેરવવી. મુકતાનંદ સ્વામી માળા ફેરવવાની રીતે શીખવતાં કીર્તન ગાય છે.

**ભજો ભાવશું અખંડ જપ માળા રે, માળા ટાળે છે મન કેરા ચાળા રે;**
**હરિનું એક એક અંગ ઉર ધારો રે, સ્વામિનારાયણ નામ ઉચ્ચારો રે. ભજો.**

પગ ચંચળ હોય તો શું કરવું.? આસન જીતવું, પલાંઠી વાળી બેઠા પછી બે કલાક સુધી ડગાવવું નહિ, શિશ્નમાં વાયુ ભરાય અને ચળ આવે તો હાથે કરીને ખંજવાળવું નહિ, અડવું નહિ, શિશ્નમાં વાયુ ભરાતો હોય તો આહાર થોડો કરવો, દેહને બળહીન કરી નાખે તો શિશ્ન જીતાય. જમવામાં કંટ્રોલ રાખે તો અજિત ઈંદ્રિય ઉપર જીત મેળવાય છે. સંસાર ખરાબ નથી પણ સંસારમાં આસક્તિ રાખવી તે ખરાબ છે.

ગામ જાંબુડામાં હીરો કરીને આયર હરિભક્ત હતા. શ્રીજી મહારાજે વર્તમાન ધરાવી સત્સંગની બધી રીતભાત શીખવાડી. ભગવાનમાં પ્રેમભાવ બહુ સારો હતો, તેથી હંમેશ ભજન કીર્તન ગાયા કરે. તેમાં સમયનું ભાન રહે નહિ, કામકાજ કરતાં હરિસ્મરણ ચાલુ હોય, આયુષ્ય પુરું થયું, શ્રીજી મહારાજ અનેક મુકતો સહિત વિમાન લઈને તેડવા પધાર્યા. હીરાભાઈ ! ચાલો અમે તેડવા આવ્યા છીએ. તૈયાર છો ને ? ''હા, મહારાજ તૈયાર છું.'' હીરાભાઈના આત્માને વિમાનમાં બેસાડ્યા, વિમાન ચાલતું થયું. શ્રીજી મહારાજે પૂછ્યું, ''હીરાભાઈ કોઈ વાસના નથી ને ! કુટુંબ પરિવારમાં મમતા હશે તો ધામમાંથી ધક્કો પડશે..''

હીરાભાઈએ કહ્યું, ''બીજી વાસના નથી, પણ મારા દીકરા ઝીણીયાને ધામધૂમથી પરણાવવો છે.'' શ્રીજી મહારાજે કહ્યું, ''સગા સંબંધી ઝીણયાને પરણાવી લેશે. દીકરો. દીકરો શું કામ કરો છો ? એવા તો જન્મોજન્મ દીકરા મૂકી આવ્યા છીએ અને હજુ ભગવાન નહિ ભજાય તો એવા અનેક દીકરા થશે, માટે મમતા તજી દો'' મહારાજ ઝીણીયાને પરણાવવાની ઘણી હોંશ છે એ ઈચ્છા પૂરી કરો તો બહુ સારું.

શ્રીજી મહારાજે કહ્યું, ''જાવ જલદી તમારા મૃત શરીરમાં નહિતર અગ્નિસંસ્કાર કરી દેશે તો વળી ફરી જન્મ લેવો પડશે. માતાના ઉદરમાં ઊંધે માથે

લટકવું પડશે.. ત્યાં તો મૃત શરીર સળવળ્યું. દીકરો કહે છે. મા ! મારા બાપુજી પગ હલાવે છે. ઝોબો પાછો વળી આવ્યો. અલ્યા જલદી દોરડી છોડી નાખ. હીરાભાઈ બેઠા થઈ ગયા. સગા સંબંધીએ પૂછ્યું, ''તમે કહેતા હતા કે શ્રી સ્વામિનારાયણ ભગવાન વિમાન લઈ તેડવા આવ્યા છે. ને પાછા કેમ આવ્યા ?'' હીરાભાઈએ કહ્યું, 'ઝીણીયાને પરણાવવા આવ્યો છું. ધામધૂમથી લગ્ન કરશુંને ધુમાડા બંધ ગામ જમાડશું.'

**ન જાણ્યુ જાનકી નાથે, સવારે શું થવાનું છે.**

બીજે દિવસે ઝીણીયો વાડીમાં ખડ નિંદવા ગયો. ત્યાં તેને વીંછી કરડ્યો કે તરતજ મૃત્યુ થઈ ગયું. હીરાભાઈ પોક મૂકીને ખૂબ રડે છે. ખાવાનું ને ઊંઘવાનું હરામ થઈ ગયું. સંસાર સૂનો લાગે છે. સતત રડ્યાજ કરે, હવે મારું શું થશે. ત્યારે સંતોએ સમજાવતા કહ્યું, મારો દીકરો, મારો દીકરો, શું કામ કરો છો ? કોઈ વહેલા કોઈ મોડા અંતે સૌને જવાનું જ છે. હવે તમે તમારા પુત્ર પાછળ રડો નહિ. હવે તમે તમારા જીવને માટે રડો. કે મારે મારા જીવની મુક્તિ કરવી છે. દાંત પડી જાય, આંખનું તેજ ઘટી જાય શરીરની શક્તિ ક્ષીણ થઈ જાય, પણ કુટુંબીમાંથી મમતા જતી નથી.

કોણ જાણે એનાં મૂળિયાં કેટલાં ઊંડાં છે. ખેતરમાં ઝાડના ઠૂંઠા હોય તે ટ્રેકટરથી ખેડી કાઢી શકાય, પણ માયાના મૂળિયાં ટ્રેકટરથી નહિ કાઢી શકાય, સમજણ યુકત સત્સંગ કરવાથી કાઢી શકાશે, એને કાઢવા માટે શું કરવું ? સાંભળો મુકતાનંદ સ્વામી ચેતવણી આપતાં ગાય છે. કુમતિને દૂર કરી ઘનશ્યામને સેવો.

**ઘનશ્યામને સેવો રે, કુમતિને દૂર કરી;**
**એ છે સર્વેના સ્વામી રે, પ્રગટ પ્રમાણ હરિ.**
**જેનું ધ્યાન ધરે છે રે, મહા મુનિ શુક જેવા;**
**જેના પદ પંકજની રે, કરે કમળા સેવા... ઘનશ્યામ.**
**એવા પ્રગટ પ્રભુને રે, ભજો ભ્રમણા ત્યાગી;**
**મુકતાનંદ હરિ ભજીને રે, થાશો તમે બડભાગી... ઘનશ્યામ.**

હીરાભાઈને સંતોએ સરખી રીતે સમજાવ્યા, તેથી કાંઈક મમતા ઓછી થઈ. શરીરમાં રોગ થયો. પીડા ખમાતી નથી. પસ્તાવાનો પાર નથી, રડતાં રડતાં કહે છે, ''હે મહારાજ, મને ધામમાં તેડી જાવ.''

**યોગથી સમજી જઈએ તો, રોગમાં હેરાન થવું પડે નહિ.**

મોહ, મમતા અશ્રુ દ્વારે નીકળી ગઈ ત્યારે ભગવાન કહે છે. હવે તમે મારા ધામમાં આવવાને લાયક થયા છો. ધામમાં તેડી ગયા.

**અહં દેહ અભિમાન દોરડો રે,**
**મહા વિકટ છે વિપરીત રે, છબીલા વાલા.**
**તમે તોડવાને માટે તૈયાર છો રે,**
**કાંઈ રાખજો છોડવાની રીત રે, છબીલા વાલા.**

અભિમાનરૂપી ગાંઠ છોડવાની છે, ધીરે ધીરે અંતરશત્રુને ટાળવાનો અભ્યાસ રાખવો. તોડશો તો ફરી ફણા કાઢશે. વાર ભલે લાગે મૂળમાંથી કાઢજો. ગાજર કે મૂળા ધરતીમાંથી ઉખેડવા હોય તો હચમચાવીને ધીમે ધીમે ખેંચીએ તો મૂળમાંથી નીકળી આવે અને છકી દઈને ખેંચો તો હાથમાં પાંદડાજ આવે મૂળ અંદર રહી જાય.

**મૂળમાંથી અહંકાર નીકળી જાય તો પ્રભુ સાથે સગપણ થાય.**

માયાના પ્રવાહમાં જે તણાય છે, એને માયા ત્રાસ આપતી નથી. જેને બહુ ક્રોધ આવે છે, જે કામી છે તેને માયા કહે છે તે મરેલો જ છે, તેને મારવાથી શું ? જે સતત ભક્તિ કરે છે એની પરીક્ષા માયા ત્રાસ આપવા જાય છે. પણ જે શૂરવીર ભક્ત છે તે કહે છે, ''હે મહારાજ જેવી કસોટી કરવી હોય તેવી કરજો પણ તમો સાથે રહીને પાર ઉતારજો.''

**ગાંઠ ઘુંચાઈ ઘણા દિનની રે, માંહિ અનેક રહ્યા છે ઉત્થાન રે. છબી.**
**નથી કાલિનાગ જેનાથશો રે, નથી દાવાનળ જેકરો પાન રે. છબીલા.**

ગાંઠ ગૂંચાઈ ગઈ છે. અંતરશત્રુ. કામ, ક્રોધ, લોભ, આશા, તૃષ્ણા મોહ મમતાના મૂળિયાં કાઢી નાખવાં કાંઈ સહેલાં નથી. કાલીનાગ નાથવો સહેલો હતો. તમે તરત નાથી દીધો. દાવાનળનું તરત પાન કરી ગયા. એ સહેલું છે, પણ આ તો અઘરું કામ છે. એ અમારા પ્રયાસથી નહિ છૂટે, તમારી શક્તિ એ નથાશે. વહાલા ગાંઠ્ય છોડ્યે તમે છૂટશો, આંટી કાઢવી જોઈએ આણી વાર, નિર્માની ભક્ત ભગવાનને બહુ વહાલા છે.

**અક્ષરધામમાં જાવું હોય તેને આંટીદાર સ્વભાવ છોડવો પડશે.**

આંટીદાર સ્વભાવ દુઃખી કરે છે, તે તો તમારે હાથે હરિ છૂટશે. એમાં નથી

અમારો કાંઈ દોષ, મુમુક્ષુ જીવાત્મા દીન બનીને પ્રભુને વિનંતી કરે છે. અંતરશત્રુ થકી રક્ષા કરજો.

**દયા કરીને છોડજો દોરડો રે, રખે રાંક જાણી કરો રોષ રે. છબીલા.**

''હે પ્રભુ ! હું રાંક જેવો છું તમે દયા કરજો. રોષ રાખીને મને ભૂલી ન જાશો. માવતર કમાવતર ન થાય. છોરું કછોરું થાય.'' નમ્રતાથી પ્રાર્થના કરે છે ત્યારે ભગવાન દયા કરે છે, પ્રથમ ભગવાન સત્સંગનો યોગ આપે છે. જો યોગથી સમજી જાય તો સારી વાત. જો ન સમજે તો પછી રોગ આપે છે. યોગથી સમજવું પડશે. નહિંતર રોગમાં પીડાવું પડશે. ગમે ત્યારે અંતરશત્રુ ટાળવા પડશેજ. ખાટલામાં રિબાય ત્યારે વિરક્ત બની પ્રભુને પોકાર કરે, મને ક્યાંય વાસના નથી તમે ધામમાં તેડી જાવ. પીડા ખમાતી નથી. પ્રભુ મારી દોરી ટૂંકાવી લે. ભગવાન કહે છે, જગતની માયમાં તેં તારી દોરી ખૂબ લંબાવી છે, હવે સમજી જાવ.

કોઈક રોગીને જુઓ ત્યારે સજાગ થઈ જવું. રોમરોમમાં પીડા થતી હોય એક મટે નહિ, ત્યાં બીજાું દુઃખ ચાલુ થઈ જાય. ત્યારે સજાગ થઈ જાવું કે પ્રભુનો યોગ નહિ રાખું, સંત અને શાસ્ત્રનો યોગ નહી રાખું તો આવા હાલ થશે.

**રોગી શરીર આવશે ત્યારે દિવસ**
**પસાર કરવા બહુ કઠિન પડશે..**

દુઃખી જીવાત્મા પાસે જાઓ ત્યારે વિચાર કરવો કે આવુંને આવું તંદુરસ્ત શરીર કાયમ નહિ રહે. ઓચિંતાનો રોગ પેદા થશે. તેની ભલભલાને ખબર નથી. શરીર તંદુરસ્ત હોય ત્યારે કાંઈ વિચારતા નથી. ખુમારીથી ફરે. પણ સત્સંગ કરે નહિ.

**તમે અનેક જુગતિ આદરી રે,**
**વિધ વિધે કરો છો વિચાર રે. છબીલા.**
**સ્વામી નિષ્કુળાનંદના સમર્થ છો રે**
**જો છોડો તો સઈ છે વાર રે... છબીલા..**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પ્રભુને અનેક પ્રકારની યુક્તિ આવડે છે. યોગથી ન સમજે તો એવો રોગ મૂકે. ટાઢો થઈ જાય. ભગવાન ભગવાન કરતો થઈ જાય. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, સદાય યોગ, યજ્ઞ કરતા રહેજો. યોગ, યજ્ઞ વગર કલ્યાણ થતું નથી. હે પ્રભુ તમે ખૂબ સમર્થ છો, જો ધારો તો અમને છોડાવી

શકો છો. દશ ગાંઠ છૂટી જાય તો ભાગ્ય ખીલી ઊઠે.

**અહો આજ અમારાં હો ભાગ્ય, અમવર વરિયા રે;**
**વર સુંદર શ્યામ સુજાણ નીરખીને નયણાં ઠરિયાં રે.**

નીરખીને નેણાં ઠરી જાય એવા સુંદરવર પરમાત્મા મળ્યા છે, જો પ્રભુના સ્વરૂપમાં મન તરબોળ થઈ જાય તો ભગવાન સિવાય કાંઈ યાદ આવે નહિ, વર કેવા છે ? નિર્ગુણ ને નિર્લેપ છે સગુણ છે, અખંડ ને અવિનાશી ને અકળ અંતરજામી છે. આ લોકનો ગમે તેવો શ્રીમંત કે શોખીન ધણી હોય. પણ અખંડ નથી રહેવાનો. અખંડ વર તો એક પુરુષોત્તમ નારાયણ છે.

## હરિ ચરણમાં સ્નેહ તે જ સાચો મોક્ષ

ઝીંઝાવદરનાં દીકરી રામબાઈ ઉંમરલાયક થયાં, પવિત્ર મા-બાપની ફરજ છે. યોગ્ય મૂરતિયા સાથે દીકરીને પરણાવવી જોઈએ, અલૈયાખાચરે કહ્યું, બેટા રામુ, તને જે યોગ્ય લાગે તેની સાથે તારું વેવિશાળ કરીએ, પિતાજી મેં યોગ્ય મૂરતિયો શોધી લીધો છે. કોણ છે યોગ્ય મૂરતિયો ? તરત કીર્તન શરૂ કર્યું.

**મેં તો સગપણ કીધું રે, કે શામળીયા સાથે;**
**મોહનનું મહેણું રે, કે લીધું છે માથે.**

અલૈયાખાચરે કહ્યું, ‘‘બેટા રામુ, તારી ઉંમર નાની છે. સગપણ કરવુંજ પડશે.’’ બાપુ મેં હરિરસ(અમૃત રસ) પીધો છે તેથી સંસાર ગમતો નથી. પિતાજી તમારી બધી આજ્ઞા હું માનીશ પણ આ લોકનું સગપણ હું નહિ કરું. ભગવાન સાથે સગપણ કરી લીધું છે. અલૈયાખાચરે શ્રીજીમહારાજને વાત કરી. રામુ અમારું માનતી નથી. સગપણ કરવાની ના પાડે છે. પ્રભુએ કહેવડાવ્યું કે પરણીને ભગવાન ભજો.

રામબાઈને વિચાર થયો, સગા સંબંધીનાં વચન માનું નહિ પણ ખુદ અક્ષરધામના અધિપતિ કહે છે કે, પરણીને ભગવાન ભજો. હવે મારે શું કરવું ? શ્રીજી મહારાજની આજ્ઞા શિરોમાન્ય કરી, પછી અલૈયાખાચરે ધામધૂમથી દીકરીનાં લગ્ન કર્યાં, ચાર માંગલિક ફેરા ફરાયા. પછી સગા સંબંધી હાથગરણું વરરાજાને આપે છે, ત્યારે રામબાઈએ હાથમાં પહેરેલી સોનાની બંગળી. કાનનાં દાગીના, નાકની નથ, કંઠનું મંગળસૂત્ર, પગનાં ઝાંઝર બધાં દાગીના ઉતારીને પોતાના પતિના ખોળામાં મૂકી દીધાં. ‘‘ભાઈ આ તમારું હાથગરણું લ્યો.

**આજથી તમે મારા ભાઈ ને હું તમારી બહેન...**

સૌ કોઈ જોતાંજ રહી ગયાં. આ શું ! અલૈયાખાચરે ઘણું સમજાવ્યું. દીકરી આવી રીતે કરાય નહિ. પછી રામબાઈ સીધાં ગઢપુર ગયાં. શ્રીજી મહારાજને પગે લાગીને બેઠાં. શ્રીજી મહારાજે કહ્યું, ''અમે તમને એમ કહ્યું હતું કે પરણીને ભગવાન ભજવા અને આ તમે શું કર્યું,'' રામબાઈએ કહ્યું, પ્રભુ રાજી રહેજો, મેં તમારી આજ્ઞાનું યથાર્થ પાલન કર્યું છે. તમે કહ્યું હતું કે પરણીને ભગવાન ભજવા. મેં પરણી લીધું છે. ચાર ફેરા પૂરા ફરી લીધા છે, હવે ભગવાન ભજીશ. વિચાર કરો.'' રામબાઈને કેટલો પ્રભુ પ્રત્યે પ્રેમ હશે. કે સંસારને તણખલાની જેમ તજી પ્રભુનું શરણું સ્વીકારી જીવન સમર્પિત કરી દીધું. આવાં પાત્ર ભગવાનને વરી શકે.

પુરુષોત્તમ નારાયણ કેવા છે ?

**વર અતોલને રે અમાપ થાય ન થાય રતિ રે,**
**વર હરિહર અજના આધાર, પ્રકૃતિ પુરુષના પતિ રે;**
**વર પંડચે બ્રહ્માંડને પાર અકળ ન જાય કળ્યો રે,**
**નેતિ નેતિ કહે જેને વેદ, તે તો આજ અઢળ ઢળ્યા રે.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, હે પ્રભુ, તમે અજ ઈશના સમગ્ર બ્રહ્માંડના આધાર છો. અનંતકોટી બ્રહ્માંડના ધણી છો. એની કળાને કોઈ કળી શકે નહિ, જેને વેદ નેતિ નેતિ કરી ગાય છે. તેવા પુરુષોત્તમનારાયણ આજ અઢળક ઢળ્યા છે. ગુણના સાગર છે, મારા પુણ્ય તણો નહિ પાર, ભેટ્યા આજે ભાવે હરિ આજ. મારા ભાગ્ય જાગી ગયાં છે.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પછી ભગવાન મળશે. એમ નથી. અત્યારેજ મળી ગયા છે. મને કરી સનાથ. આ જન્મ લેખે લાગી ગયો, રંગ રહી ગયો ને ફેરો સફળ થયો. માલ ખરીદવા ગયા હોઈએ અને ખાલી ખમ ઠાલા આવીએ તો કેવું કહેવાય. કામ ખોટું થઈ ગયું. આપણે બધા જીવની કમાણી કરવા માટે આ લોકમાં આવ્યા છીએ. ભક્તિની કમાણી કરી લેજો.

**ત્યારે બોલી સખીની સાહેલી રે, મુખથી મરજાદ પરિમેલી રે;**
**મારે કહેવું છે કાંઈ કેણ રે, બોલીશ વાંકાં વસમાં વેણ રે;**
**આ જો આશ્ચર્ય સરખી વાત રે, દીસે નાનડીયો ઘણી ઘાત રે;**

વનિતાએ પોતાના પતિના સાહેલીઓ પાસે ખૂબ વખાણ કર્યા. ત્યારે સાહેલીઓ મર્મથી કહે છે, તું તારા પતિ પુરુષોત્તમનારાયણના વખાણ ભલે કરે પણ તે કેવા છે તે અમને ખબર છે. કાળીઓ કૃષ્ણ આજકાલનો કાળો નથી. એ તો શરીરે કાળો છે. એની જાત કઈ છે તને ખબર છે, એ નંદજીનો લાલો ને કામણગારો છે. ગાયોની સાથે ફરનારો છે. પ્રેમાનંદ સ્વામી અદ્ભૂત કીર્તન ગાય છે.

ગાયોની સાથે રે આવે ગાયોની સાથે, ગાતા આવે ગીરધર ગાયોની સાથે. ટેક.

**મોહનજીએ ધરીયો મુગટ ફૂલનો માથે,**
**ફુલડાના હાર ગજરા પહેર્યા છે નાથે... ગાતા આવે...**
**વ્રજવનિતા વહાલાને ભેટી ભરીને બાથે,**
**પ્રેમાનંદ કહે પૂરણ કીધી પ્રેમનિધિ પાથે.. ગાતા આવે..**

મોરલી વગાડી ગોપીઓની ચિત્તવૃત્તિ પોતાનામાં ખેંચી બેભાન કરી દીધી હતી. કૃષ્ણ ભારે નટખટ છે, ફોગટ ફૂલ્યો ફરે છે ને અબળાનાં મન હરે છે. ઘરનો ધુતારો છે, મોટાઘરનો દીકરો છે તેથી મોઢે કોઈ કાંઈ કહી શકતું નથી. કામણ મોરલીમાં કાંઈ કર્યું રે તેણે અબળાનું મન મોહ્યું રે,

વરસો સુધી જંગલના યોગી તપ કરે છતાં સ્વપ્નામાં ભગવાનની ઝાંખી થાય નહિ, તે આપણને પ્રત્યક્ષ શ્રીજી મહારાજ મળ્યા છે.

## ભુજ ધામ બદ્રિકાશ્રમ જેવું તીર્થધામ છે..

ચારધામની યાત્રા કરે અને ભુજ ધામમાં એક વખત નરનારાયણદેવનાં દર્શન કરે તો અધિક ફળ મળે છે. પ્રત્યક્ષ સ્વામિનારાયણ ભગવાનના હસ્તે પધરાવેલા ભગવાન છે. તેનો અપાર મહિમા છે. આપણે કંગાલ નથી મોટા શાહુકાર છીએ. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. તેમની પૂજા કરી છીએ. ખુમારી રાખો.

આપણને જેવા તેવા આલી મવાલી નથી રહેવું, સાધુને જડભરત જેવું થવું અને સંસારીને રાજા જનક જેવું થવું. અને જો આવા મહા ભક્ત થવું હોય તો મહાન શાસ્ત્રોનો મહાન સંતનો સમાગમ કરવો, મહાનને સેવ્યા વિના મહાન થવાતું નથી.

એક ભિક્ષુક ગામમાં માગવા ગયો, ભિક્ષા માગતો માગતો રાજ્યદરબારમાં પહોંચી ગયો દરવાજે દ્વારપાળ ઊભા છે. પૂછ્યું અલ્યા કયાં જવું છે ? મારે રાજાને મળવા જવું છે. મળવા નહિ મળે. જો રૂપિયા જોઈતા હોય તો આ પાંચ રૂપિયા લઈ જા. ભિક્ષુકે કહ્યું, ‘‘તારા પાંચ રૂપિયાને હું શું કરું. અલ્યા ભિખારી છે ને બળ કરે

છે. ભિખારીને ખાવાથી ને પાંચ રૂપિયાથી કામ હોય. લે રૂપિયાને ચાલતો થઈ જા.'' ભિખારીએ કહ્યું, ''મારે પૈસાનું કામ નથી, રાજાનું કામ છે. તારા જેવા ભિખારીને રાજા પાસે જવા નહિ મળે માટે ચાલતો થઈ જા'' ભિખારીએ કહ્યું, ''ભલો થા, મને જવા દે. રાજા સાથે મારી જૂની ઓળખાણ છે'' સિપાઈ દોડતો રાજા પાસે આવ્યો. ''મહારાજા ! એ કાંઈ લેતો નથી. એમ કહે છે મને રાજાને મળવું છે. મારી જૂની ઓળખાણ છે.''

રાજાએ કહ્યું, ''જે હોય તેને આવવા દો'' ભિખારી આવ્યો રાજાને નમસ્કાર કરીને ઊભો. રાજાએ કહ્યું, તમે ગરીબ છો ? ના હું ગરીબ નથી. હું તો શાહુકાર છું. રાજા વિચાર કરે છે કે કપડાં તૂટેલ ફાટેલ છે ને શાહુકાર છે. કઈ રીતે તું શાહુકાર ? ભિક્ષુકે કહ્યું, ''રાજ્ય દરબારના બારણે ઊભો હતો ત્યારે ગરીબ હતો. પણ અત્યારે રાજ્ય દરબારમાં ઊભો છું તેથી શાહુકાર છું.'' રાજાને થયું, ''ભિખારીને રાજ્યનો મહિમા કેટલો છે. વાહ તને રાજ્યનો મહિમા છે. તે મારા માટે મહાન બાબત છે.'' રાજા રાજી થયા તેથી સરસ મજાનાં ભોજન જમાડ્યાં.

ભિખારી ગામમાં આવ્યો, અને ભોજનના ખૂબ વખાણ કરે. કેવા દયાળુ રાજા છે. મને ભાવથી જમાડ્યો. ગામોગામ ભિક્ષા માગવા જાય ત્યાં રાજાના વખાણ કરે. રાજાને ખબર પડી. તેથી ભિખારીને બોલાવી દસ ગામનું રાજ્ય આપી દીધું. રાજાએ ભિખારીને દશ ગામ આપી દીધાં. તો શ્રીજી મહારાજ અક્ષરધામના રાજાધિરાજ તો શું ધામ ન દે ! આપણને જો સ્વામિનારાયણ ભગવાનનો કેફ હશે. ખુમારી હશે તો ભગવાન જરૂર અક્ષરધામ આપશે.

ખુમારીપૂર્વક ભગવાનનાં વખાણ કરો. મંદિરમાં કેવી સરસ આરતી થાય છે. કથા કીર્તન થાય છે. જુવો તો ખરા ભગવાનને કેવા સુંદર શણગાર ધરાવાય છે. ખુમારીપૂર્વક સત્સંગ કરાવો. નિષ્કુળાનંદ સ્વામી ભરપેટ વાત કરે છે. હીરો હાથ આવી ગયો છે. અમે નિર્ધનીયા નથી. મહા મોંઘો માલ મળી ગયો છે. માણસના ખિસ્સામાં થોડાક પૈસા હોય તો માનવને હિંમત રહે છે ત્યારે જે ભક્તજન પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે, એને કેમ હિંમત નહિ હોય ?

**ખુમારીથી ફરો કે, મારી સાથે મારા ભગવાન છે.**

જેની પાસે ભગવાન છે, સદ્‌ગુણોરૂપી મિલકત છે, તેની પાસે બધુંજ છે. આખી દુનિયાની સંપત્તિ હોય, પણ જો તેનો જીવનમાં ભગવાનની ભક્તિ, ભજન,

ધર્મ નિયમ, પૂજા પાઠ, કથા, કીર્તન કાંઈ નથી તો તેની પાસે કાંઈજ નથી..

**તેણે લાગ્યો હરિજીશું હેડો રે, વળી તેનો કાન ન મૂકે કેડો રે;**
**ગોપી ભૂલી ઘરનું કાજ રે, મેલો લોક કુટુંબની લાજ રે;**
**આપ ઈચ્છાએ હરિવર વરી રે, હવે બેઠો ઠેકાણે ઠરી રે.**

હરિવરથી લાગ્યો હેડો, તેનો કહાન ન મૂકે કેડો, ગોપી ભૂલી ઘરનું કાજ, મેલી લોક કુટુંબની લાજ. ચારણ લાડુદાનજીનું દેખાવવાળું ભરાવદાર સૌમ્ય શરીર હતું. જગતમાં બહુ ચાહના હતી, રાજ્ય રજવાડામાંથી ભારે ભારે બક્ષિશ મળી હતી. અડધા કિલ્લો જેટલાં સોનાનાં દાગીનાં માનપૂર્વક મળ્યાં હતાં. તે દાગીના માનપૂર્વક મળ્યાં હતાં. તે દાગીના મામા સાથે ઘરે મોકલી દીધાં રાજ્ય રજવાડામાં વિજય મેળવ્યો પછી સાધુ થયા. મોજબાઈ અને ખીમબાઈએ કહ્યું, ‘‘અમને તમારી સાથે લગ્ન કરવાં છે.’’ લાડુદાનજીએ કહ્યું, ‘‘મારી સાથે લગ્ન કરવાથી તમારું કાંઈ નહિ વળે. મારાથી સારો ઉત્તમ શ્રેષ્ઠ એક મૂરતિયો છે.

પુરુષોત્તનારાયણ સાથે લગ્ન કરો તો તમારું કામ થઈ જાય. લોકની બીક તજીને વરવું પડશે. સમ્રાટ શીઘ્ર કવિએ હાથમાં સિતાર લીધી. કંઠમાં શબ્દો રમતા હતા, સરસ્વતીજી લાડુદાનજીની જીભ ઉપર બેઠાં છે. ભગવાનને યાદ કરીને કીર્તન ગાયું.

**મોહી હું તો નટવરને વાને, કીધી વશ ડોલરીયે કાને રે... મોહી...**
**કે જીવ જીવને શું પરણું, જેના શિર ઉપર મરણું**
**સમરથનું લીધું શરણું રે... મોહી...**
**કે અચલ વાત મને ઓળખાણી રે, થઈ મારે સર્વે દુઃખની હાણી**
**પ્રીતમ મુખ રાખ્યું પાણી... મોહી...**

જીવ જીવને શું પરણું, સમર્થનું લીધું શરણું, મને અચલ ને અસલી વાત ઓળખાઈ ગઈ છે, મન માન્યા વર મળી ગયા છે, ભગવાન સાથે જેને પરણવું હોય તેને સંસારમાંથી હેત તોડવું પડશે, આ જગતની અંદર કોઈ પુરુષ છે જ નહિ, પુરુષ એક પુરુષોત્તમ નારાયણ છે.

જેમ ભવાયો ખેલ કરે, ત્યારે ઘડીકમાં સ્ત્રી થાય, ઘડીકમાં પુરુષ થાય તેમ આ જગતની અંદર કયારેક જીવાત્માને સ્ત્રીનો દેહ આવે, કયારેક પુરુષનો દેહ મળે, બાકી આત્માની કોઈ નાતજાત નથી, આત્મા સ્ત્રી નથી આત્મા પુરુષ નથી. આત્મા પશુ કે પક્ષી નથી, આત્મા કેવળ ચૈતન્ય અજર અમર છે. આવી રીતે જે

સમજી રાખે તેને માયાનું બંધન નડતું નથી.

**એવું સુણીને બોલી સુંદરી, સખી સાંભળતો કહું વાત... હો બેની**
**એમ ન કહો એહને, વળી વિચાર વિના જે બોલવું;**
**તે તો જીવ જણાવે જાત્ય... હો બેની...**
**સખી બોલીને કેમ બગાડીએ, બોલ્યું અણ બોલ્યું કેમ થાય. હો.**

પુરુષોત્તમનારાયણ સાથે પરણેલી વનિતા કહે છે, ''હે સખી બોલીને શું કામ બગાડો છો ! વિચારીને બોલજો. મારા પતિ કોઈ સામાન્ય નથી. અનંતકોટી બ્રહ્માંડનો રાજા છે. નંદજીનો લાલો છે અને અખિલ ભુવનનો આધાર છે. શેષ, મહેશ, શારદા, બ્રહ્માદિક દેવ કોઈ એના પરાક્રમનો પાર પામે નહિ. એવા સમર્થ છે, તેને તમે બરાબર ઓળખો. ઉપકારને યાદ કરો.

કઠિયારો લાકડાં લઈને વૈશાખ મહિનાના ધોમ તાપમાં ખુલ્લા પગે ચાલ્યો આવે છે. પગમાં પહેરવા માટે પગરખાં નથી, પરસેવાથી પલળી ગયો છે. ફાટેલાં તૂટેલાં કપડાં પહેર્યાં છે. રાજા ફરવા નીકળ્યા હતા. ગરીબ ઉપર તેની નજર પડી, રાજા નજીક આવ્યા. કઠીયારાને કહ્યું, ''તારા માથે જે લાકડાનો ભારો છે તે નીચે મૂકી દે ને મારા ઘોડા ઉપર બેસી જા'' કઠિયારો ડરી ગયો. રાજા મને કયાં લઈ જશે, શું સજા કરશે ? રાજાએ હાથ ઝાલીને પ્રેમથી ઘોડા ઉપર બેસાડીને રાજ્ય દરબારમાં લઈ આવ્યા, સેવકોને બોલાવ્યા. સેવકો હજર થયા, બોલો મહારાજા ! આપની શી આજ્ઞા છે ? આ કઠીયારાને બરાબર રીતે સ્નાન કરાવી સારાં કીમતી વસ્ત્રો પહેરાવી સરસ મજાનાં મિષ્ટાન્નનાં ભોજન જમાડો. કઠિયારો વિચાર કરતો થઈ ગયો. આ શું થાય છે. આટલું બધું સન્માન કેમ થતું હશે. રાજાએ પૂછ્યું, ''તારું કુટુંબ પરિવાર કયાં રહે છે?'' ''મારું કુટુંબ જંગલમાં રહે છે. તેને બોલવી આવો.''

કઠિયારાએ કહ્યું, ''અન્નદાતા મારાથી કાંઈ ગુન્હો થઈ ગયો છે ! મને રાજ્યદરબારમાં લાવવાનું કારણું શું ?'' રાજાએ કહ્યું, ''ગુન્હો કાંઈ નથી થયો પણ મને તારી ગરીબાઈ (દારીદ્રતા)ઉપર દયા આવી છે, તેથી અહીં બોલાવ્યો છે'' કઠિયારો ખુશ થઈ ગયો, રાજાએ બે રૂમ દરબારમાં બનાવી દીધા, તેમાં સુખેથી રહે છે. જૂનાં કપડાં, કુહાડો અને દોરડું હતું તે એક પેટીમાં રાખી મૂકયું. દરરોજ પ્રભાતમાં કુહાડાને દોરડાને જોઈને ભગવાનને યાદ કરે. મારા નસીબમાં કુહાડોને દોરડું જ હતું. પણ રાજા રાજી થયા તેથી લીલા લહેર કરું છું.

પ્રધાને આ વાત રાજાને કરી. રાજાએ કઠિયારાને કહ્યું, ''તું પૂજા કરે છે તેનાં મારે દર્શન કરવાં છે'' કઠિયારાએ કહ્યું, ''દર્શન કરવા જેવું કાંઈ નથી'' રાજાએ હઠ લીધી, સવારે આવ્યા ત્યાં એણે કપડાં કુહાડો ને દોરડાની પેટી બતાવી. આ મારી પૂજા. આવી ફાટેલ તૂટેલ કપડાની પૂજા કેમ ? આની પૂજા તું કેવી રીતે કરે છે ? પ્રભાતમાં સ્નાન કરીને હું મારા મનને દરરોજ સમજાવું છું.

**જીવડા તું છલકી ન જાજે તારા ગરીબાઈના દિવસ યાદ કરજે**

તારા નસીબમાં જૂનાં કપડાં, કુહાડો ને દોરડું જ છે પણ નવાં કપડાં ને તાજા ગરમા ગરમ મિષ્ટાનના થાળ જમું છું તે રાજાનો પ્રતાપ છે. એની દયાથી સુખી છે. હે અન્નદાતા તમારો ઉપકાર ભૂલાઈ ન જાય. આવી રીતે મારા મનને સમજાવું છું. એજ મારી પૂજા. રાજા ખુશ ખુશ થઈ ગયા, કેટલો ભલો માણસ છે, કેટલી મહાનતા ધરાવે છે. કર્યા કૃતને ભૂલ્યો નથી. આવો ખાનદાન માણસ જલદી મળે નહિ, કઠિયારાની નમ્રતા જોઈને. બુધ્ધિશાળી જાણીને. દીવાન બનાવ્યો.

કઠિયારા ઉપર રાજાને મહેર થઈ તો તે સુખી થઈ ગયો, આપણી કઠિયારા જેવી દુઃખી સ્થિતિ હતી. બાપદાદા પાસે સાઈકલ પણ નહોતી. જંગલમાં બળતણ લેવા જવું પડતું. તે અક્ષરધામના રાજા પુરુષોત્તમનારાયણની કૃપા દષ્ટિ થઈ છે તેથી લીલા લહેર કરીએ છીએ. બાકી પ્રારબ્ધમાં તો સૂકો રોટલો લખેલો હતો. શ્રીજી મહારાજની મહેર થઈ છે, તેથી રાજાના જેવું સુખ ભોગવીએ છીએ. કઠિયારો રાજાનો ઉપકાર ભૂલ્યો નથી, તેમ આપણે પણ ભગવાનનો ઉપકાર ભૂલવો નહિ.

નરનારાયણદેવની છત્રછાયામાં બેઠા છીએ. સંતો કહે તેમ કરીએ છીએ. કંઠમાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી છે. ધર્મ નિયમનું યથાર્થ પાલન કરશું તો આપણા ઘરમાં લક્ષ્મીજી નિવાસ કરીને રહેશે.

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિર્ધ્રુવા નીતિર્મતિર્મમ ।।**

જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાન છે, ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અચળ નીતિ છે. અનેક જનને ઉદ્ધારવા આવી લીધો અવતાર, એ છે પંચવિષયને પાર.

**જેને વચને તે વિકાર વામીએ, તેને કેમ વળગે વિકાર. હો બેની.**

પ્રભુ પંચ વિષયથી પર છે. નિર્વિકાર છે, પ્રભુને કોઈ વિકાર નડતો નથી. પ્રભુના વચનમાં જે વર્તે છે તેને પણ કોઈ વિકાર નડતો નથી. તો પ્રભુને કયાંથી નડે.

એ તો ચૈતન્ય ઘનમય મૂર્તિ છે. એને સ્પર્શે નહિ પંચભૂત અખંડ અને અચ્યુત છે, નિર્ગુણ ને સગુણ સ્વરૂપ છે. કરોડો જીવાત્માનું કલ્યાણ કરે છે, કરોડો કંદર્પને લજ્જા પમાડે એવું ભગવાનનું સ્વરૂપ છે.

હાથ જોડી હરિ આગળે રહીએ દીન આધીન, નિષ્કુળાનંદ સ્વામી કહે છે ''પ્રભુ પ્રત્યે કયારે પણ કટુ વચન બોલવું નહીં, દીકરાનું મૃત્યુ થઈ જાય તો અજ્ઞાની માણસો બોલે છે કે ભગવાને મારો લીલોછમ બગીચો બગાડી નાખ્યો. વાડીમાં પાક બરાબર થાય નહિ તો પણ પ્રભુનો વાંક કાઢે છે. ભગવાને પાક બગાડી દીધો.'' ભગવાન કહે છે, ''કેવો લુચ્ચો છે, સારું થાય તો કહેશે. ભલાઈ કર હું હતો ત્યારે સારું થયું. ને બગડી જાય તો ભગવાન ઉપર ઢોળી નાખે. ભગવાને બગાડ્યું.'' સ્વામી કહે છે, ભગવાનનો અભાવ લેવો નહિ, કટુ વચન બોલવું નહિ.

**મારા બોલ્યા સામું જોઈ શ્યામ રે, રોષ રખે ધરતા તે રામ રે;**
**કોઈ નવ સરે જો કામ કે, આવીને આ ભવમાં રે.**

સખી કહે છે, હે પ્રભુ ! કૃષ્ણ કાળિયો છે, ધૂતારો છે. આવું બોલાઈ ગયું છે, તો તમે રોષ રાખજો નહિ, તમે ધીરજશાળી છો. ગંભીર છો, પાણીને ગમે તેટલું ગરમ કરે પણ પછી ઠંડુ થઈ જાય છે. પાણીનો મૂળ સ્વભાવ શીતળ છે તેમ તમે પણ શાંત સ્વરૂપ છો, શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં. ''હે પ્રભુ તમે અમારા અવગુણ સામે જોશો નહિ, આપણને બીજાના અવગુણ બહુજ દેખાય છે, પોતાનો એક પણ અવગુણ દેખાતો નથી. માણસોની ટેવ પડી ગઈ છે. બીજાના દોષ બહુ દેખાય છે. આ જન્મે અથવા કોઈક જન્માંતરમાં મોટા ભક્તનો અપરાધ કર્યો છે તે પાપે કરીને તેને બીજાના દોષ દેખાય છે ને પોતાના દોષ દેખાતા નથી.

**ગ્રહણ કરને કી ઈચ્છા હો તો,**
**સભી કા ગુણ ગ્રહણ કીજીએ;**

માણસને સારા કાર્યનું માન બહુ નડે છે. તેથી બીજાનો તરત અભાવ આવી જાય છે, આપણે એકાદશીનો ઉપવાસ કરીએ અને બીજા ફરાળ કરે તો તરતજ તેનો અભાવ આવે. આવી રીતે ગુણને સાધનનું માન બીજાનો દ્રોહ કરાવે છે. તેથી પોતાનું જ પતન થાય છે. ભલાઈમાં ભાગ રાખવો ને બીજાનું ભલું કરવું.

એક શેઠ હતા તેનો એક પુત્ર હતો નામ હતું વિશ્વદીપ. બાળક ત્રણ વરસનો થયો. ત્યાં તેના પિતાનું મૃત્યુ થઈ ગયું. એક વરસ પછી માતાનું મૃત્યુ થયું. બાળકનું

પાલન પોષણ એની દાદી કરે છે. સાથે ધર્મના સંસ્કાર પણ આપે છે. સમય જતાં વિશ્વદીપના કાકાને થયું, ભત્રીજો મોટો થશે એટલે માલ મિલકતમાંથી ભાગ લેશે. મારી નાખીએ તો લફ મટે, તમામ મિલકત મને મળી જાય. બાળકને ફળીયામાં બેસાળ્યું ચાલ બેટા ! ભોજન જમી લઇએ, ભોજનમાં ઝેર ભેળવીને બાળક પાસે મૂક્યું. બાળક જમતાં પહેલાં હાથ, પગ ધોવા ગયો ત્યાં એક કાગડો થાળીમાં ચાંચ બોળી ભાત લઈ ગયો. રામ રાખે તેને કોણ ચાખે.

દાદીમાએ કહ્યું, ‘‘બેટા વિશ્વદીપ ! કાગડાનું એંઠુ અપવિત્ર અન્ન આપણાથી જમાય નહિ બહાર ફેંકી દે.’’ ભોજન બહાર નાખી દીધું, ત્યાં એક કૂતરો આવ્યો. રોટલો જમ્યો કે તરત તરફડિયાં ખાઈને મરી ગયો. દાદીમાને વહેમ પડ્યો કે ભોજનમાં ચોક્કસ ઝેર છે, નહિંતર કૂતરો મરી જાય નહિ, શેઠ મંડ્યો ફફડવા કે હવે હું પકડાઈ જઈશ, કાલાવાલા કરે છે ત્યાં પોલીસવીળા પહોંચી આવ્યા. પકડીને જોરદાર ફટકા માર્યા. પાપી, તેં આવા નિર્દોષ બાળકને મારવા પ્રપંચ કર્યો ધિક્કાર છે તને. હવે જો આ બાળકને કાંઈ પણ થશે તો જવાબદાર તું છે.

વિશ્વદીપ મોટો થયો, બાપદાદાની મિલકતમાંથી અડધો ભાગ મળ્યો. વેપાર ધંધો શરૂ કર્યો, કમાણીમાંથી દશમો ભાગ ભગવાનને અર્પણ કરે. દાન પુન્ય કરે ને નિત્ય સત્સંગ કરે. તેથી ધંધામાં વિશેષ લાભ થયો. બે વરસમાં પંદર લાખનો આસામી બની ગયો. સુંદર મઝાના બંગલામાં પરિવાર સાથે રહે છે. પાપી કાકાનો પરિવાર સ્વચ્છંદી બની ગયો. કુસંપ અને કલેશમાં પૈસા વપરાઈ ગયા. તેથી મા-બાપને કૂટીને ઘરથી બહાર કાઢી મૂકયા.

વિશ્વદીપ ખૂબ દયાળુ હતો. કાકાને પોતાના ઘરે તેડી લાવ્યો. અને ખૂબ સંભાળ રાખે. ઝેર પાઈને મારી નાખનારની પ્રેમથી સેવા કરે છે. ભૂંડો ભૂંડાઈ ન તજે અને ભલો ભલાઈ ન તજે. તે આનું નામ.

**બુરાઈનો બદલો ભલાઈથી આપવો તે દિવ્યતા છે.**

કાકાની આંખમાં આંસુ આવી જાય, પ્રાણ લેવા તૈયાર થયો હતો તે આજ મારી સેવા કરે છે, મને ઠપકો પણ દેતો નથી કે તમે મને મારવા સુધીનું કાવતરું કર્યું હતું. ધન્ય છે વિશ્વદીપ તારી માનવતાને, જનેતાને અને સદ્બુધ્ધિને.

**દૂધનું સત્વ મલાઈ છે, માણસનું સત્વ ભલાઈ છે.**

સમજવા જેવી કથા છે. જિંદગીમાં કયારેય કોઈને ડંખ દેવો નહીં. અને

કોઈએ દીધેલ ડંખને મનમાં સંઘરવો નહિ. કથા, કીર્તન છે તે સત્સંગની સાચી શોભા છે, શ્રીજી મહારાજે અર્ધી રાત્રે ઊભા થઈ સંતોને કથા, વાર્તા કરી વચનામૃતનાં પાન કરાવ્યાં છે. આજે પણ જ્યાં કથા, કીર્તન, ભજન ભક્તિ ચાલુ છે ત્યાં દિવ્યતા અને આનંદ છે. જ્યાં કથા, કીર્તન બંધ થઈ ગયાં ત્યાં સત્સંગ ઘટી ગયો છે, કથા કીર્તન સત્સંગનો પાયો છે. શ્રીજી મહારાજ વચનામૃતમાં કહે છે અમારે તો ભગવાનની કથા વાર્તા કીર્તન કે ભગવાનનું ધ્યાન એમાંથી કોઈ કાળે મનની તૃપ્તિ થતીજ નથી, તમારે સર્વેને પણ એવી રીતે વર્તવું.

**વડાને નવ લાગે વિકાર રે, જેની મતિ અપરમપાર રે;**
**નવ થાય કેણે નિરધાર કે આદેશ અજિતશું રે.**
**વજ્રને જેમ વિધ્યું નવ જાય રે, વેધતલ સામું વિંધાય રે;**
**અનેક જો કરીએ ઉપાય કે નિશ્ચે નિષ્ફળ છે રે.**

હે પ્રભુ ! તમે નિર્વિકાર છો, તમારી મતિ અપરંપાર છે. તમે અજીત છો. ચંદ્રમા હંમેશાં શીતળતા આપે છે. તેને તાપ લાગતનો નથી, પ્રભુ તમે દિલના દયાળ, દીનબંધુ પ્રતિપાળ છો નટવર નંદ ગોવાળ છો. નિષ્કુળાનંદના સ્વામી, અલબેલા અંતરજામી. તમને નીરખીને અમારાં નેણાં ઠરે છે.

**જીરે સજ્જ થાઓને સુંદરી,**
**મૂકી પરી આવ્યાની રે આશ કે.. સુંદર સુંદરી.**
**જીરે પ્રીત તજો રે પ્યારની,**
**ચાલો ચાલો પિયુજીને પાસ કે.. સુંદર સુંદરી.**
**જીરે પંનર નવને પરહરી,**
**તજો પંચ વિષયની રે પ્રીત કે.. સુંદર સુંદરી.**

વૃત્તિરૂપી કન્યા સાહેલીઓને સમજાવે છે. તમે શા માટે ઢીલા થઈને બધા બેઠા છો. પ્રભુને પરણવા માટે સજ્જ થઈ જાઓ, સજ્જ થાવ એટલે તૈયાર થઈ જાવ. બીજી બધી આશા તજી દો. પંનર નવને પરહરી, તજો પંચવિષયની પ્રીત, પંનરનવ એટલે ચોવીસ તત્ત્વનું શરીર છે તેની મમતા તજી દો. તમે કોણ છો તે ભૂલી જાવ, ઊંઘને આળસ તજી ભગવાનનું ભજન કરો.

**કથા, કીર્તનમાં આળસુ ભક્તો ભગવાનને ગમતા નથી.**

રાજા અંબરીષ ભગવાનની સેવામાં અને પૂજામાં ખૂબ મગ્ન રહેતા. એક દિવસ અંબરીષ રાજાને વિચાર થયો કે હું સાત પ્રહર ભગવાનની પૂજા કરું છું અને એક પ્રહર નિંદ્રા કરું છું, પરંતુ યોગી અને ઉદ્યોગીને નિંદ્રા પરમશત્રુ છે, એક પ્રહર મારે વેડફવો જોઈએ નહિ. શ્રીજી મહારાજ શિક્ષાપત્રીમાં કહે છે :-

**વ્યર્થ: કાલો ન નેતવ્યો ભક્તિં ભગવતો વિના ।**
**કૃષ્ણે ભક્તિશ્ચ સત્સંગોન્યથા યાંતિ વિદોપ્યધ: ।।**

વ્યર્થકાળ નિર્ગમન કરવો નહિ, પર્વતપરથી નીકળેલી નદી આડા આવતા અનેક વિધ્નોને તોડી સમુદ્રને ઝંખે છે, તેમ જેને પુરુષોત્તમનારાયણને જ પામવું છે તે દેહના, કુટુંબના, આ લોકના તથા ઈંદ્રિયો અંતઃકરણના તમામ વિધ્નોને તોડી પ્રભુને પામીને જ જંપે છે.

**જીરે ભર્યો ભવ ભંડાર કલેશનો,**
**અંધઅંધ કહેવાય જે કૂપકે.. સુંદર સુંદરી.**
**જીરે જડ દુઃખ મિથ્યાને મેલી કરી**
**રહો સતચિત આનંદરૂપ કે.. સુંદર સુંદરી.**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ‘‘સંસાર છે તે ભવભંડાર. કલેશનો ભર્યો છે, સંસાર અંધારા કૂવા જેવો છે, મિથ્યા સુખને, ખોટા સુખને મૂકી. રહો સતચિત આનંદમાં. રાત્રે પથારીમાં બેસીને જે ભક્તિ કરતા નથી, તેના મનમાં પાપ આવે છે, મન અશાંત બની જાય છે, પથારીમાં પડ્યા પછી મન ધીરે ધીરે અંદર જાય છે ત્યારે જગતની વિસ્મૃતિ થાય છે. એ જાગૃત અવસ્થાની સમાપ્તિ છે. નિંદ્રાના આરંભની સંધિમાં ભગવાન રાખજો.

## માયા જીવને ગાફલ કરે છે.

કલાક બે કલાક ભક્તિ કરો અને આખો દિવસ ભગવાનને ભૂલી જાઓ, પ્રભુને યાદ ન કરો તો તે ભક્તિ ન કહેવાય. દરેક ક્રિયામાં પ્રભુનું સ્મરણ કરો. વાસનાના વેગમાં જ્ઞાન વહી જાય છે.

ગામ આખામાં નરસિંહ દવે હતા, ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવાથી એમનામાં વિશિષ્ટ ગુણ હતો, ખૂબ શ્રધ્ધાથી કથા સાંભળે, દીવાથી જેમ દીવો પ્રગટે, તેમ મહાપુરુષના મુખથી ભગવદ્ કથા સાંભળવાથી જ્ઞાન પ્રગટે છે, હૃદયરૂપી ગુફામાં

ગાઢ અંધકાર છે, જ્ઞાનદીપ થયા વિના અંધારું દૂર થતું નથી, જાગૃત અને સ્વપ્નામાં અખંડ શ્રીજી મહારાજનાં દર્શન થાય, ભગવાનને અંતરમાં ધારીને દરરોજ પાંચસો માળા ફેરવે. અવારનવાર જૂનાગઢ રાધારમણદેવનાં દર્શન કરવા આવે અને નામ ધર્માદો પણ આપે.

સમય જતાં ખૂબ બીમાર થયા, શ્વાસ રોકાઈ જાય, એટલે સગા સંબંધીને થાય કે મૃત્યુ થઈ ગયું છે. ભૂમિ ઉપર સૂવાડી દે. પંદર વીસ મીનીટ થાય કે ઝોબો પાછો વળે. નરસિંહ દવે બોલ્યા, ''મને કેમ ધરતી પર સૂવાડી દીધો છે ?'' પાછા ખાટલામાં સૂવાડો. આવી રીતે દસ બાર વખત થયું, પણ ધામમાં જાય નહિ.

એક વખત આખા ગામના સુખારામ ત્રવાડી જૂનાગઢ આવ્યા, મંદિરમાં રાધારમણદેવનાં દર્શન કરી સભામાં બેઠા, ગોપાળાનંદ સ્વામીએ સુખારામને પૂછ્યું, ''નરસિંહ દવે બીમાર હતા તે હવે કેમ છે ?'' સુખારામે કહ્યું, ''સ્વામીજી, છ મહિના થયા નરસિંહ દવે ખૂબ બીમારીમાં રિબાય છે. હમણાંજ પ્રાણ પંખેરૂ ઊડી જશે એવું થઈ જાય. અમે તેને ભોંયે ઊતારીએ ત્યાં ઝોબો પાછો વળી આવે. પછી અમે તેને ખાટલામાં સૂવાડીએ. શ્રીજી મહારાજ ધામમાં લઈ જાતા નથી ને બીમારી જતી નથી. હવે શું કરવું તે કાંઈ સૂઝતું નથી. તમે કાંઈક દયા કરો તો સુખી થાય.''

ગોપાળાનંદ સ્વામીએ અંતરદષ્ટિ કરી જોયું, પછી કહ્યું, ''નરસિંહ દવેને રાધારમણદેવના હારમાં વાસના છે, અંતકાળે હું દેવનો હાર પહેરીને શ્રીજી મહારાજ સાથે ધામમાં જાઉં તો કેવો ભાગ્યશાળી. તમે હાર લઈ જાવ અને તેને પહેરાવો એની ઈચ્છા પૂરી થશે તો ધામમાં જશે'' સુખારામ ત્રવાડીએ રાધારમણદેવનો હાર લઈ નરસિંહ ભક્તને પહેરાવ્યો કે તરત શ્રીજી મહારાજે દર્શન આપ્યાં. ''ભક્તરાજ ! ચાલો અમે તમને તેડવા આવ્યા છીએ,'' વિમાનમાં બેસાડી ભક્તને અક્ષરધામમાં તેડી ગયા.

## વાસનાનું દોરડું જો બાંધેલું રહી જશે તો મોક્ષમાં ખામી આવી જશે.

ખોટી વાસના પણ જન્મ ધરાવે અને સારી વાસના પણ જન્મ ધરાવે, પદાર્થની ઈચ્છાઓ જીવનને કષ્ટમય બનાવે અને જીવવાની ઈચ્છા મૃત્યુને કષ્ટમય બનાવે છે, અંતિમ વિચાર નવા જન્મનું કારણ બને છે.

મોટાં ભાગ્ય હશે તે અખંડવર ને વરશે અને શ્રીહરિના ચરણકમળમાં દાસનાદાસ થઈને રહેશે.

**જીરે મોટા ભાગ્ય કરી માનજો,**
**પામી અખંડ વર અવિનાશ કે.. સુંદર સુંદરી.**
**જીરે નિષ્કુળાનંદના નાથના,**
**રહે ચરણ કમળના જો દાસ કે.. સુંદર સુંદરી.**

ભગવાનને રાજી કરવા દાસના દાસ થઈને ભક્તિ કરો. ઊંડાણથી વિચારજો આપણે મોક્ષ માર્ગમાં ભૂલ તો નથી કરતા ને ! આપણી જાતને ડાહ્યા અને હોશિયાર સમજી રખેને ગાંડપણ તો નથી આચરતા ને ! આમ વારંવાર વિચાર કરી જીવનમાં મોક્ષરૂપી લક્ષ્ય સિધ્ધ કરી લેવું જોઈએ. સંસારના વિષય સુખમાં વૈરાગ્ય થાય અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે તે વૃત્તિ વિવાહનો ઉદ્દેશ છે. આપણું અંતર ભક્તિથી રંગાઈ જવું જોઈએ.

**સખી આજ આનંદ વધામણાં;**
**મારે હૈડે રે, સખી હરખ ન માયકે.. આજ આનંદ.**
**સખી દીનદયાળે દયા કરી;**
**બળવંત રે, મારી ગ્રહી છે રે બાંય કે.. આજ આનંદ.**
**સખી નેહ જણાવ્યે નયણામાં;**
**જાણી વાલપ્ય રે, સુણી મુખનાં વેણકે.. આજ આનંદ.**

જેનું ભગવાન સાથે સગપણ થયું છે, તેને સદાય હૃદયમાં આનંદ છે. કરોડો બ્રહ્માંડનાં સુખ મળે છતાં તેમાં વૃત્તિ ન ચળે તોજ પ્રભુમાં વૃત્તિ વિરામ પામે, આત્મા અને પરમાત્મા બે ચૈતન્ય છે. ચૈતન્યનો સંબંધ ચૈતન્યથીજ થાય માત્ર દેહથી નહિ, પ્રભુને સમજવા માટે આવા ઉત્તમ ગ્રંથ વાંચવાની અને સાંભળવાની ખાસ જરૂર છે. વૃત્તિરૂપી કન્યા કહે છે. ચતુરવરની ચાલમાં મારું મનડું લોભાઈ ગયું છે. એને ન દેખું ત્યાં સુધી મારા મનમાં સુખ થતું નથી. બ્રહ્માનંદ સ્વામી ગાય છે.

**મનડું લોભાણું મારું મનડું લોભાણું;**
**ચતુરવરની ચાલમાં મારું મનડું લોભાણું.**
**ચંગી રંગી ચાખડી ચાલે ગજની ચાલ રે;**
**છેલ છબીલા શ્યામને જોતાં થઈ નિહાલ રે... મનડું.**
**આંખડીયું અણિયાળી વાલો ભરીને વાને;**
**ચોરી લીધું ચિતડું મોરલડીને તાને... મનડું.**

હરિએ મીઠી વેણે મારું ચિત્ત ખેંચી લીધું છે. પ્રભુપ્રેમ વગરનું જ્ઞાન ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે. પ્રભુની ઈચ્છામાં જે જીવતાં શીખી જાય તેને આઠો પહોર આનંદ રહે છે. રાત દિવસ જેનું મન ભગવાનમાં રમતું હોય, ભજન ભક્તિ, કથા, કીર્તનમાં મસ્ત હોય. તે અલૌકિક આનંદનો કેફ જુદો હોય છે.

**ફાવે ગજ્રા ફૂલના શિર ફૂલની ટોપી;**
**ઠાવકી જોતાં થઈ ગઈ, ગુલતાન ગોપી... મનડું...**
**મોહનજીની મૂરતિ પલ એક ન મેલું;**
**બ્રહ્માનંદના સ્વામીએ કીધી રંગની રેલુ... મનડું...**

બ્રહ્માનંદ સ્વામી એક ક્ષણ પણ ભગવાનનાં દર્શન વગર રહી શકતા નહિ. અખંડ ભગવાનને હૃદયમાં ધારી રાખે છે. દુનિયા ભૂલો અને ભગવાનને યાદ કરો નખથી શિખા સુધી નીરખીને પ્રભુનાં દર્શન કરવાં. અખંડ સ્મરણનો અદ્ભુત પ્રતાપ છે.

એક વખત ગઢપુરથી કોઠારી ભક્તિવલ્લભદાસજી સંતોની સાથે રામનવમીનો સમૈયો કરવા વડતાલ પધાર્યા, દેવ દર્શન કરી ઉતારે પધાર્યા. પછી ઠાકોરજીને જમાડી સૌ સંતો ભોજન જમ્યા. ત્યાં અચાનક સ્વામી ભક્તિવલ્લભ દાસજીને પેટમાં દુઃખાવો ઉપડ્યો. અતિશય પેટમાં ચૂંક આવે છે. સ્વામિનારાયણ સ્વામિનારાયણ, જપ ચાલુ છે. લીંબુવાળું પાણી પીધું, અનેક ઉપાય કર્યા પણ પેટમાં થતો દુઃખાવો બંધ થયો નહિ, હવે શું કરવું ? સાથે આવેલા સંતો આદિ આચાર્ય રઘુવીરજી મહારાજ પાસે આવ્યા, અને વાત કરી કે સ્વામી ભક્તિવલ્લભદાસજીને પેટમાં સખત દુઃખાવો થાય છે. આપ દર્શન દેવા પધારો.

રઘુવીરજી મહારાજ સંતોના ઉતારે પધાર્યા, સ્વામીએ બે હાથ જોડી નમસ્કાર કર્યા. ''મહારાજ ! દુઃખ સહેવાતું નથી, આપ દયા કરો, શ્રીજી મહારાજને કહો, મને ધામમાં તેડી જાય.'' રઘુવીરજી મહારાજે કહ્યું, ''તમારા થકી અનેકને સત્સંગ કરાવવો છે, સંતો થકી સત્સંગ ઉજળો છે, સંતો સંસાર સાગરની દીવાદાંડી છે. એમ કહી ભગવાનને અંતરમાં ધારી પોતાના જમણા પગનો અંગૂઠો પેટમાં જરાક અડાવ્યો કે તુરંત તમામ પીડા શાંત થઈ ગઈ. તરત બેઠા થઈ ગયા, રઘુવીરજી મહારાજને દંડવત્ પ્રણામ કર્યા. મહારાજે કહ્યું, ''આશીર્વાદ આપીએ છીએ કે તમારા નખમાં પણ રોગ નહિ રહે.'' આ છે સ્વામિનારાયણ ભગવાનના આચાર્યનો પ્રતાપ.

**સખી નટવર કુંવર નિરખી;**
**ઘણું હરખી રે મારા હૈડામાંય કે... આજ આનંદ..**
**સખી પૂરણ પુણ્યે તે પામીએ;**
**ભાગ્ય મોટાં રે મુખ કહ્યાં ન જાય કે... આજ આનંદ...**
**સખી ધન્ય ધન્ય અવસર આજનો;**
**આજ પ્રગટ્યો રે અતિ નવો આનંદ કે... આજ આનંદ..**

કન્યા કહે છે, હે સખી ! નટવર કુંવરને નીરખી મારા હૈડામાં હરખ સમાતો નથી, સરસ મજાના ગુલાબ કે કમળના ફૂલની સુગંધ જો ભમરો સૂંઘી જાય તો પછી ત્યાંથી ભમરો હટતો નથી. વારંવાર સુગંધ લેવા આવે છે, સુગંધને મૂકવાનું મન થતું નથી, તેમ ભક્તજનોનું મન ભ્રમર બનીને ભગવાનમાં રમતું હોય છે, અનેક જન્મનાં પુણ્ય હોય ત્યારે ભગવાનમાં હેત થાય છે. કન્યા કહે છે.

**આત્મામાંથી આનંદ પ્રગટે છે.**

ભગવાન આનંદનું ધામ છે, એને જે સેવે છે તે મહાસુખી થાય છે.
ારી ર્ફ્રૈ જ ´હક્ષ્ઁઅ ઁક્ષ્ઠર્ષ્ઠી ´ક ર્દ્બઅ, ાર્જી ુર્ જીર્દ્બિ ઙ્ગૈદ્બ, ર્હ્વીર્જ્દ્બી રર્ઙ્ગ્અ.

ભગવાન સાથે સગપણ થયું તેના આનંદનો પાર ન હોય, પ્રભુમાં પ્રેમ થશે તો સદ્ગુણ વધતા જશે અને અલૌકિક બળ આવશે, લોઢાને ગરમ કરવાથી નરમ થઈ જાય છે, નરમ થઈ ગયા પછી જ આકાર થઈ શકે છે, તેમ આપણા કઠોર હૃદય પ્રભુ પ્રેમથી નરમ થતું જાય છે. ધીરે ધીરે જિંદગી સુધરતી જાય છે, અને આત્માનો આનંદ વધતો જાય છે.

**મારું જીવિત સફળ કરી જાણિયું;**
**રાજી થયા રે સ્વામી સહજાનંદ કે... આજ આનંદ...**
**મુને વિસારી નહિ મારે વાલમે;**
**સહજાનંદ રે મારી કરી છે સાર કે... આજ આનંદ..**
**સખી નિષ્કુળાનંદના નાથને;**
**જાઉં વારણે રે, હું તો વારમવાર કે... આજ આનંદ..**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''મારા કેવાં ભાગ્ય ખુલી ગયાં કે અલબેલો વર મને મળી ગયા છે. મંત્રીને રાજી કરી શકાય, પ્રધાનને રાજી કરી શકાય, દીવાનને

રાજી કરી શકાય પણ રાજાને રાજી કરવા તે કઠણ કામ છે, અનંત કોટી ધામના ધામી રાજાધિરાજ સ્વામિનારાયણ ભગવાન સુધી પહોંચવું એતો ભાગ્યશાળીનું મોટું કામ છે, વારમવાર વારણે જાઉં છું.

## પ્રતિકૂળ સંજોગોમાં ભોજન છૂટે પણ ભજન ન છૂટે તેની ભક્તિ સાચી છે.

મુને વિસારી નહિ મારે વાલમે, સહજાનંદે કરી મારી સાર જેને પ્રગટ ભગવાન મળ્યા અને પ્રગટ સંત મળ્યા છે, છતાં કલ્યાણમાં સંશય અને ડગમગાટ છે, તેને સમજણમાં ફેર છે, પ્રગટ ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે તે ભક્તને અંતકાળે કદાચ કોઈ કારણસર ભગવાનને ભૂલી જાય તો ભગવાન તેને ભૂલતા નથી, ભગવાન તેની રક્ષા કરે છે, સત્કર્મ કદી નિષ્ફળ જતું નથી.

**જેના પુણ્ય હશે તે એ વર પામશે રે;**
**તે તો વામશે તનડાના તાપ રે... અખંડ વર એક છે રે...**
**મનવાંછિત મહા સુખ માણશે રે;**
**વળી જાણશે જે પિયુના પ્રતાપ રે... અખંડ વર...**
**સખી વરીએ તો અમ એ વરને રે;**
**જેનું એવાતણ અખંડ અભંગ રે... અખંડ વર...**

અખંડ વર એક છે. તેને વરશે તેના તનડાના તાપ ટળશે. અને મનવાંછિત મહાસુખ માણશે. પિયુનો અદ્‌ભુત પ્રતાપ છે, વૃત્તિરૂપી કન્યા કહે છે. વરીએ તો અમરવરને વરીએ. જેનું એવાતણ અખંડ ને અભંગ છે. સંસારના સુખ અલ્પ ને નાશવંત છે. સંસારનું સુખ એવું, ઝાંઝવાના જળ જેવું; તુચ્છ જાણી આશા ટાળી રે શિરને સાટે, વર્યા મેં તો વનમાળી રે.

પાણી માછલાનું જીવન પ્રાણ છે, તેને બહાર કાઢો તો તરફડી તરફડીને મરી જાય, તેમ ભગવાનના ભક્તને ભગવાન છે તે જ સાચી હકીકતમાં જીવન છે, ભગવાનમાં વૃત્તિ ન રહે ત્યારે માછલાની માફક તરફડે, જરાય ગમે નહિ, ગમે તેવો વૈભવ આપો છતાં પણ મન કયાંય ચોંટેજ નહિ. એનું જીવન જગતથી ન્યારું હોય છે.

## હરિરસમાં સ્નાન કરે, તેને જન્મ જાળ ન નડે.

એક રાજા હતો, તેને કોઈ સંતાન નહોતું, તેથી સદાય ઉદાસ રહેતો. સંતો

વારંવાર રાજાને સમજાવે પુત્રની આશા તજી દો. પુત્રવાળા પણ દુઃખી છે, આ જગતની અંદર ઘરોઘર પુત્ર છે, છતાં દુઃખી છે. સગરરાજાના સાઈઠ હજાર પુત્ર હતા છતાં મૃત્યુ સમે કોઈ પાણી પીવડાવનાર નહોતા. રાજાએ કહ્યું, ‘‘મારા મૃત્યુ પછી પિંડદાન કરનાર તો હોવો જોઈએને !’’ સંતોએ કહ્યું, ‘‘તમારું પિંડદાન તમારા હાથેજ કરવાનું છે.’’ આ શરીરને પિંડ કહેવાય, આ શરીર પરમાત્માને અર્પણ કરો.

ભગવાનના ભક્તો તુલીસીની કંઠી કંઠમાં પહેરે છે. એવી ભાવના છે કે આ શરીર પરમાત્માને અર્પણ થઈ ચૂકયું.

**હવે ભોગ માટે આ શરીર નથી, પ્રભુના યોગ માટે છે.**

પરમાત્મા જે સ્થિતિમાં રાખે તેમાં સંતોષ રાખો. પ્રાપ્ત સ્થિતિમાં રહી પ્રભુની ભક્તિ કરો, ખૂબ ઉપદેશ આપ્યો, સમય જતાં રાજા વૃધ્ધ થયા, ઠરાવ કર્યો કે સવારમાં શહેરનો દરવાજો ઉઘાડતાં જે પ્રથમ સામો મળે તેને રાજ્યની જવાબદારી સોંપી દેવી. સવારે દરવાજા ખોલ્યો ત્યાં એક મહાત્માજી ભોજનની આશાથી દરવાજા આગળ બેઠા હતા તેને રાજ્યતિલક કરી ધામધૂમથી મહાત્માજીનો પટ્ટાભિષેક કર્યો. મહાત્માજી રાજા થયા. રાજા આત્માની મુક્તિ કરવા માટે વનમાં ચાલ્યા ગયા.

ન્યાયાધીશ, દીવાન, મંત્રી, તંત્રી, અમલદારો વિગેરે રાજા બનેલા મહાત્માજી પાસે આવ્યા, પગે લાગી બે હાથ જોડી સલામ ભરીને કહ્યું કે, ‘‘તમે રાજા છો. હુકમ ફરમાવો અમે તમારી શું સેવા કરીએ.’’ મહાત્માજી બોલ્યા, ‘‘આ મારી ભગવી અલફી છે તે ધોઈ સાફ કરી સૂકવીને સરખી રીતે એક પેટીમાં રાખી મૂકો. અને તમે બધા ભગવાનને સાથે રાખીને ન્યાય નીતિથી રાજ્ય ચલાવો. અને સંપીને રહો, પુત્રવત પ્રજાનું પાલન કરો.

હું રાજ્ય સિંહાસન પર બેસી શાંતિથી પરમાત્માનું ધ્યાન ભજન કરીશ. બાકી રાજ્યની જવાબદારી તમારે સંભાળવાની છે.’’ મહાત્માજીના ભજન ભક્તિ અને સત્યતાના પ્રભાવથી રાજ્ય આબાદ થયું. પ્રજા ખૂબ સુખી થઈ. આ વાતની બીજા દેશના રાજાને ખબર પડી કે મહાત્માજીને રાજ્યનીતિમાં કાંઈ ખબર હોય નહિ, એતો માળા ફેરવી જાણે. તેથી રાજ્ય પડાવી લેવા જેવું છે. રાજ્ય પર ચઢાઈ કરી. મહાત્માજીને સમાચાર મળ્યા, મહાત્માજીએ કહ્યું, ‘‘સામે પડકાર કરો. કે તે રાજા મને રૂબરૂ મળી જાય.’’

શત્રુ રાજા આવ્યો, ત્યારે મહાત્માજી બોલ્યા, ‘‘મારી ભગવી અલફી લઈ

આવો. હું વનમાં જઈ ભગવાનની આરાધના કરીશ. પાંચ વરસ સુધી મેં રાજ્ય કર્યું, હવે આ રાજા રાજ્ય કરશે. મને રાજ્યમાં મમતા નથી.''

**રાજયમાં મમતા નથી, અને લડાઈ પણ કરવી નથી.**

પ્રેમથી રાજ્ય તમને સોંપું છું. ન્યાય નીતિથી રાજ્ય ચલાવજો, આવી વાત સાંભળી શત્રુ રાજા આશ્ચર્ય પામી ગયો. ધન્ય છે મહાત્માજી તમારી ભવ્ય ત્યાગવૃત્તિને. અને અનાસક્ત જીવનને. શત્રુરાજાને જાગૃતિ આવી ગઈ. મહાત્માજીને પગે લાગીને કહ્યું, ''તમે સુખેથી રાજ્ય કરો. મારે લડાઈ નથી કરવી. તમારાં દર્શનથી મને સદ્‌બુધ્ધિ જાગ્રત થઈ છે.'' વૈરાગ્ય થઈ ગયો. પુત્રને રાજપાટ સોંપી વનમાં ચાલ્યા ગયા, અને ભજન ભક્તિ કરી પોતાના જીવનને સાર્થક કર્યું. આ છે સંતની નમ્રતાનો પ્રતાપ.

**જે અનાસકત જીવન જીવી શકે તે ભક્તિ માર્ગે ચઢી શકે છે.**

આ લોકનું ધન હોય, રાજ્ય હોય, અઢળક સંપત્તિ હોય, અનેક ગાડી હોય નોકર ચાકર હોય, બધુંજ હોય પણ એના જીવનમાં, ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય નથી. સંતોષ, શાંતિ કે વિવેક નથી તે સાચી હકીકતમાં દરિદ્ર છે. સંત, બ્રાહ્મણ પ્રત્યે આદર નથી, માતા-પિતાની સેવા નથી, પૂજા પાઠ નથી, વડીલ પ્રત્યે આદર કે પૂજનીય ભાવ નથી તો તે દરિદ્ર અને રાંક છે. સાચો ધનવાન તો તે છે, જેની પાસે બ્રહ્મજ્ઞાન અને નિષ્કામ ભક્તિ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :-

**સખી સુખ અલ્પ આ સંસારના રે;**
**તેનો સમજું ન કરે કેદિ સંગ રે... અખંડ વર...**
**સખી મૂર્ખ મનુષ્યની મંડળી રે;**
**તે તો સંસારનાં સુખ સરાયે રે... અખંડ વર...**

સંસારના અલ્પ સુખને સમઝુ માણસ ન કરે કદી સંગ. સંસારનું સુખ ઝાંઝવાનાં પાણી જેવું છે. ઝાંઝવાનાં પાણીથી તૃષા છીપતી નથી, ઝાંઝવાનું પાણી કેવું હોય ? દેખાવા છતાં ન હોય, તેને ઝાંઝવાનું પાણી કહેવાય. ગમે એટલા દોડો એ પાણી હાથમાં નહિ આવે, અનંત જન્મોથી આપણે માયાના પાણી પાછળ દોડીએ છીએ, હજુ એ પાણી કોઈને પીવા મળ્યું નથી, સંસાર સુખથી કોઈને તૃપ્તિ થઈ નથી.

વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય એ

પૃથ્વીને પાણીથી ભરવા ઈચ્છે તો કયારેય પૃથ્વી ભરાય નહિ, તેમ સંસારના સુખ પાતાળ સુધી ફાટ્યાં છે. પણ હવે જીવનની ગાડીની સ્ટીયરીંગ ભગવાન તરફ વાળી લે તો મહા સુખીયા થઈ જાય તેમ છે. સખી વિવેકી રહે છે તેથી વેગળા. વિવેકી હોય તે મોહ માયાથી વેગળા રહે છે તેને સ્વપ્નામાં પણ તેનો સંગ ગમતો નથી, તો જાગ્રતમાં કયાંથી ગમે.

## સ્વપ્નામાં માયા ગમતી નથી, તેવા ભક્ત કોઈ હશે?

હા... છે. સનકાદિક, દતાત્રેય, ભરતજી, બ્રહ્માનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી, નિષ્કુળાનંદ વિગેરે નંદ પંકિતના સંતોને સ્વપ્નામાં સંસાર સંબંધી પંચવિષય ગમતા નહોતા. વર્તમાનકાળમાં પણ એવા સંતો અને ભકતજનો છે.

**સખી નિષ્કુળાનંદના સ્વામી વિના રે;**
**બીજું અન્ય ભજે જાણો ભૂર રે... અખંડ વર...**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, ''ભગવાન સિવાય બીજાને જે ભજે છે તે ભૂર છે, મૂર્ખ છે. સ્વામિનારાયણ ભગવાનમાં નિષ્ઠા પાકી રાખવી સોનાના દોરા જેવી એક સમાન ભગવાન પ્રત્યે નિષ્ઠા રાખવી. વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે, ધર્મનો ત્યાગ કરીને જે ભગવાનને પામવાને ઈચ્છે છે ભવસાગરને તરવા ઈચ્છે છે તે માથે પાણો લઈને સમુદ્ર તરવાને ઈચ્છા રાખે તેવો જાણવો. ઘણા સાધારણ ભક્તો કહેતા હોય છે, હમણાંથી શું ભગવાન ભજવાની તાણ રાખવી, ઘરડા થાશું ત્યારે ભક્તિ કરશું. એ ગલત વિચાર છે.

નિષ્કુળાનંદ સ્વામી ધન્યવાદ આપતાં ગાય છે.

**અહો ધન્ય ધન્ય ભાગ્ય આ ભૂમિનાં રે;**
**અહો ધન્ય ધન્ય વૃક્ષ વેલી વન રે. અલૌકિક રીત આજની રે.**
**અહો ધન્ય ધન્ય સર સરિતા સિંધુ રે;**
**સ્પરશિ હરિ પદ થયાં છે પાવન રે.. અલૌકિક...**
**અહો ધન્ય ધન્ય ખગ મૃગ જાતને રે;**
**જેનો આરે સમામાં અવતાર રે... અલૌકિક...**

અહો ભાગ્ય આ ભારતભૂમિનાં. આ સમે ભગવાને અવતાર લીધો તેના યોગમાં જે આવ્યા તે મનુષ્ય હોય કે વૃક્ષ વેલી હોય. પશુ હોય કે પક્ષી હોય તે સૌ

ભાગ્યશાળી છે. પ્રગટ પ્રભુનો એને યોગ થયો. જે વૃક્ષની છાયા નીચે ભગવાન બેઠા હોય તે વૃક્ષ ભાગ્યશાળી છે, જે ગાયનું દૂધ ભગવાન અને સંતો જમ્યા હોય તે કલ્યાણકારી છે. માણકી ઘોડી ઉપર ભગવાન અસવાર થયા તેને પણ ધન્યવાદ છે. જે વૃક્ષના ફળ ભગવાન જમ્યા તેના પણ અહો ભાગ્ય છે. ગાયો, ભેંશો અને બકરીનાં ધન્ય ભાગ્ય છે કે તેનાં દૂધ ભગવાને પીધાં છે.

ગામ આંબામાં પરમ એકાંતિક દેવશી ભક્ત હતા. રાત્રે ફળીયામાં ખાટલો રાખીને સૂતા હતા. લગભગ દોઢ વાગ્યાનો સમય હશે. ત્યાં આકાશમાંથી ઘરર ઘરર વિમાન જોયું. સરસ મજાનું સોનાના સિંહાસમાં શ્રીજી મહારાજ વિરાજમાન છે, પ્રભુના ચરણ પાસે એક મુકત બેઠા છે, સોનેરી તારના વસ્ત્ર અલંકાર પહેર્યાં છે, માથે મુગટ છે. આવું અદ્ભૂત અલૌકિક વિમાન જોઈને હાથ ઊંચો કરીને શ્રીજી મહારાજને બોલાવ્યા.

‘‘પ્રભુ પધારો પધારો. આજે અડધી રાત્રે વિમાન લઈને કયા ભક્તને તેડવા ગયા હતા’’ પ્રભુએ વિમાન નીચું લાવીને કહ્યું, ‘‘અમે આ મુકતને તેડવા ગયા હતા. આ ભકત તમારા ગામના છે, તમે નથી ઓળખતા ? દેવશીભક્ત કહે ના મહારાજ. ઓળખતો નથી. તમારા ગામના ભરવાડ છે તેની બકરીનો જીવ છે. મહારાજ બકરીએ એવા શું પુણ્ય કર્યાં છે કે તમે તેના આત્માને અક્ષરધામમાં લઈ જાવ છો.’’

શ્રીજી મહારાજે કહ્યું, ‘‘અમારા નિત્યાનંદ સ્વામી બિમાર હતા ત્યારે વૈદ્યે કહ્યું, ‘‘કે અત્યારેજ બકરીનું દૂધ પાવામાં આવે તો બિમારી મટી જાય. અડધી રાત્રે ભરવાડે બકરીનું દૂધ આપ્યું તે દૂધ નિત્યાનંદ સ્વામીને પાયું ને સ્વામી સાજા થયા, તેના પુણ્યથી બકરીના જીવાત્માને અમે અક્ષરધામમાં તેડી જઈએ છીએ. ધન્ય છે સત્સંગી સંતને, જે રહે છે સદાય હરિ સાથ; અરસપરસ રહે એકતા, હરિ હેતે જમે છે સાથ. શમ, દમ, આદિક નિયમ ધર્મનું પાલન કરી જે દાસના દાસ થઈને રહે છે તેને પણ ધન્ય છે. સર્વ સમાજ સહિત પધારિયા, સંત જનને આપવા સુખ, ધન્ય ધન્ય એવા જનને જે રહ્યા હરિ સન્મુખ.

**મારા અંતરમાં બેસીને બોલિયા રે;**
**હતું કહેવાનું જેટલું કાજ રે... અલૌકિક રીત...**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, મારા અંતરમાં બેસીને શ્રીજી મહારાજ બોલ્યા

છે તેવું મેં લખ્યું છે. હું બોલ્યો નથી. મારા હૃદયમાં બેસી સાક્ષાત અંતરજામી સ્વામિનારાયણ ભગવાન બોલ્યા છે. સ્વામીને માધ્યમ બનાવી શ્રીજી મહારાજ બોલ્યા છે. આ વૃત્તિવિવાહ ગ્રંથના ૨૦ પદ છે.

**વર નર તો એક નારાયણ છે રે;**
**બીજા સર્વે છે સખીને સ્વરૂપ રે.. અલૌકિક..**

વર એક નારાયણ છે બીજા સર્વે સખીનાં સ્વરૂપ છે. (અબળા છે ) નારી થાવું પડશે. પુરુષ એક પુરુષોત્તમનારાયણ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે, નારી અને નરનો આત્મા જુદો નથી. તમામ જીવાત્મા સ્ત્રીને ઠેકાણે છે.

**વર નિષ્કુળાનંદનો નાથ છે રે;**
**રાખો હેત પ્રીત સ્વામીને સંગે રે... અલૌકિક...**

પક્ષીની નાની પાંખ આકાશમાં લઈ જઈ શકે છે, તેમ થોડોક પ્રેમ આત્માને પરમાત્મા પાસે લઈ જાય છે. ભગવાનના દિવ્યાનંદ આગળ કરોડો બ્રહ્માંડોનું સુખ તુચ્છ છે, પ્રભુનો મહિમા સમજાય ત્યારેજ મૂર્તિરૂપી માળામાં વિરામ થાય છે.

**આ ગ્રંથ મુમુક્ષુને સાચી દિશા બતાવે છે.**

મુમુક્ષુ ભક્તજનોને આ વૃત્તિવિવાહના ગ્રંથના અક્ષરે અક્ષર વાંચીને અંતરમાં કંડારવા જેવા છે, તેથી પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો યથાર્થ મહિમા સમજાશે. આ સત્સંગમાં ધ્યાન ભજનનું વિશેષ સુખ પ્રાપ્ત થશે. નિષ્કુળાનંદ સ્વામીના વિચારોને પકડવા તેમાં આપણી બુધ્ધિ ટૂંકી પડે.

**આ કથાને હૃદયમાં સાચવી રાખજો.**

સાચવેલી કિંમતી વસ્તુ તમને બહુ કામ આવશે, દરરોજ મનરૂપી ખોલ્લીને નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોને યાદ કરજો, આપણી ફરજ છે, કોઈ જીવાત્મા માયામાં ઘૂંચાઈ ગયો હોય તેને મદદ કરવી. મદદ કરે એવો આ ગ્રંથ છે.

આપણે બધા સાધક છીએ સિધ્ધ નથી. સાધનનો માર્ગ આપણને મળી ગયો છે. તે મોટી વાત છે. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને વધારવા માટે વૃત્તિવિવાહ છે. જ્ઞાનરૂપી રત્નો વીણી વીણીને આપણા હાથમાં આપ્યાં છે. તેને આપણા જીવનમાં વણી લેવાનાં છે.

વૃત્તિવિવાહ ગ્રંથ વાંચવાથી અને સાંભળવાથી જ્ઞાન અને વૈરાગ્ય જાગૃત

થાય છે. કથા મનુષ્યના જીવનને સુધારે છે અને જીવનમાં ક્રાંતિ લાવે છે.

ભગવાન સ્વામિનારાયણની કૃપાથી અને સંતોના આશીર્વાદથી જે કાંઈ સમજાયું એવું તમારી આગળ રજુ કર્યું, આ ગ્રંથ કરવામાં કાંઈ ક્ષતિ રહી ગઈ હોય તો ભગવાન સ્વામિનારાયણ ક્ષમા કરે.

જે કોઈ ભક્તજન આ વૃત્તિવિવાહ ગ્રંથ વાંચે છે. કથા કરાવે છે અથવા સાંભળે છે, તેના ઉપર શ્રીજી મહારાજ ખૂબ રાજી થાય છે અને અંતે ઉત્તમગતિને પામે છે. નિષ્કુળાનંદ સ્વામી આશીર્વાદ આપી વૃત્તિવિવાહ રસામૃતની અમૃતધારા શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં સમર્પિત કરે છે.

**ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતા વૃત્તિવિવાહની અમૃતધારા સંપૂર્ણા**

**કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા, બુધ્ધ્યાત્મના વા પ્રકૃતેઃ સ્વભાવાત્**
**કરોમિ યદ્ યદ્ સકલં પરસ્મૈ, નારાયણાયેતિ સમર્પયામિ ॥**

શરીરથી, વાણીથી, મનથી, ઈંદ્રિયોથી, બુધ્ધિથી, પ્રકૃતિના સ્વભાવથી જે કાંઈ કર્યું છે તે નારાયણના ચરણમાં સમર્પણ કરું છું.

**આત્માને પરમાત્મા સાથે પરણાવો**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય, શ્રી નરનારાયણદેવની જય

# કલ્યાણનિર્ણય - યમદંડ - વૃત્તિવિવાહ અમૃતધારા સંપૂર્ણા